ભા. પ્રે. મગનભાઈ મોતીલાલ-મુંબઈ   Shravika Reg No B 1208

શ્રી સુખ દર્પણ.

પુસ્તક ૩ જું અંક ૧ લો. (માર્ચ સને ૧૯૧૯)

તંત્રી, શેઠ દેવચંદ દામજી-કુંડલાકર   પ્રકાશક, ગુલાબચંદ લલ્લુભાઈ શાહ-ભાવનગર.

વિષયાનુક્રમણિકા.

નંબર. વિષય. પૃષ્ઠ.

૧ સાસરામાં સ્ત્રી-પ્રતિષ્ઠા. ૧
૨ નૂતન વર્ષ પ્રવેશ. ૧
૩ કન્યાવિક્રયમાંથી આત્મવિક્રય. ૨
૪ સ્વર્ગની સીડી ચન્દ્રી, નર્કની નિઃસરણી. ૫
૫ ઉખાણા. ૯
૬ યમરાજનો સત્યદરબાર. ૧૦
૭ વિરહ-વેદના. ૧૩
૮ નારીનું મૂલ્ય. ૧૫
૯ ઐતિહાસિક પુષ્પો. ૨૦
૧૦ સ્ત્રીઓની જવાબદારી. ૨૪

આ માસિકનું વાર્ષિક લવાજમ-હિંદ માટે પોસ્ટેજ સાથે રૂ. ૩-૮-૦ છુટક અંકના આના ૭.

પુ. ૩ જું.　　　માર્ચ ૧૯૧૯　　　અંક ૧ લો.

શાસ્ત્રમાંની પ્રતિષ્ઠા.

"ગૃહરૂપી દુનિયામાં તો પરમેશ્વરે સ્ત્રીને જ શેઠાણી કીધી છે. "ઋગ્વેદસંહિતા."

"આ શરીર પોતે જ સ્ત્રી અને પુરૂષ ઉભયરૂપ છે. અંગુઠા એ પુરૂષ, આંગળીઓ એ સ્ત્રી; કર્ણ એ પુરૂષ, ભમ્મરો એ સ્ત્રી; હોઠ એ પુરૂષ, નાસિકા એ સ્ત્રી, દાંત એ પુરૂષ, જીહવા એ સ્ત્રી છે." "શતપથ બ્રાહ્મણ."

નૂતન વર્ષ પ્રવેશ.

આ માસિક આજે નૂતન વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં જે જે લેખકો અને ચિત્રકારોએ આ માસિકના ગૌરવ અને સૌંદર્યમાં વધારો કરવા પ્રશંસનીય આત્મભોગ આપ્યો છે, તેમનો આ સ્થળે અમો અંતઃકરણપૂર્વક ઉપકાર માન્યા વિના રહી શકતા નથી. આશા છે કે, જેઓએ માસિકને પોતાનું કરી માન્યું છે તેઓનો પ્રેમભાવ સદાને માટે અખંડિત રહેશે અને અમારા મનોરથોના સિદ્ધિના માર્ગમાં સહાયભૂત થશે. " शिवमस्तु सर्व जगतः "

કન્યાવિક્રયમાંથી આત્મવિક્રય.

તે એક શિયાળાની રાત્રી હતી. હું એક છેલ્લી લોકલ ટ્રેનમાં ચર્ચગેટથી અંધેરી જતો હતો. મરીન લાઇન્સ ઉપર ટ્રેન થોભાતાં, હું જે ખાનામાં બેઠો હતો તે ખાનાનું બારણું અકસ્માત ઉઘડ્યું અને એક યુવતી દાખલ થઇ. માણસો બહુ-અલ્પ જ હતા, તેઓ ઠંડીને લીધે બારી-બારણાં બંધ કરી, હાથ-પગ સંકોચી પ્રતિક્ષિત સ્ટેશનોની રાહ જોતા બેઠા હતા. પેસી નવી દાખલ થનાર યુવતીએ જાડું-ખાસ વસ્ત્ર પરિધાન કર્યું હતું. તેના મુખ ઉપર નિર્ભયતા અને નમ્રતાની સંમિશ્રિત છિબી પ્રકાશતી હતી.

યુવતી નીઃસંકોચપણે મારી સામેની બેઠક ઉપર બેસી ગઇ. ઉત્સાહી, કર્તવ્યશીલ અને પરિશ્રમી મનુષ્યો શરદી અને ગરમી ઉપર કેવો વિજય મેળવે છે તે આ યુવતીના દેખાવ ઉપરથી જણાઇ આવતું હતું. મુક્તિફોજવાળાં સેવકો અને સેવિકાઓ બહુ પરિશ્રમી હોય છે અને તેઓ આવો રંગીન પોષાક ધારણ કરે છે એમ મેં અનેક પ્રસંગે અનુભવ્યું હતું, તેથી આ સહચારી બાઇ પણ મુક્તિફોજમાંની કોઇ એક સેવિકા હોવી જોઇએ, એવું અનુમાન કર્યું છતાં આ બાઇ મૂળ કઇ જાતિની હશે, શા માટે મુક્તિફોજમાં દાખલ થઇ હશે ? એ વૃતાંત જાણવાની જીજ્ઞાસા કાબુમાં રહી શકી નહી.

" આપ મુક્તિફોજ-સંપ્રદાયના લાગો છો. હું તે સંપ્રદાયના કેટલાંક કાર્યો માટે માનબુદ્ધિ ધરાવું છું. આપ કેવા સંજોગોમાં મુક્તિફોજમાં દાખલ થયા તે મને વાંધો ન હોય તો જણાવશો ?"

" હું તમારા જ દેશની, તમારી હિંદુ જાતિની જ એક સ્ત્રી છું. મુક્તિફોજમાં હું કેવા સંયોગોમાં દાખલ થવા પામી એનું વર્ણન હું આટલા ટુંકા સમયમાં કરી શકું તેમ નથી. કારણ કે મારે પરેલના સ્ટેશને તો ઉતરી જવાનું છે. છતાં હું ટુંકામાંજ મારી કર્મકથા સાંભળવા માગતા હો તો મને કહેવામાં હરકત નથી. પરંતુ મારી ભૂતકાળની પાપમય કહાણી સાંભળવાથી આપના કાન કલંકિત થાય તો તેનું પ્રાયશ્ચિત કરવા આપને તૈયાર રહેવું પડશે. હિંદુઓને પાપ લાગતાં વાર લાગતી નથી. તેઓ પાપથી ડરતા રહે એમાં તો કોઇનો કશો વાંધો નજ હોઇ શકે. પરંતુ પાપીઓથી પણ તેઓ એટલા બધા ડરતા રહે છે, પાપીઓના સંસર્ગમાં આવતાં તેઓ એટલા બધા ભયભિત બની જાય છે કે તેઓ ધર્મનો પ્રચાર કરવાની મ્હોટી મ્હોટી યોજનાઓ કરતા કેમ શરમાતા નહીં હોય એજ મને તો આશ્ચર્ય લાગે છે! અમારો ધર્મ અમને પાપથી ડરવાનું અને સાવચેત રહેવાનું કહે છે પણ તેની સાથે પાપીઓમાં છુટથી ભળવાનું અને અમારા દૃઢ ચારિત્ર્યવડે પાપીનાં પાપોને બાળી ભસ્મ કરવાનું પણ ફરમાવે છે. તમારા હિંદુ ધર્મની નિંદા કરવા માગું છું, એવો તમને મારા આ શબ્દો ઉપરથી આભાસ આવતો હોય તો માફ કરજો, હું પોતે એક વેળા હિંદુજ હતી, તમારા જેવોજ આચાર-વ્યવહાર પાળતી હતી, અને હજી પણ આચાર-વિચારમાં હિંદુજ રહેવાનો પ્રયત્ન કરું છું, પરન્તુ એ વાત જવા દો.

"Per V P Rs 5000 only"
નું લેખન પણ મારા નામ ઉપર લખાયેલું જોઈ શકાતા હતા.

"મારો જન્મ ગુજરાતના એક ખાનદાન ગણાતા કુટુંબમાં થયો હતો. મારૂં લગન થયું તે વખતે હું છેક અજ્ઞાન નહોતી. જો કે મને કોઈ જાતની કેળવણી મળી નહોતી તો પણ સંસાર અને લગ્નનું યત્કિંચિત સ્વરૂપ હું સમજી શકી હતી. મ્હારા પિતા એક સાધારણ વ્યાપારી હતા અને તેઓ વ્યાપારમાંથી પ્રાપ્ત થતી રકમ દ્વારા ગૃહ-સંસાર સારી રીતે નીભાવી શકતા હતા. મારા લગ્નનો અવસર સમિપ આવેલો જાણી મારા માટે દૂર-દૂરથી માગાં આવવા લાગ્યાં. કેટલાક ખાસ અમારે ત્યાં ઉતરી મારા રૂપ-ગુણની પરીક્ષા કરી લગ્નની ગોઠવણ કરવાની વાટ ચલાવવા લાગ્યા ! છતાં મારા લગ્નની મુદત લંબાતીજ ચાલી. પ્રથમ હું આ વિલંબનું કારણ સમજી શકી નહીં. પરન્તુ પાછળથી મારા જાણવામાં આવ્યું કે મારા પિતા અને બીજાં સગાઓ મારા લગ્નના બદલામાં જે મ્હોટી રકમોની આશા રાખતા હતા તે નહીં મળવાથી લગ્નની મુદત લંબાતી જતી હતી. હું મારી જીંદગીમાં આ પહેલી વારજ સમજી કે કન્યાઓ પણ બીજી સ્થાવર-અસ્થાવર મીલકતની માફક વેચાણની વસ્તુ બની શકે છે. આપે પોસ્ટમાં આવતા વી. પી. ના નમુનાઓ તો જોયા હશે. હું તે વખતે એક વી. પી. ના પાર્સલ જેવી જ બની હતી એમ કહું તો ખોટું નથી મને જે લોકો જોવા આવતા તેઓ મારા રૂપની સાથે " Per V. P. Rs. 5000 only " નું લેબલ પણ મારા અંગ ઉપર લગાડેલું જોઈ શકતા હતા."

"કેમ ! આ વાતમાં તમને કંઈ આશ્ચર્ય જેવું જણાય છે ? ગુજરાત-કાઠીયાવાડમાં કેવો ત્રાસદાયક કન્યાવિક્રય ચાલે છે અને તેને પરિણામે અમારાં જીવન કેટલાં અનીતિમય બને છે તેની શું તમને ખબર નથી ? અલબત્ત એક સ્ત્રીના મુખથી આ વૃતાન્ત સાંભળી તમને લાગી આવતું હશે, પરંતુ મેં મારી પાપ કથા ઢંઢેરો પીટીને પણ જાહેર કરવાનો દૃઢ નિશ્ચય કર્યો છે. મારી અપકીર્તિના ભોગે પણ જો મારી બીજી નિર્દોષ બ્હેનોનો ઉદ્ધાર થશે તો હું મારી અપકીર્તિને ખુદાના ઘરની એક મ્હોટી બક્ષીસ માનીશ—

હા, હું શું કહેતી હતી ! છેવટે મારૂં લગ્ન થયું. દુનીયામાં વયોવૃદ્ધ છતાં વાસનાપૂર્ણ અને વૈભવી પુરૂષોનો અભાવ નથી હોતો. મારૂ વી. પી. એક વૃદ્ધ પુરૂષે રૂપીયા પાંચહજાર આપી મારા પિતાના હાથમાંથી છોડાવ્યું. વૃદ્ધ પતિની સ્હેવાતીમાં મેં કેવા અસંતોષ અને નિરાશા વચ્ચે મારી જીંદગી ગાળી તેનું વર્ણન કરવાની જરૂર નથી. લગ્ન પછી પાંચ છ વર્ષે મારા પતિ ગુજરી ગયા ! હું મારી યુવાનીની વસંત ઋતુમાંજ વિધવા બની ! મને તુરતમાં વિધવા બનાવવા માટેજ પરણાવવામાં આવી હતી એ પણ હું જાણી શકી. હું એક દેહધારી પ્રાણી છું, ભૂખ-તરસ અને લાગણીઓની અસર નીચે નમી જઈ એવી એક અબળા છું, એ વાત શું વિસ્તારથી કહેવાની જરૂર છે ! વિધવા થયા પછી મારો આત્મવિક્રય શરૂ થયો. આથી વિ-શેષ સ્પષ્ટ શબ્દોમાં મારી પાપ કહાણી હું નહીં કહી શકું. મેં મારી જીવન-નૌકા અનીતિના પ્રવાહમાં પુરવેગથી છુટી મુકી દીધી ! મે મારા આવા વર્તનથી નારી-જાતિ ઉપર જે મ્હોટું કલંક ચોંટાડ્યું છે તેનું પ્રાયશ્ચિત આ ભવમાં તો હું નહીં કરી શકું. પરંતુ તમે કહી શકશો કે એ કલંક શું જાણી-જોઈને મે મારી પોતાની ઇચ્છાથી જ વ્હોરી લીધું હતું ? નારીનો દેહ એક વિક્રયની વસ્તુ છે એવું પ્રથમ શિક્ષણ મને ક્યાંથી મળ્યું ? મારી જ્ઞાતિ અને મારા સગા-સંબં-ધીઓજ શું એને માટે જવાબદાર નથી ? કોણ જાણે મારા જેવી કેટલીયે અબળાઓ મારા જેવી

વિષમ સ્થિતિમાં કેટલાયે દુરાચારો કરતી હશે ! પણ તમને લોકોને એની ક્યાં પડી છે ? તમને તો લાડી-વાડી અને ગાડી મળી એટલે બધું પતી ગયું !

" ખુલ્લા શબ્દોમાં મને કહેવા દ્યો કે હું મારા આત્મવિક્રયને માટે જેટલી જવાબદાર છું, જ્ઞાતી અને જ્ઞાતીના આગેવાનો પણ તેટલાજ જવાબદાર છે. એક ઉછરતી-ઉમંગભરી અને ભાવીના મનોરમ સ્વપ્નમાં આનંદ લેતી બાળિકાને, કોઇ એક તાજા લોહીના તરસ્યા વૃદ્ધ પુરૂષના પંજામાં મુકી દઇ તમે શું નિષ્કલંક અને શુદ્ધ હોવાનો દાવો કરી શકો ? જ્ઞાતીની આટલી આટલી નિષ્ઠુરતાઓ વચ્ચે અમને સદાચારી અને પવિત્ર રાખવાની કલ્પનાઓ જ તમે કેમ કરી શકતા હશો તે મારા જેવી અજ્ઞાન અબળાઓ હજી સુધી સમજતી થઇ નથી. "

લોકલ ટ્રેનનો વેગ મંદ પડતા, યુવતી સહેજ ચમકી. પોતાના ન્હાના સરખા પોટલા તરફ હાથ લંબાવ્યો. હું તેની આ આતુરતા કળી ગયો. મેં કહ્યું—"હજી, પરેલને એક સ્ટેશનની વાર છે."

તેણીએ ખાનાના બારણામાંથી આસપાસ દ્રષ્ટિ કરી પુનઃ પોતાની બેઠક લીધી. હું તેની સામે જ જોઇ રહ્યો હતો. આવા સુંદર અને નિર્દોષ લાગતા મુખચંદ્રમાં કલંક કેવી ખુબીથી છુપાયેલું છે તેનો જ વિચાર કરતો હતો.

સ્વસ્થ બની તેણીએ કહ્યું—" મેં મારા પાપનું પ્રાયશ્ચિત શરૂ કરી દીધું છે. મુક્તિફોજે મને પરમ આદર આપી પોતાની કરી લીધી છે. મારો આખો દીવસ અનાથ બાળકોને માટે અન્ન-વસ્ત્ર-વિદ્યાઆદિની વ્યવસ્થા કરવામાં તથા અનીતિને માર્ગે ચડેલી મારી બ્હેનોને સમજાવી તેમને સેવિકા બનાવવાના પ્રયત્નમાં જ વ્યતીત થાય છે. જનસેવામાં કેવો અનિર્વચનીય આનંદ મળે છે તે હું મારા સ્વાનુભવ ઉપરથી જોઇ શકી છું. મારા પિતાએ મારો વિક્રય નહીં કરતાં પ્રથમથી જ જો મને કોઇ આવી સંસ્થામાં મોકલી દીધી હોત તો હું આજે કેટલું કાર્ય કરી શકી હોત તેનો વિચાર કરી ઘણીવાર નિરાશ થઉ છું. પરંતુ ભાવી મિથ્યા થતું નથી. હું હવે સંસારની વિકટતા અને સ્વાર્થપરાયણતા સમજી ગઇ છું. "

યુવતી થોડીવાર ચુપચાપ બેસી રહી. પોતાની આત્મકથાનો જાણે ઉપસંહાર કરતી હોય તેમ પુનઃ બોલવા લાગી—" સમય-સંકોચને લીધે હું સંપૂર્ણ રીતે બોલી શકી નથી. મારા જેવી બીજી અબળાઓ જ્ઞાતીઓના કેટલાક દુષ્ટ રીવાજોને લીધે અનીતિના કેવા ઉંડા કુવામાં ઉતરી પડે છે તેનો ઇતિહાસ જો તમે સાંભળો તો તમને કંપારી છુટ્યા વિના રહે નહી પરન્તુ હું ભુલું છું. તેની તમને શી પરવા હોય ! તમે બહુ બહુ તો અમારી પાપ-કથા સાંભળી તિરસ્કાર દર્શાવી શકો, સંયમ-ધર્મનું ભાષણ આપી શકો, ધર્મપુસ્તકોના એક-બે શ્લોકો સંભળાવી નારી-કર્તવ્ય સમજાવી શકો. પણ દીલસોજી-દયા-પ્રીતિ અને મમતા સિવાય એ બધું નકામું છે. પ્રજાનો ઉદ્ધાર કરવો હોય તો સૌ પ્રથમ પ્રેમી-સેવાપ્રિય બનવું જોઇએ. પાપીઓના પાપની ઉપેક્ષા કરી તેમને સહ્રદયતાથી ભેટતાં શીખવું જોઇએ. કોઇ જાહેર મેળાવડામાં કન્યાવિક્રયના વિષય ઉપર ભાષણ આપવાનું હોય તો ખુશીથી મને બોલાવજો. હું મારૂં પોતાનું જીવંત દ્રષ્ટાંત આપી લોકોના કાનના પડદા ઉઘાડી દઇશ. "

હું તે વખતે એવા ઉંડા વિચારમાં ઉતરી ગયો હતો કે તે રમણી ક્યારે ઉતરી ગઇ તેનું મને બરાબર લક્ષ રહ્યું નહીં. વિચારનિદ્રામાંથી જાગ્યો ત્યારે જોયું તો એ રમણી ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ હતી. અરેરે ! બીજું તો ઠીક, પણ તેણીનું પુરૂં નામ-ઠામ લેવાનું પણ વિસરી ગયો.

સ્વર્ગની સીડી?
નહીં,
નર્કની નિસરણી!

(૧)

બીજ નિક્ષેપ.

સૂર્યોદય થઈ ગયો છે, છતાં ઠંડીનું જોર હજી નરમ પડ્યું નથી. દિશાઓનાં મુખ ધુમ્મસથી છવાઈ ગયાં છે. પ્રકૃતિ જાણે ઘુમટા વડે પોતાનું મુખ છુપાવવા માગતી હોયની જેમ !

"બ્હેન ! નિશાળે આવવું છે કે ?" એક બાર વર્ષની બાળિકાએ પોતાની સખી મલીનાને, ઘરના ઉમરા ઉપરથી જ બૂમ પાડી.

મલીના પોતાની બ્હેનપણીની બૂમ સાંભળી ઘરમાંથી એકદમ બહાર આવી. તેની ઉમર પણ બારથી અધિક નહીં હોય તેની સુંદર આકૃતી ઉપરથી જણાય છે કે તે બુદ્ધિમતી અને મિષ્ટભાષી હોવી જોઈએ.

"કોણ ! સરોજ ! અંદર આવને ? કાલે મને શરીરે ઠીક નહોતું, તેથી હું નિશાળે ન આવી શકી. આજે પણ અવાય એમ લાગતું નથી."

"અરે, પણ આજે ઇનામ વહેંચવાના છે. તું નહીં આવે તો તને ઇનામ નહીં મળે, મારે શું !" હાથ અને આંખનો બાળોચિત અભિનય કરતી સરોજ ઘરમાં દાખલ થઈ.

"પરીક્ષા કોણ લેશે ? ઇનામ પણ આજેજ વહેંચાશે !"

"એટલા માટે તો આજે ચાહીને બોલાવવા આવી છું. તારું પહેલા નંબરનું ઇનામ બીજી કોઈ છોકરી લઈ જાય એ ઠીક નહીં એમ ધારીને આટલે સુધી આવી છું. શીલુબાઈ પોતે આપણી પરીક્ષા લઈ ઇનામ વહેંચવાના છે. મુંબઈથી ઘણો સામાન ખાસ ઇનામને માટે લેતા આવ્યા છે."

મલીના પરીક્ષા અને ઇનામની વાત સાંભળી એકીશ્વાસે પોતાની મા પાસે દોડી ગઈ. "મા ! મારે નિશાળે જવું છે, મને ઝટ ખાવા દે."

માતાએ કહ્યું–"આજે તારી તબીયત ઠીક નથી. કાલે જજે."

સરોજની વચમાં જ બોલી ઉઠી–"પણ આજે ઇનામ વહેંચવાના છે, આજ તો જવુંજ જોઈએ–બાર મહીનાની મહેનતનું ફળ નકામું જવા દેવું ?"

"ઇનામ કોણ વહેંચવાનું છે ?"

"બીજું કોણ વહેંચે ? શીલુબાઈ પોતે મુંબઈથી ખાસ પરીક્ષા લેવા સારૂજ પધાર્યા છે. કેટલીએ જાતની ઓઢણીઓ, રૂમાલ, કલમ ખડીયા વિગેરે લેતા આવ્યા છે. સારામાં સારૂં

ઇનામ મલીનાને જ મળવાનું ! ભણવામાં અમારા બધા કરતાં તે હુશીયાર છે." સરોજીએ એકની એક વાત પુનઃ ઉત્સાહથી કહી સંભળાવી.

"ગીજુભાઇ ગામમાં પધારે એ ગામના અહોભાગ્ય. ગીજુભાઇ જેવો છોકરો તો દેવોને પણ વ્હાલો લાગે ! આટલી ન્હાની ઉમરમાં કેવાં–કેવાં કામો કરે છે ! પોતે ભણે છે અને સાથે બીજાં ભાઇ–બ્હેનો ભણી શકે એવો પ્રયત્ન પણ કર્યાં કરે છે. લાખમાં કોઇક જ એવો નીકળે ! શું તેનું રૂપ અને શા તેના ગુણ ! છોકરીઓને ભણાવવા માટે ન્હાના પડે કેટલી કાળજી રાખે છે ! નિશાળના ખર્ચ સાથે ઇનામોનું ખર્ચ પણ પોતેજ ઉપાડી લે છે ! ગીજુભાઇ આપણા ગામનું ભૂષણ છે, રૂપ–ગુણનો અવતાર છે." મલીના પોતાની માતાની આ પ્રશંસા મુગ્ધચિત્તે સાંભળી રહી. ચાતક જેવી રીતે મેઘની સામે આતુરતાથી નિહાળી રહે તેવી રીતે મલિના પણ માતાના મુખમાંથી નીકળતી વાગ્ધારા તરફ એકટસે તાકી રહી. વાગ્ધારા અટકી ગઇ, છતાં ચાતકની પ્રબળ તૃષા શાંત ન થઇ. પુનઃ મેઘવૃષ્ટિ થાય તો ચાતકની પ્રબળ આશા શાંત થાય એમ જણાવા લાગ્યું. મલિનાની ફુઇ કે જે આ વખતે પાસેજ બેઠી હતી તે બોલી ઉઠી–"ગીજુના રૂપ–ગુણ જોતાં મને તો એમજ લાગે છે કે જો"—

"મારી પણ એજ ઇચ્છા છે!" મલીનાની માતાએ આવેશભર્યા શબ્દોમાં પોતાનો અસ્પષ્ટ મનોભિલાષ રજુ કર્યો.

"શી ઇચ્છા ? મા !" સરોજીનીએ એક બાળાકાને છાજે તેવી આકાંક્ષા સાથે પ્રશ્ન કર્યો.

"બીજી શી ઇચ્છા હોય ! તું જે ગીજુભાઇની વાત કરે છે તેની સાથેજ આ મલિના બ્હેનના લગ્ન કરવાની ઇચ્છા. બોલ, તારો શો અભિપ્રાય છે !"

સરોજિનીના ગુલાબ સરખા ગાલ પ્રફુલ્લતાને લીધે સવિશેષ લાલ થઇ આવ્યા. તે સહેજ સ્મિત કરતી બોલી–" વાહ ! એના જેવું બીજું ઉત્તમ કાર્ય કયું હોય ? ગીજુભાઇ જેવા સુવર આ ગામમાં તો શું પણ દુનીયામાં મળવા દુર્લભ ! ઓગણીસ વર્ષની ઉમરમાં તેમણે કેટલોબધો અભ્યાસ કરી વાળ્યો છે ! બાપ રે ! એમના ભણવાના પુસ્તકો જોઇને જ આપણે તો ગભરાઇ જઇએ ! આટલી–આટલી વિદ્યા તેઓ ક્યાં સંતાડી રાખતા હશે !"

મલિનાનો ગુપ્ત ઇસારો થતાં સરોજીનીએ પોતાનો લવારો બંધ કર્યો. મલિનાની માતાએ દૃઢ સ્વરે કહ્યું—"ગમે તેમ થાય, ઘરબાર વેચવાં પડે તો પણ હરકત નહીં, મારી મલિનાનો વિવાહ ગીરજાકુમાર સાથેજ થવો જોઇએ."

"જો એમ થાય તો મારી મલિના બ્હેન કેટલી સુખી થાય ! આવું ખાનદાન ઘર અને તેમાંયે વળી આવો ભણેલો–ગણેલો–રૂપાળો મૂરતીયો ! રાજાની રાણીને પણ અદેખાઇ આવે !" સરોજીનીએ મલિના સામું જોયા વિના પોતાનો અભિપ્રાય આપી દીધો.

મલીનાની ફુઇએ પોતાની ભાભી તરફ જોઇ કહ્યું—"જોઇ, આ નવા જમાનાની છોકરી ! હજી ઉગીને ઉભી થાય છે એટલામાં તો કેટલી નિપૂણ અને ડાહી–ડમરી બની ગઇ છે તે ? જાણે ભાષણ આપતી હોયની કેમ !"

સરોજીની જરા શરમાઇ ગઇ. બ્હેનપણીની ફુઇએ પોતાની પ્રશંસા કરી કે નિંદા કરી તે બરાબર સમજી શકી નહીં. મલિના અતિશય લજ્જાને લીધે ત્યાંથી ઉઠીને ઘરમાં ચાલી ગઇ.

છુટથી બોલવાનો અવકાશ મળતાં સરોજીનીએ કહ્યું કે—"મલિના મ્હોથી ભલે ન બોલે, પણ તેના અંતઃકરણમાં ગીરજાભાઇ તરફનો પ્રેમ કાંઇ જેવો—તેવો ન સમજતા હો. તેમની વાત નીકળતાં મલિના કેવી તલ્લીનતાથી સાંભળી રહે છે તે તમે જોયું ને ? મેં તો એ બાબતની ઘણી કસોટી કરી જોઇ છે. ગીરજાભાઇની વાત સાંભળતા મલીનાનું મુખ આનંદથી ઝળહળી ઉઠે છે. તે કોઇ એવા વિચારમાં ડુબી જાય છે કે આપણા સવાલનો સીધો જવાબ પણ નથી આપી શકતી. ખરેખર, જો તમે ધારો છો ત્યાં તેના લગ્ન થાય તો બહુ સારૂં."

• મલીનાની માતા કે કોઇએ કશો ઉત્તર વાળ્યો નહીં. સરોજીની થોડીવાર ત્યાં બેસી રહી. આખરે તે પણ કંટાળીને ત્યાંથી ચાલી ગઇ. નયુ૬-ભોળાઇ શો વિચાર કરતા હશે ? પ્રસંગ ઉપરથી તો જણાય છે કે તેમના હૃદયમાં મલીનાના લગ્નનું જ તુમુલ વિચાર-યુદ્ધ ચાલી રહેલુ હોવું જોઇએ.

કન્યાશાળા.

(૨)

ભોજનાદિથી પરવારતાં અને નિશાળે પહોંચતાં લગભગ અગીઆર વાગી ગયા. મલિના અને સરોજીની સિવાયની બાકીની તમામ છોકરીઓ હાજર થઇ ગઇ હતી. વખત થતા ગિરિજા કુમાર કન્યાશાળામાં આવી પહોંચ્યા તેમની પાછળજ એક નોકર ઇનામના સાહિત્યથી ભરેલા ટ્રંક સાથે દાખલ થયો. સર્વ બાલિકાઓ આ ટ્રંકની તરફ જોઇ મનમાં અનેક પ્રકારના તર્ક-વિતર્કો કરવા લાગી

ગિરિજાકુમારને આવકાર આપવા માસ્તર સાહેબ ઉભા થવા, તેમની સાથે કેટલીક છોકરીઓ પણ ઉભી થઇ. ગિરિજાકુમારે એક ખુરસી ઉપર બેઠક લીધી એટલે સર્વે પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગઈ.

મલિના સૌથી ઉપરના વર્ગમાં પહેલો નંબર ધરાવતી હોવાથી પરીક્ષા માટે સર્વ પ્રથમ તેને હાજર કરવામાં આવી તેની સાથે સરોજીની તથા બીજી બાલિકાઓ પણ ગિરિજાકુમાર પાસે એક ન્હાની સરખી હારમાં ગોઠવાઇ ગઇ.

મલિનાનું વાંચન શરૂ થયું. કમનસીબે, પહેલા જેવી વિશુદ્ધિ અને સ્પષ્ટતાપૂર્વક તે પોતાનો પાઠ વાંચી શકતી તેવું વાંચન આ વેળા થયું નહીં. પાઠ વાંચવાનો વારો આવતાંજ તેના કર્ણના મૂળ સુધી પહોંચેલા નીલ-નયનયુગલ જાણે મીંચાઇ જતાં હોય તેમ તેની આંખોએ દગો દેવાનું શરૂ કર્યું. ખીલતી શરત-ચંદ્રિમા જેવા લાવણ્યથી છલકાતા તેના ગાલ ઉપર મનોહર રક્તિમાની છાયા ધીમે ધીમે છવાવા લાગી ! ગાઢ કૃષ્ણમેઘ જેવા તેના વાળ આંખ-ગ્હો અને મુખ ઉપર પડી તેને મુંઝવવા લાગ્યા. આવાં કેટલાંક આકસ્મિક કારણોને લીધે તેનું વાંચન બરાબર થઇ શક્યું નહીં. વાંચનનો સાર બોલવામાં પણ કેટલીક ભૂલો થવા લાગી. હીસાબના દાખલાઓમાં પણ તેનાથી એવી ભૂલો થઈ ગઇ કે જેવી ભૂલો એક છેક નબળી છોકરી પણ ન કરે. અઘરા શબ્દોના અર્થ બોલવામાં પણ ગમતીજ ભૂલો થવા લાગી. મતલબ કે આજની વાર્ષિક પરીક્ષામાં મલીના પરીક્ષક કે ક્લાસ માસ્તરને લેશમાત્ર સંતોષ આપી શકી નહીં. ખરૂં પૂછો તો તેણે પોતાનું સમસ્ત બુદ્ધિબળ એકત્ર કરી સંતોષકારક ઉત્તરો આપવાનો પ્રયત્ન કરી જોયો

હતો. પરંતુ જ્યાં કુદરતજ વિરૂદ્ધ, ત્યાં એક આવી ન્હાની બાલિકા શું કરી શકે? જેમ જેમ સાચું અને સ્પષ્ટ બોલવાનું કરે તેમ તેમ ભૂલો અને અશુદ્ધિઓ પણ વધતીજ જાય ! છેવટે, હવે એક અક્ષર પણ ન બોલવો એવો તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો અને પાસેના એક બેંચ ઉપર હતાશ બની બેસી ગઇ. તેનું પ્રભાત-કમળ જેવું મુખ કરમીંદુ બની ગયું. અંગમાંથી પ-સીનો છુટવા લાગ્યો. બેંચ ઉપર બેશીને પણ તે ગિરિજાકુમારના મુખ ભણી, કોઇ ન જાણે એવી રીતે, વચમાંવચમાં નીહાળતી અને અતિશય સંકોચ તથા લજ્જાને લીધે, મ્હોં પાછું ફેરવી લેતી.

બાકીની બાલિકાઓની પરીક્ષા થઇ ગઇ. આપણુને તે સાથે સંબંધ નથી. ફુલેદમંદ ની-વડેલી બાળાઓ વિવિધ પ્રકારના ઇનામો લઇ આનંદની ઉર્મિઓ અભિવ્યક્ત કરવા લાગી. મલિનાને ઇનામમાં કાંઇ મળ્યું નહીં. પરીક્ષામાંજ નાપાસ થવાય તો પછી ઇનામની આશા રાખવાનો હક ક્યાંથી રહે ? મલિનાની નિરાશાએ અને પરાજીતતાએ માસ્તરસાહેબના મન ઉપર પણ અસર કરી. પરીક્ષક તો કદાચ ન જાણે પણ માસ્તર સાહેબ મલિનાની બુદ્ધિકુશળતા બહુ સારી રીતે જાણતા હતા. આવી એક બુદ્ધિમતી અને અગ્રગણ્ય બાળા છેક નિરાશ બને એ તે-મને અસહ્ય લાગ્યું. પરંતુ પોતાના ઉપરી પાસે તેનું શું ચાલી શકે ? તેમણે એક-બે વાર મલિ-નાના સલજ્જ-સંકુચિત મુખ ભણી દષ્ટિ કરી. તેઓ તેણી ની વિહ્વળતા, નિરાશા, આંતરવેદના બરાબર સમજી શકયા.

માસ્તરે ઘણાજ દુ ખભર્યા સ્વરે કહ્યું:—"દીકરી મલિના ! શું આજે તારી તબીયત બરાબર નથી ? તબીયત ખરાબ હોવાને લીધેજ તું બરાબર નહીં બોલી શકી હોય."

મલિના જેવી એક બુદ્ધિમતી વિદ્યાર્થિનીને પરીક્ષામાં મળેલી નિષ્ફળતાને લીધે અતિશય લાગી આવે, અને તેમાં પણ જ્યારે પોતાનું સમગ્ર બુદ્ધિબળ દેખાડી આપવાનો પ્રસંગ આવ્યો હોય ત્યારે તો આવી નાસીપાસી સર્પદંશ જેવી મર્મભેદક થાય એ સ્વાભાવિક છે "મ્હારી બ્હેનપણીઓને હું શું મ્હોડું બતાવીશ" એવો વિચાર આવતાં ડુબી મરવા જેટલું દુઃખ થાય તે પણ કલ્પનામાં આવી શકે તેમ છે માસ્તરનો ઉક્ત પ્રશ્ન સાંભળી મલિનાની આંખમાંથી અ-શ્રુની ધારા વહી નીકળી. પગના નખથી પૃથ્વીને ખણતી નીચુંજ જોઇ રહી.

ગિરિજાકુમારે ઉભા થઇ મલિનાનો હાથ પકડી અતિ સ્નેહ અને મમતા પૂર્વક તેણીને પોતાની ખુરસી પાસે લઇ આવ્યો. શરમથી મુખ નીચું રાખી મલિના પરીક્ષકની સામે ઉભી રહી.

ગિરિજાકુમારે પૂછયું—"મલિના ?"

"જી." મલિનાએ અત્યંત કષ્ટપૂર્વક ન છુટકે ઉત્તર આપ્યો.

"તમારી તબીયત શું કંઇ નરમ રહે છે ?"

"પહેલા એમ હતું, હવે ઠીક છે."

"પહેલાં તો તું બહુ સારા જવાબો આપી શકતી હતી, આજે કેમ કાંઇ ન બોલી શકી ?" ગિરિજાકુમારના એ પ્રશ્નમાં આતુરતા કરતા કુતુહળતા વિશેષ હતી.

મલિનાએ પ્રશ્નનો કાંઇ જવાબ ન વાળ્યો. તે સહેજ પાછળ હઠી ચોપડીમાં મુખછુપાવવાનો પ્રયત્ન કરવા લાગી. સરોજીનીએ આ દશ્ય જોઇ સ્મિત હાસ્ય કર્યું.

"મલિના ! કાંઇ ઇનામ મળ્યું ?"

મલિના પ્રથમની જેમજ નિરૂત્તર ઉભી રહી. માસ્તરે આ પ્રસંગે લાગ જોઇ જણાવ્યું કે—"આખી કન્યાશાળામાં આ છોકરી પ્રથમ નંબર છે. આપે અગાઉ પણ બે ચાર વાર પરીક્ષા કરી એવોજ અભિપ્રાય આપ્યો હતો. કમનસીબે બિચારી આજે ગભરાઇ ગઇ છે તેથી પરીક્ષાના ઉત્તરો બરાબર આપી શકી નથી. હરકત ન હોય તો એને ઉત્તેજન આપવા કંઇક ઇનામ મળવું જોઇએ."

ગિરિજાકુમારે એ ભલામણના જવાબમાં ટૂંકમાંથી સોનાના એરીંગ બ્હાર કહાડ્યા અને પોતાના હાથે તેણીના કાને પહેરાવી દીધા. એરીંગ પહેરતાં પહેરતાં પણ મલિનાનો દેહ થરથર ધ્રુજવા લાગ્યો.

સરોજીનીના કંઠમાંથી આ વખતે આનંદસૂચક જે ધ્વની બ્હાર આવ્યો તે કોઇ સાંભળી શક્યું નહીં માત્ર મલિનાના કર્ણમાં એ ધ્વનીએ પ્રવેશ કરી તેણીને ઓર ઉત્તેજીત બનાવી દીધી. આ વખતે તેણીએ પોતાની જાતને કાબુમાં રાખવા જે પ્રયત્ન કર્યો હતો તે અસાધારણ હતો, એક સંયમીને પણ લજાવે તેવો હતો.

માસ્તર સાહેબ તથા પરીક્ષક પોતાના કામથી પરવારી પોતપોતાના ગૃહે ગયાં. બાળિકાઓ પણ આનંદ કરતી સ્વસ્વ ગૃહે વિદાય થઇ ગઇ —ચાલુ.

ઉમળકા.

શ્યામ સ્વરૂપ! ઓ વિશ્વવ્યાપી સૌંદર્ય! ક્યાં છે તું?
પુષ્પે પુષ્પના પરાગ ફેંદયા,
હિનાની સુરભી ભર્યા સન્ધ્યાના હાથને ચૂમ્યા,
ચન્દ્રને ખાઝેલી કિશોરી વાદળી નિહાળી,
નિરાશ-નિરાશ બનીને પ્રાણ પાછા વળે છે, ઓ નિગૂઢ તેજ!
ગુલોને, બુલબુલોને, ઠગારી કોયલને,
બોલાવી સાદ કરી, બૂમો પાડી,
ગાયકના કંઠ થાક્યા, રસિકોના હૈયા ફુટ્યાં,
ભટકતી કલ્પના, અરણ્યે ભૂલી પડી.
ખોલીશ મા, ખોલીશ મા, એ પરદેનશીન સૂરતને, ઓ મુગ્ધપ્યારા!
રાત્રી પડી, ત્હારા મ્હેલનાં દ્વાર દેવાણાં,
ઉઘાડી એક બારી ઉપર પણ બૂરખો પડયો.
દૂરથી ડોકીયા કરનારી હું વેરાગણ!
ત્હારા દરવાજે મને ધકેલી, મ્હારો તંબુર તૂટયો,
શરમ છે, શરમ છે, નિષ્ઠુર એ આજ્ઞાને, મ્હેલના વાસી પ્યારા!

"અધીરી"

યમરાજનો રાજદરબાર.

માનવસંહારી સાક્ષાત્ યમરાજે આદેશ કર્યો—“ પ્લેગ મહોદયને હાજર કરો, કહો કે “ તેમને સોંપવામાં આવેલા કાર્યનો હીસાબ આપી જાય.”

અદ્રશ્યમાંથી એક ભયંકર-વિરાટ મૂર્ત્તિ વંટોળીયાના આંતરપટમાંથી આવિર્ભૂત થઇ યમરાજની સામે બે હાથ જોડી ઉભી રહી. મેલેરીઆ, ન્યુમોનીયા, ગોનોરીઆ, ઇન્ફ્લ્યુએન્ઝા આદિ સેંકડો સભાસદોએ પાછળ હઠી પ્લેગ મહોદયને માર્ગ કરી આપ્યો અને તેઓ પોતાની પ્રચંડ પ્રવૃત્તિનો કેવો હેવાલ આપે છે તે સાંભળવા ઉત્સુક બન્યા.

પ્લેગ મહોદયનો ચ્હેરો અતિશય થાકને લીધે કિંચિત કરમાયેલો જણાતો હતો, છતાં વિજયનો ગર્વ એ અપૂર્ણતામાં પણ પ્રકટ થઇ આવતો હતો. પ્લેગે પોતાના માલિકના ચરણમાં મસ્તિષ્ક ઝુકાવી જણાવ્યું કે—“ માનવકુળના મહાન્ દુશ્મન એવા આપના કલંકિત ચરણ યુગલમાં નમસ્કાર કરી અતિશય નમ્રપણે નિવેદન કરૂં છું કે આપની આજ્ઞા પ્રમાણે હિંદી-જનોનો સંહાર વાળવામાં મેં કોઇ જાતની મણા રાખી નથી. જે હિંદ પોતાના શારીરિક અને આધ્યાત્મિક બળની પ્રશંસા કરી આપણી અવગણના કરતો હતો તે દેશને મેં મારા પ્રબળ પ્રતાપથી એવો તો ચગદી નાખ્યો છે કે ભવિષ્યમાં કોઇ કાળે પોતાનું માથું ઉંચુ ન કરી શકે. પ્રજા અને રાજાના ભગીરથ પ્રયત્નો છતાં મે તેની સામે એવી સખ્ત ટક્કર ઝીલી છે કે મારી જગ્યાએ જો બીજો કોઇ હોત તો હારીને-કંટાળીને પાછો જ વળી આવ્યો હોત.”

ઇન્ફ્લ્યુએન્ઝા નામના એક બાળ રોગરાજે તેજ વખતે વાંધો ઉઠાવી જણાવ્યું કે “ પ્લેગ-મહોદય પોતાના કામના સ્વમુખે ગમે તેટલાં ગણુગાં ફુંકે, અમારે તેની સાથે લેવા-દેવા નથી, પરંતુ બીજાની બહાદૂરીઓના હેવાલો જાણ્યા વિના અન્ય સભાસદો ઉપર આવો હુમલો લઇ જવામાં આવે એની સામે હું મારો સખ્ત વાંધો જાહેર કરૂં છું.”

યમરાજ—“ ભલે, પ્લેગ મહાશયે બીજી બાબતો મુકી દઇ પોતાના સંહારનો જ હેવાલ આપવો એમ હું ફરમાવું છું.”

પ્લેગે આગળ ચલાવ્યું—“ મેં મારા જીવનનાં ગયાં વર્ષો કરતાં આ વર્ષે વિશેષ પરાક્રમ દર્શાવવાનો ઠરાવ કર્યો હતો, અને તે બાબતને લગતી બધી તૈયારીઓ કરી રાખી હતી. છતાં મને એમ જણાવતાં અફસોસ થાય છે કે આપણી સભાના જ એક સભ્ય કે જેમનું નામ, હું ભૂલતો ન હઉં તો ઇન્ફ્લ્યુએન્ઝા છે અને જેમનો જન્મ પણ યુરોપમાં જ થયેલો છે તેમના વચ્ચે પડવાથી હું મારો પુરો પ્રભાવ બતાવી શક્યો નથી. જો મને તેવો અવસર મળ્યો હોત તો હું ખાત્રીથી કહું છું કે હિંદુસ્તાનને એક સ્મશાનભૂમિમાં ફેરવી નાખત અને પછી આપણે સર્વે નિશ્ચિંતપણે મનુષ્યોની ખામમાં આળોટી સુખેથી દિવસો ગુજારી શકત.”

ઇન્ફ્લ્યુએન્ઝાએ વચમાં ઉભા થઇ પ્લેગને ચુપ રહેવાનો ઇશારો કર્યો. ઇન્ફ્લ્યુએન્ઝાનું સ્વરૂપ જો કે બ્હારથી જોતાં એક બાળક જેવુંજ જણાતું હતું, છતાં તેના મુખ ઉપર અભિમાન, કઠોરતા અને નિર્દયતાનો પ્રભાવ એવો અસરકારક રીતે પ્રકટ થઇ આવતો હતો કે પ્લેગ જેવો જુનો-માનીતો અને કર્તવ્યપરાયણ અનુચર પણ સ્તબ્ધ બની ગયો.

ઇન્ફ્લ્યુએન્ઝાએ પોતાના ભાષણની શરૂઆત કરતાં કહ્યું કે—"હું પ્લેગ મહોદયને બહુ સારી રીતે જાણું છું. તેમનું મનુષ્યસંહારનું કાર્ય એટલું બધું વિશાળ અને સર્વગ્રાસી છે કે તેમને તે વિષે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછોજ છે. હું પોતે તેમને માટે માનબુદ્ધિ ધરાવું છું. તેઓ હવે અતિશય કામગીરીને લીધે થાકી ગયા છે, ખરૂં જોતાં તેઓને હવે તેમના કાર્યમાંથી મુક્ત કરી દેવા જોઇએ. જો તત્કાળમાં એમ નહીં કરવામાં આવે તો મને ભય છે કે લાખો–કરોડો મનુષ્યોનો સંહાર કરનાર પ્લેગમહોદય પોતે જ સંહાર પામી જશે.

"હવે, હું મૂળ મુદ્દા ઉપર આવીશ. મેં મારૂં પોતાનું કામ હિંદમાં શરૂ કરી દીધું છે. પ્લેગ બન્ધુએ મારા ઉપર વચમાં પડવાનો જે આક્ષેપ કર્યો છે તે અલબત્ત સત્ય છે; પરંતુ મારે ન છુટકે તેમ કરવું પડ્યું છે. મારો હેવાલ જો આપ અને આપના સભાસદો સ્થિરચિત્તથી સાંભળશો તો મને ખાત્રી છે કે તેઓ મારા કાર્યને સંપૂર્ણ વ્યાજબી ઠરાવ્યા વિના રહેશે નહીં. મારો પ્રથમ પ્રશ્ન તો એજ છે કે આંખો મીંચીને માત્ર એકલી પુરૂષ જાતિ ઉપર જ હાથ અજમાવ્યા કરવો એ શું આપણા જેવા માનવરિપુઓને ઉચિત છે? હિંદુસ્તાનમાં શું એકલા પુરૂષો જ વસે છે? સ્ત્રીઓ અને બાળકો નથી વસતાં! પ્લેગ જેવા સભાસદોએ અત્યારસુધી મ્હોટે ભાગે પુરૂષ જાતિનો સંહાર વાળવામાં જ પોતાનું બળ અજમાવ્યું છે, એ શોચનીય છે. માણસો જ્યારે વિવિધ ઉપાયો હુન્નરો અને કળાઓ શોધી પોતાની બુદ્ધિશક્તિનો પરિચય આપે છે, ત્યારે આપણે માત્ર એકજ પદ્ધતિથી પુરૂષોનો જ મ્હોટે ભાગે ઘાણ કાઢવો એ શું અલ્પતા નથી? મને પ્લેગના કાર્યમાં માથું મારવું પડ્યું છે તેનું પણ આજ કારણ છે.

"હિંદી સ્ત્રીઓ કે જેઓ ઉપરાછાપરી સુવાવડોને લીધે છેક મુડદાલ બની જાય છે, હિંદી સ્ત્રીઓ કે જેમને ઘરના ચાર ખુણાના ગંધાતા વાતાવરણ સિવાય બ્હાર ખુલ્લા મેદાનમાં ફરવાની પણ સત્તા નથી, હિંદી સ્ત્રીઓ કે જેમને પુરો પૌષ્ટિક આહાર પણ મળી શકતો નથી, હિંદી સ્ત્રીઓ કે જેમનાં જીવનો કલેશ, કંકાસ, ચિંતા અને હાયવોયમાં જ પુરાં થાય છે, હિંદી સ્ત્રીઓ કે જેમની ઉપર સાસુઓ, સસરાઓ, જેઠો અને ધણીઓ એક ચક્રવર્તીની જેમ સત્તા ચલાવવામાં જ પોતાનું ગૌરવ માને છે, હિંદી સ્ત્રીઓ કે જેમને પુત્રોત્પત્તિ સિવાય બીજું કાંઇ મહત્ત્વનું કામ કરવાનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે, હિંદી સ્ત્રીઓ કે જેમને આરોગ્યના સામાન્ય પાઠો જાણવાનો અવકાશ નથી, હિંદી સ્ત્રીઓ કે જેમના સંખ્યાબંધ વ્યાધીઓ શરમ અને લાજને લીધે નિત્ય વૃદ્ધિ પામતા જાય છે, તેવી એક જાતિને મુકી પુરૂષોના લોહીથી જ ખપ્પર ભરવું એ શું હડહડતી બેવકુફી નથી? હિંદી સ્ત્રીઓની સ્થિતિ વિષે મેં જે ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી આપને જણાશે કે હિંદુસ્તાનમાં આપણું કામ નિર્વિઘ્ને ચલાવવાને માટે પુષ્કળ ક્ષેત્ર પડેલું છે. પ્લેગ મહાશય મારા કરતાં વડીલ હોવાથી હું તેમની કામગીરી વિષે કાંઇ ચોક્કસ ટીકા કરી શકતો નથી. માત્ર એટલું કહું છું કે તેમણે સ્ત્રી જાતિ તરફ જે ઉપેક્ષા કરી છે તેથી આપણું સંહારનું કાર્ય જેવું જોઇએ તેવું ફતેહમંદ થઇ શક્યું નથી.

"મેં એ બાબત હાથમાં લીધી છે અને આ વખતે સ્ત્રીઓનો જે ઉગ્ર સંહાર વાળ્યો છે તે ઉપરથી આપ જોઇ શકશો કે મેં કેવી બુદ્ધિમત્તાથી અને નિષ્ઠુરતાથી કામ લીધું છે! અલબત્ત, મને ન્યુમોનીયા અને ડબલ ન્યુમોનીયા આદિ દોસ્તોની મદદ લેવી પડી છે, અને એ માટે હું તેમનો આભાર માનું છું. ન્યુમોનીયા આદિ દોસ્તો પણ જોઇ શક્યા હશે કે પુરૂષ–જાતિ ઉપર હુમલો લઇ જવા કરતાં સ્ત્રી જાતિ ઉપર હુમલાઓ લઇ જવા એ કેટલા સહીસલામત અને સરળતાવાળા છે. સારા ભાગ્યે પુરૂષોએ આપણા સંહારનું ક્ષેત્ર બહુ સારી રીતે તૈયાર કર્યું છે.

"મારા વિનાશના કાર્યમાં મને બીજો પણ એક અગત્યનો અનુભવ મળ્યો છે. મારો એકજ હુમલો થતાં બિચારી અબળા તો મૃત્યુને શરણ થાય એમાં તો કાંઇજ નવાઇ નથી, પરંતુ તેની સાથે બીજા સેંકડો બાળકોને પણ નિરાધાર બનાવી માર્ગમાં રઝળતાં બનાવી દીધાં છે અને એ રીતે તેમના મૃત્યુનો માર્ગ પણ સાફ કરી આપ્યો છે. હવે હિંદુસ્તાનમાં સ્ત્રીઓની અધિક મૃત્યુ સંખ્યાને લીધે પુરૂષોને, હુકમ ચલાવવા કે તેમની સગવડ સાચવવા સ્ત્રીઓ મળી શકતી નથી અને તેવી સેંકડો પુરૂષોને અવિવાહિતપણે જીંદગી ગુજારવી પડે છે. આનું પરિણામ એ આવશે કે તેથી પ્રજોત્પત્તિ બની બંધ પડશે અને જે થોડી-ઘણી હૈયાત છે તેનો નાશ કરવામાં બહુ વાર નહીં લાગે. આપણને નાચવા અને રમવા માટે જે વિશાળ સ્મશાનભૂમિ જોઇએ છીએ તે હવે લગભગ તૈયાર થવા આવી છે, અને આશા છે કે નજીકના ભવિષ્યમાં હિંદુસ્તાનને સ્મશાનસ્વરૂપ નહિં તો સ્ત્રીઓની ગેરહાજરીવાળું તો અવશ્ય જોઇ શકીશું."

તાળીઓ અને હર્ષધ્વનીઓથી અસુરાવાસ ગુંજી ઉઠયો. અસુરપતિ યમરાજે આનંદાવેશમાં આવી જઇ વિકટ હાસ્ય કર્યું।

"આટલું છતાં પામર મનુષ્યજાતિ તમારી સામે કાંઇપણ ઉપાય નથી યોજી શકી?" એક સભાસદે પ્રશ્ન કર્યો.

ઇન્ફ્લુએન્ઝાએ પ્રશ્નના ઉત્તરમાં, ઘોર ગુસ્સાથી જણાવ્યું કે-"હિંદનો પ્રત્યેક મનુષ્ય વૈદ્ય છે. મને યાદ છે કે મારા આવિર્ભાવની સાથેજ મને અટકાવી શકે એવા સેંકડો ઉપાયો બ્હાર આવવા લાગ્યા હતા. પરંતુ હિંદના મનુષ્યોની એક ખૂબી એ છે કે તે બીજાને માટે જેટલી કાળજી ધરાવે છે, બીજાને માટે જેટલા ઉપાયો અજમાવે છે, તેટલી કાળજી પોતાને માટે કે પોતાના કુટુંબને માટે લઇ શકતા નથી. હિંદનો દરેક વતની અપ્રમત્ત વૈદ્ય છે, પરંતુ તે પોતાનો નહીં-બીજાનો. સદ્‌ભાગ્યે હિંદીઓ એમ માનતા થઇ ગયા છે કે દવાઓજ આપણી સામે થઇ શકે છે, ખરૂં જોતાં દવાની પાછળ મનુષ્યોમાં જે જીવનીશક્તિ જોઇએ, જે આરોગ્યમયતા જોઇએ, જે અડગતા જોઇએ તેમાંનો લેશપણ હિંદીઓમાં મળી આવતો નથી. મારી સામેના સેંકડો-હજારો ઉપાયો જો નિષ્ફળ ગયા હોય તો તેનું કારણ પણ માત્ર એટલુંજ છે કે લોકો પોતાની કે પોતાના કુટુંબીજનોની સ્વચ્છતા-આરોગ્યતા અને સદાચાર પરાયણતાનો તલભાર પણ ખ્યાલ રાખતા નથી. બીચારી એકલી દવાઓ કે ઉપચારો શું કરી શકે? સેંકડો દવાખાનાઓ અને હજારો સ્વયંસેવકોને એકબાજુ હઠાવી દઇ મેં જે વીરતાથી માનવરક્તનું પાન કર્યું છે તે જોઇ ઘણાને અજાયબી લાગી હશે, પણ જો તમે ઉંડા ઉતરીને જુઓ તો તેમાં તમને અજાયબીનો અંશ સરખો પણ ન જણાય. ખરૂં પૂછો તો આપણામાં એવી તે શી શક્તિ છે કે મનુષ્યની આંખનો વાળ ખૂણો પણ જોઇ શકીએ? મનુષ્યનો સહેજ કોપ થતાં આપણે બળીને ભસ્મ થઇ જઇએ, છતાં હિંદનો આજનો મનુષ્ય એ મનુષ્યજ નથી એમ કહું તો ચાલી શકે. તેમણે પોતેજ આપણી ફત્તેહમંદીનો માર્ગ ખુલ્લો કરી દીધો છે. તેઓ એટલા બધા વિલાસી-વાસનાપૂર્ણ-વ્યભિચારી અને પુરૂષાર્થહીન બની ગયા છે કે તેમના વજ્ર જેવા મનાતા શસ્ત્રાસ્ત્રો પણ આપણી પાસે પુષ્પ જેવા કોમળ બની જાય છે. હું ફરીથી કહું છું કે આ વખતે સ્ત્રીજાતિનો મ્હોટો ભોગ લેવામાં હું શક્તિમાન થયો છું તો તેનું સઘળું માન મને નહીં પણ પુરૂષજાતિ અને સ્ત્રીજાતિનેજ ઘટે છે.

"વાહ! ધન્ય છે! તમારી નિરભિમાનવૃત્તિને, ધન્ય છે તમારા સ્પષ્ટવક્તૃત્વને, ધન્ય છે તમારી શોધકશક્તિને!" વિવિધ પ્રકારના આનંદસૂચક ધ્વનીઓથી દિશાઓ ગર્જી ઉઠી।

ચન્દ્રમુખી-શ્રી ઉવાચ:—
"હિંદુસ્તાનને સ્મશાન સ્વરૂપ નહીં, તો સ્ત્રીઓની ગેરહાજરીવાળું તો અવશ્ય જોઈ શકીશું."

ચિત્રકાર ટી. જી. પરેખ. આનંદ પ્રેસ–ભાવનગર.

" આપણે હજી ઘણું કામ કરવાનું છે, તમારી કર્તવ્યતત્પરતા અને બુદ્ધિની શક્તિ જોઈ તમને મારી અંતઃકરણની મુબારકબાદી આપું છું, તમે બહુ થાકી ગયા હશો, જાઓ, આજે આરામ લ્યો." પ્રમુખના ઉપસંહારની સાથેજ ચોતરફ અગ્નિના ભડકાઓ થવા લાગ્યા ! ધારીને જોતાં જણાયું કે, વ્યાધી રૂપી સઘળા રાક્ષસો ત્યાંથી ચાલ્યા ગયા હતા.

વિરહ-વેદના.

દેવી !

" હૃદય " જેવી કોઈ એક વસ્તુ મનુષ્યમાં હોય છે એમ માત્ર સાંભળ્યું હતું, અને પ્રાણી માત્રને જે વસ્તુ કુદરતી રીતે પ્રાપ્ત છે તે મને પણ હશે એમ માની લેતો હતો. પરન્તુ આજે અંતરમાં જે વેદના શરૂ થઈ છે તે ઉપરથી મારી ખાત્રી થઈ છે કે હું ગમે તેવો વિલાસી અને સુખશીલ હઉં તો પણ હૃદયહીન તો નથી જ ! હૃદયના વ્યાધીથી હું પીડા પામું છું એમ જાણી તું રખેને ગભરાઈ જતી ! આ વ્યાધી એવા પ્રકારનો છે કે તેનો ઉપચાર ડોકટરો કે દેવતાઓ પણ કરી શકે એમ નથી. એ વ્યાધી શમાવવાને તારૂં દર્શન-માત્ર દર્શન-બસ છે. સ્પષ્ટ રીતે કહું તો આ વ્યાધી એ બીજો કોઈ જ નહીં પણ વિરહનો જ વ્યાધી છે, આ વેદના પણ વિરહની જ છે. જે વેદનાનો અનુભવ મેળવી મહા કવી કાળીદાસે મેઘદૂત લખ્યું હતું તે વેદનાનો જ આ એક પ્રકાર છે !

હું જ્યારે તમારી સર્વની અનુમતી લઈ મારા આ નવીન આશ્રમમાં આવ્યો ત્યારે તેં મને જે પ્રશ્ન કર્યો હતો તે હજી મારા અંતરપટમાં ઉંડા ધ્વની કરી રહ્યો છે. તેં પૂછ્યું હતું કે– " જવું હોય તો અમારી ના નથી; પણ એકલા ત્યાં ગમશે ! " મેં તે વખતે તારા પ્રશ્નના ઉત્તરમાં અસાધારણ દર્પ અને દમામથી કહ્યું હતું કે—" હું એકલો નથી, મારા મિત્રો અને સબંધીઓની મધ્યમાં રહી આનંદ પૂર્વક દીવસો વીતાવીશ ! તે ઉપરાંત મને એકાંતમાં આનંદ આપે એવા કાળીદાસ, ભારવી, ભવભૂતિ, શેક્ષી, શેકસપીયર અને સ્કોટ જેવાને પણ સાથે જ લેતો જઉં છું ! કહે હું એકલો છું ? " મારૂં એ કથન કેટલું અભિમાનપૂર્ણ હતું તેનો અનુભવ હું મેળવી ચૂક્યો છું. તારા સાદા-સરલ અને નિરાડંબર પ્રશ્નમાં જે ગંભીર આશય હતો તે પણ સમજી ગયો છું. હું મારા મિત્રોમાં જો કે હળું છું, મળું છું, વાર્તાવિનોદ પણ કરૂં છું પરન્તુ એ સર્વમાં કાંઈક ઉણપ લાગ્યા કરે છે, તારા સરળ શબ્દોમાં જે રસ અને ગાંભીર્યનો પ્રવાહ વહેતો તેમાંનું કશું મિત્રો અને સ્નેહીઓના વિદ્વત્તાભર્યાં વિવેચનોમાં પણ હું મેળવી શકતો નથી. તારા અસ્પષ્ટ-અશુદ્ધ વાક્યોમાં જે ઉંડી રસવૃત્તિ અનુભવી શકતો, તેમાંની લેશ પણ મહા કવિઓના મહા કાવ્યોમાં પણ અનુભવી શકતો નથી.

આ વિરહ-વેદનાએ મને એક નવું શિક્ષણ આપ્યું છે. સતત પરિચયના પરિણામે ઉદ્‌ભવેલું વૈમનસ્ય અને મનો-માલિન્ય આવે પ્રસંગે ધોવાઈ જાય છે. વેદના એ જો એક જાતનો અમી હોય તો વિરહ-વેદના એ દંપતીના વિશુદ્ધ પ્રેમ ઉપર બાઝેલા મેલને બાળી ભસ્મીભૂત કરી દે છે એમ હું મારા પોતાના સ્વાનુભવ ઉપરથી જોઈ શક્યો છું. વિરહમાં જ હું તારી યથાર્થ

કીમત–તારી યથાર્થ ઉપયોગિતા સમજવા ભાગ્યશાળી થયો છું. જ્યારે તું મારી પાસે હતી ત્યારે હું માત્ર તારામાંજ તારૂં દર્શન કરી શાંત થતો. પરંતુ અત્યારે તારા વિયોગને લીધે સર્વત્ર તારી મુર્તિજ મારા ચક્ષુ સમીપ ખડી થાય છે ! એક વૃક્ષપત્રના કંપનમાં હું તારી ધ્રુજારી જોઇ શકું છું. પવનના મૃદુસ્પર્શમાં તારો સ્પર્શ અનુભવી શકું છું, પક્ષીઓના કલરવમાં હું તારો કંઠ સાંભળી શકું છું. જ્યાં–જ્યાં સૌંદર્ય જોઉં છું, ત્યાં ત્યાં હું તારા સૌંદર્યનોજ ઉપન્યાસ કરૂં છું ! નિરંતર પાસે રહેવાથી મનુષ્યો વસ્તુની કીંમત આંકી શકતા નથી. હવે મને લાગે છે કે, પતિ–પત્નિને ગાઢા પ્રેમમાં આબદ્ધ કરવા વિરહ જેવો બીજો એક પણ ઉત્તમ ઉપચાર નથી.

ભક્તો અસાધારણ સાધના અને તપસ્યાના બળથી પરમાત્માની સહેજ–સાજ ઝાંખી કરવા લાગે છે. ત્યારપછી તેઓ પરમાત્માના અનંત સૌંદર્યને પામવા એવા ઉન્મત્ત થઇ જાય છે કે લોકો તેમને લગભગ ગાંડા જેવા જ ગણી કાઢે છે–તેમની ઉન્માદદશા માટે હસે છે ! પરંતુ એ ઉપહાસ્ય અને ઉપેક્ષા કેટલી અન્યાયી અને નિષ્ઠુર છે તે હું તારા વિરહના પ્રતાપે સમજી શકયો છું. એકવાર પરમાત્માની ઝાંખી કર્યા પછી ભક્તોના હૃદયમાં વિરહનો પવિત્ર હોમાગ્નિ કેવી રીતે સળગી ઉઠતો હશે તેની કલ્પના થઇ શકે છે. દંપત્યપ્રેમ એ પરમાત્મ–પ્રાપ્તિનું પ્રથમ પગથીયું છે એ વાત હવે કાંઇક સત્યાંશવાળી હોય એમ મને લાગે છે.

બાદશાહ અને બીરબલવાળી વાર્તાઓમાં એક વખતે બાદશાહે શહેરના તમામ જમાઇઓને ફાંસીએ ચડાવી દેવાનો હુકમ કર્યો હતો, તે તારા જાણવામાં હશે. હું જો બાદશાહ બનું તો સૌ પહેલો એવોજ એક કાયદો બ્હાર પાડું કે જેઓ પતિઓ હોય તેમને ઓછામાં ઓછા એક અઠવાડીયા સુધી અને વધુમાં વધુ એક મહિના સુધી અર્ધાંગનાઓથી અલગ રાખવા. ડાહ્યા માણસો આવો વિચિત્ર કાયદો સાંભળી હસે એ તદ્દન સ્વાભાવિક છે, પરંતુ હું તેમના હાસ્યની પરવા નજ કરૂં. મને લાગી આવે છે તે જૂદું જ છે. પતિપરાયણ સ્ત્રીઓ કે જેઓ એક પળનો પણ સ્વામીવિરહ નથી સહી શક્તી, તે જો મારા ઉપર આપની અગ્નિવૃષ્ટિ વરસાવે તો મારે શું કરવું ? હું જઇને તેમના પગે પડું, અને તેમના કાનમાં ધીમેથી કહું કે "તમારાજ ભલા માટે, તમારાજ કલ્યાણ માટે, અને તમારીજ મહત્તા તથા ઉપયોગિતા પુરૂષોના દીલમાં ઠસાવવા માટેજ આ કાનુન ઘડવામાં આવ્યો છે." પતિભક્ત સન્નારીઓ મારા આવા આશ્વાસનથી તુષ્ટ થાય કે રૂષ્ટ થાય તેનો નિર્ણય તારી પાસેથી હું સાંભળવા માગું છું.

છતાં એટલું તો મને ચોક્કસ લાગે છે કે એક અઠવાડીયા જેટલા વિરહ દરમીયાન, જે પુરૂષો જમવાનું સહેજ મ્હોડું થતાં ધુંવાપુંવા થઇ જતા હોય, સહેજ અવ્યવસ્થા જોઇ લાલ–પીળા થઇ જતા હોય જેઓ નજીવી વાતમાં ચીડાઇ જઇ નખથી શીખા પર્યંત ક્રોધથી ધમધમી ઉઠતા હોય તેઓમાંના કોઇ હાથે–પગે દાઝી, ભૂખ્યા તરસ્યા પડયા રહી, એદીની માફક મલીન–ગોબરા જેવા બની જઇ એક વિચિત્ર સૃષ્ટિનો જ ચિતાર રજુ કરે ! બાદશાહ નીરો, શહેરમાં ફેલાયેલી આગ અગાસી ઉપર ઉભો રહી આનંદ–ચિત્તે જેવી રીતે નીરખી રહ્યો હતો તેવી રીતે આ વિચિત્ર સૃષ્ટિના જીવોને જોવાની પણ મઝા પડે ! ફરક માત્ર એટલો કે નીરોનો આશય જ્યારે નિર્દય–નિષ્ઠુર અને ઘાતકી હતો ત્યારે મારો આશય પવિત્ર અને કલ્યાણકર છે. પરંતુ જગતને આશય જાણવાની ફુરસદ જ કયાં છે ! તારી આજ્ઞા હોય તો હું મારો ઉપલો બાદશાહી કાનુન પાછો ખેંચી લઉં ?

વિરહી.

નારીનું મૂલ્ય.

(૩)

(લે૦—શ્રીમતી અનીલાદેવી.)

અનુવાદક—સુશીલ.

આજે અંગ્રેજ પ્રજા છાતી ઠોકીને કહે છે કે—' સ્ત્રીઓની dignity—મહત્તા જેવી અમે સમજીએ છીએ તેવી જગત્‌માં બીજી કોઈ પ્રજા સમજી નથી." છતા એજ પ્રજાએ એકવાર નારી જાતિ ઉપર તિરસ્કારો—જુલમો અને અપમાનોનો એવો વરસાદ વરસાવ્યો હતો કે તેનો જોટો ઇતિહાસમાં ભાગ્યેજ બીજે કોઇ સ્થળે મળી શકે. તેમના Sacerdotal celibacy ના અને ચર્ચના ઇતિહાસમાં પૃષ્ટે પૃષ્ટે આ બધાં પુરૂષોની જે વિચિત્ર કહાણીઓ લખાયેલી છે, તેની સાથે તેમના દંભ અને અહંકારની તુલના કરીએ તો તેમના મિથ્યાભિમાન માટે આપણને હાસ્ય આવ્યા વિના ન જ રહે.

જે ધર્મનો પાયોજ આદિમ જનની ઇવાના પાપ ઉપર નખાયેલો છે, જે ધર્મ સંસારના સમસ્ત અધઃપતનોમાં સ્ત્રીનેજ જવાબદાર માને છે તે ધર્મનો અંતઃકરણ પૂર્વક સ્વીકાર કરનારાઓ નારીજાતિને શ્રદ્ધાની આંખે જોઇ જ કેમ શકે, એ પ્રશ્નનો ઉત્તર હજી સુધી મળી શકયો નથી ધર્મમાં જ્યાં સ્ત્રીઓની પગલે પગલે નિંદા થતી હોય ત્યાં કોની તાકાત છે કે એ ધર્મને સ્વીકારવા છતા સ્ત્રીઓ પ્રતિ માન અને શ્રદ્ધા દર્શાવી શકે? હા, એટલું છે કે પુરૂષોનો જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી તેઓ સ્ત્રીઓ પ્રતિ શ્રદ્ધા અને માન દર્શાવી તેમને ઉંચે આકાશ સુધી ચઢાવી દે. આ સ્વાર્થજન્ય વાહવાહને, ભક્તિને—શ્રદ્ધાને તમે ગમે તે નામ આપો. પરંતુ એ કરતાં વધારે શ્રદ્ધા અને એ કરતાં વધારે ન્યાય્ય અધિકાર પુરૂષોએ સ્ત્રીઓને કદિ આપ્યો નથી—હજારો વર્ષ ઉપર આપ્યો નથી અને ભવિષ્યમાં આપે એવો સંભવ પણ નથી. મીલસાહેબે Subjection of women નામના ગ્રંથમાં " isolated fact" સંબંધે જે દિલગીરી દર્શાવી છે તે મિથ્યા છે.

આપણા એક ધર્મશાસ્ત્રમાં એવો ઉલ્લેખ મળી આવે છે કે—" कन्याप्येवं पालनीया शीक्षणीयातियत्नवः ॥" કન્યાને પણ કાળજીપૂર્વક પાળવી અને ભણાવવી જોઇએ. આ એક ઉપદેશ સિવાય નારીજાતિને શિક્ષણ આપવાનો સ્પષ્ટ આદેશ ક્યાંઇ કરવામાં આવ્યો હોય એમ જાણવામાં નથી. જો કે ચર્ચા વખતે એમ કહેવામાં આવે છે કે, વેદ—વેદાંગમાં પણ સ્ત્રીઓની રચના જોઇ શકાય છે, પરન્તુ શ્રીમદ્ ભાગવતના " त्रयी न श्रुतिगोचरा," વાળો શ્લોક શોધાયા પછી એ કથ

નની કેટલી કીંમત આંકવી તે વિચારવા જેવું છે. યુરોપનો પ્રસિદ્ધ ધર્મોપદેશક એક સ્થળે લખે છે કે-"Shall the maid Olympias learn Philosophy? By no means. Woman's philosophy is to obey laws of marriage." અર્થાત્ લગ્નની સરતો પાળવા ઉપરાંત સ્ત્રીઓને વધુ કાંઈ જાણવાનો કોઈ રીતે અધિકાર નથી. માર્ટીન લ્યુથર ઘણીવાર કહ્યા કરતો કે-"No gown worse becomes a woman than the desire to be wise." ચીનમાં પણ એવીજ મતલબની એક કહેવત પ્રચલિત છે કે-"જ્ઞાન જેવી રીતે પુરૂષોની શોભામાં વધારો કરે છે તેવીજ રીતે અજ્ઞાન એ સ્ત્રીઓના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે." આના સંજોગોમાં સ્ત્રીઓ પુરૂષો પાસેથી વધુ કેવા કલ્યાણની આશા રાખી શકે? ઉર્વશીએ ક્યારે વેદની રચના કરી, શ્રૌતસૂત્રમાં પત્નીને વેદપ્રદાન કરવાની વાત કેમ નીકળી, સ્વામી પ્રવાસમાં હોય તે વખતે સ્રીને વ્રત-જપ ઉપરાંત હોમ આદિ કરવાનો અધિકાર કેમ મળ્યો, બૃહદારણ્યકોપનિષદ્માંનો યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયી અને યાજ્ઞવલ્ક્ય ગાર્ગીવાળો સંવાદ કેવી રીતે રચાયો એ સર્વ બાબતોની આલોચના કરવી એ અરણ્યરોદન જેવું જ છે. હજાર વર્ષ પૂર્વેની મીસર આદિ દેશોની પ્રાચીન સભ્યતા સંબંધે બોલતાં નારીના અધિકારો વિષે માસપેરો સાહેબે " Husband a priveliged guest " " She inherited equally with her brothers " " Mistress of the house " "Judicially equal of man " " Having the same rights and being treated in the same fashion " એવી એવી ઘણી વાતો કહી નાખી છે. આ સભ્યતાનો પ્રકાશ ઠેઠ રોમ સુધી ફેલાયો હતો અને તેને પરિણામે ત્યાંની નારી જાતિ ઘણી ઉન્નત બની શકી હતી. આ "Pagan law" સુસભ્ય કાયદા-કાનુનોની અંદર ક્યાં સંતાઈ ગયો છે અને શામાટે સંતાઈ ગયો છે તે સંબંધે મેન સાહેબે પોતાના "Ancient law" નામના ગ્રંથમાં ચર્ચા કરી છે.

સર હેનરીનો એ સંબંધેનો અધ્યાય સઘળી સુશીક્ષિત બ્હેનોને એક વાર અવશ્ય વાંચી જવાની ભલામણ કરૂં છું.

યુરોપના કાયદા-કાનુનોમાં રોમનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. છતાં સ્ત્રીઓના સંબંધમાં જ એક માત્ર યાહુદીઓની કઠોર વ્યવસ્થાનું શામાટે અનુકરણ કરવામાં આવ્યું? આ પ્રશ્નનો માત્ર એકજ ઉત્તર મળી શકે છે અને તે એજ કે પુરૂષોના મનને તે અનુકરણ ગમી ગયું, પુરૂષોને પોતાને તે બંધબેસતું જણાયું. બ્હારથી જોતાં એમ લાગે છે કે, એ અનુકરણમાં ધર્મની ભાવનાનો કિંચિત્ પટ પડેલો હોવાથી એમ બને એ સર્વથા સ્વાભાવિકજ હશે. પરંતુ જરા ઉંડા ઉતરીને જોઈએ તો એમજ લાગે કે માત્ર ધર્મભાવનાની ખાતર નહીં પણ પુરૂષોની પોતાની અનુકૂળતાને ખાતર જ યાહુદીઓની વ્યવસ્થાનું અનુકરણ કરવામાં આવેલું હોવું જોઈએ. જોકે તેમાં પણ ધર્મનો પ્રભાવ તો છેજ એની ના નથી. ધર્મગુરૂઓએ વાતો કરવામાં બાકી રાખી નથી; પરંતુ સ્ત્રીઓ ઉપર ગુજરતા જુલમ સંબંધે તેણે એક

શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. જગત્ પૂજ્ય સેંટ પોલ શિખવી ગયો છે કે પુરૂષોની માફક સ્ત્રીઓને ધર્મની બાબતમાં પ્રશ્ન કરવાનો અધિકાર નથી. કારણકે તે હંમેશાં પુરૂષોને તાબે રહેવાને જ બંધાયેલી છે. કોઇ પૂછશે કે આનું કાંઇ કારણ? તેનો જવાબ પણ તૈયારજ છે. ઇશ્વરે પુરૂષોની ખાતરજ સ્ત્રીઓની રચના કરી છે, સ્ત્રીઓની ખાતર કાંઇ પુરૂષો પરમાત્માએ નથી પેદા કર્યા. વધુમાં તે એમ પણ કહી ગયો છે કે સ્ત્રી કોઇ દિવસ પણ પુરૂષને શિક્ષણ ન આપી શકે. જગતમાં પાપનો પ્રવેશ કરાવનારજ સ્ત્રી છે. તેમને માટે નર્ક સિવાય—અનંત નર્ક સિવાય અન્ય સ્થાન નથી તેમની સદ્ગતિનો માર્ગ કહાડવો અસંભવિત છે. એટલું છતાં સ્ત્રીઓ એક સરતે સદ્ગતી પ્રાપ્ત કરી શકે. સ્ત્રી જાતિ સંતાનનું ધારણ કરવાથી સદ્ગતીએ જઇ શકે છે. સ્ત્રીઓની મુક્તિનો—સદ્ગતીનો આ કેવો સીધો—સાફ અને સરળ માર્ગ છે? સ્ત્રીઓની સદ્ગતીનો આ માર્ગ વિલાયતના ધર્મગ્રંથોમાં ઓછી અવાજે વખણાઇ ગયો છે. આપણાં શાસ્ત્રોમાં પણ સંતાનવતી સ્ત્રીને મહા ભાગ્યશાળી માનવામાં આવે છે, પુત્ર અર્થે જ ભાર્યા કરવી એવો સ્પષ્ટ શાસ્ત્રલેખ મળી આવે છે. સંસારના ગમે તે દેશનો ઇતિહાસ ઉથલાવી જાઓ, ઉપર કહી તેવી મતલબની શાસ્ત્રાજ્ઞા તમારી દ્રષ્ટિએ આવ્યા વિના રહેશે નહીં.

સ્ત્રીનું સન્માન તેના પોતાના ઉપર આધાર નથી રાખતું પણ તેનો સઘળો આધાર તેના પુત્ર—પ્રસવ ઉપર રહેલો છે. આનો સ્પષ્ટ અર્થ માત્ર એટલો જ કે પુરૂષો સ્ત્રીઓ પાસેથી સંતાનપ્રાપ્તિ સિવાય અન્ય કશી મહત્વવાળી વસ્તુની આશા રાખતા નથી. દંપતીના લગ્નનો ઉદ્દેશ સંતાનપ્રાપ્તિનો હોઇ શકે; પરંતુ તેજ એક ગૌરવનો વિષય છે એમ માનતા તો અચકાવું પડશે. આપણા શાસ્ત્રોમાં ક્ષેત્રજ સંતાનનો વિધિ છે. કુંતાને પાંચ પાંડવોનો તથા અંબિકા—અંબાલિકાને પાંડુ—ધૃતરાષ્ટ્રનો જન્મ આપવો પડ્યો હતો. સતી નારીને માટે એ પ્રસંગ પ્રશંસનીય નથી. પ્રાચીન યાહુદી સમાજમાં અપુત્રક—વિધવા ભાભીને સંતાનપ્રાપ્તિની ખાતર પોતાના દીયરને ત્યાં ઉપપત્ની તરીકે રહેવું પડતું હતું. ડુટરનોમીના ૨૫ મા અધ્યાયના નવમા શ્લોક સુધીનું તમે જો પઠન કરો તો તમને નારીજાતિ ઉપર કંટાળો આવ્યા વિના નજ રહે. સંતાન—કામનાની ખાતર તે વખતે યાહુદી સમાજમાં સ્ત્રીઓને કેટલાં અપકૃત્યો કરવાં પડતાં તેનો ખ્યાલ આપવાની જરૂર નથી. મીસરમાં પણ એક વખત સ્ત્રીઓને સંતાનની ખાતર અસાધ્ય સાધન કરવાં પડતાં હતાં. હર્બર્ટ સ્પેન્સરે લખ્યું છે કે—"Dahomen like all other semi-barbarians Considers a numerous family the hishest blessing. આફ્રીકાના પૂર્વ ભાગમાં it is no disgrace for an unmarried woman to become the mother of numerons family; woman's irregularities are easily forgiven if she bears many children. એબીસીનીઆના લોકોમાં it is

honourable for girl to have Children. She then gets a wealthie husband and her father is paid a higher kalym for her અર્થાત્ એક અવિવાહિત સ્ત્રીને ઘણા પુત્રો થાય તેમાં તેની કીર્ત્તિને કલંક લાગતું નથી, ઉલટું એવી સ્ત્રીની બીજી અપૂર્ણતાઓ માટે ક્ષમા આપવામાં આવે છે, એટલું જ નહીં પણ સંતાનવાળી કુમારિકાની સાથે વિવાહ કરવો એ એક પ્રકારનું ગૌરવ ગણાય છે, અને એની ખાતર પુષ્કળ ધન પણ આપે છે. ઓલ્ડ ટેસ્ટામેંટમાં સ્ત્રીઓના વ્રૈધવ્યત્વને એક મહા પાપ તરીકે લેખવામાં આવ્યું છે. નારીનું મૂલ્ય અત્યાર સુધીમાં કેવી રીતે નક્કી કરવામાં આવ્યું છે તે વિષે વિશેષ પ્રમાણો આપી લેખને લંબાવવો એ યોગ્ય ન ગણાય. પુરૂષોએ પોતાના સ્વાર્થની ખાતરજ સ્ત્રીઓને આવું માન-ગૌરવ અને મર્યાદા આપી છે એ વાત એક નહીં પણ હજાર પ્રકારે સિદ્ધ થઇ શકે એમ છે. પણ તેમ કરવાની અહીં કાંઇ જરૂર નથી, સ્વાર્થની ખાતર જ સ્ત્રીઓ ઉપર પુરૂષોએ આટલા જુલમો, અન્યાયો અને અપમાનો કર્યાં છે એ વિષે કિંચિત્ વિસ્તારથી બોલવાની જરૂર છે. કારણ કે પુરૂષો તો એ વાત કદાચ બહુ સારી રીતે જાણતા હશે, પરંતુ સ્ત્રીઓ હજી તે વાત સમજતી થઈ નથી-ઘણું કરીને સમજવાની ઈચ્છા પણ ધરાવતી નથી. સંસારના ન્હાનાં-મ્હોટાં દુઃખો-અશાંતિઓ અને કલેશોની અંદર રહી જે સ્ત્રી પોતાના પતિનું સુખ માત્ર નીહાળી પોતાનું દુઃખ-કષ્ટ ભુલી જતી હોય તે સ્ત્રી એમ માનીજ કેમ શકે કે જે પુરૂષ-પતીને માટે તેણી આટલું બધું માન અને ભક્તિ ધરાવે છે તે પુરૂષ અંતઃકરણથી પોતાની પત્નીનું યથાર્થ કલ્યાણ નહીં ઇચ્છતો હોય! પિતાની પાસે ઉભી રહી એક કન્યા એવી કલ્પના પણ કેમ કરી શકે કે-"આ પિતા એ મ્હારો મિત્ર નથી પણ શત્રુ છે!" પીતા, બન્ધુ અને પતીના સ્નેહનો વિચાર કરતાં બેશક એમ લાગે કે પુરૂષો ઉપર સ્વાર્થીપણાનો આરોપ મુકવો એ અન્યાય છે, પરંતુ એક સમુદાય તરીકે સ્ત્રીઓ પ્રતિ તેઓ કેવા ભાવથી વર્ત્તે છે તેનો જો વિચાર કરવામાં આવે તો પિતા, ભ્રાતા અને સ્વામીના મનોભાવો, ઉપેક્ષાઓ અને પ્રપંચોની ખાત્રી થયા વિના ન જ રહે. આ વાત જરા વિસ્તારથી કહું.

દેશમાં જ્યારે એક વિધિ, નિયમ કે લોકાચાર પ્રવર્ત્તે છે ત્યારે કાંઇ તે એકજ દિવસમાં સર્વત્ર સમાદર પામતો નથી, બહુજ ધીમે ધીમે તેનો આદર તથા પ્રચાર થવા લાગે છે. આ લોકાચારની પાછળ પુરૂષોનો મ્હોટો ટેકો હોય છે એ વાત યાદ રાખવાની છે. જે પુરૂષો અમુક એક વિધિ-નિયમને ટેકો આપવા સદા તૈયાર હોય છે તેઓ તે વખતે એક પિતા તરીકે, ભાઈ તરીકે કે પતિ તરીકે તેને ટેકો આપતા નથી-તે વખતે તેઓ માત્ર પુરૂષોજ હોય છે. પોતે એક કન્યાના પિતા છે, પોતે એક બ્હેનના ભાઇ છે, પોતે એક સુશીલા સ્ત્રીના પતિ છે એ વાત તેઓ છેક ભૂલી જાય છે. જેઓને માટે નિયમ તૈયાર કરવામાં આવે છે તેઓ પણ તે વખતે કેવળ સ્ત્રીઓ

રૂપેજ તેમની દૃષ્ટિ આગળ તર્યા કરે છે. સ્ત્રીઓ ઉપરનો અંકુશ તૈયાર કરતા, સ્ત્રીઓમાં તો મારી બ્હેન, માતા કે પત્ની પણ આવી જશે અને તેમને પણ આ અંકુશ નીચેજ રહેવું પડશે એ વાત તદ્દન ભૂલાઈ જવાય છે. ધારો કે પુરૂષોનો એક મ્હોટો સંઘ સ્ત્રીઓના આચારોનો નિર્ણય કરવા એક સ્થળે એકઠો થયો છે. તે વખતે દરેક પુરૂષ પોતાની માતા-કન્યા કે ભગિનીના સુખ-દુઃખનો કિંચિત માત્ર પણ વિચાર કર્યા વિના સ્ત્રીઓ ઉપરના અંકુશો તૈયાર કરે છે અને પુરૂષોનું સુખ-સગવડ-સ્વાતંત્ર્ય કેમ સચવાય એનીજ ફીકરમાં તેઓ રહ્યા કરે છે મતલબ કે પુરૂષો સૌ પ્રથમ પોતાના જ સુખોનો માર્ગ તૈયાર કરવા લલચાય છે. એક સ્ત્રી પાસેથી ક્યારે, કેવી રીતે અને કેવા પ્રકારનું કામ લેવુ એની યોજનાઓ તૈયાર થાય છે, અને એ રીતે એક વિધિ-નિયમ ક્રમે ક્રમે બળવત્તર થતો જાય છે, ત્યારબાદ મનુ, પારાશર આદિ દેવ-પુત્રો આવી શ્લોકો રચી શાસ્ત્ર તૈયાર કરે છે. સ્વાર્થના મૂળમાંથી પ્રવર્તેલા આચારો જ્યારે ધર્મરૂપે દ્રઢ બની જાય છે, ત્યાર પછી કોઈનું સામર્થ્ય નથી કે એ શાસ્ત્રીય ગણાતા નિયમો-આચારો તરફ કોઇ ઉંચી આંગળી પણ કરી શકે. વાંચકો આ ઉપરથી જોઈ શક્યા હશે કે સ્ત્રી-જાતિ ઉપરના જે જે અંકુશો આજે આપણે જોઇએ છીએ તે બધા પુરૂષરૂપી વ્યાસદેવથી જ રચાયેલા છે. કાયદાની અમલ-બજાવણી પણ પુરૂષો પોતાના જ હાથમાં રાખી રહે છે. શાસ્ત્રો-આચારનાં શાસ્ત્રો મ્હોટે ભાગે આજ રીતે તૈયાર થાય છે. તે પછી તેની અમલ બજાવણીનો વખત આવે છે. ધર્મનું પવિત્ર રૂપ લઇ આચાર જ્યારે દર્શન દે છે ત્યારે વ્યક્તિનાં સુખ-દુઃખો-સ્નેહ-મમતા અને હિતાહિત એ બધું પ્રવાહમાં તણાઇ જાય છે. ધર્મની, ખાતર સુખ-દુઃખાદિનો ભોગ આપવો એવી માન્યતા દ્રઢ થઇ જાય છે. એક કાળે જે આચાર માત્ર અમુક ગણ્યા-ગાંઠ્યા પુરૂષોના સુખ-સગવડનો વિષય હતો તેજ આચાર શાસ્ત્રાજ્ઞાનું મોહક સ્વરૂપ લઈ સેંકડો-હજારો અજ્ઞાન સ્ત્રીઓનું રક્તપાન કરવા લાગે છે. આર્યાવર્ત્તમાંજ નહીં પણ બીજા અનેક દેશોમાં આજ પ્રકારે બનતું આવ્યું છે અને બને છે. સંખ્યાબંધ નિષ્ઠુર બનાવોનું કારણ ઉપર કહ્યું તે માત્ર એકજ છે. થોડાં દ્રષ્ટાંતો આપું. (ચાલુ.)

નિવેદન.

નવા વર્ષનું લવાજમ વસુલ કરવા નવા વર્ષનો પ્રથમ અંક કેટલાક ગ્રાહક મહાશયો પર વી૦ પી૦ થી રવાના કરેલ છે. વી૦ પી૦ કરતાં બહુ ટાઇમ ખરાબ જવાથી બાકીના ગ્રાહકો પર આવતો અંક, રૂા. ૩-૦-૦ ના વી૦ પી૦ થી મોકલવામાં આવશે, તો તેઓએ સ્વીકારી લેવા મે. કરવી.

સખી.

આ પુસ્તક એક માસ પછી બહાર પડશે, અને લવાજમ આવ્યેથી ગ્રાહકોને બુકપોસ્ટથી મોકલવામાં આવશે.

ઐતિહાસીક પુષ્પો.

નૂરજહાં બેગમ એક વખત બગીચામાં ફરતી હતી એટલામાં તે બાગનો બાગવાન કે જે થાકને લીધે કે બીજા ગમે તે કારણે એક ઝાડની નીચે સૂતો હતો તેની નજરે ચડયો નૂરજહાનને આથી બહુ ગુસ્સો ચડયો અને ગુસ્સામાં ને ગુસ્સામાંજ તેણે, તે બાગવાનને મારી નાખ્યો પોતાના પતિના મૃત્યુની ખબર પડતાં બાગવાનની સ્ત્રી રોતી-કકળતી બાદશાહ પાસે આવી પોતાનુ હૃદયભેદક દુઃખ રડવા લાગી બાદશાહને પોતાની બેગમના આ સાહસકર્મ માટે બહુ લાગી આવ્યું! એક રાજમાતા દીકરીને પોતાના પુત્રનુ નજીવા કારણે ખૂન કરે તે સાભળી તેનુ હૃદય ભરાય આવ્યુ। પરતુ હવે શુ કરવુ ? મરેલો માણસ જીવતો કેમ થઇ શકે ! જો જીવતો ન થઇ શકે તો આ વિધવા બાઇને આશ્વાસન કેવી રીતે આપવુ તેનો તે વિચાર કરવા લાગ્યો છેવટે તેણે પેલી બાગવાનની સ્ત્રીને કહ્યુ કે—“ પુત્રી ! હુ તારા પતીના મૃત્યુથી પારાવાર ગમગીન થયો છુ, મારી બેગમે જે અપરાધ કર્યો છે તે બદલ શુ પ્રાયશ્ચિત્ત કરવુ। તેનો વિચાર કરી હુ આવતી કાલે-દરબારમા ફેસલો આપીશ માટે કાલે દરબારમા આવજે ” બીજે દિવસે બરાબર વખતે પેલી બાઇ દરબારમા હાજર થઈ, નૂરજહાને પણ બોલાવવામા આવી બાગવાનની સ્ત્રીએ પોતાનો હેવાલ રજુ કર્યો હાજર રહેલા અમીર-ઉમરાવો, બાદશાહ પોતાની વ્હાલી-માનીતી અને મ્હોડે 'ચડાવેલી બેગમને' શી સજા કરે છે તે જોવા ઉત્સુક બન્યા નૂરજહાને દોષ કબૂલ કર્યો છતા દૃઢ સ્વરે જણાવ્યુ કે “ તે એક એવો નજીવો દોષ છે કે જેને માટે બહુ વિચાર ચલાવવાની કે કઠોર દંડ આપવાની કશી જરૂર નથી ”

“ રાજાના ધર્મ—નીતિ અને વ્યવહાર ઉપરજ પ્રજાનો આધાર છે ગમે તેવો નજીવો દોષ પણ રાજાના હાથે થાય તો તેનો ભાર સહસ્રગણો વધી જાય છે ” એટલુ કહી બાદશાહે જે શસ્ત્રવતી નુરજહાને બાગવાનનુ ખુન કર્યું હતુ તે શસ્ત્ર પોતાના હાથમા લઇ પેલી બાગવાનની સ્ત્રીના હાથમા મૂક્યુ અને કહ્યુ કે—“ જે હથીયાર વતી મારી બેગમે તને વિધવા બનાવી છે તેજ શસ્ત્ર-હથીયાર વડે તુ આજે નૂરજહાંને વિધવા બનાવ! હુ મારા અમીર-ઉમરાવોની વચમા મારૂ ખુન કરવાની તને છુટ આપુ છુ-બેધડક તુ મારો જાન લઇ લે ! ” દીલ્હીપતિના આવા શબ્દો સાભળી બાગવાનની સ્ત્રી ગભરાઇ ગઇ અને ગમે તેમ થાય તોપણ બાદશાહનુ ખુન કરવા પોતે અસમર્થ છે એમ જણાવી બાદશાહની ક્ષમા માગી

છેવટે જહાંગીર બાદશાહે, જણાવ્યુ કે—“ મને આ બાગવાનની સ્ત્રી તરફથી આજે જીવતદાન મળ્યુ છે એમજ હુ માનુ છુ અને માનીશ. તે બદલ હુ તેનો

પુરેપુરો અહેશાનમંદ છું." અંતે ભાગવાનના કુટુંબને બાદશાહ તરફથી આજીવિકા બાંધી આપવામાં આવી. અને એ રીતે એ કુટુંબનું સાંત્વન કરવામાં આવ્યું. રાજાને શિરે તેમજ કુટુંબના વડાના શિરે કેટલી જોખમદારી હોય છે, તેમનો નજીવો અપરાધ પણ કેટલો ભયંકર ગણાવો જોઈએ તેનો ખ્યાલ આ ઉપરથી આવી શકશે. જે પુરૂષ અથવા સ્ત્રીના વર્તન ઉપર બીજા સંખ્યાબંધ મનુષ્યોના વર્તનનો આધાર હોય તેમની સત્તા-સગવડ અને કીર્તિની સાથે તેમની જોખમદારી પણ તેટલી જ વિશાળ હોય છે. આવાં મનુષ્યો જો ન્યાય-નીતિનીપુણ હોય તોજ રાજ્યની કે કુટુંબની ઉન્નતિની આશા રાખી શકાય.

(૨)

હીજરી સન ૧૧૩૧ માં એક સેનાપતિ અમીર હુસનઅલીખાં મોટું લશ્કર લઇ દીલ્હી તરફ જતો હતો. માર્ગમાં એક ફકીરની સ્ત્રી લશ્કરમાંના એક ઘોડેસ્વાર સાથે પોતાની રાજીખુશીથી મળી ગઈ અને લશ્કરની સાથે દીલ્હી તરફ ચાલવા લાગી. ફકીરે સેનાપતિને અરજ કરી કે મારી સ્ત્રી આપના લશ્કરમાં ભળી ગઈ છે, માટે મને તે પાછી મળે એવી મહેરબાની થવી જોઇએ. સેનાપતિએ તેજ વખતે પોતાના લશ્કરને પડાવ નાંખવાનો હુકમ ફરમાવ્યો અને પુરતી તપાસ કરી ફકીરની સ્ત્રી ફકીરને પાછી સોંપવામાં આવી. તે ઉપરાંત તે સ્ત્રીને તથા સ્ત્રીના પતિને કેટલુંક સોના-નાણું બક્ષીસ તરીકે આપી જણાવ્યું કે "હું પરમ કૃપાળુ પરમાત્માનો આભાર માનુ છું કે મારા હાથ નીચેના લશ્કરને એક અજાણી-પરસ્ત્રીની લાજ લૂંટતા બચાવી લીધું? ઓરતની ઇજ્જત અને પવિત્રતા સાચવવી એ સિવાય લશ્કરનું અને લશ્કરના ઉપરીનું બીજું એકે મહાન્ કર્તવ્ય નથી. સ્ત્રીઓના સદાચાર અને કુશળક્ષેમ ઉપરજ જગતના વૈભવ અને સુખનો આધાર છે. મને જો તમે વેળાસર સૂચના આપી એક સ્ત્રીની ઇજ્જત સાચવવાનો પ્રસંગ ન આપ્યો હોત તો હું પ્રભુની નજરમાં મ્હોટો ગુન્હેગાર ગણાત અને મારૂં સત્યાનાશ નીકળી જાત!" મહાન પુરૂષોના દિલમાં સ્ત્રીઓ પ્રતિ કેવી માયા-કરૂણા હોય છે?

(૩)

એક પુરૂષ ઘણે વર્ષે પરદેશથી પોતાને ઘેર પાછો ફર્યો. રાતનો સમય હતો, પુરૂષ મુસાફરીના શ્રમથી તથા ભૂખથી થાકી ગયો હતો. તેણે ઘરમા આવતાંની સાથેજ પોતાની સ્ત્રીને કહ્યું કે-"મને ભૂખ બહુ લાગી છે-કાંઇક ખાવા આપ." સ્ત્રીએ તુરતમાંજ ઉની-ઉની રસોઈ કરી જમાડવાની વિનતિ કરી, પરંતુ પુરૂષે અતિ ઉગ્ર ભૂખને લીધે તે વિનતિ કબૂલ ન રાખી અને જે કઇ ટાઢું પડયું હોય તે ભાણામા ઝટપટ પીરસવાની આજ્ઞા કરી. આજ્ઞાંકિત સ્ત્રીએ ઉતાવળમાં ને ઉતાવળમાં એક ટાઢા રોટલા સાથે કેટલુંક અથાણું ભાણામાં પીરસી સ્વામી પાસે હાજર કર્યું. પુરૂષ તે ઝટપટ જમી, પાણી પીને સૂઈ ગયો. પ્રાતઃકાળ થવા છતાં તે પુરૂષ

આરોગ્ય સંબંધી સ્ત્રીઓની જવાબદારી.

ઘરની સ્વચ્છતા માટે સાધારણું રીતે સ્ત્રીઓનેજ જવાબદાર ગણવામાં આવે છે. ઘરને સર્વ રીતે સુંદર અને સ્વચ્છ રાખવું, બાળ-બચ્ચાંની દરેક પ્રકારની સ્વચ્છતા અને આરોગ્યતા સંબંધી કાળજી રાખવી એ કામ સ્ત્રીઓનું જ છે. પરંતુ રોજ એક બે વખત ન્હાવાથી તેમજ સફેદ કપડાં પહેરવાથીજ સ્વચ્છતા અને આરોગ્યતાનો ઉમદા હેતુ પાર પડતો નથી. ઘરના કારભારમાં સ્વચ્છતા રાખવાની સેંકડો બાબતો છે, અને તે દરેક બાબતની વૈદક દ્રષ્ટિથી પુરે-પુરી તપાસ થવી જોઈએ.

(૧) સાવરણીથી ભોંયતળીયું વાળવા માત્રથીજ ઘરની સ્વચ્છતા સિદ્ધ થતી હોય એમ કેટલીક સ્ત્રીઓ માની લે છે, કેટલીક સ્ત્રીઓ રોજ વપરાશમાં આવતા ખંડો ઉતાવળમાં ને ઉતાવળમાં જેમ તેમ વાળી લે છે. પરંતુ રોજ વપરાશમાં ન આવતાં હોય એવા ખંડો, ઘરના ખુણાઓ, પેટી-પટારા વાળી જગાઓ, માટીયા તથા છાજલીઓની બરાબર સંભાળ લેવામાં આવતી નથી. ત્યાં આગળ ધુળ, જીવજંતુ અને ભેજનો જમાવ થવાથી જંતુઓ તથા ખરાબ હવા ઉત્પન્ન થવા પામે છે અને ધીમે ધીમે આખા ઘરની હવાને બગાડે છે. ઘરનાં ભીંતડાં, ઘરની છત, વાપરમાં આવતાં વાસણો રોજ નહિં તો અઠવાડીયે એક વાર પણ ઝાડી કાઢવાં જોઈએ. પાણીયારા-ખાળ-મોરીઓ કે જ્યાં ઘણીજ ગંદકી તથા ભેજ નિરંતર રહ્યા કરતી હોય તે માત્ર પાણી નાખવાથીજ સાફ થતાં નથી, તેને માટે તો ચુનાનું પાણી કે ફીનાઈલ જેવી દુર્ગંધનાશક વસ્તુઓ વપરાવી જોઈએ. છાણ-માટીથી દીવાલો લીંપવી એ પણ એક પ્રકારની સ્વચ્છતા છે. આપણાં દીર્ઘદર્શી વડીલોએ રોજ છાણ-માટીથી અમુક અમુક ભાગ સ્વચ્છ કરવાની આજ્ઞા કરેલી છે.

(૨) રસોડાની સ્વચ્છતા પણ ઘણી અગત્યની છે. અફસોસ છે કે સુધારાની વૃદ્ધિ સાથે જે વસ્તુ સર્વથી વધારે સ્વચ્છ રાખવાની આવશ્યકતા હતી તેજ વસ્તુ આજે ઘણેભાગે સ્થળે છે મલીન અને દુર્ગંધ ઉપજાવે એવી બની ગઈ છે, આપણા રસોડાં લગભગ બજારચીખાના જેવાજ બની ગયાં છે. ખરેખર એ વિષય આપણી બ્હેનો-માતાઓ અને દીકરીઓ માટે શરમાવનારો છે. ગમે તેવા પગે કે હાથે રસોડામાં આવવા જવાનો રીવાજ સાધારણ થઈ પડ્યો છે, જે સ્થળની સ્વચ્છતા ઉપર આપણા આરોગ્યનો આધાર છે, જે વસ્તુની વિશુદ્ધિ ઉપર આપણા જીવન-મૃત્યુનો આધાર છે તે તરફ લગભગ ઉપેક્ષા થવા પામી છે. ગૃહિણીઓએ આ વિષયમાં વધારે સાવચેત અને જાગ્રત રહેવું ઘટે છે. તે ઉપરાંત રસોડામાં વપરાતાં સાધનો-વાસણો વિગેરે પણ જેમ બને તેમ શુદ્ધ અને સ્વચ્છ રાખવાં જોઈએ. ન્હાવાં કરવાની વાત તો છેટે રહી પણ હાથ-પગ બરાબર ધોઈ નાખીને પછીજ રસોડામાં દાખલ થવા દેવાની વાતને પણ આજ હસી કાઢવામાં આવે છે, પરંતુ આવી ઉપયોગી બાબત તરફ આંખ મીંચામણા થવાથી આપણે પોતેજ આપણું અનિષ્ટ કરી બેસીએ છીએ એ ભુલવાનું નથી.

ટુંકામાં, દરેક ગૃહિણીએ નીચેના નિયમો પોતાનાં છોકરાં તેમજ પુરુષો પાસે અવશ્ય પળાવવાં જોઈએ:

(૧) હાથ-પગ ધોયા વિના રસોડામાં આવવાની મના કરવી; તેમજ પાણીયારે અડકવાની પણ મનાઈ કરવી.

(૨) રસોડું અથવા તો જમવા બેસવાની જગ્યા લીંપ્યા વિના ઉપયોગમાં લેવી નહીં.

(૩) જમવા બેસતાં પહેલાં ન્હાવાનો અથવા બદલી નાખવાની ફરજ પાડવી.

(૪) હાથ-પગ-મ્હોં વિગેરે ધોઈનેજ જમવા બેસે એવો આગ્રહ કરવો.

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના, સુખડ, અતર, હીંગ. હરડે, ખાપરીયુ, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વીગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ભાવને માટે પ્રાઇસલીસ્ટ જુઓ. **ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.**

જુમામસીદ, ન. ૧૨૭ મુંબઇ.

કેવળ જીવદયાનો સંદેશો !

મિત્રો, હીસ્ટિરિયાનું દર્દ જોયુ જાય તેવું નથી. તેવા જીવોને છોડાવવા, એ પુણ્યનું કામ છે. એમ ધારી તેમને ખબર આપો કે

૨૪ કલાકમાં દર્દને શમાવનાર

ર. નં. ૧૬૬

હીસ્ટિરિયા—વાયુમુક્તા

કી. રૂ. ૪-૧૦-૦ પો. જુદુ.

દવા દેશી, સ્વધર્મ રક્ષક, પથ્ય નહિ, ગર્ભવતી અને સુવાવડીથી લેવાય, આંકડી, ચકરી, તણાવુ, ગભરામણ, શીત, ફાટ, તોડ, કળતર, જડતા, બેશુદ્ધિ, ગોળો, પ્રદર, લાળ, ગર્ભાશયનાં દર્દો, પક્ષઘાત, લકવા, અને ચિત્તભ્રમ યાને ઘેલચ્છા ઉપર રામબાણ, જાતે અનુભવો અને સર્ટીફીકેટ દો.

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. વિજાપુર—ગુજરાત.

આર્યપ્રજામાં ધર્મરૂપ , મનાતા દિવસો.

(અથવા) વ્રતોત્સવ.

જુદા જુદા પુરાણોમાં, જુદા જુદા ઐતિહાસિક ગ્રંથોમાં અને જુદા જુદા તંત્ર ગ્રંથોમાં જે જે વ્રતો તથા ઉત્સવો બતાવેલા છે તેઓના ધાર્મિક સંસ્કારો સર્વ લોકોના અંતઃકરણમાં અવિચ્છિન્ન રહે એવા હેતુથી આ વ્રતોત્સવ પુસ્તક ગુજરાતી ભાષામાં રચવામાં આવેલું છે

આ પુસ્તકમાં આખા વરસમાં આવતા ૩૬૦ દિવસમાં આવતા કુલ ૨૨૦ વ્રતો તથા ઉત્સવોનું સાધારણ સ્ત્રી-પુરૂષો પણ સમજે એવી સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યુ છે.

સનાતન ધર્માવલંબી સ્ત્રી-પુરૂષોમાં પળાતા તમામ વ્રતો તથા ઉત્સવો માટે આ પુસ્તક એક માર્ગદર્શક છે કિંમત રૂા. ૧ એક.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય—જામનગર-(કાઠિયાવાડ)

પ્રદર વિનાશક.

સ્ત્રી વર્ગ માટે ખાસ દવા.

દરેક જાતના પ્રદર અને ગર્ભાશયના કોઇપણ દરદથી પીડાતી અને શરમને લીધે અસહ્ય સંકટ ભોગવતી અબળાઓ માટે આ દવા એક આશિર્વાદ છે.

"સ્ત્રી ઉપયોગી" પુસ્તક મફત મંગાવો.

પ્રદર વિનાશક ઑફિસ,

ખંભાત.

શુદ્ધ સચિત્ર–

મોટી જૈન પંચાંગ.

કીંમત રૂ. ૦–૦–૬ સો નકલના રૂ. ૨–૮–૦

પિતાનો પુત્ર પ્રત્યે ઉપદેશ ૦–૩–૦ સો નકલના રૂ. ૧૫-૦-૦

વિદ્યાર્થી બન્ધુ કિંવા ચારિત્ર સુધારણા સંબંધી શિક્ષણ.
૦–૨–૦ સો નકલના રૂ. ૧૦-૦-૦

જ્યોતિષના ગ્રંથો.

આરંભસિદ્ધિ, દિનશુદ્ધિ, લગ્નશુદ્ધિ. એ ત્રણે ગ્રંથ મૂલ સહિત ભાષાંતર નવીન છપાવેલા છે. ગ્રંથો ઉપયોગી અને ઉત્તમ છે. .... કીં. રૂ. ૧૦–૦–૦

સામુદ્રિક શાસ્ત્ર અને સ્વપ્ન વિચાર. ... કીં. રૂ. ૧–૪–૦

શકુન શાસ્ત્ર નવીન સુધારા–વધારા સાથેની આવૃત્તિ હમણાંજ છપાવી છે. ગ્રંથમાં કેટલોક વધારો કીધો છે. કીં. રૂ. ૦-૧૨-૦

(ટપાલ વી. પી. પેકીંગ ખર્ચ. દરેક પુસ્તકનું વધારે સમજવું)

લખોઃ—શ્રાવક ભીમસિંહ માણેક.

પુસ્તકો પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર, ઠે૦ માંડવી શાકગલી–મુંબઈ.

આ માસિક તંત્રી શેઠ દેવચંદ દામજીએ પોતાના આનંદ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી પોતાની સ્ત્રીસુખ-દર્પણ ‘શ્રાવિકા’ માસિકની ઓફીસમાંથી પ્રગટ કર્યું

આ. પ્રે. મંગળાભાઈ મોતીલાલ-મુંબઈ. Shravika Reg No. B.1259

શ્રી સુખ દર્પણ.

પુસ્તક ૩ જું. અંક ૨-૩ જો (એપ્રીલ-મે સને ૧૯૧૦)

તંત્રી, શેઠ દેવચંદ દામજી-કુંડલાકર. વ્યવસ્થાપક, ગુલા[illegible]

વિષયાનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
૧	આર્ય સ્ત્રીઓનું માતૃત્વ.	૨૫
૨	છુમંતર ! ઉડ જાઓ !	૨૬
૩	પારણું.	૩૧
૪	નારીનું મૂલ્ય.	૩૨
૫	રમણીની વીરતાનું સમાધિક્ષેત્ર.	૩૬
૬	પ્રણય-સંવાદ	૪૦
૭	સ્વદેશીવ્રત અને સ્ત્રી-સંસાર...	૪૪
૮	માતાના મનોરથો .	૪૮
૯	બાળકની આત્મ-અંજલી.	૪૯
૧૦	શુદ્ધ સ્નેહ ભાવના...	૫૨
૧૧	સાચા અલંકાર	૫૩
૧૨	ઉઘડતો પત્ર.	૫૬
૧૩	મારા પતિનું પુસ્તક..	૬૨
૧૪	અમેરિકાનું પ્રચંડ કન્યા-વિદ્યાલય.	૬૩
૧૫	સ્વર્ગની સીડી ! નહીં નર્કની નિસરણી ...	૬

આ માસિકનું વાર્ષિક લવાજમ-હિંદ માટે પોસ્ટેજ સાથે રૂા. ૩-૦-૦ છુટક અંકના આના ૬

પુ. ૩ જું. એપ્રીલ-મે ૧૯૧૯ અંક ૨-૩ જો.

આર્ય સ્ત્રીઓનું માતૃત્વ.

"બીજા દેશોની સ્ત્રીઓ સાથે હિંદી સ્ત્રીઓની તુલના કરતા જણાય છે કે, એક જર્મન આ[illegible] સાત, રશીયન સ્ત્રી છ, ઓસ્ટ્રીયન સ્ત્રી પાંચ, ફ્રેંચ રમણી ચાર, સ્કોટ નારી ત્રણ, અંગ્રેજ રમણી બે અને આર્યાવર્તન નારી એક પરિપૂર્ણ અંગવાળા અને સુદૃઢ સંતાનોનો જન્મ આપે છે, ત્યારે હિંદી સ્ત્રીનું માતૃત્વ આ દૃષ્ટિએ જોતાં લગભગ વ્યર્થ જ જાય છે. જન્મ વખતે બાળકનું વજન સાધારણ રીતે યુરોપમાં ૨૨ પાઉંડનું હોય છે જ્યારે આપણા દેશમાં માત્ર ૮ થી ૧૨ પાઉંડ સુધીનું જ પ્રાયઃ હોય છે ૧૪-૧૫ પાઉંડના વજનવાળું બાળક તો હિંદમાં ક્વચિત્ જ જન્મે છે. હિંદી સ્ત્રીઓ અને સ્ત્રી જાતિના હિતેચ્છુઓ માટે આ સ્થિતિ શું વિચારવા જોગ નથી?"

("આરોગ્ય અને બળ" નામક અંગ્રેજી પત્રિકામાંથી ઉધ્ધૃત.)

છુમંતર ! ઉડ જાઓ !

(એક ગાંડાની આત્મકથા.)

તમે સાચું માનશો ? મને ગાંડા માણસની સોબતમાં રહેવું બહુ ગમે છે ! જેઓ સંસારી અને એ ખપ્પા હીસાબી લોકો ગણાય છે તેમના કરતાં હું ગાંડા-ઘેલા લોકોની સાથે પરિચયમાં આવવું વધુ પસંદ કરું છું. ડાહ્યા કે રસિક ગણાતા મનુષ્યો જ્યારે સંસારથી કંટાળે છે ત્યારે તેઓ પોતાના બાગ-બગીચાઓમાં અથવા બ્હાર ગામના એકાંત બંગલાઓમાં જઈ આનંદ અને શાંતિ મેળવવાનો પ્રયત્ન કરે છે હું તેમ નહીં કરતાં જ્યારે જ્યારે સંસારથી કંટાળું છું, ત્યારે ત્યારે કોઈ એકાદ ગાંડા-ઘેલા માણસને પકડી તેની સાથે ગમ્મત કરવા બેસી જઉં છું. માત્ર ગમ્મત નહીં પણ તેમાં જ્ઞાન પણ મળે છે. મારો એક જ અનુભવ અહીં ટાંકવો બસ થઈ પડશે

તે દિવસે હું મારા ઘરના ઓટલા ઉપર એક આરામ ખુરસી નાખી પડ્યો હતો. સદ્‌ભાગ્યે તેજ વખતે એક ગાંડો માણસ મારી પાસેથી પસાર થયો. તેના પહેરવેશનું કંઈ ઠેકાણું નહોતું તેના મુખમાંથી 'છુમંતર ! ઉડ જાઓ !' 'છુમંતર ! ઉડ જાઓ !' એવા ઉદ્‌ગારો નીકળતા હતા. તેની સાથે તે બે હાથ મસળી ક્ષણે ક્ષણે આકાશ ભણી તાકતો હતો. મેં તેને સ્નેહ અને આદરપૂર્વક બોલાવી મારી પાસે બેસાર્યો. તે ચકિતની જેમ થોડી વાર સુધી મારી સામે તાકી રહ્યો. ત્યારપછી બે હાથની અંગુલીઓને ચોળતો અને વળી કોઇ મંત્રનો પાઠ કરતો હોય તે રીતે બોલી ઉઠયોઃ—"બેટા ! છુમંતર ! ઉડ જાઓ !"

મેં પ્રશ્ન કર્યો —"ભાઇ ! શું ઉડાડો છો ?"

"બસ ! હું જઉં છું-જવા દો ! ઉડ જાઓ ! ઉડ જાઓ !" તે ભાઈ જરા અકળાઇને બોલ્યા.

"તમારૂં ગાંડપણ બધું હું જાણું છું ! હું તે દિવસે ત્યાંજ હતો એ વાત કેમ ભુલી જાઓ છો કે ?" મેં તેની પાસેથી વાત મેળવી લેવાના ઇરાદાથી પ્રપંચ રચ્યો.

"એમ કે ? તમે ત્યાં હતા કે ? વાત તો કોઇને નથી કરી ને ?" ગાંડાએ જવાબ વાળ્યો.

"અરે, રામ-રામ કહો ને ! હું તે વળી કોઇને વાત કરૂં ખરો ? પણ—હા, તે પછી શું થયું એની તો કાંઇ ખબર જ ન પડી !" મેં મારી પ્રપંચજાળ ફેલાવવી શરૂ કરી.

"સાંભળો, ત્યારે. પહેલેથી જ માંડીને બધી વાત કરૂં. અહીં આપણા સિવાય બીજું કોઇ માણસ તો નથી ને ?" એમ કહી તેણે આસપાસ નજર ફેરવી. ત્યારપછી એક-બે મીનીટ પસાર થવા દઇને કહ્યું.—"છુમ તરૂં! બેટા, ઉડ જાઓ ! વાર્તાના રૂપમાં જ કહું છું-સાંભળો છો ને ?"

હું ઉત્સુકતાથી તેની ભણી જોઇ રહ્યો. તેણે પોતાની વાત શરૂ કરી —

"પહેલાં તો હું મારા બાપને બહુ જ પ્રિય લાગતો. તેઓ મને ઘડીભર પણ વેગળો ન મૂકતા. અકસ્માત મારૂં સ્થાન મારા એક બીજા ભાઇએ પડાવી લીધું. બધેથી મારો તિરસ્કાર થવા લાગ્યો. મને જે માન-પાન અને ખાનપાન મળતું તે બધું પેલા મારા નવીન ભાઇને મળવા માંડયું. પુરૂં ખાવાનું પણ મને ભાગ્યે જ મળતું. પેલો નવો ભાઇ જાત-જાતના મેવા-

મીઠાઈઓ ખાઈ ખૂબ રૂષ્ટપુષ્ટ થવા લાગ્યો. મારૂં બધું લોહી તેનામાં ભરાવા લાગ્યું. એક શાહજાદાની માફક તે એશઆરામમાં દિવસો ગુજારવા લાગ્યો. બીજી તરફ મને એક ફુટી દમડી મેળવવાના પણ સાંસા પડવા લાગ્યા. હું એકદમ સિંહાસન ઉપરથી નીચે ગબડી પડ્યો. મારૂં સ્નેહ-સિંહાસન ક્યાં ગયું હશે ! તમે કંઈ જાણો છો ? પણ જાણીને શું કરવાનું હતું ? બધું મિથ્યા છે-ઉડ જાઓ ! બેટા, છુ-મંતર, ઉડ જાઓ. " પાછા હાથ મસળ્યા અને આકાશ તરફ તાકી રહ્યો.

" બાપાએ એ નવા ભાઈને ભણાવી-ગણાવી પોપટ જેવો તૈયાર કર્યો-હું તો સાવ મૂર્ખ અને અભણજ રહી ગયો. ભાઈના લગ્ન ખુબ ધામધુમથી કરવામાં આવ્યા. ઉમ્મર લાયક થવા છતાં મારા લગ્નની વાત પણ કોઈએ ન કાઢી. કોઈ પુછતુ તો મારા બાપ કહેતા કે-" એ અકર્મીનું આપણાથી કંઈ બનવાનું નથી." કેમ ભાઈ સાહેબ ! બધું છુ-મંતર જેવું લાગે છે કે નહીં ? એમાં કાંઈ નથી-ઉડ જાઓ, બેટા ! છુ-મંતર ! -" ગાંડા ભાઈએ જરા વિરામ લીધો. થોડી વારે, વળી આગળ ચલાવ્યુ —

"પણ ભાભી તો સાક્ષાત્ લક્ષ્મીનો જ અવતાર હતી, હો ! તેનું મન પવિત્ર હતું, મુખ ઉપર સદા આનંદ તર્યા કરતો હતો. મને તે પોતાના એક સગા ભાઈથી પણ અધિક ચાહતી હતી. પોતે ભુખી-તરસી રહી મને ખવાડતી-પીવાડતી. કોઈ કોઈ વાર બે-ચાર પૈસા ગુપચુપ મારા હાથમાં મુકતી અને કહેતી કે તમને બજારમાંથી કંઈ ખાવાનું લેવું હોય તો આ પૈસા વાપરજો-કોઈને વાત ન કરશો. પણ કમનસીબે જો રખેને મારા ભાઈના જાણવામાં આ વાત આવી જતી તો તે મારી પાસેથી પૈસા પડાવી લેતો, એટલુંજ નહીં, પણ મારી ભાભીને જાનવરની માફક પ્રહાર કરવા પણ મંડી જતો ! છતાં દેવી તે દેવી જ ! અસહ્ય માર ખાવા છતાં અને અવાચ્ય ગાળો સાંભળવા છતાં મારી ભાભીએ મારા ઉપર કદિ પણ અપ્રીતિ કે ઉપેક્ષા કરી નહોતી. એક દિવસે મ્હારા ભાઈને ક્યાંઈ બહાર ગયેલો જાણી મારી ભાભી મને પાસે બેસારી મધુર ભાષામાં કહેવા લાગી કે-" તમારાથી કે મારાથી શું થવાનું હતું ? ધીરજ રાખશો તો પ્રભુ સૌના સારાં વાનાં કરશે. ઉપર ઈશ્વર છે, તે બધુ જુએ છે." એટલું કહેતામાં તો તેની આંખમાંથી આંસુઓની ધારા વહી નીકળી. મને તે વખતે ભાભીના પગમાં પડવાનું અને તેની ચરણરજ માથે ચડાવવાનું મન થઈ ગયું. આ સંસારમાં સ્વર્ગની દેવી ક્યાંથી ભુલી પડી હશે ? અને તે પણ આ રાક્ષસના નસીબમાં ક્યાંથી ? વાનરના ગળામાં તે મુક્તાહાર શોભે ? પ્રભુને ત્યાં આવો અન્યાય કેમ હશે ? પણ એ બધું મિથ્યા છે. છુ મંતર-બેટા, ઉડ જાઓ ! ઉડ જાઓ !

" હું એક અંધારી અને ભાંગી-તુટી ઓરડીમાં પડ્યો રહેતો. ત્યાં પડ્યો પડ્યો અનેક જાતના તર્ક-વિતર્કો કર્યા કરતો. મૂળથીજ હું કલ્પનાપ્રિય હતો, તેમાં આ આફતથી વધારો થયો. શેખચલ્લીની માફક હું મને પોતાને એક એકાંત બેટનો વાસી સમજવા લાગ્યો. નવી નવી જાતના શહેરો-જંગલો અને પહાડો કલ્પનામાં ઉભા કરી તેમાં મગ્ન માણતો. કોઈ કોઈ વાર જંગલી પશુની કલ્પના આવતાં મને એક વાઘ-વરૂની માફક મનુષ્યનું લોહી પીવાની ઇચ્છા પણ થઈ આવતી ! ક્યાં મનુષ્યનું લોહી ! જાણો છો કે ? મારા પેલા નવા ભાઈનું ! તમે કહેશો કે આવી નીચ કલ્પના કેમ આવતી ? હું કહું છું કે મનેજ તેમણે એક જંગલી પશુ જેવો બનાવ્યો હતો અને તે પણ મારા તરફ એક વનના ઘાતકી પ્રાણી જેવુંજ વર્તન ચલાવતો હતો. કહો, જોઈએ ! પશુ-પશુમાં એક બીજાનું ખુન પીવાની લાલસા ન થાય ? પણ જવા દો એ વાતને. બધું ખોટું છે. છુ-મંતર ! ઉડ-જાઓ બેટા ! ઉડ જાઓ !

અકર્મીના હાથથી તુટી ગયો ! પ્રભુ ! પ્રભુ ! મારૂં શું થશે ? ભાભી તો મને સ્વર્ગમાં રહી રહી ક્ષમા આપતી હોય એમ હું જોઈ શકું છું ! પણ પરમાત્મા મને એ ભૂલ બદલ શું માફી આપી શકશે ? ભાભીની તે વખતની મૃત્યુવેળાની છેલ્લી ચીસ હજી પણ મારા કાનમાં સીસાના સતપ્ત સળીયાની માફક સાલી રહી છે ! હું તે ચીસ કોઈ કાળે નહી ભુલી શકું. મારો આ હાથ જુઓ ! આ હાથે જ છરી પકડી હતી. તે દિવસથી હાથનાં આંગળાં જે વળી ગયાં છે તે હજી સીધા નથી થયા ! રોજ સવારમાં ઉઠી, પ્રાત કાળના ખીલેલા પુષ્પો આ હાથ સાથે ચોળી, હાથને નિષ્કલંક બનાવવાનો પ્રયત્ન કરૂં છું, પણ આ હાથમાંની પાપની રેખાઓ કેમે કરતા ભુસાતી નથી." તેણે પોતાનો હાથ મારી દ્રષ્ટિ સન્મુખ ધર્યો. હું હજી તે જોઉં અને કંઈ બોલું તેપહેલા તો તે—"છુ-મંતર ! છુ-મંતર ! બેટા, ઉડ જાઓ—ઉડ જાઓ" એમ બોલતો ત્યાંથી પસાર થઈ ગયો ! મને વિચાર થયો કે શું આ માણસ ખરેખર જ ગાંડો હશે ? ગાંડામાં અને ડાહ્યામાં આટલો નજીવો ભેદ હશે ?

સ્ત્રી-પુરૂષની સત્તાતુલા—"ધી હુક-આઉટ" નામના પત્રમાં ભોપાલના બેગમ સાહેબ સાથેની એક યુરોપીયન બાઈની મુલાકાતનો હેવાલ પ્રગટ થયો છે. વાતચીત દરમીયાન યુરોપીયન બાઈએ બેગમ સાહેબને એક એવો રમુજી પ્રશ્ન કર્યો કે—"આપે પેલી ફ્રેંચ કહેવત સાંભળી છે કે જ્યારે પુરૂષ રાજગાદી ઉપર રાજ્ય ચલાવતો હોય છે ત્યારે ખરી હુકમત તો રાણીની જ ચાલતી હોય છે અને જ્યારે સ્ત્રી રાજ્ય ચલાવતી હોય છે ત્યારે ખરી હુકમત તો પુરૂષની જ ચાલતી હોય છે ?"

બેગમ સાહેબે સ્મિતહાસ્ય કરતાં ઉત્તર આપ્યો કે—"બરાબર છે, બહુજ બરાબર છે."

ઉપરની ફ્રેંચ કહેવતમાં કેવું ગંભીર સત્ય સમાયેલું છે તેનું સ્પષ્ટીકરણ ઇતિહાસના પાનાઓમાં મળી આવે છે. અન્ય દેશના ઇતિહાસોને એક બાજુ રાખી માત્ર હિંદના મહાન રાજ્યોની ચડતી-પડતીનાં કારણો, ઉંડા ઉતરીને જોઈશું તો જણાશે કે ચક્રવર્તી અને રાજાધિરાજ મણાતા પૃથ્વીપતિઓ પણ રમણીઓના રૂપજન્ય વ્યામોહમાં ફસાઈ પોતાના રાજ્યો ગુમાવી બેઠા છે, તેની સાથે વીરત્વવતી રાજપૂત બાળાઓના આદેશ અને અનુનય-વિનયને માન આપી અનેક નરેશો પોતાના ઉજ્જ્વલ કુળની કીર્તિ અખંડિત રાખી શક્યા છે, મોગલ રાજાઓના સમયમાં દીલ્હીશ્વરોની બેગમો કેવી અનિયંત્રિત સત્તાઓ ભોગવતી હતી, અને તેમની સ્વચ્છંદી આજ્ઞાઓનું પાલન કરતા જતા દીલ્હીશ્વરોએ પોતાની અને રાજ્યની કેટલી દુર્દશા કરી હતી તે બીના ઇતિહાસનો—ઐતિહાસિક નવલકથાનો નવો અભ્યાસી પણ જાણી શકે છે. બીજી તરફ રણાંગણમાંથી કાયરતા પૂર્વક નાસી છુટેલા બીકણ અને હતાશ રાજપુત વીરોને તેમની અર્ધાંગનાઓ કેવી રીતે ફરીથી ધર્મનું પાલન કરાવતી તેનાં દષ્ટાંતોનો પણ અભાવ નથી.

ટુંકામાં કહીએ તો પુરૂષોને સ્ત્રીઓના સ્વાભાવિક ધર્મોનો આશ્રય લીધા વિના ચાલતું નથી તેમ સ્ત્રીઓને પુરૂષોના આશ્રય વિના ચાલતું નથી. ગૃહસંસારને જો રાજ્યની ઉપમા આપવામાં આવે તો આપણા ગૃહોમાં-કિંવા સમાજમાં જેમ બહારથી પુરૂષોનું એકાધિપત્ય જણાય છે તેવીજ રીતે અંદરથી જોતાં સ્ત્રીઓનું એકાધિપત્ય પણ કોઈ રીતે ન્યુન નથી હોતું, છતાં એ સર્વમાં એટલી વાત સ્મરણમાં રાખવાની છે કે જ્યારે પુરૂષ કે સ્ત્રીની સત્તાતુલા એક સમાન ન રહેતાં સત્તાની દાંડી અસમાન બની જાય છે, અર્થાત્ સ્ત્રીની સત્તા અધિક અથવા પુરૂષની સત્તા અધિક ઉગ્ર સ્વરૂપ લે છે ત્યારેજ પડતીના બીજો વવાય છે.

સર્વ હક સ્વાધીન.

હા, બાળુડા, ઝુલાવું તુજને પ્યારથી!

ચિત્રકાર ટી. જી. પટેલ.

આનંદ પ્રેસ–ભાવનગર

હો, બાલુડાં! ઝુલાવું તુજને પારણે!

(હો, બાલુડાં ઝુલાવું તુજને પારણે,)
મારો કુળ-દીપક સંતાન ઉદ્ધરશે વિશ્વને,
પ્રભુજી અર્પે આયુઃ અનંત જગહિત કારણે,
હો બાલુડાં ઝુલાવું તુજને પારણે.

વદન મનોહર ઉજ્જવળ વિમળ શશી સમ શોભતું,
સંહરતું સકળ જગત સંતાપને;
જાણે પુણ્યપ્રભાનો ચંદ્ર ઉગ્યો મુજ આંગણે,
હો બાલુડાં ઝુલાવું તુજને પારણે.

કોમળ કુસુમ વપુ આ દૂર કરો દુરિતને,
કીર્તિ અશેષ પ્રસરો પિતૃકુળ ઉદ્ધારણે;
હો બાલુડાં ઝુલાવું—

સુરતરૂ બની દેજો મુક્ત હસ્તે દાનને,
મંગળ મૈત્રીના તોરણ હોજો બારણે;
હો બાલુડાં ઝુલાવું—

સ્નેહોર્મીઓ ઉછળતા અર્પું શી આશિષ?
હેડા કેશ હીરને વારી જાઉં વારણે,
હો બાલુડાં ઝુલાવું—

મારે ચરણે હું ઝુલાવું વીરનું પારણું,
સુશીલવૃત્ત સાચવીને બન તું વીર! જગતારણે,
હો બાલુડાં ઝુલાવું—

નારીનું મૂલ્ય.

(૪)

(લે. શ્રીમતી અનીલા દેવી.)

રીવાજ જ્યારે ધર્મનું મનોહર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે પછી વ્યક્તિગત સુખ-દુ:ખોનો વિચાર કરવામાં આવતો નથી. સતી થવાનો રીવાજ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો તે આપણે જોઇ ગયા પછી તો બનતાં સુધી દરેક સ્ત્રીએ સતી થવુંજ જોઇએ અર્થાત્ પતિની પાછળ બળી મરવુંજ જોઇએ, એ એક પ્રકારનો ધર્મ મનાઇ ગયો. હિંદની બ્હાર પણ આવા કેટલાક નિષ્ઠુર વ્યવહારો, ધર્મના નામે ચાલ્યા હોય એમ આપણે જોઇ શકીએ છીએ યાહુદી લોકો પોતાના દેવ પાસે પુત્ર-પુત્રીનું બળિદાન આપતા આંચકો ખાતા નહોતા. સંતાનહત્યાનો નિષ્ઠુર ઇતિહાસ તેમના પ્રજાકીય જીવનનાં પૃષ્ઠો ઉપર શ્યામ અક્ષરે લખાએલો છે. તેમનો મોલેક નામનો એક દેવ તો ખાસ સંતાનોનું લોહી પીનાર તરીકે અમર નામના પામી ગયો છે. મેકસીકોવાસી માત-પિતાઓ પોતાની શ્રેષ્ઠ કન્યાનો દેવશ્રી તેજનાટલીપો સન્મુખ વધ કરતાં લેશ પણ સંકોચ પામતા નહોતાં. ધર્મના નામે પુત્રની હત્યા કરનારા કેટલાક રાજાઓના જીવનચરિત્રો આપણે ઇતિહાસમાં વાંચીએ છીએ. મેવાડના એક રાજાએ એક વાર પોતાના પુત્રનું બળિદાન આપ્યું હતું. કાર્થેજના રાજાએ પોતાની કુંવરીની, દેવની દ્રષ્ટિ આગળ હત્યા કરી હતી. પ્રાચીન યુગમાં એવો એક પણ દેશ ભાગ્યેજ મળી આવશે કે જ્યાં ધર્મના નામે પુત્ર-પુત્રીનાં લોહી ન રેડાયા હોય ! શું તે વખતે માબાપો પોતાનાં બાળકોને પ્રેમથી નહીં ચાહતા હોય? નહીં, માબાપોના હૃદયમાં તે વખતે પ્રેમ-સ્નેહ કે પ્રીતિનો છાંટો ન હતો એમ માની લેવાનું આપણને કશું કારણ નથી. અવશ્ય, તેઓ પોતાના બાળકોને પોતાના પ્રાણથી પણ અધિક ચાહતા હશે. તેમનામાં પણ તે વખતે સ્નેહ-મમતા વગેરે હોવાં જોઇએ. છતાં એક રીવાજ જ્યારે ધર્મ બની જાય છે, એક રીવાજ જ્યારે અવશ્ય કર્તવ્યકર્મ બની જાય છે ત્યારે પછી એ સ્નેહ-મમતાને તિલાંજલી આપવી અને જેમ બને તેમ પણ નિષ્ઠુર અને ઘાતકી બનવું એજ કર્તવ્ય ગણાય છે. દેવતાઓની પ્રસન્નતા મેળવવા અને પરલોકમાં સુખી બનવા મનુષ્ય પોતાની છાતીને વજ્ર જેવી કઠોર બનાવી શકે છે. સ્નેહ અથવા દયાની દષ્ટિએ જે કાર્ય બહુજ નિષ્ઠુર અને નિર્દયતાવાળું હોય છે તે કાર્યમાં ધર્મની દષ્ટિએ પુણ્ય પણ તેટલુંજ અધિક હોય એમ માની લેવાય છે. આવા સંયોગોમાં દેવોની પ્રસન્નતા અને પરલોકના

સુખ પાસે માબાપ પોતાના સ્નેહવાત્સલ્યને દેશવટો આપવામાં પરમ વીરત્વ માની લે એમા કાંઈ નવાઈ નથી.

ઘરમાં કન્યા મ્હોટી થઇ હોય અને યોગ્ય પાત્ર ન મળતું હોય ત્યારે મા-બાપ અને સગાં-સંબંધીઓની મુઝવણનો પાર રહેતો નથી. તેઓ ન છુટકે રીવાજ અને અને ધર્મને માન આપવા કન્યાને જાણી-જોઇને ઉંડા કુવામાં ઉતારવા તૈયાર થઇ જાય છે. મનમાં સમજવા છતાં અયોગ્ય પાત્રને કન્યાદાન આપવું પડે છે. કેટલાક સ્વાર્થી માબાપો તો પોતાના ચોખ્ખા સ્વાર્થની ખાતર પણ પોતાનાં સંતાનોનું સત્યાનાશ કહાડવા તૈયાર થઇ જાય છે, પરંતુ આ પ્રસંગે તેની ચર્ચા કરવી અસ્થાને થઇ પડશે. ધન કે કીર્તિના લોભની ખાતર માબાપો પોતાના સંતાનોનું અનિષ્ટ કરે એ તો જાણે સમજ્યા તેનો તો કંઇક ઇલાજ પણ થઇ શકે; પરંતુ કેવળ રીવાજ અને ધર્મના નામે જ્યારે એ જુલમાટને અનુમોદન મળે ત્યારે તેની સામે થવું એ લગભગ અશક્ય થઇ પડે છે. સાઠ કે સીત્તેર વર્ષના એક વૃદ્ધ સાથે સોળ કે સત્તર વર્ષની કન્યાને પરણાવતાં માબાપોના દિલમાં કોઇ પણ પ્રકારની અરેરાટી નહીં થતી હોય, એમ કેમ માની શકાય? પરંતુ જ્યાં એક તરફ સમાજ અથવા જ્ઞાતી, યોગ્ય ઉમ્મરે પહોંચેલી કન્યાને પરણાવી દેવાનો અતિ ઉગ્ર આગ્રહ કરી રહી હોય, ધર્મ જ્યાં રૌરવ નર્ક ભણી આંગળી કરી વયઃપ્રાપ્ત પુત્રીને ગમે તે લોગે ગમે તે સ્થળે જોડી દેવાની ફર્જ પાડી રહ્યો હોય અર્થાત્ પ્રચલિત રીવાજ અને કહેવાતો ધર્મ જ્યાં અતિ કઠોરપણે લગ્ન કરી દેવાની આજ્ઞા કરી રહ્યાં હોય ત્યાં પછી માબાપને *આંખમાંના અશ્રુ છુપાવી દઇ, હૃદયના દુઃખને દાબી દઇ હસતે વદને કન્યાદાન* આપવા ન છુટકે બહાર આવવુ પડે અને સ્નેહ-મમતા તેમજ દયાને રીવાજ કિંવા ધર્મ પાસે લાચાર બનવું પડે એમાં શું આશ્ચર્ય?

મતલબ કે સ્નેહ-માયા-મમતા એ બધુ હૃદયમાં હોવા છતા સમાજને પોતાનાં સંતાનોનું અનિષ્ઠ કરવું પડે છે, પરમ હિતૈષી હોવા છતાં પરમ શત્રુની માફક બાળક-બાળિકાઓને દુઃખ-ક્લેશ અને કષ્ટ આપવાં પડે છે. રીવાજ અને ધર્મની ખાતર જોકે તેઓ તે દુઃખ-ક્લેશ વિગેરેને ક્ષણભર ભૂલી જાય છે તથાપિ જો તેઓ તે દુઃખનુ ઉંડુ મૂળ તપાસવાની તસ્દી લે તો તેમને ત્યાં અપરિમિત સ્વાર્થપતા સિવાય બીજું કાંઇ જણાય નહીં. પરંતુ ખરી મુશ્કેલીજ અહીંઆ છે. દુઃખનું મૂળ સૌ કોઈ જોઇ શકતું નથી-ત્યાંસુધી દ્રષ્ટિ નાખવાની સૌ કોઇમાં એકસરખી શક્તિ નથી હોતી. પિતા જેમ એ દુઃખનુ મૂળ નથી જોઇ શકતા, તેમ કન્યા પણ એ મૂળ નથી જોઇ શકતી એક નિયમ જ્યારે પ્રતિષ્ઠિત થઇ જાય છે અને રીવાજ ધર્મનું સ્વરૂપ લઇ લે છે ત્યારે મનુષ્યમાં ધર્મ શું અને અધર્મ શું તેનો વિચાર કરવા જેટલી શક્તિ પણ રહેતી નથી. વૈદિક યજ્ઞોમા જ્યારે અગણિત પશુઓની હિંસા થતી હતી ત્યારે આ અધ-

ર્મ થાય છે એવો ગૌતમબુદ્ધ સિવાય અન્ય કોઇને વિચાર આવ્યો હતો ? બુદ્ધદેવેજ લોકોની દ્રષ્ટિ ઉપરનાં આવરણો દૂર કર્યાં. સતી થવાનો રીવાજ આજે નાબુત થઈ ગયો છે એટલે હવે તે વિષય ઉપર વિચાર કરીએ છીએ ત્યારે આપણું હૃદય કંપી ઉઠે છે! ગંગા નદીમાં માતાઓ પોતાના પુત્રોને કેવી નિર્દયતાથી ફેંકી દેતી હશે તેનો વિચાર કરતાં આપણે આજે ધ્રુજી ઉઠીએ છીએ, પણ જો એજ રીવાજ આજે પ્રચલિત હોત તો તેની સામે થવાની આપણામાંથી કોઈ હિંમત કરીશકત ખરૂં ? સતી થવાનો રીવાજ ક્રમે ક્રમે નીકળી જવા લાગ્યો ત્યારે કેટલાક મહાપુરૂષો તો ખાસ હકત ચલાવવા માટે વિલાયત પણ ગયા હતા. કાળના પ્રભાવે આજે તે ભ્રમ દૂર થયો છે. એટલું છતાં હજી કેટલાક એવા સામાજીક અનાચારો છે કે જેના સંબંધમાં આપણે પોતે કશો નિર્ણય બાંધી શકતા નથી, આપણી સ્વતંત્ર બુદ્ધિનો આશ્રય નહીં લેતાં આપણને આપણા ધર્માચાર્યો-શાસ્ત્રીઓ તથા આગેવાનો પાસે જઇ તેમની સલાહ પૂછવાની જરૂર પડે છે. કેળવણીનો અંતિમ ઉદ્દેશ જો હૃદયને વિશાળ બનાવવાનો હોય તો કહેવુ પડશે કે આપણી કેળવણી લગભગ નિષ્ફળ ગઈ છે. કન્યાનો વિવાહ ક્યારે કરવો અને કોની સાથે કરવો જોઇએ, વિગેરે પ્રશ્નોના સમાધાનો મેળવવા જો આપણને શાસ્ત્રો અને રીવાજો ઉપરજ આધાર રાખવો પડતો હોય તો કહેવું પડશે કે કેળવણીએ આપણી દ્રષ્ટિશક્તિને ક્ષીણ બનાવી દીધી છે, શાસ્ત્રોના અક્ષરોની પાછળ જે રહસ્ય રહેલું છે તે જોવાનું સામર્થ્ય આપણામાં રહ્યું નથી, રીવાજોના ઉદ્દેશો અને હેતુઓ સમજવા જેટલી શક્તિ આપણે ગુમાવી બેઠા છીએ. અસ્તુ.

સ્ત્રીઓનુ જ્યાં સન્માન થાય છે ત્યાં દેવોની પ્રસન્નતા ઉતરે છે એમ આપણે ઘણીવાર સાંભળ્યું છે. ખરી રીતે વ્યવહારમાં એ વાક્યનો કેવો અમલ થાય છે તે કોઇથી છુપું નથી. યુરોપ આજે સ્ત્રી-સન્માનનો શંખ ફુંકી આપણા કાનના પડદા ચીરી નાંખે છે, પરંતુ ચાર-પાંચ હજાર વર્ષ ઉપર ત્યાં સ્ત્રીઓનું કેવું સન્માન થતું હતું તેનો ખ્યાલ નીચેના એક નિયમ ઉપરથી આવી શકશે. ચાર હજાર વર્ષ ઉપરની યુરોપની સામાજીક અવસ્થાનું ચિત્ર રજુ કરતાં એક લેખક કહે છે કે— "If a wife hates her husband and says " thou art not my husband " in to the river they shall throw her. " બીજા એક નિયમમાં તેજ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે " If a husband says to his wife " Thou art not my wife " half a mina of silver he shall weigh out to her and let her go. " અર્થાત્ સ્ત્રી જો પોતાના પતિને પસંદ ન કરે તો પતિ ખુશીથી તે સ્ત્રીને નદીમાં ફેંકી દઈ શકે, અને પતિ જો પોતાની સ્ત્રીને પસંદ ન કરે તો પતિ તે સ્ત્રીને અર્ધ મીના ભાર રૂપું તોળી આપી તેની સાથે છુટા છેડા

કરી શકે. અદલ ઇન્સાફનો આથી ચડીયાતો નમુનો આપણને ભાગ્યેજ બીજે ક્યાંઈ મળી શકશે. અર્ધ મીના ભાર રૂપું કેટલું થાય તે આપણે જાણતા નથી. પરંતુ એટલું તો ચોકસ છે કે એક તરફ નદીમાં ડુબાડી દેવાની સજા અને બીજી તરફ ચોક્કસ વજનનું રૂપું ભરી દેવાનો દંડ એ બેમાં જમીન અસમાન જેટલો તફાવત છે. આજે જોકે એ સ્થિતિમાં ઘણો સુધારો થઇ ગયો છે. પરંતુ એ સુધારો મ્હોટે ભાગે સ્ત્રીઓએ પોતેજ કર્યો છે એ ભૂલી જવાનું નથી. પુરૂષ સમાજે સ્ત્રીઓની દુર્દશા દૂર કરવાનો કદિ પ્રયત્ન કર્યો હોય એમ જણાતું નથી. દયાળુ પુરૂષો-જેવા કે મીલ, કોન્ડોરસેટ વિગેરેએ સ્ત્રી જાતિની સ્વાધીનતા વિષે પુસ્તકોનાં પુસ્તકો લખી નાંખ્યા છે પણ તે બધું કેવળ પુસ્તકો લખવાના ગૌરવ ખાતરજ હોય એમ લાગે છે. પ્રાચીનકાળમાં પ્લેટોએ પણ પોતાના રીપબ્લીકમાં લખ્યું હતું કે—"This sex which we keep in obscurity and domestic work, is it not fitted for nobler and more elevated functions? Are there no instances of courage, wisdom, advances in all the arts? May hap these qualities, have a certain debility, and are lower than in ourselves But does it follow that they are, therefore, useless to the country?" અર્થાત્ જે સ્ત્રી જાતિને આપણે છેક અંધકારમાં રાખી મુકી છે તે શું વધારે ઉપયોગી અને ઉમદા કામો ન કરી શકે? શું તેમનામાં ડહાપણ હિમ્મત અને કળા કૌશલ્ય નથી જણાઇ આવ્યાં? શું તેઓ સ્વદેશને માટે તદ્દન નિરૂપયોગી છે? આ પ્રશ્નોનો સૂક્ષ્મ વિચાર કરવા જેટલો આપણને અવકાશ નથી અલબત્ત આવા પ્રશ્નો પૂછનારા અને તેનો સંતોષ કારક નિર્ણય આપનારાઓ સ્ત્રી જાતિના પરમ હિતૈષીઓ હતા એટલુ કબુલ કરવુ પડશે, પરંતુ તેઓએ એથી કાંઇ અધિક કાર્ય કર્યું હોય એમ માનતા અચકાવુ પડે છે.

પુરૂષોએ પુસ્તકો લખતી વેળા સ્ત્રી-જાતિને જેટલું સન્માન આપ્યું છે તેટલું વ્યવહારમાં આપ્યુ છે કે કેમ એ એક શંકાજ છે. માત્ર એટલું જાણીએ છીએ કે સ્ત્રીઓએ અત્યાર સુધીમાં જો કોઈ પણ સ્થળે કાંઇ પણ માન મેળવ્યું હોય તો તે સ્ત્રીઓના પોતાના પ્રયત્નનું પરિણામ છે. પ્રાચીન મીસરમાં આવો પ્રયત્ન થયો હતો અને તેની અસર છેક રોમ સુધી પહોંચી હતી આપણા દેશમાં પણ જ્યારે સ્ત્રીઓ વેદ રચના કરી શકતી હતી ત્યારે એવો કાંઇક પ્રયત્ન થયેલો હોવો જોઇએ એમ માનવાનું મન થઇ આવે છે. પરંતુ અત્યારે તો એ સન્માનને સ્પર્શ કરવા જેટલો અધિકાર પણ આપણામાં રહ્યો છે કે નહીં તે એક વિચારવા યોગ્ય પ્રશ્ન છે. તે વખતે સ્ત્રીઓ, પુરૂષોના મુખમાંથી "દેવી" જેવા સંબોધનો સાંભળી ગાંડી-ઘેલી બની જતી નહોતી. વ્યવહારમાં એ સંબોધન સાર્થક થાય છે કે નહીં તેજ તેમનું મુખ્ય લક્ષબિંદુ હતુ. નારીનું ખરૂં મૂલ્ય પણ તેજ વખતે અંકાતું હતું.

રમણીની વીરતાનું સમાધિશેન.

સોળમા સૈકામાં, બુંદેલખંડમાં જે પ્રાચીન રજપુત રાજાઓ રાજ્ય કરતા હતા, તેઓમાં મહોબાનો ચંદેલરાજા ઘણો પ્રખ્યાત હતો. તેને દુર્ગાવતી નામની એક રૂપગુણસંપન્ન કન્યા હતી દુર્ગાવતીનો સૌંદર્યમહિમા શ્રવણ કરીને, અનેક તરૂણ રાજપુત્રો, તેને મેળવવાની ઇચ્છાથી મહોબા રાજધાનીમાં દાખલ થયા. તે-ઓમાં ગઢમંડલાનો ગોંડ રાજા પણ આવ્યો હતો. તેણે દુર્ગાવતી માટે માગણી કરી ચંદેલરાજા ઉંચા રજપુત કુળનો હોવાથી તેણે ગોંડરાજાને પોતાની કન્યા અ-ર્પણ કરવી અયોગ્ય ધારીને, તેની માગણીનો પ્રથમ નિષેધ કીધો. પણ તે વખતે ગોંડરાજા પાસે હજારહજાર સૈન્ય હોવાથી, તેને ચંદેલરાજાએ પોતાની કન્યા લાચા-રીથી આપી ગઢમંડલાનો રાજા એ સમયે ઐશ્વર્યના ઉચ્ચ શિખરે પહોંચેલો હો વાથી તે રજપુત રાજકન્યાનો વિવાહ મોટી ધામધુમથી થયો જ્યારે તેણીએ વર-ગૃહમાં પ્રવેશ કર્યો, ત્યારે તેણીની હાજરીમાં ૫૦ હજાર સવાર હતા. મધ્યપ્રદેશમાં (Central provinces) રામગઢ, રતનપુર, સંબલપુર વિગેરે ગોંડ રાજ્યો મરાઠા ઓના અમલમાં આબાદ હતાં, પછી અંગ્રેજોના અમલમાં તેઓ નામનાં જ માત્ર રહ્યાં, પણ તે વખતે ગઢમંડલાનુ રાજ્ય વિસ્તાર પામેલું હોઇને તેની સત્તા દૂર સુધી પથરાએલી હતી. રાજ્યમાં ૭૦૦૦૦ ગામડાંઓ સ્વરાજ્ય સુખ ભોગવતાં હતાં. પરંતુ કમનશીબે તે રાજ્ય થોડાજ વખતમાં મુસલમાન સરદારોના ભક્ષ્ય-સ્થાને પડવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

દુર્ગાવતીનો પ્રાણપ્રિય પતિ પંચત્વ પામ્યો અને તેનું એક કિશોર બાલક રાજ્યપદ ઉપર અધિષ્ઠિત થયું. રાણી દુર્ગાવતી અતિ બુદ્ધિમતી હોવાથી તેણીએ બધો રાજકારભાર પોતે ચલાવ્યો. તો પણ તે એક અબળા છે એમ જોઇને આસ-પાસના રાજાઓ અને મોગલ સરદારો તે પ્રાંત હસ્તગત કરવાનો વિચાર કરવા લાગ્યા સને ૧૫૬૪ માં અકબર બાદશાહે તે ઉત્તમ સંધિનો લાભ લેવાને અસફ ખાન નામના એક શૂર સરદારને પ્રબળ સૈન્ય આપીને તે તરફ મોકલ્યો. તરતજ અસફખાન ગોંડરાજાની સીમા ઉપર જઈ પહોંચ્યો. રાણી દુર્ગાવતીને આ વાતની ખબર પડતાંજ તેણીએ ૫૦૦ હાથી, ૭૦૦ સવાર અને બીજી સેના તૈયાર કરીને મોટી વીરશ્રીથી તે સરદાર ઉપર ચઢાઈ કરવાનો નિશ્ચય કર્યો. તેણીએ પોતે લશ્ક-

" ઠીક છે! રાજકુમારને તંબુમાં લઇ જાઓ! હું રણ છોડીને આવીશ નહીં!"

રી પોષાક ધારણ કર્યો, અને હાથમાં સમશેર લઇને સર્વ સૈન્યને પ્રોત્સાહન દેતી સમરાંગણ ઉપર આવીને ઉભી રહી રાણી દુર્ગાવતીનું ધૈર્ય, અભિમાન, આવેશ તથા સાહસ જોઇને આવા ગોંડસૈન્યને ઉત્સાહ આવ્યો અને તેઓએ જોસબંધ શત્રુના મોખરા ઉપર ચઢાઇ કરી. બન્ને બાજુએ ભયંકર લડાઇ શરૂ થઈ. આ પરાક્રમી રાણીએ શત્રુ ઉપર સવારી કરીને તેઓના ૬૦૦ સવાર ઠાર કર્યા; અને બીજે દિવસે છેવટ મોગલ સેનાપતિ ઉપર ચઢાઇ કરીને તેનો પ્રાણ લેવાનો નિશ્ચય કર્યો! દિલ્હીપતિનો માનીતો અહંમન્ય રણવીર સરદાર જો કે મોટો સમશેર બહાદુર હતો તોપણ ગોંડરાણી પાસે પોતાને વિજય મળશે નહિ એમ જોઇને તે ચિંતાતુર બની ગયો! બીજે દિવસે તેણે મરણીયા થઇ લડવાનો નિશ્ચય કરીને, પોતાનુ તોપખાનું આગળ લાવીને ગોલંદાજ લોકોને ને અન્ય સૈનિકોને સારૂં ઉત્તેજન આપ્યું, અને તેઓમાં સારો આવેશ ઉત્પન્ન કર્યો. એક રણપટુ અબલા પોતાના શૌર્યને ચોક્કસ કલંક લગાડશે એમ જોઈ તેણે પોતાના મજબૂત સવારો સાથે લઇ ગોંડસૈન્ય ઉપર હલ્લો કર્યો. દુર્ગાવતીનુ કિશોર બાલક, ભારતીય યુદ્ધના અભિમન્યુની માફક શત્રુ સાથે લડતું હતું. તેની ઉપર તે પાષાણહૃદયી અસફખાને ચઢાઇ કરી તેને જખમી કર્યું. પરિણામે તે રાજકુમાર મૂર્છિત થઈ ભૂમિ ઉપર પડ્યો!! આ વાતની આખા ગોંડ સૈન્યને ખબર પડતાં જ જ્યાં ત્યાં 'હાય હાય' નો પોકાર સંભળાયો, અને સર્વ સૈન્ય હતાશ થઈ ન્હાસવા લાગ્યું. રાણી દુર્ગાવતી મોટી ધીરજથી લડતી હતી, એટલામાં તેણીએ આ દુઃખપ્રદ વાત સાંભળી. પરંતુ તેણીનો ધૈર્યગિરિ બીલકુલ ડગ્યો નહિ! તેણીએ પુત્રવાત્સલ્યનો અસહ્ય આવેશ દબાવી દઇને, પોતાના સેનાપતિને એવો સંદેશ કહેવરાવ્યો કે, 'ઠીક છે! રાજકુમારને તંબુમાં લઈ જાઓ!! હું રણ છોડીને આવીશ નહિ!! લડાઈ પુરી થયા પછી હું તેની મુલાકાત લઇશ.' ખરેખર આ વખતે અલૌકિક ક્ષાત્રતેજ પાસે નૈસર્ગિક પુત્ર પ્રેમનું કાંઇપણ ચાલ્યું નહિ એમ કહેવામાં કંઈ ખોટું નથી!

અસ્તુ, અસફખાનના અસહ્ય હુમલાથી હતાશ થએલું ગોંડ સૈન્ય એકદમ બેહોશ થયું. મોગલ સરદારોએ બાદશાહનું નામ રાખવા માટે મોટા આવેશથી 'દીન દીન' ના રણઘોષથી ગોંડસૈન્યની કત્લ ચલાવી! આખી રણભૂમિ લોહીથી છવાઇ ગઈ અને છેવટે તે સ્થળે માત્ર ત્રણસો માણસો ને રાણી દુર્ગાવતી કાયમ રહ્યા!! ક્રોધવિવશ થએલા જોરાવર સરદારો એટલું છતા પણ સ્વસ્થ રહી શકયા નહીં તેમની મનીષા હજુ સંતોષ પામી નહિ. તેમણે ક્રુદ્ધ થએલા વાઘની માફક ગોંડ રાણી ઉપર હલ્લો કર્યો બન્ને પક્ષોની તરવારો એક બીજા સાથે અથડાવા લાગી!

રાણી દુર્ગાવતી મોટા શૌર્યથી શત્રુ સાથે લડવા લાગી. અસફખાનને તેણીની પાસે આવવાની હીમત થઈ નહિ ! તેણીનુ રૌદ્ર સ્વરૂપ જોઈને તે ભયભીત થયો ! અંતે તેણે છેટેથી તેણીની ઉપર તીર છોડ્યાં; પરતુ તે ક્ષત્રિયતેજનુ મૂર્તિમંત પુતળું કાંઇ ડગે એમ નહોતુ ! તેણીએ પોતે પોતાના હાથ વડે પોતાના માથામાં ઘુસી ગએલાં તીર બહાર ખેચી કાઢ્યાં અને ફરીથી મોટા આવેશથી અસફખાનનુ લોહી પીવાનો પ્રયત્ન કરવા લાગી ! પણ તે અબલાથી અસફખાન પણ હરી જવાનો થોડોજ હતો ? દુર્ગાવતીના બધાં અવયવો વિકલ તેમજ લોહીલુહાણ જોઇ તેણીનો એક સ્વામીભક્ત સેવક આગળ આવ્યો અને તેણે તેણીને કહ્યું કે, "રાણી સાહેબ, હવે લડવામાં કંઇ માલ નથી. મોગલ સરદારો સ્વાહા કરવાને આપણા ઉપર ધસી આવ્યા છે ! માટે તેમને વશ ન થતાં રણમાંથી ન્હાસી જવાય તો સારૂં ! હુ આપને ઘણી સાવચેતીથી શત્રુના ભયથી દૂર લઈ જઇ શકીશ." આ શબ્દો સાંભતાંજ રાણી દુર્ગાવતી ગુસ્સે થઈ ગઈ; અને ક્ષણાર્ધમાં પોતાના પવિત્ર દેહને મુસાલમાન લોકો સ્પર્શ કરશે એમ જોઈ તેણીના કમલનેત્રો આરક્ત થયા; અને તેમાંથી દિવ્ય તેજ એકદમ બહાર નિકળવા લાગ્યુ ! તેણીએ પોતાની પાસે ઉભેલા નિમકહલાલ સેવકને કહ્યું, "ચાલ, આ તરવાર લે, અને આજ પવિત્ર રણ ભૂમિ ઉપર મારો શિરચ્છેદ કર ! હું ક્ષત્રિય કન્યા છુ. હું શત્રુને વાંસો બતાવી અપકીર્તિ સહન કરનારી નથી ! મારા પવિત્ર દેહને શત્રુનો સ્પર્શ ન થાય તે માટે આજ યુક્તિ ઉત્તમ છે ! માટે ઉતાવળ કર અને મને ધારા તીર્થે ચિરકાલ પર્યંત આનંદથી રહેવા દે ! !"

આ શબ્દો સાંભળતાંજ તે સેવક રોમાંચિત થયો. તેનો હાથ સ્વામિનીનો વધ કરવાને આગળ વધ્યો નહિ. ફક્ત તેના મ્હોંમાંથી ફરીથી આવા અસ્પષ્ટ ને નમ્ર શબ્દો નિકળ્યા:—"રાણીસાહેબ, આ હાથી ઘણો શીઘ્રગામી છે. તેનાપર બેસો; અને મોગલ સૈન્યની નજરથી દૂર ચાલ્યા જાઓ. સ્રીવધ મારાથી થવાનો નથી !"

રાણી દુર્ગાવતી આ શબ્દો સાંભળી અત્યત દુ:ખિત થઈ અને મોગલ સવારો પોતાની ઉપર ધસી આવે તે પહેલાંજ તેણીએ ક્ષત્રિય ધર્મ પ્રમાણે પોતાની સમશેરને સપ્રેમ વંદન કર્યું અને એકદમ પોતાનો પ્રાણનાશ કરી દીધો ! ! તે રણભૂમિ ઉપર વીર્યશાલિની રાણી દુર્ગાવતી પતન પામી. તેણીના પવિત્ર દેહને શત્રુનો સ્પર્શ સરખો પણ થયો નહિ ! તેણીની પાસે ઉભેલો સ્વામિનિષ્ઠ સેવક, તેણીનો સેનાપતિ, પોતાની રણવીર સ્વામિનીને છોડી નહિ દેતાં, તેજ ઠેકાણે ધારાતીર્થે મરણ પામ્યા ! ધન્ય છે ક્ષત્રિયગુણની તથા સ્વામીનિષ્ઠાની જ્વલત પ્રતિમાઓને !

કર્નલ સ્લીમન સાહેબ લખે છે કેઃ—"રણશૂર રાણી દુર્ગાવતીનું સ્મારક (સમાધિ) તે પર્વત પ્રદેશમાં બાંધવામાં આવ્યું છે. ત્યાં બે પાષાણસ્તંભ ચણેલા હોઈને તે યુદ્ધ ભૂમિનો મૂર્તિમંત દેખાવ પ્રેક્ષકોના મનમાં ઉત્પન્ન કરે છે. આ ગિરિશિખર ઉપર રાતને વખતે હજુ ભયંકર રણઘોષ થાય છે એમ કહેવાય છે. એ નિર્જન પરંતુ રમણીય પ્રદેશમાં જે પ્રવાસી લોકો જાય છે તેઓ આદર સાથે આ ઠેકાણે આવે છે અને પ્રેમ પૂર્વક તે રણશૂર રાણીની સમાધિનું દર્શન કરે છે, તેમજ તેણીના પરાક્રમગુણથી ચકિત થઈને સાનંદચિત્તથી તેણીની પૂજા પણ કરે છે. એ પ્રદેશમાં ચળકતા કાચના કટકા ઘણા મળી આવે છે, તે લઈને તે લોકો દેવીને સમર્પણ કરે છે ! એ તેમના રિવાજ પ્રમાણે મે પણ મહારાણી દુર્ગાવતીના દિવ્યગુણનું અભિનંદન કરવાને એક કટકો ત્યાં સમર્પણ કર્યો !" ખરેખર આવા સ્વર્ગીય શૌર્યગુણનું કોણ અભિનંદન ન કરે ?

પુરૂષોત્તમ સખારામ ફાટક.

સુંદરતાની શોધમાં મળેલી નિરાશા—મુંબઈના એક ડોકટર સાહેબ કે જેઓ બૈરાંઓની મ્હોટી ઘરાકી ધરાવવા માટે અને બૈરાંઓનો લવારો-બકારો સબુરીથી સહન કરવાને માટે પંકાયેલા હતા, તેમના કન્સલ્ટીંગ રૂમમાં તેમની નજદીકની ખુરસીમાં એક અપ-ટુ-ડેટ પારસીબાઈ પોતાનું ઘરબાર છાંડી ડોકટરને સવાલો ઉપર સવાલો પુછતા બેઠાં હતાં.

આદર બાઈ—"ડાક્ટર, એક જાણીતી વૈદક ચોપડીમાં મારા સાંભળવામાં આવ્યું કે, ગાલને કોસ્મેટીક લગાડવાથી એની ખુબસુરતીમાં બહુજ બે ચાર્મકારક વધારો થાય છે. પણ મેં એક બીજી વૈદક ચોપડીમાં વાંચ્યું છે કે, કોસ્મેટીકથી ગાલની ચામડીને મોટું નુકશાન થાય છે ને પાછળથી ખુબસુરત થવા જતાં બદસુરત થઈએ છીએ. ત્યારે ડોકટર, તમારો પોતાનો શું અભિપ્રાય છે ? ખરૂં કોણ ?

ડોકટર—(જેમની સબુરીનો અંત આવ્યો હતો,) મારૂં તો મત એ છે કે બંનેના વિચારને અર્ધે રસ્તે જઈ મળવું.

આદર બાઈ—(જેઓ ખુબસુરત બનવાના ફાંફાં મારી રહ્યા હતી) તે શું વારૂ ? ડોકટર !

ડોકટર—તે એમ કે તમારા એક ગાલ ઉપર કોસ્મેટીક લગાડી ગુલાબી કરવો અને બીજો ગાલ કોસ્મેટીક લગાડ્યા વગર, અસલ છે તેમ કાળો જ રાખવો આથી તમો, એ બંને ડોકટરોના મતને અનુસરણ કીધેલું ગણાશે

ડોકટરના ઉપલા જવાબ પછી તે બાઈએ તુરતજ ખુરસી ખાલી કરી ત્યાંથી ચાલતી પકડી.

પ્રણય–સંવાદ.

પતિ—ખરેખર, મારા અંતઃકરણમાં તારા પ્રત્યે કેવો ઉંડો અને ગંભીર પ્રેમ છે તે તું નથી જોઇ શકતી. જો પરમાત્માએ તને આંતરચક્ષુ આપ્યાં હોત તો તું ક્યારની યે મારૂં હૃદય વાંચી શકી હોત. આપણું લગ્ન થયું તે પહેલાં મેં જે જે મનોરથો અને ઉચ્ચાભિલાષાના કીલ્લાઓ બાંધી રાખ્યા હતા તે બધા હવે તૂટી પડ્યા છે. તું મારા તરફ આટલી બધી વિરાગની દ્રષ્ટિથી કેમ જુવે છે ? હું સમજી શકતો નથી કે તારા હૃદયનો પ્રેમ પ્રવાહ એકાએક આમ શુષ્ક કેમ થઇ ગયો ? મેં ધાર્યું હતું કે તારા આગમનથી–તારાં દર્શનથી મારો જીવનબાગ નવાં નવાં પ્રેમ પુષ્પોથી ખીલી નીકળશે. પરંતુ તેને બદલે આજે જોઉં છું કે મારૂં જીવન તારી ઉદાસી–ઉપેક્ષા અને વિરાગતાને લીધે કડવું ઝેર જેવું બની ગયું છે.

પત્ની—નાથ ! જેવી રીતે આપ મને પ્રિયે, પ્રિયતમે, હૃદયેશ્વરી, મોહિની આદિ સંબોધનોથી રંજીત કરી શકો છો તેવી રીતે હું પણ ધારૂં તો પ્રિયતમ, રસિકવર, જીવન–સર્વસ્વ, આદિ સંબોધનોથી આપનું ચિત્ત વિહ્વલ બનાવી શકું. પણ તેમ કરવાની મને કશી જરૂર નથી. મારા અંતરના ઉંડાણમાં આપના માટે કેવો ગંભીર અને શાંત પ્રીતિ–સાગર ઉછળી રહ્યો છે, તે આપ ન જોઇ શકો એ મારૂં કમભાગ્ય ! તમે પુરૂષો તો માત્ર મોજાંઓ જ જોઇ શકો ! ક્ષુદ્ર નદીમાં ઉછળતા તરંગો જોઇ નદીને પણ સાગર માની લેવાની ભૂલ કરી બેસો. મહાસાગર હંમેશા શાંત અને ગંભીર જ હોય છે એ વાત જાણવા છતાં પણ અજ્ઞાન જ રહેવાનો પ્રયત્ન કેમ કરો છો ? સ્ત્રીજાતિ કેટલી પ્રેમમયી હોય છે એ શું હજી આપ નથી જોઇ શક્યા ? પુરૂષો જ્યારે પોતાનો સ્વાર્થ સિદ્ધ થયેલો નથી જોતા, ત્યારે તેઓ ઉશ્કેરાઇ જઇ સ્ત્રીઓ ઉપર આક્ષેપોરૂપી વજ્રબાણો ફેંકવા લાગી જાય છે. પરંતુ એ વજ્રબાણો સ્ત્રીના પ્રેમરૂપી બખ્તર પાસે લગભગ નકામાં જેવાં થઇ જાય છે. પુરૂષજાતીની હું નિંદા કરવા નથી માગતી. મને એટલું તો અનુભવસિદ્ધ જણાવ્યું છે કે પુરૂષો પોતાના સ્વાર્થની ખાતર ઘણીવાર પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ બની જાય છે.

પતિ—બસ, જ્યારે જોઉં ત્યારે એજ વાત, જ્યારે પુછું ત્યારે એજ ઉપદેશ ! વાત–વાતમાં પુરૂષોની નિંદા. જગતમાં એવો કયો પુરૂષ હશે કે જે પોતાની પત્ની પાસેથી પ્રીતિ–મધુર વાક્યોને બદલે આવા કઠોર શબ્દોની આશા રાખતો હોય ? હવે તારી પાસેથી પ્રસન્ન દ્રષ્ટિની અથવા રસભરી વાણીની આશા રાખવી નકામી છે. જ્યારે જોઉં છું. ત્યારે તારૂં વદન ક્રોધ, દ્વેષ અને ઇર્ષાથી જ છવાએલું જોઉં છું કોઇ નવી જાતનું ભૂત—પ્રેત તને વળગ્યું હોય એમ જ મને તો લાગ્યા કરે છે. પ્રભુ ! પ્રભુ ! વિવાહ પહેલાની પ્રસન્નતા, મનોહરતા, લાવણ્યમયતા અને રસિકતા કોણ હરી ગયું ? પુરૂષ જાતી સ્વાર્થી છે–કર્તવ્યભ્રષ્ટ છે એવા એવા આક્ષેપો સાંભળી હવે તો મારા કાન પણ બહેરા થઇ ગયા છે. પ્રેમની તૃષા અગ્નિમય શબ્દોથી બુઝાઇ હોય એમ તેં કદિ સાંભળ્યું છે ! મારા જીવનને અત્યારે અમૃતની જરૂર છે–પ્રેમની જરૂર છે–મધુરતાની જરૂર છે. કૃપા કરીને તારી કઠોરતા પાછી ખેંચી લે અને મારી જીવન કળીને રસ પાઇ વિકસિત કર. પુરૂષ ભલે કર્તવ્યભ્રષ્ટ બને, સ્ત્રીઓએ શા માટે કર્તવ્યભ્રષ્ટ બનવું જોઇએ !

પત્નિ—" રહેવા દો તમારા એ લાંબા વિદ્વત્તાપૂર્ણ લેકચરને મારૂં કર્તવ્ય હું બહુ સારી રીતે સમજું છું. મારા જેવી અજ્ઞાન અને મૂર્ખ સ્ત્રીને આડું-અવળું સમજાવવા માટે જ આપ આટલા દિવસ સુધી શું અભ્યાસ કરતા હતા કે ? તમને જેમ મારી કઠોરતાવાળી વાણી સાંભળી કંટાળો આવ્યો છે તેમ મને પણ તમારા નાટકીયા સંબોધનો અને વાક્યોથી એટલો બધો વિરાગ ઉપજ્યો છે કે મારે તમને કેવા શબ્દોમાં પ્રબોધ આપવો તે હું નથી વિચારી શકતી મેં તમને આટલા દિવસમાં કોઇ પણ વખતે આનંદ અને ઉત્સાહ પૂર્વક કામ કરતા નથી જોયા. હું જોતી આવી છું કે તમારા હૃદયમાં અને તનમાં જે તિવ્ર તનમનાટ થઇ રહ્યો છે તે બીલકુલ ક્ષણિક છે—જોતજોતામાં ઉડી જાય તેવો છે યથાર્થ પ્રેમમાં તિવ્રતા ક્ષણિકતા કે ઉગ્રતા હોતી નથી. તમારૂં બોલવું-ચાલવું એ સર્વમાં પણ હું તો કૃત્રિમતાનો જ આભાસ નીહાળ્યા કરૂં છું. યૌવનના ઉન્માદમાં એ સિવાય બીજી વસ્તુની આશા ન રાખી શકાય એ હું સારી રીતે જાણું છું, પરંતુ એમ માની લઇ બુદ્ધિ અને વિવેકશક્તિને ધરેણે મૂકવી એ કાંઇ ઠીક ન ગણાય. આપ હજી યૌવનાવસ્થામાં છો, સંસારની મનોરમ પણ આંટીઘુંટીવાળી અટવીમાં હજી પ્રથમ પગલું મુક્યું છે, યૌવનનો નીસો બીજા બધા નીસાને બાજુએ મુકે એવો જલદ હોય છે. હું પણ તમારા જેવી જ એક યુવતી છું. તમે જે યૌવનમદિરા પીધો છે તે મેં પણ પીધો છે હું પણ ધારૂં તો ક્ષણિક પ્રેમવાસના સંબંધી કલાકોના કલાકો અને રાત્રીની રાત્રીઓ સુધી અર્થ-વિહિન વ્યાખ્યાનો આપી શકું તેમ છું. તમને ખબર છે કે સ્ત્રીઓને " માયાવિની " અર્થાત્ જાદુગર એવું વિશેષણ આપવામાં આવ્યું છે. અમારા જેવી માયા—છળ કે પ્રપંચજાળ, પુરૂષની તાકાત છે કે તે પાથરી શકે ? પરંતુ હું તેમ કરવા માગતી નથી. કારણ કે યથાર્થ પ્રણયનો મહિમા હું યતકિંચિત પણ અત્યાર પૂર્વે સમજી શકી છું. ઇશ્વરકૃપાથી હું કૃત્રિમ શબ્દો કે આડંબરોથી મોહાઇ જઉં તેવી છેક અજ્ઞાન કે મૂઢ નથી. તેની સાથે નિરભિમાનપણે મારે એટલું પણ જણાવી દેવું જોઇએ કે હું આપની પરમ હિતૈષિણી છું. જ્યાં સુધી મારાથી બની શકશે ત્યાં સુધી હું આપને મારા મોહ અને આકર્ષણથી દૂર જ રાખવાનો દીલોજાનીથી પ્રયત્ન કરીશ મારા તરફ આપને અનુરાગને બદલે વિરાગ આવે એવો પ્રયત્ન કરવો એજ મારા જીવનનું અત્યારના પ્રસંગે મુખ્ય કર્તવ્ય છે. આપને કર્તવ્યપ્રિય, કર્તવ્યતત્પર અને કર્તવ્યમગ્ન કરવા એજ મારા જીવનની અત્યારે પ્રધાન સાધના—તપસ્યા છે. આપ અહોનિશ—ખાતા-પીતા-સૂતા જાગતા કૃત્રિમ પ્રેમપાઠો પોપટની પેઠે બોલ્યા કરો એમ હું નથી ઇચ્છતી. આપ ભોગીની માફક સદા મારી પાછળાજ ફર્યા કરો એમ પણ હું નથી ઇચ્છતી. મેં આપને એકવાર નહીં પણ હજારવાર જણાવ્યું છે કે જ્યાંસુધી આપ આ મેટ્રીકની પરીક્ષા ફસ્તક્લાસ રીતથી પસાર ન કરો, ત્યાંસુધી મારૂં મુખ જોવાનો પણ તમને અધિકાર મળી શકતો નથી, પરીક્ષામાં પાસ ન થાઓ ત્યાંસુધી મારા શયન ગૃહમાં પગ મુકવાનો પણ એકથી અધિકવાર વિનયપૂર્વક તમને નિષેધ કરી મુક્યો છું. મારી ઇચ્છા વિરૂદ્ધ ઘડીએ ઘડીએ વિના કારણે મારી પાસે આવતાં તમને શરમ નથી આવતી ? આપનો, એ વ્યવહાર, જો એટલું છતાં, ચાલુ રહેશે તો મને ન છુટકે મારા આ એકાંત ગૃહનાં બારણાં બંધ કરવાની ફરજ પડશે

પતિ—મેઘમંડળ જ્યારે વારીની વૃષ્ટિ કરવાને બદલે ઉલટું, અમી વરસાવે ત્યારે તો કમનસીબીની હદજ આવી રહેલી ગણાવી જોઇએ. વ્હાલી ! તારી વ્હારથી મધુર લાગતી

જીભમાં આટલી કડવાશ અને તારા કોમળ હૃદયમાં આટલી કઠોરતા રહેલી છે એમ તો મેં સ્વપ્નમાં પણ કલ્પ્યું નહોતું. તારા પિતાના ગૃહેથી તું આટલી બધી કઠોર અને દૃઢ થઇને આવી છે એમ જો પ્રથમથીજ મારા જાણવામાં આવ્યુ હોત તો હું તારૂં દીલ જીતવાની આવી માથાકુટ ન કરત. આ સમય મારે અભ્યાસ કરવાનો છે એમ હું પોતે બહુ સારી રીતે જાણું છું. મારૂં લેશમાત્ર આળસ ભવિષ્યમાં મને મહાન કંટકરૂપ થઇ પડશે એ પણ હું સમજુ છુ, છતાં શું કરૂં ? તારામાં કોઈ એવી મોહિની શક્તિ છે, કે હું તેનું આકર્ષણ અનુભવ્યા વિના એક ક્ષણ પણ શાંત-સ્થિર રહી શકતો નથી. મારો અભ્યાસનો અમુલ્ય સમય જો મોહ અને વિનોદમાં વ્યતીત થઇ જશે તો હું અવશ્ય નાપાસ થઇશ અને જગતમાં હાસીને પાત્ર બનીશ, એ વાત મને નવેસરથી સમજાવવાની જરૂર નથી. તથાપિ મારા જીગરનું ખરૂં દર્દ આ દુનીયામાં મારા સિવાય બીજું કોણ વિચારી શકે તેમ છે ? અંતઃકરણ જો ચીરીને કોઇને બતાવી શકાતું હોત તો હું સૌ પહેલાં તે તારી સન્મુખ રજુ કરી ઇન્સાફની માગણી કરત. લગ્ન પહેલાં હૃદયમાં જે બળ-ઉત્સાહ અને ઉચ્ચાભિલાષો હતા, તે મોહના આવેગમાં કોણ જાણે ક્યાંઇ તણાઇ ગયા છે ! અભ્યાસનું પુસ્તક ઉઘાડી ઘણીવાર વાંચવાનો હઠયોગ આદરૂં છું, પણ પુસ્તક તો જેમનું તેમજ પડ્યુ રહે છે, મનરૂપી મર્કટ જ્યાં-ત્યાં આડું અવળું દોડી જાય છે. પરીક્ષાનો વખત જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ નિરાશા અને નિરૂત્સાહ વૃદ્ધિ પામતા જાય છે, આમ અકસ્માત્ મારી દશા કેમ પલટાઇ ગઇ ? પરીક્ષાના દિવસો જે પ્રથમ દૂર દૂર લાગતા હતા, તે હવે હાથ-વેંતમાં કેમ આવી ગયા ? વિશ્વ કે જે પ્રથમ સાવ નીરસ અને નિરાનંદમય લાગતું હતું તે અકસ્માત્ આવું રસપૂર્ણ અને આનંદમગ્ન કેમ બની ગયું ? પ્રથમ આમ્રવૃક્ષ ઉપર આવી મંજરીઓ ખીલતી નહોતી, ચંદ્રનાં કીરણો આવાં સ્વચ્છ-શાંત અને મનોરંજક લાગતાં નહોતાં, કુસુમ કળીઓમાંથી આવી મનોહારિ અને મુગ્ધકારી સુગંધી આવતી નહોતી, કોયલના ગાનમાં આવી હૃદયભેદકતા પ્રથમ જણાતી નહોતી, વાયુમાં આટલી મૃદુતા અને માદકતા હશે એમ જાણતો નહોતો. તુંજ કહે, પ્રિયતમે ! કે જ્યારે સમગ્ર સંસાર પલટાઇ જાય ત્યારે હુંજ એકલો પલટાયા વિના કેમ રહી શકું ! આવા મનોમુગ્ધકર સંયોગોમાં મારા દેહ અને મનને ક્યાંસુધી કાબુમાં રાખી શકું ! છતાં તારે મારો તિરસ્કાર કરવો હોય તો ખુશીથી તેમ કર, હું નિરાશ થઇ તારી પાસેથી ખિન્ન અંત:કરણે પાછો ચાલ્યો જઇશ.

પત્ની—સ્વામિન્ ! આપણા માત-પિતાઓ આપણને આટલી અપૂર્ણ અવસ્થામાંજ પરણાવી દેવાની શા માટે ઉતાવળ કરતાં હશે તે હું વિચારી શકતી નથી. અગર સમાજ તેમને પોતાનાં સંતાનોનાં તુરતમાંજ લગ્ન કરી નાખવાની ફરજ પાડતો હોય તો પછી શા માટે તેઓ વિદ્યાર્થી પતિ અને બાળિકા કન્યાને પરસ્પરના સમાગમ અને સહવાસથી દૂર રાખવાની વ્યવસ્થા નહીં કરતા હોય ? તે પણ હું સમજી શકતી નથી. આપણાં માબાપો પોતાની ક્ષણિક કીર્તિ અને પ્રતિષ્ઠાની ખાતર આપણને કેવી કઢંગી અને દયામણી સ્થીતિમાં મુકી દે છે તેનો પણ શું તેઓ ખ્યાલ નહીં કરી શકતા હોય ? લગ્ન થઇ ગયા પછી થોડા વખત સુધી બાળ પતિ-પત્નીને એક બીજાથી દૂર રાખવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેથી સંસારને કઈ મ્હોટી હાની થઇ જવાની હતી ? ખુદ પરમાત્મા પણ લગ્ન પછીના દિવસોમાં સૃષ્ટિને એટલી બધી સુંદર અને મનોહર કેમ બનાવતા હશે !

પ્રભુ જાણે, પતિ-પત્નીના પ્રથમ સમાગમ વખતેજ આવો ઉન્માદ અને વેગ અંતરમાં ક્યાંથી દાખલ થઇ જતો હશે! વાયુમાં આટલી મૃદુતા, ચંદ્ર કિરણમાં આટલી શિતળતા, કોકીલના ગાનમાં આટલી રસિકતા, અને પુષ્પોમાં આવી સુગંધમયતા અકસ્માત્ ક્યાંથી પ્રગટ થઇ જતી હશે! નાથ! તમે ખરૂંજ કહો છો કે જ્યાં આખું વિશ્વ પલટાઇ જાય ત્યાં કોણ કોને દોષ દઇ શકે! હું તે કેટલાકને દોષિત ઠરાવી શ્રાપ આપું! પ્રભુ! તેં અમને યૌવન શા માટે આપ્યું? યૌવનજ જો આપવું હતું તો પછી તેની સાથે દૃઢ મનોબળ કેમ ન આપ્યું? જગતને આટલું બધું સુંદર અને મોહક બનાવવું હતું તો પછી અમારા જેવાં પામર પ્રાણીઓને અંકુશમાં રાખવા ઉચિત સંયોગો પણ કેમ ન આપ્યા? પણ બીજાને દોષ દેવો હવે નકામો છે. માત પિતાની ઉતાવળનું પરિણામ સહન કર્યાં વિના અને બની શકે એટલા બળથી તેને પાછું હડસેલ્યા વિના બીજો ઉપાય નથી. જીવનદેવતા! હું તમારા ચરણે પડી અતિશય કાલાવાલાપૂર્વક આપને વિનતી કરૂં છું કે થોડા વખતને માટે આપ આપના અંતઃકરણને કઠોર અને દૃઢ બનાવી સંપૂર્ણ સંયમપૂર્વક આપનો અભ્યાસક્રમ પરિસમાપ્ત કરો. હું આપને કોઇ રીતે દોષપાત્ર ગણતી નથી. છતાં જો મારાથી આપના પ્રતિ કટુ શબ્દો ઉચ્ચારાયા હોય તો તેમાં મારો શુભ સંકેતજ હતો એમ માની ક્ષમા કરશો. હું માત્ર ક્ષણિક સ્વાર્થની ખાતર આપનું જીવન બરબાદ કરવા ઇચ્છતી નથી. હું ધારૂં તો અત્યારે તમને મારી પાછળ ઝાંઝવાના પાણી તરફ દોડતા મૃગોની જેમ, ભમાવી શકું તેમ છું. પરંતુ હું એટલી બધી સ્વાર્થી કે નિષ્ઠુર થવા માગતી નથી. મારી તો તમને એજ પ્રાર્થના છે કે આપ ગમે તેમ કરી આ વખતે મેટ્રીકની પરીક્ષામાં પસાર થઇ જાઓ! અત્યારે તમારા અને સાથે મારા જીવનનો એજ ઉદ્દેશ સિદ્ધ કરવા, ચાલો આપણે અખંડ-અવિશ્રાંત શ્રમ કરીએ. હું ફરીફરીથી કહું છું કે નાથ! આપના સમયને નિરર્થક વહી જવા ન દ્યો. આપની એક એક ક્ષણ મહા મુલ્યવાન છે. પ્રેમના નાટકો ભજવવાનો દિવસોનો કાંઇ તુટો નથી. હું આપને બે હાથ જોડી, સાષ્ટાંગ દંડવત્ કરી નિરભિમાનપણે કહું છું કે આપ અહીંથી જલદી વિદાય થાઓ અને અભ્યાસના કાર્યમાં પૂર્ણ વેગથી જોડાઓ.

પતિ—સમજ્યો. સહેજ વિલંબ પછી પણ સમજ્યો કે હું ધારતો હતો તેવી તું કઠોર કે વજ્ર હૃદયવાળી નથી. સંસારમાં મારે જો કોઇ યથાર્થ હિતેષી, શુભેચ્છક હોય તો તે માત્ર એકલી તુંજ છે. તારો આ અનાદર પણ મારા કલ્યાણને માટેજ હતો એ હું જોઇ શક્યો છું. તારા સંયમબળ પાસે ખરેખર મારે હવે શરમાવું જોઇએ. તારા જેવી એક સચ્ચરિત્ર અને હિતૈષિણી પત્ની મેળવવા બદલ હું મને પોતાને મહાન ભાગ્યશાળી માનું છું. મને લાગે છે કે હિંદ જ્યારે પોતાના પૂર્વના અલૌકિક અને દૈવી સદ્‌ગુણોનો વારસો મેળવવાને તત્પર થશે ત્યારે તેને નારી જાતિના ચરણોનો આશ્રય લીધા વિના ચાલશે નહીં.

પત્ની—પુરૂષ જાતિની સાહસિકતાના અને વીરતાના સ્તોત્રો જો આપની પેઠે હું ગાવા લાગીશ તો આપને અહીં હજુ રહેવું એ પણ ભારે થઇ પડશે. માટે એ પ્રશંસાવાદને જવા દ્યો કર્તવ્યનિષ્ઠ બનો-કર્તવ્ય વીર બનો અને અમારા સૌભાગ્યને ઉજ્જવળ બનાવો.

સ્વદેશીવ્રત અને સ્ત્રી-સંસાર.

(મહાત્મા ગાંધીજીના એક ઉપદેશમાંથી.)

અર્ધાંગનાઓનું કર્તવ્ય.

હિંદુસ્તાનમાં રાજકીય, ધાર્મિક તથા સાંસારિક સુધારાની બાબતમાં પુરૂષો જેટલો ભાગ લે છે તેટલો જ ભાગ સ્ત્રીઓ ન લે ત્યાં સુધી હિંદુસ્તાનની ઉન્નતી થઇ શકવાની નથી. સ્ત્રીઓ પુરૂષોનું અર્ધું અંગ છે, એટલે તેઓએ પુરૂષો કરતાં વધારે નહીં, પણ અર્ધોઅર્ધ ભાગ તો લેવોજ જોઇએ. જેને અર્ધાંગ વાયુ થયો હોય છે તેને આખો દિવસ પથારીવશજ રહેવું પડે છે. તેજ પ્રમાણે સ્ત્રીઓ જ્યાં સુધી આવી પ્રવૃત્તિઓમાં ભાગ ન લે ત્યાં સુધી પુરૂષોનું કરેલું કામ લગભગ વ્યર્થજ જાય છે. જે દેશમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ નથી લેતી તે દેશની સ્થિતિ કંગાળ હોય છે. હિંદુસ્તાનની બાબતમાં પણ તેમજ છે. આને માટે મારે ઘણું કહેવાનું છે, પણ હાલ તુરત એ વિષે વધારે લંબાણ નહીં કરતાં એટલું જ કહીશ કે જે ચળવળ અત્યારે આખા દેશમાં ચાલી રહી છે તેમાં બ્હેનો અને માતાઓએ પુરેપુરો ભાગ લેવો જોઇએ. આવી બાબતોમાં અક્ષરજ્ઞાનની જરૂર નથી. અભણ સ્ત્રીઓએ નાસીપાસ થઇ એમ માની લેવાનું નથી કે—“ અમે એમાં શું કરી શકીશું ? ” અત્યારની પ્રવૃત્તિમાં ઘણી સ્ત્રીઓ યથાશક્તિ ભાગ લઈ રહી છે તેઓને અક્ષરજ્ઞાનની કેટલી જરૂર પડે છે તેનો મને અનુભવ છે. મને આ દેશની ખેડુત વર્ગની સ્ત્રીઓ સાથે પરિચય થયો છે. તે ઉપરથી જણાય છે કે અક્ષરજ્ઞાનની ઝાઝી જરૂર રહેતી નથી. ખેડા જીલ્લાની મારી ચળવળમાં મને ત્યાંની બ્હેનોએ ઘણી સારી મદદ કરી છે એમ મારે કહેવુ જોઇએ. ત્યાની સ્ત્રીઓના વિચારો મક્કમ હતા. તેઓએ, પુરૂષો જેલમાં જશે તો પાછળ આપણી શી હાલત થશે એનો વિચાર સુદ્ધાં કર્યો ન હતો. મને મારી આ બ્હેનોની એ વલણ બહુ મદદગાર થઈ પડી હતી.

સ્વદેશીવ્રત.

સ્વદેશીવ્રતની અંદર જ્યાંસુધી સ્ત્રીઓની પુરેપુરી મદદ ન હોય ત્યાંસુધી તે બરાબર પોળી ન શકાય. પુરૂષો ગમે તેટલી માથાફોડ કરે તો પણ તે વ્યર્થ છે. છોકરાં પાળવાં એ કામ માતાઓનું છે. છોકરાંઓની ઉપર માતાઓનો કાબુ વધારે હોય છે. તેમને કેવાં કપડાં પહેરાવવાં એનો નિર્ણય સ્ત્રીઓજ કરે છે. પુરૂષો સ્વદેશીવ્રતનું પાલન કરવાનો નિશ્ચય કરે, પણ જો સ્ત્રી–સંસાર એ વ્રતની સામે થાય તો પુરૂષો શું કરી શકે ? સ્ત્રીઓ ગૃહિણી કહેવાય છે, તેઓ ઘરની બાદશાહી ભોગવે છે, એટલા માટે આ સ્વદેશીવ્રતની અંદર બ્હેનોની મદદની પુરેપુરી જરૂર છે.

સ્ત્રીઓનો કપડાંનો ખર્ચ.

સ્ત્રીઓનો કપડા પાછળનો ખર્ચ પુરૂષો કરતાં ઘણો વધારે હોય એમ મને

લાગે છે. કપડાં-લત્તાંમાં નકામો ખર્ચ થાય એ ઇચ્છવાયોગ્ય નથી. જેઓને આંકડાઓનું જ્ઞાન છે તેઓ જોઈ શકશે કે આપણે દર વર્ષે હિંદુસ્તાનમાંથી ૧૦ કરોડ રૂપીયા ફક્ત સુતરાઉ કાપડ ખરીદવામાં બહાર ફેંકી દઇએ છીએ અને ૪ કરોડ રૂપીયા રેશમી કાપડ પાછળ ખર્ચી નાખીએ છીએ. હિંદની વસ્તી ૩૦ કરોડની ગણાય છે, એટલે માણસ દીઠ આપણે રૂા. બે હજાર કાઢી નાખીએ છીએ એમ સિદ્ધ થાય છે. એક અગ્રેજ લખી ગયો છે કે હિંદુસ્તાનમાં ભુખમરો શું કહેવાય તે કોઇ પ્રથમ જાણતું નહોતું! પહેલા આપણા ગૃહસ્થોના ઘરની અંદર પણ સુતર કાંતવાના રેંટીઆ રહેતા હતા. આથી તે વખતે હિંદુસ્તાનની લાજ અને માન બહુ સહેલાઇથી જળવાતા હતા. આજે આપણે જે સાઠ કરોડ રૂપીયા વિદેશમાં મોકલી દઇએ છીએ તે, તે વખતે બચી જતા હતા. આપણા વણકરો જેવું કાપડ તૈયાર કરતા હતા તેવુંજ આપણે પહેરતા હતા. તેને બદલે હાલમાં આપણે શું જોઇએ છીએ? પરદેશી વસ્ત્રોનો વપરાશ મુંબઇ ઇલાકામાં મ્હોટે ભાગે જોવામાં આવે છે. હિંદના બીજા ભાગોમાં સ્ત્રીઓ સ્વદેશીવૃત્તનું પાલન કરતી જણાય છે, કારણકે તેઓ ઘણેખરે ભાગે સ્વદેશી વસ્ત્રોનોજ ઉપયોગ કરે છે. આ બાબતમાં

પહેલો દોષ સ્ત્રીઓએ જ કરેલો છે.

તે દોષ તેમણે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. મુંબઇ વેપારનું એક મ્હોટું મથક છે. કેટલાક વેપારીઓએ પ્રથમ પરદેશી માલ મંગાવ્યો અને તે માલ તેમણે સ્ત્રીઓને બતાવ્યો. સ્ત્રીઓનું મન આ પરદેશી માલ તરફ લલચાયું, અને પોતાના દેશના માલની કાળજી રાખવી મુકી દઈ, આ વિદેશી માલ ઉપાડવો શરૂ કર્યો. આથી આપણે જે મહાપાપ કર્યું છે અને હજી પણ કરી રહ્યા છીએ તેમાંથી આપણે સત્વર છુટવું જોઇએ. હિંદુસ્તાનમાં બનતી વસ્તુ ગમે તેટલી ખરાબ હોય તો પણ આપણે તે પ્રેમપૂર્વક અંગીકાર કરવી જોઇએ. આપણાં છોકરાં કુબડાં અને કદરૂપાં હોય તો શું આપણે તેનો અનાદર કરીશું? ગમે તેવાં તો પણ તે આપણાં જ છે એમ માની આપણે તેને આપણી ગોદમાં લઇ વ્હાલ કરીશું. આપણા દેશના માલને માટે પણ તેમજ બનવું જોઇએ. સ્વદેશમાં બનેલાં કપડાં જો સુંદર ન હોય તો તે આપણાં છે એમ ધારી તેને સુંદર માની લેવાં જોઇએ. આંખ એવી સરળ વસ્તુ છે કે ધીમે ધીમે તે આપણને આધીન થઇ જાય છે. દૃષ્ટિ ટેવાયા પછી સ્વદેશી માલમાં અસુંદરતા જેવું કાંઇ લાગશે નહીં. દેશનો વૈભવ, સૌંદર્ય અને એવી બીજી વસ્તુઓ સાથે સ્ત્રીઓ ઘણો ગાઢ સંબંધ ધરાવે છે. હું પુછું છું કે શું અત્યારે

વૈભવ અને મોજશોખનો અવકાશ છે કે?

આપણા દેશમાં દુષ્કાળ પુઠે લાગેલોજ છે. કોલેરા, પ્લેગ અને બીજા રોગો દેશનો પીછો છોડતાજ નથી. આવે વખતે આપણે દેશની સ્થિતિનો કંઇક ખ્યાલ કરવો જોઇએ. આવે વખતે આપણે આપણા સઘળા વૈભવો અને મોજશોખોનો

પરિત્યાગ કરી વૈરાગ્યજ ધારણ કરવો જોઇએ. હું હમેશને માટે વૈરાગ્ય રાખવાનું તમને કહેતો નથી. જ્યારે આપણે પુન: પુર્ણ સુખનાં દિવસો પ્રાપ્ત કરી શકીએ, ત્યારે પછી આપણે ત્યજેલા વૈભવો અને મોજશોખોનો વિવેકપૂર્વક સ્વીકાર કરી શકીશું. આજે આપણો દેશ કંગાળ બનતો જાય છે. આપણે જો અત્યારે નહીં ચેતીએ તો પછી ભવિષ્યની પ્રજા તેના માત-પિતાઓને યાદ કરી આંખમાંથી આંસુ પાડશે !

નકશીવાળાં પરદેશી વસ્ત્રો નથી જોઇતાં !

અત્યારે વૈભવ-વિલાસોને દેશવટો આપવાની જરૂર છે. સ્ત્રીઓએ પુરૂષોને સાફ સાફ કહી દેવું જોઇએ કે-" અમને તમારાં આવા સફાઇદાર અને નકશીવાળા પરદેશી વસ્ત્રો નથી જોઇતાં ! અમને અમારા દેશના જ બનેલાં વસ્ત્રો લાવી આપો ! તે ગમે તેવા જાડા અને ખરબચડા હશે તો પણ અમે તેને સ્નેહ અને આદરથી સ્વીકારીશું !" સ્ત્રીઓએ જો આવી માગણી પ્રથમથીજ પુરૂષો પાસે રજુ કરી હોત તો આજે હિંદુસ્તાનની આવી શોચનીય હાલત ન હોત. પૂર્વે આપણા દેશમાં એવું ઝીણું સુતર કાંતવામા આવતું હતું કે અત્યારે સારામા સારા ગણાતા સંચાઓ પણ એવું સુતર કાઢી શકતા નથી આપણા તે ઉસ્તાદ કારીગરોનો, આપણી ઉપેક્ષાને લીધેજ, આજે નાશ થઇ ગયો છે. તેની સાથે આપણા દેશનું સૌદર્ય અને ગૌરવ પણ નાશ પામ્યા છે. આપણે તે ગુમાવેલાં માન-ગૌરવને પુન: પ્રાપ્ત કરવા તૈયાર થવું જોઇએ. કેટલીક બ્હેનો આ પ્રસંગે કદાચ એવો પ્રશ્ન કરશે કે અમારા

પુરૂષો કદાચ એમ કરવા ન દે તો?

હું એ પ્રશ્નના ઉત્તરમા જણાવું છુ કે સ્ત્રીઓમા એક એવી શક્તિ રહેલી છે કે તે પુરૂષોના મન જીત્યા વિના ન જ રહે. આ શક્તિ તે સદાચાર અને નિર્મળ પ્રેમની છે, જો દંપતીમાં સદાચાર અને નિર્મળ પ્રેમભાવ રહેલાં હોય તો તેઓમાં મતભેદ કદી થવા પામતો નથી બ્હેનો અને માતાઓ જ્યારે સ્વદેશી વ્રત લેશે ત્યારે તેમને કેટલીક મુશ્કેલીઓ પણ નડશે, એ મુશ્કેલીઓનો ખ્યાલ હું કરી શકું છું. અને એવા પણ કેટલાક સંદેશા બ્હેનો તરફથી મળ્યા છે કે અમારી પાસે રૂ. ૫૦૦) ની કીમતની સાડીઓ છે તેનું શું કરવું ? હું સુચવીશ કે જે બ્હેનોની સ્વદેશી વસ્તુ લેવાની ઇચ્છા ન હોય તેવાઓને તે કપડાં આપી દેવા જોઇએ અગર તે

સાડીઓ તમારી પેટીઓનેજ પહેરવા દો

તો તેમાં પણ હરકત નથી એ કીમતી સાડીઓ જો તમારી પેટીમાં પડી હશે અને તમે સ્વદેશી વસ્ત્રો વાપરતા હશો તો તમે તે પરદેશી સાડીઓ જોઇને, પૂર્વે કેટલો નકામો ખર્ચ કર્યો છે તેનો મુકાબલો કરી શકશો સ્વદેશીવ્રત લેનારાઓ એવા નજીવા લોગની બહુ દરકાર કરતા નથી. ધારો કે આપણે એક દવા રૂા. ૫૦૦ ની કીમત આપી બજારમાંથી ખરીદી લાવ્યા પણ પાછળથી ખબર પડી કે એ દવા તો

ઝેર છે. તો આપણે તે દવાનું શું કરીશું? રૂપીયા ખર્ચ્યાં માટે ગમે તે ભોગે પેટમાં નાખવી જ જોઇએ એવી મુર્ખાઇ શું આપણે કરી શકીશું? પરદેશી વસ્ત્રોના સંબંધમાં પણ એમજ માની લેવું જોઇએ. તમારાં વિદેશી વસ્ત્રો ગમે તેટલાં કીમંતી હોય પણ જો તમને સ્વદેશીવ્રત લેવાની હોંશ હોય તો જુનાં કપડાં બહુ લાંબો વિચાર ન કરતાં ફેંકી દેજો અથવા અન્ય કોઇને આપી દેજો. આપણા દેશનાં વસ્ત્રો ગમે તેવાં જાડાં હોય તો પણ તેને સુંવાળા અને સુંદર માની પહેરવાની શરૂઆત કરી દો. આજે અથવા કાલેજ સઘળી બ્હેનોએ સ્વદેશીવ્રત લઇ લેવું એવો હું અત્યાગ્રહ કરતો નથી. જેઓને તે વ્રત સંબંધી તૈયારીઓ કરવાની હોય તેઓ તેટલી તૈયારીઓ કર્યા પછી એ વ્રત લે તો તેમાં કાંઈ વાંધો નથી. બ્હેન શ્રી સરોજીની નાઇડુને સાત દિવસની મુદત આપવામાં આવી હતી, પરંતુ પરદેશી બધાં કપડાં પહેરાઇ-ઓઢાઇને ફાટી જાય ત્યાંસુધી બેસી રહેવું એ તો ઘણું ભારે થઇ પડે. એક-બે એવી કીમતી સાડીઓ જેની પાસે હોય તેઓને તો કદાચ દરગુજર કરી શકાય, પણ જેની પાસે ઢગલાબંધ વિદેશી વસ્ત્રો પડ્યાં હોય તેમને એ બધાં વસ્ત્રો પહેરી ફાડવાની સલાહ કેમ આપી શકાય? દેશની ખાતર એટલો ભોગ તો આપવોજ જોઇએ. જો તમારાં એ બધાં કપડાં ચોરાઇ ગયાં હોય તો તમે શું કરો? જો તમારી પાસે એ કપડાં રહે અને તમારો જીવ બળે એમ તમને લાગતું હોય તો એ કપડાં મને સોંપી દો, હું તેનો સદુપયોગ કરી નાખીશ. જેમનાથી સંપૂર્ણ સ્વદેશીવ્રત ન લઇ શકાય તેમને હું છેવટ અર્ધું સ્વદેશીવ્રત લેવાની પણ ભલામણ કરૂં છું.

લગ્નની નિષ્ફળતા—લગ્ન ક્યારે નિષ્ફળ નીવડે છે તેનાં અનેક કારણોમાં માત્ર એકજ સર્વથી સરસ કારણ જણાવનારને પચાસ ગીનીનું ઇનામ આપવાનું અમેરિકાના એક ચોપાનીઆના અધિપતિએ જાહેર કર્યું હતું. તેના જવાબમાં ઢગલાબંધ જવાબો ફરી વળ્યા હતા, જેમાં નીચલા જવાબો પસંદ કરવા જેવા હતા.

(૧) જ્યારે બાપ પોતાના બાળ-બચ્ચાંને ન્યુસંસ (વિઘ્નરૂપ) માને ત્યારે.

(૨) લગ્ન આગમચ હદ બહારની ચેસ્ટાઓ દર્શાવવામાં આવે ત્યારે.

(૩) પરણેલું જોડું એક-બીજાથી પોતાની ખાનગી વાતો છુપાવે ત્યારે.

(૪) ધણી જેમ ભીખારી તરફ પૈસો ફેંકે તેમ બૈરી તરફ (ઘરખર્ચ) માટે ફેંકે ત્યારે.

(૫) ધણીજી પોતાની ધણીઆણીને પોતાના સુખ-દુઃખની ભાગીયણ નહીં પણ ગુલામ તરીકે ગણે ત્યારે.

(૬) લગ્નને કાળી તથા સફેદ બાજુઓ હોય છે એમ ન સમજનાર ધણી મળે ત્યારે.

(૭) ધણીઆણી સાથે એક સ્વભાવ અને મિત્રો સાથે બીજો સ્વભાવ રાખે ત્યારે.

(૮) પોતાની પરણેતરને વખાણું અને શાબાશીની જરૂર હોય પણ તે તરફ બેદરકારી કરવામાં આવે ત્યારે.

(૯) સ્વામી પોતાની ઓરતની નાની નાની ભુલો તરફ ઉપેક્ષાની નજરે ન જુવે ત્યારે.

(૧૦) જ્યારે ભીખારીવર પોતાની બૈરીના બાપના પૈસા ઉપર તાગડધીન્ના કરવાનો ધંધો લઇ બેસે ત્યારે.

માતાના મનોરથો.

એક અંધારી ઓરડીમાં તુર્તના જન્મેલા બાળકને નિજ અંકમાં લઈ એક માતા ખાટલા પર બેસી કંઇ વિચારી રહી હતી.

બહાર સમસ્ત વિશ્વમાં સૂર્યનો પ્રકાશ વ્યાપી રહ્યો હતો.

તે વિચારતી હતી કે ' મારા બાળકને રમવા અન્ધાર જોઇએ છીએ તો પછી પ્રભુએ વિશ્વને પ્રકાશથી કેમ ભર્યું ? મારૂં બાળક માતાની ગોદની ગરમાગરમ હુંફ ચાહે છે તો પછી પવનના આ સુસવાટા શા માટે ? મારૂં લાડકડું બાળ, માના એક ધીમા હાલરડાથી જ સૂઇ જશે તો પછી આખા વિશ્વમાં વ્યાપી રહેલ આ કોલાહલ શો ? ખરે ! દયાળુ પ્રભુ, દયાળુ નથી પણ ક્રૂર છે. નહિં તો મારા બાળકને પ્રતિકૂલ વિશ્વ શા માટે બનાવે ?

* * * *

કેટલાંક વર્ષો પછી એક અન્ધારી રાત્રે મકાનની અગાસીમાં એક નાજુક પલંગ પર તેજ માતા પોતાના નિદ્રાવશ બાલકની બાજૂએ બેસી પ્રફુલ્લચિત્તે કઇ કંઈ વિચારો કરતી હતી.

આ શ્યામ કાજળ સમી રાત્રિ કેમ ગમે ? પ્રભુએ પ્રકાશ પેદા કરવામાં બહુ ઔદાર્ય વાપર્યું છે. કારણકે તે ઝળહળાટમાં મારો કન્હૈયો કેવો ખેલે છે ! રાત્રિની આ નીરવ શાન્તિ કોને ગમે ? મારા બાળકના રમ્ય કલરવથી ભંજાયલો કોળાહળ સાંભળું ત્યારેજ મારા જીવને કળ વળે ! આ શીતળ વાયુ વહ્યા જ કરો. મારા લાડીલાના મૃદુ કેશની લટો સાથે સૈરસલર અનિલ કેવો ખેલી રહ્યો છે ! અહો ! વિશ્વમાં આવાં અનુકૂળ સત્વો મારા બાલક માટે ઉત્પન્ન કરનાર પ્રભુ નિઃસંશય દયાળુજ છે !

આકાશમાં નવું વાતાવરણ પ્રસરી રહ્યું અને આ ભોળી-સ્નેહ-ઘેલી-માતાના આવા વિચારો પ્રત્યે રમ્ય તારામંડલ, ગાઢ અંધકાર અને શીતલ પવન મૃદુ મૃદુ હસવા લાગ્યા.

ગિરીશ.

બાળકની આત્મ–આહુતી !

(મી. મયંક.)

"બા, બા ! શું હું નહિ જીવું ? મરી જઈશ ?"

"ના, ભાઈ ના ! આમ ઘેલો થા માં ! જરા પાસું વાળી સૂઈ જા !"

"પણ બા, દાક્તરે કહ્યું'તું; હવે હું જીવવાનો નથી જ ! મારી આશા રાખવી તદ્દન નકામી જ છે."

"ના કહીએ છીએ, છાનો માનો લવારીએ ચઢ્યા વિના સૂઈ જાને ! ભાઈ, તારૂં માથું ચઢશે, હવે જરા જંપીશ ?"

"જંપીશ–સૂઈશ ! બા, હવે હું થોડા સમયમાં જ સૂઈશ ! તું બોલાવીશ–વિનવીશ–ઘણુંઘણું કરગરીશ, પણ પછી તે નિદ્રામાંથી તો ઉઠીશ જ નહી !"

વ્યાધીથી પીડાતો બાળક મૃતશય્યાપર પડયો પડયો દુઃખિત હૃદયે પોતાની નજદિકમાં બેઠેલી માતાની સાથે આ પ્રમાણે સંવાદ–વિવાદ કરતો હતો. તેની પ્રેમાળ જનેતા તેના દુઃખદ હૃદયને નિહાળી આશ્વાસન આપતી, પુત્રને શાન્તિથી સૂઈ રહેવા, અને દાક્તરના અભિપ્રાય અનુસાર વારંવાર બોલવા ચાલવા ન દેવા માટે અનેક પ્રયત્નો કરી રહી હતી. આખરે કંટાળી દુઃખથી ગભરાઇ તેના પ્રત્યે ક્વચિત્ કઠોર વાકયો પણ ઉચ્ચારતી.

કેટલીકવાર પછી માતા પુત્રના અસહ્ય દુઃખને નિહાળી આંખમાં અશ્રુધારા વહેવરાવવા લાગી. આ સમયે પુત્ર પાસું વાળી જરાક જંપ્યો હતો. કિન્તુ માતાના સ્વાભાવિક રુદન કિંવા કલ્પાંતથી તેનું ધ્યાન તેના પ્રતિ દોરાયું. જનનીની દશા અવલોકતાં બીમાર બાળકની એજ સ્થિતિ થઇ !

પથારીવશ બાળકની ઉમ્મર બારેક વર્ષની હશે. તેની માતા વિધૂર છે. તે જ્યારે ગર્ભાશયમાં હતો ત્યારે તેના પિતા કોઇ આકસ્મિક વ્યાધીથી કૈલાસવાસી થયા હતા. જે બાળક આજે મૃત્યુના મુખમાં પડેલું છે. અને આ ક્ષણભંગૂર અવનિનુ અલ્પ સમય માટેનું મહેમાન છે, તે આ વિધુર વનિતાનું સર્વસ્વ આ ફાની દુનિયાને ત્યાગી જશે, એમ વૈદ્ય, દાક્તર તથા હકીમોના અભિપ્રાય મળી ચૂકયા હોવાથી તે નિરાધાર અબળા હવે કેવળ જગન્નિયતા નારાયણનો જ આશ્રય લઈ બેઠી હતી.

તે વિધવાનું નામ ઉમા હતું. તેના પુત્રનું નામ યાદવ હતું. યાદવ તેની માતાની પરવાનગી કિંવા અનુમતિ સિવાય કોઇ કાર્ય કરતો નહિ તેની રજા વગર

ઘરનું આંગણું મૂકી બહાર જતો નહિ, તેની માતા કહે તેટલુંજ તે કરતો. એટલે કે તે સર્વદા તેની માતાની આજ્ઞાનુસાર જ વર્તતો, પરન્તુ આજે તેના ભાવિએ તેને અવળો માર્ગ સૂઝાડયો હતો, મહાત્મા ગાંધીજી દિલ્હીમાં કેદ થયાના સમાચાર મળતાંજ અમદાવાદમાં આજે હડતાલ પડી હતી. સર્વ વ્યાપારી તથા મજુરવર્ગનું શોક પ્રદર્શિત કરતું ટોળું (Mob) શહેરના જાહેર-સરીયામ રસ્તાઓપર આમતેમ ફરવા લાગ્યું. કેટલાક અટકચાળા અને તોફાની છોકરાઓ તથા મજૂરો સરકારી મકાનોપર પત્થરનો વર્ષાદ વરસાવવા લાગ્યા. અને રસ્તે આવનાર જનાર મનુષ્યોને નિરર્થક હયરાન કરવા લાગ્યા. છેવટે એકાદ-બે યુરોપિયન સાર્જન્ટોએ તેમને અટકાવ્યા, પરન્તુ તોફાન શાન્ત પાડવા જતાં હુલ્લડ એકદમ વધી પડયું અને અન્તે પરિણામમાં ગોળી બહાર શરુ થયો. કેટલીક નિર્દોષ વ્યક્તિઓ ઘાયલ થઇ, તેમાં વિધવા ઉમાનો પુત્ર યાદવ પણ હતો.

ઉમા એક નિરાધાર વિધવા હતી. તેનો પતિ વ્યભિચારી અને દુર્ગુણી હોવાથી, તેણે ગરીબ બિચારી ઉમા માટે કાંઇ પણ પૈસો ટકો કિંવા સ્થાવર કે જંગમ મિલ્કત રાખી નહોતી. તેના પિયેરનો આશ્રય તેને પ્રથમથી જ મળ્યો નહોતો. તોપણ વિધવા ઉમા પારકી ખુશામત કરી, લોકોનાં મ્હેણાં ટોણાં ખાઇ-ઘઠી દળી પોતાના એકના એક પુત્ર યાદવને અસહ્ય સંકટો વેઠી ઉછેરતી હતી; ત્યાં આ એક નવિન ઘટના બની !

આપત્તિ આવે છે ત્યારે ચારે દિશામાંથી આવે છે ! ઉમાને પ્રસૂતિના દિવસોથી ક્ષયનો ભયકર વ્યાધિ લાગુ પડયો હતો. તે પોતાનું દુઃખ તો કોઇને કહી શકતી જ નહોતી. તેનું શરીર હંમેશ અસ્વસ્થ રહેતું. તથાપિ તે નિત્ય કાર્યક્રમ તો ન છૂટકે કર્યા કરતી. છેવટે થાકી ઘરના એક ખૂણે બેસી પુષ્કળ રડતી અને છેવટે શાન્ત થતી.

" બા, બા, આમ નાહક રડે છે શું કામ ? હજી તો હું હયાત છું, જીવું છું. રડજે, મારા મૃત્યુ પછી સદાયે રડયા કરજે, હું તારી આ સ્થિતિ નથી જોઈ શકતો ! છાની રહે ? રડીશ નહિ ! મારૂં અવસાન બગડશે. જીવ તારામાં ભરાઇ રહેશે; કોઇ વસ્તુમાં જીવ ભરાઇ રહેવાથી મનુષ્ય અવગતિયૂં થાય છે, બા ! મારી તે સ્થિતિ કરવાને શું તું રાજી છે ? "

" ના, ભાઇ ના !

" તો છાની રહે, રડ માં !

" લે, હું છાની રહું છું. પણ તું આ લવારો મૂકી જંપીશ ?"

" બા, મેં તને એકવાર તો કહ્યું; કેટલીકવાર કહું ? હવે અલ્પ સમયમાં સદાને માટે જંપીશ ! વાર નથી, જો ! ઓ આવ્યા, મૃત્યુના દૂત ઓ આવ્યા ! હા, હા, હસિતવદને મારૂં સન્માન કરે છે ! હું પણ ત્યાં જવા તત્પર છું ! "

ા : "કોઇએ નથી બાપલા ! ત્યાં કોઇ નથી. હા ! તને આ શું થયું ? હા, પ્રભુ ! તને આ શું સૂઝયું ?"

"ઠીક સૂઝયું છે; બા, પ્રભુનો અલ્પ પણ દોષ નથી. મારૂં આયુષ્ય આટલુંજ નિર્માયું હશે. તારી સાથે મારો સમ્બન્ધ એવોજ લખાયો હશે. તારા ભાવિમાં પુત્રવિયોગ હશે. પણ બા, મારૂં મૃત્યું સુધારજે. જો તે તારે હાથ છે, આ તારા બાળકને હવે સુખેથી સ્વર્ગગમન કરવા દેજે !"

• યાદવને સન્નિપાત લાગુ પડયો છે, એ ઉમા અચ્છીતરેહથી જાણે છે, દાકતરોએ કહ્યું હતુ કે, બાળક લગભગ કલાક અગર બે કલાક જીવે તો પુરા સદભાગ્ય ! ઉમાની હવે ધિરજ ખુટી પડી. તે અત્યંત આક્રંદ કરવા લાગી. તેના ઉભય નેત્રોમાંથી ચોધારો અશ્રુપ્રવાહ વહન કરવા લાગ્યો. તથાપિ યાદવ મૃત્યુની શય્યામાંથી ઉઠી પોતાની માતાને અંતિમ સમયે પણ આશ્વાસનો અને હિમ્મત આપ્યા કરતો હતો.

ઘડિયાળમાં પાંચના ટકોરા થયા. આ સમયે યાદવનો પ્રાણવાયુ આકાશ પ્રતિ પ્રયાણ કરવા તલપાપડ થઇ રહ્યો હતો. તેના મૂખારવિંદમાંથી આ સમયે પણ "બા ! બા ! પ-રમૂ" એ શબ્દો તુટી ભાષામાં નિકળતા હતા. તે ઇસારાપૂર્વક બ્યોમને બતાવી કંઇ ગુઢ રહસ્ય સૂચવતો હતો. પરન્તુ તેનો ભાવાર્થ ઉમા કાંઇ સમજી શકી નહીં. થોડી ક્ષણો પસાર થતાં બાળકની ભાષામાં કંઈક શુદ્ધિ તથા ચૈતન્ય આવવા લાગ્યું. અસ્ત પામતો દીપક જેમ છેલ્લા એક ચમકારથી પોતાનો પ્રભાવ જગતને બતાવતો જાય તેમ તે બાળક પણ આવેશ પૂર્વક માતાને સંબોધી બોલવા લાગ્યો:-

"મા ! આ યાદવની હવે ચિંતા ન કરીશ. તું જ મને બાલ્યાવસ્થામાં કહ્યા કરતી કે શુદ્ધ ક્ષત્રાણીઓ એકવાર પોતાના બાળકોને રણમાં મોકલી હસતે વદને મૃત્યુને શરણે જવાનો ઉપદેશ કરતી. હું યુદ્ધમાં નથી ગયો, યુદ્ધમાં જવા જેવો લાયક પણ નથી થયો. પરન્તુ મારા બંધુઓની મધ્યમાં તેમને શુદ્ધ-નિર્દોષ સલાહ આપતાં ઘાયલ થયો છુ, એ મારૂં પરમ સદભાગ્ય છે. પ્રજાના ઇતિહાસમાં ગણ્યા-ગાંઠ્યા વીર પુરૂષોનેજ સર્વસ્વનો ભોગ આપવો પડે છે એમ કઇજ નથી. મારા જેવા અસંખ્ય બાળકો અને યુવકોએ પોતાનું જીવન ધર્મ અને દેશની ખાતર અર્પણ કરી દેવું જોઇએ. આપણા દેશબધુઓ હજી ઘણા અજ્ઞાન અને પછાત છે. તેમને પ્રગતિનો રાજમાર્ગ દર્શાવવા અને મહાત્મા ગાંધીજીના મહાન્ ઉદ્દેશો સમજાવવા, પ્રસંગ આવ્યે મોતનું સંકટ પણ વ્હોરી લેવું જોઇએ. મારા જેવા નિર્દોષ મનુષ્યોના મૃત્યુથી મારા બધુઓને કંઇક શિક્ષણ મળશે. હિંદનો ઉદ્ધાર મારફાડથી નહીં પણ નીતિથી, ધર્મથી, શાંતિથી, સત્યથી થવાનો છે એવું કંઇક તેમને ભાન થશે. એટલું થશે તો પણ હું મારી આ ટુકી જીદગીને કૃતાર્થ માનીશ."

માતાને સહેજ આશા આવવા લાગી ! તે જાણે કોઇ દૈવી સંગીત સાંભળતી હોય તેમ આશ્ચર્યમુગ્ધ બની બેસી રહી ! તેને ખબર નહોતી કે આ પ્રકાશ અને

ચૈતન્ય તો અસ્ત પામતા એક દીપકનો અંતીમ ચમકારજ હતો. ચાહવ બોલતાં બોલતાં અશક્ય થઇ ઢળી પડયો. માતાએ જોયુ તો પુત્રનો પ્રાણુપંખી પિંજરામાંથી ઉડી ગયો હતો. માતા હવે કોના આધારે જીવી શકે ? તેનું અવલંબન તુટી ગયું ! તે પણ તેજ ક્ષણે પૃથ્વી ઉપર મુર્છિત થઇ ઢળી પડી ! છેવટે પુત્ર તથા માતાની એકજ સ્થિતિ થઇ ! બન્ને વચ્ચે માત્ર દશ મીનીટ જેટલો વિલબ રહ્યો. સ્વર્ગમાં તેઓ એકત્ર થયા હશે કે કેમ તે કોણ કહી શકે ?

શુદ્ધ સ્નેહ ભાવના.

(યોજક:-વનમાળી)

તોટક.

અવસાન પછી, પ્રિય જો જગમાં,
મુજ શોધ કદી, કરશે તું, સખે !
કુસુમો તણી સૌ કળિએ, કળિએ,
મુજ મંગળ-મૂર્તિ ત્હને મળશે !! ૧
પ્રિય, જે હૃદયે વહતી દિસતી,
રસ સ્નેહ તણી, સરિતાજ સખે !
પ્રિય, કોમળ તે હૃદયો મહિંએ,
મુજ મંગળ-મૂર્તિ ત્હને મળશે !! ૨
પ્રિય, અદ્‌ભુત સૂર્ય પ્રકાશ મહીં,
રજનીપતિની શિત કાંતિ મહીં,
તિમિરે પણ વ્યોમ મહીં તરતી,
મુજ મંગળ મૂર્તિ ત્હને મળશે !! ૩
રવિ અસ્ત થતાં, નદિના જળમાં,
ફુટતીજ ઉષા તણી આકળમાં,
કુમળા રવિના કિરણે કિરણે,
મુજ મંગળ-મૂર્તિ ત્હને મળશે !! ૪
વળી કોકિલના, મીઠડા રવમાં,
સહુ પક્ષિ તણા મધુ સગિતમાં,
પરમેશ તણી, કૃતિએ કૃતિએ,
પ્રિય મંગળ-મૂર્તિ ત્હને મળશે !! ૫

સાચા અલંકાર.

(લેખક:— નલિનીકાન્ત)

એક રમ્ય સંવાદ.

સ્થળ—કન્યા વિદ્યાલયની લાયબ્રેરીનો હોલ

પાત્ર—શ્રી શિક્ષિકા.

(રમા, ઇન્દુ, જયા, વસન્ત વિગેરે બાળાઓ)

શ્રી શિક્ષિકા—(બાળાઓને સંબોધીને) 'બ્હેનો ! આવતા માસમાં આપણા દેશના એક આદર્શ કર્મયોગી મહાત્મા ગાંધીશ્રી આ ગામમાં પધારવાના છે. તેઓશ્રીના સન્માનાર્થે એક સુંદર સંવાદ તમને અપાએલા વિદ્યાભ્યાસના સંસ્કાર રૂપે, તેઓશ્રી સમક્ષ કરી બતાવવાનો છે. તો બ્હેનો ! તમે સર્વે તે કાર્ય માટે તૈયાર થઇ આજે 'રીહર્સલ' હોવાથી વખતસર હાજર થશો.'

(બાળાઓ સર્વે જાય છે. સ્વચ્છ વસ્ત્રો પહેરી વખતસર હાજર થાય છે).

વસન્ત, પ્રથમ દિરમાંના એક કબાટમાંથી મનગમતુ પુસ્તક લઇ વાંચી રહી છે.

રમા.—'અલી વસન્ત ! ત્હારા કાનનુ એરીંગ ક્યાં સરી ગયું છે ? ત્હારા અલંકારનું પણ તને ભાન નથી ? અને એ ક્યારથી પુસ્તકો જોવામા તલ્લિન થઇ રહી છે '

વસન્ત—'વારૂ બેન ! આજે ન્હાતી વખતે એક એરીંગ સરી જવાથી મ્હે તુર્ત કહાડી મ્હારી બાને સોંપી દીધુ છે, તને કદાચ એક કાનમા મ્હે પ્હેરેલું છે, અને બીજામાં નથી એથી શરીરની શોભામાં જરા ન્યૂનતા જેવુ દેખાતું હશે. પરંતુ, બેન ! મને આ શરીર પરના લગભગ બધા અલંકાર ભારરૂપ જ જણાય છે. '

જયા—'અરે વાહ ! આવાં જ્ઞાની અને શરીરની શોભાનાં અલંકાર જેવાં સાધનને ભારરૂપ સમજનારાં તો આજેજ જોયાં.'

રમા—'શરીર પરનાં અલંકાર ભારરૂપ છે, એ તો આજે જ જાણ્યું.'

ઇન્દુ—'એકાદ અલંકાર ઓછુ પ્હેરી નિશાળે જઇ શકાય તો એકાદ વસ્ત્ર ઓછુ પ્હેરી શા માટે બ્હાર ન જવાય ? બોલો ! મ્હારા વિયોગી વસન્ત બેન !'

વસન્ત—'ઇન્દુ ! વસ્ત્રો એ શરીરની મર્યાદા સાચવવા માટે પૂરાં ઉપયોગી છે; અલંકારથી એવી કોઇ પણ પ્રકારની મર્યાદા સચવાતી હોય તેમ હું માનતી નથી.'

રમા—'અલંકાર માટે આદિ કાળથી પુરૂષોએ લાખો રૂપિઆનો ખર્ચ કર્યો છે, એ શું મૂર્ખ હતા? અથવા તો શરીરની શોભાઓ કન્યાઓ માટે મંગળરૂપ નથી?

વસન્ત—'નિ:શંક! વસ્ત્રાલંકાર એ શરીરની શોભા પુરતા મંગળરૂપ છે, પણ એવું બ્હારથી શોભતું વાતાવરણ અંતરની શોભા વધારી શકતું નથી. બેન! રમા, હું તો અંતરનું કલ્યાણ કેમ થાય એવુંજ સતત્ ઈચ્છું છું.'

જયા—'અંતરનું કલ્યાણ શાથી કરી શકશો બેન! શાળામાં આવી અભ્યાસ કરવાથી અંતરનું કલ્યાણ શું નથી થઈ શકતું?'

વસન્ત—'અલબત્ત! અભ્યાસથી આંતરિક કલ્યાણ સાધી શકાય છે, પરંતુ આપણી શાળાઓમાં એવું ઉચ્ચ શિક્ષણ અપાતું નથી, કે જેથી આત્મબળ વધે, સંસાર પરનો મોહ ઓછો થાય અને સત્ય જ્ઞાન મળે.'

ઇન્દુ—'ત્યારે વસન્ત બેન! તમેજ કહો જોઈએ, આપણાં હિન્દુ કન્યાવિદ્યાલયોમાં અપાતા શિક્ષણથી બાળાઓમાં કેવા સંસ્કાર પડે છે?'

વસન્ત—'આપણી શાળાઓનાં હાલના શિક્ષણથી આપણાં જીવન સંસ્કારી થવાને બદલે ફેશનના મિથ્યા સુધારામાં આગળ વધ્યાં છે; નથી શિક્ષણ મળતું પવિત્રતાનું, કે નથી શીખવાતું સ્ત્રી જીવનનું મહત્વ! તોપછી શુદ્ધ નીતિ–શુદ્ધ પ્રેમ અને સત્ય જ્ઞાનના ઉન્નત સંસ્કાર આપણામાં ખીલેજ ક્યાંથી?'

જયા—'ત્યારે એવું સત્ય જ્ઞાન પામવું ક્યાંથી?'

ઇન્દુ—'શુદ્ધ નીતિ પ્રાપ્ત કરવાનાં સાધન શું?'

વસન્ત—'શુદ્ધ નીતિ પ્રાપ્ત કરવા માટે આપણા દેશની પ્રાચીન સતીઓ–સેવિકાઓ અને બ્રહ્મચારિણીઓનાં જીવનનું આપણને બાળપણથી શિક્ષણ મળવું જોઇએ. આપણાં અંતરને શોભાવનારા સાચા અલંકાર, વિદ્વાનોએ શી રીતે વર્ણવ્યા છે તે બરાબર જાણવું, એનું નામ સત્યજ્ઞાન; અને આવા પ્રકારનાં જ્ઞાનથી જ્યારે સંસારપરનાં મોહ–આસક્તિ બધું છુટી જાય છે ત્યારે શુદ્ધ રસિકતા અંતરમાં સ્ફુરે છે!'

રમા—'ત્યારે એવા અંતરને શોભાવનારા સાચા અલંકારો ક્યા?'

વસન્ત—'સાંભળો, મ્હારી પ્રિય બ્હેનો! આપણા દેશનાં આદર્શ સ્ત્રીરત્નોનાં જીવનનો અભ્યાસ કરવાથી એ સાચા અલંકારો આપણને સ્વત: પ્રાપ્ત થાય છે.'

ઇન્દુ—'તે શી રીતે બેન!'

વસન્ત—'બેનો! ઉદાહરણરૂપે આપણાં પ્રાત:સ્મરણીય ભગવતી સીતાનું જીવન જૂઓ! સીતામૈયાનું જીવન આપણને શું શીખવે છે? દયા, મહાનુભાવતા, નમ્રતા, સહિષ્ણુતા અને સ્ત્રી–જીવનની સભ્યતા વિગેરે દૈવી સદ્ગુણો સાથે, ગમે તેવી વિપત્તિમાં પતિનો સહચાર ત્યજવો નહિ, વડીલ અને ગુરૂજનની આ-

જ્ઞાનું યથાર્થ સત્વર પાલન કરવું, કુળધર્મનું રક્ષણ કરવું અને સ્ત્રી-જીવનને શીયલથી સંસારમાં શોભાવવું એથી અંતરનું પરમ કલ્યાણ થાય છે માટે બ્હેનો! અંતરને શોભાવનારા સાચા અલંકારો તો ખરેખર તેજ છે, હું એજ અલંકારોની ઉપાસક છું. ઉપાસનાના દેવરૂપે વિરાજેલા આ પુસ્તકોની સેવા કરૂં છું, અને દેવના નિવાસરૂપ આ ગ્રંથમન્દિરમા આવી, દેવસેવામા એકાગ્ર થઇ રહુ છુ.'

સ્ત્રી શિક્ષક—' શાબાશ બ્હેન! શાબાશ! તે વર્ણવેલા, અંતરનું કલ્યાણ કરનારા સાચા અલંકારો આપણાં દેશની બાળાઓ ધારણ કરે, શાળામાં અપાતા શિક્ષણ સાથે સંસ્કાર પ્રાપ્ત કરે, પ્રાચીન સન્નારીઓના ગૌરવને ઉજ્વળ કરે, અને નીતિમય શુદ્ધ જીવન સંપાદન કરી સત્યજ્ઞાનની અધિકારિણી બને એવો મ્હારા અંતરનો શુભાશીર્વાદ છે બ્હેનો! તમારૂં પરમ કલ્યાણ હો!'

વસન્ત—' બોલો, ભગવતી સીતામૈયાની જય.'

સર્વે સાથે—'સીતામૈયાની જય! ગુર્જર માતની જય! વસન્ત બેનની જય!'

(મ્હોટા શબ્દથી જય ગર્જના કરી સરલિકા દેવીના ઓવારણાં લેતી સર્વ બાળાઓ વિદાય થાય છે.)

---

(૧) કોથમીરની ચટણી—૬ રૂપિઆભાર કોથમીર, ૧॥ રૂપિયાભાર કોપરૂં અને ૧॥ રૂપિયાભાર ખસખસ, એ સર્વને ભેગાં કરી સારી રીતે એક નીસોતરા ઉપર લસોટી તેમાં બે રૂપિયાભાર વડાગરૂં મીઠું તથા ત્રણ ચાર લીંબુનો રસ નીચોવી ફરીથી તેને લસોટવું. આવી રીતે તૈયાર કરેલી ચટણી ઘણી સ્વાદિષ્ટ બને છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં જ્યારે કોથમીર વધારે સસ્તી મળે છે, ત્યારે આવી રીતે ચટણી બનાવવાથી તે ઘણી સસ્તી થઇ પડે છે.

(૨) આદાની ચટણી—૬ રૂપિયાભાર આદુ, ૭ રૂપિયાભાર કોથમીર, ૧ રૂપિયાભાર ફુદીનો, ૨ રૂપિયાભાર લીલાં મરચાં, ૨ રૂપિઆભાર કોપરૂ, ૨ રૂપિયાભાર ખસખસ, ૧॥ રૂપિયાભાર મીઠું, એ સર્વને એકઠું કરી નીસોતરા ઉપર સારી રીતે લસોટવુ. અંદર જરૂર પડે તો ઘણુ થોડા પ્રમાણમાં ગોળ નાખવાને પણ હરકત નથી આ પ્રમાણે તૈયાર થયેલી ચટણીમાં બે ત્રણ લીંબુનો રસ નીચોવીને તેને હલાવી નાખવાથી એ ચટણી ઘણીજ સ્વાદિષ્ટ થાય છે.

(૩) મીઠા લિંબડાની ચટણી—૨ રૂપિયાભાર મીઠા લિંબડાનાં પાન, ૧ રૂપિયાભાર આદુ, ૧ રૂપિયાભાર કોપરૂં, ૧ રૂપિયાભાર ખસખસ, તથા ૧૮ લીલાં મરચાં, એ સર્વ વસ્તુઓને એકઠી કરીને ખાંડણીમાં કચરી પછી તેને નીસોતરા ઉપર સારી રીતે લસોટવી. આવી રીતે તૈયાર થયેલી ચટણીમા ત્રણ રૂપિયાભાર મીઠું તથા ૧ રૂપિયાભાર લિંબુનો રસ નાખી તેને હલાવીને તૈયાર કરવી.

રમા—'અલંકાર માટે આદિ કાળથી પુરૂષોએ લાખો રૂપિઆનો ખર્ચ કર્યો છે, એ શું મૂર્ખ હતા? અથવા તો શરીરની શોભાઓ કન્યાઓ માટે મંગળરૂપ નથી?

વસન્ત—'નિઃશંક! વસ્ત્રાલંકાર એ શરીરની શોભા પુરતા મંગળરૂપ છે, પણ એવું વ્હારથી શોભતું વાતાવરણ અંતરની શોભા વધારી શકતું નથી. બેન! રમા, હું તો અંતરનું કલ્યાણ કેમ થાય એવુંજ સતત્ ઈચ્છું છું.'

જયા—'અંતરનું કલ્યાણ શાથી કરી શકશો બેન! શાળામાં આવી અભ્યાસ કરવાથી અંતરનું કલ્યાણ શું નથી થઈ શકતું?'

વસન્ત—'અલબત્ત! અભ્યાસથી આંતરિક કલ્યાણ સાધી શકાય છે, પરંતુ આપણી શાળાઓમા એવુ ઉચ્ચ શિક્ષણ અપાતું નથી, કે જેથી આત્મબળ વધે, સંસાર પરનો મોહ ઓછો થાય અને સત્ય જ્ઞાન મળે.'

ઇન્દુ—'ત્યારે વસન્ત બેન! તમેજ કહો જોઈએ, આપણાં હિન્દુ કન્યાવિદ્યાલયોમાં અપાતા શિક્ષણથી બાળાઓમાં કેવા સંસ્કાર પડે છે?'

વસન્ત—'આપણી શાળાઓનાં હાલના શિક્ષણથી આપણાં જીવન સંસ્કારી થવાને બદલે ફેશનના મિથ્યા સુધારામાં આગળ વધ્યાં છે; નથી શિક્ષણ મળતું પવિત્રતાનું, કે નથી શીખવાતું સ્ત્રી જીવનનું મહત્વ! તોપછી શુદ્ધ નીતિ-શુદ્ધ પ્રેમ અને સત્ય જ્ઞાનના ઉન્નત સંસ્કાર આપણામાં ખીલેજ ક્યાંથી?'

જયા—'ત્યારે એવું સત્ય જ્ઞાન પામવું ક્યાંથી?'

ઇન્દુ—'શુદ્ધ નીતિ પ્રાપ્ત કરવાનાં સાધન શું?'

વસન્ત—'શુદ્ધ નીતિ પ્રાપ્ત કરવા માટે આપણા દેશની પ્રાચીન સતીઓ-સેવિકાઓ અને બ્રહ્મચારિણીઓનાં જીવનનું આપણને બાળપણથી શિક્ષણ મળવું જોઇએ. આપણાં અંતરને શોભાવનારા સાચા અલંકાર, વિદ્વાનોએ શી રીતે વર્ણવ્યા છે તે બરાબર જાણવુ, એનું નામ સત્યજ્ઞાન; અને આવા પ્રકારનાં જ્ઞાનથી જ્યારે સંસારપરનાં મોહ-આસક્તિ બધું છુટી જાય છે ત્યારે શુદ્ધ રસિકતા અંતરમાં સ્ફુરે છે!'

રમા—'ત્યારે એવા અંતરને શોભાવનારા સાચા અલંકારો ક્યા?'

વસન્ત—'સાંભળો, મ્હારી પ્રિય બ્હેનો! આપણા દેશનાં આદર્શ સ્ત્રીરત્નોનાં જીવનનો અભ્યાસ કરવાથી એ સાચા અલંકારો આપણને સ્વતઃ પ્રાપ્ત થાય છે.'

ઇન્દુ—'તે શી રીતે બેન!'

વસન્ત—'બેનો! ઉદાહરણરૂપે આપણાં પ્રાતઃસ્મરણીય ભગવતી સીતાનું જીવન જૂઓ! સીતામૈયાનું જીવન આપણને શું શીખવે છે? દયા, મહાનુભાવતા, નમ્રતા, સહિષ્ણુતા અને સ્ત્રી-જીવનની સભ્યતા વિગેરે દૈવી સદ્ગુણો સાથે, ગમે તેવી વિપત્તિમાં પતિનો સહચાર ત્યજવો નહિ, વડીલ અને ગુરૂજનની આ-

જ્ઞાનુ યથાર્થ સત્કાર પાલન કરવુ, કુળધર્મનું રક્ષણ કરવુ અને સ્ત્રી–જીવનને શીયલથી સંસારમા શોભાવવુ એથી અ તરનુ પરમ કલ્યાણ થાય છે માટે બેનો! અંતરને શોભાવનારા સાચા અલંકારો તો ખરેખર તેજ છે, હું એજ અલંકારોની ઉપાસક છું. ઉપાસનાના દેવરૂપે વિરાજેલા આ પુસ્તકોની સેવા કરૂં છુ, અને દેવના નિવાસરૂપ આ ગ્રંથમન્દિરમા આવી, દેવસેવામા એકાગ્ર થઇ રહુ છુ '

સ્ત્રી શિક્ષક—' સાબાશ બેન! સાબાશ! તે વર્ણવેલા, અંતરનુ કલ્યાણ કરનાર સાચા અલંકારો આપણાં દેશની બાળાઓ ધારણ કરે, શાળામાં અપાતા શિક્ષણ સાથે સસ્કાર પ્રાપ્ત કરે, પ્રાચીન સન્નારીઓના ગૌરવને ઉજ્વળ કરે, અને નીતિમય શુદ્ધ જીવન સંપાદન કરી સત્યજ્ઞાનની અધિકારિણી બને એવો મ્હારા જીગરનો શુભાશીર્વાદ છે બ્હેનો! તમારૂ પરમ કલ્યાણ હો!'

વસન્ત—' બોલો, ભગવતી સીતામૈયાની જય.'

સર્વે સાથે—'સીતામૈયાની જય! ગુર્જર માતની જય! વસન્ત બેનની જય!'

(મ્હોટા શબ્દથી જય ગર્જના કરી સરક્ષિકા દેવીના ઓવારણા લેતી સવ બાળાઓ વિદાય થાય છે.)

---

(૧) કોથમીરની ચટણી—૬ રૂપિઆભાર કોથમીર, ૧॥ રૂપિયાભાર કોપરૂ અને ૧॥ રૂપિયાભાર ખસખસ, એ સર્વને ભેગા કરી સારી રીતે એક નીસોતરા ઉપર લસોટી તેમા બે રૂપિયાભાર વડાગરૂ મીઠુ તથા ત્રણ ચાર લીંબુનો રસ નીચોવી ફરીથી તેને લસોટવું. આવી રીતે તૈયાર કરેલી ચટણી ઘણી સ્વાદિષ્ટ બને છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમા જ્યારે કોથમીર વધારે સસ્તી મળે છે, ત્યારે આવી રીતે ચટણી બનાવવાથી તે ઘણી સસ્તી થઇ પડે છે

(૨) આદાની ચટણી—૬ રૂપિયાભાર આદુ, ૭ રૂપિયાભાર કોથમીર, ૧ રૂપિયાભાર ફુદીનો, ૨ રૂપિયાભાર લીલાં મરચા, ૨ રૂપિઆભાર કોપરૂ, ૨ રૂપિયાભાર ખસખસ, ૧॥ રૂપિયાભાર મીઠું, એ સર્વને એકઠુ કરી નીસોતરા ઉપર સારી રીતે લસોટવુ. અ ઠર જરૂર પડે તો ઘણુ થોડા પ્રમાણમાં ગોળ નાખવાને પણ હરકત નથી આ પ્રમાણે તૈયાર થયેલી ચટણીમા બે ત્રણ લીંબુનો રસ નીચોવીને તેને હલાવી નાખવાથી એ ચટણી ઘણીજ સ્વાદિષ્ટ થાય છે

(૩) મીઠા લિંબડાની ચટણી—૨ રૂપિયાભાર મીઠા લિંબડાના પાન, ૧ રૂપિયાભાર આદુ, ૨ રૂપિયાભાર કોપરૂ, ૧ રૂપિયાભાર ખસખસ, તથા ૧૮ લીલાં મરચા, એ સર્વ વસ્તુઓને એકઠી કરીને ખાંડણીમા કચરી પછી તેને નીસોતરા ઉપર સારી રીતે લસોટવી. આવી રીતે તૈયાર થયેલી ચટણીમા ત્રણ રૂપિયાભાર મીઠું તથા ૧ રૂપિયાભાર લિંબુનો રસ નાખી તેને હલાવીને તૈયાર કરવી.

ઉઘડતો પત્ર.*

(સંપાદક—ભાઇશંકર ગૌરીશંકર શીહોરી—ભાવનગર.)

સૌ. પ્રિયે!

અહીંથી ચાલ્યા પછી ઇશ્વરકૃપાથી તું નિર્વિઘ્ને ઘેર પહોંચી ગઇ હઇશ. ચાલતી વખતે તને મળવાની ઘણી ઉત્કંઠા હતી, પણ હાય!! આપણા વ્યવહારમાં પ્રચાર પામી ગયેલી રૂઢીઓને લઇને તને છેલ્લી વખતનો આશીર્વાદ પણ ન આપી શકયો, તો પછી બે શબ્દો સાંભળવાનો તો અવકાશ જ કયાંથી! આવી રૂઢીઓને લઇને સ્ત્રી કે સ્વામી જુદા પડતી વખતે એક બીજાની સામી નજર પણ કરી નથી શકતાં. આ અને આવા અનેક રીવાજો કેટલા કૃત્રિમ છે એ તો તારે ગળે પણ ઉતરશે. રૂઢીયોના બંધનને તોડી નાખી, માતપિતા તથા અન્ય વડીલ વર્ગની આમન્યા મૂકી તને મળવું એવી પ્રબળ ઇચ્છા મ્હારા મનમાં થઇ આવી હતી. અને મેં તેમ કર્યું પણ હોત, પણ વધારે સૂક્ષ્મ વિચાર કરતાં આ ધારણા પ્રમાણે ન વર્તવું એ સકારણ લાગ્યું; કારણકે તેમ કરવાથી મ્હારૂં તથા ત્હારૂં વગોણું થાત. પણ આવી બાબતોમાં તો હું વગોણાની દરકાર કરતો નથી એ તું જાણે છે અને બધા આ વાત જાણતાં હોવાથી બધી નિંદા ત્હારા ઉપર જ ઉતરી આવત, અને આમ થાય એ મને પોતાને પણ અસહ્ય લાગ્યું.

મને મ્હારો ધર્મ વ્હાલો છે, મ્હારૂં કર્તવ્ય મને પ્રિય છે અને તે પ્રમાણે જ હું વર્તવા પ્રયત્ન કરૂં છું. સંસારનો માનેલો ધર્મ તેજ મ્હારો ધર્મ નથી, સંસારના કહેવાતા ધર્મમાં પણ કેટલોક અધર્મ હોય છે. મ્હારી અંતરાજ્ઞાને ધર્મરૂપ ગણી તે પ્રમાણે આચરણ રાખવાનો પ્રયત્ન કરૂં છું. તેમ કરતાં મ્હારી નિંદા થાય તેની હું દરકાર કરતો નથી અને કરીશ પણ નહીં. સંસાર ભલે મને દોષિત ગણે પણ ઇશ્વરની આંખમાં તો હું નિર્દોષ જ છું. અને જ્યાં ઇશ્વર તરફનો દોષ આવતો ન હોય ત્યાં હું સંસારની બીક રાખતો નથી.

સંસાર, સ્ત્રી ને પોતાના ભાઇ ભાંડુ, જન્મદાતા માતા પિતા તથા પોતાથી

---

* આ પત્ર તેના સંપાદકને જુની પસ્તીમાંથી મળી આવ્યો છે એમ જણાવવામાં આવે છે. પત્ર અપૂર્ણ છે અને તે સંપૂર્ણ થાય એવું સાધન હજી મળી શક્યું નથી, તે માટે સંપાદક દીલગીરી દર્શાવે છે. પત્રનો મૂળ લેખક પત્ની તરફની સેવાનો વિશેષ ઇચ્છુક હોવો જોઇએ, એવો કંઇક ભાસ થાય છે.

અધિપતિ સ્ત્રી સુ. દ.

પણ પોતાના પતિને વધારે ગણવાનું કહે છે. આવો સ્ત્રીનો પોતાના સ્વામી પ્રત્યેનો ધર્મ છે. આ ધર્મ પ્રમાણે વર્તનારજ ઉત્તમ સ્ત્રીના નામને પાત્ર છે. જ્યારે સ્ત્રીનો પોતાના પતિ પ્રત્યેનો આવો ધર્મ છે ત્યારે પતિનો પોતાની પત્ની પ્રત્યેનો ધર્મ આથી શામાટે વિરૂદ્ધ જોઈએ? પતિએ શામાટે પોતાની પત્નીને સર્વથી વધારે ન ગણવી? પણ આમ ગણનાર પતિને સંસાર બાયલો કહે છે અને તેને ફિટકાર આપે છે. સંસારનો એ ખોટો ધર્મ છે, અથવા ધર્મરૂપે ચાલતો અધર્મ છે. પારકા ઘરની પુત્રીઓને ગુલામ તરીકે ગણવી કે કોઈ પણ રીતે તેમને અયોગ્ય આજ્ઞા કરવી, અને ન કરવાનું કરવા કહેવું એ પાપ છે એવું મેં તને કહેલું છે. આવું પાપ મ્હારે હાથે ન થાય તેની સંભાળ રાખું છું. પણ સંસાર સ્ત્રીના ઉપર જુલમ કરનાર પતિને મરદ, ખરો પુરૂષ કહે છે. અહા! શી સંસારની દુષ્ટતા! સ્ત્રી તો સહધર્મચારિણી, સુખદુઃખ ભાગિની છે. આવી પત્ની સાથે અયોગ્ય વર્તણુક રાખવાથી અથવા તેને નોકર વર્ગ તરીકે ગણવાથી મનુષ્ય કેવી રીતે ખરૂં સુખ પામી શકે? આવી રીતે ગણવાથી લગ્નની લીધેલી પવિત્ર આજ્ઞાઓ તૂટે છે અને આમ કરનાર ઇશ્વરને ઘેર ગુન્હેગાર બને છે. મ્હારા હાથે આવુ પાપ ન થાય એવી દયાળુ પ્રભુ પ્રત્યે મ્હારી પ્રાર્થના છે. જ્યારે પુરૂષે સ્ત્રીને પ્રાયઃ સરખા હક્કવાળી અને પોતાની અર્ધાંગના તરીકે ગણવાની છે ત્યારે સ્ત્રીનો ધર્મ પોતાના સ્વામીની અનન્ય ભક્તિ કરવામાં તથા પોતાના સ્વામીના કુટુંબને પોતાનુંજ માની તેમની સેવા કરવામાં સમાયેલો છે. પણ પોતાના સ્વામીની ભક્તિમાં ન્યૂનતા રાખી તેના કુટુંબની સેવા કરવી એ ધર્મ નથી. કોઇ પણ રીતે પોતાના સ્વામીની ભક્તિમાં ઓછપ આવવી જોઈએ નહિ; કારણકે પહેલો સંબંધ તો પતિ સાથેનો છે. પતિનું કુટુંબ પતિ સાથેના સંબંધનેજ લઇને છે, તો વધારે ફરજ કોના પ્રત્યે રહી એ વિચાર પોતેજ કરી લેવો.

હવે કુલીન તથા નીતિવાન સ્ત્રીઓના લક્ષણ કહું છું. કુલીન સ્ત્રી પહેલાં તો પોતાના ઘરને અને કુટુંબને વિસરી જાય છે. એટલે તેમના ઉપર હેત રાખતી નથી એમ નહિ, પણ કોઇ દિવસ એ પક્ષનો અહંકાર રાખતી નથી. પોતાના પતિના કુટુંબમાં દુઃખ હોય તોપણ એક પણ ઉચ્ચાર પોતાના કુટુંબમાં કે બીજે કરતી નથી. મ્હોયેથી ન બોલવું એટલે જ કુલીનતા આવી જતી નથી. પણ તેનો વિચાર સરખો મનમાં આણવો નહિ; કારણકે દુઃખ સહન કરવું કે કોઇ અડચણ ભોગવી લેવી એ તપ કરવા જેવું છે. દુઃખ ભોગવવાના બે રસ્તા છે. કોઇનો પણ દોષ કાઢ્યા વિના ઇશ્વરનો એવાં દુઃખ દેવામાં કાંઇ સારો હેતુ હશે એમ માની સહન થાય તોજ એ તપરૂપ છે. પણ જો કોઇનો દોષ કહાડી, કે ઇશ્વરને નિંદી બડબડાટ સાથે સહન કરીએ તો તે તપ નથી, પણ ઉલટું પાપ છે. માટે આવા પાપ કરવાથી દૂર રહેવું.

મ્હારા જોવા અને વાંચવા પ્રમાણે ઘણી ખરી સ્ત્રીઓને પોતાની મોટાઇ, પોતાના પૈસા, પોતાની હુશીયારી અને સારૂં રાંધણું કે એવી બીજી નજીવી પોતાની પણ લાંબી લાંબી અને ફુલાશ ભરેલી વાતો કરવાની કુટેવ હોય છે. આ કુટેવને, જેઓ સારી સ્ત્રીઓ થવાને ઇચ્છતી હોય અને પોતાના પતિને આનંદ આપવાની ઇચ્છા રાખનારી હોય તેમણે તો જરૂર ત્યજવી. કારણકે જ્યાંસુધી આ અવગુણ હોય છે ત્યાંસુધી બીજા સેંકડો અવગુણો આવ્યા કરે છે, અને સદ્ગુણના બારણા દેવાઇ જાય છે. આ અવગુણ ન્હાનાથી તે છેક વૃદ્ધ સ્ત્રીઓમાં પણ હોય છે, માટે બહુ સાવચેતી રાખી તેને અવશ્ય ત્યજવો. આવા દોષો ત્યજવામાં અને નમ્ર થવામાંજ સ્ત્રીનું સ્ત્રીપણું છે. જેમ જેમ પતિ પોતાને વધારે છુટ આપે અને પોતાના ઉપર વધારે હેત રાખે તેમ તેમ, જેમ ઘણી સ્ત્રીઓ ફૂલાઇ જાય છે તેમ ફૂલી નહિ જતાં, આંબાને કેરી આવતાં આખો આંબો નીચો નમતો જાય છે તેમ, સ્ત્રીએ વધારે નમ્ર થતાં જવું. આ જ પતિને વશ કરવાની અને પોતાની કુલીનતા બતાવવાની સરસમાં સરસ રીત છે. પણ આવા માર્ગો તો પવિત્ર અંતઃકરણવાળાને જ સૂઝે છે. બીજાં ક્ષુદ્ર હૃદયવાળાં વશીકરણ માટે દુષ્ટમાં દુષ્ટ માર્ગે પણ જાય છે, પોતાના પતિની અકૃપા વ્હોરી લે છે, ધુતારાના ઘર ભરે છે, ઇશ્વરની આંખમાં ઘોર પાપ કરે છે, અને આટલું આટલું થતાં પણ ધારેલી મતલબ પાર પાડી શકતાં નથી; માટેજ સાર અસારનો વિચાર કરી સર્વ સતીયોએ સહેલો, ફળદાયી અને પાપથી રહીત એવો પહેલો જ માર્ગ લીધો છે, અને પતિવત્સલ કુલીન સ્ત્રીઓ પણ તેજ માર્ગે પતિને વશ કરે છે, અને બીજા માર્ગનો વિચાર સરખો કરતી નથી.

મ્હેં તને સારી તેમજ ખરાબ સ્ત્રીઓનાં લક્ષણ લખ્યાં છે, તેમાંથી હવે કીયાનો સ્વીકાર કરશે અને કેવા થવું એ ત્હારા મનની, ત્હારા ઉરની વૃત્તિઓ પર આધાર રાખે છે. સારાં લક્ષણો ગ્રહણ કરી, મ્હારા વચનોમાં શ્રદ્ધા રાખી, ઉત્તમ સ્ત્રી થવાને મહેનત કરી સાધુ, પવિત્ર અને પતિપરાયણ સ્ત્રી થઇશ, તો તું ત્હારા ધર્મને સમજી છે એમ ગણાશે. વળી, આ સંસારમાં સુખી થઇશ અને અંતે પરલોકમાં પણ ઇશ્વર કૃપાથી સુખ પામીશ, અને સાથે સાથે મ્હારૂં જીવન પણ સુખથી ભરીશ. જો તેમ નહીં કરે, મ્હારાં વચનો ખોટાં ગણી ઉલટું આચરણ કરશે, તો તું ત્હારા પવિત્ર ધર્મથી ચુકીશ, ઇશ્વરની ગુન્હેગાર થઇશ અને તેના પ્રતાપથી આ સંસારમાં દુઃખ પામીશ, બીજાને ત્હારા સંગમાં રહેવા નિર્માયલાને દુઃખી કરીશ અને ત્હારા માતા પિતાને અને સાસુ સસરાના જીવનમાં પણ અપકીર્તિ અને દુઃખ ભરીશ. તને બન્ને માર્ગો અને તેથી મળતાં ફળ દેખાડ્યાં છે, હવે કયા માર્ગે જવું એ ત્હારા મનનો અધિકાર છે. મ્હારો ધર્મ તને પુન્યમાર્ગે દોરવાનો છે, તે હું દર્શાવી છુટું છું અને કર્ત્તવ્યમુક્ત થાઉં છું. આટલાથી હું ઇશ્વરની આંખમાં નિર્દોષ થઇશ અને શાન્તિ-

પામીશ. બાકી હારી ભાગીયણ થવા સર્જાયલો છું, તે તો તું સારાં કે ખરાબ કર્મો કરીશ તેનાં ફળ ભોગવવાને તૈયાર જ છું. તેમાંથી કાંઈ આ જીવનમાં તો છુટાય એમ નથી. હવે આપણે સુખી કે દુઃખી થવું એ આપણાં પોતાના હાથનીજ વાત છે. આપણા દોષને લઈનેજ આપણે દુઃખી થઈએ તો તેનો આરોપ બીજાને માથે મૂકવો એ મહોટો અધર્મ છે. જો આપણે હળી મળી રહીશું, એક બીજા ઉપર હેત–પ્રીતિ રાખીશું, એક બીજાની ભૂલો મોટું મન રાખી ભૂલી જઈશું, અને આપણા ધર્મો બજાવીશું તો ઈશ્વર કૃપાથી સુખને પામીશું. તેમ નહિ કરતાં બીજા પતિ પત્નિની પેઠે કજીયા કંકાસ કરીશું, એક બીજાનો અણવિશ્વાસ રાખીશું તો દુઃખી થઈશું. આપણા સુખને માટે આપણા ધર્મ જાણવા, ખોટાંમાંથી સત્યો તારવી કાઢવા, અને હળી મળીને રહેવા, થોડી ઘણી કેળવણીની જરૂર છે. સ્ત્રીને કમાવા જવું નથી તેથી તેને કમાવા જનાર પતિના જેટલી વિદ્યાની જરૂર નથી. પણ થોડી ઘણી વિદ્યા તો સ્ત્રીને પણ જરૂરની છે. અને જેટલી સ્ત્રીમાં સારી વિદ્યા તેટલી પતિને વધારે સુખ અને દંપતીને માટે ઉંચા પ્રકારના સુખને ઉપયોગની છે. આવા વિચારથીજ મ્હેં તને ભણવાનું કહ્યું હતું, અને હજુ કહુ છુ. એમા આપણા બન્નેનો સ્વાર્થ સમાયલો છે. મ્હારો ધર્મ સમજી તને કહું છું, કે પાછળથી પસ્તાવું પડે નહિ એવી વ્યવસ્થા આપણે કરી લેવી જોઇએ. વળી અત્યારે હારે કાંઈ પણ અભ્યાસ કરવાનો વખત છે, વય વીત્યા પછી અભ્યાસ થતો નથી. માટે અત્યારે વધારે આગ્રહ કરી કહું છુ. હારો અને સાથે મ્હારો પણ સ્વાર્થ શેમાં છે એ મ્હે તને બતાવ્યુ. હવે એ પ્રમાણે કરવું ન કરવું એ હારી પોતાની ઇચ્છા ઉપર આધાર રાખે છે. રૂચે તે પ્રમાણે કરવા તને પૂર્ણ અધિકાર આપું છું. શું કરવા ભણવું એ મ્હે તને જણાવ્યું. હવે મ્હારામાં વિશ્વાસ રાખી–બીજાં પુસ્તકો વાંચીશ તો તને ખાતરી થશે કે થોડી ઘણી વિદ્યા વિના સુખી થઈ શકાતું નથી. એ થોડી ઘણી વિદ્યા હજુ તે મેળવી નથી. માટે એ મેળવી લેવી તે હારો ધર્મ છે. એમ કરવાને સાધન પૂરવા એ મ્હારો ધર્મ છે અને જેમ જેમ તુ વાંચીશ એવી મને ખાતરી થશે તેમ તેમ હુ તને પુસ્તકો મોકલતો જઈશ.

હવે એ વાંચનનો વિધિ પણ મને વખત હોવાથી આ પત્રમાંજ લખી નાંખુ છું. જે જે વાંચવું તે એ વખતે તો અવશ્ય વાંચવુ. વાંચવાનો અર્થ આંખો ફેરવી જવી કે વાર્તા વાંચી જવી એટલોજ થતો નથી. પણ આમાં વાંચવાનું, યાદ રાખવાનું, સમજવાનું શું છે તે શોધી તેના ઉપર પૂરતુ ધ્યાન આપવુ. વાંચવુ ત્યારે પૂર્ણ લક્ષ રાખીનેજ વાંચવુ. અને તેમાં જે શિખામણ રૂપે લખેલુ હોય કે વાર્તામાંથી જે શિક્ષા લેવાની હોય તે સમજવી અને તે પ્રમાણે ચાલવા પ્રયત્ન કરવો.

આવી રીતે વાચ્યું હોય તેજ વાંચ્યું કહેવાય. વાંચતી વખતે કોઈ બીજે ઠેકાણે લક્ષ જવુ જોઇએ નહિં. કારણ કે તેમ થાય તો બરોબર લક્ષ પૂર્વક વચાતુ નથી. અને જ્યારે જે શિક્ષા લેવાને લખનારે લખ્યું તેજ ન લેવાય તો વાચવાથી ફાયદો શું ? માટેજ જે જે વાંચવું તે બે વખત વાચવુ અને તેમાં જે શિખામણ હોય તે લઇ તે પ્રમાણે વર્તવું. ભાષાના જ્ઞાનને માટે જે નવાં શબ્દો આવે તે મ્હોંએ કરવા, અને નાના નાના વાક્યો યાદ રાખવાની મ્હેનત કરવી. હવે ટુંકામાં લખુ તો કોઇ પણ વસ્તુ વાચતા ત્રણ બાબત ધ્યાનમાં રાખવી.

(૧) લક્ષપૂર્વક વાંચવુ.

(૨) વાચેલું યાદ રાખવું. એટલે વાર્તા વગેરે યાદ રહે તો તે રાખવા મહેનત કરવી. નહીં તો વાર્તામા શું સાર છે તે સમજવો, યાદ રાખવો, અને તે પ્રમાણે આચરણ રાખવુ. વાર્તા વગેરે તો યાદ રાખવી સહેલી છે, છતાં બે વખત ધ્યાનથી વાંચતાં પણ યાદ ન રહે તો મૂકી દેવુ. પણ સાર તો જરૂર યાદ રાખવો. જેમકે કોઇ વાર્તા વાંચી-તો સાર એટલો કે સ્રીએ પતિનું કહ્યું માનવું એ ધર્મ છે. તેમ નહિ કરવાથી ઇશ્વર સ્રીને માથે કોપે છે અને સ્રીને બહુ દુઃખ પડે છે, અને પાછળથી પસ્તાય છે. માટે વાર્તામાની સ્રીનો દાખલો લેવો. અને આપણે પહેલાંથીજ સારા થવું કે પાછળથી પસ્તાવું પડે નહિ. વાંચેલ જો આપણને સત્ય લાગે, તો તે પ્રમાણે વર્ત્તન કરતાં ચૂકવુ નહિ. કારણ કે તે વિના વાંચવું નકામુ છે

(૩) નવા શબ્દોના અર્થ જાણી યાદ રાખવા, અને તે શબ્દો આપણી બ્હેનપણીઓની સાથે વાતમાં કે કાગળમાં યાદ રાખી વાપરવાં.

આ ત્રણમા પણ ખાસ ધ્યાનમાં રાખવાની વાત એકજ છે કે.—દરેક વસ્તુ ધ્યાનપૂર્વક બે વાર વાંચવી, અને સમજવી-એટલે તેમાથી શીખામણ લેવી, અને તદનુસાર વર્તવુ.

પ્રિયે, આ પત્રમાં આ વખતે પૂરતુ લખ્યુ છે. વધારે કેટલુક લખું ? આટલુ લખ્યુ છે તેજ વાંચી, સમજીશ તો મ્હારે મન ઘણું છે.

પ્રીતિ બે પ્રકારની છે સ્થૂલ અને સૂક્ષ્મ. કેવળ સ્થુલ પ્રીતિ રાખનારા મનુષ્ય પશુ ગણાય છે. તેવાં મનુષ્યો ફક્ત પોતાની દુષ્ટ વાસનાઓ તૃપ્ત કરવાજ ઇચ્છે છે. જો તેઓ પોતાની પત્નીને ચહાતા હોય તો તે ફક્ત તેમના શરીર માટેજ. આવા મનુષ્યોને પોતાની વાસનાઓના ભોગ માટે તેમની સ્રીના શરીરની જરૂર છે અને તેટલા માટેજ તેઓ તેમની અનાથ સ્રીઓ પ્રતિ પ્રીતિ રાખે છે. આવા પ્રીતિના મોહ બળને લઇનેજ તેમની ગરીબ પ્રિયાઓનુ રક્ષણ થાય છે. આવી પ્રીતિ દરેક

મનુષ્ય અને સ્ત્રી વચ્ચે હોય છે, અને પરણ્યા પહેલાં અને પરણ્યા પછી થોડા કાળ સુધી સ્ત્રી પુરૂષ વચ્ચે જુદાજ પ્રકારનો મોહ રહે છે. તે વખત જતાં ધીમે ધીમે નાશ પામે છે. આનો તને પણ અનુભવ થયો હશે, એટલે એકદમ સમજી જઈશ. આ મોહ આ પ્રીતિને લઈનેજ હોય છે. આવી પ્રીતિ લાંબા વખત સુધી રહેતી નથી, માટેજ માણસો કહે છે કે.—"પ્રીતિ કરવી સ્હેલ છે પણ નિભાવવી મુશ્કેલ." આવી સ્થૂલ પ્રીતિ ધરાવનારાં મનુષ્ય તેમની સ્ત્રીઓથી વિયોગ સહન કરી શકતાં નથી તેમની સ્ત્રીઓ પોતાથી છુટી પડે એ તેમને ગમતું નથી. કારણ કે તેમ થાય તો તેમના ભોગોને માટે અનુકૂળ સ્થાન રહે નહિ. આવા માણસોને જો વિયોગ થાય છે તો તેમની સ્થૂલ પ્રીતિ દિન પર દિન વધવાને બદલે ઓછી થતી જાય છે, અને કદાચ નાશ પણ પાને છે. જ્યારે સ્થુલ પ્રીતિ વિજોગથી આમ શાંત થતી જાય છે ત્યારે સૂક્ષ્મ પ્રીતિ તો વિખુટાં પડવા છતા પણ શાંત થતી નથી પણ ઉલટી વધારે પ્રદીપ્ત થાય છે. તાપમાં ઘી નાંખવાથી જેમ અગ્નિ વધે છે તેમ વધતી જાય છે આવી સૂક્ષ્મ પ્રીતિ પ્રથમથીજ અનુભવવી એ તો કોઇ મહાત્માનેજ પ્રાપ્ત થાય છે. સાધારણ નિયમ એવો છે કે સ્થુલ પ્રીતિ પ્રથમ ઉત્પન્ન થાય છે પછી તેનો નાશ થઇ સૂક્ષ્મ પ્રીતિ થાય છે. આવી સૂક્ષ્મ પ્રીતિને શરીરના ભોગ સાથે કાઇ સંબધ નથી. પણ તેમાં તો એક બીજાનાં મન અને અતઃકરણ એક બીજાથી જોડાએલા રહે છે અને લોહચુમ્બકને દેખતાંજ જેમ લોઢુ તેની પાસે ખેચાય છે તેમ એક બીજાનાં સ્મરણ થતાજ શરીરમાં એક પ્રકારનો આનદ આનદ થઈ રહે છે. આવી પ્રીતિજ ખરી પ્રીતિ કહેવાય છે. અને આવી પ્રીતિ કરવાનેજ આપણે મથવું જોઈએ સ્થુલ પ્રીતિ તો માત્ર અગાશીમા જવાને જેમ દાદરની જરૂર છે તેમ સૂક્ષ્મ પ્રીતિ કરવામા ઉપયોગની છે આપણાં અભણ સ્ત્રી પુરૂષોમાં આવી સ્થુલ પ્રીતિ હોય છે અને તેથીજ તેઓ કહે છે કે સ્ત્રી પરણવી એ છોકરા ઉત્પન્ન કરવા માટે. હવે સ્થુલ પ્રીતિ સૂક્ષ્મ પ્રીતિ તે શુ ? તે તું સમજી હઈશ.

---

(૪) કડવા લિબડાનાં કુમળાં પાંદડાંની ચટણી—એકેક રૂપિયાભાર આમલી, કોઠી, કાગદી લિબોઇ તથા નારગીનાં કુમળા પાંદડાં, અને આઠ રૂપિયાભાર કડવા લિબડાનાં કુમળા પાદડાં, એ સર્વને ભેગાં કરી તેમા ૨ રૂપિયાભાર મીઠું અને ૧ રૂપિયાભાર અજમો નાખી ચટણી વાટવી. પછી તે બે દિવસ હવામાં ખુલ્લી રાખવી આ ચટણી કાઢી અથવા ભાત સાથે ખાવાથી ઘણી સ્વાદિષ્ટ લાગે છે. આ ચટણી પાંચ દિવસ સુધી ખાવા લાયક રહે છે.

"મારા પતિનું પુસ્તક !"

તે બિચારો સમાલોચક શું સમજે કે આ પુસ્તકનો લેખક કોણ છે ? "પુસ્તક સમોલું છે ?" એમ કહેતાં, અરે નિષ્ઠુર સમાલોચક ? તને કંઇજ વિચાર ન થયો ? આ પુસ્તક, હું જાણું છું કે માત્ર શાહીથી જ લખેલું નથી. જગતને જો દિવ્ય નેત્રો હોત તો તે સમજી શકત કે આ પુસ્તકમાંનું પ્રત્યેક વાક્ય મારા પતિએ શાહીથી નહીં પણ હૃદયના રક્તથી જ લખેલું છે ! ટીકાકારો કહે છે કે * * * * વિગેરે પુસ્તકો કરતાં આમાં કશી નવીનતા નથી. હું કહું છું કે, તમારાં વિદ્વદ્‌માન્ય ગ્રંથો કરતાં પણ મારા આ પતિદેવના ગ્રંથમાં કંઇક એવું ગૂઢ સૌંદર્ય અને આકર્ષણ છે કે તે વિશ્વના અન્ય કોઇ પણ ગ્રંથમાં નથી. આ ગ્રંથની પાછળ મારા પતિદેવે અસંખ્ય રાત્રિઓ નિદ્રારહિત પસાર કરી છે, કુટુંબીઓ અને સગાં–સંબંધીઓનાં માનાપમાનો સહન કર્યાં છે, ઉપરી–અધિકારીઓ અને વડીલ પુરૂષોનાં વચનબાણો મુંગે મ્હોડે ઝીલી લીધાં છે ! મારા પતિદેવ સાહિત્ય સેવા અને સ્ત્રીજાતિના કલ્યાણ માટે કેટલો પ્રયત્ન કરે છે તે મારા સિવાય ભાગ્યેજ બીજું કોઇ જાણતું હશે ! જગતને તેની વાત કરવાથી શો લાભ થવાનો હતો ? મને ખાત્રી છે કે મારા પતિદેવ જે કાંઇ કહે છે તે અમૃતસમાન જ હોય છે, તેઓ જે કાંઇ લખે છે તેમાં કંઇક અપૂર્વતા જેવું હોય છે, તેઓ જે કાંઇ કરે છે તેમાં દેવ-દુર્લભ ગાંભીર્ય હોય છે ! મારા પતિદેવની ભાવનાઓ દર્શાવતું અને સ્ત્રી–સંસારને ઉન્નતીના શિખરે લઇ જવા મથતું આ પુસ્તક, બીજે કયાંઇ નહીં તો છેવટ મારા અંતઃકરણમાં કાયમને માટે અધિષ્ઠિત થાઓ ! તેના પ્રકાશથી મારો જીવન–માર્ગ સદા સર્વથા ઉજ્વલ રહો, તેમાંના અલંકારોથી મારૂં સૌભાગ્ય નિરંતર અલંકૃત રહો ! નાથ ! આપ જેવી રીતે મારા જીવન–નાયક છો તેવીજ રીતે આપનાં હૃદયને સૂચવતું આ પુસ્તક પણ મારૂં પથ–પ્રદર્શક બની રહો ! હું આપના જેટલું જ તેનું બહુમાન કરૂં છું, કારણ કે તે આપનો અક્ષરદેહ છે—યથાર્થ દેહ છે—આપની જ તે અમર મૂર્તિ છે ! સંસારને એટલો અવકાશ ક્યાંથી હોય કે તે આ ગ્રંથનું ગૌરવ સમજી શકે !

આ પુસ્તકમાંનું પ્રત્યેક વાક્ય મારા પતિએ શાહીથી નહીં પણ
હૃદયના રક્તથીજ લખેલું છે ।

ચિત્રકાર ટી. જી. પરેલ.

આનંદ પ્રેસ—ભાવનગર.

અમેરિકાનું પ્રચંડ કન્યા–વિદ્યાલય.

(લેખક—અંબેલાલ સવરામભાઈ દેશાઈ.)

આધુનિક કાળમાં શિક્ષણ વિષયની લાલસા દરેક મનુષ્યના અંતઃકરણમાં ઉત્પન્ન થઈ છે, એવું દૃષ્ટિગોચર થાય છે. છોકરાનાં શિક્ષણની વ્યવસ્થા કરવાનો પ્રયત્ન પ્રથમથીજ કરવામાં આવતો હોવાથી તેને માટે આજે અનેક શાળાઓ સ્થપાઈ છે અને સ્થપાય છે, અને તે દિવસે દિવસે વધતીજ જશે. પરન્તુ આપણી સમાજની વિચિત્ર પરિસ્થિતિ હોવાથી કન્યાઓના શિક્ષણ અથવા સામાન્યતઃ બોલીએ તો 'સ્ત્રી–શિક્ષણ' એ વિષય તરફ ઘણે અંશે આંખ આડા કાન કરવામાં આવે છે પરન્તુ પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરથી તે સ્થિતિ હાલમાં ધીરે ધીરે નષ્ટ થવા લાગી છે એ એક સંતોષની વાત છે. સંસારની ગાડીનાં સ્ત્રી અને પુરૂષ એ બે ચક્રોમાંનાં એકજ ચક્ર (પુરૂષ) તરફ આજ પર્યંત લક્ષ આપવામાં આવતું હતું, તે દૃષ્ટિ બદલાઈ હવે સર્વ જનોનું લક્ષ આ બન્ને ચક્રો તરફ ખેંચાવા લાગ્યું છે, અને તેની સાથે સ્ત્રીઓને કેવા પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ? તેને પુરૂષના જેવું જ શિક્ષણ આપવું ઈષ્ટ છે કે અનિષ્ટ છે? ઇત્યાદિ પ્રશ્નો ઉત્પન્ન થાય છે. તેનો યોગ્ય વિચાર થઈ યથાયોગ્ય પદ્ધતિ અમલમાં મૂકવી આવશ્યક છે. એ બાબતમાં અમેરિકન લોકોએ પ્રથમ પહેલ કરેલી છે. ત્યાંની કન્યાઓનાં શિક્ષણ માટે કેટલાંક મોટાં મોટાં વિદ્યાલયો ઉઘાડવામાં આવેલાં છે અને તે પૈકી એક પ્રચંડ વિદ્યાલયનો પરિચય સુજ્ઞ વાંચકવૃંદને કરાવવાની મારી આંતરિક ઇચ્છા છે.

અમેરિકામાં ન્યુયોર્ક શહેરમાં "વૉશિંગ્ટન આયર્વિંગ હાઈસ્કુલ" નામની એક મોટી કન્યાશાળા છે. એ શાળામાં છોકરીઓને ઉપયોગી એવા વિષયો તેઓ સમજે એવી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. એ શાળા જગતની સર્વ કન્યાશાળાઓ કરતાં મોટી છે. તેમાં છ હજારથી વધારે કન્યાઓ શિક્ષણ લે છે.

કેટલાંક વર્ષો પૂર્વે એ શાળા 'ગર્લ્સ બાયબ્લીકલ હાઈસ્કુલ' (કન્યાઓને બાયબલનો ધર્મ ગ્રંથ શિખવનારી શાળા) એ નામથી પ્રસિદ્ધ હતી. તે વખતે ફક્ત ત્યાં રસોઈ કેવી રીતે બનાવવી તે ઉપરાંત શિવણકામનું શિક્ષણ આપવામાં આવતું હતું. તે વખતે તેમાં એક હજાર છોકરીઓ ભણતી હતી ત્યારબાદ મેક એંડ્રુ નામના એક ગૃહસ્થની એ શાળાના મુખ્ય અધ્યાપક તરીકે નિમણુંક કરવામાં આવી. તેનો સ્ત્રી–શિક્ષણ વિષે એવો અભિપ્રાય હતો કે—"સ્વરાજ્યની યોગ્યતા છોકરીઓમાં વાસ કરે છે. શાળાઓ માત્ર છોકરીઓને લખતા–વાંચતાં કિંવા શિક્ષિકા બનાવવાને માટે કાઢવામાં આવતી નથી! પણ તેઓને યોગ્ય માતા બનાવવાને કાઢવામાં આવે છે" એ અધ્યાપક આ શાળામાં દાખલ થયો તે વખતે સર્વ શિક્ષકો અભ્યાસપત્રક પ્રમાણે કામ કરનારા,

ટવા એવું તેને માલમ પડ્યું. તે જોઈ છોકરીઓને જે વિષયો ખરેખર ભાવિ સુખને માટે અત્યંત જરૂરના છે તેનુંજ તેને શિક્ષણ આપવું એવું તેણે ઠરવ્યું. તેનું પરિણામ પૂર્વોક્ત શાળાનું રૂપાંતર થઈ ગયેલું સામ્પ્રત સમયનું વિદ્યાલય છે. આ શાળાનું મકાન નવુંજ બાંધવામાં આવેલું છે. એ પ્રચંડ મકાન બાંધવાનો કામનો સર્વ પરિશ્રમ કન્યાઓએ પોતેજ કરેલો છે. ભિન્ન ભિન્ન લોકોને પત્ર લખી, તેઓની મુલાકાત લઈ ફંડ એકત્ર કરવામાં આવ્યું, અને તેનાથી આ પ્રચંડ ઇમારત બાંધવામાં આવી; એ કામમાં સુમારે પંદર લાખ ડોલર ખર્ચ થયો છે.

શાળાના મન્દિરમાં પ્રવેશ કરતાંજ પ્રથમતઃ શિત-નિવારણ "શગડી-ગૃહ" આવે છે. તેના ઉપર મિસ બિજહોલ નામક પુસ્તકમાંથી આતિથ્ય-સ્વાગત દર્શાવનારૂં એક સુંદર વાક્ય લખેલું છે. એ વાક્યનો ભાવાર્થ એવો છે કે, "આતિથ્ય * સત્કારમાં શગડી અને નિષ્કપટી અંતઃકરણની આવશ્યકતા છે." અને એ પ્રમાણેનો સદ્‌ભાવ ત્યાંની કન્યાઓનાં વર્ત્તનમાં ઓતપ્રોત ભરેલો માલમ પડે છે. તેઓ ઘણાં દયાળુ અને આનંદી છે. કોઈ પણ મનુષ્ય ગમે ત્યારે ત્યાં જાય તો તેને જોઈને તે કન્યાઓ આનંદિત બને છે. તેઓ એકત્ર બેસીને સિવણ કામ કરે છે.

આ શાળાને ૧૬૦ ઓરડા છે. તેની વ્યવસ્થા અપ્રતિમ છે. જોનારને તે દૃશ્યનું અવલોકન કરતાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. એ શાળા-ગૃહ સિવાય નાટકગૃહ, અંતરિક્ષમાં હાલતાં ઉદ્યાનો, પશુ-સંગ્રહાલય, પદાર્થસંગ્રહાલય, દુકાન, બેન્ક, છબી લેવાની જગ્યા અને એવાજ પ્રકારનાં અન્ય ભુવનો અને બીજાં ભુવનો તે શાળાની માલીકીનાં છે. નાટકગૃહમાં રંગભૂમિ, પડદા અને ન્હાના પ્રકારના દેખાવો એનો પણ સંગ્રહ છે. ત્યાંનો પદાર્થ સંગ્રહ એટલે ન્હાનાં પ્રમાણ ઉપર "રાણીનો બાગ" જ સમજવો. તેની સહાયતાથી કન્યાઓને પશુ-પક્ષીઓની માહિતી આપવામાં આવે છે. અંતરિક્ષમાં હાલતાં ઉદ્યાનની સહાયતાથી વનસ્પતિ શાસ્ત્ર સંબંધી માહિતી આપવામાં આવે છે. ઉપાહાર પ્રસંગે અને જલસાના પ્રસંગે પણ તેનો ઉ કરવામાં આવે છે શાળામાં સમારંભ પ્રસંગે ગાયનનું સર્વ કાર્ય કન્યાઓજ કરે છે. તેઓને શિક્ષણ આપવાની સર્વ વ્યવસ્થા વિદ્યાલયમાં જ કરવામાં આવેલી છે.

ગૃહ કૃત્યઃ—શિવણ કામ માટે એક નમુનેદાર સ્વતંત્ર વર્ગ છે તેમાં બેસવા-ઉઠવાનો એક ભાગ, એક શયનગૃહ, એક શિશુગૃહ, ભોજનગૃહ, રસોડું, સામાનનો કોઠાર અને સ્નાનગૃહ વીગેરે છે. એ સર્વ ઓરડાઓ એકજ હારમાં છે. તેનાથી સર્વ કન્યાઓને એકજ શાળામાં લખવું, વાંચવું, અને ગણિત એ વિષયોનું જરૂર પુરતું જ્ઞાન આપવામાં આવે છે. ગૃહકૃત્ય અને ગૃહ શાસ્ત્ર એ વિષયનુંજ વધુ શિક્ષણ આપવામાં આવે છે. એ કામને માટે એક સ્ત્રી શિક્ષકની યોજના કરવામાં આવેલી છે. એકજ

* જે દેશમાં સખત ટાઢ પડે છે, ત્યાં સગડી સમક્ષ મ્હેમાનોને બેસાડવા, એ તે મ્હેમાનના સન્માનનું એક દ્યોતકચિન્હ સમજવામાં આવે છે. અનુવાદક

૨૫ કન્યાઓને તે શિક્ષણ આપે છે. સ્નાન વખતે સ્નાનથી આરોગ્ય વર્ધક શું ફાયદાઓ થાય છે તે સમજાવવામાં આવે છે. અને સ્નાનગૃહની રચના કેવી કેવી જોઇએ, તેની બાંધણી કેવી હોવી જોઇએ તેમજ તે સ્વચ્છ કેવી રીતે રાખવું એ સર્વ વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે.

રસોડું:—પાકશાસ્ત્રનું શિક્ષણ આપતી વખતે અન્નના વિષયનું જ્ઞાન આપનારી સ્ત્રી-શિક્ષિકા કન્યાઓને સાથે લઇ તેમને તેનું સપ્રયોગ શિક્ષણ આપે છે. રસોડું કેવું બાંધવું તેમાં કઇ કઇ વસ્તુઓ રાખવી અને તે કેવા પ્રકારે ગોઠવવી, કોલસા, લાકડાં, ગ્યાસ, તેલ અને વિદ્યુત્ એનાથી રસોઇ કેવી રીતે બનાવવી, વસ્તુની ખરીદી કેમ કરવી, મિષ્ટ અને પૌષ્ટિક ખોરાકની ચુંટણી કેવી રીતે કરવી તેમજ અન્નનો પૌષ્ટિક ભાગ નિરર્થક ન જાય એવી રીતે તેને કેવા પ્રકારે બાફવુ વીગેરે બાબતો ઉત્તમ પ્રકારે શીખવવામાં આવે છે. તેવીજ રીતે ભોજનગૃહ અને કોઠાર કેવો રાખવો, વાસણો સ્વચ્છ કેવી રીતે રાખવાં, તેને વ્યવસ્થિત કેવી રીતે ગોઠવવાં, ભોજનગૃહ હવા વાળું, પ્રકાશયુક્ત, અને સ્વચ્છ કેવી રીતે રાખવું તેમજ તેને સુશોભીત કેવી રીતે રાખવું વીગેરે બાબતોનું કન્યાઓને એ શાળામાં શિક્ષણ આપવામાં આવે છે.

ઘરમાં અંતર્વ્યવસ્થા અને ઘરનું અંતરંગ સ્થાન કેવાં હોવાં જોઇએ? બેસવા ઉઠવાનું સ્થાન શાંત, સ્વચ્છ અને રમણીય કેવા પ્રકારે બનાવવું? તે પણ એજ ઠેકાણે શીખવવામાં આવે છે. ઘરમાં પીયાનો હોય તો તે કેવા પ્રકારે રાખવો તે પ્રત્યક્ષ બતાવવામાં આવે છે.

શયનગૃહ વિષે શિક્ષણ આપતાં સ્વચ્છ અને ખુલ્લી હવા, તેનું મહત્વ, તેની અસર તથા રચનાનો ખ્યાલ પણ અપાય છે. તેવીજ રીતે બિછાનું કેવું હોવું જોઇએ? ચાદર પલંગ વીગેરે કેવી રીતે સ્વચ્છ રાખવાં? અને આજારી માણસનાં શયનની વ્યવસ્થા કેવી રીતે કરવી, તે સર્વ ત્યાં શીખવવામાં આવે છે.

શિશુગૃહ (નર્સરી) માં બાળકોને કેવી રીતે ઉછેરવા તે પ્રત્યક્ષ બતાવવામાં આવે છે. શાળામાં ન્હાનાં બાલકોને લાવવામાં આવે છે. અને તેને બે ત્રણ દિવસ શાળામાં રાખી શિશુ ગૃહની વ્યવસ્થાપક બાઇની જાતિ દેખરેખ નીચે બાલકોને સ્નાન કેવી રીતે કરાવવું, તેને કેવી રીતે રાખવું તેને કેવી રીતે રમાડવું, અને કેવા પ્રકારે તેની સંભાળ રાખવી? તે સર્વ પ્રત્યક્ષ દર્શનથી શીખડાવવામાં આવે છે.

એવા પ્રકારની વ્યવસ્થા આ શાળામાં છે. શાળાની સુવ્યવસ્થાનું પરિણામ ઉત્તમ અને ફળપ્રદ છે. એ શાળામાં શિક્ષણ મેળવેલી કન્યા પ્રત્યક્ષ માતા કરતાં પણ ઉત્તમ પ્રકારે બાળકની સંભાળ રાખે છે, અને તેથીજ બાળકની આયાને પણ ઉત્તમ પ્રકારનું શિક્ષણ મળે છે. એનું પરિણામ હાલમાં એ આવ્યુ છે કે બાલકોને કેવી રીતે ઉછેરવા એનું શિક્ષણ મેળવેલી આયાઓ દેશમાં ઘણા પ્રમાણમાં તૈયાર થયેલી હોવાથી અમેરિકામાં બાલમૃત્યુની સંખ્યા દિવસે દિવસે કમી થતી જાય છે.

સ્વર્ગની સીડી ? નહીં, નર્કની-નીસરણી !

વર કન્યાનો વિનિમય

(૩)

નવીન નગરીમાં હરચંદશેઠ કયાંથી ઉતરી આવ્યા હશે તેનો ઇતિહાસમાં કયાંઇ પત્તો નથી. લગભગ છેલ્લી બે પેઢીથી ગામમાં એક ધનવાન અને આબાદાર ગૃહસ્થ કુટુંબ તરીકે તેમની ગણના થવા લાગી છે. એ સઘળો પ્રતાપ તેમની ધન સંપતીનોજ છે એમ શેઠ પોતે ઘણીવાર જણાવી ચૂકયા છે. એટલે હવે તે બાબત ઉપર વધુ પ્રકાશ નાખવાની કશી જરૂર નથી. તેમના શત્રુઓ કહે છે કે હરચંદ શેઠના વડવાઓ, ગરીબ ખેડુતો અને મજુરોનાં ગળાં કરી આટલો બધો પૈસો પેદા કરવા શક્તિવાન થયા છે, આપણને તેની સાથે કાંઇ સંબંધ નથી. એટલું તો સૌ કોઇ કબુલ કરે છે કે હરચંદ શેઠ જેવો ધનવાન પ્રતિષ્ઠાવાન અને આગેવાન ગૃહસ્થ આ ગામમાં બીજો નથી.

હરચંદ શેઠને એક પુત્ર તથા બે પુત્રી વિદ્યમાન છે પુત્રનું નામ શરતચંદ્ર અને કન્યાઓનાં નામ અનુક્રમે વિનોદિની તથા વિમળા છે. કન્યા બન્ને પોતપોતાના સાસરે રહેતી હોવાથી હરચંદ શેઠને તેમની બહુ ચિંતા રાખવી પડતી નહોતી આ ઉપરાંત હરચંદ શેઠને ત્યાં એક બીજો યુવક પણ આશ્રય પામ્યો હતો અને તે પણ બીજા બાળકો જેટલાજ આદર અને સ્નેહથી ઉછરતો હતો. આ યુવક તે બીજો કોઇ નહીં પણ આપણા પૂર્વપરિચિત ગિરજાકુમાર ભાઇ જ છે વાચકો તેને સારી પેઠે ઓળખે છે. ગિરિજાકુમાર શેઠશ્રી હરચંદભાઇના ભાણેજ થાય છે. હરચંદ શેઠની બ્હેન અથવા ગિરજાકુમારની જનની ગિરજાકુમારને છેક બાળઅવસ્થામાં મુકી-સુવાવડમાંજ ગુજરી ગઇ હતી. તે વખતે સદ્‌ભાગ્યે હરચંદશેઠના પત્ની-ગિરજાકુમારના મામી જીવતાં હતાં. તેણે પોતાની નણંદના પુત્રને બહુ સારી રીતે પાળી-પોષી મ્હોટો કર્યો. મામી પોતાના પુત્રમાં અને નણંદના પુત્રમાં બિલકુલ ભેદભાવ રાખતા નહોતાં. આથી શરત તથા ગિરજાકુમાર બન્ને સાથે નીશાળે જતા, બન્ને સાથે જમવા બેસતા, ફરવા હરવા પણ સાથેજ જતા. પરંતુ આ ક્રમ વધુ વખત ન ચાલ્યો. શરત ભાઇ નિશાળના અભ્યાસમાં ગિરજાભાઇ સાથે ગતિ કરી શકયા નહીં. બાહ્ય સંયોગો પરમાત્માએ જો કે બન્નેને લગભગ સરખાજ આપ્યા હતા, પણ ઉભયની બુદ્ધિમાં જમીન-આસમાન જેટલો ભેદ, કોઈ ન જાણે એવી રીતે, મુકી દીધો હતો શરતચંદ્રે તો અપૂર્ણ જ્ઞાનને જ સંપૂર્ણ માની લીધું, ચાર-પાંચ અંગ્રેજી ધોરણોનો અભ્યાસ કરી એક ગ્રેજયુએટ જેવો ડોળ ઘાલવો શરૂ કરી દીધો, જ્યારે ગિરજાભાઇએ તદ્દન સાદા-નિરાડંબર રહી પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો.

...સ્વામીએ થોડા વર્ષ રહી પોતાની નણંદની પાછળ સ્વર્ગગમન કર્યું. હરચંદશેઠે પાલીના આશ્રિતોને પૂર્વવત્ આશ્રય આપવો ચાલુ રાખ્યો હતો એમ ન્યાયની ખાતર કહેવું જોઇએ. શેઠશ્રીમાં બીજા અવગુણો ગમે તેટલા હોય તો પણ તેઓ ગુણની પરીક્ષા અને આદર કરી શકતા હતા. તેમને ગિરજાકુમારની ખંત ઉત્સાહ અને વિદ્યાબળ જોઇ બહુ આનંદ થતો જો કે ઉમરમાં ગિરજા ન્હાનો હતો, તો પણ તેઓ શરતચંદ્ર કરતાં તેના ઉપર કેટલીક બાબતોમાં અધિક પક્ષપાત રાખતા હતા. આ બંને બાળકો હજી અવિવાહિત જ રહ્યા હતા. કારણકે હરચંદશેઠ બાળલગ્નના વિરોધી હતા.

ગિરિજાકુમાર અને હરચંદ શેઠ ગૃહના મધ્યભાગમાં આવેલા એક દીવાનખાનામાં શાંતિથી બેઠા છે. ગિરજા, મુંબઇથી તાજું આવેલું "સંસાર-સમાચાર" નામનું દૈનિક પત્ર પોતાના મામાને વાંચી સંભળાવે છે. મામા તે સાંભળવાનો ડોળ કરે છે પરંતુ ખરેખરી રીતે તેઓ નવીન નગરીના ક્યા લત્તામાં ભ્રમણ કરતા હશે તે તો તેઓ પોતેજ જાણી શકે એમ હતુ.

એટલામાં ગામના પ્રસિદ્ધ પુરોહિત બાળાશંકર ભટ્ટે એ દીવાનખાનામાં પ્રવેશ કર્યો. હરચંદ શેઠે "પધારો, પુરોહિત મહારાજ" એમ કહી પુરોહિતનો યોગ્ય આદર-સત્કાર કર્યો. પુરોહિત, હરચંદ શેઠ અને ગિરજાકુમારે થોડીવાર સુધી આડી–અવળી વાતો કર્યા પછી શેઠ સાહેબે મહત્વનો પ્રશ્ન રજુ કર્યો:—

"કહો, ગોર મહારાજ ! શા નિમિત્તે આપનું પધારવુ થયુ છે ?" ગિરજાકુમારે વિચાર્યું કે હવે મામાને સંસાર–સમાચાર કરતાં વધારે સારૂં-જીવતું-જાગતુ છાપું મળી ગયું છે એટલે હવે મારી જરૂર નહીં પડે. આવો વિચાર કરી મામાને અને પુરોહિતને ત્યાં એકાંતમા રહેવા દઈ પોતે પોતાના અભ્યાસગૃહમા ચાલ્યો ગયો.

"નિમિત્ત તો અમારે બીજું શુ હોય ? આપ મહાપુણ્યશાળી પુરૂષ છો. પરમાત્માએ આપને ત્યાં ધન-લક્ષ્મી અને જ્ઞાનની બહોળે હાથે લ્હાણી કરી છે. આપના પુત્ર તથા ભાણેજના લગ્ન સંબંધે કેટલીક વાતચીત કરવા અહીં આવ્યો છું. આપને હરકત ન હોય તો તે વિષે વધારે વિગત આપની પાસે રજુ કરૂં."

"ખુશીથી બોલો, મને પણ છેલ્લા કેટલાક દિવસોથી એજ ચિંતા રહ્યા કરે છે. આપની મદદથી એ ચિંતા–સાગર ઉતરી જઇશ એવી આશા છે." શેઠશ્રીએ પુરોહિત મહારાજને ઉત્તેજન આપ્યું.

"આપ ગુણચંદ શેઠને તો સારી રીતે ઓળખતાજ હશો, તેમની પોતાની અને તેમની સ્ત્રીની ઈચ્છા એવી છે કે આપના ભાણેજ સાથે તેમની પુત્રીનું સગપણ થાય તો તેઓની એક મ્હોટામાં મ્હોટી ચિંતા દૂર થાય ! હું એ સંબંધમાં આપનો અભિપ્રાય લેવા માટેજ અહીં આવ્યો છું. કન્યા તો રૂપ-ગુણમા સાક્ષાત લક્ષ્મીદેવીનોજ અવતાર છે, આપ ક્યાં નથી જાણતા ?"

હરચંદ શેઠ કંઈક વિચારમાં પડ્યા, અને તેમણે જણાવ્યું કે–"જુઓ મહારાજ, ગુણચંદ શેઠને હું મારા વડીલ બંધુ જેવાજ સમજું છું. તેમની ખાનદાની અને પ્રતિષ્ઠા એ કંઈ મારાથી છુપી નથી. હું તેમના કહેણનું અપમાન કરી શકતો નથી, માત્ર એટલી વાત છે કે મારા ભાણેજ ગિરજાની સાથે ગુણચંદ શેઠની કન્યાનો વિવાહ થાય એ મને ઠીક નથી લાગતું, કારણકે ગિરજાના લગ્નની વાત તો મુંબઈના એક ગૃહસ્થ સાથે લગભગ નક્કી થઇ ગઈ છે, તેનાં કેટલાંક કારણો પણ છે. ગિરજા અંગ્રેજી ભણેલો છે, વળી કુશળ છે. તેનો જો મુંબઇમાં કોઈ સારા ગૃહસ્થને ત્યાં સંબંધ બંધાઇ જાય તો પછી તેને કોઈની ઓશીઆળી ભોગવવી ન પડે જો કે ગિરજાને હું મારા પુત્ર જેવોજ સમજું છું, તો પણ ગમેતેમ તોયે ઘર બાર વિનાનો–માબાપ વિનાનો–નિરાધાર જેવો તો ખરોજને ? સારૂં સસરૂં મળે અને ઠેકાણે પડે તો આપણે ગંગ ન્હાયા ! કેમ પુરોહિતજી ?"

"ખરી વાત છે." પુરોહિતજીએ વિવેકની ખાતર, વાત ખરી હોવાનું જણાવ્યું તો ખરૂં પણ અંતરમાં તે વાત કડવી ઝેર અને સાવ ખોટી લાગી હોય તેમ તેમની મુખમુદ્રા ઉપરથી સહેજે જણાઇ આવતું હતું.

"ત્યારે શું ગુણચંદ શેઠને છેક નિરાશ જ થવું પડશે ?" ગોર મહારાજે સંપૂર્ણ ખુલાસો મેળવી લેવાના ઇરાદાથી પ્રશ્ન મૂક્યો.

શેઠ હરચંદ જાણે મધ્યદરીયામાંથી કીનારા પર્યંત દ્રષ્ટિ દોડાવતા હોય તેવો દેખાવ કરી બહુજ નરમાશથી બોલ્યા–"એમ છેક નિરાશ કેમ કરાય ? મારો અને ગુણચંદ શેઠનો સંબંધ કંઇ આજકાલનો નથી તેમની માગણીનો સત્કાર મારે ગમે તે ભોગે કરવો તો જોઇએ જ પણ આ વાત એવી છે કે મારી નાંખી નજર પણ પહોંચતી નથી." જરા આંખો મીંચી, ધ્યાનમગ્ન થઇ એકદમ બોલી ઉઠ્યા:—

"હાં, એમ થાય તો કેમ ? મારા પુત્ર શરતચંદ્ર સાથે ગુણચંદ શેઠની કન્યાના લગ્ન થાય તો કેમ ? તમારો શું અભિપ્રાય છે ?"

ગોર મહારાજના મુખ ઉપર અસાધારણ આનંદ પ્રકાશ છવાઇ ગયો, તેમણે અત્યાશ્ચર્ય પ્રકટ કરતાં જણાવ્યું—"અહોહો ! કન્યાના એવા સદ્ભાગ્ય ક્યાંથી ? ગુણચંદ પણ પુરેપુરા ભાગ્યશાળી કે તમારા જેવા તેમના વેવાઇ બનવાનું પસંદ કરે ! મારા જેવાથી તો એવી વાત ચલાવવાની પણ હિમ્મત ન થઇ શકે ! કન્યામાં તો કંઈ કહેવા જેવું જ નથી. આપની ઇચ્છા હોય તો વાત ચોક્કસ કરૂં."

"ભલે, ગુણચંદ શેઠનો વાંધો ન હોય તો મને કાંઇ હરકત નથી."

ગોર મહારાજે વિદાયગીરી લેવાની તૈયારી કરી. હવે તેમને માટે એક મીનીટ બેસવું એ પણ એક યુગ જેટલું ભારે થઇ પડ્યું ! ગુણચંદ શેઠને ત્યાં ક્યારે પહોંચું અને ક્યારે આ દૈવી વિજયની વાત કહી સંભળાવું એવી તેમના મનમાં તલપાપડ થઇ રહી !

પુરોહિતને દૂરથી આવતા જોઈ અને તેમના પગની વેગવાન ગતિ નિહાળી, ગુલાબચંદ શેઠ સમજી ગયા કે સમાચાર કંઈક સારાજ હોવા જોઈએ, નહિં તો ગોર મહારાજના પગમાં આટલું બધું જોર ન હોય. તેમણે મહારાજની અથથી ઇતિ પર્યંત સઘળી વાત અતિશયોક્તિઓ-ઉપમાઓ-અલંકારો સાથનું બાદ કરી, શાંતચિત્તે સાંભળી લીધી. ત્યારબાદ પોતાની ગૃહિણીને બોલાવીને કહ્યું કે "તમારો પસંદ કરેલો મૂરતીઓ મળે એમ નથી. હરચંદ શેઠના પુત્ર સાથે લગ્ન કર્યા હોયતો કેમ?"

ગોર મહારાજ વચમાંજ બોલી ઉઠ્યા—"એના જેવો આનંદનો અને ગર્વનો વિષય બીજો કયો હોય? મલિનાના નસીબમાં જે રાજવૈભવ લખેલો છે તે એ સિવાય બીજે ક્યાં મળવાનો હતો? છોકરી સુખી થશે. મારો અભિપ્રાય માંગતા હો તો ઠેકાણું ઘણું સરસ છે-શોધતાં ન મળે તેવું છે."

"ખરૂં. વાત વિચારવા જેવી છે. મને તો તેમાં કઇ અયોગ્ય નથી જણાતું." શેઠ ગુલાબચંદે પોતાની ગૃહિણીની અનુકૂળતા મેળવી લેવાના ઇરાદાથી કહ્યું.

"ઘર-બાર ઘણું સારૂં છે, સગાં-સંબંધી તથા સંપત્તિ વિગેરેમાં કંઈ કહેવા જેવું નથી. પણ મારો વિચાર તો તેમના ભાણેજને જ મારી કન્યા આપવાનો હતો." ગૃહિણીએ કોમળતાવ્યંજક સ્વરે, નીચી દ્રષ્ટિ કરી પોતાનો મનોરથ વ્યક્ત કર્યો.

ગોર મહારાજથી ન રહેવાયું, તેમના મુખ ઉપર ક્રોધની લાલાશ તરી આવી. આખી સ્ત્રી-જાતી ઉપર આક્ષેપ કરતા તેમણે જાહેર કર્યું કે-"પ્રમદા બુદ્ધિ પાનીએ, એ કહેવત કાંઈ ખોટી છે? આવી બાબતમા તે વળી બાઇડીઓના અભિપ્રાય હોય? કહો, ભાણેજની સાથે મલિનાના વિવાહ નહીં થાય, બીજું કાંઇ પૂછવું છે? તેની ગોઠવણ મુંબઇવાળા કોઇએક સરકારી અમલદારને ત્યાં થઈ ગઈ છે."

"થઇજ જાયને? હું કેટલાયે દિવસથી કહ્યા કરતી હતી, પણ અમારૂં સાંભળે છેજ કોણ? અમારી બુદ્ધિ પાનીએ, બસ, થઇ ચૂક્યું. હજીપણ જુઓને, પ્રયત્ન કરી જુઓને, જો ગિરજાકુમાર સાથે માલિનાનું સગપણ થાય છે તો ઠીક છે, નહિ તો પછી આ તો છે જ ને?" ગૃહિણીએ ટુંકમાંજ બધો કરવા જેવો ખુલાસો કરી દીધો.

"પણ હરચંદ શેઠે પોતેજ જ્યારે પોતાની અશક્તિ દર્શાવી છે તો પછી હવે તે પાછળ વ્યર્થ પરિશ્રમ કરવો નકામો છે. મલિનાના મહાભાગ્ય સમજોને કે વરના બાપે પોતેજ આ વાત ઉચ્ચારી! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવાની મૂર્ખતા ન કરતાં મારૂં કહ્યું માની કબુલ થઇ જાઓ. વચનું ગૌરવ, કન્યાનું સૌભાગ્ય અને બાકી બધી જાનની સગવડ સચવાશે." પુરોહિતે છેવટનો ખુલાસો કરી દીધો. ગુલાબચંદ શેઠ તથા તેમની પત્નીએ પણ એકસમ્મત થઈ પુરો-

હિતજીને અનુમતી આપી દીધી. તેમ કરવા સિવાય બીજો કાંઇ રસ્તો જ તેમને માટે રહ્યો નહતો.

મલિના આ વખતે પોતાના શયનગૃહમાં જઇ ક્યારનીએ સુઇ ગઈ હતી, તે જો જાગતી હોત અને આ વાતચીત દરમીયાન વચમાં હોત તો શું કહેત અથવા શું કરી બતાવત તે વિષે કલ્પના થઇ શકતી નથી. ગિરજાકુમારે પણ જો પોતાના મામા અને પુરોહિત વચ્ચેની મુલાકાત વખતે ચાલ્યા જવાની ઉતાવળ ન કરી હોત તો આ બધી ઘટના કેવા રૂપે ફેરવાઇ જાત તે તો એક માત્ર અન્તર્યામીજ જાણી શકે એમ છે. આપણે તો હવે વર્તમાનના પ્રવાહમાં ઘસડાવું અને વિધાતા જે દૃશ્યો દેખાડે તે મુંગે મ્હોડે જોયા કરવાં! એ સિવાય બીજું શું કરી શકીશું?

ભાવી ભાભી.

(૪)

શરદ અને મલિના વચ્ચેનો સગપણ-સંબંધ ગૃહસ્થો તેમજ વ્યાપારીઓના સમાજમાં એક ચર્ચાનો વિષય થઇ પડ્યો મલિના જેવી રૂપ-ગુણવતી કન્યા મળવા બદલ કોઇ શરદને ભાગ્યશાળી માનતું તો કોઇ મલિનાને શરદ જેવો ખાનદાન કુટુંબનો પતિ મળવા બદલ પુણ્યશાળી માનતું. સૌ કોઇ પોતપોતાના દૃષ્ટિબિન્દુથી આ સંબંધની સ્તુતિ તેમજ નિંદા કરતાં હતાં. ચર્ચા કરનારાઓ સઘળા નિષ્પક્ષપાત અને વસ્તુસ્થિતિ સંપૂર્ણ રીતે સમજનાર હોય એ અસંભવિત છે. એટલે તેમની સ્તુતિ-નિંદાની કીંમત કેટલી આંકવી તે સહેજે સમજી શકાય તેમ છે. વર-વધુના માતા-પિતાઓનાં કાને તો પ્રાયઃ આ વિવાહ સંબંધી પ્રશંસાના ઉદ્‌ગારો જ આવતા, એટલે તેમને વર-કન્યાના વિનિમય માટે પ્રથમ જે કંઇ થોડું ઘણું લાગી આવતું હતું તે ધીમે ધીમે ભૂલી જવાયું. સમાજ એક મ્હોટો જાદુગર છે. સમાજનો કોઇ એક મનુષ્ય જ્યારે મ્હોટી ચિંતામાં કે ગમગીનીમાં આવી પડે છે ત્યારે સમાજના અસંખ્ય સ્ત્રી-પુરૂષો પોતાના મધુર શબ્દોથી તેમની ગમગીની દૂર કરી, તેમણે જે કંઇ કર્યું છે તે યોગ્યજ કર્યું છે, કુદરત જે કરે છે તે વાજબીજ કરે છે; એમ સમજાવી બધું દુઃખ ભૂલાવી દેવાનો પ્રયત્ન કરે છે. સબળ પુરૂષને સમાજ જ્યારે સુખ આપનાર થઇ પડે છે ત્યારે એજ સમાજ નિર્બળોને ઉલટો ત્રાસદાયક થઇ પડે છે. સંસારનો નિયમ જ એવો છે. ન્હાના દીપકને પવનનો સહેજ ઝપાટો નિર્વાણપદે પહોંચાડે છે, જ્યારે એજ ઝપાટો, જોસભેર સળગતી આગને ઉલટું ઉત્તેજન આપનારો થઇ પડે છે!

લગ્નનો દિવસ બન્ને પક્ષ તરફથી નક્કી થઇ ગયો છે. ગિરજાકુમાર કોલેજમાંથી ખાસ રજા લઇ મ્હોટા ભાઇના વિવાહ પ્રસંગે દેશમાં આવ્યો છે. મલિનાની

એક હિસાબે ગિરજાકુમારની દૂરની મામી થતી હતી. લગ્નને એકાદ અઠવાડીયું વાર હોવાથી ગિરજાએ પોતાની મામી વિગેરેના કુશળ સમાચાર પૂછવાનો અને એ નિમિત્તે ભાવી ભાભીને કંઇક ઉપહાર અર્પવાનો વિચાર કર્યો. તે મુંબઇથી આવતી વખતે સાહિત્યના કેટલાંક સ્ત્રીઉપયોગી પુસ્તકો ભાવી ભાભીને ભેટ આપવા પોતાની સાથે લઇ આવ્યો હતો.

સાયંકાળ થતાં તે મલિનાને ત્યાં ગયો. આ વખતે મલિનાની માતા ગામની કેટલીક સ્ત્રીઓ સાથે આંગણામાં બેસી, વાર્તાલાપ કરી રહી હતી. તે ગિરજાને જોતાંજ માન પૂર્વક ઉભી થઇ અને આદર આપતાં બોલી કે-"ભાઈ! કયારે પધાર્યા છો? ઘણે દિવસે અમારી ખબર લીધી!"

"હા, મામી. બધા છો તો કુશળને? મને આવ્યાને લગભગ અઠવાડીઉં થયું હશે. મ્હોટા ભાઈના વિવાહ ઉપર આવવું તો જોઇએ જ ને? મલિના કયાં છે? અમારા કુટુંબના સદ્‌ભાગ્ય કે મલિના જેવું નારીરત્ન—"

ગિરજા જરા સંકોચ પામ્યો, તેને લાગ્યું કે હવે આગળ નહીં બોલાય તો પણ ભાવાર્થ સમજવામાં કાંઈ હરકત પડે તેમ નથી. તેનું તે અનુમાન ખરૂં પડયું. મલિનાની માતાએ તુરતજ જવાબ વાળ્યો કે:—

"મલિનાની તબીયત છેલ્લા થોડા દિવસો થયાં બરાબર રહેતી નથી. ઝીણો-ઝીણો તાવ હાડમાં રહ્યા કરે છે. શરીર તો તદ્દન લેવાઇ ગયું છે. મ્હોં સામે પુરૂં જોવાતું પણ નથી, ઘણીવાર બહાર ફરવા-હરવાનો આગ્રહ કરીએ છીએ પણ તેનું દિલ કયાંઈ લાગતું નથી. પહેલાં તો પુસ્તકો વાંચીને પણ દિવસો પસાર કરતી. હમણા હમણાંમાં તે પુસ્તકો ઉપર પણ એટલોબધો કંટાળો આવી ગયો છે કે ન પૂછો વાત! જાણે એ મલિનાજ નહીં! શરીર અને સ્વભાવ બધું પલટાઈ ગયું છે!"

"શરીર સારૂં ન હોય ત્યારે કંઇ ન ગમે. શરીરે સુખી તે સુખી સર્વ વાતે એ કહેવત કંઇ ખોટી છે?" ગિરજાએ આશ્વાસન આપ્યું.

આ પ્રમાણે વાતચીત કરતાં તેઓ એક સીડી પાસે આવી પહોંચ્યા. ગિરજા આ ઘરની રચનાથી અજાણ્યો નહોતો. તે બાળપણમાં ઘણીવાર વિવિધ નિમિત્તે અહીં આવી ચૂકેલો હતો. તેણે સીડી પાસે પહોંચતાં જ સવાલ કર્યો-"મલિના કયાં આગળ છે?"

મલિનાની માતાએ પાસેના એક ઓરડા તરફ આંગળી કરી. ગિરજાકુમાર અતિ સંકોચ પૂર્વક તે ઓરડા પાસે આવ્યો. દ્વાર ઉઘાડી અંદર દ્રષ્ટિ કરી તો મલિના કિંચિત્ નિદ્રાવશ, બીછાનામાં પડી હતી. મલિનાને નિદ્રામાંથી ઉઠાડવી કે નહીં તેનો એક-બે ક્ષણ સુધી તેણે વિચાર કર્યો. છેવટે તેનાથી બોલ્યા વિના રહેવાયું નહીં:—"કેમ, મલિના? જાગો છો?"

ગિરજાકુમારનો સ્વર સાંભળતાંજ મલિના ઉંઘમાંથી ચમકી એકદમ જાગૃત થઇ. તેણીએ બની શકે તેટલી શિઘ્રતાથી વસ્ત્ર વિગેરે ઠીકઠાક કરી ગિરજાકુમારને આવકાર આપ્યો. ગિરજાએ મલિનાનું આવું દીન સ્વરૂપ નિહાળી મનમાં વિચાર કર્યો કે "પહેલાની મલિનામા અને આજની–અત્યારની મલિનામાં આટલો બધો ફેરફાર અકસ્માત્ કેમ થઇ ગયો ? તેનુ સમસ્ત સૌંદર્ય અને લાવણ્ય ક્યાં ચાલ્યુ ગયું ? કન્યાશાળામા પરીક્ષા લેતી વખતે મે જે મલિના જોઇ હતી તેજ શુ આ મલિના હશે ? તેણીના અધરોષ્ઠ ઉપરની પ્રફુલ્લતા અને લાવણ્યમયતા કોણ હરી ગયું ?" તેનું હૃદય ભરાઇ આવ્યુ. તેણે ગળગળા સ્વરે કહ્યુ–"મલિના ! તમારૂં શરીર આટલુ બધું કેમ ખરાબ થઇ ગયું ?"

મલિનાએ તે પ્રશ્નનો કશો ઉત્તર વાળ્યો નહીં તે ઉત્તર આપી શકી નહીં યા તો ઉત્તર આપવાની કશી જરૂર ન ધારી, તે તો પરમાત્મા જાણે. તેણીએ ઉક્ત પ્રશ્નના ઉત્તરમાં એકવાર ગિરજા ભણી ઉદાસીનતાભર્યાં દૃષ્ટિ ફેંકી અને થોડીવારમાં તુર્તજ પાછી વાળી લીધી.

ગિરજાએ પુન: પૂછ્યુ—"મલિના !"

મલિના—"કેમ ભાઇ ?"

"હુ તમારે માટે મુંબઇથી ખાસ પુસ્તકો તથા બીજી કેટલીક સાધારણ ચીજો લાવ્યો છું." એમ કહી તેણે તે વસ્તુઓ મલિના પાસે રજુ કરી

મલિના પુન: પૂર્વવત્ મૌનજ બેસી રહી. પ્રયત્ન કરવા છતાં અશ્રુના વેગને ખાળી શકી નહીં–અજાણતાંજ તેની આંખમાંથી આંસુના બે ઉષ્ણ બિંદુઓ ગાલ ઉપર થઇ નીચે સરી પડયા. પેલા પુસ્તકાદિ ઉપહારો તરફ નજર પણ ન નાંખી.

ગિરજાકુમાર ઉઠેલો થયો. તેણે મલિનાનો દુર્બલ હાથ પોતાના હાથમા લઇ કહ્યુ—"મલિના ! હવે તમારો વિવાહ થવાનો છે. તમે મ્હારા મ્હોટા ભાભી થવાનાં છો. તમારા જેવી એક ભણેલી ગણેલી અને સદ્‌ગુણી ભાભી મળવા બદલ હુ મને ખરેખર ભાગ્યશાળી માનું છુ."

મલિનાએ સમસ્ત શરીરમાં રોમાંચ અનુભવ્યો. મુખ ઉપર પ્રસ્વેદના સ્પષ્ટ ચિન્હો તરી આવ્યા તેણીએ ઉત્તર આપ્યો—"ભલે, તમે તમને પોતાને ભાગ્યશાળી માનો, તમે જો ગિરજાકુમારને બદલે મલિના હોત તો મારૂં હૃદય સમજી શકત."

ગિરજાકુમાર એ કથનનો આશય શમજી શક્યો નહીં મલિનાનો પ્રકંપ અને પ્રસ્વેદ નીહાળી તે બોલી ઉઠ્યો —"તમારી તબીયત બહુજ ખરાબ થઇ ગઇ હોય એમ જણાય છે. તમારો આખો દેહ ધ્રુજતો હોય એમ મને લાગે છે."

(અપૂર્ણ.)

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબત્તી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના. સુખડ, અતર, હીંગ, કુરડે, ખાપરીયુ, મોમાઈ, સીલાજીત, મોતીનો સુરમો વીગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ભાવને માટે પ્રાઇસલીસ્ટ જુઓ। ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.

જુમામસીદ, ન ૧૨૭ મુબઇ.

કેવળ જીવદયાનો સંદેશો ?

મિત્રો, હીસ્ટિરિયાનુ દર્દ જોયુ જાય તેવુ નથી તેવા જીવોને છોડાવવા, એ પુણ્યનુ કામ છે એમ ધારી તેમને ખબર આપો કે

૨૪ કલાકમાં દર્દને ગમાવનાર

૨. ન. ૧૬૬

હીસ્ટિરિયા—વાયુમુક્તા.

કી રૂ ૪-૧૦-૦ પો જુદુ.

દવા દેશી, સ્વધર્મ રક્ષક, પથ્ય નહિ, ગર્ભવતી અને સુવાવડીથી લેવાય, આકડી, ચકરી, તણાવુ, ગભરામણ, શીત, ફાટ, તોડ, કળતર, જડતા, બેશુદ્ધિ, ગોળો, પ્રદર, લાળ, ગર્ભાશયના દર્દો, પક્ષપાત, લકવા અને ચિત્તભ્રમ યાને ઘેલ ૨છા ઉપર રામબાણ, જાતે અનુભવો અને સર્ટીફીકેટ દો

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. વિજાપુર—ગુજરાત

આર્યમજામાં ધર્મરૂપ મનાતા દિવસો.

(અથવા) વ્રતોત્સવ.

જુદા જુદા પુરાણોમા, જુદા જુદા ઐતિહાસિક ગ્રંથોમા અને જુદા જુદા તંત્ર ગ્રંથોમાં જે જે વ્રતો તથા ઉત્સવો બતાવેલા છે તેઓના ધાર્મિક સસ્કારો સર્વ લોકોના અંત કરણમા અવિચ્છિન્ન રહે એવા હેતુથી આ વ્રતોત્સવ પુસ્તક ગુજરાતી ભાષામાં રચવામાં આવેલુ છે

આ પુસ્તકમાં આખા વરસમાં આવતા ૩૬૦ દિવસમાં આવતા કુલ ૨૨૦ વ્રતો તથા ઉત્સવોનુ સાધારણ સ્ત્રી-પુરૂષો પણ સમજે એવી સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યુ છે

સનાતન ધર્માવલબી સ્ત્રી-પુરૂષોમાં પળાતાં તમામ વ્રતો તથા ઉત્સવો માટે આ પુસ્તક એક માર્ગદર્શક છે કિંમત રૂા ૧ એક.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

આતકનિગ્રહ ઔષધાલય—જામનગર-(કાઠિયાવાડ)

પ્રદર વિનાશક.

સ્ત્રી વર્ગ માટે ખાસ દવા

દરેક જાતના પ્રદર અને ગર્ભાશયના કોઇપણ દરદથી પીડાતી અને શરમને લીધે અસહ્ય સકટ ભોગવતી અબળાઓ માટે આ દવા એક આશિર્વાદ છે

"સ્ત્રી ઉપયોગી" પુસ્તક મફત મગાવો.

પ્રદર વિનાશક ઑફીસ—ખંભાત

શુદ્ધ સચિત્ર—

શ્રી જૈન પંચાંગ.

કીંમત રૂા. ૦-૦-૧ — સો નકલના રૂા. ૨-૮-૦

પિતાનો પુત્ર પ્રત્યે ઉપદેશ ૦-૩-૦ સો નકલના રૂા. ૧૫-૦-૦

વિદ્યાર્થી બન્ધુ કિંવા ચારિત્ર સુધારણા સંબંધી શિક્ષણ.
૦-૨-૦ સો નકલના રૂા. ૧૦-૦-૦

જ્યોતિષના ગ્રંથો.

આરંભસિદ્ધિ, દિનશુદ્ધિ, લગ્નશુદ્ધિ એ ત્રણે ગ્રંથ મૂલ સહિત ભાષાંતર નવીન છપાવેલા છે. ગ્રંથો ઉપયોગી અને ઉત્તમ છે. .... કીં. રૂા. ૧૦-૦-૦

સામુદ્રિક શાસ્ત્ર અને સ્વપ્ન વિચાર. ... કીં રૂા. ૧-૪-૦

શકુન શાસ્ત્ર નવીન સુધારા-વધારા સાથેની આવૃત્તિ હમણાંજ છપાવી છે ગ્રંથમાં કેટલોક વધારો કીધો છે. કીં. રૂા. ૦-૧૨-૦

(ટપાલ વી. પી. પેકીંગ ખર્ચ, દરેક પુસ્તકનું વધારે સમજવું)

લખોઃ—શ્રાવક ભીમસિંહ માણેક.

પુસ્તકો પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર, ઠે૦ માંડવી શાકગલી-મુંબઈ

આ માસિક તની શેઠ દેવચંદ દામજીએ પોતાના આનંદ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી પોતાના શ્રીસુખ-દર્પણ 'શ્રાવક' માસિકની ઓફીસમાંથી પ્રગટ કર્યું

આ. પ્રે. મંગળાબાઇ મોતીલાલ-મુંબઈ. Shravika Reg. No. B, 1289

શ્રી ગુણ દર્પણ.

પુસ્તક ૩ જું, અંક ૪ થો (જુન સને ૧૯૧૯)

તંત્રી શેઠ દેવચંદ દામજી-કુંડલાકર. વ્યવસ્થાપક, ગુલાબચંદ લલ્લુભાઈ શાહ-ભાવનગર.

વિષયાનુક્રમણીકા.

નંબર.	વિષય.	પૃષ્ટ.
૧	સ્ત્રીઓની સહાય.	૭૩
૨	સોરાબ અને રૂસ્તમ.	૭૪
૩	હૃદય ઐક્ય.	૮૧
૪	સ્વર્ગની સીડી? નહીં નર્કની–નીસરણી!	૮૨
૫	સ્વદેશી આન્દોલન અને ભારતની ગૃહિણીઓ.	૮૬
૬	કુમારી હેલન કેલર.	૮૮
૭	લગ્ન શા માટે.	૯૪

આ માસિકનું વાર્ષિક લવાજમ-હિંદ માટે પોસ્ટેજ સાથે રૂ. ૨–૦–૦ છુટક અંકના આના ૭

પુ. ૩ જું | જુન. | અંક ૪ થો.

સ્ત્રીઓની સહાય.

આપણી પ્રજાકીય તથા સામાજીક હીલચાલોમાં જો આપણને સ્ત્રીઓની સહાય મળે તો તેથી કેટલું બળ આવે તેની કલ્પના સહેલાઈથી થઈ શકશે. સ્ત્રીઓ જે કાંઈ શીખે છે તેને પોતાના વર્તનમાં ઉતારતાં વિલંબ કરતી નથી, એ એક સ્ત્રી જાતિની ખાસ વિશેષતા છે. પુરૂષો કરતાં સ્ત્રીઓમાં સ્વાર્થત્યાગની માત્રા વધારે હોય છે. ફુરસદના વખતે ઉચ્ચ અને પવિત્ર જીવનની પ્રશંસા કર્યા કરવી અને ઉચ્ચ મનોરથોના કીલ્લાઓ બાંધ્યા કરવા એ સ્ત્રીઓનો સ્વભાવ નથી. તેઓ બનતાં સુધી ઉચ્ચ જીવનને પોતાનું બનાવી લેવાને યત્નશીલ રહે છે. સાર્વજનિક જીવનમાં જો સ્ત્રીઓ આપણી સાથે સમ્મિલિત થાય તો આપણી શક્તિ, બળ અને ગતિમાં અસાધારણ વૃદ્ધિ થયા વિના રહે નહીં. ખાસ કરીને બાળકોના જીવન ઉપર તેની ઘણી સુંદર અસર થાય.

(શ્રીમતી એની બેસંટ)

સોરાબ અને રૂસ્તમ.

ઈરાનનો પ્રસિદ્ધ વીર રૂસ્તમ, સરોવરના કીનારા ઉપર આવેલા પોતાના એક સુંદર મહેલમાં બેઠો છે. તેના મુખ ઉપર ચિંતાની સ્પષ્ટ છાયા ફરી વળી છે. વીરત્વના દૈવી પ્રકાશથી શોભતા એ મુખ ઉપર ચિંતાની આછી વિષાદ રેખાઓ પણ કેવી મનોહર લાગે છે? તે કઇંક વિચાર કરતો હોય તેમ જણાય છે. ઇરાનના રાજાના માનીતા સરદાર ઉપર એવી તે શી આફત આવી પડી હશે? જેના ક્રોધ કટાક્ષથી મનુષ્યો ભસ્મીભૂત થઇ જાય, જેની એક હાક માત્રથી સહસ્ર શૂરવીરોના લોહી ઉકળી આવે અને જેના પાદપ્રહારથી ધરા ધ્રુજી ઉઠે એવા એક વીર પુરૂષને તે વળી શાની ચિંતા હશે?

વીર રૂસ્તમની પત્ની તહમિના પણ ત્યાંજ બેઠી બેઠી પતિના મનનો ઉદ્વેગ શાંત કરવા પ્રયત્ન કરી રહી છે. એમ લાગે છે કે દંપતી વચ્ચે અત્યાર આગમચ ઘણી વાતચીત અને ખુલાસાઓ થઇ ચુકેલા હોવા જોઇએ. રૂસ્તમને પોતાના વિચારમાં પ્રથમના જેવો જ દૃઢ અને આગ્રહી જોઇ તહમીનાની આંખમાંથી આંસુની ધારા વહી નીકળી અરેરે! આ સરળ હૃદયવાળી વીરપત્નીને અત્યારે આશ્વાસન કે ધીરજ આપનાર પણ કોઇજ નથી! તેના તેજસ્વી, અભિમાની અને સખ્ત હૃદયના પતિ પાસેથી દીલસોજીના બે શબ્દોની આશા રાખવી એ પણ વ્યર્થ છે.

"મારી એટલી નજીવી માગણી પણ શું આપ પૂર્ણ નહીં કરો? હું આપની પાસે બીજું કાંઇજ નથી યાચતી, મારા ગર્ભમાં અત્યારે જે સંતાન છે તે સંતાન જો પુત્રરૂપે અવતરે તો કૃપા કરી તેને તુરતમાંજ મારી પાસેથી નહીં છીનવી લેવાનું વચન આપો. એટલું દયા કરીને કહી દ્યો કે જો મને પુત્ર અવતરે તો તે પુત્રને આપ રણક્ષેત્રમાં નહીં લઇ જાવ!" તહમીનાએ સ્તબ્ધતાનો ભંગ કરતાં ગદગદ સ્વરે પોતાની યાચના ફરીથી રજુ કરી.

રૂસ્તમનું હૃદય પાષાણનું નહોતું. તહમીનાના અશ્રુએ તેને ગળગળો બનાવી દીધો. થોડી વાર તે મૌનપણે બેસી રહ્યો. પણ કઠોર કર્ત્તવ્યનું સ્મરણ થતાં તે બોલી ઉઠ્યો—"તહમીના! એક રમણીના અશ્રુપ્રવાહમાં હું મારા કુળની કીર્ત્તિને વહી જવા દઉં એવો છેક પામર નથી એ યાદ રાખજે! તમે-સ્ત્રીઓએ શું પુરૂષોના કર્ત્તવ્યમાર્ગમાં કંટકરૂપ થવા માટેજ આ જગતમાં જન્મ લીધો છે? અમારા કર્ત્તવ્યોમાં પગલે પગલે વિઘ્નો નાખવા માટેજ શું પરમાત્માએ તમને પેદા કરી છે? પુરૂષોને કેટલીક વાર કલેજું કેટલું કઠણ બનાવવું પડે છે તેનો ખ્યાલ મેં સ્ત્રીઓ કેવી રીતે કરી શકો? આ ગૃહ એ તો કર્ત્તવ્યમાંથી મુક્ત થયા પછી આરામ લેવાની અમારી લીલાભૂમિ માત્રજ છે! અમારૂં ખરૂં કર્ત્તવ્યક્ષેત્ર જોવું

રૂસ્તમે પાસેની બારીમાંથી આંગળી કરી મહેલની બહારના વિશાળ
મેદાન તરફ તહમીનાનું લક્ષ ખેંચ્યું.

ચિત્રકાર ટી જી પરેસ આનંદ પ્રેસ-ભાવનગર

હોય તો, જો! આ જંગલો-મેદાનો અને યુદ્ધક્ષેત્રોજ છે!" રૂસ્તમે પાસેની બારીમાંથી આંગળી કરી મહેલની બહારના વિશાળ મેદાન તરફ તહમીનાનું લક્ષ ખેંચ્યું.

"આપનું એ કર્ત્તવ્યજ્ઞાનજ આજે આપનું શત્રુ બન્યું છે. આપના વીરત્વ અને પ્રભાવથી ડરી જઇ ઇરાનના રાજાએ તમને રાજદરબારમાંથી રજા આપી છે. જીવનના છેલ્લા દિવસો આરામ અને શાંતિમાં પસાર કરવાની કુદરતે આપેલી તક શા માટે જતી કરો છો?" તહમીનાએ આંખના અશ્રુ લુછતા નિવેદન કર્યું

"અસંભવિત છે કંટકશય્યા એજ અમારી કાયમની શાંતિશય્યા છે કર્ત્તવ્યની પાસે આરામ જેવો શબ્દ ઉચ્ચારવો એ પણ એક પાપ છે! પરંતુ એ વાતને અત્યારે જવા દે. મારૂં કહ્યું માન અને કબુલ કર કે જો તને પુત્ર-પ્રસવ થાય તો તેજ વખતે તું મને સમાચાર મોકલ્યા વિના નહીં રહે. હું તેને આઠ વર્ષ સુધી તારી પાસે રહેવા દઇશ. નવમા વર્ષે હું પોતે આવી તેને મારા કર્ત્તવ્યક્ષેત્રમાં લઇ જઇશ. અને જો પુત્રી અવતરે તો ખુશીથી તેને માટે પુષ્પશય્યા રચી તેનું સંપૂર્ણ લાલન-પાલન કરજે. પુત્રીને માટે કુસુમશય્યા અને પુત્રને માટે કંટકશય્યા એજ અમારો વીરોનો મુદ્રાલેખ હોય છે." રૂસ્તમે હૃદયની કોમળતા અને વત્સલતાને બની શકે તે રીતે દાબી દઇ ઉપરના ઉદ્‌ગારો કહાડ્યા.

તહમીના નિરાશ વદને ત્યાથી ઉભી થઈ અને જતાં જતાં કહેવા લાગી કે-"માતાના હૃદયનો કંઇક તો ખ્યાલ કરો! કર્ત્તવ્યમાં સ્નેહ અને પ્રીતિના ભાવોને તિલાંજલી ન આપો! પ્રભુ જાણે પુરૂષોનાં હૃદય કેવાં વજ્રમય હોય છે!"

રૂસ્તમ પણ તહમીનાની સાથે જ ઉભો થયો. પોતાનાં હાથમાંનું સુવર્ણમય માદળીયું આપતાં તે બોલ્યો-"પુત્રના જમણા હાથ ઉપર આ માદળીયું બાંધજો. તેમાં પ્રભુનો આશિર્વાદ છે."

રૂસ્તમે એકાંતમાં બેસી કેટલાક વિચારો કર્યા થોડી વારે એક અનુચરે આવી ખબર આપ્યા કે-"કૂચને લગતી બધી તૈયારીઓ થઇ ગઇ છે. આપનો અશ્વ પણ તૈયાર છે."

(૨)

ઉપલી વાતને આજે વીસ વર્ષ થઈ ગયા છે રૂસ્તમ પોતાના વીરત્વની યશસ્વી ધ્વજા ફરકાવતો પોતાના સૈનિકો સાથે તાતાર પ્રદેશમાં આવી પહોચ્યો છે. તાતારવાસી પ્રજા ઇરાનના વીર રૂસ્તમની સાથે લડવાની ઘણા દીવસોથી તૈયારીઓ કરી રહી હતી. તાતારના સ્વદેશાભિમાની માત-પિતાઓ પોતાના વ્હાલા સંતાનોને વીર રૂસ્તમની સાથે લડતાં અને સ્વર્ગ પ્રયાણ કરતા જોવાને ઉત્સુક થઇ રહ્યાં હતાં. રૂસ્તગે અકથમ નદી ઉપર પડાવ નાખ્યો છે. બીજી તરફ તાતારી પ્રજાના સૈનિકોની છાવણીઓ પણ સ્થાપિત થઇ ગઇ છે. લાલ રંગની છાવણીઓ સૂર્યના કીરણોથી વધારે ઉજ્જવળ બની આંખોને આહ્‌લાદ આપી રહી છે.

વીર યોદ્ધાને છાજે તેવા સંદેશાઓ પરસ્પરમાં ચાલ્યા પછી બન્ને તરફના સૈનિકો પોતાના ભાગ્યની પરીક્ષા કરવા મેદાનમાં સજ્જ થઈને ઉભા રહ્યા છે. ઈરાનના ઘોડેસ્વારોની શ્રેણીબદ્ધ ટુકડીઓની પાછળ પાયદળ લશ્કરની મ્હોટી સંખ્યા હાથમાં તલવાર–ભાલા અને ઢાલ લઇ ઉભી રહી છે. તેમની સામે હજારો તાતારીઓ પણ યુદ્ધના આહ્વાનની રાહ જોતાં ઉભા છે.

બરાબર બપોર થતાં તુરી–ભેરીના રણવાદ્યોથી મેદાન ખળભળી ઉઠ્યું. અસ્ત્ર–શસ્ત્રોના ઝણઝણાટથી વીરોનું લોહી ઉકળી આવ્યું ! હિંસક પ્રાણીઓની માફક સૈનિકો પણ મનુષ્યોનું રક્તપાન કરવાને ઉત્સુક થઇ ગયા.

એટલામાં તાતાર–સૈન્યમાંથી એક યુવક બહાર આવ્યો અને એક ન્હાની સરખી ટેકરી ઉપર ઉભો રહી, ઇરાની સૈન્યને સંબોધીને કહેવા લાગ્યો કે–“જરા સબુર કરો ! તમારા ઇરાની સૈનિકોમાં, મ્હારી સાથે સ્પર્દ્ધા કરી શકે એવો કોઇ વીર હોય તો તેને પ્રથમ મારી પાસે આવવા દો. હું તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાને તૈયાર છું.” યુવકની કેડ ઉપર એક સુંદર તલવાર લટકતી હતી, તેના હાથમાંનો ભાલો સૂર્યના પ્રકાશમાં ઝળહળતો હતો. યુવકનુ નામ સોરાબ હતું.

સોરાબનાં અભિમાનભર્યાં વાક્યો સાંભળી, ઇરાની સૈન્યમાથી વીર રૂસ્તમ એકદમ બ્હાર આવ્યો. સોરાબ બરાબર તે વિશાળકાય પુરૂષની સામે આવીને ઉભો રહ્યો રૂસ્તમ થોડી વાર તો આ નવીન અને તેજસ્વી યુવકની કોમળ મુખાકૃતિ એકી ટસે જોઇ રહ્યો. જોતાંની સાથે જ તેના હૃદયમાં સ્નેહ અને વાત્સલ્યનો ભાવ ઉભરાઇ નીકળ્યો. યુવકની દ્રઢતા, નિર્ભયતા અને ધીરતા જોઇ રૂસ્તમનું હૃદય ગળી જવા લાગ્યું. યુદ્ધક્ષેત્રમાં આવી નિર્બળતા ઉચિત ન ગણાય એમ ધારી તેણે પોતાની જાતને સંભાળી લીધી. તે યુવકને ઉદ્દેશીને બોલી ઉઠ્યો:–“વત્સ ! યુદ્ધમાં તમારા જેવા બાળકોનું કામ નથી. તાતારમાં શું સઘળા વીર યોદ્ધાઓ મરી ચુક્યા છે કે તમારા જેવા એક કોમળ પ્રકૃતિના બાળકને સ્વદેશરક્ષણાર્થે મેદાનમાં ઉતરવું પડયું છે ? જાઓ–ઘેર પાછા જાઓ. મારા નસીબમાં પુત્ર સુખ નથી. હું તમને મારા એક પુત્ર માની અહિંથી સહિસલામત પાછા જવાની સલાહ આપું છું.”

પ્રભાતના વાયુથી પાંદડા ઉપરના ઝાકળના બિન્દુઓ જેવી રીતે ઉછળવા લાગે તેવી રીતે ઇરાની વીરના સ્નેહભર્યા વચનો સાંભળી સોરાબનું અંતઃકરણ પણ કોઇ એક અસ્પષ્ટ આવેશથી ઉછળી રહ્યું. તેણે ભક્તિભાવ પૂર્વક પોતાનું મસ્તિષ્ક ઝુકાવી, ધ્રુજતા સ્વરે ઇરાની વીરને પ્રશ્ન કર્યો કે–“ખરેખર શું આપ વીર રૂસ્તમ પોતે જ છો ? જેની કીર્તિ કહાણી હુ આજે વર્ષો થયા સાંભળતો આવ્યો છું તે શુ આપ પોતે જ છો ?”

રૂસ્તમે વિચાર કર્યો કે જો આ વખતે હું મારૂ ખરૂં નામ આપી દઇશ તો આ અભિમાની યુવક પોતાનો પરાજય સ્વીકાર્યા વિના જ અહિંથી ચાલ્યો જશે અને

તાતારી સૈન્યમાં પોતાના પરાક્રમની આત્મપ્રશંસા કરી મને બદનામ કર્યા વિના નહીં રહે. તે અહીં મારી પાસે વિનય અને ભક્તિનો ખોટો ડોળ કરી પોતાના સ્વદેશી બન્ધુઓને એમજ કહેશે કે—" મેં તો ઇરાની વીરને દ્વંદ્વયુદ્ધમાં ઉતરવાનો ઘણો યે આગ્રહ કર્યો પણ મારી સામે થવાની કોઇએ હીંમત કરી નહીં, એટલે મને યુદ્ધ કર્યા વિનાજ પાછું ફરવું પડ્યું ! " રૂસ્તમને પોતાની કાલ્પનિક અપકીર્તિ અસહ્ય થઇ પડી. તે રોષમય દમામથી બે ડગલા પાછળ હઠયો અને તાડુકી ઉઠયો કે— " હું રૂસ્તમ હોઉં કે ગમે તે હોઉં, તેની સાથે તને શું સંબંધ છે ? તેં શું કેવળ રૂસ્તમની સાથેજ યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી છે ? રૂસ્તમ જો તારી આગળ આવીને હાજર થાય તો તારી તાકાત નથી કે તું એની સામે નજર સરખી પણ કરી શકે ! તેનું તેજ જોઇનેજ તું અહીંથી નાસી જાય ! અરે ઉદ્ધત યુવક ! તું રૂસ્તમની સાથે યુદ્ધ કરવાનું સાહસ શએ છે ? રૂસ્તમનું નામ લેતાં તને કંપારી નથી છુટતી ? " આ શબ્દો સાંભળી સોરાબ ખરેખર મુંઝી ગયો ! રૂસ્તમની શુષ્ક દૃષ્ટિ અને વાણીની કઠોરતાએ તેના હૃદયને હચમચાવી દીધું. તેણે પણ તેવા જ શુષ્ક અને કઠોર સ્વરે પ્રતિધ્વની કર્યો:—" ભલે, આવો-મેદાનમાં ઉતરો ! "

રૂસ્તમે હવે વધારે વિલંબ નહીં કરતાં પોતાનો ભાલો ઉગામ્યો અને વીજળીના વેગથી સોરાબની છાતીમાં મારવાનો પ્રયત્ન કર્યો. સોરાબ એક હરિણના જેવી કુશળતાથી ત્યાંથી ખસી આઘો ઉભો રહ્યો. રૂસ્તમનું નીશાન ખાલી ગયું. તે શરમાયો. સોરાબનો ભાલો પણ ઇરાની યોદ્ધાને કશી હાની કરી શકયો નહીં.

નિરાશ થયેલા રૂસ્તમે અતિશય ક્રોધના આવેશમાં આવી પોતાની ગદા ઉપાડી અને સોરાબ ઉપર ફેંકી. પહેલાની માફક આ વખતે પણ સોરાબે નીશાન ચૂકાવી દીધું. ગદા એક રેતીના ઢગ સાથે અથડાઇ ! પરંતુ ગદા ફેંકતાંની સાથેજ રૂસ્તમને એક એવો સખ્ત આંચકો લાગ્યો કે તે પોતાનું સમતોલનપણું ગુમાવી બેઠો. સોરાબે જો ધાર્યું હોત તો આ તકનો લાભ લઇ તે રૂસ્તમની છાતી ઉપર ખુશીથી ચડી બેસત ! પરંતુ એક વીર પુરૂષની અસાવધાનીનો લાભ લેવાનું તેણે ઉચિત ન ધાર્યું. તે રૂસ્તમની પાસે આવી, તેના ખંભા ઉપર હાથ મૂકી અતિ મૃદુ સ્વરે બોલ્યો:—" ઇરાની વીર !, ઉઠો ! મારા ઉપર ક્રોધ ન કરતા. તમને જોયા પછી કોણ જાણે શાથી, પણ મારા મનમાં ક્રોધ કે ઇર્ષા રહી શકતાં નથી—તમારૂં દર્શન જ મને વિહ્વળ બનાવી દે છે. જો કે હું દેખાવમાં બાળક છું, તથાપિ મેં આવાં અનેક યુધ્ધો પૂર્વે જોયાં છે. હાથ-પગ કપાયેલા અને કરૂણસ્વરે આક્રંદ કરતા અનેકાનેક સૈનિકોને મેં સાંભળ્યા તથા જોયા છે. મારૂં પાષાણ-હૃદય કદિ પણ પીગળ્યું નથી—પીગળવા દીધું નથી. છતાં આજે એ હૃદય મારા હાથમાં નથી રહી શકતું. ખરેખર કહો તમે રૂસ્તમ જ છો કે નહીં ? "

સોરાબનું બોલવું પુરૂં થાય તેટલામાં તો રૂસ્તમ ટટ્ટાર થયો અને પોતાની

બરછી આકાશમાં ઉગામી સૂર્યના તેજમાં ચમકાવી તેને પોતાની નબળાઈનો ખ્યાલ આવતાં વિશેષ ઉગ્ર બન્યો. તેની આંખોમાંથી અગ્નીની ચીણગારીઓ બ્હાર નીકળવા લાગી. તે દાંત પીસતો બોલ્યો—" બાળક ! તું હવે તારી મીઠી-મધુરી વાતોથી મને નહીં ફોસલાવી શકે. "

સોરાબે મ્યાનમાંથી તલવાર બ્હાર કાઢી. બન્ને વીર યોદ્ધાઓ વચ્ચે તુમુલ યુદ્ધ શરૂ થયું. તરવાર, ભાલા અને બરછીના આઘાતોથી બન્ને લડવૈયાઓના અંગમાંથી રક્તના પ્રવાહો વહેવા લાગ્યા. રૂસ્તમે બરછીના ઉપરા ઉપરી પ્રહારોથી સોરાબનું બખ્તર ક્યારનુંયે ભેદી નાંખ્યું હતું ! સોરાબે લાગ જોઇ રૂસ્તમના મસ્તકનો મુકુટ ધરણી ઉપર ફેંકી દીધો. રૂસ્તમની ભયકર મૂર્તિમાં શ્વેત કેશાવળીએ આછી કોમળતાનો આભાસ પ્રકટ કર્યો. મુકુટ ખસી પડતાં રૂસ્તમ જરા શરમાયો-તે નીચું જોઇ રહ્યો.

વાદળાઓએ સૂર્યને આચ્છાદિત કરી દીધો. છતાં યુદ્ધની શાંતિના ચિન્હ જણાયાં નહીં. રૂસ્તમે પૃથ્વી ભણી દ્રષ્ટિ કરી કેટલીક પળો વિચારમા ને વિચારમાં પસાર કરી દીધી. છેવટે તે જાણે પોતાના મનને સંબોધતો હોય તેવી રીતે બોલી ઉઠયો-" હા ! રૂસ્તમ ! યુદ્ધ ક્ષેત્રમાં આવી નિર્બળતા ન શોભે ! " રૂસ્તમ નામ સાંભળતાંજ સોરાબના અંતઃકરણમાં વિજળીના જેવી અસર થઇ-તે એક પથ્થરની મૂર્ત્તિની જેમ દિગ્મૂઢ બની ઉભો થઇ રહ્યો. તેના હાથનો ભાલો જમીન ઉપર પડી ગયો-તેનાં ગાત્રો શિથિલ થઇ ગયાં. રૂસ્તમે ભાનમાં આવતાની સાથેજ સોરાબની છાતી ઉપર ભાલાનો ઘા કર્યો ! તે મૂર્ચ્છા ખાઇ જમીન ઉપર ઢળી પડયો. ભાલો લાગતા પહેલાજ તે અર્ધમૃત જેવો થઇ ગયો હતો એ આપણે જાણીએ છીએ.

સોરાબને પૃથ્વી ઉપર આળોટતો જોઇ રૂસ્તમ બોલ્યો-" બાળક ! તેં તારા પોતાના દોષથીજ તારો પ્રાણ ગુમાવ્યો છે ! "

સોરાબે નીડરતાથી ઉત્તર આપ્યો-" વીર ! અહંકાર ન કરો ! તમે મને નથી મારી શક્યા-મને મારનાર અને ઘાયલ કરનાર તો રૂસ્તમજ છે ! તમારા જેવા એક નહીં પણ વીસ વીરોને હું એકલો પહોંચી શકું તેમ છું-માત્ર રૂસ્તમની પાસે મારૂં કંઇ નથી ચાલતું ! તમારી અસાવધાનીમાં તમારા મુખમાંથી " રૂસ્તમ " નું જે નામ નીકળ્યું હતું તે નામેજ મારૂં સમસ્ત બળ અને વીર્ય હરી લીધું હતું. પછી લાગ જોઇ ચોરની માફક કોઇના પ્રાણ હરવા એ કંઇ તમારી બહાદુરી ન ગણાય ! પરંતુ એ અન્યાયનું ફળ તમને મળ્યા વિના નહીં રહે ! રૂસ્તમ જ્યારે પોતાના પુત્રના મૃત્યુ સમાચાર સાંભળશે ત્યારે તમને તે યોગ્ય સજા કર્યા વિના નહીં જવા દે, એ ચોક્કસ માનજો."

પોતાના પગ પાસે બીજું કોઇજ નહીં પણ પોતાનોજ વીર પુત્ર પડયો છે એનું રૂસ્તમનો ભાન નહોતું. સોરાબના શબ્દો ઉપર વિશ્વાસ ન આવવાથી તેણે જણા-

ળ્યું કે–" દંભી ! ખોટું બોલી મને શા માટે છેતરે છે ? રૂસ્તમને પુત્ર કદિ થયો નથી, એ હું સારી પેઠે જાણું છું. હા, એક કન્યા અવતરી છે."

સોરાબની બોલવાની શક્તિ ધીમે ધીમે ક્ષીણ થતી જતી હતી તેનું શરીર શસ્ત્રોના આઘાતથી ઘવાયેલું હતુ. તે પડયો પડયો ધ્રુજતો હતો. અતિશય મંદ સ્વરોમાં ન છુટકે તે બોલ્યો " હું કદી અસત્ય નથી બોલતો. રૂસ્તમને એક પુત્ર છે અને તે હું જ છું. આ વીસ વર્ષમાં પિતાનુ મુખ જોવા હું ભાગ્યશાળી થયો નથી. માતાને એ સંબંધમાં પ્રશ્ન કરતો તો તેનો કશો ઉત્તર મળતો નહી. છેવટે હું કંટાળીને પિતાની શોધમાં દેશો–દેશ રખડવા લાગ્યો. તાતાર દેશ ઉપર ઇરાની વીરની સવારી આવવાની છે એવા સમાચાર મારા સાંભળવામાં આવ્યા હતા. મેં વિચાર કર્યો કે જો હું તાતારવાસીઓનો પક્ષ લઈ યુદ્ધમાં ઉતરીશ તો અવશ્ય વીર રૂસ્તમના એકવાર દર્શન કરવાને ભાગ્યશાળી થઈશ. પરંતુ મારી આશા છેવટની ઘડી સુધી પૂર્ણ ન થઇ ! વિચાર કરો કે જ્યારે રૂસ્તમ પોતાના એકના એક પુત્રના મૃત્યુ સંબંધી સમાચાર સાંભળશે ત્યારે તેને કેટલો ખેદ થશે ? પિતા તો મહા વીર છે એટલે તેને કદાચ બહુ નહીં લાગી આવે, પણ મારી પૂજ્ય માતા મ્હારા વિના કેમ જીવી શકશે ? એ સ્નેહમયી માતાને મારા અવસાનથી કેટલું દુઃખ થશે તેની કલ્પના પણ મારાથી નથી થઇ શકતી. માતાએ મને વિદાયગીરી આપતાં આંખમાં આસુ લાવી કહ્યું હતું કે–" બેટા ? યુદ્ધમાં બહુ રોકાઇશ મા ! જેમ બને તેમ જલદી પાછો વળી આવજે ! " મેં તેને હિંમત અને આશ્વાસન આપી ગમે તે પ્રકારે શાંત કરી હતી. હવે તેની શી દશા થશે ? " સોરાબના નેત્રોમાંથી આંસુનો પ્રવાહ વહેવા લાગ્યો. એક બાળકની માફક તે ઉપરા ઉપરી નિશ્વાસ નાંખવા લાગ્યો."

રૂસ્તમ આ બધી વાતને એકદમ સાચી માની લે એવો ઉતાવળો નહોતો. આ સ્થળે જણાવવું જોઈએ કે તેમાં રૂસ્તમને આપણે દોષ દઇ શકીએ તેમ નથી. તહમીનાએ જ સોરાબના જન્મ સંબંધી સમાચાર છુપાવી રાખી, પુત્રને બદલે કન્યાનો પ્રસવ થયો છે એવા ખબર રૂસ્તમને મોકલ્યા હતા. તહમીના, પુત્રમોહમાં એ અસત્ય વાણીનુ પરિણામ ન જોઇ શકે એ સ્વાભાવિક છે. તે માત્ર એટલુજ જાણતી હતી કે જો રૂસ્તમ પુત્ર–પ્રસવના સમાચાર સાંભળશે તો વ્હેલો–મ્હોડો પણ પુત્રવિયોગ સહન કર્યા વિના છુટકો નહીં થાય. એટલાજ માટે તેણીએ પોતાના વીર પતિને, પુત્રને બદલે કન્યાના જન્મ સંબંધી સમાચાર મોકલવાની ભૂલ કરી હતી. રૂસ્તમને તે સમાચાર વિષે શંકા લઇ જવાનું કાંઇ કારણ નહોતું. તે સોરાબના ઉદ્ગારો સાંભળી વ્યામોહમાં પડ્યો ! યુવાવસ્થાની જુની સ્મૃતીઓ તેના માનસપટ ઉપર થઇને એક પછી પસાર થવા લાગી ! ભૂતકાળનું મધુર સ્મરણ થતાં, તેની આંખ અશ્રુથી ભીંજા-

ઇ ગઇ. તે દુ:ખિત સ્વરે બોલ્યો:-" તારા જેવો વીરપુત્ર પ્રાપ્ત થયે રૂસ્તમને કેટલો આનંદ થાત એ કહેવું હવે નકામું છે. પરંતુ હું જાણું છું ત્યાંસુધી રૂસ્તમને કદિ પુત્ર નથી થયો."

સોરાબ મહા મહેનતે, હાથને ટેકવી સ્હેજ ટટ્ટાર થયો. તે કુદ્ધસ્વરે બોલી ઉઠ્યો--" શું તમને હજી મારી વાત ઉપર વિશ્વાસ નથી આવતો? જીવતાં સુધી અસત્યનો એક શબ્દ પણ આ મુખમાંથી નથી નીકળ્યો. મૃત્યુની છેક છેલ્લી ઘડીએ ખોટું બોલવાનું મને શું કારણ હોય તેનો તમે પોતેજ ખ્યાલ કરો! હું રૂસ્તમનો પુત્ર છું કે નહીં તેની ખાત્રી જોઈતી હોય તો જુઓ, આ રહી!" સોરાબે પોતાનો જમણો હાથ લાંબો કર્યો. એ હાથ ઉપર માતાએ બાંધેલું માદળીયું જોઇ લેવાનું સૂચન કર્યું.

રૂસ્તમે તે ખેલ્યું! તપાસ્યું! પૃથ્વી જાણે પોતાની આસપાસ ફરતી હોય તેવો તેને આભાસ થવા લાગ્યો. તેની નજર આગળ બધે અંધકાર પથરાઈ ગયો! તેનાથી બોલાઇ જવાયું કે—" વત્સ! તારા ઉપર અવિશ્વાસ આણવામાં મેં જ ભૂલ કરી છે! તું નિર્દોષ છે! હું-એજ રૂસ્તમ-તારો પિતા છું! પિતાના હાથે પુત્રનું મૃત્યુ થવાનું વિધાતાએજ નિર્મેલું હશે, નહીંતર આમ ન બને!" છાતીમાં કટાર મારી તે જ ક્ષણે આત્મઘાત કરવા રૂસ્તમે પોતાની કટાર બ્હાર કહાડી.

સોરાબે પોતાના સમસ્ત બળને એકત્ર કરી પિતાનો હાથ પકડી રાખ્યો. તે બોલ્યો—" પિતા! એમાં તમારો લેશ પણ દોષ હોય એમ મને લાગતું નથી. મિથ્યા શોક શા માટે કરો છો?" સોરાબે પિતાના હાથમાંની કટાર દૂર ફેંકી દીધી!

સોરાબને ખોળામાં લઇ અતિશય સ્નેહપૂર્વક રૂસ્તમ વારવાર ચુંબન કરવા લાગ્યો! પિતા-પુત્ર ઘણીવાર સુધી એક-બીજાને આવી રીતે જોઈ રહ્યા. મરતી વખતે સોરાબ એટલું કહી ગયો કે—" પિતા! મારો મૃતદેહ સીસ્તાનમાં લઇ જજો અને ત્યાં મારી સમાધી ઉપર નીચેના અક્ષરો કોતરાવજો:—

" વીર રૂસ્તમનો પુત્ર સોરાબ અહીંઆ ચિરનિદ્રાધીન છે.
પિતાએ જ અજાણતાં પુત્રનો પ્રાણ લીધો હતો."

ધીમે ધીમે આ વાત બન્ને લશ્કરોમાં ફેલાઇ ગઇ! કેટલાકો રૂસ્તમની નિષ્ઠુરતાને નિંદવા લાગ્યા, કેટલાકો વીર સોરાબની વીરતાની સ્તુતિ કરવા લાગ્યા, કેટલાકો વિધાતાની લીલા ઉપર ટીકાઓ કરવા લાગ્યા, સૌ પોતપોતાની મતિ અને શક્તિ પ્રમાણે સોરાબ અને રૂસ્તમને ન્યાય-અન્યાય આપવા લાગ્યાં. પરંતુ તેમા કોઇને તહમીનાના દુ:ખની કલ્પના થઇ હશે કે કેમ તેની તો શંકાજ છે! માતાનું દુ:ખ માતા સિવાય અન્ય કોણ સમજી શકે? માતાને પુત્ર વિયોગથી જે અસહ્ય દુ:ખ થતું હશે તેનો ખ્યાલ વાણીદ્વારા કેમ આપી શકાય?

હૃદય—ઐક્ય.

(લેખક—અમ્બેલાલ અવરામભાઈ દેશાઈ.)

હતી પૂર્ણિમા ઋતુ શરદની, રાત્રિ હતી રળીયામણી,
શશીનાં સુધા સમ ઝરણમાં, સૃષ્ટિ બધી ન્હાતી હતી;
લ્હેરો મધુરી અનિલની, કંઇ મન્દ ડગલે આવતી,
ને વિશ્વનાં સૌ પ્રાણીના, પરિશ્રમ બધા સંહારતી. ૧
મમ જીવન કેરી સહચરી, આજે પ્રથમ આવી હતી,
મમ હૃદયની ગ્રન્થિ બાંધી, આજે થવાની તો હતી;
મમ કર મહીં પુસ્તક હતું, હું વાંચતો સુતો હતો,
આવી સખી નિજ કરમહીં, લઇ થાળ કંઇ પૂજાતણો. ૨
અંગે ધરી સાડી લીલી, પગ મ્હેંદીએ મેંદી હતી,
મુખપર હતી લાલી રૂડી, વળી આંખડી શરમે ભરી;
'સૌભાગ્યસૂચક ચાંદલો, કંઈ ભાલમાં ચળકી રહ્યો,
કોમળ મધુરાં પુષ્પથી, નિજ અલક બહુ શોભી રહ્યો. ૩
ઉભય અમે મૌનજ રહ્યાં, ના મુખથકી કંઇ બોલતાં,
તો પણ ખરે ઝણુ ઝણુ થતા, મમ હૃદયના તારો બધા;
અમૃતભર્યાં ચક્ષુ ભણી, મમ ચક્ષુઓ જાતાં હતાં,
ને પ્રેમનાં સરવરમહીં, મમ હૃદય બેઉ ન્હાતાં હતાં. ૪
મૃદુ હાસ્યથી બોલી સખિ, "સ્નેહે સ્વીકારો આ પૂજા,
" મમ જીવનના તારક તમો, નહીં દેવ તમ વિણ કો'દૂજા,
" 'મ્હારૂં' 'તુમારૂં' તે ટળો, 'મ્હારૂં' કરૂં હું 'આપનું,' "
આપ્યું અને લીધું હૃદય, કરવા નિવારણ પાપનું. ૫
" દેવી સદા સુખી રહો ! " નિજ મુખથી એ બોલીને,
લાંબો કરી મમ હસ્ત મુકયો, દેવી કેરા શિરપરે,
બોલી "તથાસ્તુ" દેવીએ, કર જોડીને આગળ ધર્યા,
મમ જીવન કેરા ક્લેશ સૌ, તત્કાળમાંજ વહી ગયા. ૬
કરી એકતા બે હૃદયની, ને જીવનપન્થે ચાલતાં,
ને પ્રેમનાં વાહનવડે, એ પન્થ છઇએ કાપતાં;
કાયમ રહો એ એકતા, પ્રભુ પાસથી એ માગતાં,
તરીએ જીવનઅબ્ધિ અમે, મમ હૃદયથી એ ઇચ્છતાં! ૭
' એવું હૃદયનું ઐકય હો ' પ્રત્યેક હિંદી ઘર મહીં,
" સંસાર શ્રેષ્ઠજ હિન્દનો " એ સફળતા હો' વાકયની;
સન્નારી ને સત્પુરૂષ સૌ, મમ હિન્દનાં ગૃહમાં થજો,
ઉદ્ધારવા મમ હિન્દને, વળી વીર નેતા નીપજો. ૮

સ્વર્ગની સીડી? નહીં, નર્કની-નીસરણી!

"ખરૂં, તબીયત સારી નથી રહેતી. વચમાં વચમાં કોઇ કોઇવાર એમ થઇ આવે છે. પણ તમારાં લગ્ન ક્યારે થવાના છે, ગિરિજાકુમાર!"

"એનો નિર્ણય તો હવે આપની હારાજ થવાનો છે. અમારા ઘરમાં હવે આપની સલાહ અને આજ્ઞાનુંજ પાલન થશે."

મલિના વધારે વાર પથારીમાં બેસી ન શકી. તે ગાલ્લીસા ઉપર માથું નાખી અતિ કષ્ટ પૂર્વક બોલી—"મને ફેર આવે છે—પૃથ્વી ફરતી હોય તેમ જણાય છે."

"ખુશીથી, તમે આરામ લ્યો. મેં તમને બહુ શ્રમ આપ્યો છે. હવે હું રજા લઇશ."

"ભલે, પધારો." મલિનાએ સામે જોયા વિનાજ વિદાયગીરી આપી. "અવકાશે આ પુસ્તકો વાંચી જજો એથી મન પ્રસન્ન રહેશે, અને ધીમે ધીમે તબીયત પણ સુધરી જશે." ગિરિજાકુમારે જતાં જતાં કંઈ સૂચન કર્યું. "વાંચવા-કરવાનું હમણા નહીં બને, એ પુસ્તકો કોઇ યોગ્ય પાત્રને આપો, એવી મારી ઇચ્છા છે." મલિનાએ કહ્યું.

"તમારા વિના બીજું યોગ્ય પાત્ર ક્યાં શોધવા જઉં! તમારા માટેજ લાવ્યો છું, અને તમનેજ સુપ્રત કરૂં છું."

"ભલે, તો પછી મારી પાસેજ તે રહેવા દો. હું મારા પોતાના હાથે મારી દેરાણીને એ સાહિત્ય અર્પણ કરીશ."

ગિરિજાકુમાર, ભાભીની આવી મશ્કરી સાંભળી, મૃદુ હાસ્ય કરતો ઘરની બ્હાર નીકળ્યો. તે દૃષ્ટિ બહાર ન ગયો ત્યાં સુધી મલિના તેની ભણી આતુર દૃષ્ટિથી નીહાળી રહી છેવટે તેણીએ એક દીર્ઘનિઃશ્વાસ નાખ્યો અને હતાશ થઇ પથારીમાં ઢળી પડી.

(૫)

ઉપલી વાતને આજે પાંચ વરસ થઇ ગયા છે પાંચ વરસમાં કેવી કેવી જાતના ફેરફારો થઇ જાય છે તેનો અનુભવ સંસારના તમામ સ્ત્રી-પુરૂષોને થોડે-ઘણે અંશે હોય છે જ. પાંચ વર્ષ વીતી ગયા એમ કહેવામાં અથવા લખવામાં પુરી અડધી મીનીટ પણ નથી લાગતી, પરંતુ જ્યારે સંસાર તરફ લક્ષપૂર્વક જોઇએ છીએ ત્યારે પાંચ વર્ષમાં તો એક કીશોર દેખાતો બાળક યુવકનું સ્વરૂપ ધારણ કરી લે છે, પાંચ વર્ષમાં એક કીશોરી જેવી દેખાતી બાળિકા એકાદ સન્તાનની માતા પણ કદચિત્ બની જાય છે! એક લક્ષાધિપતિ ગૃહસ્થ, ભાગ્યની સતવણીથી લોકોના ઓટલે ઉંઆ ખાવાની સ્થિતિએ મુકાય છે, વિધાતા ધારે તો પાંચ વર્ષમાં નગરોને સ્મશાન અને વિલાસભવનોને ખંડીયેરો જેવા બનાવી શકે છે! પાંચ વર્ષની મુદતમાં મહાકાળ શું નથી કરી શકતો!

નિર્ધારિત મુહૂર્તે શરતચંદ્રનો વિવાહ મલિના સાથે અને ગિરિજાકુમારનો વિવાહ મુંબઇવાળા નાનચંદ શેઠની પુત્રી-શિવજવતી સાથે થઇ ગયો. આ વિવાહના વર્ણનમાં ઉતરવાની આપણને કશી જરૂર નથી. વરને કન્યાનો અને જાનૈયાને જમવાનો લોભ હોય. વાચકોને તેનાં વર્ણનો સાંભળવાનો લોભ હોય એમ નથી માની શકાતું, એટલે અમે લગ્નોત્સવને અહીં ટુંકામાંજ પતાવી દીધો છે.

લગ્ન પછી થોડાજ વખતમાં ગિરજાબાઇ ઉપર આફતનું વાદળ ઘેરાઇ આવ્યું ! તેને તેના મામાએ પોતાના ઘરમાંથી નીકળી જવાનું સ્પષ્ટ ફરમાન સંભળાવી દીધું ! કારણ નજીવું હતું.

હરચંદ શેઠ મીઠી બધી વાતે લાયક અને ગુણાનુરાગી ગૃહસ્થ મનાતા હતા. પણ કેટલીક વાર એવા અભિમાની અને દુરાગ્રહી બની જતા કે ખુદ બ્રહ્મા પણ તેમને તે વખતે સમજાવી ન શકે. ગીરિજાકુમારના લગ્ન થયા પછી એક-બે પ્રસંગો એવા આવ્યા કે જેથી ગિરિજાકુમારના સસરાને અને હરચંદશેઠને કંઇક અણબનાવ થઇ ગયો. ગપગોળેટના આધારે એવી વાત બ્હાર આવી છે કે નાનચંદ શેઠે દીકરીનો કરીયાવર કરવામાં કાંઇક કૃપણતા બતાવેલી તે હરચંદ શેઠથી સહન થઇ શકી નહીં. તેમણે શિવગવરી ઉપર તેના બાપને ઉદ્દેશી અનર્થક આક્ષેપો કરવા માંડયા. તે બિચારી પોતાના શ્વસુરના વાગ્બાણો શાંતિથી સહન કરી લેતી. પણ આ સહનશીલતા હરચંદ શેઠને વધારે દુઃખદાયક થઇ પડી ! તે કોઇ પણ રીતે શિવગવરીનો વાંક કહાડી, તેના બાપ પ્રત્યેનો ક્રોધ પ્રકટ કરવા માગતો હતો. પણ તેમાં સાગ શિવગવરીની શાંતિને લીધે હરચંદશેઠને ફાવી શક્યો નહીં. છેવટે હરચંદશેઠે કંટાળી પોતાના ભાણેજને કહ્યું કે-" તું તારી પત્નીનો ત્યાગ કર અને તેને તેના બાપને ઘેર મોકલી દે ! એવા નિર્લજ્જ બાપની દીકરી મારે મારા ઘરમાં ન જોઇએ ! "

ગિરિજાકુમારે વિનયયુક્ત નમ્રતાથી જવાબ આપ્યો—"એકની દાઝ બીજા ઉપર ઉતારવી એ ઉચિત નથી. તેનો બાપ ગમે તેટલો નિર્લજ્જ હોય તો પણ તેથી કન્યાને દુઃખી કરવાનો અથવા ઘરમાંથી બ્હાર કરવાનો આપણને શી રીતે ન્યાય્ય અધિકાર હોઇ શકે ? મારાથી એ નહીં બની શકે."

હરચંદશેઠને આ શબ્દો અસહ્ય થઇ પડયા તેણે તેજ વખતે ગિરિજાકુમારને તેની સ્ત્રી સાથે પહેરેલાં કપડે ઘરબ્હાર નીકળી જવાની સ્પષ્ટ આજ્ઞા ફરમાવી દીધી.

માત પિતાના ગુણો જેવી રીતે બાળકમાં ઉતરે છે, તેવી રીતે મામાના ગુણોનો અંશ પણ ભાણેજમાં આવી શકે છે એમ હાલના કેટલાક શોધકો કહે છે. અભિમાન અને આગ્રહમાં ગિરિજાકુમાર પોતાના મામા કરતાં ઉતરે તેવો ન હતો. તેણે મામાની આજ્ઞાને માથે ચડાવી લીધી અને તેજ વખતે સંભળાવી દીધું કે—" કાગડા-કુતરા પણ જો પોતાનું પેટ ભરે છે તો પછી હું આપનો અનાદર પામી અન્ન-પાણી વિના મરી જઇશ એમ ન માની લેશો હું આજથી જ આ ગૃહનો ત્યાગ કરૂં છું. આપે મારા ઉપર જે જે ઉપકારો કર્યા છે તે કદિ નહીં ભુલી જઉં એની ખાત્રી રાખજો."

આવી કઠોર અને નિર્ભય વાણી સાંભળવાનો હરચંદ શેઠને અભ્યાસ ન હતો તેનું મગજ ક્રોધથી ધમધમી ઉઠયું ! પણ ગિરિજાકુમાર પોતે જ જ્યારે ઘરમાંથી નીકળી જવાને તૈયાર હતો ત્યારે પછી હરચંદ શેઠ ગમે તેટલા ક્રોધે ભરાય તેથી શું થઇ જવાનું હતું ? ગિરિજાકુમાર તેજ દિવસે ત્યાંથી મુંબઇને માટે રવાના થઇ ગયો.

તે મુંબઈ પહોંચ્યો તો ખરો. પણ ક્યાં ઉતરવું અને શું કરવું તેનો વિચાર થઇ પડયો આવી રીતે અકસ્માત્ મુંબાઇ આવવાનું કારણ કોઇ પૂછશે તો તેનો શું જવાબ આપીશ તેની તેને ફીકર થવા લાગી સાસરાને ત્યાં જવામાં અને ખરી હકીકત કહી દેવામાં તેને કાંઇક સંકોચ લાગવા માંડયો. એટલું છતાં છેવટે પોતાના સાસરાને ત્યાંજ ઉતરવું એવો નિર્ણય કર્યો

નાનચંદ શેઠ કેટલા થોડા દિવસોથી, બજારની સ્થિતિને લીધે બહુજ ચિંતાતુર રહ્યા કરતા હતા. તેઓ બહાર લક્ષાધિપતિ ગણાતા છતાં અંતરમાં એવા દીન અને દરિદ્રાવસ્થાનો અનુભવ કરી રહ્યા હતા કે રસ્તે જતા કોઈ ભિક્ષુકને પણ તેમની દયા આવ્યા વિના ન રહે! તેઓ પોતાના મનની વાત કોઈની આગળ કરી શકતા નહતા. ઘણું કરીને તેમને દુઃખના રોદણા રોવાની ટેવ નહીં હોય અથવા તો કોઈની પાસે જઈ દુઃખ રોવાથી કોઈ કાંઈ આપી દેતુ નથી, એવી માન્યતાથી અંતરની આગને અંતરમાં ને અંતરમાંજ સમાવી દેવા હંમેશા પ્રયત્નશીલ રહેતા હતા. આથી તેઓ કોઈના તરફથી સહાનુભૂતિ અથવા આશ્વાસનના બે મધુર અમૃતબિંદુઓ મેળવવામાં પણ વિમુખજ રહેતા. ગિરિજાકુમાર તેમને ત્યાં પહોંચ્યો એટલે સાસરાએ યોગ્ય આદર-સત્કાર આપી અકસ્માત આવવાનું કારણ પૂછ્યું. ગિરિજાકુમારે પ્રથમથી તે અંત સુધીની ઇતિ પર્યંત કહી સંભળાવ્યો. નાનચંદ શેઠે એ બધી હકીકત સાંભળી ઊંડો એક નીશ્વાસ નાંખ્યો અને અન્તરમાં જતાં જતાં કહ્યું કે—"ભાઈ! તમે આવ્યા તેથી મારે અત્યન્ત પ્રસન્ન થવું જોઈએ. પણ તેની સાથે એટલું પણ કહી દેવું જોઈએ કે તમારા મામા મને તેમ પણ તમારા પ્રતિપાલક, મુરબ્બી, શિરછત્ર સ્વરૂપ અને ખાનદાન છે. તેમની સાથે કલેશ કરી અહીં ચાલ્યા આવવામાં તમે બહુ સાહસ કર્યું છે."

ગિરિજાકુમાર જેમની પાસેથી હિંમત અને સદ્ભાવની આશા રાખતો હતો તેમના તરફથી આવી રીતે આકરો અનાદર મળતો અનુભવી ઘડીભર સ્તબ્ધ થયો! તેને લાગ્યું કે અહીં ન આવતાં કોઈ બાંધવ અથવા સ્નેહીને ત્યાંજ ગયો હોત તો વધારે સારૂં હતુ! પણ હવે તે વિષે પશ્ચાત્તાપ કરવો નકામો હતો. એક બે દિવસ રહી તેણે પોતાને માટે ક્યાંઈ નોકરીને બંદોબસ્ત કરી આપવાની નાનચંદ શેઠને વિનંતી કરી. નાનચંદ શેઠે "જોઈ લેવાશે." એમ કહી વાતને ઉડાવી દીધી! હવે તેને સાસરાને ત્યાં રહેવું અસહ્ય થઈ પડ્યું! તેનું અભિમાનપૂર્ણ અંતઃકરણ આટલી ઉપેક્ષા અને અનાદર સહન કરે એ અશક્ય હતુ. તેણે નોકરી કરવાનો વિચાર તદ્દન માંડી વાળ્યો. દેશમાં પોતાની જે કાંઈ થોડી ઘણી માલ-મિલ્કત હતી તે વેચી-સાટી વ્યાપારદ્વારા આજીવિકા ચલાવવી એવો નિર્ણય કર્યો. થોડા દિવસ પછી દેશમાં જઈ એક હજાર રૂપીઆની જોગવાઈ કરી મુંબઈ પાછો ફર્યો. સાથે પોતાની સ્ત્રીને પણ લેતો આવ્યો અને ભીંડીબજારમાં એક કોટડી ભાડે લઈ ત્યાંજ રહેવા લાગ્યો. વ્યાપારમાં પ્રથમ પ્રથમ કેટલીક મુશ્કેલીઓ જણાવા લાગી પણ ધીમે ધીમે સરળતા થઈ જશે એમ ધારી કાળજી અને ખંતપૂર્વક વ્યાપારીઓમાં તે આવવા-જવા લાગ્યો. વિવાહ પછી બે વર્ષે ગિરિજાકુમારને એક પુત્રની પ્રાપ્તિ થઈ હતી. શિવગાવની અને ગિરિજાકુમાર આ પુત્રના મુખ ભણી જોઈ આનંદ-સંતોષ અને શાંતિમાં દીવસો પસાર કરવા લાગ્યા.

(૬)

સોદાગર એન્ડ કો.

ગ્રીષ્મઋતુના એક દિવસે શિવગાવની હાથમાં કોઈ એક સ્ત્રીઉપયોગી પુસ્તક લઈ વાંચતી બેઠી હતી. યૌવનની માધુરી તેના નયન અને મુખ ઉપર વિલસી રહી હતી. એક તરફ જાજમ ઉપર બાળક શાંતિમાં નિદ્રા લઈ રહ્યું હતુ. એટલામાં ગિરિજાકુમારે અકસ્માત્ ઓરડામાં પ્રવેશ કર્યો. તેના મુખ ઉપર ગભરામણનાં સ્પષ્ટ ચિન્હો જણાઈ આવતાં હતાં, તેનો દેહ પસીનાથી તરબોળ થઈ ગયો હતો, જાણે કે કોઈ ભારી આફત માથે આવી પડ્યો હોય તેમ તેના

વઝના ઉડાવતી ગિરિજાકુમારના મુખ ઉપરનો પ્રસ્વેદ લુછતી
શિવગવની વિવિધ જાતના તર્કો કરવા લાગી.

ચિ. પટેલ એન્ડ સન્સ.

આનંદ પ્રેસ-ભાવનગર.

સ્વદેશી આન્દોલન.

અને

ભારતની ગૃહિણીઓ.

(શ્રીમતી લજ્જાવતીદેવી જાલધર—પંજાબ.)

આપણા નેતાઓ કેટલાક વર્ષોથી એવો અનુભવ કરી રહ્યા છે કે, ભારતની વધતી જતી આર્થિક દુરવસ્થાનુ એક કારણ તેના વેપારની અવનતિ છે. એને સુધારવા માટે કાંઈ ઉપાય છે ? તેમાથી કેટલીક તો, દાખલા તરીકે, " રક્ષણની રાજ્યનીતિ " આદિ બાબતો સરકારના હાથમાં છે પરન્તુ એવો ઉપાય પણ છે જે લોકોના હાથમાં હોય. આ પ્રકારના સાધનોમાં એક સાધન " સ્વદેશી વસ્તુના પ્રચાર "નું છે

જો દરેક ભારતવાસી દરરોજનાં સાધારણ વસ્ત્રોજ નહીં પણ વિવાહ વગેરે પ્રસંગોએ, માત્ર ભારતમાંજ બનેલાં વસ્ત્રોનો પ્રચાર કરવા લાગી જાય તો કંઇ નહીં તોયે ભારતના વસ્ત્ર બનાવવાના ઉદ્યોગમાં પ્રાણ આવી જાય પણ કોણ જાણે શામાટે આ મહત્ત્વના પ્રશ્ન ઉપર હજુ સુધી જોઇએ તેટલુ ધ્યાન આપવામાં આવ્યું નથી. બંગાળાના ભાગલા વખતે આની હીલચાલ જોર શોરથી કરવામાં આવી હતી, પણ ત્યારપછી તે જોસ અને તે ઉત્સાહ જતો રહ્યો છે.

આ વખતે રોલેટબીલના વિરોધમાં મ૦ ગાંધીજીએ આ પ્રશ્ન ફરીથી હાથ ધર્યો છે. ભારતને માટે આ વખત જેટલો નાજુક છે તેથી પણ વિશેષ મહત્વનો સ્વદેશીનો પ્રશ્ન થઈ ગયો છે. આ વખતે તેની બે અસરો થશે. એક તો તેની સીધી અસર આપણા ઉદ્યોગપર થશે. દેશી કારખાનાઓના માલીકોમાં ઉત્સાહ આવશે, તેઓ વધારે માલ બનાવશે. આ પ્રમાણે ઘરનો પૈસો ઘરમાં રહેશે, અને ધીરે ધીરે અભ્યાસથી દેશી કારખાનાઓ અને મીલો વધારે ઉંચો માલ બનાવવા લાગશે. આની બીજી અસર, રાજનીતિ જાણનારાઓ કહે છે કે, આપણી રાજકીય અવસ્થા પર થશે, એટલે જ્યારે મેંચેસ્ટર કે લેંકેશાયરના વેપારીઓ ઉપર મોકલેલા ઓર્ડરો એકવાર પાછા ખેંચી લેવામાં આવશે ત્યારે તેની અસર બ્રીટીશ લોકોની આર્થિક સ્થિતિપર થશે, અને તેઓ ભારતનો રાજકીય પ્રશ્ન સહાનુભૂતિથી સંભાળશે. આ પ્રમાણે આપણો અવાજ એમના કાન સુધી પહોંચાડવાનો એક ઉપાય સ્વદેશી વસ્તુઓનો પ્રચાર અને વિદેશીનો ત્યાગ છે. રાજકીય અવસ્થાપર એની અસર થાય કે ન થાય; પણ એ તો નિ:સંદેહ છે કે સ્વદેશી વસ્તુઓના પ્રચારની પ્રતિ-

ત્રાથી જે લાભ ભારતના ઉદ્યોગને થશે તેથી ભારતના ઉદ્ધાર માટે એક મહાન પગલું લેવાશે. પણ સવાલ એ ઉભો થાય છે કે જે ભારતવાસીઓ અમલદારવર્ગની જરા સરખી ધમકીથી "હોમરૂલ" ની હીલચાલ, સ્વરાજ્યનો પ્રચાર, અને જાતિય હિતનાં બીજાં કામો છોડી દઈ ભળતા કામે લાગી જાય છે, જે લોકો જરા સરખી લાલચથી, દ્રવ્ય અને કીર્તિની માત્ર થોડી આશાથી, પોતાના જાતિ ભાઇઓનું મોટામાં મોટું નુકશાન કરવા તૈયાર થઇ જાય છે, તે લોકો વિલાસની લાલસાને હઠાવી રંગબેરંગી વિદેશી વસ્તુઓપરનો મોહ છોડી દઈ સાધારણ સાદું જીવન કેવી રીતે ગાળી શકશે?

કઈ શક્તિ આ વખતે તેમને પોતાને પ્રાણ આપનારી, સુખ આપનારી, જન્મ આપનારી માતૃભૂમિ ભારતને માટે તે વિલાસી વસ્તુઓનો ત્યાગ કરવાનો બોધ આપશે!

વિલાસ કે ભોગની વસ્તુઓ દૂર રહી, અત્યારે કેટલીક જરૂરની વસ્તુઓ પણ દેશમાં બનતી નથી, તેવે વખતે "સ્વદેશીની પ્રતિજ્ઞા" એક કઠીન સાધના છે, તપસ્યા છે, ત્યાગ છે. તેવે વખતે સ્વદેશીને માટે દેશના યુવાનવર્ગને દોરવાનું કામ, જેઓ ત્યાગને માટે તત્પર હશે તેઓજ કરી શકશે. ઇતિહાસ આ વાતની સાક્ષી પુરે છે કે ભારતની સ્ત્રીઓ ત્યાગની જીવતી જાગતી પ્રતિમાઓ છે. પ્રતિજ્ઞાની દૃઢતા તેમની નસેનસમાં વહી રહી છે. રજપુત સ્ત્રીઓએ એકવાર કરેલા સંકલ્પને માટે હસતે મુખડે પ્રાણની આહુતી આપેલી છે. અત્યારે પણ ભારતનાં ઘરોમાં હજારો બાળવિધવાઓ પ્રતિજ્ઞાની-પુર્ણતાની પ્રતીમા રૂપે વસે છે. એટલા માટે એ સત્ય છે કે સ્ત્રીઓ પ્રકૃતિથી ત્યાગ કે દૃઢ પ્રતિજ્ઞા કરવાનું શીખે છે. પત્નીનું સેવામય જીવન અને માતાનું ત્યાગમય જીવન તેમના લોહીના પરમાણુઓમાં એ બે ગુણો ભરી દે છે. એથી ઉલટું વિલાસની વિશેષ વસ્તુઓને પણ સ્ત્રીઓ સાથે સંબંધ હોય છે. માટે આ વખતે જો આપણી સ્ત્રીઓ સ્વદેશીની *પ્રતિજ્ઞા લઈ લે તો આ હીલચાલની સફળતામાં કોઈ પણ જાતનો સંદેહ ન રહે.* ભારતના ગૃહોમાં સ્ત્રીઓની અદ્ભૂત શક્તિ છે. ઘરની ચાર ભીંતો વચ્ચે અમે વાસ્તવિક રીતે "હોમરૂલર" છીએ. બી. એ. એમ. એ પાસ થએલા, ધુરંધર વક્તાઓ કે સુધારકો પણ ગૃહ દેવીઓના કઠોર શાસનનું ઉલંઘન કરવાની હીંમત રાખતા નથી. સુધારા સમાજોમાં કલાકોના કલાકો ભાષણ કરનારાઓ પણ ઘરમાં "પરદા સીસ્ટીમ" તોડવાનું સાહસ કરી શકતા નથી. કાચની બંગડીઓ, રેશમી વસ્ત્રો, લવન્ડર અને તેવી વિલાસની સામગ્રીઓ માત્ર અમારી પ્રતિજ્ઞાથી ઘરમાં આવતી બંધ થઈ જાય છે, ભારતના સાહીત્યમાં સ્ત્રીને "લક્ષ્મી" ના

નામથી બોલાવવામા આવી છે જો આ કઠીન સંકટના સમયમા સાવિત્રી, દમયન્તી, કૃષ્ણકુમારીની સતતી-જનની શક્તિની પ્રતીનિધિઓ, અમે સ્ત્રીઓ, પ્રત્યેક ગૃહના દ્વાર ઉપર રણુ-ચણ્ડિકાની રૂદ્રમુર્તિ ધારણ કરીને સ્વદેશીની રક્ષાને માટે ઉભી થઇ જઇયે તો અમે કરોડો રૂપીઆના રૂપમા સમુદ્રપાર જતી રહેતી ભારતની વાસ્તવિક લક્ષ્મીને ઘેર લાવીને અમારૂં " લક્ષ્મી " નામ સાર્થક કરી શકીએ.

એ લક્ષ્મીની મદદથી હજારો અને લાખો લોકો પેટ ભરીને ખાશે. તમામ ઝુંપડીઓમાંથી ભુખના રૂદનને બદલે " સ્વતંત્ર ભારત "ના ધ્વનીઓ નીકળશે હજારો અને લાખો ભુખે મરતા લોકો કારખાનાઓમાં કામે લાગી જશે, અને મરજી મુજબ મજુરી કરી અવકાશના વખતમા " સ્વતંત્ર ભારત " નુ ગાન ગાશે ગામમા રખડતાં બાળકોને માટે સ્કુલો સ્થાપવામા આવશે જ્યાં તેઓ રાગ અને તાલથી " સ્વતંત્ર ભારત " ના ગાન શીખશે

બંગાળાના ભાગલા વખતે સ્વદેશીને માટે અદ્દભુત વીરતા દર્શાવનારી, ચીતોડ અને મેવાડની લાજ રાખનારી, પડુ પડુ થઇ રહેલી હીંદુ ધર્મની દીવાલનુ મુશલધાર વર્ષાદમા આજ સુધી રક્ષણ કરનારી, દેવી-શક્તિ સરસ્વતી કે લક્ષ્મીના પ્રતીનિધી એવી ભારતની સ્ત્રીઓ, આ અવસરને હાથથી ન જવા દેતા સ્વદેશી વસ્તુના પ્રચારની પ્રતિજ્ઞા લઇ, ભારતનુ ભવિષ્ય ઉજ્જવળ અને સૌદર્યમય બનાવવાનો પ્રયત્ન કરશે ?

કુમારી હેલન કેલર.

(અનુવાદક—અંબેલાલ સવરામભાઇ દેસાઇ.)

કલકત્તાના અંગ્રેજી માસિક " મોડર્ન રિવ્યુ "મા ડો૦ સુધીન્દ્ર બોઝે કુમારી હેલન કેલર નામની પ્રસિદ્ધ અમેરિકન વિદુષી બાઇ સબંધી એક જાણવાજોગ લેખ લખ્યો છે. પ્રસ્તુત વિદુષીનુ ચરિત્ર વાચતા આશ્ચર્ય પામ્યા સિવાય રહેવાતુ નથી. કુમારી હેલન દઢોઢ વર્ષની થતાંજ તેને માટે જગત અંધકારમય બન્યુ ! તેની દૃષ્ટિ ગઇ ! તેની શ્રવણુ શક્તિ પણુ ગઇ, અને તેની વાચા પણુ બન્ધ થઇ ગઇ ! એ ત્રણે શક્તિનો લોપ થવા છતા એ આંધળી, બ્હેરી, મૂંગી બાલિકા અમેરિકાની વિખ્યાત હાવર્ડ યુનિવર્સિટીની બી એ. ની પદ્વી મેળવી લેટીન, ગ્રીક ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાની સંપૂર્ણ પંડિતા બની. આ વાત કોઇને ખરી ન

લાગતાં એકાદ કાલ્પનિક નવલકથા છે એમ ધારી તેના ઉપર કોઈનો વિશ્વાસ બેસશે નહીં. કિન્તુ કુમારી હેલન અદ્યાપિ અમેરિકામાં વિદ્યમાન છે. અમેરિકન લોકો તેના વ્યાખ્યાનો સદૈવ ઉત્સુકતાથી, અને માનપૂર્વક શ્રવણ કરે છે સમાજ સેવા કરવાનો તેનો સંકલ્પ છે, અને સમાજ-સેવા એજ તેના જીવનનું અન્તિમ ધ્યેય છે. આજ તે બ્હેરી છે, છતાં સર્વ કાંઈ સાંભળી શકે છે, આંધળી છે પણ સર્વ કાંઈ જોઈ શકે છે, અને મૂંગી છે છતાં ઉત્કૃષ્ટ રીતે બોલી શકે છે પ્રસ્તુત વિદુષીનું ચારિત્ર્ય ફક્ત આશ્ચર્યચકિત કરનારૂં નથી. પણ સર્વને આદર્શ રૂપ થનારૂં છે, એમ કહ્યા સિવાય ચાલતું નથી. વિશેષ કરીને જે દેશમાં લોકો ચાલુ જીવન-સંગ્રામમાં યત્કિંચિત પણ સંકટ કિંવા અડચણ ઉત્પન્ન થતા નિરાશાથી મસ્તક ઉપર હાથ મૂકી સ્વસ્થ બેસી રહે છે, એવા મનુષ્યોને પ્રસ્તુત ચરિત્ર વાંચવાથી વિશેષ ફાયદો થનાર છે. હવે ડૉ૦ બોઝના મૂળ લેખનો સારાંશ વાંચક ભગિનીઓ આગળ સાદર કરવામાં આવે છે.

ઇ૦ સ૦ ૧૮૮૦ માં અમેરિકાના એક ગામમાં કુમારી હેલન કેલરનો જન્મ થયો હતો. તેનો પિતા એક વર્તમાન પત્રનો સંચાલક હતો અને તે સિવાય કેટલોક વખત તે સૈન્યમાં એક મોટા હુદ્દા ઉપર પણ હતો. હેલનનો જે વખતે જન્મ થયો તે વખતે તેની સર્વ ઇન્દ્રિઓ નૈસર્ગિક સ્થિતિમાં હતી, તેમાં કાંઈ પણ ખામી નહોતી પરન્તુ તેના જન્મ બાદ ઓગણીસમે મહિને તે એક ભયંકર રોગથી માંદી પડી; અને તે રોગથીજ તેની દ્રષ્ટિ અને શ્રવણ શક્તિ નષ્ટ થઇ. એવી રીતે વ્યંગ હોવા છતાં તેણે જગતમાં નિર્ભયપણે પ્રવેશ કર્યો અને પૂર્ણ પરિશ્રમ કરી સમસ્ત વિશ્વને પોતાના ગુણથી આશ્ચર્યમાં ડુબાડી દીધું ! ઓગણીસ મહિનામાં તેને જે કાંઈ જગતનો અનુભવ થયો હતો, અને જે કાંઈ દૃશ્યો દૃષ્ટિગોચર થયા હતા તે તેની સ્મૃતિમાંથી કદાપિ ખસ્યાં નથી તે સંબંધે તે પોતે એક ઠેકાણે લખે છે કે—" મારા જન્મ પછી ઓગણીસ મહીનામાં જ્યોતિર્મય તારામંડળ અને હરિયાળાં ક્ષેત્રોની એવી રમણીય શોભા મેં અવલોકી છે કે તે મારી આગળના અંધકારમય હૃદયમાં હું બિલ્કુલ વીસરી નથી." હેલનની વિચાર શક્તિ કદીપણ સ્વસ્થ રહેતી નથી. તે કાંઈ ને કાંઈ પણ વિચારજ કર્યા કરે છે. બાલ્યાવસ્થામાંથીજ તે બોલવા માટે અત્યંત ઉત્કંઠા ધરાવતી હતી, પણ પોતાને વાચા નથી એ જોતાં તેને અનિવાર્ય દુઃખ થતું ! બોલવાને માટે એકાદ નવી યુક્તિ શોધી કાઢવા તે વારંવાર પ્રયત્ન કરતી હતી આખરે તે સંકેતનો ઉપયોગ કરવા લાગી.

હેલનનો પિતા પ્રથમ હેલનને ટેલીફોનની શોધ કરનાર ડૉ૦ અલેક્ઝાંડર ગ્રેહમબેલની પાસે લઈ ગયો, પણ તે વિદ્યુતશક્તિ-વિશારદની બુદ્ધિ પણ તેની આગળ કુંઠિત થઇ ગઇ, અને આખરે હેલનના વ્યંગ દૂર કરવા માટે તેણે ના કહી. ત્યારબાદ ગ્રેહમબેલની સુચનાથી જ હેલનના શિક્ષણ માટે બોસ્ટનની આંધળાંની શાળાની એક અધ્યાપિકાની નીમણુંક કરી. તેનું નામ સુલીવેન હતું. આ વખતે

હેલનની વય ૭ વર્ષની હતી સુલીવેન નિરંતર હેલનની પાસે રહેતી અને તેને હસ્તસંકેત દ્વારા કેટલાક શબ્દો શીખવાડતી, પણ આથી ભાષાજ્ઞાન તેને કાંઇજ થયું નહીં. હેલન એક દિવસ પોતાની શિક્ષિકા સાથે પાણી કાઢતી હતી એટલામાં તેને ભાષાનું રહસ્ય સમજાયું. હેલનનું પાણી કાઢવું અને શિક્ષકનું સ્પર્શજ્ઞાન તેને આ ગળથીજ થયેલું હતું. સુલીવેને તેજ ધોરણે તેને શબ્દ જ્ઞાન આપવા માંડયું. આ વખતે હેલનને વિલક્ષણ આનંદ થયો. આ ઘટનાથી તેના ધ્યાનમાં આવ્યું કે જગતમાં સર્વ વસ્તુનાં કાંઇ પણ નામ તો હોય છેજ.

હેલનને શિક્ષણ આપવાનું હવે સુલીવેનને ઘણું સુગમ પડવા લાગ્યું, ધીરે ધીરે એજ રીતિએ તેણે હેલનને શબ્દજ્ઞાન આપવું શરૂ કર્યું. હેલનને શિક્ષણ ગ્રહણ કરવાની એટલી તો તીવ્ર ઉત્કંઠા હતી, કે તે એક દિવસમાં ત્રીસ ત્રીસ નવા શબ્દો ધ્યાનમાં રાખવા લાગી એવી રીતે ત્રણ માસમાં તેણે ૬૦૦ શબ્દો મુખપાઠ કર્યા. ચોથા મહિનાથી ન્હાનાં બાળકો પ્રમાણે ધીરે ધીરે તેણી લખવા લાગી, ને ૭ માસ પૂર્ણ થતાં તો તેનું શબ્દજ્ઞાન એટલું બધું વધ્યું કે લખેલી ન્હાની ન્હાની વાતો તે સપાટાબંધ વાંચવા લાગી.

જે પ્રાંતમાં હેલન રહેતી હતી ત્યાંના જળ વાયુ ઘણાં ઉત્કૃષ્ટ પ્રકારનાં હોવાથી એ પ્રાંતમાં સદૈવ ન્હાનાં તરેહનાં ફળ, ફુલ, પશુ અને પક્ષીઓની રમણીય શોભા નિત્ય નિહાળવાને મળતી હતી. એજ સુખદ સુંદર પ્રાંતમાં ભૂરા અને સ્વચ્છ આકાશ નીચે હેલનનું પ્રાથમિક શિક્ષણ ચાલતુ હતું. ગણિત, ભૂગોળ, અંગ્રેજી ભાષા, ઇતિહાસ, પ્રાણી અને વનસ્પતિશાસ્ત્ર ઇત્યાદિ વિષયોનું શિક્ષણ હેલન ઘણા આનંદથી સંપાદન કરતી હતી. હેલન કેલરની જ્ઞાનપિપાસા વિલક્ષણ હતી, એમાં તો લેશ પણ શક નથી. દશ વર્ષની ઉમ્મર પહેલાં તે નેત્ર અને વાચાહીન બાલિકાએ પુષ્કળ જ્ઞાન સંપાદન કર્યું. એટલી ન્હાની ઉમ્મરે તે અમેરિકાના રાજ્યકારભાર વિષે પણ થોડુ થોડું સમજતી થઈ હતી. એક દિવસ તેનો પિતા અમેરિકાના વ્યાપાર સંબંધી કાંઇ ભાષણ કરતો હતો; હેલનને તે વિષય સમજવાની ઇચ્છા થઇ, અને તેણે પોતાના પિતાને એ હકીકત જણાવી. પણ તેણે "આ વિષય તારે સમજવાનો નથી" એવો ઉત્તર આપી તેને નિરાશ કરી. હેલને તત્કાળ જવાબ આપ્યો– "પિતાજી! મારી બુદ્ધિ ઘણી તીવ્ર છે. ગ્રીક લોકો ઉત્તમ વાતો પોતાનાં બાળકોને ઘણીજ ખુશીથી સંભળાવે છે." અહા! આવી સમજુ બાલિકાને કયા વિષયનું જ્ઞાન કઠીન લાગે? અને આવી જ્ઞાનેચ્છુ બાળા કઈ બાબતથી અનભિજ્ઞ રહે? હવે તેણે બોલવા શીખવાનો પ્રયત્ન કરવા માંડ્યો. શબ્દોચ્ચાર માટે તો તે પ્રથમથીજ અતિ ઉત્સુક હતી બોલવા શીખવા માટે તેને હોરેસમેન સ્કુલમાં મોકલવામાં આવી. ત્યાં ફક્ત અગિયાર પાઠ શીખી. એક દિવસ પોતાને ઘેર જતાં તેને તેની જૂની શિક્ષિકા સુલીવેન મળી. હેલને તેને હસતાં હસતાં કહ્યું: "હું હવે મુંગી નથી, મને

સારી રીતે બોલતાં આવડે છે." ત્યારથી જ તે બોલવાના શિક્ષણ તરફ પોતાનું બધું લક્ષ રાખતી હતી. હાવર્ડ યુનિવર્સિટીની રેડકલીફ કોલેજમાં દાખલ થવા માટે તેણે લેટીન અને ફ્રેંચ ભાષાનો અભ્યાસ કરવા માંડ્યો, પણ એ અંધ અને મુંગી છોકરીને કોલેજના પ્રિન્સીપાલે કોલેજમાં દાખલ કરવા ના લખી જણાવી. તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે આપણી કોલેજની કીર્તિ એ જ આંધળી અને મુંગી છોકરી વધારશે. પણ એથી હેલન નિરાશ થઇ નહીં, તેમ તેને કિંચિત પણ ખેદ થયો નહીં. ધૈર્યથી તેણે પ્રિન્સીપાલને ચિઠ્ઠી લખી કે:-"કોઇ પણ વીર યોધ્ધો, યુદ્ધ પહેલાંજ પોતાનો પરાજય કબુલ કરતો નથી!" થોડા જ દિવસમાં તેણે એન્ટ્રન્સની પરીક્ષા પસાર કરી, અને ત્યારબાદ તેને કોલેજમાં પ્રવેશ કરવાનો કોઈ પણ પ્રકારનો વાંધો રહ્યો નહીં.

કોલેજમાં તેને લેટીન, ગ્રીક અને અંગ્રેજી ભાષા ઉપરાંત અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને દર્શનશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો પડ્યો. આ સર્વ વિષયોનાં પુસ્તકોનો એક એક શબ્દ અને એક એક પૃષ્ઠ લખીને તેને શિક્ષણ આપવામાં આવતું હતું. ખરેખર એ કેટલું ત્રાસદાયક કામ છે તેની કલ્પના વાંચક ભગિનીઓએ જ કરી લેવી. હેલનની શિક્ષિકા તેની સાથે કોલેજમાં જઇ, વ્યાખ્યાનો લખી તેને ભિન્ન ભિન્ન વિષયોનું જ્ઞાન આપતી હતી. ઇ. સ. ૧૮૯૯ ની સાલમાં બી. એ. ની અંતિમ પરીક્ષાનો દિવસ આવી પહોંચ્યો. સર્વ વિદ્યાર્થીથી અલગ એવી એક જગ્યાએ હેલનને બેસાડવામાં આવી હતી. તે જગ્યાએ તેનું કોઇ ઓળખીતું નહોતું તેણે સર્વ પ્રશ્નના ઉત્તરો ટાઇપ કરીને લખ્યા હતા. પ્રશ્નો તેનાથી વાંચી શકાતા નહોતા અને બીજું કોઇ વાંચી બતાવનાર પણ નહોતુ! તેનાથી તેને ઘણો શ્રમ પડ્યો અને એ યોગે તેને પ્રશ્નો પણ કઠણ લાગ્યા! પરંતુ એવા સંકટથી અને શ્રમથી નિરાશ થઇ જ્ઞાનપંથનો ત્યાગ કરે એવી તે બાલિકા નહોતી. તેણે સર્વ પ્રશ્નોના ઉત્તરો એટલા ઉત્કૃષ્ટ રીતે લખ્યા હતા કે તેને પુષ્કળ માર્કસ મળ્યા અને ઉપરના વર્ગમાં તે પાસ થઇ. આટલી બધી ભાષા શીખવી એ કાંઇ સામાન્ય કામ નથી. તેમાં બ્હેરી અને આંધળી છોકરીને તો એક ભાષા શીખવી એ કામ પણ મહા મુશ્કેલીનુ છે, એમ કહેવાની આવશ્યકતા નથી. અત્યંત પરિશ્રમથી અનેક સંકટો વેઠીને હેલન બી. એ. ની પરીક્ષા ઉત્તમ રીતે પસાર કરી. એ ઉપરથી તેનાં અંગની વિલક્ષણ બુદ્ધિ, નિસ્સીમ ધૈર્ય અને જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર ઉત્કંઠા ઇત્યાદિ સદ્ગુણો સ્પષ્ટ રીતે જણાઇ આવે છે અને ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થાય છે.

બી૦ એ૦ થયા બાદ હેલને પોતાનું ભવિષ્યનું આયુષ્ય લોકસેવા કરવામાં સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો. અદ્યાપિ સુધી તે ઘોર અંધકારથી ભરેલા કારાગૃહમાં પડેલી હતી; પણ હવે સર્વત્ર જગત્ તેને અદ્ભુત પ્રકાશ, દિવ્ય આનંદ અને સૌન્દર્યથી પરિપૂર્ણ છે એવું તેનાં મનઃચક્ષુથી દેખાવા લાગ્યું. અન્ધ અને બ્હેરાં

લોકોની શિક્ષણોન્નતિ માટે તે હરહમેશ પ્રયત્નો કર્યા કરે છે. આપણા દેશના (હિન્દુસ્થાનના) સામાજિક, ધાર્મિક અને રાજકીય વિષયો સંબંધી તે ઘણું જાણે છે. સ્ત્રીઓને સ્વતંત્ર મતાધિકાર જોઇએ એ મતની તે પક્ષપાતી છે. તેના કેટલાક લેખો સુપ્રસિદ્ધ છે. મોટા મોટા વિદ્વાનો આગળ તે વ્યાખ્યાનો આપે છે. આજ સુધીમાં તેણે ઘણા લેખો લખ્યા છે અને વ્યાખ્યાનો પણ આપ્યાં છે. હજુ સુધી તેનો એ વ્યવસાય ચાલુજ છે "મારાં જીવનની કહાણી," "મારો સંસાર," "અંધકારમાંથી પ્રકાશમા" ઈત્યાદિ સુન્દર ગ્રન્થો તેણે લખેલા છે અને અનેક ભાષામાં તેના ભાષાન્તરો પણ થયેલા છે. કોઇ કોઇ વખત તો તે કાવ્ય રચના પણ કરે છે. આજ સુધીમાં તેની ઘણી ઉત્કૃષ્ટ કવિતાઓ પ્રસિદ્ધ થઇ છે.

જોવાનું અને સાંભળવાનું કામ તેના હાથ કરે છે. એક વખત તેને સ્પર્શજ્ઞાનનું રૂપજ જ્ઞાત હતું શબ્દ તરંગનો આઘાત તેનાં જ્ઞાનતન્તુ ઉપર થાય છે, અને તે નામ તેને શબ્દજ્ઞાનનો પરિચય આપે છે. તેની ઘ્રાણેન્દ્રિયો પણ તેને પુષ્કળ સહાયતા આપે છે તેના હાથ તેજ તેનાં નેત્રો છે. તે સંબંધે તે લખે છે કેઃ—"લોકોના હાથ પગ મુગા છે. મારા હાથ જ માત્ર બોલી શકે છે. કેટલાક હાથોમાં સભ્યતાઇ અને ધૃષ્ટતા દૃષ્ટિગોચર થાય છે. કેટલાક એવા ઉદાસી લોકો મને મળ્યા છે કે તેની ઠંડી અંગુલી હાથને લાગતા જ મને એવુ લાગે છે કે, જાણે હું એકાદા બરફના ટુકડાને સ્પર્શ કરૂં છું. કેટલાક એવા સજ્જનો પણ મને મળ્યા છે કે જેના હાથમા આનંદમય જીવનરૂપી સૂર્યકિરણોનુ તેજ છે. એવા પવિત્ર હાથને ફક્ત સ્પર્શ કરતાં જ મારા અન્તઃકરણમાં તેજોમય જાગૃતિ ઉત્પન્ન થાય છે." પોતાની કલ્પના શક્તિ માટે હેલન કેલર એક જગ્યાએ લખે છે કે, "કલ્પનાશક્તિના અભાવે મારૂં જીવન કેટલું ઉદાસીન બન્યું હોત તેની કલ્પના પણ થઇ શકતી નથી. મારી વાટિકા ભિન્ન ભિન્ન પ્રકારના જંગલી વૃક્ષોથી આચ્છાદિત થયેલો જડ સૃષ્ટિનો એક ટુકડો બની જાત; પરન્તુ જે વખતે મારાં અન્તઃચક્ષુ તેના ઉપર દૃષ્ટિપાત કરે છે તે વખતે મારાં નેત્ર આગળ તે જ સઘળો ભૂપ્રદેશ સૌન્દર્યથી પ્રફુલ્લિત થઇ જાય છે. મન્દવાયુની લહરીઓથી તૃણાંકુર, વૃક્ષ, વેલીઓ આનંદથી ડોલી રહે છે, અને ગુલાબનાં પુષ્પોનો પરિમળ ચારે બાજુ ફેલાય છે. ફળ ફુલથી ભરેલાં વૃક્ષોની શોભા, અને પક્ષીઓનો મધુર કલરવ કેટલો સુખદાયક હોય છે એનો મને અનુભવ છે. આ સર્વ અદ્ભુત કલ્પનાશક્તિનો પ્રભાવ છે. એ કલ્પનાશક્તિ જો મારામાં નહોત તો મારા દુઃખનો પાર જ ન રહેત." પ્રસિદ્ધ વિનોદી લેખક માર્કટ્વેને એક વખત લખ્યુ હતુ કે "ઓગણીસમા સૈકામાં ફક્ત બેજ વ્યક્તિઓ અતિશય પ્રસિદ્ધિ પામી છે. એક ફ્રાન્સનો વીર નેપોલીયન, અને બીજી અમેરિકાની કુમારી હેલન કેલર." (પરન્તુ આમાં અતિશયોક્તિ છે એમ મારૂં ધારવુ છે. મી. માર્કટ્વેન વિનોદી લેખક હોવાથી અને વિનોદમાં અતિશયોક્તિ એ પ્રમુખ ગુણ હોવાથી

ઉપરનો પ્રશંસોદ્‌ગાર અતિશયોક્તિપૂર્ણ હોવાનો સંભવ છે.) નેપોલિયનનું નામ સમસ્ત વિશ્વમાં મશહુર છે, જ્યારે આ વિદુષીનું નામ જાણનારા ઘણાં થોડાં છે એટલું છતાં આ વાત તો સ્પષ્ટ જ કે કુમારી હેલને અશક્ય બાબત શક્ય કરી બતાવી છે અને જો કોઇ પણ તેના જીવન સંગ્રામની કરૂણ કહાણી ધ્યાનપૂર્વક વાંચે કિંવા શ્રવણ કરે તો આશ્ચર્ય ચકિત થયા સિવાય રહે નહીં. હેલનના વિચારો સાદા, સરળ, મનોહર, અને પવિત્ર છે. ૧૯૧૫ ની સાલમાં "આનંદ" એ વિષય ઉપર ભાષણ આપતાં તેણીએ કહ્યું હતું કેઃ—"જીવનનો ઉદ્દેશ આનંદ પ્રાપ્તિનો છે. એ આનંદ પ્રેમ સિવાય પ્રાપ્ત થતો નથી. જ્યારે આપણે બીજા ઉપર પ્રેમ કરીએ છીયે અને વિશ્વાસ મુકીએ છીએ તે વખતેજ આપણને આનંદની પ્રાપ્તિ થાય છે. મનુષ્યે માત્ર પોતાના આનંદમાં સંતોષ ન માનતાં અન્યને પણ આનંદ આપવાનો પ્રયત્ન કરવો જોઇએ. સુખ કરતાં આનંદ શ્રેષ્ટ છે, અને આનંદ ઇચ્છા વિના પણ પ્રાપ્ત થાય છે. આપણે ફક્ત આપણુંજ જીવન આનંદી બનાવવું એ મનુષ્યધર્મથી વિરૂદ્ધ છે. ઇચ્છા પ્રમાણે જરૂરીયાતોની પરિપૂર્ણતા કરવી એ કાંઇ આનંદ નથી. આનંદ પ્રેમમાં છે અને પ્રેમ સેવા કરવાથી પ્રાપ્ત થાય છે. જગતનું સંરક્ષણ એકલા પ્રેમથીજ થાય છે!"

જે સિદ્ધાંત પર હેલનનું સર્વ આયુષ્ય અને જીવન અવલંબેલું છે તે સિદ્ધાન્તો તણે પોતાનાં પુસ્તકમાં પ્રકટ કરેલા છે. તેમાંના કેટલાક નીચે પ્રમાણે છેઃ—

"ઇશ્વર ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે, અને મનુષ્ય પ્રાણીઓ ઉપર પણ મારો વિશ્વાસ છે. તેજ પ્રમાણે આત્માનાં સામર્થ્યમાં હું નિરંતર વિશ્વાસ રાખું છું. આપણે મનુષ્યને ઉત્સાહિત કરવા, તેના તરફ સહાનુભૂતિ બતાવવી, અને તેના ઉપર પ્રેમ કરવો એ હું મારૂં પરમ કર્તવ્ય સમજું છું. ઇશ્વર નીમિત્તે, જગતમાં મનુષ્યને પ્રતિકૂળ અને અપમાન–સૂચક શબ્દો કહેવા એ મહા પાપ છે. કારણ કે જે જગત ઇશ્વરે પોતે નિર્માણ કર્યું છે, અને જેનાં સુખ અને ઉન્નતિ માટે પરમાત્મા પોતે કાળજી રાખે છે, અને આજ પર્યંત અનેક મહાત્માઓએ જેનાં કલ્યાણ માટે અનંત પરિશ્રમ કરેલો છે અને કરે છે તે જગતનું અકલ્યાણ કિંવા નુકશાન કરવાનો કોઇને પણ અધિકાર નથી. આપણે હવે એવો પ્રયત્ન કરવાનો છે કે જેનાથી આપણો પરસ્પરનો સંબંધ અને ભ્રાતૃભાવ ઉત્તરોત્તર દ્રઢ થતો જાય અને તુરત માંજ એવો નવીન યુગ આવે કે જે યુગમાં કોઇ પણ મનુષ્ય બીજાનું દુઃખ જોઇ પોતે ખુશી થાય નહીં."

આ પ્રમાણે અમેરિકન વિદુષી કુમારી હેલન કેલરનાં અદ્‌ભુત રમણીય અને આદર્શચારિત્ર્યનો થોડોક સારાંશ આપવામાં આવ્યો છે, તે વાંચી ક્ષણિક સંકટ આવતાં કર્તવ્ય–પરાઙ્‌મુખ થનારા મારાં દેશબન્ધુઓ અને ભગિનીઓ કિંચિતમાત્ર બોધ ગ્રહણ કરશે તો આ અલ્પમતિ અનુવાદકે કરેલો અલ્પ શ્રમ સફળ થયેલો ગણાશે.

લગ્ન શા માટે ?

તુરતમાંજ લગ્ન કરી આવેલા મારા એક યુવાન્ મિત્રને મેં પૂછ્યું:—"ભાઇ, લગ્ન તો કરી આવ્યા પણ એ લગ્નનો હેતુ કોઇ પુરોહિતજી પાસે ભણવાની તસ્દી લીધી છે ?"

"દુનીયામાં જો તમારા જેવા બધા બાવાજ બની જાય તો પછી આ સંસાર શી રીતે ચાલે ? લગ્ન એજ સંસારની સ્થિતિ અને ઉત્પત્તિનું મૂળ કારણ છે." મારા મિત્રે ચાલી આવતી પરંપરાને અનુસરી, સહેજ સુધારા વધારા સાથે ઉત્તર વાળ્યો. સારૂં થયું કે રોટલા ઘડી આપવા માટે કે મા-બાપના અત્યાગ્રહને લીધે લગ્ન કરવું પડયું છે એવી દલીલ એ બન્ધુએ ન આપી. નહીંતર વળી બીજી જ જાતના વિચારોએ મારૂં મન રોકી રાખ્યું હોત !

હું વિચાર કરવા લાગ્યો:—ખરેખર શું લગ્ન વિના સંસાર નજ ચાલી શકે ? હિંદની આટલી વિશાળ પ્રજામાંથી જો મારા યુવક મિત્ર જેવા પાંચ-દસ હજાર મિત્રો અંતઃકરણ પૂર્વક બ્રહ્મચર્યવ્રતનો અંગીકાર કરે તો શું હિંદ રસાતળે પહોંચી જાય ? હિંદુસ્તાન સાવ ઉજજડ-વેરાન બની જાય ? જે બ્રહ્મચર્યના શાસ્ત્રમાં આટલા બધા વખાણ કરવામાં આવે છે, અને જેના પ્રબળ પ્રભાવના જવલંત પુરાવાઓ આજે પણ દ્રષ્ટિગોચર થઇ શકે છે તે બ્રહ્મચર્યનું પાલન કરવા જતાં જો સંસારનું સત્યાનાશ નીકળી જતું હોય તો પછી શા માટે બ્રહ્મચર્ય વિષયક તમામ પોથાઓ બાળીને ભસ્મ કરી નાખવામાં નથી આવતા ? લગ્નથી જ જો સંસાર નભી રહ્યો હોય અને લગ્નથી જ જો પ્રેમભાવનો પ્રચાર થતો હોય તો પછી શા માટે પ્રજાહિતૈષી મહાત્માઓ આંખો મીંચીને લગ્નસંબંધ-સંસ્થાપક સંસ્થાઓ ઉભી કરવા નથી મંડી જતા ?

"અમે લગ્ન કરીએ નહીં તો બિચારા-અનાથ-નિરાધાર સંસારનું શું થાય ?" કેટલી બધી દયા ? કેટલી બધી ઉદારતા ? કાં જાણે મનુષ્યો સંસાર ઉપર ઉપકાર કરવાની ખાતર જ લગ્ન કરતા હોયની કેમ ? સંસારને તેમના ઉપકારની જરૂર છે કે નહીં તેનો વિચાર કર્યા વિના આ પરમાર્થી લોકો લગ્નની ગાંઠો બાંધતા જ જાય છે ! પરોપકારના મદમાં કેટલીકવાર તેઓ એટલા બધા તો ઘેલા-ગાંડા અને ઉન્મત્ત થઇ જાય છે કે એક તરફ સ્મશાનની તૈયારીઓ ચાલવા છતાં બીજી તરફ લગ્નની તૈયારીઓ કર્યા વિના તેઓ રહી શકતા નથી ! મહા દાનવીર કર્ણે જેવી રીતે મરતાં-મરતાં પણ બ્રાહ્મણોને દાન આપી સંતોષ્યા હતા તેવી રીતે, કેટલાક વૃદ્ધ-રોગી-નિર્બળ અને કંગાળ મનુષ્યો પણ ગમે તેવી એક કન્યા સાથે લગ્નસંબંધ બાંધી, મરતાં-મરતાં પણ સંસારને ટકાવી રાખવાનો યથાશક્તિ પ્રયત્ન

કરતા જાય છે ! પરમાત્માને ત્યાં આ પરોપકારી લોકોનો કેટલો આદર થતો હશે તે તો પ્રભુ પોતે જાણે ! સંસારને તેમનો ઉપકાર અસહ્ય થઇ પડયો છે એ આપણે આપણી સ્થૂલ દ્રષ્ટિથી પણ નીહાળી શકીએ છીએ! દીનપ્રતિદિન વધતી જતી કંગાળીયત, ઉપરા ઉપરી પડતા દુકાળો, અને સર્વભક્ષી રોગોપદ્રવો એ તેમના ઉપકારોના પ્રત્યક્ષ પરિણામો છે. પણ ઉપકારમાં અંધ બનેલાઓને તેનો ખ્યાલ સુદ્ધાં કરવાની પણ જરૂર હોય ત્યારે ને ?

મનુષ્ય પોતાના આત્માને છેતરવાથી જેટલો આનંદ મેળવી શકે છે તેટલો બીજે કયાંઇથી નથી મેળવી શકતો. લગ્ન કરવાથી હું સંસારના વિકાસમાં સહાય આપી શકીશ, મારાં માત-પિતાને સંતોષ આપી શકીશ, જગતને મારા શુદ્ધ પ્રેમ-વ્યવહારનો પાઠ ભણાવી શકીશ. એવા એવા કેટલાક સુંદર લાગતા વિચારોને આગળ ધરી, પોતાના આત્માને છેતરવાનું કામ અસંખ્ય મનુષ્યો ચાલુ રાખે છે. હવે, જેઓ પોતાના આત્માનો અવાજ નથી સાંભળી શકતા એટલુંજ નહીં પણ તે અવાજને ગુંગળાવી મારવા મથે છે તેમના તરફથી જગત્ કેવા ઉપકારની આશા રાખી શકે ?

ત્યારે લગ્ન એ શું મ્હોટે ભાગે સંસારના વિકાસને અર્થેજ થાય છે ? હું તેમ નથી માનતો. લગ્ન કરનારાઓના મ્હોટા ભાગને પોતાની ચરણસેવા કરી શકે એવી એક દાસીની જરૂર હોય છે, તેમના ક્રોધયુક્ત વચનોને શાંતિથી સહન કરી લે એવી એક ગુલામડીની જરૂર હોય છે, તેમની ગમે તેવી ઇચ્છાને વિના સંકોચે માન આપે એવી એક કિંકરીની જરૂર હોય છે અને એટલાજ માટે તેઓ લગ્નસંબંધને માન આપવા લલચાય છે.

દુનીઆના સઘળા મનુષ્યો જો લગ્ન કરવાનું માંડી વાળે તો દુનીઆ આખી વેરાન-ઉજ્જડ-નિર્જન બની જાય એ કલ્પના સામે આ જમાનામાં શંકા ઉઠાવનાર માણસ ગાંડો ગણાય છે. લગ્નનો વર્તમાન વ્યવહાર જોતા લગ્નનો અર્થ બ્રહ્મચર્ય પાળવાની અશક્તિ એ શિવાય બીજો કાંઇ નથી થઇ શકતો એમ હું ભાર મુકીને કહી શકું છું. સંસારમાં સઘળાજ માણસો એકી સાથે બ્રહ્મચર્યવૃત્તનું પાલન કરવા લાગી જાય એ અસંભવિત છે. પેલા મીંયાભાઇની વાર્તાની જેમ કે જો આ રેતી બધી ખાંડ બની જાય, અને દરીયાનું પાણી બધું ઘી બની જાય તો બંદા એક-એક કે ખાય એના જેવુંજ અસંભવિત છે. દુનીયાના તો શું પણ દુનીઆના કોઇ એક ચોક્કસ ભાગના સઘળા સ્ત્રી-પુરૂષો બ્રહ્મચર્ય પાળવા લાગી જાય તો ખરેખર બ્રહ્મા મ્હોટી મુશ્કેલીમાં આવી પડે એમાં શક નથી !

સંસારની અભિવૃદ્ધિ માટે મનુષ્યે લગ્ન કરવા જોઇએ એ દલીલમાં બહુ મહત્ત્વ નથી. ખરૂ જોતાં તો જેઓ બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરી શકે એમ ન હોય તેમણે લગ્ન કરવું જોઇએ એમ કહેવું એ વધારે ન્યાયસંગત છે. પ્રજોત્પત્તિ માટેજ લગ્ન કરવા જોઇએ એમ શાસ્ત્રો ઉપદેશે છે. પરંતુ પ્રજોત્પત્તિનો હક્ક કોને અને કયારે

મળી શકે એ વિષય હજી જેવો જોઈએ તેવો સ્પષ્ટ થયો નથી. પ્રજોત્પત્તિ કરવાનો અર્થ ગમે તેવા નિર્બળ-રંક-અને માયકાંગલા કીડાઓ ઉત્પન્ન કરી જગતને ભરી દેવું એવો તો નજ હોવો જોઇએ. લગ્ન એ ધાર્મિક સંસ્કાર છે. તેમાં પશુવૃત્તિ અથવા સ્વચ્છંદતાને સ્થાન ન મળવું જોઇએ. વસ્તુતઃ વાસનાને સંયમમાં રાખવા અને સ્વચ્છંદતાને રોકવા માટે જ લગ્નનું વિધાન છે. જો લગ્ન કરવા છતાં વાસનાઓ કાબુમાં ન રહે અને અવિચારીપણે પ્રજોત્પત્તિની પરંપરા વધતીજ જાય તો એ લગ્નને લોકસંમત પાશવાચારજ કહેવો જોઇએ. પરમાત્માને નમાલા-સ્વાર્થી કીટવત્-પ્રાણીઓની સૃષ્ટિ પ્રિય હોય એમ માની લેવાનું કંઇ કારણ નથી. સૃષ્ટિમાંથી એવા પ્રાણીઓને દૂર કરવા કુદરત કેટલો બધો ઉગ્ર પ્રયત્ન કરે છે તેનો ખ્યાલ ડારવીન ના " Survival of the fittest "વાળા યુક્તિવાદના અભ્યાસીઓ કરી શકશે. સંસારમાંથી કદાચ નિર્બળ-કાયર અને વિષય-લોલુપ પ્રાણીઓનો લોપ થઇ જાય અને સંસાર ઉજ્જડ બને એવો પ્રસંગ આવીને ઉભો રહે, તો પણ તેથી શી મ્હોટી હાની થઇ જવાની હતી ? આવા મનુષ્યોની ગેરહાજરીથી સંસાર નર્ક બનવાને બદલે ઉલટો સ્વર્ગ સમાન જ બનવો જોઇએ.

જ્યારે કોઇ પણ મનુષ્ય બ્રહ્મચર્ય પાળી શકવાની પક્કી ખાત્રી ન રાખતો હોય ત્યારેજ સમાજની વ્યવસ્થિતતા સાચવી રાખવાને માટે તેણે લગ્ન કરવું જોઇએ. સમાજની વિશુદ્ધિના સંરક્ષણ અર્થે તેમજ લગ્ન કરનાર મનુષ્યને યથાશક્તિ બ્રહ્મચર્યનું પાલન કરવાની તક મળે તે માટે જે લગ્નનું અપવાદ અથવા આગાર રૂપ વિધાન છે તે જ આજે ઉત્સર્ગ અને આવશ્યક થઇ પડયું છે. મનુષ્યને કુદરતી રીતે પ્રાપ્ત થયેલી શક્તિઓ સદા સંરક્ષિત રહે અને દિવસે તે અધિક વિકાસ પામે એવો કુદરતનો શુદ્ધ સંકેત હોય એમ જણાય છે. બ્રહ્મચર્ય દ્વારા મનુષ્યમાત્ર પોતાની શક્તિઓનું સંરક્ષણ કરે અને તેનો વિકાશ કરે એ કુદરતનો અભિપ્રેત છે. છતાં જ્યારે પુરેપુરું રક્ષણ કરી શકે એવી સ્થિતિમાં મનુષ્ય ન હોય ત્યારે થોડી ઘણી છુટ મુકવીજ જોઇએ. લગ્ન જેવો ધાર્મિક સંસ્કાર ન હોય તો મનુષ્યો પોતાની અમૂલ્ય શક્તિઓનો ભયંકર દુરૂપયોગ કરે. લગ્ન કરવાથી એ દુરૂપયોગ અટકે છે. તેની સાથે અમોઘ શક્તિવાળુ એક મનુષ્ય પણ પોતાની પાછળ તે મૂકી જાય છે. શક્તિનું સંરક્ષણ કરવાથી ઈશ્વરત્વ પ્રતિ સહેલાઇથી ગતિ કરી શકાય છે. પોતાની સમગ્ર શક્તિને સંપૂર્ણ રીતે જાળવી શકે એવા પુરૂષો અથવા સ્ત્રીઓ ખરેખર આ જગત્માં વંદનીય છે. પણ તેમ ન થઇ શકે તો પછી એ શક્તિનો જેમ બને તેમ ઓછો વ્યય થાય એવો પ્રયત્ન તો દરેક સ્ત્રી-પુરૂષે કરવો જ જોઇએ. તેમ કરવાથી સૃષ્ટિ ઉજ્જડ-નિર્જન થઇ જાય તો પણ શું થઇ ગયું ? નિર્બળતા અને દરિદ્રતાને લીધે જ જગત્માં અનર્થો થાય છે. નિર્બળ પ્રજાની ઉત્પત્તિ અટકે તો પછી સંસારમાં અને સ્વર્ગમાં ભેદજ નથી રહેતો. લગ્નથી મનુષ્ય પોતાની શક્તિનો દુરૂપયોગ થતો અટકાવી શકે છે અને જો એમ થાય તો જ તે લગ્ન સંબંધ સાર્થક છે. (અપૂર્ણ).

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અંબર, બરાસકપુર, ઉંચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઈ, સીલાજીત, મોતીનો સુરમો વીગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન

ભાવને માટે પ્રાઇસલીસ્ટ જુઓ   ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.

જુમામસીદ, ન ૧૨૭ મુંબઇ.

કેવળ જીવદયાનો સંદેશો ?

. મિત્રો, હીસ્ટિરિયાનું દર્દ જોયુ જાય તેવુ નથી તેના જીવોને છોડાવવા, એ પુણ્યનું કામ છે એમ ધારી તેમને ખબર આપો કે.

૨૪ કલાકમાં દર્દને શમાવનાર

રે. ન ૧૬૬

હીસ્ટિરિયા—વાયુમુક્તા.

કી રૂ ૪-૧૦-૦ પો જુદુ.

દવા દેશી, સ્વધર્મ રક્ષક, પથ્ય નહિ, ગર્ભવતી અને સુવાવડીથી લેવાય, આકડી, ચકરી, તણાવુ, બબરામણ, શીત, ફાટ, તોડ, કળતર, જડતા, બેશુદ્ધિ, ગોળો, પ્રદર, લાળ, ગર્ભાશયનાં દર્દો, પક્ષપાત. લકવા અને ચિત્તભ્રમ યાને ઘેલછા ઉપર રામબાણ, જાતે અનુભવો અને સર્ટીફીકેટ દો

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. વિજાપુર—ગુજરાત

ખાસ સ્વદેશી.

ચરબી જેવી અપવિત્ર વસ્તુઓથી બનેલ સાબુથી સ્નાન કરી પવિત્ર થવું તેને કોણ પવિત્ર કહી શકે?

અમારા કારખાનામાં પવિત્ર ભેળવણીથી સારા કારીગરોને હાથે પ્યોરગ્લીસેરીન-સોપ, ગેડરોઝ-સોપ, ગુડરસ્ગીકન્સોપ, ઘવડર ટાયગર બ્રાંડ-સોપ, મેરી-સોપ કરબોલીક ન ૭ જુબેલી-સોપ, હની ફેઇસ વોસીંગસોપ વિગેરે જાતના સાબુઓ બનાવવામાં આવે છે જે વિલાયતી માલને ટક્કર મારે તેવા છે એક વખત વાપરી ખાત્રી કરો અને દેશને ઉત્તેજન આપો ભાવ તાલ માટે લખો—

ધી સન રાઇઝ સોપ ફેકટરી.

નંબર ૨ આંબાચોક—ભાવનગર

પ્રદર વિનાશક.

સ્ત્રી વર્ગ માટે ખાસ દવા

દરેક જાતના પ્રદર અને ગર્ભાશયના કોઇણી દરદથી પીડાતી અને શરમને લીધે અસહ્ય સંકટ ભોગવતી અબળાઓ માટે આ દવા એક આશિર્વાદ છે

" સ્ત્રી ઉપયોગી " પુસ્તક મફત મગાવો.

પ્રદર વિનાશક ઑફીસ—ખંભાત

શુદ્ધ સચિત્ર—

મોટી જૈન પંચાંગ.

કીંમત રૂ. ૦-૦-૧ સો નકલના રૂ. ૨-૮-૦

પિતાનો પુત્ર પ્રત્યે ઉપદેશ. ૦-૩-૦ સો નકલના રૂ. ૧૫-૦-૦

વિદ્યાર્થી બન્ધુ કિંવા ચારિત્ર સુધારણા સંબંધી શિક્ષણ.
૦-૨-૦ સો નકલના રૂ. ૧૦-૦-૦

જ્યોતિષના ગ્રંથો.

આરંભસિદ્ધિ, દિનશુદ્ધિ, લગ્નશુદ્ધિ. એ ત્રણે ગ્રંથ મૂલ સહિત ભાષાંતર નવીન છપાવેલા છે. ગ્રંથો ઉપયોગી અને ઉત્તમ છે. .... કીં. રૂ. ૧૦-૦-૦

સામુદ્રિક શાસ્ત્ર અને સ્વપ્ન વિચાર. .... કીં. રૂ. ૧-૪-૦

શકુન શાસ્ત્ર નવીન સુધારા-વધારા સાથેની આવૃત્તિ હમણાં જ છપાવી છે. ગ્રંથમાં કેટલોક વધારો કીધો છે. કીં. રૂ. ૦-૧૨-૦

(ટપાલ વી. પી. પેકીંગ ખર્ચ, દરેક પુસ્તકનું વધારે સમજવું)

લખો:—શ્રાવક ભીમસિંહ માણેક.

પુસ્તકો પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર, ઠે૦ માંડવી શાકગલી—મુંબાઈ.

આ માસિક તંત્રી શેઠ દેવચંદ દામજીએ પોતાના આનંદ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી પોતાની શ્રીસુખ-દર્પણ 'શ્રાવિકા' માસિકની ઓફીસમાંથી પ્રગટ કર્યું

આ પ્રેસ મંગળભાઈ મોતીલાલ-મુંબઈ Shravika Reg. No. B 1289

શ્રી સુખ દર્પણ

પુસ્તક ૩ જું અંક ૭ (સપ્ટેમ્બર સને ૧૯૧૯)

તંત્રી શેઠ દેવચંદ દામજી-કુંડલાકર વ્યવસ્થાપક, ગુલાબચંદ લલ્લુભાઈ શાહ—ભાવનગર

વિષયાનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
૧	સ્ત્રીઓથી હિન્દની મુક્તિ	૧૩૯
૨	શીલ કિંવા શિયળ	૧૪૦
૩	શત્રુંજયની યાત્રા	૧૫૦
૪	જ્ઞાતિ સેવા સ્ત્રીઓ કેવી રીતે કરી શકે?	૧૫૧
૫	મેરી સોમરવીલ્	૧૫૪
૬	ગ્રંથ સ્વીકાર	૧૫૮
૭	સતી સાવિત્રી અને યમરાજ	૧૫૮
૮	સ્ત્રીવર્ગ	૧૬૩
૯	સ્ત્રીઓના પોશાક	૧૬૫

આ માસિકનું વાર્ષિક લવાજમ-હિંદ માટે પોસ્ટેજ સાથે રૂ ૩-૦-૦ છુટક અંકના આના ૭.

પુ ૩ જું | સપ્ટેમ્બર. | અંક ૭ મો.

સ્ત્રીઓથી હિન્દની મુક્તિ.

વક્તા–મહાત્મા ગાંધી.

શીલ કિંવા શિયળ.

શીલનું માહાત્મ્ય સમગ્ર શાસ્ત્રોએ એકીસ્વરે ગાયું છે, પરંતુ તેનું યથાર્થ સ્વરૂપ ભગવાન વેદવ્યાસે મહાભારતના રાજનીતિ પર્વમાં એક અત્યંત મનોરંજક અને ચિત્તાકર્ષક દષ્ટાન્ત વડે સમજાવ્યું છે, તે દષ્ટાન્ત નીચે પ્રમાણે છે —

ભક્તચુડામણી પ્રહ્લાદે પોતાના તપોબળથી અખિલ વિશ્વનો જ્યારે વિજય કરી લીધો ત્યારે ઇંદ્રને ભય ઉત્પન્ન થયો કે રખેને તે મારૂં ઇંદ્રાસન પણ પડાવી લે! (ઇંદ્રપણું એ પ્રજાતંત્રના પ્રમુખપણા જેવું હશે—જે યોગ્ય હોય તેને જ તે મળે એવો કાયદો હોવો જોઇએ!) આવા ભયથી પ્રેરાઇ ઇંદ્ર શુભ વેશ ધારણ કરી પ્રહ્લાદની સેવા કરવા માંડી. ઘણા લાંબા સમય સુધી સેવા કર્યા પછી ભક્તરાજ પ્રહ્લાદ તે ઇંદ્ર ઉપર પ્રસન્ન થયા અને "કાંઇક વર માગ" એમ કહ્યું. ઇંદ્રે "મને તમારૂં શીલ આપો." એટલું જ વચન માગ્યું. પ્રહ્લાદે કહ્યું કે—"જા, તથાસ્તુ!" ત્યારબાદ ઇંદ્ર પ્રણામ કરી જવા લાગ્યો કે તેજ વખતે એક દિવ્ય શરીરધારી પુરૂષ, જેણે શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધારણ કરેલાં છે એવો પ્રહ્લાદના શરીરમાંથી બ્હાર નીકળ્યો, તથા ઇંદ્રની પાછળ પાછળ જવા લાગ્યો. પ્રહ્લાદે તેને સવાલ પૂછ્યો—"તમે કોણ! અને ક્યાં જાઓ છો?" એટલે તે દિવ્યદેહધારીએ જવાબ આપ્યો. "મારૂં નામ શીલ છે, તેં મને ઇંદ્રને અર્પણ કરી દીધો એટલા માટે હવે હું તેની સાથે જઉં છું."

તે જતો રહ્યો. ત્યારબાદ એવોજ એક બીજો પુરૂષ પ્રહ્લાદજીના શરીરમાંથી નીકળ્યો તેને તેણે પૂછ્યું—"તારૂં નામ શું?" જવાબ મળ્યો કે—"મારૂં નામ ધર્મ—હું શીલનો અનુસર છું, જ્યાં શીલ હોય ત્યાંજ હું રહું છું." તે પછી એક ત્રીજો પુરૂષ નીકળ્યો. તેને પણ એજ સવાલ ભક્તરાજ તરફથી પૂછવામાં આવ્યો. જવાબમાં તેણે જણાવ્યું કે—"મારૂં નામ સત્ય છે. હું ધર્મનો અનુચર છું." તે પછી પણ તેવોજ એક પુરૂષ બ્હાર નીકળ્યો તેને પૂછતાં જણાયું કે તેનુ નામ વૃત્ત હતું. વળી તેણે કહ્યું કે—"હું સત્યની પાછળ ચાલનારો છું." તે પછી એક પાંચમો પુરૂષ નીકળ્યો, તેણે કહ્યુ કે—"મારૂં નામ બળ. અને હું વૃત્તની પાછળ ચાલનારો છું." છેવટે એક સ્ત્રી નીકળી. તેને પૂછ્યું—"તું કોણ?" જવાબમાં કહ્યું કે—"મારૂં નામ લક્ષ્મી છે અને હું બળની પાછળ ચાલનારી છું. અર્થાત્ જ્યાં બળ હોય ત્યાં લક્ષ્મી હોય જ."

પછી પ્રહ્લાદે લક્ષ્મીને પૂછ્યું—"તમે બધાં મને છોડી શામાટે જતા રહો છો?" લક્ષ્મીએ જવાબ આપ્યો કે —

"धर्मः सत्यं तथा वृत्तं बलं चैव तथाप्यहं ।
शीलमूला महाप्राज्ञ सदा नास्त्यत्र संशयः ॥"

અર્થાત્—" હે મહાન્ બુદ્ધિવાળા પ્રહ્લાદજી ! ધર્મ, સત્ય, વૃત્ત, બળ તથા હું—લક્ષ્મી એ બધાં સદા શીલ સાથે રહેનારાં છીએ. અમારૂં બધાનું મૂળ શીલ છે, તેમાં કશો સંશય નથી મતલબ કે ધર્મ વિગેરે બધાં અનુચરો શીલની જ પાછળ પાછળ ચાલે છે. શીલ એજ ગગન મંડળમાં ધ્રુવ સમાન છે. ધર્માદિક નક્ષત્રો તેની આસપાસ ઘૂમે છે

આ વૃત્તાંત વૃદ્ધ પિતામહ ભિષ્મે શરશય્યા ઉપર પડ્યા પડ્યા રાજા યુધિષ્ઠિરને કહેલું છે. પ્રહ્લાદ તથા ઇંદ્ર વચ્ચે એ પ્રમાણે વચન દેવાયું–લેવાયું હોય યા ન હોય; તેની સાથે અત્યારે આપણને સંબંધ નથી. છતાં એટલું તો ચોક્કસ જ છે કે આ વૃત્તાંતથી ભારતના સદા સમર્થ રચયિતાએ શીલનું માહાત્મ્ય ઘણી અસરકારક રીતે સમજાવ્યું છે. આ લોક તથા પરલોકમાં સુખ–સમૃદ્ધિ પામવાનું શીલ એજ એક ઉત્તમ સાધન છે એમાં શક નથી

હવે એક શીલ જતાં બીજી પાંચ વસ્તુઓ શામાટે ચાલી નીકળી તેનો વિચાર કરવો જોઇએ. એક બીજાને પરસ્પરમાં શું સબંધ હતો તે જાણવું જોઇએ. વિસ્તારના ભયથી આપણે એ વિષે બહુ લાંબી ચર્ચા નહીં કરી શકીએ. તથાપિ મૂળ મહત્વના મુદ્દાઓ ઉપર વિવેચન કરવામાં બાધ નથી

ગુજરાતીમાં શીલને કેટલીકવાર શિયળ કહેવામાં આવે છે. શિયળ એ શીલનો જ અપભ્રંશ છે એમ કહેવાની જરૂર નથી શિયળ એ સ્ત્રીને જ લગતો સદ્‌ગુણ હોય એમ મનાય છે. જેમકે કોઇ સ્ત્રી આપત્તિમાં આવી પડી હોય અને તે આપત્તિ એવી હોય કે જ્યાં તેના પાતિવ્રત્યનો ભંગ થતો હોય, તેમાંથી જો તેના તે વ્રતનો બચાવ થાય તો કહેવાય છે કે તેનું " શિયળ " સચવાયું. પ્રભુએ તેનું શિયળ બચાવ્યું–નહિ તર તેણીના શિયળનો ભંગ થાત

પરંતુ શીલના અર્થનો એ રીતે વિચાર કરતાં તેમાં કંદર્પ–કામદેવનો ભાગ હોય એમ સમજાય છે એટલે કે મદન–પ્રવૃત્તિને લગતો તે ગુણ છે–સ્પર્શજન્ય ભોગને લગતી તે વસ્તુ છે. ઘણું ખરૂં એજ ભાવમાં શિયળ શબ્દનો વ્યવહાર થાય છે તેમાંથી સાર એ નીકળે છે કે કંદર્પ પ્રવૃત્તિનો અવરિત અથવા અમર્યાદાથી ઉપયોગ થવો તેનું નામ " શીલભંગ " કહેવાય છે. મર્યાદા પુરઃસર તે વસ્તુમાં પ્રવૃત્તિ થાય તે શીલભંગ ગણાતું નથી. તે ગમે તેમ હોય. શીલની સાથે મન્મથ–કામ સંબંધી મતલબ તો જોડાયેલી જ છે એમાં શક નથી. પરંતુ શીલ શબ્દના ઉપયોગ સબંધે આપણે હજી વધારે ઉંડા ઉતરીને વિચાર કરવો જોઇએ અને તે શબ્દ મન્મથ–પ્રવૃત્તિ શિવાય બીજા કોઇ ભાવમાં વપરાય છે કે નહીં તે તપાસવું જોઇએ

દાખલા તરીકે પાંચ–સાત વર્ષના છોકરા કે છોકરીને જોઇને લોકો કહે છે કે આ છોકરો કે છોકરી બહુ સારા શીલવાળા છે. આ જગ્યાએ શીલમાં કંદર્પ સંબંધી ભાવ નથી કારણ કે તે વસ્તુ તેટલા નાના બાળકોમાં સંભવતી નથી વળી લોકો કહે છે કે આ માણસ ઘણોજ સુશીલ છે. તેમાં પણ કામ સબંધી ભાવ નથી તે ઉપરાંત લોકો કહે છે કે " આ છોકરો જો મારા શીલમાં સમાશે તો હું રાખીશ. " અહિં વળી શીલનો અર્થ જુદો જ થાય છે–જો કે તેમાં કંદર્પ સબંધી ભાવ મુદ્દલ જ નથી. એટલુંજ નહીં પણ એ શબ્દ ક્વચિત્ પશુને પણ લગાડવામાં આવે છે. કહેવાય છે કે "આ ઢોરના શીલ સારાં છે " ભગવાન્ પારાશરે સ્મૃતિમાં કહ્યું છે કે—

कः परित्यज्य गां दुष्टां दोहेच्छीलवतीं खरीं।

અર્થાત્—દુષ્ટ એવી ગાયને છોડી શીલવતી ગધેડીને કોણ દોહશે ? આવાં આવાં જે કેટલાક દ્રષ્ટાંતો મળી આવે છે તે પરથી માલુમ પડે છે કે શીલ એ શબ્દ માત્ર કંદર્પના ભાવવાળો જ નથી. બીજા ભાવોમાં પણ તેનો વ્યવહાર થાય છે. છતાં આપણે અગાઉ જોઇ ગયા તેમ શીલ એ શબ્દ " શિયળ " ના અર્થમાં જ સમાઇ કેમ થઇ ગયો ? ઘણા ભાગે મુખ્યત્વામાં વપરાતો એ શબ્દ માત્ર અનંગ સંબંધી ભાવમાં જ વપરાવા લાગ્યો તેનું શુ કારણ ?

આ વિષય ઉપર વિચાર કરતાં એટલું માલુમ પડે છે કે શીલ શબ્દ જે ભાવથી ભાષામાં વપરાઇ રહેલો છે તે ભાવ રૂઢજ છે અને તે પણ ઘણુંજ સબળ કારણોને આભારી છે. શીલના સ્વરૂપને યથાર્થ રીતે સમજવા માટે પ્રથમ કામ અને વિષય એ બે શબ્દો ઉપર દ્રષ્ટિનાંખવી પડશે.

" કામ " એટલે યાવત્ કામના. અર્થાત્ જે કોઈ તૃષ્ણા, ઇચ્છા કે વાસના છે તે બધી કામનાઓ કહેવાય છે, અને તે બધથી કામ એ શબ્દમાં સમાવિષ્ટ થઇ જાય છે. વિષય શબ્દ પણ એવોજ છે. તેમાં સંસારના સમગ્ર વિષયોનો સમાવેશ થઇ જાય છે. બન્ને શબ્દો બહોળા ભાવ-વાચક છે, તે વાત હરકોઇ વાચક સહેલાઇથી સમજી શકે છે. પણ આ પુરૂષ કે આ સ્ત્રી "કામી" કે " વિષયી " છે એમ કહેતાં બીજી કોઇ કામનાવાળાં તેઓ છે એવો કદિ ભાસ થતો નથી. ઉલટું તેથી તો એમજ સમજાય છે કે આ માણસો વિષયાસક્ત અર્થાત્ કામવિકારથી જેમનું ચિત્ત ચંચળ બન્યું છે તેવા આ મનુષ્યો છે—મતલબ કે સ્પર્શજન્ય ભોગની પ્રવૃત્તિવાળાં છે. બન્ને શબ્દોમાંથી એ એક ભાવ નીકળે છે, અને તેજ ભાવ શીલ–શિયળમાંથી પણ નીકળતો હતો. એવી રીતે આ ત્રણે શબ્દો બહોળા ભાવવાળા છે, છતાં એક અને તે પણ એજ ભાવ બતાવે છે. વિષયેચ્છા કે કામેચ્છા એમ કહેતાં ત્વચા સંબંધી ભોગની ઇચ્છા એજ ભાવ પ્રગટ થાય છે. પણ દુકાને જવાની ઇચ્છા કે જોવાની–સાંભળવાની–સુંઘવાની કે ચાખવાની ઇચ્છા એ ભાવ કદિ પ્રગટ થતો નથી

આ સ્થળે વિષય અથવા કામ એ વસ્તુ સંબંધે થોડી મીમાંસા કરવાની જરૂર છે. પહેલાં તો એજ નિશ્ચય કરીએ કે **વિષય** અને કામ એટલે શુ ? તેનો મૂળ અર્થ શું ?

रूपं शब्दो गंधं रसः स्पर्शाश्च विपया अमी॰ (અમરકોષ)

અર્થાત્—રૂપ, શબ્દ, ગંધ, રસ તથા સ્પર્શ એજ વિષયો છે. મતલબ કે આંખ, નાક, કાન જીભ તથા ચામડી એ પાંચ ઇંદ્રિઓવડે જે જે વસ્તુ ગ્રહણ કરી શકાય છે તે સર્વ વિષયો કહેવાય છે. અને કામ શબ્દનો અર્થ ઉપર મુજબ તે સર્વ વિષયોને મેળવવાની ઇચ્છા એજ થાય છે

इच्छाकांक्षा स्पृहेहा तृड्वांछा लिप्सा मनोरथः

कामोऽभिलापस्तर्पश्च सोऽत्यर्थं ललसा द्वयोः (અમરકોષ)

અર્થ—ઇચ્છા, કાંક્ષા, સ્પૃહા, ઇહા, તૃટ, વાંછા, લિપ્સા, મનોરથ, કામ, અભિલાષ, તર્ષ એ બધા એક બીજાના પર્યાયો છે. આ ઉપરથી નિશ્ચય થાય છે કે પાંચ જ્ઞાનેંદ્રિયોથી ગ્રહણ કરી શકાય તે સઘળા વિષયો કહેવાય છે. તથા તેને મેળવવાની ઇચ્છા તેનું નામ કામ છે. તે કામ તથા ઇચ્છા મનનો ધર્મ છે. પરંતુ "વિષયી" કહેતાં બીજા કોઇ વિષયનો ભાવ ન સમજાતાં માત્ર સ્પર્શ-જ —ત્વચા સંબંધી ભોગ એજ અર્થ સમજાય છે તેનું શું કારણ ? તથા કામી એમ કહેતાં મનની બીજી અનેક ઇચ્છાઓનો ભાસ ન થતાં માત્ર ત્વચા સંબંધી ભોગની ઇચ્છા જ સમજાય છે

તેનું શું કારણ? પાંચે વિષયો તથા મનની અનેક ઇચ્છાએ સર્વ એક બીજાથી તદ્દન ભિન્ન ભિન્ન છે, મતલબકે સર્વનું ક્ષેત્ર અલગ અલગ છે, સહુ પોતપોતાના પ્રદેશના સ્વામી છે, સહુનો વ્યાપાર પૃથક પૃથક છે છતાં બીજા કોઇ વિષય કે કામનાઓનો ભાવ પ્રતિભાસિત ન થતાં માત્ર ત્વચા સંબંધી ભોગની વાત કેમ સમજાય છે તેનું કારણ શોધવું જોઇએ.

જગતમાં એક એવો નિયમ જોવામાં આવે છે કે ઘણી જુદી જુદી વ્યક્તિઓના સમુદાયમાં જે વ્યક્તિ પ્રબળ હોય છે અને જેમાં કંઇક ગુરૂતા અથવા અધિકતા હોય છે, તેજ સર્વ સમુદાયનું નામ પોતાના માથે વ્હોરી લે છે. જેમકે એક રાજા સભા ભરીને બેઠો હોય, તે સભામાં રાજાના શરીર ઉપરાંત બીજા અનેક મનુષ્યો હાજર હોય તથાપિ તે સભા બીજા કોઇ નામથી ન ઓળખાતાં "રાજસભા" નામથીજ ઓળખાય. કારણ કે તે સ્થાને રાજાની ગુરૂતા છે. તેવીજ રીતે પાંચ-પચીસ લુંટારા મળીને એક દળ બાંધી બેઠેલા હોય, તેમાં જે નાયક હોય તેના નામથીજ આખું દળ ઓળખાય. તેનું કારણ પણ ગુરૂતા જ છે. તેવીજ રીતે કોઇને ત્યાં ભોજન થયું હોય તેમાં દુધપાક હોય અને તેની સાથે બીજી પણ અનેક વસ્તુઓ હોય છતાં બીજી વસ્તુઓના નામ ન લેતાં લોકો તો એમજ કહેવાના કે—"આજે દુધપાકનું જમણ હતું." તેનું કારણ પણ ગુરૂતા કિંવા અધિકતા છે. એવી રીતે ગુરૂતાથી અગ્રગણ્ય થવાય છે. કવિવર દલપતરામ કહે છે કે:—

ગણાય અંધ રાણી એક દેખતો અપંગમાં,
× × × ×
જુવાર જો હજાર શેર, શેર ભાત જઇ ભળે;
મળે ન મૂલ ભાતનું જુવાર જેટલું મળે,
ગણાય ખાળ નીર ગંગ નીર તુલ્ય ગંગમાં.
× × × ×

આ પ્રમાણે ગુરૂતા અથવા અધિકતા અગ્રસ્થાન પ્રાપ્ત કરે છે. "નામીચો વેપારી કમાઇ ખાય અને નામીચો ચોર માર્યો જાય" એ કહેવત પ્રમાણે વિષયો તથા કામનાઓ અનેક છે છતાં એ સર્વમાં ત્વચા સંબંધી ભોગ તથા કામનાઓ ગુરૂતા તથા અધિકતા બન્નેથી યુક્ત હોવાના સબબે તેજ નામીચા ચોર અથવા નામીચા લુંટારાના નામથી પ્રસિદ્ધ ગણાઇ ગયેલ છે.

સ્પર્શેંદ્રિય સર્વ કરતાં પ્રબળ છે, તેને માટે પ્રમાણો જોઇએ તો અનેકાનેક મળી આવે છે. સર્વ પુરાણો તથા ઇતિહાસો એ પ્રબળતાના પુરાવાઓ આપી રહ્યાં છે. મોટા ઋષિ-મહર્ષિઓ અને યોગી-મુનિઓને તપથી ચ્યુત કરનાર, મોટાં મોટાં રાજ્યોનો નાશ કરનાર, મોટા મોટા ઉત્પાતો તથા મોટા મોટા ફેરફારોના જે જે કોઇ સમય કે પ્રસંગો જોવામાં કે સાંભળવામાં આવે છે તેમાં એજ સ્પર્શેંદ્રિયની ભોગ-વાસના ઘણું કરીને નિમિત્તભૂત હોય છે. બીજી કામનાઓ કિંવા વાસનાઓ અનિષ્ટ કરનારી છે, ખરી પણ સ્પર્શેંદ્રિયની તોલે તે આવી શક્તી નથી. બલ્કે બીજી ઇંદ્રિઓ કાં જાણે સ્પર્શેંદ્રિયનો હુકમ ઉઠાવનારી હોય એવો ભાસ થાય છે. અને તેથીજ કામ કે વિષય કહેતાં એજ એક વસ્તુ સમજાય છે.

કેટલાક ચક્ષુ ઇંદ્રિયને બહુ પ્રબળ માને છે. તેઓ કહે છે કે ચક્ષુઓ બહુ ચપળ તથા બહુ વેગવાળાં હોય છે. એ વાત કબુલ છે. પણ ચક્ષુની પ્રબળતાના પરિણામમાં છેવટે તો તેજ કામ દેવનો ઉંડો ઉંડો ધબકારો સંભળાય છે. રસનેંદ્રિયમાં પણ પરિણામે એજ વસ્તુ રહેલી છે. તેવીજ રીતે નાક-કાન વિગેરેથી ગ્રહણ કરી શકતા વિષયો જો કે સ્વતંત્ર છે, છતાં તેમાં પણ સર્વોપરી સત્તા તો ભગવાન્ કામદેવનીજ હોય એમ જણાય છે.

આ પ્રમાણે સ્પર્શેંદ્રિયની ગુરુતા, અધિકતા તથા સત્તા છે, એટલુંજ નહિં પણ વૃદ્ધાવસ્થામાં આંખ, કાન વિગેરે ઇંદ્રિયો પોતપોતાના ધર્મથી ચ્યુત થઈ જાય છે, પરન્તુ આ ઇંદ્રિય વાસનાનું તેમ થતું નથી, એ તેની એક મોટામાં મોટી વિશેષતા છે. જુઓ ભર્તુહરી તે વિષે શું કહે છે.—

कृशः कालः खंजः श्रवणरहितः पुच्छविकलो
व्रणी पूतिक्लिन्नः कृमिकुलशतैरावृततनुः
क्षुधाक्षामो जीर्णः पिठराजकपालार्पितगलः
शुनीमन्वेति श्वा हतमपि च हन्त्येव मदनः

અર્થાત્-એક કુતરો દીઠો તે દુર્બળ, કાણો, લંગડો, પુંછડી વગરનો, ગડ-ગુમડાંયુક્ત દેહવાળો ને તેમાંથી પરૂ વહે છે તેવો, ભુખ્યો અને ગળામાં હાંલ્લાનો કાંઠો રહી ગયો છે એવો છે; છતાં કુતરીને જોઈ તેની પાછળ હાજી-હાઉ કરતો દોડ્યો જાય છે. આવી રીતે મરેલાને પણ કામદેવ મારે છે.

જોયો કામદેવનો પ્રતાપ? કામની વાસના હૃદયમાં હોળીની જેમ સળગ્યા કરે છે, જે સમયથી તે ઇચ્છા પ્રકાશમાં આવે છે, તે સમયથી તે છેક અંત પર્યંત મનુષ્ય-હૃદયને રાતદિવસ-હરઘડી-હરપળ જાગૃત કિંવા સ્વપ્ન અવસ્થામાં, ચોખા જેમ ઉના પાણીમાં ખદખદે તેમ ખદખદાવે છે. જળ વિના જેમ મત્સ્ય તરફડે તેમ મનુજ હૃદયને તરફડાવે છે. અખિલ વિશ્વને સંસારના દુઃખમય સ્મશાનમાં જો કોઈ હોમનાર હોય તો તે ભગવાન કામદેવ જ છે. સર્વ વ્યવહાર, સર્વ ધર્મ-કર્મ અને સર્વ ઉદ્યમને ભસ્મીભૂત કરનાર એજ એક સમર્થ રીપુ છે. સર્વ દુઃખના મૂળરૂપ એજ સ્પર્શેંદ્રિયના ભોગની ઇચ્છા હોય એમ જણાય છે. ये-हि संस्पर्शजा भोगाः दुःखयोनय एव ते-સ્પર્શજન્ય ભોગો એજ સર્વ દુઃખોની યોનિરૂપ-મૂળરૂપ છે. સર્વ ઇચ્છાઓની પણ ઇચ્છા એક કામ જ છે. એ કામદેવે આખા જગતને પોતાના અંકુશ નીચે દબાવ્યું છે. વેદાંતીઓ કહે છે કે ધર્મ, અર્થ ને કામ એ ત્રિપુટીમાં જગત્ વ્યાપ્ત છે અને મોક્ષ એ ત્રણેથી બ્હાર છે. ધર્મ (વ્યવહાર) વડે અર્થ (ધન) અને અર્થ વડે કામ" અર્થાત્ અર્થનું ફળ કામ એ નિશ્ચય છે.

કામ અને વિષયના સ્વરૂપની સ્હેજસાજ ઝાંખી થઈ હશે. તેમાં પણ જે મહારાજાધિરાજ એ નામનું છત્ર પોતાના માથે ધરાવીને બેઠેલો છે તે કોણ છે તે પણ સમજાયું હશે. શા કારણથી તે ઉત્પત્તિ પામી બેઠો છે તે પણ સમજાયું હશે. તેની અધિકતા-ગુરુતા કિંવા સર્વોપરિપણાનો ખ્યાલ પણ આવી ગયો હશે. જગતની તમામ કામનાઓ એજ મહારાજાએ ગતિમાં મુકી છે એમ કહેવાની હવે જરૂર નથી. સર્વ દુઃખ તથા અશાન્તિ એજ મહારાજાને આભારી છે એમ જ કહીએ તો પણ ચાલી શકે તેમ છે. જો એ મહારાજાની સત્તા નબળી પડે તો સર્વ ચક્રો નબળાં પડે એ નિઃસંશય છે, એ એકની જ જીતથી સઘળી જીત છે. અને એની એકની હારથી જ સઘળી હાર છે.

એક જીતે જીત છે એક હાર્યે હાર,
કામરૂપ એ દુષ્ટ ને માર, માર ને માર.

પણ તે જીત મહા વિકટ છે. ભગવાન કામદેવને જીતવા એ કેટલું દુષ્કર કાર્ય છે તેનું વર્ણન કરતાં યોગમણજી કહે છે કે:—

જ્ઞાનીકો ગુમાયો જ્ઞાન ધ્યાનીકો છુડાયો ધ્યાન,
માન ત્યજાયો માર આગે મહા અભિમાનીકે.
એક પત્નિવ્રત્ત ઔર પતિવ્રત્ત વ્રત્ત ધરે,
ઐસે નર નારીનકા બિશ્વમે બખાનીયે.
દેહ ધરી દેહ અંત પર્યંત જો જીતે માર,
જગમે સોજન જગદીશ જૈસો જાનીયે.
ચલવો ગગન પથ મલવો [1]મહિર લોક,
દલવો રિપુકો દલ શસ્ત્ર બિહીન હૈ,
ધરવો ધરનીકો ભાર તરવો [2]નિધિકો વારી[3],
હરવો હરાકો હરિ કરવો આધીન હૈ,
ખાઈબો હલાહલકો ચ્હાઈબો [4]ફનેશ મની,
[5]ધાઈબો [6]ખગેશ સંગ બને કોઉ દીન હૈ,
રહેવો આહારહીન કહેબો ભવિષ્ય હોન
મનહી મહજ કામ દહવે કઠિન હૈ

કામ-ક્રોધ-લોભ-મોહ-મદ તથા મત્સર એમ ષડ્રિપુઓ શાસ્ત્રમાં વર્ણવ્યા છે તે છ શત્રુઓ જુદા જુદા હોય એમ લાગતું નથી. જેમ સાગરમાં કુસુમ વગેરે પદાર્થ નિમિત્તે એકજ પાણીના જુદા જુદા રૂપો હોય તેમ ઉપર બતાવેલા તે ક્રોધાદિ રિપુઓ કામનાજ રૂપો હોય એમ જણાય છે. મતલબ કે પ્રથમ અને મુખ્ય વસ્તુ કામ છે. તેની સંપૂર્ણતામાં જ્યારે વિઘ્ન આવે ત્યારે તે કામ ક્રોધરૂપ બની જાય છે. લોભ પણ એ કામને આધીન જ રહેલો છે. મોહ-મદ તથા મત્સર પણ તેનાજ રૂપો છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

ध्यायता विपयान्पुंसः सगस्तेपूपजायते
संगात् सजायते काम कामात् क्रोधोऽभिजायते
क्रोधाद् भवति संमोहः समहात् स्मृतिविभ्रमः
स्मृतिभ्रंशात् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥

અર્થાત્—મનુષ્ય વિષયનું ધ્યાન કરે છે તેમાં સંગ ઉત્પન્ન થાય છે, સંગમાંથી કામ જન્મે છે, કામથી ક્રોધ, ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિભ્રમ, સ્મૃતિભ્રમથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી સર્વ નાશ થાય છે.

આવી રીતે ક્રોધાદિ પાંચ વસ્તુઓ કામની જ જુદી જુદી વૃત્તિઓ છે. કામ પોતે જો કે ઘણા મ્હોટા અર્થમાં વપરાય છે તથાપિ એક સ્પર્શજન્ય ભોગની કામનામાં જ તે સમાપ્તિ પામે છે. તેનું કારણ એ છે કે **सर्वं पदं हस्तिपदे निमग्नं**—હાથીના પગમાં બધા પ્રાણીઓના પગના સમાઈ જાય છે. હવે જ્યારે વિષય અથવા કામ તેજ સ્પર્શેંદ્રિયના ભોગ સૂચક બની ગયા છે તો પછી શીલ જેવા મ્હોટા અર્થમાં વપરાતા શબ્દ વિષયમાત્ર ત્યાગમાં તથા [illegible] તેમાં નવાઈ જેવું શું છે?

૧ પાતાળ ૨ સમુદ્ર ૩ પાણી ૪ શેષનાગ ૫ દોડવું ૬ ગરુડ

શત્રુંજયની યાત્રા.

ત્રોટક,

(૧)

આજ સજ્જન સ્નેહીનો સાથ ગ્રહી, શુભ યાત્રા કરી પુણ્ય ધામ તણી;
અહા ! લીલી શી હરિયાળી છાઇ રહી, પસરે રસગંધ વનસ્પતિની.

(૨)

જ્યમ માતની કેડમાં બાલ રમે, જ્યમ સુંદરી જાય શ્વસુર ગૃહે;
ત્યમ શત્રુંજયી સરિતા વહતી, ગિરિરાયને કંઠ વિટાઈ રહી.

(૩)

સિદ્ધક્ષેત્ર અનુપમ તિર્થજ આ, દિપે દેવ તણું દિવ્ય રાજ્ય મહા;
કે મહાત્મ્ય અનુપ જીનેન્દ્ર તણું, જંહી શાસન વિસ્તરે વીરતણું.

(૪)

ફરકે ધ્વજ કીર્તિને ધર્મ તણાં, પસરે જગમાં શુભ શાસન આ;
શુદ્ધ જ્ઞાન અનન્ત પરમ સતનું, સિદ્ધ ગૌરવ એક સનાતનનું.

(૫)

તેજ ધારી રહ્યું વીર શાસનનું, પદ ઉન્નત એક જીનેન્દ્ર તણું;
અહા ! સાત્વિક્ ભાવની મૂર્તિ સમા, કે વૃન્દ જ્યાં સાધુને સાધ્વી તણાં.

(૬)

રાગ દ્વેષ રહિત એ સન્ત જનો, બસ ! ઉન્નત આદર્શ ત્યાગ તણો,
પસરાવવા શાસન વીર તણાં, સઉદેશ વિષે આજ ઘુમી રહ્યાં;

(૭)

સઉ ભારત વાસી અહિંસા તણાં, સ્વિકારી લીયે વૃત જૈન તણાં,
પ્રાણીમાત્ર સનાતન જૈન બને, પ્રભુ પ્રેમ તણો અધિકારી થશે.

(૮)

વીર શાસન જે સ્થળમાં વિલસે, જગમાં સ્થળ ઉન્નત તેજ થશે;
ફરમાન એ શુદ્ધ સનાતનનું, ગુણગાન કરો વીર શાસનનું.

(૯)

શુદ્ધ જ્ઞાન વિવેક વિરાગ તણું, કે લક્ષ્ય અનુપમ જીવનનું,
પ્રકટાવ પ્રભુ ! મુજ ભારતમાં, ફરમાન મહાવીર શાસનનાં.

નલિનીકાન્ત.

જ્ઞાતિ સેવા સ્ત્રીઓ કેવી રીતે કરી શકે.

(લેઃ બ્હેન પ્રભાવતી શ્રાવિકાશ્રમ—મુંબઇ.)

જે જાતિમાં આપણે ઉત્પન્ન થયા હોઇએ તે જાતિની સેવા કરવી, તેની ઉન્નતિ કરવી, તેમાં સુધારા કરવા, એ આપણી ફરજ છે. અને જેમ બને તેમ આપણી જ્ઞાતિ સુખી કેમ બને તેને માટે બનતા ઉપાયો શોધવા જ જોઇએ. અને તે ઉપાયો પ્રમાણે આપણે વર્તન રાખીએ તો આપણે જ્ઞાતિ સેવા બજાવી એમ કહેવાય.

પ્રથમ જ્ઞાતિને સુધારવાનો મુખ્ય પાયો સ્ત્રી ઉપર રહેલો છે. જો ઘરમાં સ્ત્રી ભણેલી ગણેલી અને નિપુણ હોય તો તેને જે પુત્ર પુત્રીરૂપ રત્નો પાકે તો તે પણ તેના જેવાજ સુશીલ અને હોંશિયાર નીવડે. અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે સ્ત્રીને મુખ્ય પાયો કેમ ગણ્યો હશે ! પુરૂષને કેમ નહિ ! આનો ઉત્તર એટલોજ છે કે બાળક જ્યારે ગર્ભમાં હોય છે, ત્યારે તેના ઉપર જેટલા સંસ્કાર માતાના પડે છે તેટલા પિતાના પડતા નથી, અને બાળક જન્મે ત્યારપછી પણ તેનું આખું બાળપણ વિશેષે કરી માતાની પાસેજ જાય છે. બાળકમાં અનુકરણ કરવાની શક્તિ ઘણીજ તીવ્ર હોય છે. અને તેજ કારણથી માતા જેમ બોલે તેમ તે બોલતાં શીખે છે, તે જેવું કામ કરે છે તેવુંજ તે કરવા પ્રયત્ન કરે છે. એ રીતે હમેશાં માતાના સંસ્કાર પુત્ર પુત્રીઓ ઉપર પડતા રહે છે. જો માતા ઘરમાં કંકાસ કરતી હોય, ગાળો દેતી હોય, માર્યા–પીટ્યા–અને મુવા સિવાય જ્યાં આગળ વાતજ ન થતી હોય, તો ત્યાં ઘરમાં છોકરાં તે ક્યાંથી સુધરે ! તે પણ ગાળો દેતાં શીખે છે. અને કંકાસીઆં બને છે મને અનુભવ છે કે જે ઘરમાં માતાના કે બીજા કોઇના મોંમાંથી ગાળજ ન નીકળતી હોય તે ઘરે બાળકને ગાળો દેતાં આવડતી નથી. અને એજ પ્રમાણે બીજા પણ સારા સંસ્કાર બાળક પર પડે છે. માટે પ્રથમ પાયો ભણેલી વિવેકી અને સુશીલ સ્ત્રી ઉપર રહેલો છે.

હવે એવી સ્ત્રીઓ બનાવવી એ પુરૂષોનું કામ છે. આજકાલ એવું જોવામાં આવે છે કે પિતાઓ પુત્રને તો મોટી એમ, એ. બી, એ. વકીલ, બેરીસ્ટર વગેરે ડીગ્રીઓ પ્રાપ્ત કરાવે છે અને તેજ જગ્યાએ પુત્રી હોય તો અભણ રહે છે અથવા બેચાર ચોપડી પુરી થઈ કે ભણતર પુરૂ થયું એમ સમજી નવ, દશ વર્ષની બાળાને પરણાવી માતા પિતા તેને શીરે ગૃહ સંસારનો બોજો નાંખી દે છે. હજુ તો તેની પોતાની જ બાળ અવસ્થા પુરી ન થઈ હોય એટલામાં તો બાળકનો જન્મ તે બિચારીને આપવો પડે છે. અહા ! તે બિચારીની કેવી દીન દશા ! અને જો નશીબ ફર્યા હોય તો એ બાળ અવસ્થામાં જ વૈધવ્ય આવી પડે છે. આપણી જાતિની એવી દશા ન થાય માટે પુત્રીને પંદર સોળ વર્ષની થાય ત્યાં સુધી તેને વિદ્યાભ્યાસ કરવા દેવો, અને

ત્યારપછી તેનાં કોઈ સારે ઠેકાણે લગ્ન કરી તેને સંસારમાં જોડવી જોઇએ. કે જેથી પતિ પત્નિ યોગ્ય ઉમરે પહોંચ્યાંથી તેઓ સુખી થશે. અને પાછીથી તેઓના પુત્ર પુત્રીઓ થાય તે પણ બળવાન, કેળવાએલાં અને વિવેકી બનશે.

કર્મ યોગે સ્ત્રીઓને વૈધવ્ય અવસ્થા પ્રાપ્ત થાય તો તેની બાકીની જીંદગીને નિરૂપયોગી ન ગણતાં તેને જ્ઞાતિના ઉપયોગમાં લગાડી જ્ઞાતિ સેવા કરવી. કે જેથી સ્વાર્થ અને પરમાર્થ થાય. જો આખી જ્ઞાતીમાંથી એકાદ પણ નર્સ તરીકે નીકળે તો આપણી જાતિને કેટલો ફાયદો થાય! ગરીબ અને માંદા માણસો જે દુઃખી થતાં હોય તેને આપણે ઉપયોગી બની શકીએ. દુઃખીને દુઃખમાંથી બચાવી તેને સુખ આપીએ તો તેનો અંતરાત્મા આપણને કેટલી દુવા આપશે ! આ રીતે નિઃસ્વાર્થ રીતે સેવા બજાવવામાં જ આપણું કલ્યાણ સમાએલું છે. જો સ્વાર્થ સાથે સેવા કરવા નીકળીશું તો તે કામ સારી રીતે બનવાનું નથી, અને માથા ઉતરતું થશે. દરેક કાર્યમાં સ્વાર્થ અને પરમાર્થ તો સમાયેલો જ છે. પણ સ્વાર્થનો પા ભાગ રાખી (ન બને તો અર્ધો ભાગ રાખી) અને પરમાર્થ તરફ સારો ભાગ રાખવો, એવી ઘણી રીતે જ્ઞાતિની સેવા સ્ત્રીઓ કરવા ધારે તો કરી શકે છે.

બીજું કોઇ સ્ત્રી ભણેલી હોય તેણે નાનાં નાનાં બાળકોને તેમ મોટાં બૈરાંઓને કંઇ શીખવું હોય તો શીખવવું, કે જેથી આપણું ભણેલું લેખે લાગે. બીજું થોડું ઘણું ફંડ ભેગું કરી લાઇબ્રેરી કાઢવી. કે જેમાં સારાં સારાં ઉપદેશક પુસ્તકો રાખવાં, અને તે જેને જોઇએ તેને વાંચવાં આપવાં કે જેથી અજ્ઞાન લોકો પુસ્તકો દ્વારા કંઇક જ્ઞાન મેળવી શકે. એ બન્નેમાંથી જેઓને કંઈ લાભ મળતો નથી, તેઓને સભા કરીને કે કથા તરીકે કંઇક સારો બોધ મળે તેમ અઠવાડીઆમાં કોઇ એક દિવસ રાખવો જોઇએ. અને તે બધાંઓને સદ્બોધ આપી તેમનું મન સત્કાર્યમાં અને કંઇક ભક્તિ તરફ દોરાય તેમ કરવું. આ પ્રમાણે જ્ઞાતિ સાથે વ્યવહાર રાખ્યો હોય તો કંઇક અંશે આપણી જાતિમાં સુધારો થાય અને આપણાથી કેટલેક અંશે જ્ઞાતિસેવા બને.

પહેલા ગૃહ સેવા, પછી જ્ઞાતિસેવા, અને ત્યાર પછી દેશસેવા કરવી. એ સેવા કરવાનો અનુક્રમ છે. તેમાં ગૃહસેવા કરવી એ કંઈ વિશેષ બળનું કામ નથી. અને એ બધાજ લોકો કરે છે. કોઇક જ નહિ કરતું હોય. ગૃહસેવા બજાવ્યા પછી દેશસેવા આપણાથી ન બને, તો જાતિસેવા તો કરવી જ જોઇએ. તેમાં મનથી, વચનથી, કાયાથી અને ધનથી જેમ બને તેમ પોતાના દેશને સુખી કરવા પ્રયત્ન કરવો એ દરેક મનુષ્ય માત્રની ફરજ છે. મનથી આપણી જાતિ સુખી થાય, ઉન્નતિએ પહોંચે, અને દુઃખથી બચે એવો વિચાર કરવો. વચનથી બધાઓનું મન શાન્ત પાડી સારો ઉપદેશ આપવો, શિખામણ આપવી અને બધા સાથે હીત, મિત અને પ્રિયવચન બોલવાં, કાયાથી માંદા માણસોની સેવા બજાવવી, તેઓને દવા આપી દુઃખમુક્ત કરવાં જોઇએ. અને જો આપણે પૈસાદાર હોઇએ ને આપણી જ જ્ઞાતિના માણસો પૈસેટકે પિડાતા

હોય, કે, અનાજ માટે દુ ખી અવસ્થા ભોગવતા હોય અને આપણે મોજ મઝા કરીએ, એ શુ સારૂ દેખાય ? બહેનો ! તથા બધુઓ ! આપણાથી બની શકે તે પ્રમાણે તેઓની સેવા બજાવવી જ જોઇએ, તેઓનુ દુ ખ જોઇ આપણાથી બેસી ન રહેવાય, તેઓને કઇક પણ મદદ કરવી જોઈએ

જેને જે વખતે જે વસ્તુનો ખપ હોય તેને તે વખતે તે વસ્તુઓ આપવી. ધારો કે કોઇ માણસને અતિશય ભૂખ લાગી છે અને તેને અન્નની જરૂર છે પણ તેને અન્નની ખબર ન પૂછતા તે માણસને કહીએ કે આ કપડા છે તે તમને હુ આપુ છુ કે આ એક ઘરેણુ છે તે તમે ગણો તો વિચાર કરો કે તે વખતે તે વસ્તુઓ શુ તેને પ્રિય લાગશે ? નહિ તેને તો તે વખતે અન્નની જ જરૂર છે એમ જાણી તેને તે વખતે અન્ન આપવુ અને તેનુ પેટ શાન્ત પાડવુ જે અનાથ કીંવા ગરીબ બાળકો હોય, કે બાળ વિધવાઓ દુ ખથી રીબાતી હોય, તો તેને કોઈ સારે માર્ગે લગાડી અનાથાશ્રમમા કે કોઈ આશ્રમોમા તેને મોકલવી જોઇએ વિધવા કઈ આપણી આડ ગડી નથી કે તેને આત્મકલ્યાણથી રોકી, ગૃહનુ કામ કરાવવુ પણ તેને તો ઉલટી બનતી મદદ કરવી જોઇએ. અને કોઇ સારા ઉદ્યમે લગાડવી, અને એમાજ પોતે આનદ માનવો જોઇએ, નહિ કે તેને રીબાતી અને રઝળતી જોવામા આનદ માનવો.

ખાસ કરીને જ્ઞાતિની અદર જે જે અનિષ્ટ રીવાજો ચાલતા હોય તેને બંધ કાઢવા માટે પ્રયત્ન કરવો જોઇએ, એ આપણી મોટામા મોટી ફરજ છે અને એથી આપણા દેશને ઘણો મોટો ફાયદો થશે સમજો કે લગ્ન વખતે ગવાતા કુવચનો અથવા ગાળો દેવાનો રીવાજ હોય તેને કાઢી નાખવો હોય તો બે ચાર જણ એવા નીકળે કે પોતાને ત્યાજ એવો પ્રસગ આવે અને તે પ્રમાણે પોતે ન વર્તે અને કોઇને પણ ન વરતવા દે, તો થોડા દિવસમા એ રિવાજ નીકળી જાય એમા કઈ નવાઈ નથી. અહીંઆ ફક્ત હિંમતનુજ કામ છે ઘણી નાતોમા વરા કરે છે કન્યા વિક્રય, બાળ લગ્ન, વૃદ્ધ વિવાહ વગેરે અનેક અનિષ્ટ રિવાજો ચાલે છે, પણ તેને યોગ્ય રીતે બનતે ઉપાયે પણ કાઢી નાખવા જોઇએ અને આની અદર પુરૂષોએ પણ સારી રીતે સ્ત્રીઓને મદદ કરવી જોઇએ એ રીતે બધી સ્ત્રીઓ પોત પોતાની ફરજો જ્યારે સમજશે, અને પોતાથી બનતી યોજનાઓ કરશે, ત્યારે જ આપણી જ્ઞાતિને સુધરતા તેમ સુખી થતા વાર નહિ લાગે

—કાશ્મીરમા નવા મતદાર પ્રમાણે ૧ કરો- ૧૦ લાખ સ્ત્રીઓને મત આપવાને હક મળશે એટલે આ સખ્યા પુરૂષો કરતા પણ વધી પડશે

—હિંદી સ્ત્રીઓને પુરૂષો જેટલાજ હક મળવા જોઇએ તેમ જણાવનારૂ ડેપ્યુટેશન ઇગ્લાડમા નામદાર હિંદીપ્રધાન મી. મોન્ટેગ્યુ પાસે હિંદીસ્ત્રીઓનુ ડેપ્યુટેશન શ્રીમતી સરોજની નાયડુની આગેવાની નીચે ગયુ હતુ

મેરી સામરવ્હીલ્.

(લે૦—પુરૂષોત્તમ સખારામ-પાઠક.)

ઓગણીસમી સદીમાં ઇગ્લંડ દેશમાં જે કેટલીક વિદુષી સ્ત્રીઓ થઈ, તે સર્વેમાં **મેરી સામરવ્હીલ** પ્રથમ પદ ધરાવે છે. તેણીએ શાસ્ત્રાભ્યાસ કરવાને કેવાં કેવાં દુઃખો સહન કર્યાં તે સમજવાનું અને તેણીની વિદ્યાપ્રીતિનું યથાસ્થિત વર્ણન કરવાનું ધારીયે તો એક સ્વતંત્ર ગ્રંથજ લખવો પડે. પરંતુ તેવું પુસ્તક કોઇ તૈયાર કરે ત્યાંસુધી, "શ્રી સુખ દર્પણ" માં તેણીનું ચરિત્ર ટુંકમાં પ્રસિદ્ધ કરીને વાચકોનો તે વિદુષી સાથે પરિચય કરી આપવો એવો હેતુ છે.

મેરી સામરવ્હીલ્ ઇ. સ. ૧૭૮૦ મા જેડબરો નામના ગામમાં જન્મી. તેનો બાપ મોટો શૂર સિપાઇ હોઇને, એક આરમાર ઉપર મુખ્ય અધિકારી હતો. મેરીની મા પણ ઉંચા ગર્ભ-શ્રીમંત કુળમાં જનમેલી હતી. મેરીના જન્મ પહેલાં કેટલાક દિવસ પૂર્વે મેરીના બાપને નોકરી માટે પરદેશ જવું પડયુ, અને ત્યાંજ ઘણાં વરસો કાઢવા પડયાં. આમ થવાથી મેરીની મા, પ્રસુતિના દિવસ પાસે આવેલા જાણી, પોતાની બેનને ઘેર ગઇ. મેરીનો જન્મ તેની માશીને ઘેર થયો. મેરીની માશીનો વર ડૉક્ટર સામરવ્હીલ મોટો વિદ્વાન્ હતો.

મેરીની મા બહુ ધીરજવાળી ને પ્રસંગાવધાની હતી. અશિક્ષિત સ્ત્રીઓ પ્રમાણે જો કે તે જરા ભોળી હતી, તોપણ તે એક ઘણી ડાહી બાઇ હતી. માનું પ્રસંગાવધાનપણું અને ધૈર્ય મેરીને વારસામા મળેલાં હતા. એક વખત તે ફ્લૉરેન્સ શહેરમાં હતી ત્યારે ત્યાં કૉલેરા ફાટી નિકળ્યો. બધા લોકો જ્યા ત્યા ન્હાસવા મંડયા, પણ મેરીની મા ત્યાંથી હલી નહીં.

પ્રસુતિ પછી કેટલાક મહિનાઓ ઉપર, મેરીની મા પોતાની દીકરીને લઇને દરીઆ કાંઠા ઉપર આવેલા એક ગામડામાં રહેવા ગઇ. મેરીનું બચપણ ગમ્મડવાળ રઝળવામાં જ ગયું. તેને શિક્ષણ કાંઇજ મળ્યું નહિ એમ કહીએ તો પણ ચાલે. હાલ આપણામાં સ્ત્રી શિક્ષણની જેવી અનાસ્થા છે, તેવીજ તે વખતે લગભગ વિલાયતમાં હતી. છોકરીઓને નિશાળમાં મુકતા, પણ જેમતેમ લખતાં વાચતા આવડે એટલે સંપૂર્ણતા થઇ ગણાતી. આ કરતાં વધારે ભણવાની જરૂર નથી એવી સામાન્ય માન્યતા હતી. આ માન્યતા પ્રમાણે પણ મેરીને મળવું જોઇએ તેવું શિક્ષણ મળ્યું નહિ. તેનું શિક્ષણ એટલે જંગલમાં જઇ વનસ્પતિના રોપાઓ એકઠા કરવા: પક્ષીઓના માળા શોધી પાડી ઘેરે લાવી તેમાંના ચમત્કાર જોવા; દરીઆ કાંઠે જઇ અનેક જાતનાં છીપાં ભેગાં કરવાં અને તેમની સાથે રમવું; કોઇ દિવસ પોતાની સુવાની ઓરડીમાંથી બારીની બહાર ઉપર આકાશમાં ચળકતા તારાઓનું નિરીક્ષણ કરવું એ હતુ, જ્યારે આપણે જેને શિક્ષણ કહીએ છીએ તેવું શિક્ષણ તેને મળ્યું નહિ. ઇ. સ. ૧૭૮૯માં તેનો બાપ ઘેર પાછો ફર્યો, ત્યારે તેને આમ જોઇને આશ્ચર્ય થયું. તરતજ તેને નિશાળમાં મુકવાનો નિશ્ચય થયો, ને તે અમલમાં મુકાણો. તે વખતનું શિક્ષણ તે શું ? છોકરાઓ પાસેથી જૉન્સનનો શબ્દકોષ મોંડે કરાવતા. આવી નિશાળમાં મેરી જેવી સ્વચ્છંદી છોકરી તે શું અભ્યાસ કરવાની હતી ? એક આખું વરસ તે નિશાળમાં રહી પણ તે કાંઇ ભણી નહિ. છેવટે છોકરી કાંઇ શીખશે નહિ એમ જાણી માએ તેની નિશાળ છોડાવી. મેરી નિશાળ છોડીને ઘેર આવ્યા પછી તેને લખવા વાંચવા માટે રૂચિ ઉત્પન્ન થઇ. પશુપક્ષી ને વનસ્પતિના ચમત્કારો અને તેમની ટેવો ઇત્યાદિ વિષે જ્ઞાન મેળવવું

જરૂરનું છે, એમ ધારીને તેણીએ એવું જ્ઞાન આપનારાં પુસ્તકો વાંચવા તરફ પોતાનું મન ચોંટાડ્યું. ઉપરાંત તેને શેક્સપિઅરનું એક જુનું પુસ્તક જડયું તે જાળવી રાખીને વાંચવાનો આરંભ કર્યો. જરાક ફુરસદ મળે કે તુર્ત ક્યાંક એકાંતમાં જઇ તે વાંચવા બેસતી. થોડાક દિવસો પછી મેરીની મા સ્કોટલંડની રાજધાની એડિન્બરોમાં જઇને રહી. ત્યાં મેરીને સંગીતનો અભ્યાસ કરવાની જે રૂચિ થઇ તે ૯૨ વરસની ડોશી થઇ ત્યાં સુધી તેને રહી! મેરી ચૌદ વરસની થઇ ત્યાં સુધી અભ્યાસ કરવા માટે કોઇએ તેને ઉત્તેજન આપ્યું નહિ. ચૌદ વરસની થઇ ત્યારે તે પોતાની માશીને મળવાને ગઇ, એ તેનું સુભાગ્ય નીવડયું, તેની માશી તેને ઘણીજ ચાહતી. અને તેણીનો વર મોટો વિદ્વાન્ હતો. તેમને ઘેર જતાંજ મેરીએ લૅટિન ભાષા શિખવાની પોતાની ઇચ્છા દર્શાવી, તેમજ તે શું શું ભણી હતી તે બધું કહ્યું. ડૉક્ટર સોમરવ્હીલ સ્ત્રી શિક્ષણનો હિમાયતી હોવાથી મેરીની ઇચ્છા જોતાંજ તેને દરેક મદદ કરવાનું કબુલ કર્યું. એટલુંજ નહિ, પરંતુ પ્રાચીનકાળની વિદુષીઓના દાખલા આપી, પોતાનો અભ્યાસક્રમ ચાલુ રાખવાને તેને ઘણું ઉત્તેજન આપ્યું. વ્હર્જીલ નામનો એક પ્રાચીન લૅટિન કવિ થઇ ગયો. તેના ગ્રંથો હમેશ બે કલાક તે તેને શિખવતો; મેરીએ તેજ વખતે કેવળ સ્વપ્રયત્નથી ગ્રીક ભાષામાંથી ઇતિહાસાદિ પુસ્તકો વાંચી શકાય એટલું તે ભાષાનું જ્ઞાન સંપાદન કર્યું, અને પછી તો બધા કવિઓનો આશય સમજાય એટલો તે તે ભાષાઓનો તેણીએ અભ્યાસ કર્યો. તેનામાં એક વિલક્ષણ ગુણ એ હતો કે તેની બુદ્ધિ જોઇએ તે વિષયમાં ઊંડી ઉતરીને તે વિષય પૂર્ણતઃ પોતાનો કરી લેતી. ટુંકમાં એવી એક કલા કે એવું એક શાસ્ત્ર નહોતું કે જેમાં મેરીએ પ્રવેશ કર્યો નહિ હોય. એડિન્બરોમાં ન્યાસ્મિથ નામના એક સુપ્રસિદ્ધ ચિત્રકાર પાસે તેણીએ ચિત્રકલાનો અભ્યાસ કર્યો અને તેની પાસેથી "અદ્યાપિ મને એટલી વિશાળ બુદ્ધિનો વિદ્યાર્થી કે વિદ્યાર્થીની મળી નહોતી" એવું કહેવરાવી લીધું. સંગીત–વિદ્યામાં તથા વનસ્પતિ શાસ્ત્રમાં તેની ગતિ એવીજ હતી. વિદ્વાન્ લોકોમાં તેણીનું નામ અજરામર થયું છે. વળી જ્યોતિઃશાસ્ત્ર સાથે સંબંધ ધરાવનારા ગણિતજ્ઞાનનો અભ્યાસ પણ તેનો ઘણો ઉંચો હતો. તેણીએ ખગોલવિદ્યા, ભૂશાસ્ત્ર, ને સૂક્ષ્મદર્શક યંત્ર શાસ્ત્ર વિગેરે શાસ્ત્રો ઉપર ગ્રંથો લખ્યા છે. સ્ત્રી શિક્ષણના વિરોધીઓ હમેશ એમ કહે છે, કે સ્ત્રીઓ જો શિક્ષણ લેવાના ફંદમાં પડી તો 'ગૃહ' અને 'સંસાર' એ બે શબ્દો આપણી ભાષામાંથી ગયાજ એમ સમજવું. તેઓ પછી સંસાર કેમ કરવો, છોકરાંઓનું સંગોપન કેમ કરવું, રસોઇ કેમ કરવી વિગેરે વાતો સમજશેજ નહિ. આ માન્યતા જુઠી પડે છે. કેમકે મેરી સોમરવ્હીલ જેવી જે કેટલીક સ્ત્રીઓ *ઇંગ્લંડ, ફ્રાન્સ, અમેરિકા ઇત્યાદિ દેશોમાં થઇ ગઇ છે, તેમનું ચરિત્ર વાંચીએ તો સ્ત્રીશિક્ષણના* વિરોધિઓનાં આવાં વિધાનોને તેઓ તેમની સ્વાર્થાંધતા, કુશ્ચાહ ને મૂર્ખપણું બનાવી આપે છે એવું સ્પષ્ટ દેખાય છે.

મેરી સોમરવ્હીલ્ સંસારમાં અતિશય દક્ષ ને ચતુર હોઇને શિવણકામમાં ઘણીજ કુશળ હતી. અનેક જાતનાં પક્વાનો–પાક કરવામાં તે એટલી હોંશિયાર હતી કે જે જોઇને કેટલાકોને નવાઇ લાગતી. ઉત્તર ધ્રુવ તરફ શોધ કરવાને જનારા વહાણને પુરો પડે એટલો મુરબ્બો તેણે એક વખત બનાવી આપ્યો હતો. તે ગૃહિણી તથા મિત્ર તરીકે ઘણીજ પ્રેમાળ હતી. તે પોતાનાં છોકરાંને શિક્ષણ આપવામાં પોતાનો ઘણો ભાગ વગર વિતાડતી. પક્ષીઓનો તેને ખુબજ શોખ હતો.

શસ્ત્રાભ્યાસની શોખીન હતી, જતાં જીવતાં પશુપક્ષીઓને વિના અપરાધે મારીને જ્ઞાન મેળવવું તેને બિલકુલ પસંદ નહોતું. પોતાની માનિતી ચકલીને ખભા ઉપર બેસાડીને પોતાનું ગ્રંથ લેખન તે કરતી.

સને ૧૮૦૪ માં મેરીએ સામુએલ ગ્રીગ નામના ગૃહસ્થ સાથે લગ્ન કર્યું. પણ આ વિવાહથી તેને થવું જોઇએ તેવું સુખ થયું નહિ. ગ્રીગસાહેબ વિવાહ પછી ત્રણજ વરસ જીવ્યા હતા. આ ગૃહસ્થ સ્ત્રી શિક્ષણના વિરોધી હતા. અખિલ સ્ત્રીજાતિના બુદ્ધિસામર્થ્ય વિષે તેમનો અભિપ્રાય ઘણો ખરાબ હતો. અર્થાત્ આ ગૃહસ્થને કાંઇ પણ શાસ્ત્રનું જ્ઞાન નહતું, ને વિદ્યા માટે અભિરૂચિ પણ નહતી. લગ્ન થયા પછી ગ્રીગ સાહેબ ગુજરી ગયા ત્યારે મેરી ૨૭ વરસની હતી. તેને બે છોકરાં હતાં. પતિના ગુજરી જવા પછી, છોકરાંને લઇને તે પોતાના બાપને ઘેર જઇને રહી. ત્યાં તે ગણિતનો અભ્યાસ જોસથી કરવા લાગી એડિનબરો યુનિવર્સિટીના અધ્યાપક વૉલેસ પાસે શિક્ષણ મળવાથી તેને ઘણો ફાયદો થયો. એ બધુ તો ઠીક, પણ ઘરનાં બધાં માણસો તેનાં આવા વિચિત્ર સ્વભાવ માટે મેણાં મારતા. ઘરમા કામ ધંધો કરતી હોય ત્યારે અથવા તો ચાર જણીઓ એકઠી મળી હોય ત્યારે, એકબીજાનાં વર્તન ઉપર, પોશાક ઉપર, દાગીના ઉપર ટીકા કરવાનું સાર્વજનિક કામ છોડીને તે આવા વિદ્યા પ્રાપ્તિનો ઉદ્યોગ કરવા લાગી, ત્યારે બધાં-ઓની દૃષ્ટિએ તે વિચિત્ર કેમ ન દેખાય? બૈરાંઓનું કામ, એટલે પ્રપંચનું કામ મનાતું હોય, ને તે થઇ રહ્યા પછી ફુરસદ મળે ત્યારે મોટા મોટા વિષયો ઉપર ગપ્પા મારવા કે બહુ થાય તો, ધણીની કમાઇનું પ્રદર્શન કરવાને દાગીના પહેરી સફરમાં જોડાવું! એ બધું મૂકી દઇને વિદ્યાભ્યાસ જેવા નકામા કામમાં વખત ગુમાવવા લાગી ત્યારે લોકોએ શા માટે તેની નિંદા ન કરવી?

તો પણ તે જે કરે છે તે સારૂં છે એમ કહેનારા કોઇજ નહતાં એમ નથી. તેની માશી, માશો, ને માશીનો દિકરો તેની તરફેણમાં હોઇને તેણીએ સ્વીકારેલા કાર્ય માટે તેઓ વખતો વખત તેને ઉત્તેજન આપતા. સને ૧૮૧૨ માં તેણીએ પોતાના માશીના દિકરા સાથે વિવાહ કર્યો. પોતાની પત્નીની વિદ્વત્તા ને બુદ્ધિમત્તા માટે તેને કેટલું વિલક્ષણ અભિમાન હતું તે કહેવાની જરૂર નથી, ને તે અભિમાન છેવટની ઘડી સુધી એટલે લગ્ન થયા પછી ૫૦ વરસ સુધી એમને એમ કાયમ રહ્યું. તેનો ધણી પોતે વિદ્વાન્, શોધક ને વિદ્યાની કદર કરવાવાળો હતો. તે તેણીને હમેશ ઉત્તેજન આપતો અને જે જે રીતિએ તેની બુદ્ધિમત્તા ને વિદ્વત્તાનો ઉપયોગ થાય તે તે રીતિઓ શોધી કાઢવામા ઘણી સાવચેતી રાખતો; અને તેમ કરવામાં તેને ઘણોજ આનંદ થતો. તે પોતે ડૉક્ટર હતો. એટલે શસ્ત્રાભ્યાસની ને શોધોની તેને અભિરૂચિ હતી. તેનું પોતાનુ મન બહુ મોટું ને સુશિક્ષિત હતું જેથી, પોતાની પત્નીને તેણીના માનીતા વિષયમાં મદદ કરવાથી તેને આનંદ થતો. તે માગે તે પુસ્તકો લાવવાને ગ્રંથાલયો શોધતો ને તેને પુસ્તકો પુરાં પાડતો. મેરી સોમરવીલના શાસ્ત્રાભ્યાસની અને તેણીએ લખેલા ગ્રંથોની કીર્તિ જ્યારે ચોતરફ પથરાઈ, ત્યારે તેણીના મોસાળનાં લોકો તેનો જયજયકાર કરવા લાગ્યા; પણ તેઓની સ્તુતિની કિંમત શું તથા પોતાના ધણીની સ્તુતિની કિંમત શું, તે તેણી સારી રીતે જાણતી હતી. તેણીએ આ વિષે લખ્યું છે કે—"મને ગ્રંથ-કર્તૃત્વમાં યશ મળેલો જોઇ મારા પતિને જે ખરે-ખરો આનંદ થયો, તેનો દશ હજારમો અંશ એકને પણ થઈ શકે નહિં."

"વિશ્વયંત્રની વ્યવસ્થા" નામનો ગ્રંથ લખવામાં તેને એટલાં બધાં સંકટો ખમવા પડ્યા

કે ગ્રંથ પુરો કરવાને તેને એક વરસ લાગ્યું. તે ગ્રંથ પ્રસિદ્ધ થતાંજ શાસ્ત્રીઓમાં ને પ્રયોગોમાં તેને ઉચ્ચ સ્થાન મળ્યું અને તેની દિગંત કીર્તિ થઇ. 'જ્યોતિર્વિદ્યાપરિષદ્' ના સભાસદ થવાનું માન તેને મળ્યું. રાજપરિષદે તેનું પુતળું ઉભું કરી પોતાના દિવાનખાનામાં રાખ્યું અને ડબ્લિનની રાજસભાના સભાસદ થવાનું માન તેને આપવામાં આવ્યું. સને ૧૮૩૫ માં સર રૉબર્ટ પીલ નામના પ્રધાને તેને રૂ. ૩૦૦૦ નું વર્ષાસન બાંધી આપ્યું ને એ વર્ષાસન થોડા દિવસો પછી રૂ. ૪૫૦૦ નું કરવામાં આવ્યું.

મેરી સોમરવીલ સ્ત્રીસ્વાતંત્ર્યની હીમાયતી હતી. સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને ઉપાય તરીકે જે જે વાતો આગળ આવતી તેઓ બધીને આગળ ધકેલવામાં તે ઘણી ઉત્સુક હતી. તે નાની હતી ત્યારથી તેને એમ લાગતું કે પોતાની બહેનોના ભલા માટે ખૂબ મહેનત કરવી. તે એક ઠેકાણે લખે છે કે – મેં જે જે કામો કર્યાં તેમાં પૈસા મેળવવાની મને બિલકુલ દરકાર ન હતી. કોઇ એક વિષયમાં નૈપુણ્ય મેળવવું એજ મારી મહત્વાકાંક્ષા હતી. મને એમ લાગતું કે સ્ત્રીઓની પદ્ધતિ જે સ્થળે હાલ છે તે ઘણી નીચી છે. તે કરતાં કેટલાં બધાં ઉચ્ચ સ્થાન માટે તેઓ યોગ્ય છે. તેઓમાં ઘણી કર્તૃત્વ શક્તિ હોઇને તે વ્યર્થ જાય છે. સ્ત્રીઓના હક્કની તે એક પુરી હિમાયતી હતી.

સ્ત્રીઓના પ્રસિદ્ધ હિમાયતી જોન સ્ટુઅર્ટ મિલ પાર્લામેંટમાં મુખત્યાર મોકલવાના અધિકારથી થતા ફાયદા તથા સંરક્ષણ સ્ત્રીઓને મેળવી આપવા પ્રયત્નો કરતા હતા ત્યારે તેને મેરી સોમરવીલની ઘણીજ મદદ મળી. ઈંગ્લાંડમાં સ્ત્રીઓ વિષેના કાયદા ગેરવાજબી છે ને સ્ત્રીઓએ ચુંટી કાઢેલા મુખત્યાર પાર્લામેંટમાં ગયા વિના તે કાયદામાં સુધારો થશે નહિ એવો તેનો મત હતો. સને ૧૮૬૮ માં સ્ત્રીઓને પાર્લામેંટમાં મુખત્યાર મોકલવાનો અધિકાર મળવા માટે જે અરજી કરવામાં આવી તેમાં પહેલી સહી કરનાર મેરી સોમરવીલ હતી. તેમજ સ્ત્રીઓને લંડન યુનિવર્સિટિની પદવીઓ આપવા માટે જે પહેલી અરજી થઇ તેમાં પણ તેનો હાથ હતો. તે વખતે બીજી અરજીને અનુકૂળ ઠરાવ થયો નહિ પણ થોડાં વરસો પછી તે થયો. તેજ પ્રમાણે સ્ત્રીઓને કૉલેજશિક્ષણ મળવા માટે કૉલેજ સ્થાપવાની હીલચાલ શરૂ થઇ ત્યારે સ્થાપવામાં આવેલી ગર્ટન કૉલેજ (સ્ત્રીઓની કૉલેજ) ને તેઓએ પોતનો પુસ્તક સંગ્રહ અર્પણ કર્યો. નમ્રતે દાખલ થતી જોઇએ તથા વિકારને વિચારનો યોગ્ય વિકાસ થયો હોય તો પૂર્ણત્વ કઇ રીતે પ્રાપ્ત થાય છે એ વાત તે કૉલેજની વિદ્યાર્થીનીઓના સ્મરણમાં નિરંતર રહે તે માટે મેરી સોમરવીલનું એક પુતળું પણ તે કૉલેજમાં રાખ્યું છે.

વિશ્વયંત્રની પરચના લખ્યા પછી ભૌતિક પદાર્થ શાસ્ત્રોનો સંબંધ, 'ભૂવર્ણન', 'અણુ ને વ્યાસ' ને 'સૂક્ષ્મ દર્શન શાસ્ત્ર' એવા ચાર ગ્રંથો મેરી સોમરવીલે લખ્યા. છેવટનું પુસ્તક તેણીએ ૮૦ વરસની હતી ત્યારે લખીને પુરૂં કર્યું. તેની બુદ્ધિ ઘણાં વરસો સુધી તેજસ્વી ને જાગૃત હતી ને શરીરશક્તિ પણ તેવીજ હતી. બુદ્ધિ શ્રમ કરવાથી સ્ત્રીઓનું શરીર ક્ષીણ થાય છે એમ કહેનારાઓનું કહેવું ખોટું છે એવું સાબીત કરનારો તેનો આ દાખલો છે. છેવટની ઘડી સુધી તે શ્રમ કરતી હતી. ગણિત વિષય સંબંધી જેવા ગહન વિષય ઉપર તેણે એક ગ્રંથ લખ્યો હતો. તેની આવૃત્તિ કરીને તપાસવાનું કામ મરવાને દિવસે તેઓએ કર્યું હતું. ૧૮૭૨ માં તે મરણ પામી.*

---

* સ્વર્ગસ્થ હરિનારાયણ આપટેની વ્યાખ્યાન ઉપરથી આ નોટ ઉતારી છે. લેખક

યમરાજઃ—ચિન્તાતુર ન થા પુત્રી ! તારા સ્વામીએ સદાકાળ પોતાના કર્તવ્યનું પાલન કીધું છું, તેથી તેનો આત્મા સ્વર્ગમાંજ જશે. તું અસંભવિત માગણી શા માટે કરે છે ? તારા પતિના સદ્‌ગુણોનું સ્મરણ કર, તેમજ સાસુસસરાની સેવા કરી તારૂં બાકીનું આયુષ્ય વિતાડ. જા પુત્રી !

(એમ કહી યમરાજ ચાલવા માંડે છે)

સાવિત્રી.—(યમરાજની પાછળ જતાં) એટલી દયા ન કરો યમદેવ !

યમરાજ.—સાવિત્રી ! મિથ્યા પ્રયત્ન કરવાથી શો લાભ ? તારા કહેવા પ્રમાણેજો હું અને મારા દૂતો દયા કર્યા કરીએ તો આ સંસારમાં કોઈ મનુષ્ય મરેજ નહિ. તું તો સમજુ છે સાવિત્રી ! જા પાછી ફર અને તારા પતિની મરણક્રિયા કર.

સાવિત્રી.—દેવ ! આપ સ્વયં ધર્મરાજ છો, તો મને ધર્મથી ચલિત થવાની સલાહ કેમ આપો છો ?

યમરાજઃ—ધર્મથી ચલિત થવાની !

સાવિત્રી—હા દેવ, ધર્મથી ચલિત થવાની. જ્યાં મારા પતિ જાય ત્યાં મારે જવું એ મારો ધર્મ નથી શું ? તમે કેમ ભુલો છો ધર્મરાજ ? મેં આ સંસારમાં સર્વકાળ મારા વડીલોની સેવા કીધી છે, મારા પતિમાં મારો અખંડ પ્રેમ રોપ્યો છે અને તેમના સુખ અને દીર્ઘાયુષ્ય માટે અનેક કઠીન વ્રતો કીધાં છે. તો મારા એ કર્મોના પુણ્ય સંચયથી મને આપ પાછળ આવતી અટકાવી શકશો નહિ.

યમરાજ—(વિચાર કરીને) સતી ! તારાં પુણ્યકર્મોએ તને એ બળ અપાવ્યું છે ખરૂં, પણ મારી પાછળ આવવાથી શો ફાયદો થનાર છે ?

સાવિત્રી:—ન પૂછો યમરાજ ! ફાયદો ન પૂછો. પતિનો સહવાસ એ અનુપમ સુખ છે. બસ, હું તો પાછળ આવીશજ. તમે જ્યાં મારા સ્વામીને લઇ જશો ત્યાં હું પણ જઇશ જેની સાથે સાત પગલાં ચાલ્યાં હોય તેને મહાત્મા પુરૂષો મિત્ર ગણે છે, તો હું આપને મિત્રરૂપ ગણી વિનતી કરૂં છું દેવ ! કે મને મારા ધર્મથી ડગાવવા યત્ન ન કરશો. મારી સ્વામીભક્તિનો પ્રકાશ લેશમાત્ર પણ ઝાંખો કરી નાંખવાની કૃપા કરી મને સલાહ ન આપશો. મૃત્યુ દેવ ! આ સંસારમાં "ધર્મ" એજ સર્વસ્વ છે. ધર્મ વડેજ સર્વ પ્રાપ્ત થાય છે. મને મારા પ્રાણનાથ આપો. તેમની સહચારિણી બની હું ગૃહસ્થાશ્રમમાંનો મારો ધર્મ પૂર્ણ કરીશ. મારા સ્વામીનાથને હરી લઇ મને ધર્મભંગ ન કરો.

યમરાજ—સાવિત્રી ! તારા આ સત્ય જ્ઞાન અને શુધ્ધ વાણીથી હું ખરેખર પ્રસન્ન થયો છું. મારા પુત્રી ! તારા પતિના જીવતદાન સિવાય બીજું જે કંઇ વરદાન તારે માગવું હોય તે માગ. હું તને તે આપીશ.

સાવિત્રી:—(મનમાં) યમદેવ ! પતિના આયુષ્ય સિવાય બીજું માગવાનું કહે છે તે માગું ? હા, તેમાં શો વાંધો છે ? તેથી મારી પતિભક્તિ જરા પણ ઓછી થવાની નથી (પ્રકટ) અરે ધર્મરાજ ! જો આપ પ્રસન્ન થઇ વરદાન જ આપતા હો તો આપો કે મારા સસરા જે અંધ છે તે દેખતા થાય અને સૂર્યસમા તેજવાન થાય.

યમરાજ:—જા પુત્રી ! તારા સસરા આ ક્ષણથી દેખતા થશે, એ મારૂં વરદાન છે. તું ઘણી થાકી ગઇ હોય તેમ જણાય છે, માટે હવે પાછી વળ.

(યમરાજ આગળ જાય છે. પણ સાવિત્રી પાછી ન ફરતાં તેની પાછળ અરણ્ય અગ્નિ, અગ્નિકુંડ, પર્વતો આદિ વટતી જાય છે ને યમરાજ પાસેથી શ્વસુરનું રાજ્ય પુનઃ પ્રાપ્ત થવા, ને પોતાની માતાને સો પુત્ર પ્રાપ્ત થવાના વરદાન મેળવી અને પોતાને એક પ્રતાપી પુત્ર થવાનું વરદાન મેળવે છે તે પછી યમરાજ તેને પાછી ફરવાનું કહી આગળ ચાલવા જાય છે એટલામાં તે બોલે છે.

સાવિત્રી—ઉભા રહો, દેવ ! ઉભા રહો, ક્યાં જાઓ છો ?

યમરાજ.—ના સાવિત્રી ! હવે હું ઉભો રહી શકીશ નહિ. તું જબરી હઠીલી છે. કાંઇ કાલુઘેલું બોલી મારી પાસેથી વળી કાંઇક માગી લેવાની મરજી રાખતી હઇશ.

સાવિત્રી—ના દેવ ! ના, પણ મને એક વાતનો ઉત્તર દેતા જાઓ એટલે બસ.

યમરાજ:—શી વાતનો ?

સાવિત્રી:—ભગવાન્ ! સંસાર જેને "ધર્મરાજ" ને નામે ઓળખે છે તે આપજ છો શું ?

યમરાજ:—(હસીને) તેમાં વળી શંકા શી ? પુત્રી ! તારા જેવી સતી સ્ત્રી એવો પ્રશ્ન કરે એ નવાઇ જેવું છે. એવો પ્રશ્ન કેમ પૂછવો પડયો સાવિત્રી ?

સાવિત્રી.—એટલા માટે કે આપ ધર્મરાજ થઇ બીજાઓને અધર્મ કરવાની સલાહ આપ્યા કરો છો.

યમરાજ.—અધર્મ ? કેવી અસંભવિત વાત છે ? સાવિત્રી ! હું એવી સલાહ કોઇ કાળે આપું ?

સાવિત્રી:—મને હમણા આપીને ભગવન્ !

યમરાજ:—તને !

સાવિત્રી:—હા મને. એ સલાહ આપી મને પાંચમુ વરદાન આપવા માટે પણ તમે તમારી મેળેજ બંધાઇ ગયા.

યમરાજ:—આ તું શું કહે છે સાવિત્રી ? લાંબી વાત ન કર. જે હોય તે કહી દે. મને જવાની વાર થાય છે. હું નવરો નથી.

સાવિત્રી:—દેવ ! તમેજ મને હમણાં વર આપ્યોને કે હું એક પ્રતાપી પુત્રની માતા થાઉં !

યમરાજ.—હા.

સાવિત્રી:—પણ પતિને પૂન. મેળવ્યા વિના કે અધમ ને માર્ગે ગયા વિના શું મને કદાપિ પણ પુત્રની પ્રાપ્તિ થઇ શકે છે ? શું તમે મને અધર્મને માર્ગે જવાનું કહેશો. પિતારૂપ યમરાજ ?

યમરાજ:—કદી નહિ પુત્રી !

સાવિત્રી:—તો મારા પતિનો પ્રાણ આપી દયો મને પાછો. એજ મારૂ પાચમુ વરદાન ગણી લ્યો. આપ્યા વિના આપને છુટકો નથી આપ પોતાની મેળેજ વચનથી બંધાઇ ગયા છો.

યમરાજ:—(ભ્રુજ કચડીને) ના...રાયણ, ના...રાયણ, મને તો એ સ્મરણમાંજ ન રહ્યું. જવાની ઉતાવળમાં તેં જે વરદાન માગ્યુ તે આપી દીધુ. હવે શુ કરૂં ! નિરૂપાય, હવે તારા પતિનો પ્રાણ પાછો આપ્યા વિના છુટકો નથી. સાવિત્રી ! મહાશક્તિશાલિની સાવિત્રી ! તારા જેવી મહા સતી શુ ન કરી શકે ? સ્વયં નારાયણ પણ તને નમતું દઇ દ્યે, તો હું શા લેખામાં ? સાવિત્રી ! સાવિત્રી ! દેવીરૂપ સન્નારી ! તારી શક્તિ કેટલી છે તેનો તોલ મારાથી થઇ શકે એમ નથી મેં તારી ઘણી પરીક્ષા કરી, તને ઘણી સમજાવી. પણ પતિભક્તિમાં તું અડગજ રહી.

આવ, દેવી ! આવ, આ દીવ્ય ભૂમિમાં પ્રવેશ કર અને તારા પદની પરમ પવિત્ર અને પુનિત રેણુથી એ ભૂમિને પાવન કર આવ પુત્રી ! (સ્વર્ગભૂમિમાં સૌ પ્રવેશ કરે છે)

યમરાજ.—જો પુત્રી ! અમારા જેને સ્વર્ગને નામે ઓળખે છે તે આ જમિ આ ભૂમિ મહા-પવિત્રી ગણાય છે, પણ હું માનું છું કે ખરેખરી પવિત્ર તો તે આજેજ તારા ચરણની ધૂળથી થઇ છે સાવિત્રી ! સાવિત્રી ! તું અન્ય કોઇ નહિ, પણ સ્વયં સાવિત્રી દેવીનો અવતાર છો મહાદેવી ! જગતની સર્વથી શ્રેષ્ઠ શક્તિ ! તને મારા વારંવાર પ્રણામ છે (પ્રણામ કરે છે)

સાવિત્રી—ધર્મ દેવ ! આપની કૃપાથીજ મને સર્વ પ્રાપ્ત થયુ છે, તો મને આપ શામાટે પ્રણામ કરો છો ?

યમરાજ—નહિ સાવિત્રી ! તું સર્વથા પ્રણામ કરવા યોગ્ય છે. જો જો, તારા પ્રભાવથી આ ભૂમિ આજ વિશેષ શોભાયમાન અને પ્રકાશવતી દેખાય છે. સાવિત્રી ! સાવિત્રી ! બ્રહ્માંડમાં જ્યા સુધી સૂર્ય અને ચન્દ્ર ઝળહળશે ત્યા સુધી તારૂ નામ સમસ્ત સંસારમા ગવાતુ રહેશે ભાર તની સ્ત્રીઓ તારા પુનિત નામનુ સ્મરણ કરી કરીને ધર્મને માર્ગે ચાલતા શીખશે સકલ સંસારના મનુષ્યો તારી આ શક્તિની પ્રશંસા કરશે. યુગે યુગે તારૂ નામ એક સરખુ પ્રકાશવંત રહેશે ગૃહે ગૃહે તારી પતિભક્તિની પવિત્ર જ્યોતિ ઝળહળતી રહેશે ખરે ખરે અને દેશેદેશ તારા આ અપૂર્વ કામની ગાથા ગવાતી રહેશે આજ તે ભારતવર્ષની સ્ત્રીઓનુ ગૌરવ પરાકાષ્ઠાએ પહોંચાડયુ છે ભારતના ઇતિહાસમા તારો સ્ત્રી ધર્મ અને તારૂ કર્ત્તવ્યપાલન સુવર્ણાક્ષરે લખાઇ રહેશે સાવિત્રી !

સાવિત્રી—દેવ ! પ્રશંસા ન કરો, હું માત્ર પામર પ્રાણી છું. પણ મને સંતોષ માત્ર એટલોજ છે કે આ સંસારમાં મે સદાકાળ મારૂ કર્ત્તવ્ય પરીપૂર્ણ કીધુ છે અને પરિણામે આપની કૃપાનો પ્રસાદ પ્રાપ્ત કરી મારા પતિદેવને પુન પ્રાપ્ત કરવા શક્તિવાન થઇ છુ.

યમરાજ—સાવિત્રી ! આજનો દિવસ અતી પવિત્ર છે. આજ જ્યેષ્ટ માસની કૃષ્ણ ચતુર્દશી છે, આજ ગૌરવપૂર્ણ દિવસ ભારતની સ્ત્રીઓ માટે પરમ પુણ્યભર્યો ગણાશે. પ્રતિ વર્ષે આજની તિથિએ જે સ્ત્રીઓ તારે નામે વ્રત કરશે તે પોતાના પતિના સુખ અને દીર્ઘાયુષ્યમાં વધારો કરશે મારા હૃદયનો ઉમળકો આ વરદાન મારી પાસે ઉચરાવે છે આ લે પુત્રી ! તારા પતિના પ્રાણને પાશમાંથી મુક્ત કરૂં છું. તું જા, જે સ્થળે તારા પતિનુ શરીર પડયુ છે તે સ્થળે જા, ત્યા જઇ તું તારો હાથ લગાડીશ કે તરતજ તે નિર્જીવ દેહમા પ્રાણનો પ્રવેશ થશે અને તારો પતિ તને મળશે

સાવિત્રી—પ્રણામ, ધર્મરાજ ! પ્રણામ આપનો સદા જય થાઓ

તાત્કાળીક બાસુંદી બનાવવાની રીત—૧ શેર દુધ લઇ ચુલે એક કડાઇમા મુકવું. તેનો એક ઉભરો આવવા દઈ પછી ૫ ભાર સાકર નાખવી અને તે પછી તુર્ત તેમાં ઉચા સાલમનો ભુકો જે બારીક ખાંડી કપડાંથી ચાળી રાખેલ હોય તે રૂા. ૦ાા ભાર તેમાં નાંખી દેવો પછી થોડી વાર ચમચા વતી હલાવ્યા કરવું એટલે થોડી વારમાં ઘટ થઈ જશે, પછી ઉતારી નાખી તેમા જોઈતાં ચારોળી પીસ્તા જાયફળ એલાયચી ઉપર ભભરાવી દેવા. (કાશીબેન ડાહ્યાભાઇ.)

સ્ત્રી વર્ગ.

(લે૦ નાનાલાલ દલપતરામ કવી)

કહે છે કે સ્ત્રીવર્ગમા ક્ષય, સુવારોગ ને હિસ્ટિરિયાના દર્દો વધ્યા છે ડાક્તરો ને વૈદ્યરાજો આંકડાવાર પૂરાવો તો આપી શકે

ક્ષયનુ બીજુ નામ રાજરોગ છે, ને એ ફેફસાની નબળાઈનો રોગ છે સુવારોગ તે અસાવધાનતાથી થયેલી સુવાવડમાથી જન્મતો એક જાતનો ક્ષય છે હિસ્ટિરિયા તે જ્ઞાનતન્તુઓની નબળાઇનુ દર્દ છે

સ્ત્રીવર્ગને ઘરસસારી કામમા અનાયાસે જ જે કસરત મળતી ત્હેના ચોથા ભાગની પણ કસરત હવે નથી રહી

પનિહારીના ગીત આજના કવિયો યે ગાય છે ને રસિકોને રૂચે છે કન્યાશાળામા ગરબીઓ સાથે આ વેશ હજી યે ભજવાય છે પણ શહેરોની ગોરીઓમાં એ કવિતા ને એ કસરત અલોપ થઇ છે એને માટે વૉટરવર્ક્સ જવાબદાર છે અમદાવાદ જ્હારે પાચ કૂવાનુ પાણી પીતુ ત્હારે કેટલે દૂરથી જળબેડુ સ્ત્રીવર્ગ ભરી લાવતો? અને એક ભરેલુ બેડુ એટલે કેટલો ભાર? પાકો મણ—દોઢ મણ આશરે મણોમણનો ભાર ઉપાડી કોઇ વખત પણ ચાલ્યા છો? તેર—ચૌદ ઔંસના રૅકેટથી ટેનિસ રમતા કરતા એ કસરત ઓછી ન હતી

સ્ત્રીવર્ગમાં કેટલીકને માટે ટેનિસ ક્લબો થઇ છે જેટલી સ્ત્રીઓની ક્સરત ગઇ એ તેટલી સઘળીને માટે ટેનિસ ક્લબો સ્થાપવા પ્રયત્ન થયા છે? ને સ્થાપી શકશે? આપણા સસારમા નવી ક્સરતો ને વિનોદો આવતા નથી ને વૃદ્ધ નરનારની પેઠે જૂના જાય છે

કૂવાને કાંઠે પાણી સીંચનારીના અંગહિલોળ નિરખનારે એ તો દીઠુ જ હશે કે, એથી આખા યે શરીરને ક્સરત મળે છે સૅન્ડોની 'ચેસ્ટ એક્સપાન્ડર્સ' ની ક્સરત કરનારા નરનારને કોઇ પૂછશો કે પાણી સીંચવામા એથી ભિન્ન પ્રકારનો ક્સરતનો સિદ્ધાન્ત હતો? જેટલી સ્ત્રીઓનુ પાણી સિંચન ગયુ છે એટલી બાનુઓને ત્હેના 'ચેસ્ટ એક્સપાન્ડર્સ' પ્રજાનાયકોએ આપેલા દીઠા છે? આપણા સસારમાથી શુ શુ જાય છે ને શુ શુ નથી આવતુ ત્હેના હિસાબ પ્રજાના ખજાનચી પાસેથી માગીએ છીએ ત્હેવા પ્રજાનાયકોએ રાખ્યા તો હશે જ

પોળનો વિશાળ ચોક ને નેવા ઉપરના આભમા ચન્દ્ર કે કની ગરબો ઉપાડનારીઓ પચ્ચીશેક વર્ષ ઉપર સાભળી છે ઉઘાડા આકાશનો માંડવો ગજાવતી ગાતી જતી પાચ વ્હેરડી યોને આઘેથી હજી યે સાભળી છે, અને મુબઇ—અમદાવાદમા પચ્ચાસ બાનુ ઝીલનારીઓની મડળીને એક હોતનો પણ પડઘો ન જગાડતી સાભળી છે પ્હેરોઢિયે પ્રભાતિયા ગવાતા, કે ચકી દળતા સાથે જે ગીત ગવાતા તે હવે શેરીમા કેટલા સભળાય છે? મહાત્મા ગાંધીજીને ચકી દળવાથી 'પ્લૂરસી' નો રોગ મટ્યો ને સદ્‌ગત પઢિયારજી કહેતા હતા કે ક્ષયનો એક અકસીર ઇલાજ ઘટી છે ગરબા, રાસડા, કીર્તન ભજનસરાના ગીત હિન્દનો સ્ત્રીવર્ગ પહેલા ગાતો હતો આજે એથી અડધુ યે ગાય છે? સ્ત્રીવર્ગના ફેફસા ને છાતી તો નબળા પડ્યા છે પણ સમાનગીતશૂન્ય થયો છે

દળવાથી યે ખાંડવુ તો વધારે ઓછુ થયુ છે ધોવાનુ યે ઘટતા ન્હાનકડા મગદળિયાની

કસરત ઘટી ગઇ. ધોવું, દળવું, ખાંડવું, પાણી ભરવું મૂકી દેવાય ત્યારે ગૃહસ્થાઇ ગણાય;આ ભાવના નથી વધી ગઇ ? અને એથી પ્રજામંડળના સ્ત્રીવિભાગને લાભ થયો છે કે હાની !

કામની મહત્તા ભૂલાઇ છે, કુટુંબપોષણ કાજે લેવી જોઇતી જરૂરી મહેનતોમાં ન્હાનમ દેખાય છે; આનાં પરિણામ પ્રજાસંઘને સારાં નજ મળે, ને નથી મળ્યાં.

મન્દિરોમાં દેવદર્શને જવાની રૂઢી સ્ત્રીવર્ગમાંથી ઘટી ગઇ છે એટલો બગીચામાં ફરવા જવાનો શોખ વધ્યો છે? બગીચામાં પ્લેગનો ઉંદર પડ્યો હોય તો ? બગીચો સ્વચ્છ કરાવશો, કે ત્હેનો નિત્યત્યાગ કરશો ? ધર્મમન્દિરોને સ્વચ્છ કરાવવાને બદલે તજી દેવાયાથી કુટુંબોમાંથી ધર્મ ગયો, ક્રમગત ગઇ, ને ઉત્સવના ઉલ્લાસો ગયા. પ્રજાજીવનની દેહ તેમજ આત્માની નવપલ્લવતા ગઇ.

અને સ્ત્રીવર્ગનાં શરીરનો ઘસારો ? અવિભક્ત કુટુંબભાવના ઘટી જુવાનડાઓનાં વિભક્ત કુટુંબો મંડાતાં, લગ્નદશામાંના યે બ્રહ્મચર્યના નિયમો શિથિલ થતાં, આંખની ચટક વધ્યે; વિષયવાસનાનું યે પૂર સંસારમાં ચ્હડતું હોવાથી, સ્ત્રીવર્ગનાં શરીરનો યે ઘસારો વધ્યો છે. કૉલેજના વિદ્યાર્થીમંડળમાં એક વેળા વાર્તાલાપ થતો હતો ત્યહાં જણાયું હતું કે, બાળલગ્નવિવાહિત એક વિદ્યાર્થીને ૧૫ વર્ષના પરણેતર પછી જેટલાં બાળકો હતાં, તેટલાંજ બાળકો પ્રૌઢલગ્નવિવાહિત બીજા વિદ્યાર્થીને ચાર વર્ષના પરણેતર પછી હતા; કારણ એમ છે કે, બાળલગ્નના લગ્ન પછી તરત ઘરવાસ નથી મંડાતો, પણ પ્રૌઢલગ્નમાં તો લગ્નના દિવસથીજ ઘરવાસ મંડાય છે. ખાળ સાચવતાં બારણેથી ઘરમાં સર્પ પેઠા જેવું આપણા સંસારમાં થઇ ગયું છે.

અને સુવાવડોની ક્ષીણતા પાછી પૂરાય છે ? મેથી, ગુંદ, વસાણાં, ઘી વિગેરે પહેલાં ખવાતાં એટલાં હાલ ખવાય છે ? સ્ત્રીવર્ગના જીવનકટોકટીના પ્રસંગોનું યે પોષણ હતું તેટલું નથી રહ્યું.

સ્ત્રીવર્ગમાં ક્ષય, સુવારોગ, હિસ્ટિરિયા વધવાના કારણો આમ આપણા સંસારપરિવર્તને જ આપ્યાં છે. આપણા સમાજનાં પરિવર્તન કઇ દિશામાં વળ્યાં છે, ત્હેના રંગ શા છે, ત્હેની કઇ કલાઓ ઉઘડે છે ને બિડાય છે, આટલે વર્ષે પ્રજાનાયકો થોભશે ? ને એનો સર્વદેશી હિસાબ કરશે ?

મહુ ગતિ તે પ્રગતિ નથી. મહુ ફેરફાર તે સુધારો નથી. આપણે પ્રગતિ ને સુધારો જોઇએ છીએ.

આ લેખવિભાગમાંની હકીકત મુખ્યત્વે મધ્યમ વર્ગ માટેની છે. ગોરાણીઓ કામ કરતી નથી, કે તે વધે ઘટે. ગરીબોની ગરીબાઇ હજી યે, એક કે બીજા રૂપમાં, અંગમહેનત માગી લે છે. રાજરાણીઓ વ્હલોણું વ્હલોવતી; પણ તે હવે લગભગ ગયું છે.

ગૃહસ્થાઇની ખોટી ભાવના આ પરિવર્તનોને માટે ઘણી જવાબદાર છે. એવી ભાવના વિરૂદ્ધ એવા અર્થનું એક ઇંગ્રેજી જોડકણું છે કે, જ્હારે બાવા આદમ ખોદતા-ખેડતા ને બાપા હવા કાંતતાં હતાં, ત્હારે ગૃહસ્થાઇ ક્યહાં હતી ?

સ્ત્રીવર્ગ ! હું ત્હમારાં કામ વધારવા નથી માગતો, કારણકે વહી ગયેલાં ગંગાજળ પાછાં આવતાં નથી. પણ કુટુંબસેવા કાજેની અંગમહેનતની પુનઃપ્રતિષ્ઠા, અને ઘર તથા સંસારમાંથી સુન્દરીઓનાં ગીત ઘટ્યાં છે ત્હેની પુનઃ સ્થાપના તો ઇચ્છુ છું. ત્હમારાં શરીર સુધરે ને સંસારની રસિકતા વધે એ મ્હારી તો વાંછના છે. અનુગતા હોય તો એ અભિલાષ ન પૂરશો.

(નવજીવન)

સ્ત્રીઓના પોશાક.

(લે૦ ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ.)

એક પ્રજાના પોષાકપરથી, તે પ્રજામાં સ્ત્રી પુરુષોની રૂચિ, તેમની સામાન્ય નીતિ અને તેમની રીતભાત જણાઈ આવે છે. આ કારણથી તેમજ આરોગ્યની અને આર્થિક દૃષ્ટિએ આ વિષય ઘણોજ મહત્વનો છે, અને સમજુ સ્ત્રીપુરૂષોએ તે સબંધે વિચાર કરવાની જરૂર છે. એક અમેરિકન પત્રમાં વાજબી રીતે જણાવવામાં આવ્યું છે કે શારીરિક જરૂરીયાતોને અનુસરી ટાઢ ગરમી અને શરદીથી શરીરનું રક્ષણ કરવાની આવશ્યકતા અર્થે પોશાકની અગત્ય તથા ઉત્પત્તિ જણાય છે. શારીરિક સગવડ ઉપરાંત પોશાકમાં, અલંકાર, શોભા, આકર્ષણ આદિ તત્વ છે એ સ્ત્રીપુરૂષોને પછી ધીરે ધીરે જણાવા લાગ્યું, અને પાછળથી દરેક દેશ અને પ્રાંતની દૃષ્ટિએ માનવજાતિના જૂદા જુદા માનસિક અને નૈતિક વિચારો, લાગણીઓ અને ઇચ્છાઓ તથા રાજકીય ફેરફારોની તેનાપર અસર જણાવા લાગી. તેને લીધે પોષાકના અનેક રૂપાંતર થયા છે અને થયે જાય છે. હિંદુસ્થાનમાં, હિંદુસ્થાનના દરેક પ્રાંતમાં પોશાક સબંધે પરિસ્થિતિ તપાસીએ તો આ સત્ય સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

જ્યાં સુધી જગતમાં માનવસ્વભાવ છે ત્યાં સુધી માણસ—સ્ત્રી અગર પુરૂષ—દરેકના મનમાં તે કાર્યની જરૂરીઆત, કાર્યના મહત્વ ઉપરાંત લાગણીનો સબંધ અને બીજા ઉપર અસર કરવાની ઇચ્છાનું અસ્તિત્વ રહે એ નિર્વિવાદ છે. કારણકે દરેકને સુંદર અને આકર્ષક દેખાવાની ને અન્ય મનુષ્યપર છાપ પાડવાની ઇચ્છા સ્વભાવત હોય છે, ને તેથી દરેક સ્ત્રી પુરૂષે, સભ્યતા, પવિત્રતા, નીતિ અને પોતાની સાંસારિક, તેમજ આર્થિક સ્થિતિને લગતા વિચારો ઉપર અંકુશ મૂકવાની જરૂર છે.

દરેક સ્ત્રી પુરૂષ પોતાનું દિલ ચહાય, તેવો પોશાક પહેરે એની હું વિરૂદ્ધ નથી. પણ દરેક સ્ત્રી પુરૂષ પોશાકને લગતી પોતાની ગોઠવણમાં અમુક પોષાક આરોગ્યની દૃષ્ટિએ શરીર સંરક્ષણના નિયમોને અનુસરીને યોગ્ય છે કે કેમ, તે પોષાક મર્યાદાશીલ છે કે કેમ, પોતાની સ્થિતિને અનુસરતો, પોતાની અગર પોતાના કુટુંબની નાણાં સબંધી સ્થિતિને અનુસરતો છે કે કેમ ? તેની તપાસ કરવાની જરૂર છે. પાશ્ચાત્ય પ્રજા અને સાહિત્યના સમાગમમાં આ દેશ આવ્યા પછી તે તરફની પ્રજાઓનું ઘણી બાબતમાં તે અનુકરણ કરે છે, તે પ્રજાની ઉત્તમ ભાવનાઓ અને રીતભાતનું અનુકરણ, અલબત આપણે કરવું જોઈએ. પણ ત્યાંનું બધું જ સારું અને સંપુર્ણ છે એવો વિચાર બાંધતા સાવધ રહેવું ઘટે છે. ખુદ પાશ્ચાત્ય પ્રજાઓ પોતેજ પોતાના પોશાકના રીતભાતથી અસંતુષ્ટ છે એમ તેમના વિચારો ઉપરથી જણાઈ આવે છે. આમ છતાં, આપણા પોશાકમાં તેઓની રીતભાતોનું વગર સમજે અનુકરણ કરવું યોગ્ય હોય એમ હું માનતો નથી.

પોશાકની બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોએ પાશ્ચાત્ય પ્રજાઓનું ઘણું અનુકરણ કર્યું છે. સ્ત્રીઓએ તેઓના પોશાકમાં ઘણું તેમ સીધું અનુકરણ કર્યું નથી પણ યુરોપિયનમાંથી થોડુંક પારસીમાં અને પારસીમાંથી થોડુંક હિંદુઓમાં અનુકરણ થતું આવ્યું છે. ઇગ્લાંડની ફેશનનું નેતા લંડન ગણાય, ફ્રેંચ ફેશનનું નેતા પૅરિસ ગણાય તેમ આ પ્રાંતમાં ફેશનનું નેતા મુંબઈ છે. મુંબઈની આગેવાન કોમોનું ત્યાંની બીજી કોમો અને મહારગામની કોમો અનુકરણ કરે છે. આ અનુકરણ નુકશાનકારક તત્વોથી ન પેસી જાય તે જોવાની ખાસ જરૂર છે.

મારા ધારવા મુજબ મોટાં શહેર સિવાય, ગામડામાં ફેશનની ઘણી જુજ અસર જણાઇ છે. શહેરો તેમ બહારગામ, ગામડાંમાં પોશાકની નિર્લજ્જ, અનારોગ્ય તથા સંરક્ષણને પ્રતિકુળ, દર બહારની ખર્ચાળ ફેશનો મજબૂત પગ પેસારો કરે તે પહેલાં સુગ સ્ત્રી પુરૂષોએ તે સંબંધમા ભયનો પુકાર ઉઠાવીને, દાખલ થએલી તેવી ફેશન, પોશાકની રીતભાત દૂર કરવાની અને જ્યા દાખલ થયેલ ન હોય ત્યાં દાખલ થતાં અટકાવવાની આવશ્યકતા છે.

ફેશનને નામે શરીરને તેમ ઋતુને પ્રતિકુળ, ઘણા તંગ, ઘણાં ઝીણાં, પારદર્શક, નાગ ભાળીયાં, નિર્લજ્જ, અમર્યાદ, તેમજ ફેશનવાળાં ઘણાં જાડાં, ગભરાવી નાંખે તેવાં, અને પોતાની આર્થિક સ્થિતિને બંધ નહિ બેસતાં કપડાં પહેરવાના અનુકરણનો અટકાવ નહિ થાય તો લોકોના આરોગ્યને તેમની આર્થિક સ્થિતિને, લોકોની નીતિને, પવિત્રતાને તેથી થનાર નુકશાન ક્યાં અટકશે એ કહી શકાતું નથી.

સ્ત્રીઓના પોષાક ઐક્યતા.

મર્યાદા, લજ્જા, વિનીતતા એ સ્ત્રીઓનું તેમના લાવણ્યનું પ્રથમ ભૂષણ છે. પોશાકની જે પદ્ધતિઓ ખાસ કરીને પહેરનાર તેમજ પ્રેક્ષકની વૃત્તિઓનું હલકી વાસનાઓનું, આકર્ષણ કરે તેવી પદ્ધતિવાળા પોશાકનો પવિત્ર-મર્યાદશીલ-સભ્ય, વિનીત સ્ત્રીએ ત્યાગ કરવો જોઇએ. તેવા પોશાકની ચેલછા એ નિર્દોષ, મહગુણી પવિત્ર બાળાઓ અને સ્ત્રીઓનું પતન, તથા તેમની અધોગતિ થવાનું એક સાધન છે, એવો ભય પાશ્ચાત્ય દેશોના વિચારકોના મનમાં પણ પેઠો છે આ ભય વ્યાજબી છે. અને તે ભયનું કારણ આપણા સ્ત્રી સમાજમાં દાખલ ન થાય તે માટે દીકરીઓ અને બહેનોના કલ્યાણ માટે લાગણી ધરાવનાર દરેક સ્ત્રી પુરૂષે ઘટતા ઉપાય લેવા જોઇએ છીએ.

જે જે વસ્ત્રાલંકાર અગર વસ્ત્રાલંકારની જે જે પદ્ધતિથી સ્ત્રીની મર્યાદાનો, સ્ત્રીની લજ્જાનો, તેના વિનીતતાનો ભંગ થતો હોય, તેનો ત્યાગ થવો જોઇએ. મર્યાદા, લજ્જા, વિનીતતા એ સ્ત્રીઓનું ભુષણ છે એટલુંજ નહિ પણ સ્ત્રીનું બખ્તર છે. એક વખત આ બખ્તર ફેંકી દેવામાં આવ્યું તો તેનું અપમાન થવાનો-તેના પર હુમલો થવાનો સંભવ રહે છે કેમકે તેથી તેવાં આકર્ષણો વધશે, તે સાથે અપમાન તથા હુમલા સામે બચાવ કરવો મુશ્કેલ થઇ પડશે.

ગુંદરની પુરી બનાવવાની રીત—એક શેર ગુંદર લેવો તેને સુકવી ખુબ ઝીણો ખાંડીને લોટ બનાવવો પછી તેને ઝીણા કપડા વતી ચાળી લેવો ને તેને નવટાંકને આશરે ઘીનું મોણ દેવું. પછી વણી શકાય એવી રીતે ૧॥ પાશેરને આશરે દુધ નાખતા જવું અને કણક બાંધવી; પછી તેના નાના નાના લુવા કરી પુરી વણવી, વણતાં વણતાં જરૂર પડે તો થાળી ઉપર ઘી ચોપડતાં જવું તેથી થાળીની સાથે પુરી ચોટે નહીં. પુરી વણી લીધા પછી નાની કડાઈ પીતળની અગર લોઢાની જેવી હોય તેવી સ્વચ્છ કરીને તેમાં આશરે પોણોશેર ઘી મુકી ધીમે તાપે પુરી તળતાં જવું અને સ્વચ્છ ત્રાસમાં પહોળી કરી ધીમેથી મુકતાં ભુકો ન થાય તેની સંભાળ રાખવી અને દરેક પુરી ઉપર જાયફળ, એલાયચીનું તૈયાર કરી રાખેલ થોડું ચુર્ણ અને ખાંડેલી સાકર ભભરાવવાં. (કાશીબેન ડાહ્યાભાઈ.)

શ્રી શ્રાવિકાભૂષણ.

આ ગ્રંથના દરેક ભાગ દરેક સુજ્ઞ બહેનોએ વાંચવા જોઇએ. તેની અંદર સ્ત્રીઓનું ખરું આભુષણ શુ છે ! એ એટલા વિસ્તારથી સમજાવવામાં આવેલ છે કે જેના વાંચનના પરિણામે, શારીરિક, અને માનસિક ઉન્નતિ થઈ સંસારને સ્વર્ગ સમાન બનાવી શકાય છે. ગ્લેઝ કાગળો–સુંદર છાપણી અને પાકા બાઇન્ડીંગથી સુશોભિત કરવામાં આવેલ છે કીંમત.

ભાગ–૧ લો. ૦–૧૨–૦	ભાગ–૨ જો. ૧–૦–૦
ભાગ–૩ જો. ૧–૦–૦	ભાગ–૪ થો. ૧–૪–૦

જલદી લખો—જૈન જનરલ બુકડેપો ભાવનગર.

ખાસ સ્વદેશી સગવડ.

કેશર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબત્તી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના, સુખડ, અત્તર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વીગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ભાવને માટે પ્રાઇસલીસ્ટ જુઓ. ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.

જુમામસીદ, ન. ૧૨૭ મુબઇ.

કેવળ જીવદયાનો સંદેશો ?

મિત્રો, હીસ્ટિરિયાનું દર્દ જોયુ જાય તેવુ નથી. તેવા જીવોને છોડાવવા, એ પુણ્યનુ કામ છે. એમ ધારી તેમને ખબર આપો કે.

૨૪ કલાકમાં દર્દને શમાવનાર

ર. ન. ૧૬૬

હીસ્ટિરિયા—વાયુમુક્તા.

કી રૂ. ૪–૧૦–૦ પો. જુદુ.

દવા દેશી, સ્વધર્મ રક્ષક, પથ્ય નહિ, ગર્ભવતી અને સુવાવડીથી લેવાય, આંકડી, ચકરી, તણાવું, ગભરામણ, શીત, ફ્રાટ, તોડ, કળતર, જડતા, બેશુદ્ધિ, ગોળો, પ્રદર, લાળ, ગર્ભાશયનાં દર્દો, પક્ષપાત. લકવા. અને ચિત્તભ્રમ યાને ઘેલછા ઉપર રામબાણ, જાતે અનુભવો અને સર્ટીફીકેટ દો.

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. શેઠ શેરી—વડોદરા.

પ્રદર વિનાશક.

સ્ત્રી વર્ગ માટે ખાસ દવા.

દરેક જાતના પ્રદર અને ગર્ભાશયના કોઇબી દરદથી પીડાતી અને શરમને લીધે અસહ્ય સંકટ ભોગવતી અબળાઓ માટે આ દવા એક આશિર્વાદ છે.

" સ્ત્રી ઉપયોગી " પુસ્તક મફત મંગાવો.

પ્રદર વિનાશક ઑફીસ—ખંભાત

શુદ્ધ સચિત્ર—

શ્રી જૈન પંચાંગ.

કીંમત રૂ. ૦-૦-૬ સો નકલના રૂ. ૨-૮-૦

પિતાનો પુત્ર પ્રત્યે ઉપદેશ ૦-૩-૦ સો નકલના રૂ. ૧૫-૦-૦

વિદ્યાર્થી બન્ધુ કિંવા ચારિત્ર સુધારણા સંબંધી શિક્ષણ.
૦-૨-૦ સો નકલના રૂ. ૧૦-૦-૦

જ્યોતિષના ગ્રંથો.

આરંભસિદ્ધિ, દિનશુદ્ધિ, લગ્નશુદ્ધિ એ ત્રણે ગ્રંથ મૂલ સહિત ભાષાંતર નવીન છપાવેલા છે. ગ્રંથો ઉપયોગી અને ઉત્તમ છે. .... કીં. રૂ. ૧૦-૦-૦

સામુદ્રિક શાસ્ત્ર અને સ્વપ્ન વિચાર. ... કીં. રૂ. ૧-૪-૦

શકુન શાસ્ત્ર નવીન સુધારા—વધારા સાથેની આવૃત્તિ હમણાંજ છપાવી છે. પ્રથમાં કેટલોક વધારો કીધો છે. કીં. રૂ. ૦-૧૨-૦

(ટપાલ વી. પી. પેકીંગ ખર્ચ, દરેક પુસ્તકનું વધારે સમજવું)

લખો—શ્રાવક ભીમસિંહ માણેક.

પુસ્તકો પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર, ઠે૦ માંડવી શાકગલી—મુંબઈ.

આ માસિક તંત્રી શેઠ દેવચંદ દામજીએ પોતાના આનંદ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી પોતાની શ્રીસુખ—દર્પણ 'શ્રાવિકા' માસિકની ઓફીસમાંથી પ્રગટ કર્યું

Shravika Reg No B 1289

શ્રી સુખ દર્પણ.

પુસ્તક ૪ થુ   અંક ૧૦ મો.   (ડીસેમ્બર. સને ૧૯૨૦.)

તંત્રી–શેઠ દેવચંદ દામજી–કુંડલાકર. વ્યવસ્થાપક–શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–ભાવનગર

અનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
૧	બાળ શિક્ષણની ધૂરા.	૨૧૩
૨	ભારતીનું પૂજન...	૨૧૪
૩	ચિત્રાંગદા.	૨૧૫
૪	ગૃહસ્થ ધર્મના અંગે અગત્યની સૂચનાઓ.	૨૧૯
૫	અવિભક્ત કુટુંબના ગુણ દોષનું દિગ્દર્શન.	૨૨૧
૬	જોગીડા કે બાવુડા.	૨૨૯
૭	મ્હારી વીતક વાર્તા.	૨૩૩
૮	પતિનાં સ્નેહાર્દ્ર હૃદયને.	૨૩૫
૯	સમયના પ્રવાહમાં.	૨૩૬

શ્રી સુખ દર્પણ (શ્રાવિકા) નું વાર્ષિક લવાજમ પોસ્ટ સાથે રૂા. ૩-૦-૦

હિંદુસ્થાન બહારના મુલક માટે રૂા. ૪-૦-૦

લખો:—શ્રી સુખદર્પણ-શ્રાવિકા ઓફીસ ભાવનગર-(કાઠીયાવાડ).

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબતી અગર, દશાંગીધુપ, સોના ચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.

જુમામસીદ, નં. ૧૨૭ મુંબઇ.

અખંડ સૌ શ્રીમતી રમાબા- પરણી-ભાવનગર.

આનંદ પ્રેસ—ભાવનગર.

પુ. ૪ થું. ડીસેમ્બર. અંક ૧૦

બાળ શિક્ષણની ધૂરા.

" નિશાળનું શિક્ષણ જ્યારે પાંચ-૭ વર્ષથી શરૂ કરવાનો રીવાજ ચાલે છે, ત્યારે બાળકોને ખરૂં જોતાં શિક્ષણની શરૂઆત જન્મથી અને આગળ વધીને કહું તો ગર્ભથીજ થાય છે. એટલે માતા એ બાળકનો પહેલો વિદ્યાગુરૂ છે.

આજના પ્રસંગે કેટલાક ધુરંધર શિક્ષકો અને વિદ્યાદાતાઓની હાજરી છતાં બાલમંદિર ખુલ્લું મુકવાનું કામ મારે શીર મુકવામાં આવ્યું છે, તેનું એ પણ એક કારણ હોય તેમ મને લાગે છે. અને આ રીતે માતાના બાળકોને વિદ્યાદાન આપવાની પ્રાથમિક જવાબદારી સમજીને તમારી માગણી સ્વીકારવાની હું મારી ફરજ સમજુ છું.

બાળકને ગર્ભમાં અને જન્મ પછી મળવા જોઇતા શુદ્ધ સંસ્કારો, પવિત્ર વ્યવહાર દર્શન અને નિર્મળ વાતાવરણ મોટા ભાગે હાલ ઓછું સંગીન થઇ શકે છે તેમ ઘણા સંસાર ચિત્રોમાં જોવાય છે. એટલે એક તરફથી માતાને પોતાની ફરજ સમજાવવા અને અમલમાં મુકવાને સગવડો વધારવાના હું જરૂર જોઉં છું. ત્યારે બીજી તરફથી તે અવસરની ગેરહાજરી પુરવાને બેથી ૭ વર્ષના બાળકોને કીન્ડરગાર્ડન પદ્ધતિથી રમત સાથે જ્ઞાન આપવા અને શિક્ષણ પ્રત્યેનો બાળપ્રેમ ખીલવવાની પદ્ધતિ પ્રમાણે બાળમંદિરની ભાવનગરને ખાસ જરૂર હતી કે જે અત્યારે શ્રી દક્ષિણામૂર્તિ ભવને પુરી પાડી છે તે જોઇ હું ખુશી થાઉ છું. ને અહીંની પ્રજા તેનો પ્રેમથી લાભ લેવાને તક લે તેમ ઇચ્છું છું "

શ્રીમતી રમાબાઇ પટણી.

ભારતીનું પૂજન.

(ગરબી)

ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ,
જન્મ સફલ મંગલકર થાય જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

પુણ્યભૂમિ પુનિત માત આપણી રે લોલ,
આપણે પ્રેમાળ એના બાળ જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

વ્રત સ્વદેશી ધારો દેશી વસ્ત્ર ધરી રે લોલ,
ધનદશાની ઉન્નતિ પમાય જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ

આપણીજ સર્વ વસ્તુ વાપરો રે લોલ,
પારકાની આશ એ નિરાશ જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

ભોગ ને વિલાસ બ્હેની ! ત્યાગવાં રે લોલ,
સરલતા સાદાઈ ગુણ ગણાય જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

જાતિભેદ, કલેશ, દ્વેષ છોડવાં રે લોલ,
ભારતી સંતાન એક થાય જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

ચાંપશી વિઠ્ઠલદાસ ઉદ્દેશી

અર્જુનને જોતાં મારા મનમાં તાલાવેલી થવા લાગી
ને પુરુષવેષથી હું લજ્જિત થવા લાગી.

આનંદ પ્રેસ–ભાવનગર.

ચિત્રાંગદા.

(અનુવાદક—શ્રી ટી જે પટેલ-આર્ટીસ્ટ)

મ્હારૂં નામ ચિત્રાગદા છે, હુ મણીપુરની રાજકુમારી છુ ઉમાપતિ મહાદેવનુ વરદાન હતુ કે મ્હારા પિતૃવંશમાં કદી પણ કન્યા ઉત્પન્ન થશે નહિ × × × પરતુ મે એવા મહાવરને વ્યર્થ કરી ન ખ્યુ મ્હારી માતાના ગર્ભમા પ્રવેશ કરીને શીવ પણ તેજના પ્રભાવથી મને પુરૂષ ન કરી શકયા હુ એવી કઠોર નારી છુ, એથી કરી હુ પુરૂષ વેષમાજ રહુ છુ યુવરાજની જેમ રાજકાજ કરૂ છુ × × × અન્ત પુરનુ રહેવું નથી જાણુતી હા, ધનુર્વિદ્યા જાણું છુ; પણ નયનના પ્રયોગથી મદનદેવનુ પુષ્પ ધનુષ્ય કેવી રીતે ચલાવવું તે નથી જાણુતી.

સસારમા સ્ત્રીઓનુ હોવુ એટલુ આવશ્યક છે કે મારા પિતાને દીધેલા વરથી તેના કુળમા કોઇ કન્યા નહિ થાય તે વાત નિષ્ફળ કરી શીવજીએ સ્ત્રી-જાતિનુ ગૌરવ વધારવા પોતાનું વર મિથ્યા કર્યું હોય મારૂ પ્રારભિક જીવન સ્ત્રી જેવુજ હતું—હુ પુરૂષ જેવી દેખાતી તેમ સ્ત્રીના હાવ-ભાવ-ચાતુરીને બદલે ધનુર્વિદ્યા જાણુતી હતી અને વાસ્તવમા મારૂં સ્થુળ શરીર સ્ત્રી છતા વ્યવહાર પુરૂષના જેવો હતો

એક દિવસ હુ મૃગયાને માટે પૂર્ણાનદીના તીર પર સઘન વનમા એકલી ગઇ હતી. ઘીચ તરુ ઘટાની છાયાથી અધારૂ થયુ હતુ × × × હુ તે મહા અરણ્યમા આગળ વધી તો એક સાકડા માર્ગ પર ફાટેલા કપડા પહેરેલો મલિન પુરૂષ નજરે પડ્યો મે અવજ્ઞાભર્યા સ્વરથી કહ્યુ કે " હટ રસ્તો છોડ ! " પરતુ તે ખસ્યો નહિ મે બહુ ઉદ્ધતાઇથી તીરની ધારથી એની તાડના કરી તે સરળ અને દીર્ઘકાયનર તત્કાળ બહુ વેગથી ઉઠીને મારી સામે આવીને ઉભો કે તેનો રોષ ન જાણે ક્યા ગુમ થઇ ગયો ! અને તેના અધરોપર મદસ્મિતની રેખાઓ નાચવા લાગી એટલા દીવસોમા કદી પણ એ વિચાર નથી ઉઠ્યો કે હુ સ્ત્રી છુ, પરતુ જ્યારે તે મુખને જોયુ, તરતમા મે મારા મનમા જાણ્યુ કે હુ સ્ત્રી છુ

સ્ત્રીઓના ભાવ ઉત્પન્ન થવાને માટે કંઇ ઉત્તેજનાની આવશ્યક્તા હતી વિના કારણુ જાતિભાવો પણુ ઉદય થતા નથી એ કારણુ આ પ્રકારથી મળી ગયું અર્જુનને જોતાજ હુ મારૂ પુરૂષત્વ ભુલી ગઇ પુરૂષ વિના સ્ત્રીને પોતાનુ સ્ત્રીત્વનુ ભાન થતુ નથી, પોતાનુ ખરૂ સ્વરૂપ સમજવાને માટે સ્ત્રીને પુરૂષની આવશ્યકતા છે અને પુરૂષને સ્ત્રીના ભાવોના ઉદયને માટે કાંઇ સોચ-વિચારની આવશ્યકતા નથી આખો મળતાજ પ્રેમની વિપુલતા બધા શરીરમા ફરી વળે છે પુરૂષના વેષમા આ વિહ્વળતા હુ ઢાકી શકી નહિ મને જોતાજ અર્જુનનો રોષ પણ જતો રહ્યો હતો ને અર્જુનને જોતા મારા મનમા તાલાવેલી થવા લાગી ને પુરૂષવેષથી હુ લજ્જિત થવા લાગી.

બાળપણની દુરાશાને વશીભૂત થઈને હુ કેટલાક દીવસથી શોચી રહી હતી કે હુ પોતાના ભુજબળથી પાર્થની કીર્તિને કલંકિત કરી દઇશ-મારો વાર ખાલી જાય નહિ, પરન્તુ ના સમજી કે કયા ગઇ એ સ્પર્ધા ? જે ભૂમી ઉપર એ ઉભા છે એ ભૂમિ સકોચાય જાય તો બધી શૂરવીરતાને ધૂળમા મેળવીને એના ચરણતલમા હુ દુર્લભ મૃત્યુને પામુ એમ મને થઇ આવ્યુ

બીજા દીવસે સવારમાજ મે પુરૂષ-વેષને અલગ કરી દીધો લાલ સાડી પહેરી લીધી અને મે અર્જુનને ધનુર્વિદ્યામા હરાવવાની આશા નિરર્થક સમજી અને મહિલોચિત ધનુર્બાણથી અર્જુનપર વિજય પ્રાપ્ત કરવાને માટે ઉદ્યુત થઇ પરંતુ તેનુ પહેલુ આક્રમણ નિષ્ફલ થવાથી લજ્જાની મારી પાણી પાણી થઇ ગઇ

તેણે કહ્યુ હતુ તે તેની અંતિમ વાત તપાવેલા શૂલ સમાન મ્હારા કાનોમા ખુચવા લાગી "વિરાગને ! મે બ્રહ્મચર્યનુ વ્રત ધારણ કરી રાખ્યુ છે, હુ પતિ થવાને યોગ્ય છુ નહિ" હા! પુરૂષનુ બ્રહ્મચર્ય! ધિક્કાર છે મને, પરન્તુ હજુ હુ તેને નષ્ટ ન કરી શકુ ? ઘેર પહોચી મે ધનુર્બાણ તોડી ફેકી દીધુ એટલા દીવસ પછી મારી સમજમા આવ્યુ કે સ્ત્રી થઇને પણ હુ પુરૂષના ચિત્તને જીતી શકી નહિ, તો બધી વિદ્યા વૃથા છે પરન્તુ ફીકર નહિ, અબળાના કોમલ બે હાથ તેના હાથોથી સોગણા બળવાળા છે

હુ એમ નથી કહેતી કે સ્ત્રીઓ ભણે-લખે નહિ અને પુરૂષોના કાર્યોથી બિલ્કુલ તટસ્થ રહે, કિન્તુ તેણે પોતાના સ્વરૂપનુ ધ્યાન રાખી પોતાના ક્ષેત્રની બ્હાર જાવુ જોઇએ નહિ એમ હવે મને લાગ્યુ સ્ત્રીઓ પોતાના કામ છોડી દે તો સંસારમ ઘણી ખરી સૌંદર્યની છટા વહી જાય, માટે અર્જુનના હૃદયપર વિજય પ્રાપ્ત કરવા મદનદેવ પાસે સંપૂર્ણ સ્ત્રી બનવાને સૌંદર્યની મારે યાચના કરવી પડી

મે પ્રાર્થના કરી કે હે અનંગદેવ ! હવે મ્હને આપની વિદ્યા શીખવાડો, મને અબળાનુ બળ દેજો, મોહિનીના અસ્ત્ર-શસ્ત્રથી સજ્જિત કરજો જો કે હુ અલૌકિક-સુંદરતાની યાચના કરતી હતી, પણ નહોતી સમજતી કે અર્જુનના હૃદયપર પોતાના સૌંદર્યનો અધિકાર કેવી રીતે જમાવાય ! હુ માનતી હતી કે મારા સદ્ગુણો દ્વારા પણ અર્જુનના હૃદયનુ દ્વાર ધીરે ધીરે ખોલી તેમા પોતાનુ સ્થાન બનાવી શકીશ, કિન્તુ તે કાર્ય જલદી સફળ કરવા માટે બ્હારનુ સાધન જરૂરનુ છે એમ પણ સમજતી કે હજી એકવાર અધિકાર જમાવ્યો તો ફરી હુ મારૂ રાજ્ય અચલ કરી લઇશ હુ બીજા રાજાઓની જેવી નહોતી કે જીતેલા રાજ્યને સંભાળી શકુ નહિ મારી વૃત્તિ સૌંદર્યના બળથી અર્જુનના હૃદયની જીત કરીને સદ્ગુણોદ્વારા અર્જુનને સદાને માટે પોતાનો બનાવી લેવાની હતી

મે વિચાર્યું કે વખત હોત તો હુ એ રીતે તે હૃદયપર અધિકાર કરી લેત

અને મદનદેવની સહાયતા માગત નહિ મને એક દિવસને માટે પરમ સુંદરી બનાવી દેવા પછી તો સદાના માટે બધું સંભાળી લેવાની. જ્યારે પહેલવહેલા મેં તેઓને જોયા, હતા, ત્યારે મારા હૃદયમાં વસન્ત શોભાથી અનંગ અપૂર્વ ખીલી ઉઠયો હતો. હજી આ પ્રેમ પોતાના સંપૂર્ણ સૌંદર્યને મારા અંગે અંગપર પ્રકટ કરી દે તો બહુજ આનંદ થાય.

* * * *

મદનદેવ પાસેથી એક વર્ષના સૌંદર્યનું વર મેળવી કામાસ્ત્ર શસ્ત્રોથી સજ્જિત થઇ પુનઃ હું અર્જુનને જીતવા માટે ગઇ. જોત જોતામાં જ મારૂં અભિષ્ટ પૂર્ણ થઇ ગયું. મેં વિજય પ્રાપ્ત કર્યો; પરંતુ હું છેતર દઈને ટટ્ટીની ઉપર શિકાર ખેલવાનું જાણતી નહોતી. પ્રેમને વશ મિથ્યા ભાષણ કરવુ પણ શીખી નહિં. અર્જુનથી પ્રેમ કરતી હતી; છતા વ્રત ખંડન કરવાને માટે તેઓને ઉપાલંભ દીધા વિના રહેવાયું નહિં; અર્જુનનું નમણું જોઇ મારાથી બોલાઇ ગયું કે–ધિક્ પાર્થ ! ધિક્ ! હું કોણ છું ? મારામાં શું છે ? આપને શું જોવું પડે છે? મને આપ શું સમજો છો ? કોના માટે પોતાને આપ ભુલી જાવ છો ? કોના માટે ક્ષણભરમા સત્ય ભંગ કરી દ્યો છો. * * આ ક્ષણ–સ્થાયી કપટના વેષથી અમર અન્તઃકરણ પર વિજય પામી, હવે હું સમજી શકી છું કે આપની ખ્યાતિ મિથ્યા છે, શૂરવીરતા જૂઠી છે. ”

હું છેતરવાનું નહોતી સમજતી તેથી ધર્મયુદ્ધ કરતી હોઉં તેમ મારો ભાષા-વેગ આગળ વધ્યો—

“ નહિ, નહિ, પાર્થ હું એવી છું નહિં, તે દેવની ઈન્દ્ર જાળ છે. જાવો જાવો, પાછા જાઓ, પાછા જાઓ મિથ્યા માયાના ચરણોમાં પોતાના શૌર્ય–વીર્ય અને મહત્વની બલી ન આપો.

અર્જુનને જીતવાથી એક રાત મેં સ્વર્ગિય સુખનો અનુભવ કર્યો, પણ તે સાથેજ મારા આશાના કીલ્લા ભાંગી જવાથી ગ્લાનિ ઉત્પન્ન થઇ સ્રીના માટે ગ્લાનિ સ્વાભાવિક છે.

આ વિજયને વિજય સમજવામા મને ભ્રાંતિ લાગી. ભાંગી ગયેલા બળ દ્વારા જીત કેવી ? પણ મને એમ ભાસ થતો હતો કે જે પ્રેમ રૂપને માટે છે, તે મારે શું કામનો ? હું તો પ્રેમની પ્યાસી હતી

મે પ્રાર્થના કરી કે હે અનંગ! આપના વરને પાછો ખેંચી લ્યો પણ મદન-દેવે તુરતમાં પોતાના વરને પાછું ખેંચ્યું નહિં એ જાણતા હતા કે જ્યારે વર્ષભર-માં હુ અર્જુનના હૃદયપર પૂર્ણપણે પોતાનો અધિકાર જમાવી લઇશ ત્યારે સુંદર-તાની આવશ્યકતા રહેશે નહિ. ત્યારે હું પોતાના આત્મગૌરવમા પ્રકટ થઇ જવાની. તે સમયે અર્જુન પણ સમજશે કે તેને નવું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે

જેમ મારૂ મન વિહ્વળ હતું તેમ અર્જુન પણ અસ્વસ્થ રહેતા તેણે એક

દીવસ વળી વાત છેડી. હું તેમનો પરિચય વધારવો કે કેમ તે નિશ્ચય કરી શકી નહોતી. મને એમ તો થતું કે જે પરીચય વધશે તે દરમિયાન હું જે ચિત્રાંગદા છું તે નહિ રહું. તેથી મેં જણાવ્યું કેઃ—

"આપ જે કંઈ જોઇ રહ્યા છો હું તે છું, તેનાથી અધિક મ્હારો કોઈ પરિચય નથી. પ્રાતઃકાળના સમયે કિંશુકના પત્રની ધાર પર જે (બરફ) હીમની બુંદ લટકતી રહે છે, તેનું પણ શું કંઇ નામ-ઠામ હોય છે? તેનાથી પણ શું પરિચયનો પ્રશ્ન કરી શકાય છે? આપ જેનાથી પ્યાર કરો છો તે પણ એવુંજ નામ-ધામ હીન આકળનું મોતી છે."

અર્જુન એ ઉત્તરથી સંતુષ્ટ ન થયેલ હોય તેમ તેણે જણાવ્યું કે જે એવાથી પ્યાર કરે એ તો નિશ્ચય અભાગી છે. પ્રેમના હાથમાં આકાશ-કુસુમ દો નહિ. પ્રિયતમે! મને એવું કઇ ધન દો કે જે સુખ-દુઃખના ભલા બુરા દીવસોમાં હૃદયથી ચાંપીને રાખી શકાય. મને એવા ધનનું દાન કરો અને મારૂં જે હૃદય સત્ય સ્વરૂપ થાય તે ગ્રહણ કરો. બસ, એવું મિલન જ વાસ્તવિક મિલન છે

મેં તમારા બલ-વીર્યની પ્રશંસા સાંભળી છે અને તે જોવાને હૃદયમાં અભિલાષા થઇ છે.

સ્નેહ સેવાજ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે. પુરૂષમાં આ ગુણની કમી છે. સ્ત્રી માતા, થઈને, પત્ની થઇને, પુત્રી થઇને અને ભગિની થઇને બધાએ રૂપોમાં સ્નેહ-સેવા કરે છે એ સ્ત્રી જાતિનું મહત્વ છે, એટલા માટે આપણા ભારતમાં સ્ત્રીઓ આદરણીય છે.

પહેલા મેં અર્જુનના હૃદયનું દ્વાર રૂપલાવણ્યની કુંચીથી ખોલ્યું હતું. અત્યારે એજ દ્વાર મારી કીર્તિપવનના પ્રબલ પ્રવાહથી ખુલી ગયું હોય તેમ તેની વાતથી સ્પષ્ટ થવા લાગ્યું.

હું એકલી સુંદર કાયા ચાહતી નહોતી, પણ હૃદયની સુંદરતાની જલક ચાહતી હતી. તે અર્જુનમા જોવાઇ હુ મૌન રહી એટલે તેણે આગળ ચલાવ્યું.

"હું ત્હારા રહસ્યને કંઇપણ જાણતો નથી, એટલા દીવસથી સાથે છું, તોપણ કંઇ પત્તો નથી લાગતો એવું ભાન થાય છે કે તું સદા સાથે રહીને મને ગુંચવાડામાં રાખી રહી છે, તું જે મને આપી રહી છે, તેના બદલામાં કંઇ લેતી નથી-લેવા ચાહતીએ નથી એનું કારણ કંઇ સમજાતું નથી "

હવે મારાથી ઉત્તર દેવા વિના રહેવાયું નહિ મેં જણાવ્યું "રાજેન્દ્ર! નંદિની ચિત્રાંગદા તે હુંજ છું. પ્રભો! તે સ્ત્રી હુંજ છું, તે છું તોપણ હુ તે છું નહિ, એ તો મારી એક તુચ્છ સ્થૂલ દેહ હતી મેં વસંતના વરદાનથી એક વર્ષભરને માટે અનુપમ રૂપ મેળવ્યું ને એ કળાના પ્રભાવથી વીર હૃદયને થકવી દીધું, તે પણ હું છું નહિ હું તો ચિત્રાગદા છું. નતો હું દેવિ છું અને નહિ હું સાધારણ રમણીજ છું પૂજા

કરી માથા પર ચઢાવો એવી પણ હું છું નહિ, તેમ તૂચ્છ સમજીને પાલણ પોષણ કર્યા કરો તે પણ છું નહિ."

હજી મને સંકટના વિકટ માર્ગમાં સાથે રાખો, હજી મ્હને કઠિન ચિંતાઓમાં ભાગ લેવા દ્યો, હજી મ્હને મહા કઠોર વ્રતોમા સહાયતા દેવાની અનુમતિ દ્યો અને હજી મને સુખ-દુઃખના સમયની, સહચરી થવા દ્યો તો સમજ પડશે કે હુ કેવી છું? આજ તો હું કેવલ આપના ચરણોમા સમર્પિત થાઉ છુ

રાજેન્દ્ર અર્જુનને મારા આ ઉત્તરથી આનંદ થયો હોય તેમ બોલ્યા-"પ્રિયે! આજ હુ કૃતકૃત્ય થયો" આજસુધી અર્જુન તૃપ્ત નહોતો, આજ સાચી ચિત્રાંગદાને મેળવી સંતુષ્ટ થયો. હ્રદયમા હ્રદય મળી ગયા હતા તેથી હવે શુ કહું?

ગૃહસ્થ ધર્મના અંગે અગત્યની સુચનાઓ.

(લેખક—સો૦ બ્હેન હરકોર ચત્રભુજ-પાલીતાણા)

(૨)

૯ **પતિ ભક્તિમાં વાણી વિલાસ**—પતિ એ ઘરનો રાજા છે અને સ્ત્રી એ પ્રધાન છે. જેમ રાજ્યની લગામ પ્રધાનના હાથમા હોય છે, તેમ ઘરનો કુલ કારભાર સ્ત્રીઓના હાથમાં હોય છે. ઘરની આબરૂ વધારનાર સ્ત્રી છે. કેટલીએક સ્ત્રીઓ બીજી સ્ત્રીઓના ઘરેણાં તથા કપડાલત્તા દેખી પોતાના પતિની આબરૂ તરફ ખ્યાલ નહિ કરતાં ખોટી માગણી કરી કંટાળો આપવા જેવુ કરે છે, પણ તેમ થવું ન જોઇએ: પતિની આવક તરફ ખાસ ધ્યાન આપી તેને ઘટતા પ્રમાણમાં ખર્ચ કરાવવો જોઇએ. પતિને કોઇ પણ વખત માર્મિક વચન કહી તેનું દીલ ન દુભવવું જોઇએ. જેમ બને તેમ તેમની પ્રીતિ વધે તેવું આશ્વાસન આપવું જોઇએ. વિનય, નમ્રતા રાખવી જોઇએ. તેમજ વાણીમાં મીઠાશ રાખી પતીની પ્રસન્નતાથી પ્રસન્ન થવું, તેમના સુખે સુખી અને દુઃખમાં દીલાસારૂપ થવું જોઇએ. કેટલીએક સ્ત્રીઓ પતિ સુખથી વંચિત હોય છે અને પતિની કરડી દ્દષ્ટિને પાત્ર બની હમેશાં દુ.ખમાં સળગતી હોય છે, પણ જો તેનું બારીકીથી અવલોકન કરીએ તો અવશ્ય જણાય છે, કે-પતિને પ્રફુલ્લિત અને સુખી કેમ કરાય તેનુ ભાન તેને હોતુ નથી વિનય ગુણ વૈરીને પણ વશ કરે છે. તો પછી પતિ કેમ વશ ન થાય? પતિને વશ કરવાનો ખરો વશીકરણ મંત્ર વિનયજ છે માટે વિનયનું સેવન કરવા તરફ હું સૌ બ્હેનોનું ખાસ લક્ષ્ય ખેંચું છું અને પછી જુઓ કે તમારો સંસાર સુધરી તમે કેવા સુખી થઇ શકો છો.

૧૦ **રડવા કુટવાના રીવાજ તરફ તિરસ્કાર**—રડવા કુટવાનો રીવાજ ઘણો ખરાબ છે એ સૌ કોઇ સારી રીતે સમજે છે. મરવાને સૂતેલ પાસે ખેદ કે રૂદન

કરવાથી મરનારનો આત્મા આર્તરૌદ્રધ્યાન કરે છે. તેથી તેને અસદ્ગતિમાં જવાના આપણે કારણભૂત થઇએ છીએ. જે જન્મ્યું છે તે જવાનું તો છેજ. કોઇ આજે તો કોઇ કાલે, જ્યાં સુધી સકલકર્મ નષ્ટ કર્યાં નથી ત્યાંસુધી જન્મવું અને મરવું અવશ્ય છે તો પછી મરનાર માટે સ્વાર્થભર્યું રૂદન કરી પડયા ઉપર પછાડી શામાટે હોવી જોઇએ ? અલબત, આપણા સ્નેહ, મોહ, રાગ, પ્રીતીના કારણે આપણને તે સમયે લાગી આવવાથી રૂદન થઇ જાય એ સ્વાભાવિક છે, પણ જો આપણે જ્ઞાન દ્રષ્ટિથી વીચારી તેના સાચા સ્નેહી હોઇએ અને હિતેચ્છુ હોવાનો દાવો રાખીએ અને તેની સદ્ગતિ થવાથીજ સંતોષ માનીએ તો તે સમયે અને પછી પણ ખાસ કરીને મરનારના માટે રડવું કુટવું નહિ. આત્મા એ દેહથી જુદો છે. જુદો થવાનો છે તો જુદા થવાના સમયે તે આત્માને ધાર્મિક લેશ્યા ઉપર ચઢાવવા ધ્યાન દેવું જોઇએ. ઘણીજ શાંતિ પૂર્વક તેને રૂચે તેમ પ્રભુનું નામ અને પ્રભુના ગુણ સંભળાવી સારી લેશ્યા ઉપર ચઢાવવો જોઇએ રડવા કુટવાથી કાંઇ લાભ તો થવાનો નથી, તેમ કર્મ ઓછાં થતાં નથી પણ વધે છે અને ઉલટી શારીરિક તંદુરસ્તી બગડે છે તથા દેખીતી રીતે પણ ઘણું કઢંગુ લાગે છે. એકંદર રડવા કુટવાથી કોઇ પણ રીતે ફાયદો નથી, નુકશાનજ છે માટે રડવા કુટવાનો દુષ્ટ રીવાજ ડહાપણ પૂર્વક બંધ પાડવો એજ લાભકારક છે.

૧૧ આડે બેસતાં બોલવાથી થતી હાની—કેટલીએક બ્હેનો આડે બેસતાં પરસ્પર ગમે તેવી વાતો કરે છે. એ કેવો કઢંગો અને શરમાવનારો રીવાજ છે ? અશુચિ ભૂમિ ઉપર એક પણ શબ્દ ન બોલતાં મૌન રહેવું જોઇએ. તમોને વાતો કરવાની બીજી કોઇ જગ્યા કે વખતજ નથી ? અશુચિ ભૂમિ ઉપર વાતો કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. દુર્ગંધીવાળી હવા વાતો કરતાં મુખમાં જવાથી તંદુરસ્તીને હાનિ પહોંચે છે અને માનસિક વિચારોમાં અપવિત્રતા દાખલ થાય છે માટે વિવેકી બ્હેનો ધ્યાનમાં લેશે. કેટલીક બેનો જે કપડાં પહેરી આડે જાય છે તેજ કપડાં પહેરી રાખીને રસોઇનું કાર્ય કરેછે તો અશુચિ કપડાં પહેરી રસોઇ કરવી ન જોઇએ; પણ ઘરના વ્યવહારની શુદ્ધિ ઇચ્છતી બ્હેનોએ કપડાં બદલવાં જોઇએ. અગર જુદાં રાખવા જોઇએ.

૧૨ રૂતુ દર્શનના અંગે ભલામણ—કેટલીએક બહેનો રૂતુસ્રાવ વખતે બગડેલા કપડા નહી બદલતાં તેજ કપડાં ચાર દિવસ સુધી પહેરી રાખેછે; પણ તેથી ધાર્મિક નીતિને મોટો ધક્કો પહોંચવા ઉપરાંત શારીરિક તંદુરસ્તી પણ બગડે છે માટે રૂતુ આવથી બગડેલું કપડું તો તેજ દિવસે બદલી નાંખવું જોઇએ અને તે અપવિત્ર વસ્ત્ર ધોઇ નાંખવું જોઇએ. વળી તે કપડું તળાવ કે નદીમાં લઇ જઇ ધોવાથી અસંખ્યાત નાના જીવોની હાનિ થવા ઉપરાંત જળપણ અપવિત્ર બનવા પામે છે માટે તે બગડેલાં કપડાં ઘેર થોડા પાણીમાં ધોયા પછી નદી કે તળાવમાં લક્ષ પૂર્વક ધોવા જોઇએ આ લેખમાં ચર્ચેલા વિષયો જોકે અન્ય સ્થળે વિસ્તારથી જણાવેલા છે પણ સ્રીઓને ઉપયોગી જાણી અત્રે સંક્ષેપથી ચર્ચવામાં આવ્યા છે. આશા છે કે સુજ્ઞ વાંચનાર અને સાંભળનાર બહેનો તેમાંથી સાર ગ્રહણ કરી પોતાના વર્તનમાં સુધારો કરી આ લોક અને પરલોકનું હિત સાધશે.

અવિભક્ત કુટુંબના ગુણદોષનું દિગ્દર્શન.

લેખક—દવે છોટાલાલ કેશવલાલ—ભાવનગર.

" માબાપ ભૂખે મરે અને સ્ત્રી છોકરાં ભીખ માગે, છતાં પોતે જાતે અજીર્ણ થતા સુધી જમનારા મનુષ્યો પાશ્ચાત્ય દેશમાજ મારા જોવામાં આવ્યા કોઇપણ ગૃહસ્થાશ્રમીએ આવુ આસુરી ધ્યેય રાખવુ જોઇએ નહિ, એક વિશુદ્ધ ત્યાગીનું જીવન જેટલું કઠિન છે તેટલુંજ અને તેથી પણ અધિક કઠિન એક વિશુદ્ધ ગૃહસ્થાશ્રમીનુ જીવન પણ છે '

'ખરો હિંદુ બધાનો–સકળ જગતનો સેવક બનીનેજ પોતાની ઉન્નતિ કરવાનો યત્ન આદર છે 'એજ પ્રકારે હિંદુઓએ પોતાની સમગ્ર પ્રજા વર્ગનો ઉદ્ધાર કરવો જોઇએ, તેમાં વિદેશી ભાવની સહાયતા લેવાથી કશો ઉદ્ધાર થવાનો નથી '

(સ્વામિ વિવેકાનંદ)

" હિમાચળથી સેતુબંધ રામેશ્વર સુધી વસી રહેલા કરોડો કુટુંબોને નિરાશ્રિત કરી રઝળના મુકી તેમના ઉદર ભરનાર સમર્થ કમાનારાઓ જુદા નીકળી પડે અને પોતાના એકલ પેટા સ્વાર્થને વધારવા કે કુટુંબોના દોષ કાઢવા પ્રયત્ન માંડે તો ઘેર ઘેર કેવો કલેશ ઉભો થાય! આખી આર્ય ભૂમિમાં કેટલી અવ્યવસ્થા થાય' ચારે પાસ નિર્ધનતા અને અનાથતા અથવા નિરાશ્રિતતા વિપત્તિના વાદળ પેઠે તુટી પડે અને બીજુ શુ શુ થાય તે કલ્પાતુ નથી! આવી અવસ્થાના સાધન ભૂત થાવામાં ધર્મ છે કે અધર્મ છે તેનો વિચાર તમોને સોંપુ છુ મ્હારી અને મ્હારી ગંગાની સંપત્તિ વધારવાને માટે મ્હારાં મૂર્ખ વ્હાલાઓનો ત્યાગ કરવાનો પ્રશ્ન ઉઠે છે, ત્યારે તેમના જેવી આખી આર્ય પ્રજાની સ્થીતિ મ્હારા ચિત્તમાં આમ ખડી થાય છે. કુટુંબ વત્સલતા મ્હારી દેશ વત્સલતાને જાગૃત કરે છે અને એજ દેશ વત્સલતા પાછી મ્હારી દેશ વાત્સલ્યતાને દૃઢ કરે છે! પ્રિય ઉદ્ધતલાલ! હારી બુદ્ધિ ઘણા ઘણા વિચાર કરે છે અને હૃદય ઘણી ઘણી વૃત્તિઓને અનુભવે છે, પણ અંતે એ સર્વ દુનિયાનો છેડો મ્હારા આ ઘરમાંજ આવે છે (સરસ્વતીચંદ્ર ભાગ ૪ થો. પ્રકરણ છઠું. પૃષ્ટ. ૧૫૯.)

શ્રીયુત્ તંત્રી સાહેબ—

આપના માસીકના માહે ઓકટોમ્બરના અંકમા શ્રીમતિ "રમાબાઇ" નો એકત્ર કુટુંબથી થતી દુર્દશા સંબંધેનો લેખ બહાર પાડી તે નીચે તે વિષય સંબંધે ચર્ચા કરવા આપે આહ્વાહન કર્યું છે, તે ઉપરથી અનુમાન થાય છે કે આ વિષય શ્રાવિકા માસીકમા આગળ ચર્ચાયેલો નહીં હોવાથી તે વિષે શ્રાવિકા માસીકના ગ્રાહકોને કાંઇક વાચવાની તક આપવી તે આપનો હેતુ હોવો જોઇએ અસ્તુ

વસ્તુત –આ વિષય વિષે ઘણા વખત થયા મતભેદ ચાલતો આવ્યો છે અને સૌ કોઇએ પોત પોતાને થયેલા કડવા–મીઠા અનુભવ પ્રમાણે પોતપોતાના મત દર્શાવેલા છે. એટલે આ વિષય વિષે કાંઇ ખાસ લખવાપણુ રહેતુ નથી, છતા પણ શ્રાવિકા માસીકના વાચકોને આ નીચે લખી જણાવેલા અવિભક્ત કુટુંબ સંબંધેના

મારા વિચારો રૂચિકર થઈ પડશે એમ આપને લાગે તો તે વિચારોને યથાવકાશે આપના માસીકમા યોગ્ય સ્થાન આપશો

પૂર્વના દેશો પ્રથમથીજ કૃષી અવલંબી છે કૃષીકારોને દોલત—પૈસા કરતાં જમીન અને પશુઓજ મુખ્ય ધન મનાણું છે અને જમીન તથા પશુધન વધારવામાંજ તે સમયે સૌ કોઇ પ્રવૃત્ત રહેતા આ ધન વધારવા—કેળવવા માટે માણસોના જથ્થાની પણ જરૂર હતી અને ભાડુતી માણસો સાથી વિગેરે કરતાં ઘરના માણસોથી કામ લેવાય તો તે વધારે ઇષ્ટ મનાતુ. તે વખતે જેને છોકરા છૈયા ઝાઝાં તે ઝાઝું કામ કરે છે એટલે કે રળે છે એમ મનાતુ એટલે સામ્પ્રત સમયમા અવિભક્ત કુટુબમાં પ્રમાણમા કમાઈની જે ન્યુનાધિકતાનો ભાસ થાય છે તે, તે પ્રસંગે નોતુ થતું અને સૌ કોઇ હોશેથી—સહકારથી સાથે રહી વસતા અને સુખી હતા

સામ્પ્રત સમયમા આવવા જવાના સાધનો વધી પડતા અને વેપાર કરવા માટે જનસમાજની પ્રવૃત્તિ વધી જતા આપણે સૌ નોખનોખા પોતપોતાને જ્યાં ઠીક પડે ત્યા દેશાવર જઇ વસીયે છીએ એટલે અવિભક્ત કુટુંબ એ તો માત્ર નામમાજ રહ્યું છે એમ કહીએ તો પણ ચાલે

કુટુંબની આ—બાળ—વૃદ્ધ તમામ વ્યક્તિઓ સુરક્ષિત કેમ રહે અને કુટુંબની એકત્ર આબરૂ અને આબાદી શી રીતે જળવાઈ રહે તેનો પુખ્ત વિચાર કરીનેજ આપણા પૂર્વજોએ અવિભક્ત કુટુબ નીતિ ચાલુ રાખી હોય એમ જણાય છે. તેમાં વૃદ્ધોને અવસ્થાએ જોઇતો આરામ મળે છે અને તેમની દેખરેખ નીચે ઘરનો શીશુ વર્ગ સુરક્ષિત રહી સુખી થાય છે. જ્યારે જુવાન સ્ત્રી પુરૂષોને સ્વચ્છંદ અને સ્વેચ્છાચારના હુમલાથી બચાવી વિહારમા મિતવિહારી વ્યવહારમા વિનયશીલ—વિવેકી થવાની ફરજ પડે છે, જે પરિણામે અવશ્ય સુખ સમૃદ્ધિને સંપાદન કરાવે છે.

"એકત્ર કુટુંબથીજ દેશની હાનિ થઇ છે" તે વાતને અમો સંમત થઈ શકતા નથી અવિભક્ત કુટુબની પ્રથા આપણામા ઘણા પુરાણા કાળથી ચાલી આવેલી છે અવિભક્ત કુટુબની પ્રથા જાપાનમા પણ છે છતા પણ, જાપાન આજકાલ જોતજોતામા વિદ્યા, કળા, હુન્નર, આદિમા આગળ વધી પશ્ચીમના ઇન્ગ્લાંડ—અમેરીકા—ફ્રાન્સ જેવા આગળ વધેલા દેશની પ્રતિસ્પર્ધામા ઉભુ રહે, તેવી સ્થીતિએ પહોચ્યુ છે તે જોતા 'અવિભક્ત કુટુબની પ્રથાથીજ દેશની દુર્દશા થાય છે' તે વાત વજન આપવા જેવી લાગતી નથી આપણા દેશની દુર્દશાનુ મુળ કારણ આપણો કુસંપ છે અને કુસંપ આપણામા ઘર કરી બેઠો છે, એટલેજ આપણને 'અવિભક્ત કુટુબમા દુર્દશા છે' એવા કુતર્ક આવે છે

આપણી દુર્દશા થવાનુ બીજું સબળ કારણ આપણુ અજ્ઞાન છે આપણને હાલમા જે પ્રકારનું શિક્ષણ મળે છે, તેથી આપણને કાંઈ ખાસ લાભ થતો નથી.

આપણને આપણી સંસ્કૃતિ પ્રમાણે શિક્ષણ મળતું નથી. હાલની નીશાળો અને કોલેજોમાં આપણને આપણા દેશના ઇતિહાસને બદલે બીજા દેશોના ઇતિહાસ અને સાહિત્યની ગોખણી થાય છે અને પરિણામ એ આવ્યું છે કે આપણે આપણી પ્રાચીન નીતિનું ઉંડું રહસ્ય અંધકારથી—અજ્ઞાનથી જોઇ શકતા નથી અને બીજા દેશોના પુસ્તકીઆ જ્ઞાનના ઝગઝગાટથી અંજાઇ જઈ તે તે દેશની વાસ્તવિક સ્થીતિ પણ જોઇ શકતા નથી. એ રીતે અર્ધદગ્ધ જેવા આચાર વિચારમા ઉભયભ્રષ્ટ આપણને સાચું શું, તે જોવાની તક કે ટેવ પડી નથી એટલે પારકે ભાણે મોટા લાડુ આપણને લાગે છે.

પૂર્વ પશ્ચિમના યોગે પશ્ચિમને જે લાભ થયો છે તે આખી દુનિઆ જોઇ શકી છે. એટલે તેમાં તો કાંઇ કહેવા પણુંજ નથી પણ તેથી ઉલટો પૂર્વને જે ઘક્કો—નુકશાન પહોચ્યું છે તે કોણે જોયું અગર જોવા દરકાર કરી છે ?

પશ્ચિમના ચેપી રોગો જેવાકે ઇન્ફ્લુએન્ઝા આદિએ આપણા દેશમા પ્રવેશ કરી જે મોટી હાની પોંચાડી છે, તે સ્થુળરૂપે આપણે જોઇ શક્યા છીએ પણ આપણને જે માનસીક ચેપ પશ્ચિમના સંબંધથી વર્ષો થયાં લાગુ પડ્યો છે અને તેને અંગે આપણું ચારિત્ર ધીમે ધીમે ખવાતું જાય છે, તે ક્ષયરોગનું નિદાન કોઇ કરવા કે કરાવવા માગતું નથી. એટલે તેવા મહારોગના ઉપરોગ તરીકેજ આપણને આપણી અવિભક્ત કુટુંબનીતિ માટે આવા અવળા ખ્યાલ આવે છે.

આપણે અવિભક્ત કુટુંબની પ્રથા ચાલુ રાખી છે તેથી સૌ કોઇ પોતાની કમાઇમાં બીજા સગાનો ભાગ છે એમ માની સાથે રહી પોતાની કમાઇનો ઉપભોગ કરે છે અને તેને લીધેજ બોલ્શેવીઝમનો પ્રલયકારક પવન જે હાલમાં યુરોપમાં જોસથી ફુંકાઇ રહ્યો છે, તેવા વિનાશકારક વાયરા આપણા દેશમા વાયા નથી અને સૌ કોઇની આમન્યા જળવાઇ રહી છે. આપણને જ્યારે આપણી પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે શુદ્ધ સાચી કેળવણી મળશે, ત્યારે બધો ગોટાળો દુર થશે.

સંપીને રહીએ તો અવિભક્ત કુટુંબ નીતિથીજ આ પૃથ્વીપર સ્વર્ગ સર્જી શકાય તેવું છે. તેમા કેટલીક ઝીણી મુશ્કેલીઓ રહેલી છે, તે સહન કરી તેને નાબુદ કરવા પ્રયત્ન કરવો ઘટે છે પણ તેવી થોડી શી મુશ્કેલીઓના કારણે આખી કુટુંબનીતિને વખોડી કાઢવી ઘટતી નથી

એકજ આંબાં ઉપરની તમામ કેરીઓ એક સરખી મોટી કે સ્વાદમાં એક સરખી મીઠી હોઈ શકતી નથી કોઇક નાની તો કોઇક મોટી, કોઇ મીઠી તો કોઇક ખટમધુરી કે કોઇક ખાટી એમ બની આવે છે. રૂચીનું ભિન્નત્વ એ જન સ્વભાવ છે અને તે જન સ્વભાવને જાણતા સહન કરતા શીખવું જોઇએ ભિન્ન ભિન્ન રૂચીઓને ભાવી જઈ સોએ સ્નેહ સંપની દીક્ષા લેવી એ કુટુંબ નીતિની મનુસ્મૃતિ છે. મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કે:-

તુલસી યહ સંસારમે, ભાત ભાતકે લોક;
સબસે હીલ મીલ ચાલીયેં જ્યું નદી નાવ સંજોગ.

જેની કમાણી સગાઓને કામ ન આવે તે કમાણી શા કામની ? પ્રભુ કૃપાથી જે જા- હોજલાલી સાંપડે તે જાહોજલાલી સગાં સંબંધીઓ સાથે સાથે ન ભોગવવા પામે તો તે શાયબી અમારા હિસાબે તૃણવત્ શુન્ય છે, કુટુંબ એ દેશનું અંગ છે. દેશને માટે દોલત મેળવવી, દેશને માટે સ્વાર્પણ કરવું, દેશને માટે સાહસ ખેડવું, દેશને ખાતર દુઃખ વેઠવું, દેશને ખાતર પરદેશ પણ વેઠવો, દેશને ખાતર સર્વસ્વ તજવું, દેશ એજ ખરો ઇષ્ટ દેવ છે, એ વાતમા જો સ્વીકાર પણ અંદેશો ન રહેતો હોય અને તે વાત સત્ય છે–સ્વીકરણીય છે એમ જો દૃઢ મનાતું હોય તો તે બધી અને તેટલીજ તપશ્ચર્યા પ્રથમ કુટુંબ અર્થે કરી બતાવવી આવશ્યક છે. અવિભક્ત કુટુંબ એ દેશાભિમાનની મહાપાઠશાળામાં જવાની પ્રાથમિક શાળા છે અને તેમાથી પસાર થયા સિવાય મહાપાઠશાળામાં પ્રવેશ થઈ શકશે નહિં.'

દુનિયાદારીમા પડતાં શું શું વિટંબણાઓ આવે છે તેનો પરીપક્વ વિચાર કરીને અવિભક્ત કુટુંબનીતિ આપણા આર્યોએ અખત્યાર કરી જણાય છે. સારા અવિભક્ત કુટુંબમાં ઉછરેલું બાળક નાનપણથી જ સ્વભાવે હેતાળ થઈ મોટાઓ પ્રત્યે માન, નાનાઓ પ્રત્યે વાત્સલ્ય અને સમાન વયવાળા સાથે સ્નેહ કેળવી એક બીજાની સાથે હળી મળીને કેમ રહેવું તે શીખે છે. એટલે મોટી ઉમ્મરે દુનિયાદારી- માં પડતાં તેને કશી અગવડો આવતી નથી.

આપણી અવિભક્ત કુટુંબનીતિ પોતાની ધર્મદ્વારાની અને પ્રજાની અવગણના કરવી એવું કદી પણ શીખવતી કે સુચવતી નથી. જે ઘરમાં સ્ત્રીઓ સંતોષાય છે અને પ્રજા પ્રેમથી પોષાય છે, તેજ ઘર રહેવા લાયક છે એમ કહેનારા આર્યો તેથી ઉલટો ઉપદેશ આપીજ શકતા નથી. પણ એકલાં પુત્ર કલત્રમાંજ પ્રીતિ રાખી પશુની જેમ પડ્યા રહેવું એમા ઉન્નતિ નથી, એમ માનીને તેઓ અવિભક્ત કુટુંબ નીતિ દ્વારા આપણને સુચવે છે કે મનુષ્યે પોતાના પુત્ર કલત્રને પ્યારા ગણવાં એ ધર્મ છે અને તેમનાં ભરણ–પોષણ માટે ધ્યાન આપવું આવશ્યક છે ખરૂં; પણ તે સાથે પુત્ર કલત્રાદિની આળ પંપાળની જાળમાં સપડાઇ રહી મનુષ્યે પોતાના બીજા ધર્મો ભુલી જવા જોઇતા નથી.

મનુષ્યને માથે પાચ પ્રકારના ઋણ છે. તેમાંથી એકલું સ્ત્રી ઋણજ અદા કરવું અને પિતૃઋણ આદિ બીજા ઋણની કાળજી ન કરવી એવું જે કુટુંબ નીતિ શીખવતી હોય તે કુટુંબ નીતિ શાસ્ત્રસંમત નથી–ઉંચા પ્રકારની નથી. એવી સાંકડી કુટુંબ નીતિમાંથી પોતાનાં સગાં વ્હાલાં પ્રત્યે સદ્ભાવ, આડોશી પાડોશી માટે સંપીઆરો, દુઃખીને દેખી દુ:ખી થવું અને તેને સહાય કરવા બનતું કરવું એવું ઉદાર ચરિત્ર ઘડાતું નથી. આવી સંકુચિત કુટુંબ નીતિને લીધેજ યુરોપાદિ દેશોમાં આજે ઘણાયે જર્જરીત દેહવાળા વૃદ્ધો અને ગરીબો ભૂખથી રીબાતા, સંભાળ લીધા વિનાના, રખડતા દુઃખી થતા સાંભળીએ છીએ. એવો દયાહીન દેશ ભાવહીન જડવાદથી આ

કળીકાળમાં કદાચ આગળ વધતો દેખાય તેથી પણ શું ? અમે તે નીતિ ' આર્યોએ ઘેહલું કરવાં જેવી નથીજ ' એમ સુચવીશું.

અમારા આર્યોએ તો અતિથિનો પણ મહિમા અમાપ ગાયો છે અને તેમનો સંપૂર્ણરીતે યથાશક્તિ સત્કાર કરવા ધર્મે આજ્ઞા કરી છે. જે ઘરને આંગણેથી ભીખારી મુઠી ચણા મેળવ્યા વિના પાછો જાય અને જે ઘરે ઘરડાં પ્રતિ યોગ્ય પૂજ્યભાવ ન હોય, તે ઘરનું આંગણું સ્મશાન છે. એમ અમારા કવિઓએ અનાદિ કાળથી ગાયું છે અને લોકોએ તે ધ્યાન પૂર્વક સાંભળ્યું છે. માટેજ ગમે તેવી સ્થીતિ છતાં પણ આજે હિંદુસ્તાનમાં જેનાં સગાંવ્હાલાં પહોંચતાં હોય તેવાં માણસો ભૂખે મરતાં નથી. એટલું જ નહીં પણ સદાવૃત વિગેરે દ્વારા બીજા ઇતર અનાથોને પણ અનાજ મળે તેવી વ્યવસ્થા આ દેશમાં ઘણા કાળથી પ્રચલીત છે.

" આ અપૂર્વ દાનશીલ, પુરાણ પ્રસિદ્ધ હિંદુ જાતિના તરફ જરા નજર કરો. આ દરિદ્ર, દીન, અતિદરિદ્ર, દેશના ગરીબ દરિદ્ર લોકોને કેટલા પ્રમાણમાં કેવા પ્રેમથી દાન કરે છે, તેના ઉપર જરા લક્ષ્ય કરો. અહીં આ પુરાતન દેશમાં લોકોનું એવા ઉત્તમ પ્રકારે અતિથ્ય થાય છે કે કોઈ પણ મનુષ્ય હિંદના ઉત્તર છેડાથી તે છેક દક્ષિણ છેડા સુધી કશાપણ સાધન વિના સુખ પૂર્વક પરિભ્રમણ કરી શકે છે. દરેક સ્થાને ઉત્તમમાં ઉત્તમ પદાર્થો વડે તેનું આતિથ્ય કરવામાં આવે છે. જાણે કે તે એક મિત્ર અથવા નજીકનો સંબંધી હોય એવી રીતેજ દરેક મનુષ્ય તેની સાથે વર્તે છે. આવો ભારતનો આદર સત્કાર છે. છેવટે દાન માટે એટલુંજ કહેવું બસ થશે કે કોઈ પણ ઠેકાણે રોટલીનો ટુકડો હોય ત્યાં સુધી આ દેશમાં કોઈ પણ ભિખારી ભૂખે મરતો નથી. " (સ્વામિવિવેકાનંદ.)

સહિષ્ણુતા એ ભ્રાતૃભાવનો બીજ મંત્ર છે. એ મંત્રને કુટુંબ સેવાથી સિદ્ધ કરી उदार चरितानां तु वसुधैव कुटुम्बकम् એવો પ્રેમભાવ ધીમે ધીમે આગળ વધી પ્રાપ્ત કરવાનો છે. જે જન્મથીજ આપણાં ઠર્યાં તેમનેપણ જો પોતાનાં ટેવી કે ગણી ન શકાય તો આગળ વધી દેશ સેવા-સમાજ સેવાની વાતો કરવી નકામી છે. " હું ખાઇશ અને મારા ભાઈ ભાંડરૂઓ અને તેમનાં બૈરાં છોકરાં શું ભૂખ્યાં રહેશે ? હું વસ્ત્રો પહેરીશ અને તેઓ શું નાગાં ફરશે ? હું જીવતો હઇશ ત્યાં સુધી તો આવું કદી બનશેજ નહીં. તેઓ મારી હયાતીમાં તો નાગાં ભૂખ્યાં નહીંજ રહે ". એવી અવિભક્ત કુટુંબ નીતિના હીમાયતીઓની ઉદાત્ત અને દીવ્ય ભાવના અનુમોદનીય નથી એમ કોણ વિચારશીલ સજ્જન કહેશે ?

જેઓને પશ્ચિમની કુટુંબનીતિ ઉપર મોહ હોય તેઓને નવીન પરણેલાં જુવાન સ્ત્રી પુરૂષનાં બીન અનુભવી જોડાંને આ કઠીન કપરી ભવાટવીમાં-સંસાર યાત્રામાં વૃદ્ધોના ભોમીઆપણાની કેટલી જરૂર છે, તે વાત લક્ષ્યમાં લેવા અમારી નમ્ર વિનંતી

છે આ સંસાર રૂપી રણક્ષેત્રમા ઉછરતી પ્રજા રૂપી નવ જુવાન અર્જુનને પોતાના અનુભવની ગીતા કહી સંભળાવી ધર્મ માર્ગે પ્રેરતા કૃષ્ણરૂપ પૂજ્ય વૃદ્ધોની સલાહ અને શીખામણથી આપણે બંધન મુક્ત થઇ વિજય મેળવી શકીશું, એવો સત્ય પ્રકાશ સૌ કોઇને થાવ એવી અમારી પ્રભુ પાસે પ્રાર્થના છે.

મા-બાપ, વડીલો, એ શિરછત્ર છે અને જેને માથે છત્ર હોય છે-ઢાકણ હોય છે તેને ચિન્તા પણ ઓછી હોય છે અને જે નિશ્ચિંત છે તે સ્વતંત્રતાનું સુખ પણ ભોગવી શકે છે અને સાહસ પણ ખેડી શકે છે એટલે અવિભક્ત કુટુંબના માણસો નિરૂત્સાહી નિરૂદ્યમી પરતંત્ર જેવા રહે છે એમ કહેવું વ્યાજબી નથી.

વડીલોની આમન્યા અકબ રાખવાની નીતિને પણ વખોડી નાંખવા જેવું નથી વસ્તુતઃ વડીલો ઘણે ભાગે ઘરના નાનેરાની શુ મરજી છે અને તેઓ બધા કેમ કરવાથી રાજી રહેશે, તે વાતને પુરતું વજન આપીનેજ આજ્ઞા કરે છે, એટલે દેખાવમાં ભલે વડીલોની આજ્ઞા પ્રમાણે થતું જણાય છે પણ અંદરખાનેથી બધો ઘરતંત્ર નાનેરાઓની ઇચ્છા પ્રમાણેજ ચાલતો હોય છે તે વાતને વજન આપવું ઘટે છે ઘરડાઓની-પુરૂષ વર્ગની બેઠક ડેલીએ અને સ્ત્રી વર્ગની પરશાળમાં હોય છે. એટલે ઘરનો અંદરનો તમામ ભાગ રાચ રચીલા સાથે નાનેરાને માટે યથેચ્છ નિર્દોષ આનંદ કલોલ કરવાને કાયમ ખુલ્લોજ રહે છે. કુટુંબ વાટીકાને કેદખાના રૂપે કલ્પવી-આળેખવી ન જોઇએ

અવિભક્ત કુટુબમા છોકરાઓની માવજત સારી રીતે લેવાય છે. મુદ્દલ કરતાં વ્યાજની ગણતરી વિશેષ થાય છે, તેવી રીતે વૃદ્ધો પોતાની પ્રજા કરતાં પોતાનાં પૌત્ર-પ્રપૌત્રાદિને દેખી વધારે હરખાય છે અને તેમની સભાળ લેવામાં તેમને રમાડવામા પોતાનો આખો નવરાશનો વખત આનંદથી ગાળે છે

આપણને જો આપણા માતાપિતા-વૃદ્ધો-વડીલો પ્રતિ આદર માન નહીં રહે તો આપણા બાળ બચ્ચાઓ પણ ઉમ્મરે પહોચતા આપણા તરફ તેવુંજ વર્તન ચલાવશે એ ભુલી જવા જેવું નથી

We call our fathers fools, so wise we grow,
Our wiser sons shall call us so

વડીલો પ્રતિ પૂજ્યભાવ રાખવાથી સરવાળે સૌને સુખી થવાનો વારો આવશે, એવુ શીક્ષણ પશ્ચિમની કુટુબ નીતિમાથી મળી આવતુ નથી

મોટા કુટુબમા કામની વ્યવસ્થા પણ હોય છે ખાસ કરીને બૈરાઓમા કામ વહેંચી આપવામા આવેલુ હોય છે અમુક દહાડે અમુકે રાધવુ તો અમુકે બહારનું કામ કરવું તો અમુકે છાશ દરણું સંભાળવું તો અમુકે છોકરા છૈયા સંભાળવાં એવી રીતે વ્યવસ્થા હોય છે એટલે કે એકની પાસેથીજ કામ લેવામા આવે છે એવું કહેવું વ્યાજબી નથી. તેમજ અવિભક્ત કુટુબમા એકજ જણ રળી રળીને

મરે છે અને બીજાઓ તેની કમાણી ઉપર મોજમજા ઉડાવતા માતેલા મસ્ત-સુસ્ત થઈ પડ્યા રહે છે એમ કહેવું તે અતિશયોક્તિ ભરેલું છે. કુટુંબમાં સાથે રહેતો પુરુષ વર્ગ દગડાઈ રાખ્યા વિના બને તેટલું વિશેષ કમાવાને ઇન્તેજાર હોય છે અને જેની કમાણી પ્રમાણમાં ઓછી હોય છે તેવાઓને ઘણું ખરું પોતાની ઓછી કમાઈ માટે મનમાં મોટો ખેદ રહ્યા કરે છે અને તેમને નિરંતર વધારે કમાવાની ખેંચ પણ રહેતી હોય છે. એટલે કે અવિભક્ત કુટુંબમાં રહેતી વ્યક્તિઓમાં વધારે કમાવાનો હરિફાઈનો જુસ્સો હમેશાં જાગ્રત રહે છે તે વાતની નોંધ લેવી ઘટે છે; પરન્તુ યત્ન કરતાં છતાં પણ પ્રારબ્ધવશાત્ કોઈનો પુરૂષાર્થ પ્રમાણમાં ઓછો ફળપ્રદ નીવડે તેવે વખતે તેનાં બાળ બચ્ચાંને અવિભક્ત કુટુંબરૂપ ધર્મશાળામાં જોઈતો આશ્રય મળે તેમાં હેતુ મૂલક કશી ખાસ હાની હોય એમ કહેવું યોગ્ય નથી. કુટુંબમાં સૌ કોઈ પોતાની કમાઈ એકઠી કરી સાથે રહીને સંપથી ભોગવે તેથી વધારે ઇષ્ટ શું હોઈ શકે ? સંપ ત્યાં જંપ. કવિ દલપતરામે કહ્યું છે કે "સંપે સંપત્તિ સાંપડે"–અને તે સંપત્તિ આપણી કુટુંબનીતિમાથી મળી આવે છે.

કોઈ કોઈ ઠેકાણે મ્હોટા કુટુંબમા મનને કલેશ-કચવાટ કરાવે તેવા બનાવો બને છે ખરા, પણ તેને લીધે આખી કુટુંબનીતિને વખોડી કાઢવી જોઇએ નહીં. કુટુંબ એ પણ એક જાતનું શરીર છે, શરીર ઉપર ગડગુમડ થાય ત્યારે તેને સાબુ, મલમના મુલાયમ ઉપચારથી મટાડવા પ્રથમ યત્ન થાય છે, તેથી તે ન મટે તોપછી બળતરા થાય તેવી ઉગ્ર દવાઓ લગાડી મટાડવાનું કરે છે અને તેથી પણ ન મટે ત્યારે ઓપરેશન કરાવી સડેલો ભાગ દુર કરવા તૈયારી થાય છે. તેવીજ રીતે કુટુંબ શરીર માટે પણ ધીરા, આકરા અને અતિ આકરા ઉપચાર લેવા ઘટે છે. એકદમ જરાતરા કાંઈક થાય એટલે કાપજ મુકવો અને આખી કુટુંબ સંસ્થા વિખેરી નાંખવી તે વિચાર શીલ મનુષ્યને વાજબી નહીં લાગે

'અનુભવથી મેં તો જોયું છે કે:—અવિભક્ત કુટુંબમા પણ ઓછી વધતી કમાઇ કરી લાવનારને તથા તેના સ્ત્રી-બાળ બચ્ચાને યોગ્ય સ્થાન-માન-લાલન' અવશ્ય અનાયાસે મળે છે અને તે કુદરતી રીત પણ છે, તેમજ પુરૂષ વર્ગને અમુક જણ વધારે કમાય છે માટે તેજ મોટો અને અમુક ઓછુ કમાય છે માટે તે હલકો એવા કશા કુતર્ક થતા નથી. બાળા માંહેના મણકા બધાય સરખાજ છે, એવી તેઓની ઘણે ભાગે ગણતરી હોય છે અને સૌકોઇ સાચા દિલથી કુટુંબના સંયુક્ત હીતને માટે કામ કરી રહ્યા છે કે નહીં એટલુંજ તેઓ જુએછે અને ઘણું ખરૂં સૌકોઇ પોત પોતાના ગજા પ્રમાણે કામતા હોવાથી તેઓનો સહકાર-સંપ મોળોપડતો નથી.

પરન્તુ સ્ત્રી વર્ગમાં તેથી ઉલટુંજ જોવામાં આવે છે. જરાતરામા ઓછું આણવુ, રહેજ વારમાં આંખમાં આંસુ વહેવડાવવા, અને જે કાંઈ નિખાલસ નિષ્પાપ ભાવે કહેવામાં આવે તેનો અણધાર્યો-અણચિંતવ્યો અર્થ કરી વિના કારણ રંજ કરવો અને કરાવવો એ સ્ત્રીઓનો સહજ સ્વભાવ છે એટલે કુટુંબ વાટીકામાં કંકાસના બીજ

આશ્વાસન હતુ અને જોગીડો પણ એ ગૃહસ્થનો આભારી હતો અને બ્હેનના અભ્યાસ માટે પોતે નિષ્ફિકર રહી વિચરી શકતો આ ગૃહસ્થના પત્ની હવે ચંપાના જેઠાણી ન હતા, પણ સાહેબનાં મિસીસ હતા દિવસમા ત્રણ વખત મટ્ટોગ ચ્હા પીતા, હાથ પગ, અને મ્હોંડુ વિલાયતી સાબુથી ઘસી ઘસી સાફ રાખતા. પટાવાળા અને નોકર–ચાકરથી કામ લેતા અને ગામ આખામા સાહેબના બાઇ ઉપનામથી ઓળખાતા રાજવતી મલમલના ઝાંઝર ભરેલાં ધાવસા અને નીલવર્ણી મનમનના પોલકા પ્હેરતા અને પારમણો પ્હેરે તેવી ફેશનેબલ રંગની સાડી દિવસમા આઠ વખત બદલાવતા સાંજે સાહેબ સાથે ગાડીમા બેસી કમેટી બાગમા ફરવા જતા રાત્રીએ આઠી ભરે તૈયાર કરતા દૂધ પુરી જમી મેડી પર ચાલ્યા જતા તે પ્રભાતના આઠ વાગે નીચે આવતા.

આ બાઇ સાહેબના રક્ષણ નીચે ચંપાના પુત્ર માટે સંસ્કાર કે શિક્ષણની આશા કેમ રાખી શકાય ? ચંપાનો પુત્ર બાઇના છોકરાં રમાડતો, પારણાની દોરી ખેંચતો, ન્હાં કે દૂધ પીધેલાં પ્યાલા રકાબી માંજી નાખતો અને રાત્રીએ બાઇની આજ્ઞા થતા નગ્ન પગવરા થએલો બાળક બાઇના પગ દાબવાએ બેસી જતો દિવસના કામકાજ અને અભ્યાસથી શ્રમિત થએલા બાળકને પગ દાબતા ઝોકુ આવે તો પાટુ મારતા બાઇ ચુકતા નહી આ વિષમ પરિસ્થિતિમા બાળકનો અભ્યાસ શી રીતે થઇ શકે ? આપણા અમલદારોને લક્ષ્મી અને વિદ્યા વરેલા છે પણ હૃદય વર્યા નથી એ પણ દેશના અધઃપાતનુ એક કારણ છે જોગીડાએ ચંપાનો ગત સન્ધ્યાએ આવેલો પત્ર લીધો

વડોદરા.
ઠે૦ ફિમેલ ટ્રેયનીંગ કોલેજ હોસ્ટેલ્સ
રવિવાર રાત્રી

પ્રિય ચિ૦ બાલુ !

ત્હમારો પત્ર મળ્યો છે મ્હારા દુ:ખી જીવનનો ઉદ્ધાર અભ્યાસથી છે એ દૃઢ સ્હમજી મ્હારા શિક્ષણક્રમમા ઉમંગથી આગળ વધુ છુ કે જેથી ભાઇ ઉપરથી બે-પાંચ વર્ષે પણ મ્હારી ચિંતાનો બોજો ઉતરે પરન્તુ દુર્દૈવે-શ્રીમાન્ એન્જીનીયર સાહેબના પત્નીએ મ્હારા સર્વ અભિલાષને અકાળે કચડી નાખ્યા છે સ્નેહી અને શુભેચ્છક બની એ લોકોએ આપણી આંખમા ધુળ નાંખી છે તેમને સોંપેલો બાળક એક ગુલામથીયે દયાપાત્ર સ્થિતિમાં છે વાસના અને વિલાસના દંપતી, પારકાના બાળકને સંસ્કાર ક્યાંથી આપી શકે ? ભણી બ્હેનને હૃદય નથી અને સાહેબને આંખ નથી

ભાણેજને સંભાળવો એ મામાનુ ધર્મ્ય-કર્તવ્ય છે મ્હારા અભ્યાસ માટે સર્વ પ્રબંધ હવે ત્હારેજ કરવાનો છે જોગીડો જોગ ઉતારી ઘેર વળે તોજ આ કલ્યાણ કાર્ય થઇ શકે તેમ છે પત્ર જરૂર લખશો ત્હમને કુશળ અને સુખી ઇચ્છુ છુ બાને પણ આજે પત્ર લખુ છુ એ નિરાધાર પુણ્યવંત જીવોની મોંઘી અભિલાષ પ્રભુ ક્યારે પૂર્ણ કરશે હાલ તો એજ

લે૦ અનેક શુભેચ્છા સહ
ચંપાના આશિષ

અરેર ! બ્હેન ! ત્હમારૂં ભાગ્ય વિચારૂં છું અને ક્ષણે ક્ષણે દુ:ખી થાઉં છું. ગભરાઇશ નહિ ! રોઇશ નહી ! ત્હારાં નેત્ર લુછવાનો અધિકાર નથી તે નથીજ પરંતુ તને દૂરથી સલાહ અને સહાયતા આપવાનો મ્હારો પરમ ધર્મ છે. બ્હેન ! એ ધર્મ ચુક્યો હોઉં એવું ધારશો નહી. ત્હારા સરખી શીલવતી અને હૃદયસંપન્ન બ્હેન માટે સર્વસ્વનો ભોગ આપવાને તૈયાર છું. ત્હારૂં કલ્યાણ એજ મ્હારો સર્વ શ્રેષ્ઠ મનોરથ છે. ત્હારાં વ્હાલને હું કેમ વિસરૂં ? મ્હારી આ જીવન્ત ભાવના તું ન સ્હમજે એમ હોય નહી, પણ બ્હેન ! હું સાધન વગરનો થઇ ગયો છું. એકલો અટુલો અરણ્યમાં આથડું છું. તને આપી શકું એવું મ્હારા પાસે હવે શું રહ્યું છે ? મ્હેં સંસાર છોડયો, સમૃદ્ધિ છોડી, તો હવે તુંજ કહે કે હું કેવી રીતે મદદરૂપ થઇ શકું ? અરેરે ! આમ અકાલે ભગવા પ્હેર્યાં નહી હોત તો ઠીક હતું. તોપણ બ્હેન ! ધૈર્ય રાખ ! આ સંન્યાસ ત્હારા માટે નથી. ત્હારો તો હજુયે ' બાપુડો ' છું. ન્હાનો ભાઇ છું. બ્હેન ! ત્હારી સેવા માટેજ, ત્હારા સરખાં દુ:ખી આત્માઓના કલ્યાણ માટેજ આ ભગવા વેષ છે. પ્રભુ શુદ્ધ સમો પ્રેમ ભર્યો મ્હારો ત્યાગ છે એ નિશ્ચય માનજે !

\+ \+ \+ \+ \+

સખિ ! શુદ્ધ સમો મુજ ત્યાગજ છે,
નહી કલેશ ભર્યો મુજ જોગજ છે
મુજ ત્યાગ સખિ ! બસ ! પ્રેમ ભર્યો,
સખિ ! તેથીજ અંતરથી ક્ષમજો !!

× × × × ×

અનેક દુ:ખી આત્માઓનાં આર્તનાદો, સ્નેહ અને સંબંધના યોગે આ હૃદયને ભેદી નાખે છે. તેનાં ખુનમાંથી વ્હેતા લાલ રૂધિરથી આ હૃદય રંગાયું છે. બસ ! બ્હેન ! આજ મ્હારો સૂક્ષ્મ જોગ છે. તો બહારના આ અગ્નિ સમા રંગની જરૂર શી ? ચંપા ! મને માફ કરજે ! મ્હેં આ ભગવાં પ્હેરતા ભૂલ કરી એ હું આજેજ શીખ્યો.

બ્હેને ! મેના બ્હેન પોતાને ઘડીભર સુખી માને. પરંતુ મ્હારી દ્રષ્ટિએ એ ભ્રષ્ટ જીવનને દુ:ખમાં રઝળતી જોઉં છું. અને આ વિષયવાસનાની તૃપ્તિ ! એથીયે સુખ શું ? ભર્તૃહરિ કહી ગયા છે કે—' भोगे रोग भयं ' પરિણામે રોગ છે, વિનીપાત છે, સર્વ નાશ છે. અને કુમારી માનસરોવરનાં સાચા મોતીડા ચરનાર રાજહંસિણી સરખી ન્હાનું બાળની પુણ્ય ભરી પવિત્ર પુત્રી વિલાપ કર્માં ડૂબેલી કાગડાને હાથ ગઇ. અરેરે ! ગિરનાર સરખા પુણ્ય ધામમાં અનાચાર કરવા ઇચ્છા કરતા કેસરીપ્રસાદ સરખા ઉતરાવસ્થાએ પ્હોંચેલા ગૃહસ્થીએ વિચાર સરખો ન કર્યો, તો મેના બ્હેન જેવી અજ્ઞાન મુર્ખ અને બાળ સ્ત્રીને પાપ–પુણ્યનો વિચાર શો હોય ? એ બાપડી ભપકો જોઇ ભરમાઇ ગઇ છે હાય ! સ્ત્રી જીવન અને શીલરક્ષણની ભવ્ય ઇમારતને જગતના ઝેરી પવને જમીનદોસ્ત કરી નાખી છે. જોગીડો સમાજની ભય કરતા વિચારતા મ્હોટેથી રોઈ પડયો. (અપૂર્ણ)

મ્હારી વીતક વાર્તા

અથવા

એક સહૃદય વિધવાની આત્મકથા.

(લેખક-મુનિશ્રી છોટાલાલજી)

ગતાંકથી ચાલુ—

પ્રકરણ ૭ મું.

અનીતિના માર્ગે.

અરે ! મારી વૃત્તિ હૃદય મમ ને તન મુજ એ,
ઘડીમાં શું જુદાં થઈ બન્યાં મોહવશ રે !
અરે ! નિર્માયું શું મમ હૃદયને મુળ મળવું ?
અને આ દુર્ભાગી હૃદય કુમળાને સળગવું !

કલાપી.

વિધવા થયાને દિવસો, મહિનાઓ અને વર્ષો વીત્યાં લગભગ ૫-૬ વર્ષ તો સુખે કહો કે દુ:ખે કહો પણ વીતાડયાં અને તે પણ પવિત્રપણેજ વીતાડયાં. પુનનું પાલન કરવામાં અને તેને ઉછેરવામાં દિવસો પસાર થતા છતાં હું હૃદયથી સુખી ન હતી અને તેનું કારણ આગલાં પ્રકરણોમાં અનેકવાર જણાવી ગઇ, તેમ હું આશ્વાસન વિનાની હતી. મ્હને કોઇ મ્હારૂં કહીને બોલાવે તેમ ન હતું, તેથી હું મ્હને હમેશાં દુ:ખી માનતી અને કોઈ પવિત્ર હૃદયથી આશ્વાસન આપનાર મળે તો ઠીક એજ વિચાર કર્યા કરતી એવામાં એક દિવસે અમારા ગામના એક ગૃહસ્થ કે જેને ગામના લોકો પવિત્ર માનતા અને દયાળુ માનતા તે કાંઇ કામ પ્રસંગને લેઇ મ્હારે ઘેર આવ્યા જે કાર્ય પ્રસંગે તે આવ્યા હતા તે કાર્ય સંબંધી વાતચીત કરી અને પછી તેમણે કાંઇક દયાની લાગણીથી મ્હારી સ્થિતિ સંબંધી હકીકત પૂછી મ્હેં કેટલીક જે કહેવા જેવી હતી, તે સામાન્ય હકીકત કહી, તે સાંભળીને મ્હને કાંઇક તેમણે ધીરજ આપી તેમજ જોઇતી મદદ માગવાને માટે આગ્રહથી ભલામણ કરી અને તે એવા શબ્દોમાં ભલામણ કરી કે મ્હને તેમના પ્રત્યે–તેમના મીઠા શબ્દો પ્રત્યે માન ઉત્પન્ન થયું, કાંઇક લાગણી થઇ અને તેમનો ઉપકાર માન્યો તેમણે મને ઘણું આશ્વાસન મ્હારી દુ:ખકથા સાંભળીને આપ્યું તેમજ આર્થિક સહાય કરવાને માટે, તેમજ ગમે તે ટાંણે બીજા કોઇ કામપ્રસંગે મદદ માગવામાં અચકાવું નહિ જોઇએ એવી ભલામણ કરી વળી હરવખત કુશળ ખબર કહાવતો રહીશ એમ કહી તે ચાલ્યા ગયા એ વખતે એમના હૃદયમાં વિષયનું ઝેર હતું કે નહિ, તે હું કાંઇ કહી શકતી નથી, પણ પાછળથી તો એ ઝેર એમણે ખાધું અને મ્હને ખવરાવ્યું એ કથા જરા સાંભળો –ઉપર જણાવેલ સદ્‌ગૃહસ્થ હરવખત મ્હારી સંભાળ લેવા, વારંવાર મ્હને કાંઇ જોઇએ છીએ કે કેમ તે પૂછવાના બ્હાનાથી વારંવાર મ્હારે ત્યાં આવવા લાગ્યા અમારો પરિચય દિનપ્રતિદિન વધતો ચાલ્યો

બાળક તો નિશાળે ભણવા જાય, એટલે ઘરમાં હું એકલી હોઉં તેવા વખતે એ આવતા પણ મ્હારા મનમાં તેમના માટે પવિત્રજ ભાવ હતો, હું એક પરોપકારી-દયાળુ-સજ્જન તરીકેજ તેમને નિહાળતી પણ તેમના મનમાં દુષ્ટ ભાવના હતી તે હું શરૂઆતમાં સમજી શકી નહિ એ મ્હારા પર અનેક ઉપકાર કરવા લાગ્યા જોકે તેમ કરવામાં તેમની વૃત્તિ કદાચ પરિણામે દુષ્ટ હશેજ, પણ તેમણે મ્હારાપર અનેક ઉપકારો કર્યા મ્હને બે ત્રણ પ્રસંગે કે જે પ્રસંગો મ્હારા માટે બહુજ મુશ્કેલીના હતા, તેમાં તેમણે બહુજ ઉપયોગી સહાય કરી તેથી તેમનાપર મ્હને વધુ લાગણી થઇ હું તેમના ઉપકારના બોજા તળે દબાઇ મ્હારી વ્યવહારૂ વાતો પણ મ્હે તેમને કેટલીએક કહી. બન્નેમાં ધીમે ધીમે પરિચય વધતાં સ્નેહ કહો કે મોહ કહો પણ તે વૃદ્ધિ પામતો ગયો, એમ લગભગ બારેક મહિના વીતી ગયા અને અમારો પરિચય દૃઢ થયો, જોકે આથી લોકોને જરાજસાજ શંકા પડવા લાગી, પણ તેમના પ્રત્યે લોકલાગણી સારી હોવાથી કાંઇ વિશેષ વાત ન થઈ બાર મહીના વીતી ગયા પછી એક દિવસ મ્હને તાવ આવેલો અને મ્હારો પુત્ર નિશાળે ગએલો બપોરના વખતે હું સુતી હતી, તે વખતે તે ગૃહસ્થ આવ્યા અને મ્હને પૂછ્યું કેમ છે? મ્હે તાવ આવવાનું જણાવ્યું તાવ કેવોક છે, તે જોવાના બ્હાનાથી તેમણે મારા શરીરને સ્પર્શ કર્યો તે વખતે એકાન્તનો સમય હોવાથી શરીરના સ્પર્શથી તેમના શરીરમાં વિકાર-મનમાં વિષયવૃત્તિ ઉત્પન્ન થઇ તે વખતે તો હું પવિત્ર રહી ગઇ, પણ પછીથી, તે મ્હારાપર દયાળુ કરવા લાગ્યા શરૂઆતમાં તો હું થોડા દિવસ તેમની ઇચ્છાને આધીન ન થઇ પણ તેમના અનેક ઉપકારના બોજા તળે દબાએલી હોવાથી છેવટે હું તેમની પાસે નિર્બળ બની ! મ્હારૂં અધઃપતન થયું ! મ્હારા પવિત્ર માનસજીવનને મ્હે ધૂળ મેળવ્યું ! મ્હારા સદ્વિચારો, સદ્ભાવના અને સદ્વૃત્તિ એ સર્વે નાશ પામ્યા જેમને હું પવિત્ર અને શુદ્ધ માનતી હતી તેમણે મ્હને અપવિત્ર બનાવી એમણેજ મ્હારા પરિચયની શરૂઆતમાં મ્હારો વિશ્વાસ સંપાદન કરવાના હેતુથી મ્હને પવિત્ર જીવન ગુજારવાને માટે ઉત્તમ બોધ આપ્યો હતો અને તેથીજ તેમના પર મ્હે વિશ્વાસ મુકયો હતો, પણ તે બોધ માત્ર ગળા ઉપરનો હતો માત્ર ધોળાપડદા નીચે રહી કાળાં કર્મને છુપાવવા માટેનો તે હતો અને જ્યારે મ્હે તેમના જીવનનો અભ્યાસ કર્યો ત્યારે મ્હે પાછળથી જાણ્યું કે તેમણે મ્હારા જેવી ૫-૭ વિધવાઓના જીવનને ખરાબ કર્યું હતું જ્યારે મ્હને આ વાતની ખબર પડી ત્યારે તેમનાથી હું ઉદાસ થતી પણ એ વાતની ખબર મ્હને બહુ મોડી પડી કે જે વખતે મ્હારૂં સર્વસ્વ-અંતર ધન લુંટાઇ ગયું હતું અને તેને પણ કેટલા એક મહીના વીતી ગયા હતા મ્હારી પોતાની આ સ્થિતિ થવાથી મ્હને એમ વિચાર આવે છે કે, જે જે મનુષ્યો-ખાસ કરીને પુરૂષોજ વિધવા સ્ત્રી સ્વભાવિક હલકી બુદ્ધિની હોય છે તેની મનોવૃત્તિ ચચળ હોય છે તે અનીતિના માર્ગે અતિ જલદીથી પ્રયાણ કરે છે વગેરે કહે છે તે લગભગ અસત્ય જેવુંજ છે અમારામાં જેટલી શરમ અને આબરૂના રક્ષણની ભાવના હોય છે તેના સોમે ભાગે પણ પુરૂષોમાં હોવાની શ્રદ્ધા મને નથી પોતેજ ભ્રષ્ટ અને અનીતિમાન હોવાથી પોતેજ પવિત્ર સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા હોવાથી પોતાનો બચાવ કરવા માટે આખી સ્ત્રીજાતિને નિંદે છે મૂળથીજ જાણે સ્ત્રીજાતિનો અનાદર અને તિરસ્કાર તો છેજ 'નારી નર્કની દીવડી' 'નારી નર્કની ખાણ' વગેરે વગેરે કથનો ખોટા જુલમી અને એક દૃષ્ટિએ અધમતા પામેલા કવિએ જોડી કહાડી અમારા માટે હલકો મત જનસમાજમાં ઉત્પન્ન કરાવ્યો પણ એવા જોડકણાં જોડનારને એવો વિચાર કેમ નહિ આવ્યો હોય કે સ્ત્રી અનીતિમાન છે, પણ તે કોને લઇને ? પુરૂષો જે

સમયના પ્રવાહમાં.

છુપો સત્કાર—આ માસિકના લેખોથી આકર્ષાઇને વા કોઇ અદ્રશ્ય હેતુથી પણ અમને બે માસ ઉપર રૂા. ૧૦૦ એકસોની રકમનો એક મનીઓર્ડર મળ્યો છે. મનીઓર્ડરના કુપનમાં "વ્યવસ્થા માટે જુદો પત્ર લખીશું" તેમ જણાવેલ હોવાથી અમો તે પત્રની રાહમાં આ રકમ ડીપોઝીટ રાખી રહ્યા છીયે. આ છુપી લાગણી દર્શાવનારનું પુરૂં નામ પણ અમે પત્રની આશાએ ન રાખી શકવાથી સ્મરણને અનુલક્ષી અકલુજ ગામના તે ગૃહસ્થ હશે તેમ કલ્પના થતા ત્યાં પત્રથી પુછપરછ કરી છે, પરંતુ કશો ખુલાસો મળી શકયો નથી. તો આ રકમની શું વ્યવસ્થા કરવી તેમ મોકલનાર ગૃહસ્થ જણાવવા કૃપા કરશે તેમ આશા છે. અમારા માનવા પ્રમાણે આ રકમ મોકલવાના નીચે પ્રમાણે ઉદ્દેશ હોવા જોઇએ.

૧ ચોકસ પદ્ધતિના ઇનામી લેખો લખાવવામાં વાપરવા.

૨ માસિકના જીવનને પુષ્ટિ આપવાની લાગણી દર્શાવવા.

૩ કોઇ ચોકસ લેખથી પસંદ થઇને તે લેખકની કદર કરવા.

પરંતુ આ કાલ્પનીક ઉદ્દેશનો નિર્ણય તો સ્હાયકની ઇચ્છા જાણ્યા પછીજ થઇ શકે. આર્યભૂમિમાં આવા સાહિત્યના ગુપ્ત પૂજારી હોવા માટે તેમને ધન્યવાદ આપવાની આ તકે અમે જરૂર જોઇયે છીયે.

વસ્તીની ગણત્રીમાં નવો ફેતવો—ફ્રાન્સની પ્રજા વૈભવશાળી થઇ જવાથી ત્યાંની સ્ત્રીઓમાં લગ્ન કરી જીવનપરાધિન બનાવવાનો કંટાળો વધી ગયો અને પુરૂષોએ પણ પોતાની વિકારતૃપ્તિના સ્થાનો વધી જવાથી હુમેશની જવાબદારીવાળી જુંસરી સ્વીકારવા તરફ બેદરકારી કરી; તેના પરિણામે ત્યાં પ્રજા વધવાને બદલે ઘટવા લાગી અધુરામાં પુરૂં લડાઇએ ઘણાનો ભોગ લીધો એટલે હવે પ્રજાવૃદ્ધિ માટે ત્યાંની સરકારે બાળકો જણનારને ઇનામ આપવાના, કુંવારા માટે અંકુશ મૂકવાના વગેરે નવા નવા કાયદા કાઢવા માંડ્યા છે. હિંદને તેવા ફતવાની જરૂર હોય તેમ અમે માનતા નથી, પરંતુ આ વર્ષે થનારી વસ્તીની ગણત્રીમાં બંગાળાના સેન્સસ ખાતાએ એક નવીન ફોર્મ કાઢયું છે. જેમાં સ્ત્રીને તે પોતાના ધણી પાસે પ્રથમ ક્યારે ગઇ ? કેટલા બાળકો જીવતા જન્મ્યા ? કેટલાં મરી ગયાં ? હાલ કેટલાં બાળકો છે ? આવા પ્રશ્નો પુછાશે, તેમ ખબર બહાર આવ્યા છે. બંગાળને શું આવા ફતવાની અપેક્ષા છે ?

સ્ત્રી હક્ક માટે મી. બેનસ્પુર—મી. બેનસ્પુર જે ઇંગ્લાંડના મજુર પક્ષ તરફથી હિંદની પરીસ્થિતિનો અભ્યાસ કરવા હાલમાં ઉતરેલ છે તેમણે સુરતમાં મતદારોની પરીષદ મળી હતી તેમાં હાજરી આપી હતી. તે હિંદમાં તુર્તમાંજ આવેલ હોવાથી આ પરિષદમાં સ્ત્રીઓની મોટી હાજરી જોઇ બહુ આશ્ચર્ય પામ્યો

કેમકે તેના કહેવા પ્રમાણે ઇંગ્લાંડમાં એમ મનાય છે કે 'હિંદમાં સ્ત્રીઓને ગુલામ તરીકે રાખવામાં આવે છે, તેઓ પડદે પોષ રહે છે. તેઓ દુ:ખી છે ને તેમને ઢોરની માફક ગણવામાં આવે છે,' પણ અહીંનો દેખાવ જોવા પછી તેમણે જણાવ્યું કે "હાઉસ ઓફ્ કોમન્સમાં હિંદની સ્ત્રીઓને મતાધિકારનો હક્ક આપવા માટે લડત ચલાવવામાં આ દેખાવથી મને બળ મળ્યું છે. અમારી પાર્ટીની એવીજ માન્યતા છે કે સ્ત્રી-પુરૂષોને સરખા હક્ક હોવા જોઇએ અને હું તમોને ભલામણ કરૂં છું કે સ્ત્રી-પુરૂષો સાથે મળી કામ કરવા શીખશે તેજ લાભ થશે."

દેશ સેવામાં સ્ત્રીઓનો હિસ્સો—મહાત્મા ગાંધિ અત્યારે દેશસેવા માટે જે જીવન અર્પી રહ્યા છે, તેમાં તેમણે વખતો વખત ખુલ્લું જણાવ્યું છે કે દેશની સ્વતંત્રતામાં સ્ત્રીઓનો હાથ પણ કિંમતી છે. રાષ્ટ્રિય શિક્ષણને માટે છુટા હાથે મદદ આપી હિંદના ઉત્તરથી દક્ષિણ છેડા સુધીની સર્વ બ્હેનોએ આ વાતની ખાત્રી પણ કરી આપી છે. લોભ વૃત્તિ, અને આભુષણ પ્રેમ માટે સ્ત્રી સ્વભાવ પરત્વે જે ટકોર થતી હતી તેને આર્ય મહીલાઓએ ખોટી પાડીને રાષ્ટ્રિય કેળવણી માટે પોતાના આભુષણો-અલંકારો પ્રેમથી ઉતારી આપીને પુરૂષોને પાનો ચડાવ્યો છે.

ગાંધીની ચાર ભીક્ષા—સ્ત્રીઓ દેશસેવામાં કેવી રીતે ફાળો અર્પિ શકે તે માટે તેમણે ખેડાની સ્ત્રી સભામાં ચાર ભીક્ષા માગી હતી.

૧ **પવિત્રતા**—સ્ત્રીઓની પવિત્રતા રેંટીયો ઘરમાં આણીને સુતર કાંતવામાં છે. મેં ઘણી બ્હેનોને મીલોમાં જતાં-કે પરાયાં કામ કરતાં પોતાની પવિત્રતાને જોખમમાં મુકાયેલી સાંભળી છે. જ્યારે આંગણે રાખેલો પવિત્ર રેંટીયો તે ભયથો બચાવે છે અને પૈસો પ્રાપ્ત કરાવી-દેશને મદદ કરવા સાથે જીવનને પવિત્ર બનાવે છે. આવી પવિત્ર બ્હેનોજ દેશ ઉદ્ધારક પુત્રો આપી શકે છે. તેમણે શીખ પરિષદમાં સ્ત્રીઓને જણાવ્યું હતું કે—

'તમારે ત્યાં આજે ગુરૂ નાનક અને ગુરૂ ગોવીંદસીંગ જેવા ગુરૂઓ છે? તમે તલવાર ખેંચવા માગતી હો તો ગુરૂ ગોવીંદસીંગ અને ગુરૂ નાનકને પેદા કરો. કામ ક્રોધ મદ મોહ મત્સરને જીતશો તોજ તમે એવા વીરોની માતા થઇ શકવાની છો. એ ગુરૂઓ વીના તલવારને આજે અવકાશજ રહ્યો નથી. આજે તો તમારે તમારા આવેશને દબાવવા કુરબાની કરતાં શીખવું, તમારો પરદેશી લેબાસ છોડવો, તમારાં ઘરેણાં તજવાં અને નાનકનાં ભજન ગાતાં ગાતાં નામિલવર્તન કરવું એજ તમારી ફરજ છે.'

૨ **સ્વદેશી ધર્મનું પાલન**—આ વિષય ઉપર બોલતાં ખેડામાં તેમણે જણાવ્યું કે-"સ્ત્રીઓને તો મારી દીન વચને પ્રાર્થના છે કે સ્વદેશી તો તમારા હાથની વાત છે. કાંતવું એતો તમારો ધર્મજ છે. પુરૂષો સામે તમારે તમારો પોતાનો દાખલો મુકવો જોઇએ. ખાદીમાં ભાર હોય છે એવી ફરીયાદ માતાઓ તો નજ કરી શકે. નવ મહીના પ્રજાનો ભાર આનંદથી ઉપાડનાર માતા એકશેર ભાર મને અસહ્ય



શોભીનીયા તેલ.—શીના વાળને લીસા અને કાળા બનાવી મગજને ઠંડક આપે છે કીં રૂા ૧-૦-૦
મોહીની એજન્સી, જુમામસીદ—મુંબઈ

પ્રીન્સ ઓફ વેલ્સ ડી. ના સરજન ડાકટરે પાસ કરેલી.

ગર્ભજીવન.

પ્રદર, લોહીવા, અનિયમીત રૂતુ, પેડુમાં દુખાવો, હિસ્ટ્રીઆ, સુવારોગ, જીર્ણજ્વર, કાઠે રતવા, ગર્ભાશયનો સોજો ને કમળના અનેક રોગ વિજળીની પેઠે નાશ પામી ગર્ભ રહે છે. આ દવાથી આશા મુકેલી મોટી ઉમરની સેંકડો સ્ત્રીઓના ઘેર ઘોડીઆ બંધાયાં છે. થોડાં સર્ટીફીકેટો વાંચો—ડૉ. તુલજારામ ચુ ખાંડવાલા એલ. એમ. એન્ડ. એસ. તમારી દવાઓ અકશીર છે. આણંદરાય બી. એ. એલ. એલ. બી. રાજકોટ દવા વાપરી સંતાપ થયો છે. મણીલાલ નભુભાઇ બી. એ. નડીઆદ દવાઓ ઘણી સારી છે. માણેકલાલ બા. થાણદાર દાંતા. તમારી દવાથી ચી. જન્મ્યો. વાડીલાલ ના. વેજલપુર બે સંતાન થયાં. ઠા. સા. પૃથ્વીસીંહજી સુદાસણા, દવાથી કુંવર જન્મ્યા. ઇનામ રૂ ૧૫૦) સ્વીકારશો. ઠા. સા. વડાગામ. કુંવરનો જન્મ થયો રૂા. ૧૨૫) મોકલ્યા છે, કૃષ્ણશંકર ગી. શીરસ્તેદાર હાઇકોર્ટ મુંબાઇ જાહેર ખબરથી ઠગાએલાઓને તમારી દવાનો અનુભવ લેવો જોઇએ. વીઠલદાસ વી. માણસા બાળકી જન્મી રૂા. ૧૦૦) મોકલ્યા છે. ચારીનમીઆં બી. એ. ઇન્સપેક્ટર હાલોલ છોકરી જન્મી છે. શેઠ હાથીચંદ ઝ. પેથાપુર તમારી દવાથી પુત્ર જન્મ્યો. શેઠ શરૂપચંદ દો. માણસા દવાથી ચી. નો જન્મ થયો. ભવાનીશંકર ડે. એ. ઇ. શા. જામનગર દશ માણસને દવા આપી તેમાં એકે કેશ નિષ્ફળ ગયો નથી. દોરાબજી દા. ખંભાતા. આ સરાફ મુંબાઇ બેંક પુના. હીસ્ટ્રીઆ, પ્રદર ને લોહીવા ઘણા દરદીને ૨૪ કલાકમાં મટ્યા છે. ફુલંદતા. મ્હેચ સ. આ. સરજન મેસોપોટામીઆ તમે દવાની કિમ્મત પચાસ રૂા. રાખી હોત તો કમતી છે. ચંદુલાલ ઉ. ઝાંપડાની પોળ અમદાવાદ, દવાથી ફાયદો છે. રૂપા રામદાસ હે. મી. સાદરા, હું નહોતી ધારતી કે સ્ત્રી વર્ગની શોધ આટલી બધી ફતેહમંદ નીવડશે. કેવળદાસ ડાકટર માણસા, તમારી બે દવાઓ અજમાયશમાં લીધી. ગુણ લખવા મુજબ છે. વકીલ વિદ્યાશંકર પાટણ ગર્ભજીવન દવામાં કાંઇ દૈવી શક્તિ જણાય છે, મહારાણાશ્રી જસવતસિંહજી દાંતા, પ્રથમ આવેલી ઓરતોના રોગની બીજી ચાર ડબીઓ વી. પી. થી મોકલો. છગનલાલ હ. ન્યાયાધીશ માણસા તમારી દવાઓ અકસીર છે, મહેરબાનું કા. ડાવર તમારી દવાઓ રામબાણ છે. ચંદુલાલ મી. પારીસ દવાથી ફાયદો થયો છે.

ખાવાની દવા પોટલીઓ ને કટીસ્નાનના ઉપચારથી સ્ત્રીઓના હઠીલા દરદો ટુંક વખતમાં મટાડીએ છીએ. ગર્ભજીવન દવાની કીંમત રૂા. ૩-૦-૦

ગંગાબાઇ પ્રાણશંકર હે. મી.

વિક્ટોરીઆ સ્કુલ મુ. માણસા—(ગુજરાત)

બાલને સાફ, સુંદર બનાવનાર—

કામીનીઆ ઑઇલ.

મળવાનું ઠેં૦—એંગ્લો ઇન્ડીયન ડ્રગ કેમીકલ કું૦—મુંબઈ.

સોલ એજન્ટ—અમીચંદ ડાહ્યાભાઈ—ઠે૦ ખારગેટ—ભાવનગર.

(રજીસ્ટર્ડ.)

વાપરવું અત્યંત ફાયદાકારક હોવાથી તેના આ અલૌકિક ગુણો વીશે વીચાર કરવાની જરૂર નથી. હજારો લોકોએ કામીનીઆ ઓઇલ વાપરી જોયું છે તમો પણ એજ તેલ વાપરવું શરૂ કરો, તેનાથી તમોને ખરચેલા પૈસાનો પુરે પુરો સંતોષ મળશે.

Shravika Reg No. B. 1289

પુ ૫ મું.
અંક ૭-૮

સ્ત્રી સુખ દર્પણ.

મે-જુન
સને ૧૯૨૧

તંત્રી શેઠ દેવચંદ દામજી-કુંડલાકર. વ્યવસ્થાપક-શાહ ગુલાબચંદ લ-લુભાઈ-ભાવનગર.

અનુક્રમણિકા.

નંબર	વિષય	પૃષ્ઠ
૧	મહાત્માઓની શાન્ત વાણી...	૫૯
૨	પાપનું પ્રાયશ્ચિત	૬૦
૩	બાલકના પ્રશ્નો	૬૭
૪	લગ્ન પ્રચાર ..	૭૧
૫	પ્રિતમજી સાડી ખાદીની મંગાવો...	૭૩
૬	સ્વદેશીની સાચી સમજ.	૭૩
૭	સુરતને સગવરીપેરે...	૭૪
૮	આપણે પીવાનું પાણી....	[illegible]
૯	સ્ત્રીઓની શિક્ષાપત્રી.	૭૬
૧૦	પ્રાસ્કેવીયાનો પિતૃપ્રેમ	૮૧
૧૧	વનસ્પતિ ઉપર રંગીદર્શનની અસર	૮૫
૧૨	પારણીએ પોઢતા બાળકને સ્વદેશનું સ્ફુરેલું આત્મજ્ઞાન.	૮૮
૧૩	પ્રેમની પ્રતીતિ	૮૯
૧૪	સમયના પ્રવાહમાં...	૯૯

શ્રીસુખ દર્પણ (શ્રાવિકા) નું વાર્ષિક લવાજમ પોસ્ટ સાથે રૂા. ૩-૦-૦
હિંદુસ્થાન બહારના મુલક માટે રૂા. ૪-૦-૦
લખો:—શ્રીસુખ દર્પણ-શ્રાવિકા ઓફીસ, ભાવનગર (કાઠીઆવાડ).

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમ્બર, બરાસકપુર, ઉંચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોના ચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઇ, શીલાજીત, મોતીનો સુરમો વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.
જુમામસીદ, નં. ૧૨૭ મુંબઇ.

પુ. ૫ મું.　　મે-જુન　　અંક ૩-૪ થો.

મહાત્માઓની ભવ્ય વાણી.

" તમારા સાંકડા દરમાંથી બહાર નિકળી બીજા લોકો તરફ જરા ડાગા ઉંચાડી જુઓ ! અન્ય પ્રજાઓ કેટલી ઝડપથી આગળ વધતી જાય છે ! મનુષ્યજાતિપર તમને પ્રેમ છે ? તમારી જન્મભૂમિપર પ્રેમ છે ? જો તેમ હોય તો ચાલો, આપણે બધા જે જે વધારે ઉચ્ચ અને સારૂં છે તેને માટે જીવતોડ મહેનત કરીએ. "

' જે ધનવાનો ગરીબોનો લોહી વાળી પૈસા મેળવી પોતાના ઠાઠમાઠવાળા પોષાકમાં આમ તેમ ફરે છે, તેઓ જ્યાં સુધી ભૂખે મરતા અને જંગલી કરતા જેમની સ્થિતિ કોઈ પણ રીતે ચઢીઆતી નથી, એવા વીશ કરોડ માણસોને માટે કંઇ પણ કરતા નથી, ત્યાં સુધી તેમને હું દ્રોહી ગણું છું.'

સ્વામિ વિવેકાનંદ

" હમણાં આપણે આપણા દેશને માટે અનેક દિશામાં અહર્નિશ પ્રયત્ન કરવા જોઇએ ઉજ્વળ દેશભક્તિથી પ્રેરાઇને જો આપણે આપણા દેશને સર્વાંગ સુંદર બનાવવાનો યત્ન કરીશું તો હમણાંની લજ્જામણી સ્થિતિ ઝાઝા દિવસ ટકી શકશે નહિ એ સ્પષ્ટ છે આજે જ્યાં પણ નજર ફેંકીએ ત્યાં કામના ઢગે ઢગ પડેલા છે તેને ખમેડવાને માટે હજારો સુશિક્ષિતોએ પોતાના જાત અર્પણ કરવી જોઇએ. આપણા ઉપર પ્રચંડ જવાબદારી રહેલી છે એમ સમજીને તેમને સ્ફુરણ થવું જોઇએ જે ક્ષણ દેશકાર્ય સિવાય ઈતર ઉદ્યોગમાં ગઇ તે ફોગટ ગઇ છે એવી મનમાં તાલાવેલી લાગવી જોઇએ જેનું ચિત્ત દેશમય થઇ ગયું છે તેને ઈશ્વર માતૃભૂમિનો ઉદ્ધારક બનાવ્યા સિવાય રહેશે નહિ.

ગોપાળ કૃષ્ણ ગોખલે

પાપનું પ્રાયશ્ચિત.

લેખકઃ--જગજીવન માવજી કપાશી ચુડા.

(૨)

ને ઘોડા ઉપરથી પડતા પડતા આસપાસનાં માણસોએ જો બચાવી લીધો ન હોત તો વૃદ્ધાવસ્થાને લઈ મારી શી સ્થિતિ થઈ હોત તે હું તમને અત્યારે કહી શકતો નથી; પરંતુ જે થયું તે સારાનેજ માટે એમ સમજીને હું પુનઃ સ્વસ્થ બનીને ઘોડા ઉપર બેઠો અને ઘોડીજવાર માં હું શ્વસુર-ગૃહે આવી પહોંચ્યો. ત્યાં આવ્યા પછી એકાદ કલાક લગ્નની ક્રિયા ચાલી અને છેવટે ' સમય વરતે સાવધાન ' ' વર-કન્યાના ચાર કાન ' ઈત્યાદિ વચનોનો વારંવાર ઉચ્ચાર કરતાં એક બ્રાહ્મણે પંદરેક વર્ષના વયની મુગ્ધા કુમારીકાની સાથે મારૂં પાણીગ્રહણ કરાવી આપ્યું. મને આ સ્થળે કહેવાની જરૂર જણાય છે કે આવા પ્રકારના લગ્નોથી સમાજમાંથી લગ્નની પવિત્ર ભાવનાનો ધીમે ધીમે લોપ થતો જાય છે એ કાંઈ થોડું પણ દિલગીરીજનક નથી. મુગ્ધા કુમારીકાનાં પાણીગ્રહણ સમયે મને તો ઘણોજ હર્ષ થયો હતો, પરંતુ મારા એ હર્ષથી ગરીબ બિચારી તે બાળાની ભવિષ્યમા શી દશા થશે અને તેનું જીવન કેવું દુઃખપૂર્ણ બની જશે, તેનો મને એ વખત જરા પણ ખ્યાલ નહોતો. ખરેખર સ્વાર્થના અંગે માણસોને બીજાનાં સુખદુઃખની કાંઈ અસર થતી નથી. મનુષ્યોના હૃદયો સ્વાર્થથી એટલા બધા ભરપુર બની ગયા છે કે તેઓ બીજાનાં સુખદુઃખની કાંઈ દરકાર કરતાં નથી અને માત્ર પોતાનાજ સુખની સંભાળ રાખે છે. આ કારણથીજ સમાજની દુર્દશા થયેલી છે અને હજી પણ જો સ્વાર્થનો ત્યાગ કરી પરમાર્થને સેવવામા નહિ આવે તો ભવિષ્યમા સમાજની અને તેના અંગે દેશની કેવી અને કેટલી દુર્દશા થશે એની કલ્પના અત્યારથી કરી શકાતી નથી. પરંતુ વાચક બંધુઓ અને બ્હેનો અત્ર જે ઉદ્‌ગારો હું કહાડી રહ્યો છું, તે મારૂં લગ્ન થયું તે સમયના નથી, કિન્તુ પ્રસ્તુત કથા લખું છું તે સમયનાજ છે અને તેથી આવું જ્ઞાન છતા પંચાવન વર્ષની વયે પંદર વર્ષની બાળાની સાથે મે શા માટે લગ્ન કર્યું ? એવો પ્રશ્ન તમને ઉદ્‌ભવશે નહિ. પ્રથમથીજ મને આવું જ્ઞાન હોત તો જીવનભર મારાથી જે અકાર્યો થયાં છે તે થાત નહિ અને પ્રસ્તુત કથા લખવાનો પ્રસંગ પણ મને મળત નહિ; પરંતુ આમ થયું હોત તો આમ બનત નહિ એવી કલ્પના કરવી તદ્દન નિરર્થક છે. કારણકે સંસારમાં જે કાંઈ બને છે તે સર્વ કર્માધિન છે અને તેથી બની ગયેલા બનાવને માટે પાછળથી હર્ષ કે શોક કેવળ નિરૂપયોગી છે.

મારી નવી પત્નીનું નામ કમળા હતું અને જોકે લગ્ન પહેલા મેં તેને ધ્યાનપૂર્વક જોઈ નહોતી તો પણ ઝીણું સાળુમાંથી તેનાં શરિરના કેટલાક અવયવો મારા જોવામાં આવ્યા હતા તથા તેને નજરોનજર જોનારના મુખથી તેનાં રૂપની પ્રશંસા મે સાંભળી હતી અને તેથી હું કહી શકુ છુ કે કમળા ઘણીજ સ્વરૂપ સુંદર બાળા હતી. લગ્ન પછી બે-ત્રણ દિવસોપર્યંત શ્વસુ-નગર રહી હુ મારી નવી પત્ની કમળાને લઈ મારા ગામ વલ્લભીનગર આવી પહોંચ્યો. સાંજે જમી પરવારી હું મારી નવવધુ કમળાનાં રૂપનું પાન કરવાને માટે અને તેના મિલનને માટે રાત્રી

પડવાની રાહ જોતો મારા મિત્રોની સાથે આનંદી વાર્તાલાપ કરતો બેઠો હતો. પત્નીમિલનની પહેલીજ રાત હોવાથી મેં કીમતી વસ્ત્રોનો તથા સુગંધી પદાર્થોનો ઉપયોગ કર્યો હતો અને મારા શયનમંદિરને ઘણીજ સુંદર રીતે શણગારવાની વ્યવસ્થા કરી હતી. મારા જેવા પંચાવન વર્ષની વયના વૃદ્ધના મુખેથી આવી વાતો સાંભળીને વાચકો! તમને આનંદની સાથે આશ્ચર્ય થશે પરંતુ તમારા સમાધાનની ખાતર મારે કહેવું જોઈએ કે તમારે જરા પણ આશ્ચર્યને પામવાનું નથી. કારણકે વૈભવ-વિલાસને ભોગવતા ભોગવતા સત્ય જ્ઞાન વિના જીવ કદી પણ વિરામ પામતો નથી. અજ્ઞાનના આવરણથી પરમ પ્રતાપી આત્મા એવી તો હિન દશામાં આવી પડે છે કે તેનાથી કયું કાર્ય કયે વખતે થશે એ કોઈ કહી શકતું નથી. અને તેથી મારા જેવા અજ્ઞાની અને પામર જીવથી થતા કાર્યો અને વર્તનથી તમારે આશ્ચર્યને પામવાની કાંઈ અગત્ય નથી.

(૫)

રાતના નવ વાગતાં હું મારા શયનગૃહમાં ગયો. વાચકો! ફરીથી કહેવાની અગત્ય નથી કે આ સમયે મારા હર્ષના અવધિ આવી રહ્યો હતો. લગ્ન પછી પોતાની નવોઢા પત્નીને મળવાને માટે જીવ કેવો તલપાપડ થઈ રહે છે અને તે સમયે હૃદયમાં આનંદની ઉર્મીઓ કેવી ઉછળી રહે છે એનું વર્ણન કરવાની જરૂર હું જોતો નથી. કારણ કે આવા વિષયમાં વર્ણન કરતા અનુભવનીજ વધારે કિંમત છે. શયનગૃહમાં મેં પ્રવેશ કરીને જોયું તો મારી નવવધુ કમળા કોચ ઉપર નીચું જોઈને બેઠેલી હતી. શયનગૃહમાં એક બાજુ પલંગ બીછાવેલો હતો અને બીજી બાજુએ કોચ ગોઠવેલો હતો. દિવાલને વિવિધ પ્રકારના રંગોથી રંગેલી હતી અને તે ઉપર જૂદા જૂદા સુંદર ચિત્રો લટકાવી દેવામાં આવેલા હતા. મધ્યમાં લેમ્પ બળી રહ્યો હતો અને તેના પ્રકાશથી આખો ખંડ પ્રકાશિત બની ગયો હતો. મેં ખંડમાં પ્રવેશીને કપડાં ઉતારી નાખ્યાં. ત્યારપછી કમળાની સાથે શી રીતે વાર્તાલાપ કરવો તે વિષે વિચાર કરવા લાગ્યો. પલંગ ઉપર બેસીને મેં ઘણી વાટ જોઈ કે તે હમણાં મારી સામે જોશે તથા હમણાં મારી સાથે વાર્તાલાપ કરશે પરંતુ મારી તે ધારણા નિષ્ફળ નીવડી. ઘણી વાર સુધી મેં રાહ જોઈ પરંતુ જ્યારે કમળા બોલી નહિ, તેમજ મારી સામે પણ જોયું નહિ ત્યારે મેંજ તેને બોલાવવાનો નિશ્ચય કર્યો અને પલંગ ઉપર બેઠા બેઠાજ કહ્યું ' કમળા! પ્યારી કમળા! તું કેમ કાંઈ બોલતી નથી? આપણા મીલનની આ પહેલીજ રાત હોવાથી તારા હૃદયમાં અપૂર્વ આનંદ થવો જોઈએ. તેના બદલે તું આમ શુન્ય બનીને કેમ બેઠી છે! મેં તો સાંભળ્યું છે કે તું ઘણી ચાલાક અને ચતુરા છે તો પછી તું તારી ચાતુરી બતાવીને મને કેમ ખુશ કરતી નથી?'

કમળાએ તેનો કાંઈ પણ જવાબ આપ્યો નહિ.

મેં પુનઃ કહેવા માંડ્યું ' વ્હાલી! શું તું મારાથી શરમાય છે? પણ તને શરમાવાનું શું કારણ છે? ઘણા મનુષ્યોની વચ્ચે તેં મારૂં અને મેં તારૂં પાણિગ્રહણ કરેલું છે અને એ રીતે હું તારો થયો છું અને તું મારી થઈ છે એટલે પછી હવે શરમ રાખવાની શી જરૂર છે? પ્રાણાધિક પ્રિય કમળા! શરમનો ત્યાગ કર અને મારી સાથે હસીને વાર્તાલાપ કર. હું તારાં મીઠાં-મધુર વચનો સાંભળવાને ઘણોજ આતુર બની ગયો છું.'

આ વખતે પણ કમળાએ કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ.

તે કાંઈ પણ બોલી નહિ એટલે મેં ફરીથી કહ્યું "પ્રિયા! તું હજી પણ કેમ કાંઈ બોલતી

નથી ? આ તે તારી શરમ કેવી કહેવાય ? શું તને મારી સાથે બોલવું પસંદ નથી કે શું તું કાંઈ નારાજ થયેલી છે ? તને અહીં શી વાતનું દુઃખ છે ? ઇશ્વરની કૃપાથી મારી પાસે પુસ્કળ ધન છે અને તેથી તું મનગમતી મોજમજા માણી શકીશ અને સુખચેનમાં જીવન ગુજારી શકીશ. બોલ, પ્યારી કમળા ! એક વાર બોલ અને માગ. જીવને આનંદ પમાડ. તારે કાંઇ ચીજ જોઇતી હોય, તો તું માગી લે; તું માગીશ તે આપવાને હું તૈયાર છું."

કમળા પૂર્વવત્ મૌન બેસી રહી

હવે મારી ધીરજ રહી શકી નહિ. હું પલંગ ઉપરથી ઉઠયો અને તેની પાસે ગયો. તેની પાસે જઇને પ્યારનાં વચનોથી મેં કહેવા માંડ્યું. "પ્યારી કમળા ! આ પ્રમાણે મને તું ક્યાં સુધી તલસાવીશ ! મારો જીવ તારી મીઠી વાતો સાંભળવાને અધીર બની રહ્યો છે, તેને તું ક્યારે શાંત કરીશ ? અને મન ખોલીને તું મારી સાથે ક્યારે બોલીશ ?"

હજી પણ કમળા અવનત મુખે મૌન બેસી રહી હતી, એટલે હું તેની અત્યંત નજીક ગયો. ત્યાર પછી મેં જરા નીચા વળીને તેનાં મુખ ઉપરનાં વસ્ત્રને દૂર કરી દીધું અને તેનો હાથ પકડીને સોફા ઉપરથી ઉઠાડી તેને મારા બાહુપાશમાં લેવાનો પ્રયાસ કર્યો પરંતુ તે શરમાઇને પોતાના હાથને છોડાવતી તથા માથા ઉપરનાં વસ્ત્રને સરખું કરતી મારાથી દૂર ભાગવાનો પ્રયાસ કરવા લાગી. આ સમયે તેનાં ઉજ્જ્વળ અને ગોળ મુખ ઉપર દિલગીરીની છાયા છવાઇ ગયેલી મારા જોવામાં આવી; પરંતુ તે છતાં તેનું મુખ એવું તો સુંદર અને લાવણ્યથી ભરપૂર દેખાતું હતું, કે જેને જોઇને મારાં હૃદયમાં મોહનો ઉદય થયો. એવીજ સ્થિતિમાં તેને હું મનાવતો કહેવા લાગ્યો. "વ્હાલી ! સુંદરી કમળા ! તું શા માટે શરમાય છે અને મારાથી દૂર ભાગે છે ? શું તને મારા બાહુપાશમાં બદ્ધ થવાનું ગમતું નથી કે શું તને મારો સહવાસ ગમતો નથી ? તારા મનમાં જે હોય, તે તું સાચેસાચું કહી દે, કારણ કે તારાં મુખ ઉપર છવાયલી દિલગીરીથી અને તારાં મૌનપણાથી મારાં દિલમાં કાંઇનું કાંઇ થઇ જાય છે. પ્રિયા ! બોલ, તારા દિલમાં જે હોય, તે કહી નાંખ. તને મારા સમ છે, જો તું તારા દિલની વાત છુપાવ તો."

મારા સમની વાત સાંભળીને કમળા જરા ચમકી. ક્ષણ વાર રહી તેણે સ્વસ્થ થતાં કહ્યું "તમે પ્રથમ મારા હાથને છોડી દો"

"તારા હાથને હું મૂકી દઉં; પણ તું તારાં દિલની વાત મને કહીશ ?" મેં પૂછ્યું.

"હા, કહીશ; પરંતુ પ્રથમ મારા હાથને મૂકી દો." કમળાએ લુખા અવાજે કહ્યું

મેં તરતજ તેના હાથને છોડી દીધો અને ત્યારપછી તેને કહ્યું. "હવે તારી વાત કહે જોઇએ."

કમળાએ મારી તરફ આશ્ચર્યસૂચક દૃષ્ટિથી જોઇને કહ્યું. "મારાં દિલમાં શી વાત છે કે તમને કહું ? મારી પાસે કાંઈ કહેવા જેવી વાત નથી"

હું તેની હાથ છોડાવી લેવાની ચાતુરી જોઇને હસ્યો અને કમળા દાંત વિનાના મારાં મ્હોડાને જોઇ રહી. મેં કહ્યું. "કમળા ! મારા હાથમાંથી તારો હાથ છોડાવી લેવાની તારી ચાતુરી જોઇને હું ઘણોજ ખુશી થયો છું. લોકો કહેતા હતા, તેવીજ તું ચતુરા છે, પરંતુ તારાં દિલમાં ખરેખર શું કાંઇ વાત નથી ? મને તો તારો બાહ્ય દેખાવ જોઇને તારા દિલમાં કોઇ વાત ઘોળાતી હોવાનું જણાય છે. શું મારી આ ધારણા ખરી નથી ?"

શ્રીસુખ દર્પણ-ભાવિકા ઓફીસ.

તેને મારા બાહુપાશમાં લેવાનો પ્રયાસ કર્યો.

આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર

"તમારી ધારણા ખરી છે, પણ તમે મારા દિલની વાત સાંભળીને શું કરશો ? તેથી તમને શો ફાયદો થશે ?" કમળાએ પોતાની લજ્જાને ધીમે ધીમે દૂર કરતાં પૂછ્યું.

"ફાયદો !" મેં આશ્ચર્ય દર્શાવતાં કહ્યું "તારી વાત સાંભળવાથી મને શો ફાયદો થશે, એ તારો સવાલ કેવો ? શું તારી વાત સાંભળવાનો તારા પતિ તરીકે મને અધિકાર નથી કે તું એવો અયોગ્ય સવાલ પૂછે છે ?"

આટલી વાતચિત કરતાં તો મને શ્વાસ ચડી આવ્યો અને પગમાં કળતર થવા લાગ્યું, એટલે હું પલંગ ઉપર બેસી ગયો અને હવે કમળા તેનો શું ઉત્તર આપે છે, તે સંબંધમાં વિવિધ પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યો.

કમળા મારી સામેજ ઉભી હતી. તેણે ધીમો પણ ઉંડો નિઃશ્વાસ મૂકીને ઉત્તર આપ્યો. "હા તમે મારા પતિ થયા છો અને તેથી તમને મારી વાત સાંભળવાનો અધિકાર છે, તેમ મારે પણ તમને મારા દિલની વાત કહેવી જોઇએ, પરંતુ એ વાત સાંભળતાં તમને દિલગીરી થશે અને કદાચ મારા ઉપર ક્રોધ પણ ઉત્પન્ન થશે. મને લાગે છે કે તમે મારી વાત ન સાંભળો તો વધુ સારૂં."

"પણ તેનું શું કારણ છે ! તારી વાત સાંભળતાં મને દિલગીરી કે ક્રોધ શા માટે થવો જોઇએ ? તારી વાત, તારી ઇચ્છા અને તારાં મીઠાં વચનો સાંભળવાને તો હું આતુર થઇ રહ્યો છું અને તેથી તો મને અત્યાનંદ થવો જોઇએ, એમ માનું છું; તે છતાં તું મને દિલગીરી અને ક્રોધ ઉપજવાનું કહે છે, એ કેવી વાત ! તારી આવી આવી વાતો સાંભળતાં તો મારૂં હૃદય પણ જ અધીરૂં બની ગયું છે; માટે તેની શાંતિ અર્થે તો તારે તારી વાતને જલ્દી કહેવી પડશે." મેં આતુરતા પૂર્વક કહ્યું.

મારાં આગ્રહ અને આતુરતા જોઇને કમળા મુંઝવણમાં પડી ગઇ; કારણ કે તે બોલતાં તો બોલી ગઇ હતી; પરંતુ તેનાં હૃદયની વાતને તે કહેવાને ખુશી નહોતી અને તેથીજ તે હવે વાતને કહેવી કે નહિ તે માટે મુંઝાતી હતી.

"કમળા !" તેને વિશ્વાસમાં લેતાં કહ્યું "તારે મુંઝાવાની કંઇ જરૂર નથી. તારા દિલમાં જે વાત હોય તે તું સાચે સાચી કહે. હું તેને સાંભળવાને તૈયાર છું અને હું ખાતરી આપું છું કે તેથી મને દિલગીરી કે ક્રોધ ઉત્પન્ન થશે નહિ."

તે નિર્દોષ બાળાના ગુલાબી ઓષ્ટ જરા હાલ્યા અને પુનઃ બીડાઇ ગયા. તે બોલવાની હિંમત કરી શકતી નહોતી.

મેં તેને આશ્વાસન આપતા કહ્યું "કમળા ! શું તું મારાથી ડરે છે ! અને જો તે ખરૂં હોય તો મારે તને કહેવું જોઇએ કે તારે મારાથી ડરવાની કાંઇ અગત્ય નથી.

હું તારો પતિ છું અને મને તારા ઉપર સંપૂર્ણ વ્હાલ છે, એમ અંતઃકરણપૂર્વક માનીને તું નિર્ભય બની તારાં દિલની વાત મને કહે. હું તને પુનઃ ખાતરી આપું છું કે તે વાત ગમે તેવી કડવી હશે; તો પણ તેથી મને ગુસ્સો ઉત્પન્ન થશે નહિ."

હવે કમળામાં ધૈર્ય આવ્યું. તેણે ધીમા પણ દુઃખી અવાજે કહેવા માંડ્યું. "જો કે મારાં દિલની અરે મારાં દુઃખની વાત કહેવાને હું ખુશી નથી અને તેને મનમાંજ સમાવી દેવાને ઇચ્છાતુર છું; તો પણ તમારાં આગ્રહ, આતુરતા, આશ્વાસન અને ખાતરીથી હું તમને તે કહે-

વાને તૈયાર થઈ છું. તમે જાણતા હશો કે મારી ઉમર કેટલીક છે? માત્ર પંદર વર્ષનીજ છે, જ્યારે તમારી ઉમર મારાથી ચાળીશ વર્ષે મોટી એટલે કે પંચાવન વર્ષની હોવી જોઈએ, એમ તમારા દેખાવ ઉપરથી સહેજે સમજી શકાય છે. આટલી મોટી ઉમરે તમે મારા પિતાને પૈસાની લાલચે વશ્યાથી તથા તમારી ઉમર માત્ર ચાળીશજ વર્ષની છે, એવું હડહડતુ ખોટું જણાવીને મારી સાથે પંદર વર્ષની એક નવયુવાન બાળાની સાથે લગ્ન કરવામાં ડહાપણ કર્યું નથી. બાળપણથી અત્યાર સુધી મેં જે થોડું ઘણું જ્ઞાન મેળવ્યું છે, તેથી હું કહી શકું છું કે આપણું લગ્ન એ લગ્ન નથી. અરે તેને લગ્નનું પવિત્ર નામ આપવું, એ પણ એક ભયંકર પાપ છે. આપણાં જેવાં વય સ્વભાવ અને ગુણનાં કેવલ કજોડાંને લગ્નનું પવિત્ર નામ આપી શકાયજ નહિ એવી મારી માન્યતા છે અને મને ખાતરી છે કે તમે પણ મારી માન્યતાની સાથે મળતા થશો. તમારું અને મારું વય જોતાં આપણા વચ્ચે પિતા પુત્રીનો સંબંધ હોવો જોઈએ, તેના બદલે આતો પતિ–પત્નિનો સંબંધ બંધાયો છે, એ કેવું અને કેટલું અયુક્ત છે, તેનો જો તમે વિચાર કરશો, તો તમને સ્પષ્ટ માલુમ પડશે. જગતે તમને મારા પતિ બનાવ્યા છે, અને મને તમારી પત્ની બનાવી છે, એ ખરું છે, પરંતુ સ્વાર્થ અને મોહના અગાધ સાગરમાં ડુબેલું જગત્ મારાં અને તમારાં હૃદયને જાણી શકતું નથી અને તેથીજ આપણને પતિ–પત્ની તરીકે જુએ છે. આપણાં કહેવાતા લગ્નથી તમે મારાં આ શરીરના સ્વામી બન્યા છો, એ સત્ય છે, પરંતુ લગ્નનો અર્થ, શરીર માત્રનાજ સ્વામી બનવાથી સરતો નથી. લગ્નથી હૃદયનું ઐક્ય થતું હોય, તોજ તેનો અર્થ સરે છે. નાથ! હા, હવે તો તમે આ શરીરના—અરે નાથજ છો અને તેથી તમને વિનતિ કરીને કહું છું કે તમે મારી આ વાત સાંભળીને મારા ઉપર ક્રોધ કરશો નહિ. મને લગે છે કે હું તમને મારાં દિલની વાત ન કરું, તો સારું; પણ તમારાં આગ્રહ અને આતુરતાને હું જતાં કરી શકતી નહિ હોવાથી મેં તમને આ વાત કહેવાનું સાહસ કરેલું છે સ્વામીનાથ!" કહીને બોલતી બંધ થઇ ગઈ અને તેનાં કમળ સમાન નેત્રોમાંથી અશ્રુની અવિરત ધારા વહન કરવા લાગી.

ક્ષણ વાર રહી તેણે આગળ ચલાવ્યુ "સ્વામીનાથ! તમે આટલી વયે ધનનાં બળે મારી ખરીદી કરીને મારા જીવનને ધુળમાં મેળવી દીધું છે. એટલુંજ નહી પણ મારાં ભવિષ્યનાં સુખને નષ્ટ કરી મુક્યું છે. આથી વિશેષ હું તમને દિલની શી વાત કહું?"

કમળાની દિલ ઉશ્કેરનારી વાતને સાંભળીને મારી આંખો આડેથી સ્વાર્થનો કાળો પડદો અચાનક ખરી ગયો અને હૃદય આડેથી મોહનું આવરણ દુર થઈ ગયું અને તેથી હું તેની વાતને યથાર્થપણે સમજી શક્યો. ખરેખર વૃદ્ધ વયમાં પંદર વર્ષની નિર્દોષ અને આજ્ઞાકારી બાળાની સાથે લગ્ન કરવામાં મે મહાન્ પાપ કર્યું હતુ એમ મને સ્પષ્ટ સમજાવા લાગ્યું. પંચાવન વર્ષના વૃદ્ધ ઉમરે અને શરીરની અશક્ત અવસ્થામાં પંદર વર્ષની મુગ્ધા બાળાની સાથે લગ્ન કરીને મેં તેનાં જીવનને ખરેખર ધુળમાંજ મેળવી દીધું હતુ. હાય! પ્રથમથીજ આ સત્ય વાત મારા જાણવામાં આવી હોત તો મારાથી આવું અઘટિત કાર્ય—અરે ભયંકર પાપ થાત નહિ! પણ અત્યાર પહેલાં મેં આવી વાતને સાંભળીજ નહોતી—સાંભળવાનો મને પ્રસંગજ આવ્યો નહોતો અને જો કદાચ તેવો પ્રસંગ મને મળ્યો હોત તો એક નિર્દોષ બાળાનું બળિદાન મારી સાથેના કહેવાતા લગ્નથી અપાયું ન હોત એ ચોક્કસ હતું, અત્યારસુધીમાં સ્વાર્થી મિત્રોની ખુશામતી સાચી વાત સાંભળવાનો—વિચારવાનો અવસરજ મને મળ્યો નહોતો અને તેથી મારાથી

ઘણા અકાર્યો થઈ ગયા હતા આ બધાનો મને કમળાની વાત સાંભળીને પશ્ચાતાપ થવા લાગ્યો. મેં ભળતા સ્વરે કહ્યું "કમળા ! ખરેખર વૃદ્ધ વયે એક ભયંકર પાપ કર્યું છે અને તે માટે તારા દિલની દુઃખપૂર્ણ વાત સાંભળીને મને અત્યંત પશ્ચાતાપ થાય છે, પરંતુ હવે તેનો ઉપાય ? શું એ પાપનું પ્રાયશ્ચિત થઈ શકે તેમ છે ? અને થઈ શકે તેમ હોય તો પણ તેથી તને તો થોડોજ લાભ થવાનો છે ? મારી ભૂલથી–એક પાપથી તારૂં જીવન તો બરબાદ થયું ગયું છે તે સુધરી શકે તેમ છે ખરૂં ? નહિ. તે બિલકુલ સુધરી શકે તેમ નથી. પરંતુ કમળા ! તું મને કહીશ કે મેં તારા ભવિષ્યનાં ક્યા સુખને શી રીતે નષ્ટ કરી મૂક્યું છે ?"

"પણ એ વાત સાંભળવાનો તમે આગ્રહ મૂકી દ્યો કારણકે તેથી તમને કદાચ ક્રોધ ઉત્પન્ન થશે અને મારી વાતને તમે ખરા સ્વરૂપમાં સમજી શક્યા છો, તે બધી તમને અવળા સ્વરૂપમાં સમજાશે" કમળાએ જવાબ આપ્યો.

"કમળા ! તારી વાતને મારે પૂરેપૂરી સાંભળવીજ છે માટે તું કોઈપણ પ્રકારની આશંકા રાખ્યા વિના કહે મને તેથી જરાપણ ક્રોધ ઉત્પન્ન થશે નહિ" મેં આગ્રહથી કહ્યું.

"બહુ સારૂં" કમળાએ કહ્યું "જ્યારે તેને સાંભળવાની તમારી ઇચ્છા છે, ત્યારે હું તે કહેવાને ના કહી શકતી નથી હકીકત એવી છે કે મેં મારૂં દિલ મારા ગામના એક લાયક યુવાનને આજથી લગભગ છ માસ પહેલાથી સોંપી દીધું છે તે યુવક કોણ છે, તે જણાવવાની અગત્ય હું જોતી નથી, પરંતુ તમને જે જાણવાનું છે, તે એટલુંજ કે હું તેને અને તે મને એવી રીતે અમે પરસ્પર એક બીજાને ચાહીએ છીએ, પરંતુ મારૂં તમારી સાથે લગ્ન થતાં હવે તો ચાહતા હતા, એમજ કહેવું જોઈએ. તે યુવકની સાથે મારૂં લગ્ન થાય, એવો સંભવ હતો, કારણ કે તે આપણીજ જ્ઞાતિનો છે, પરંતુ તે અમારા પ્રેમની વાત તેના માતપિતાને કહીને અમારા લગ્નની ગોઠવણ કરે, તે પહેલાંજ મારા પિતાએ પૈસાના લાલચે મને તમારી સાથે પરણાવી દીધી છે અને એ રીતે ભવિષ્યનું મારૂં સુખ નષ્ટ થયું છે તમારી સાથે મારૂં સગપણ થયાની ઘટના અચાનક બની ગઈ હોવાથી તે યુવકથી કાંઈ થઈ શક્યું નહિ અને વળી મારા પિતાની લોભ–વૃત્તિને સંતોષ પમાડવાને તેનો પિતા પૈસા આપી શકે તેમ પણ નહોતું એટલે અંતરની ઇચ્છા છતાં પણ તેણે મારી અને મેં તેની આશા મૂકી દીધી, પરંતુ એથી મારા અને તેના હૃદયને એટલો બધો ધક્કો લાગ્યો છે અને તેમાં એવા તો કારી જખમ થયો છે કે જેનું યોગ્ય વર્ણન હું કરી શકતી નથી–કરવાની હિંમત મારામાં નથી. મારૂં સગપણ તમારી સાથે થયું, ત્યારથીજ તે યુવક માંદગીના બીછાને પડયો છે અને હું માનસિક વ્યાધિથી પીડાઉં છું તથા મારા હૃદયમાં ઘોર અંધકાર વ્યાપી ગયો છે પરંતુ આપણા સંસારની અધમ રીતિનો તિરસ્કાર કરવાનું અને મારા માતા–પિતાની આજ્ઞાનો–ઇચ્છાનો ભંગ કરવાનું મારામાં સામર્થ્ય નહિ હોવાથી મુંગે મ્હોડે મારૂં લગ્ન તમારી સાથે મેં થવા દીધું છે આ રીતે મેં મારા ભવિષ્યના સુખને નષ્ટ કર્યું છે, પરંતુ મારી આ વાતથી તમને ક્રોધ તો ઉત્પન્ન થયો નથી ને ?"

"નહિ, તેથી મને જરાપણ ક્રોધ ઉત્પન્ન થયો નથી કિન્તુ મારા અવિચારી કાર્યને માટે મને સખ્ત પશ્ચાતાપ થાય છે પરંતુ કમળા ! હવે તું શું કરવા માગે છે ?" મેં એકદમ ઉત્તર આપ્યો.

"હું કાંઈ કરવા માગતી નથી, કારણ કે મારી બધી ઇચ્છાનો લોપ થઈ ગયો છે હવે

મારા માટે જે કાંઇ કરવાનું બાકી રહે છે, તે માત્ર તમારી સેવા અને તે દ્વારાએ મારાં હૃદયનાં દુઃખને—તેમાં પડેલા કારી જખમને રાહત કરવાનું મનોબળ મેળવવાનું છે. પરમાત્મા મારી તે એકની એક ઇચ્છાને પૂરી કરે એટલે હું સંતોષથી ગરીશ " કમળાએ ઉત્તર આપ્યો અને તે સાથેજ તેના નેત્રોમાંથી અશ્રુની ધારા વહન કરવા લાગી.

કમળાના હૃદયમાં કેટલું દુઃખ થતું હશે અને તેનાં હૃદયમાં દુઃખનો કેવો ; ચીરો પડ્યો હશે, તેની કલ્પના હું તેનાં અશ્રુઓ ઉપરથી કરી શક્યો; પરંતુ તેની સાથે એ સંબંધમાં વધારે વાતચિત્ત કરવાનું મેં યોગ્ય વિચાર્યું નહિ; કારણ કે તેની દિલની વાત સાંભળીને મારૂં હૃદય પણ રડી ઉઠ્યું હતું.

મેં પલંગ ઉપરથી ઉઠતાં ઉઠતાં કહ્યું: " ઠીક, કમળા ! હું હવે જાઉં છું અને તું અહીં સુઈ રહેજે. તારી વાત સાંભળતાં મને એટલો બધો પશ્ચાતાપ થાય છે કે મને અત્યારે એકાંતની ખાસ જરૂર છે. "

એટલું કહીને હું વૃદ્ધાવસ્થાની અશક્તિથી ધીમે ધીમે ચાલતો શય્યાભવનનો ત્યાગ કરી ગયો.

(૬)

વાચક બન્ધુઓ અને બ્હેનો ! હવે હું મારી દુઃખની કલમને અહીંજ અટકાવું છું; કારણ કે મારાં હૃદય દુઃખની—પાપની કથા કહેવાની અને લખવાની મારામાં હવે શક્તિ બહુજ થોડી રહી છે. ઉપર્યુક્ત ઘટનાને બે વર્ષો વ્યતિત થઇ ગયાં છે અને તે દરમ્યાન કમળા—વિદુષી કમળાના સહવાસથી મારૂં જીવન ઘણુંજ ફેરવાઇ ગયું છે; પરંતુ મારૂં મનોદુઃખ તો જરા પણ ઓછું થયું નથી. નિર્દોષ કમળાને ઉગતી જુવાનીની અનુપમ બાળાને જ્યારે જ્યારે હું જોઉં છું, ત્યારે ત્યારે મેં કરેલ પાપ મને સાંભરી આવે છે અને તેથી મને અતીવ પશ્ચાતાપ થયા કરે છે. કેળવાયલી કમળા આ લગ્નથી અત્યંત દુઃખી થયેલી છે, તેનું જીવન બરબાદ થઇ ગયું છે અને તે દિન-રાત હૃદયમાં બળ્યા કરે છે; પરંતુ તે બિચારી પોતાનાં મનોદુઃખને કોઇને—મને પણ કહેતી નથી અને શાંતિથી કર્મનાં ફળને અનુભવે છે; પરંતુ તેની શાંતિથી અને દુઃખને સહન કરવાનાં તેના મનોબળથી મને એટલું બધું દુઃખ થાય છે કે જેનો શાબ્દિક વિચાર હું આલેખી શકવાને કેવળ અસમર્થ છું.

ધનના મદથી તથા સ્વાર્થી મિત્રોની ખોટી સલાહથી વૃદ્ધાવસ્થામાં કમળા જેવી નિર્દોષ બાળાનાં જીવનને ધુળમાં રગદોળી મેં જે પાપ કર્યું છે, તેવું પાપ મારા જેવા બીજા વૃદ્ધો ન કરે એટલો સાર જો મારી આ દુઃખી કર્મ-કથાથી તારવી કઢાડવામાં આવે તો મારા શ્રમને હું સફળ થયેલો માનીશ અને વૃદ્ધાવસ્થામાં ધ્રુજતા હાથે લેખિની પકડવાનાં કાર્યને પાપના પ્રાયશ્ચિતરૂપ માનીને સંતોષથી મરીશ. વૃદ્ધાવસ્થામાં ધનના મદથી તથા વિષય-વાસનાની ઇચ્છાથી કમળાનાં જીવનને દુઃખપૂર્ણ બનાવવાનું અને એક યુવકને મૃત્યુના બિછાને પટકવાનું મેં જે પાપ કર્યું છે તેનું પ્રાયશ્ચિત બળતા જીગરથી હાલ હું ભોગવી રહ્યો છું એ કહેવાની કાંઇ અગત્ય નથી. ત્યારે વાચક મહાશયો ! હવે પ્રણામ—છેલ્લા પ્રણામ !

બાળકના પ્રશ્નો.

લે૦ ફરામજી ખરશેદજી—ભાવનગર.

કોઇ પ્રજાની તનદુરસ્તી તેની માતાની તનદુરસ્તીથી વધારે સારા પ્રકારની ન હોઈ શકે તે તમે જાણો છો ?

માતાની બાલ્યાવસ્થાની તનદુરસ્તી તેની પોતાની માતાની તનદુરસ્તી ઉપર આધાર રાખે છે તે તમે જાણો છો ? બાલક પ્રજાના જીવનનું સૂત્ર છે.

અમો ગર્ભાવસ્થામાં અમારી જનનિનો ખોરાક ખાઇએ છીએ તે તમો જાણો છો ? તેણીને સારો, સાદો, પૌષ્ટિક ખોરાક તમો આપો છો ? તેવો ખોરાક લેવાને અમારી જનનિ દરકાર કરે છે !

ગર્ભાવસ્થામાં માતા જે હવાનો શ્વાસ લે છે તે હવાનો શ્વાસ અમો લઈએ છીએ તે તમો જાણો છો ? અમારી માતા સ્વચ્છ, શીતળ, અમલિન હવામાં તેનું જીવન ગાળી શકે છે ?

ગર્ભાવસ્થામાં અમે અમારી જનનિનાં લુગડાંથી ઢંકાઇએ છીએ તે તમો જાણો છો ? અમારી માતા તેના શરીરનું લુગડાથી પૂરૂં રક્ષણ કરી શકે છે ?

ગર્ભાવસ્થામાં અમો અમારી માતાની ઉંઘે ઉંઘીએ છીએ તે તમો જાણો છો ? અમારી જનનિ પૂરતી ઉંઘ લે છે ? અથવા તમે લેવા દ્યો છો ?

ગર્ભાવસ્થામાં અમો અમારી માતાની રમતો રમીએ છીએ: અમારી માતા તેના શરીરની સુખાકારી અર્થે કોઇ અંગ-કસરત કરે છે ?

ગર્ભાવસ્થામાં અમારી માતાના વિચારો એ અમારા વિચાર છે તે તમો જાણો છો ? અમારી જનનિ ઉત્તમ વિચારોમાં તેણીનું જીવન ગાળે છે ? અથવા તમો ગાળવા દ્યો છો ?

ગર્ભાવસ્થામા અમારી માતાનો આદર્શ તે અમારો આદર્શ છે તે તમો જાણો છો ? અમારી માતા દેવી થવાને ઈચ્છે છે કે જેથી અમે બાલકૃષ્ણ થઇએ.

અભણ દાઇઓના હાથથી અમારી માતાનું શરીર બગાડી તમો અમને કમનસીબ બનાવો છો તે તમો જાણો છો ?

અભણ દાઇઓ અને તેમની જંગલી રીતો અમારા હાથ પગ વગેરેને ઇજા કરે છે અને કેટલીક વખતે અમને મારી નાંખે છે તે તમો જાણો છો ?

પ્રસવના સમયમા અમારી આંખમાં દર્દનો ચેપ દાખલ થઇ અમારી આંખો

દુઃખવા આવે છે, અને પરિણામે અમારામાંના કેટલાક આંધળા થાય છે; તેથી અમારો જન્મ થાય કે તુરત અમારી આંખમાં યોગ્ય દવા નાંખવામાં આવે તો અમને થતી હેરાનગતી અટકે છે તે તમો જાણો છો ?

મુંબઈ નગરી, અમદાવાદ વગેરે શહેરો તમોને મુબારક હો. અમારે માટે તો તે કબરસ્થાન છે. અમારે તો અમારા પ્રભૂએ બનાવેલ ગામડાં બસ છે. તમારાં શહેર તમોને મુબારક હો.

તમારી બેવકુફાઇથી અમારાં કેટલાંક ભાઇ બહેનો આ દુનિયામાં જન્મ લઇ શકતાં નથી તે તમો જાણો છો ?

અમો ભાઇ બ્હેનો આ દુનિયામાં એટલે થોડે અંતરે દાખલ થઇએ છીએ કે અમારી પ્રગતિ અસંભવિત થઇ પડે છે તે તમો જાણો છો ? નીચલી પંક્તિનાં પશુઓ પણ આ કાયદો સારી રીતે જાણે છે.

અમારાં ભાઈ બ્હેનો થોઠા દસકા પહેલાં માતાનુ ધાવણ બબે વરસ સુધી મેળવવાને નસીબદાર હતાં, અને અમોને પૂરા નવ માસ પણ માતાનું ધાવણ મળતું નથી તે તમો જાણો છો ?

તમારી મરજીમા આવે એમ અમારી સેવા કરવાની નથી, અમને અમારી માતાના ખોળામાં કુદરતી રીતે રહેવા દ્યો; અમારી માતાનો દયાળુ હાથ તમારા સો 'મેટર્નિટી' કરતાં અમારે વધારે પોષક અને રક્ષક છે તે તમો જાણો છો ?

અમે તમારાં જડ રમકડાં હોઇએ તેમ તમો કેટલી વખત, ખાસ કરીને જ્યારે અમે પેટ ભરીને ખાધું હોય ત્યારે, અમારી સાથે રમીને અમને હેરાન કરો છો તે તમો જાણો છો ?

અમારાં માબાપો પોતે શરીર સંપૂર્ણતાએ ન પહોંચ્યાં હોય ત્યાં અમારાં માબાપ થાય તેથી અમને બહુ દુઃખ થાય છે તે તમો જાણો છો ?

પરતંત્ર માબાપ જેણે સ્વતંત્રતાનો સ્વાદ ચાખ્યો નથી તે પવિત્ર સ્વતંત્રતાનો મંત્ર અમને કેવી રીતે આપી શકે એ હકીકત તમારા લક્ષમાં છે ?

અમો સ્વતંત્ર વ્યક્તિ છીએ, અમો આત્મા છીએ, અમો પ્રભુનો અંશ છીએ, એ અમારાં માબાપ જાણે છે ? અમો તેઓના વેચાણ નથી.

અમારો પિતા થશે એમ જાણી અમારો પિતા તેની જવાબદારી સમજી અમારા સંરક્ષણનો વિચાર કરે છે ?

અમારામાંના ઘણા વાસ્તે રમવાને સુંદર બગીચા નથી તેમજ પીવાને સ્વચ્છ દૂધ મળતું નથી તે તમો જાણો છો ?

અમારે વાસ્તે ખાસ દાકતરો અને દવાખાનાં નથી તે તમો જાણો છો ?

તમો અમને આખો દિવસ પૂરતાં ઉંઘવા દેતા નથી તે તમે જાણો છો ? અમો બાળકોને અઢાર કલાક ઉંઘની જરૂર છે.

અમો જન્મીને પહેલાજ વર્ષમાં કેટલાં બાધાં મરી જઈએ છીએ તે તમો જાણો છો? તેની નોંધ તમારા શહેરમાં છે કે?

અમો બાલ્યાવસ્થામાં મરવાને જન્મતા નથી, પણ પૂરું સુખી ઘડપણ ભોગવવાને આવીએ છીએ તે અમારાં માબાપો જાણે છે?

વિલિઅર્સ–ડ–હૅકમાં કેટલાં વરસ થયાં બિલકુલ બાલ–મરણ થતાં નથી તે તમો જાણો છો?

અમારે વાસ્તે તમારા દેશમાં સંરક્ષકનો કાયદો નથી તે તમો જાણો છો?

તમો કેટલીક વખત અમને બચી લઈને શ્લેષ્મ અને ક્ષયના વ્યાધિ આપો છો તે જાણો છો?

અમારા પવિત્ર બાળ–હક છીનવી લઇ તમો સ્વરાજ્ય તમારા હક–માંગો છો તે અન્યાય છે એ તમો જાણો છો?

શહેરની અને અમારા મકાનની આસપાસની અનારોગ્ય સ્થિતિથી અમારે ખમવું પડે છે તે તમો જાણો છો?

રોગિષ્ટ દૂધ પાઇને તમો અમને ઝાડા, મરડો, વગેરે દર્દો આપો છો તે તમો જાણો છો?

બાલકની ભવિષ્યની કારકીર્દિનો પાયો બાલકના પહેલાજ વર્ષમાં નંખાય છે તે તમો જાણો છો?

અમને દર્દનો વારસો મા કે બાપથી ન મળે તેમ અમારાં માબાપોને વિચાર આવે છે?

અમારું રીતસર પોષણ નહીં કરીને તમો અમને દૂબળા બનાવો છો તે તમો જાણો છો?

માબાપોના આરોગ્યના અજ્ઞાનથી કે ભૂલથી અમારે ખમવું પડે છે એમ તેમને હજુ સુધી વિચાર આવ્યો છે?

તમારી હાલની કેળવણી અમારી જનનિને કેટલેક દરજ્જે માતા થવાને નાલાયક બનાવે છે તે તમો જાણો છો?

અમારી માતાને અજ્ઞાન રાખી, જનસમૂહ અમોને અજ્ઞાન બનાવે છે, તે જનસમૂહ જાણે છે?

અમારી માતાની સ્વતંત્રતા છીનવી લઇને તમો અમોને નિર્માલ્ય બનાવો છો તે તમો જાણો છો?

અમારી માતાને મિલ, કારખાના, વગેરેમાં કામમા રોકી તમો તેણીની ઉપરનો અમારો માતાનો હક નિર્દયપણે છીનવી લ્યો છો તે તમે જાણો છો?

અમોને અમારી માતાના અમૃત સમાન ધાવણથી મુક્ત કરીને ગાય કે ભેંસનું ખરાબ દૂધ પાઇ તમે અમને દર્દી બનાવો છો તે તમે જાણો છો?

તમારી નિશાળ અને કૉલેજમાં તમે ભૂમિતિ, પોલિટિકલ ઇકૉનૉમી, પ્રાચીન ગ્રીસનો ઇતિહાસ શીખવો છો, પણ ભવિષ્યની માતાને, અમો ગર્ભાવસ્થામાં હોઇએ ત્યારે આમારી કેમ સંભાળ લેવી, અને અમારા જન્મ પછી અમને કેમ ઉછેરવાં, અમારામા પ્રભુત્વ કેમ ખીલવવું તે તમો શીખવતા નથી, તે તમો જાણો છો?

અમારી જનનિનું દૈવિપદ છીનવી લઇ તમે તેને ગુલામ બનાવો છો એટલે અમારે ગુલામ જન્મવું પડે છે તે તમે જાણો છો?

બાળ-મરણનું પ્રમાણ એ માબાપ, મ્યુનિસિપાલીટી, કેળવણી, દેશ-સેવા, રાજ્યનીતિ વગેરેના ખરા કાર્યની કસોટી છે તે તમો જાણો છો?

અમારી હોજરી કામ કરવાને શક્તિમાન ન થઈ હોય તે પેહેલાં તમે અમને લુઈ—ખીચડી, ભાત—વગેરે ખોરાક આપી માંદા પાડો છો તે તમે જાણો છો? જેમ ફ્રાન્સમા આ બાબત કાયદો છે તેમ આ દેશ વાસ્તે કાયદો શામાટે ન હોવો જોઇએ?

ઠંડી વગેરેમાં લુગડાંથી અમારૂં પૂરતું રક્ષણ નહિં કરી અમને ફેફસાનાં અને ઝાડા વગેરેના દર્દો તમો આપો છો તે તમો જાણો છો?

અમારી આસપાસ પ્રતિકૂળ પરિસ્થિતિ ઉભી કરીને તમોએ અમારામાંથી કેટલાકને મહાન્ ગ્લેડસ્ટન, ગોખલે, દાદાભાઇ થતા અટકાવ્યા છે તે તમો જાણો છો?

આપણા કેટલાક હિંદી દાકટરો અને વૈદો બહુ મોટી મોટી વાતો કરે છે, પણ અમે તો તેમને ઘેર અનારોગ્ય સ્થિતિ કેટલીકવાર ભોગવીએ છીએ તે તમે જાણો છો?

અમારામાંની કેટલાકની માતા અજ્ઞાન હોય છે તે તો ઠીક, પણ અમારા પિતાઓ,—બૅરિસ્ટર, કાયદાશાસ્ત્રી, કેલવણી અધિકારી—હોવા છતાં અમારા સંરક્ષણની બાબતમાં તેટલાજ અજ્ઞાન છે તે તમે જાણો છો?

અમારા દાતની તમે બરોબર સંભાળ લેતા નથી તેથી અમારે ઘણું કષ્ટ વેઠવું પડે છે. કારણ કે બાલકને દાંત આવે ત્યારે તે દર્દી હોવાંજ જોઇએ એવો ઊંધો વિચાર તમારા મગજમા ઘુસી ગયેલ છે.

અમારા દૂધીઆ દાંતની બરોબર સંભાળ રહેતી નહિં હોવાથી અમારા કાયમી દાતની બરોબર જોઇએ તેવી પ્રગતિ થતી નથી તે તમોને ખબર છે?

અમારી માતાનું ધાવણ અમને તમારા પેસ્ટરાઇઝડ (ગરમ કરેલા) દૂધ કરતાં, તમારા ગ્લેક્સો તથા બીજા બનાવટી ખોરાક કરતાં વધારે જીવનમય છે તે તમો જાણો છો?

તમારા વ્યભિચારી, દ્વેષી, આસુરી વિચાર, વાણી અને કાર્યથી મલિન થયેલ વાતાવરણમા અમારા સ્વચ્છ પ્રભુમય જીવન કંપે છે તે તમો જાણો છો?

અમો નહીં તો પણ નહીં, તે તમો જાણો છો?

અજ્ઞાન અને વ્હેમને લીધે તમારા કાળાં કૃત્યોનું ટિપ્પણ લાંબું છે પણ હવે અમો ટૂંકું કરશું અને પ્રભુને પ્રાર્થના કરીશું કે તમને હવે અક્કલ આપે.

લગ્ન પ્રચાર.

આધુનીક લગ્નવિધિ કેમ ચાલી રહી છે તે તપાસીએ અને આ પ્રચારથી મહીલાઓને કેવી ખૂરી અસર થાય છે તે અમે નિચે દર્શાવવા હિંમત કરીએ છીએ.

જો સ્ત્રીઓને અર્થશાસ્ત્ર, સોસાયટી અને બીજા કેટલીક વ્યવહારિક બાબતોમાં કાંઈ સબંધ ન હોય તો તેઓ તેમાં અજ્ઞાન છે અને તેમાં તેઓ મીતૃત્વ થવા માટેના દાવાનો છેદન કરે છે.

આ ગુણો ફક્ત નઠ્ઠર સૂચવે છે. આર્ય લલનાઓ કેવળ માતા છે—અર્ધાંગના છે અને ગૃહ-પ્રધાન છે. તેઓમાં વિદ્યુતમયિ ચંચળાઈ તેમના ઘર પુરતીજ હોય છે. કેટલાક કુટિલ બંધનોને વશ થઇ તે શક્તિનો ઘટતો ઉપયોગ થતો એટલે તે શક્તિઓના દ્વાર વિકાસ ન પામતાં તેજ ગોળમાં હદ બાંધી (ઘર કરી) અટકતાં: આવા પ્રકારની લગ્નવિધિ તેમની પ્રેરણાશક્તિમાં બાધકરતા છે.

શરમની વાતતો એ છે કે—કોમળ બાલ બાલીકાઓને સંસાર જીંદગીની જોખમદારી માટે અને તેની અગત્યતા માટે અજ્ઞાન છતાં તેઓને લગ્નવેદીમાં મૂકવામાં આવે છે. તેઓને બળજોરથી તેમના વડીલ વર્ગની ઇચ્છાને તાબે થવું પડે છે. જેને કંઈ ભાન નથી તેને ઓછું કે બાહ્યતી જ્ઞાન આપવામાં આવે છે. વળી જેનામાં પ્રેમનું લેશમાત્ર કિરણ નથી તેને જોરજુલમથી સંસારના પાઠ ભણાવવામાં આવે છે. વધુમાં પતિ-સેવા. (respect) કેવા હેતુથી હોઈ શકે તેથી પણ અજ્ઞાન હોવા છતાં બન્નેને લગ્ન-ગાંઠથી બંધન કરે છે. પ્રસંગાનુસાર હસવું હોય છતાં જાણે મોં શીવી લીધા ન હોય તેમ અદૃશ્ય હાસ્ય થઈ શકે. ટુંકમાં તેમની નૈસર્ગિક પ્રેરણા કે બક્ષિસોને દબાવી દેવામાં આવે છે. અને દીલગીરીથી જણાવવું પડે છે કે કેટલાક સખ્ત રાક્ષસી બંધનો રૂપી બેડી રાખી તે શક્તિઓને નાશ કરે છે. જ્યારે કુદરતી પ્રેરણા ખીલવવી જોઇએ અને તે ખીલવવા માટે વચ્ચે આડે આવતાં બંધનો કે કંટકોનો છેદ કરી તદ્દન સરળ માર્ગ કરી આપવો ઘટે. તોજ નૈસર્ગિક બક્ષિસો પોતાનો ભાગ ભજવી શકે. આવાં ઘેરા મંગળથી તેમનું જીવન બાહ્ય ઉપાધિમાં અને કૃત્રિમ મંડળમાં દોરવામાં આવે છે અને તેથી નૈસર્ગિક શારીરિક શક્તિનો લોપ થાય છે. આ પ્રમાણે વર્તન હોઈ પાછળથી ખેદજનક પરિણામો આપણી દૃષ્ટિગોચર થાય છે અને કેટલાક જોડાં માટે તો કલ્પના કરવી અશક્ય થઇ પડે તેમ બને છે.

વધુમાં શારિરીક સંપતિનો હેતુ તો હવે બાજુ પર મૂકેલો જણાય છે. હિંદ આવી કફોડી સ્થિતિમાં ગમન કરે છે એનો નિર્વિવાદ છે કે શંકા રહીત છે. તરૂણ હોવા છતાં સાવચેતા અને વિદ્યુતવેગી ચંચળાઈ જણાતી નથી. ઉલટો જીવનનો ઘસારો થયા કરે છે. હું એમ તો જરૂર ભારપૂર્વક કહું કે તેઓનું ઐહિક સુખમાં બાધક કે ભંગ કરતા આજ ફક્ત સાધનભૂત છે. બીજા કેટલા અગત્યનાં કારણોમાં બાળલગ્ન પ્રધાન્ય છે. ઐક્યતા સમોવડીઆમાં વસે છે. અને તે સિવાય થયેલી ઐક્યતા બાહ્યતી કે રસ વિનાની હોય છે.

લગ્નનું અંતિમ બિંદુ—ખરૂં રહસ્ય પતિ પત્નિના ખરા સહધર્મ પ્રવાહમાં રહેલું છે. સ્ત્રી સંસાર વાડી ભોક્તમાન (માલણ) થાય તે પહેલાં શારિરીક સંસારનું રાજ્ય પ્રથમ જીતેલું હોવું જોઈએ. વળી માતાની જવાબદારી થાય તે પૂર્વે તેની પ્રેરણાશક્તિનો વિકાસ થવો જોઈએ. અને છેવટમાં ગૃહનેતા થાય તે પહેલાં શરીરના તમામ અવયવોથી ભરપુર હોવી જોઇએ.

(સૂચક પગલું)

કોઇ એવી કલ્પના તો નજ કરે કે બાળ વિધવાઓ તેઓનો બધો વખત મનધર્મમાં ગાળી શકે. તો આ બાબત માટે આપણી ફરજ છે કે આપણે બાળ વિધુર માટે કઇપણ યોજના કરવી ઘટે અને બંધન કરતી રૂઢીઓની બતનો ભોગ આપવો જોઇએ. જ્યારે અખિલ વિશ્વમાં કંઇની કંઇ ફેરફાર થયા કરે ત્યારે સ્ત્રી જાતિ એકજ સ્થિતિસ્થાપક હાલતમાં કેમ રહી શકે ! તેમને પણ આપણી હીલચાલમાં ભાગ લેવાનો છે. તેમને પણ સ્વરાજ પ્યારૂં છે. જેટલો તમારો હક છે તેટલો બલ્કે કાંઇક વિશેષ હકને ધરાવી શકે છે. સ્વરાજની ખુમારી તેને આપવી જોઇએ.

દરેક વ્યક્તિઓએ બાળ–વિધવાની લાગણી સમજવી જોઇએ. ઘણી વિધવાઓ જુદા જુદા રોગોથી પીડાય છે. શીક્ષા અને દુર્બળ વ્હેમ હોય છે. કારણ કે મોટે ભાગે, કુટિલ રૂઢીઓના તાપથી તવાઇ ગએલી એટલે નૂર કયાંથી હોઈ શકે ! કેટલીની દુઃખદ સ્થિતિ માટે આપણે કલ્પના પણ ન કરી શકીએ એવી સ્થિતિ ભોગવે છે. તેઓ ખુલ્લે રવે પોકાર કરી રહી છે છતાં સમાજના કાન હજીસુધી બંધ રહ્યા છે. અંધારામાં ઉંડા નિશ્વાસ નાંખતી અને ગદ્‌ગદિત કંઠે અવાજ કરી રહી છે કે, સ્વરાજના પંથે અમારો ન્યાય કયાં છે ? આનો પ્રત્યુત્તર આપવો એ દરેક હિંદીની અત્યારે ફરજ છે.

તેમની શાંત સદન કે અરજની દાદ મળવી કઠીન છે. તેઓ વિધુર જીંદગીનો બોજો બહુજ દુઃખથી સહન કરી રહી છે. હાલમાં તેના એક પણ લાગણીને દાદ મળતી નથી. તપાસીને જોતાં માલુમ પડશે કે તેઓ કેવી સ્થિતિ ગુજારે છે. ખરેખર આ બનાવ ગમે તેવું ક્રુર હૃદય પિગળાવી શકે. અરે અસહ્ય છે. આ રીવાજના બંધારણથી તેઓને મન જીંદગી–સંસાર સ્મશાનચિતા છે.

જણાવતાં આનંદ થાય છે કેટલાંક રત્નોએ સોસાયટીના રૂલો ખોયાં હોત. પરંતુ સદ્‌ભાગ્યે તે વિધુરતા વડીલોની પૂરતી હિંમત–દેશથી રાક્ષસી રૂઢીને તાબે ન થતાં પુનર્લગ્ન તરફ ઉદારતા બતાવેલી છે અત્યારે જે જે દેશો પ્રગતિના શીખરે પહોંચ્યા છે, તે જોઇશું તો અચ્યુત ખાતરી થશે કે પુનર્લગ્ન ત્યાં બાધ કરતાં નથી.

કેટલાક ધર્મચુસ્ત કે એવા શ્રદ્ધાળુને કહેતાં આનંદ થાય છે કે જ્યારે સાઠ વર્ષનો ઘરડો ડોસો ચારથી પાંચ વખત પાણીગ્રહણ કરવા જાશે ત્યારે તેને માટે સોસાયટી વચમાં માથું મારતી નથી. શરમ છે કે એક તરૂણ યોવન વિધુર બાલિકાના પુનર્લગ્ન કરતાં આડ કરે છે ? શું આ આપખુદી નથી ? શું આ વર્તન જુલ્મી નથી ? આવી ક્રુર રૂઢીના પૂજકોને ધ ય છે કે એક કોમળ મહદગી બાલ વિધુરની છૂપી લાગણીનો તિરસ્કાર કરી રહ્યા છે હું ધારૂં છું કે આ રૂઢીના ઉપાસકોની એવી માન્યતા છે કે તેથી તેઓ પતિપરાયણ ધર્મ અને સાધુતા સાચવી રહે; એટલે તેઓ માટે વિધુરતા નિર્માણ છે. પરંતુ આ માન્યતા ખોટી અંકાઇ છે.

આપને લાચારીથી દર્શાવું પડે છે કે સોસાયટી વિધુર પુનર્લગ્ન અને તેની ફરજોની કિંમત બરોબર આંકી શકી નથી. આ છૂટથી ઘણા કુવાસના માર્ગો બંધ થયા હોત. ઘણા આપઘાત અટકયા હોત. ઘણી ગુપ્તિપાઓનાં ઘર વધતાં બંધ થયાં હોત. કેટલાક બાલ–વધ સમી ગયો હોત અને કેટલાક બહાદુર નરરત્નો જન્મ્યા હોત.

લેખક.

મહાશંકર સોમેશ્વર પાઠક.
સ્થળ વાઘોડીયા.

મુંબ ઈડીયા ઓરીસ.
હાલ–અમદાવાદ.

પ્રિતમજી સાડી ખાદીની મગાવો.

('વ્હાલમજી સાડી ગુલાબી મગાવો' એ રાગમાં.)

પ્રિતમજી, સાડી ખાદીની મગાવો!
સાડી મગાવો, લાલ ચોળી મગાવો .. .. પ્રિતમજી૦
બાળુ બચુને ખાદીથી શોભાવો—રાજાવો .. .. પ્રિતમજી૦
ગૌરવ વદન સુન્જ આલુડાં, કોમળ એના અંગ;
ખાંતે ખાદી પહેરશુ, ટકાઉ ધોળે રંગ.
ખાદીની કુમાશમા સ્વઅંગને દીપાવીએ...... ....પ્રિતમજી૦

ગિરીશ.

સ્વદેશીની સાચી સમજ.

(લેખક—જગદીશ્વર સકરચંદ શાહ. માણસા.)

દર વર્ષે હિંદમાંથી રૂા. ૬૦ કરોડ પરદેશમા કાપડમા ખેંચાઈ જાય છે. હિંદુસ્તાનની મીલોની સંખ્યામાં જબરજસ્ત વધારો થાય અને તે મીલો હાલના કરતાં બમણો વખત કામ કરે તો પણ આવતા ૨૫ વર્ષ સુધી હિંદને પુરતુ કાપડ આપી શકે એમ નથી. વર્તમાન સ્થિતી તપાસતાં આપણાથી આટલો લાબો સમય રાહ જોઈ શકાય તેમ નથી. હિંદુસ્તાનમા લાખો મનુષ્યને પહેરવા પુરતા લુગડા પણ મળી શકતાં નથી. નદી કિનારે વસતી આપણી બ્હેનો કે જેમની પાસે ફાટેલા તુટેલા એક વસ્ત્ર શિવાય અન્ય કપડું હોતું નથી-અરે, સ્નાન કરી બદલવા એક ગાભો પણ મળી શકતો નથી. બહુધા નાહ્યા વિના ચલાવે છે. લાખો મનુષ્યોને પુરૂં ભોજન પણ મળી શકતું નથી જ્યારે કેટલાક એક વખતજ આહાર કરે છે. આવા લોકમાં ઉત્સાહ ઉત્પન્ન કરવાનું સુંદર સાધન રેંટિયો છે પરદેશ જતો પૈસો આપણા દેશમાં રહે એટલુંજ નહિ કિંતુ આપણા દેશબંધુને પોષણ મળશે ગામડાઓમા અને શહેરોમાં સ્ત્રીઓ નવરાશનો સમય અન્યની નિંદા કરવામાં યા નિદ્રા લેવામાં ગાળે છે. આ સ્ત્રીઓ જો રેંટિયો ચલાવી સુતર કાંતી સ્વદેશીને ઉત્તેજન આપે તો પોતાનો સમય સારી રીતે વ્યતીત કરે એટલુજ નહિ પણ વિશેષમા તેઓને એક જાતની અલ્પ આવક પણ થાય. કાંતેલા રૂનું બનેલું સુતર આપણા વણકરો વણે તો તેમના હુન્નરને ઉત્તેજન મળે જેથી તેમનામાં પણ નવિન જાગૃતિ અને ઉત્સાહ આવે. આ પ્રમાણે બનેલું કાપડ સસ્તું અને ટકાઉ હોય એમા નવાઈજ નથી

સ્વદેશીની પ્રવૃત્તિ પોષવાથી ઓછો ખર્ચ અને દેશના હુન્નરને ઉત્તેજન મળે છે સાથે સાથે આપણે નાગાને ઢાંકવામા સહાય કરીએ છીએ આપણી ગરીબ વિધવા બ્હેનોને પણ એક જાતનુ પોષણ મળે છે પરતન્ત્રતાની બેડીમાં જકડાયેલા હિંદને સ્વતન્ત્રતાનુ સુખ પ્રાપ્ત કરવા માટે રેંટિયો એ એક સુંદર સાધન છે તેની અંદર દરેક મનુષ્યનું તેમજ સકળ રાષ્ટ્રનું હિત સમાયેલુ છે

સુરતને સરવરીયે રે.

ટહાડે તપે સખિ! કાળજડા,
હો! સુરતને સરવરીયે રે,
ભણ ભૂલુ એ ઉરના ભણકાર,
હો! સુરતને સરવરીયે રે.

[૨]

ઝીલે ન્હડે ઉર નાવડા રે,
મ્હારા ભીંજાયે અંગના ચીર,
આછી ઉડે મ્હારી ચુન્દડી રે,
મ્હારા લૂટાયે હૈયાના હીર,
હો! સુરતને સરવરીયે રે

[૩]

ગરવ ગઢ ગુજરાતનો રે,
મ્હારે આંગણે ભરીયા નીર,
આખી તરૂની છાયડી રે,
મ્હારે આછો વ્હાય સમીર,
હો! સુરતને સરવરીયે રે

[૪]

ગુણિયલ અલબેલી ગુજરાતની રે,
પળતી પ્રભુજીને પન્થ,
તીર્થ અનૂપમ એકજ એને,
કોડીલો દેવશો કન્થ,
હો! સુરતને સરવરીયે રે

નલીનીકાન્ત.

આપણે પીવાનું પાણી.

(દક્ષિણ દિ હની હેલ્થ એન્ડ વેલ્ફેર એસોસિએશને પસ દ કરેલા ચોપાનિયાનો એક ભાગ).

હિંદુસ્થાનમાં દર હજાર માણસે દરસાલ ૩૫ થી ૪૦ માણસો મરણ પામે છે. ગ્રેટબ્રિટનમાં દર હજાર માણસે દર સાલ ૨૦ થી પણ ઓછાં માણસો મરણ પામે છે. હિંદુસ્થાનમાં એટલાં બધાં મરણો થવાનું શું કારણ? તેનું એક મુખ્ય કારણ નીચે પ્રમાણે છે. હિંદીઓના મોટા ભાગ જે પાણી પીએ છે, તે ચોખ્ખું નથી કોલેરા, મરડો, આતરિયો તાવ અને બીજા ઘણા રોગો, ખરાબ પાણી પીવાને લીધે થાય છે.

પીવાનાં પાણી માટે ઉપયોગમાં લેવાતાં તળાવોના કાઠાપર લોકોને મેલાં કપડા ધોતા આપણે જોઇએ છીએ. આ તળાવોમાં ગંદુ પાણી વહેતુ આપણે જોઇએ છીએ. લોકો આ તળાવોમાં નહાય છે, અને તેની બાજુમા કુદરતી હાજતે જાય છે. તેમાં ઢોરોને પણ નહવડાવવામા આવે છે. કોલેરા, મરડો અને આંતરિયો તાવ વગેરે જે રોગો ગંદુ પાણી પીવાથી થાય છે, તેવા રોગો આપણા ગામડાંઓમાં ફેલાય છે, એ કાઇ નવાઇ જેવું નથી.

તળાવોમાં આવતુ પાણી.—

જો આપણે વરસાદનું પાણી ધુળ અને કાદવમાં ભેળાતાં પહેલાં એકઠું કરી શકીએ, તો તે આપણે માટે સારૂં અને પીવાલાયક પાણી છે. વળી જો વરસાદનું પાણી પડતર જમીન ઉપર અથવા નહિ ખેડાયલી જમીન ઉપર પડ્યું હોય, અને ત્યાંથી તળાવમાં એકઠું થાય, તો તે પણ સારૂં અને પીવાલાયક પાણી ગણાશે. આ મુજબ, ડુંગરા ઉપરથી ઉતરી આવી જે પાણી તળાવમા ભરાય છે તે સારૂં હોવાનો સંભવ છે પરંતુ, સાધારણ રીતે તળાવોમા જોવામાં આવતું પાણી તેથી જુદીજ જાતનું હોય છે. આ પાણી, ગામડાઓની આસપાસ જમીનની સપાટીપરથી ફરી વળેલું હોય છે. જે જમીનપરથી તે પસાર થાય છે, તે પર મળમુત્ર, મુએલાં ઢોરો, કોહી ગયેલી વનસ્પતિ વગેરે ગંદકી પડેલી હોય છે. તળાવમાં વહેતું પાણી, આ ગંદકીનાં તત્વો લેતું આવે છે. એ રજકણોમાં ઘણીવેળા નુકશાનકારક જંતુઓ પણ માલુમ પડે છે.

નદીઓ.—

તળાવોનાં પાણીની માફક નદીઓનુ પાણી પણ ઘાસ્તી ભરેલું હોવાનો સંભવ છે. નદીની નજીકના ગામોનાં ખેતરમાં પડતું વરસાદનું પાણી ઘસડાઇને નદીમાં

એકઠું થાય છે, અને પોતાની સાથ બધી જાતની ગંદકી ઘસડતું જાય છે. વળી શિઆળા અને ઉનાળાની રૂતુમાં નદિની સપાટીઉપર લોકો ઝાડે ફરવા જાય છે. અને તેમાં કપડાં ધુવે છે આ રીતે નદીની સપાટી ગંદકીવાળી હોય છે, અને તેથી કરીને નદીનું પાણી ધાસ્તીભર્યું હોય છે.

કુવાઓ.—

કુવાઓનું પાણી પણ હમેશા તંદુરસ્તીને માટે સારૂં હોય, એમ નથી એટલુંજ નહિં પણ, તે સ્વચ્છ દેખાતું હોય તો પણ તે હમેશા સ્વચ્છ હોતું નથી તંદુરસ્તીને ધાસ્તી ભર્યા જંતુઓ એટલા બારિક હોય છે કે, આંખથી તે જોઇ શકાતા નથી. એવા અસંખ્ય જંતુઓ પાણીમાં હોય, અને તે છતાં, પાણી કાચ જેવુ નિર્મળ દેખાય. આથી કુવાનુ પાણી સારૂં છે કે કેમ, તે આપણે કેમ જાણી શકીએ?

જ્યારે વરસાદનું પાણી જમીનપર પડે છે, ત્યારે જો જમીન નરમ હોય તો તે જમીનમાં દાખલ થાય છે જમીનની સપાટીપર જે ગંદકી હશે, તેનાં રજકણો પાણીની સાથે જમીનની નીચે પસાર થશે આથી કરીને, કુવાઓની નજીકની જમીનમાં કાઇપણ ગંદકી ન રહે તેવી આપણે સભાળ લેવી જોઇએ. ઘરો અને સંડાસોથી ઘણે દુર, નહિં ખેડાયલી જમીનમા કુવો ગાળવો જોઇએ. બની શકે તો કોઈપણ ગામ અથવા ઘરથી ૨૫૦ ફીટ દુર, કુવો હોવો જોઇએ. કુવા નજીક કોઇને પણ કપડા ધોવાં નહિ દેવાં જોઇએ. કુવાની ફરતો કઠેરો તથા ૧૦ થી ૧૫ ફીટ જેટલી પત્થરનું ચણતર ઉંચું કરવું જોઇએ, કે જે પથરા ઉપર થઇને પાણી કુવાની બહાર પસાર થાય. આથી કરીને લોકોના પગની ધુળ પાણી સાથે કુવામા ઘસડાતી અટકશે. વળી તેથી પાણી ખેંચવાની બાલદી અને દોરડું, ધુળવાળું અને મેલું થતું અટકશે. પરંતુ, આવી આવચેતી લીધા છતાં, કુવા નજીકની જમીનપર કાંઇક ગંદકી હોવાનો જોખમ હમેશાં હસ્તી ધરાવે છે. જો જમીન પોચી હોય તો એ ગંદકી વરસાદનાં પાણીની સાથ કુવામા દાખલ થવા સંભવ છે. આ રીતે જમીનપરની ગંદકી વરસાદનાં પાણી માર્ફત કુવામા દાખલ થાય છે પરંતુ વરસાદનુ પાણી માટી અથવા નક્કર ખડકના પડમાંથી પસાર થઇ શકતું નથી જો આપણે માટી અથવા કઠણ ખડકનાં પડવાળી જમીનમાં કુવો ગાળીએ અને તેની નીચે પાણી મળી આવે, તો એ પાણી ઘણુ સ્વચ્છ અને તંદુરસ્તીને ગુણકારી હોવાનો ઘણો સંભવ છે. માત્ર આપણે માટી અથવા કઠણ ખડકના પડસુધી, કુવાની ચારે બાજુએ પાકું ચણતર કરી લેવાની સંભાળ રાખવી જોઇએ નહિ તો, વરસાદનું પાણી કુવાઓની બાજુમાથી દાખલ થાય, અને તેની સાથ ગંદકીના રજકણો પણ દાખલ થવાની ધાસ્તી છે

કુવામાથી પાણી કાઢતી સ્ત્રીઓ સામાન્ય રીતે પોતાના ઘડા લાવે છે. એક ઘર અથવા ગામમાં કદાચ કોલેરા હોય છે, અને એ ઘરની સ્ત્રી પોતાનો ઘડો કુવાપર લાવે છે કદાચ, એ ઘડાને ઉલગના જંતુઓ લાગેલા હેતુ છે—એ બાઇનાં બાળકને કોલેરા થયો હોય અને તેની ઉલટીનો કેટલોક ભાગ ઘડાને ચોંટયો હોય. એ ઘડો સાફ કરવા પહેલાં, તે બાઇ એ ઘડાને કુવામા ઉતારે, અને એ રીતે કોલેરાના અસંખ્ય જંતુઓ કુવામા દાખલ થાય છે, કે જ્યા તે વધીને તેનાં અસંખ્યગણા થાય છે. બીજી જે સ્રી એ કુવામાથી પાણી લઈ જશે, તે પોતાના ઘડામાં કોલેરાના જંતુઓ પોતાને ઘેર લઈ જશે, અને તેના બાળકોને ઘડામાનું પાણી પીવાથી કોલેરા લાગુ પડશે એવી ધાસ્તી છે આ કારણથી, કોઇપણ માણસને પોતાનું વાસણ કુવામા બોળવા દેવું નહિ; કુવાપર એક બાલદી રાખવી, અને દરેક બાઇએ એ બાલદીવડે પાણી ખેંચી, તેમાથી પોતાનો ઘડો ભરવો જોઈએ.

નવો કુવો કેવી રીતે બાંધવો ?

આ ઉપરથી તમો જોઇ શકશો કે, પીવાનાં પાણીનો આરોગ્યદાયક જથો મેળવવો એ સહેલું કામ નથી ગામડાના તળાવોનું પાણી હંમેશાં ધાસ્તીભર્યું હોય છે, અને ગામડાના ઘણા ખરા કુવાનુ પાણી પણ ઘણીવેળા જોખમભર્યું હોય છે. જો તમે પીવાનાં પાણી માટે નવો કુવો ખોદવાના હો, તો તમારે નીચલા નિયમોપર ધ્યાન આપવું તેમ કરશો, તો પાણી તંદુરસ્તીને લાભકારક થઇ પડશે —

(૧) કુવાને સ્વચ્છ જમીનમા ગાળવો જોઇએ.

(૨) બની શકે તો, માટીના પડવાળી જમીનમા કુવો ગાળવો જોઇએ.

(૩) તેની ફરતી દિવાલ બ ધ પી જોઈએ

(૪) કુવાની બધી બાજુએ ઇંટ અને ચુનાનુ અથવા એવા કોઇ પદાર્થનું ચણતર કરવું જોઈએ કે જેમાથી જમીનની સપાટીથી ૧૦ થી ૧૫ ફીટ સુધી કુવામા પાણી પસાર થાય નહિ

(૫) કુવામાથી પાણી કાઢવાનો પંપ હોવો જોઇએ અથવા તો તેમાથી પાણી લેવા માટે એક ખાસ બાલદી અને દોરડું રાખવું જોઇએ, બીજી કોઇ બાલદી અથવા દોરડું કુવામાં નાખવું નહિ જોઇએ

(૬) કુવાની ફરતુ ૧૦ થી ૧૫ ફીટ સુધી પથ્થરનું ચણતર બાધવું જોઇએ, અને તેનો ઢોળાવ એવી રીતે રાખવો, કે જે પાણી ઢોળાય તે કુવાની બહાર પડે.

(૭) આ ચણતરની ટોરને છેડેથી પાણી દુર લઇ જવા માટે, એક નીક બાધવી, આ નીક પણ પથ્થર કે કોઈ નક્કર પદાર્થની બાંધવી

(૮) કુવા નજીક લોકોને કપડા ધોવા દેવું નહિ

(૯) કોઇપણ ગટર, સંડાસ, અથવા મળમુત્રની જગ્યાએથી કુવો ઘણો દુર હોવો જોઇએ, અને કોઇપણ ઘરથી ઓછામાં ઓછા ૨૫૦ ફીટ દુર હોવો જોઈએ.

જો ખેતરમાં ખાતર નાંખ્યું હોય તો, ખેડાણવાળાં ખેતરમાં કુવો ગાળવો સલામતીભર્યો નથી, એ યાદ રાખવું જોઇએ

કુવાને માટે પંપ રાખી, તેને મજબુત ઢાંકણથી બંધ કરવાનો પ્લાન ઘણો સરસ છે. એમ કરવાથી, કુવામાં ધુળ જઈ શકશે નહિ. જો કુવામાં દોરડું અથવા બાલટી નાખવામાં આવે, તો તેનાપર ધુળ અથવા કચરો ચોંટેલો હોવાની હમેશા ધાસ્તી રહે છે. વળી જો કુવો ઉઘાડો હોય તો, નાના છોકરાઓ અથવા મુર્ખ લોકો તેમાં કચરો નાંખે એવી ધાસ્તી રહે છે. વળી, જો કુવો ઉઘાડો રાખ્યો હોય તો, તેમા મચ્છરો પેદા થશે, અને મચ્છરોથી ઘણી વેળા તાવની બિમારી ફેલાય છે. લોકો અગાઉ એમ ધારતાં કે, જો કુવો બંધ રાખવામા આવે તો તેનું પાણી ખરાબ થશે. આ એક ભુલ છે, અને ઘણી જગ્યાએ કુવાઓ બંધ કરેલા છે અને તેનું પાણી સારૂં છે.

ધર્મની આજ્ઞા—

મહેરબાની કરીને યાદ રાખો કે, હિંદુ ધર્મોપદેશકોએ પાણી ખરાબ નહીં કરવાની આજ્ઞા કરેલી છે. પાણીમાં અને નદીકાંઠે હાજત નહિ જવાની મનુએ આજ્ઞા કરેલી છે. મનુ મહારાજનો એવો આદેશ છે કે, મુત્ર, થુંક અથવા તો મળ-મુત્રવાળાં અથવા લોહીના અથવા કોઇ ઝેરના ડાઘવાળાં કપડાં પાણીમાં નાખવા નહિ. વાલ્મીકિ ઋષિ જણાવે છે કે, પીવાનું પાણી ખરાબ કરવાના પાપથી કોઇ મોટું પાપ નથી. વિષ્ણુ ભગવાને ફરમાવ્યું છે કે, પાણી ખરાબ કરનારને ૧૦૦ પણું (સોનાનો સિક્કો) ના દંડની સજા થવી જોઇએ, અને ગુન્હેગાર પાસેજ પાણીમાંનો કચરો સાફ કરવો જોઇએ

પાણીકેવી રીતે સ્વચ્છ કરવું ?

જો એક ગામમાં કોલેરા ફેલાયો હોય તો, તેના કુવાના પાણીને ' પોટેશ્યમ પરમાગ્નેટ ' થી સ્વચ્છ કરવું લાભકારક છે. પાણી આછા ગુલાબી રંગનું બને તેટલું ' પોટેશ્યમ પરમેગ્નેટ ' આપણે કુવામા નાખવું જોઇએ, અને ૨૪ કલાક સુધી પાણી એવા રંગનું રહે છે કે કેમ, તે આપણે તપાસવું જોઇએ ૨૪ કલાકથી ઓછા વખતમાં જો પાણીનો ગુલાબી રંગ નાબુદ થાય તો, તે પાણી હજીપણ અસ્વચ્છ છે તેના પુરાવા સમાન છે, અને પાણી ૨૪ કલાક સુધી આછા ગુલાબી રંગનું રહે તેટલાં પ્રમાણમાં પાછું " પરમેગ્નેટ " નાંખવું. ગુલાબી રંગ નાબુદ થઇ જવાં સુધી પાણી ન પીવું સલાહકારક છે. ગુલાબી રંગનાં પાણીનો સ્વાદ ખરાબ હોય છે

અથવા તો તે ઝેરી હોય છે એમ સમજવાનું નથી, પરંતુ કોલેરાના જંતુઓનો, પાણી ૨૪ કલાક સુધી ગુલાબી રંગનું રહે નહિ ત્યાંસુધી, સંપુર્ણ નાશ થતો નથી.

પાણીને ગરમ કરો.

સૌથી સલામતીભર્યો રસ્તો એ છે કે, તમે જે પાણી પીઓ, તે હમેશાં ઉકાળીને પીઓ. જો તમે થોડી મીનીટ સુધી પાણી ઉકાળશો તો, તમે પાણીમાના સઘળા રોગ પેદા કરનારા જંતુઓ અને તેનાં ઇંડાંનો નાશ કરશો. ઉકાળેલાં પાણીને સ્વચ્છ માટીના વાસણમાં ઠંડુ પડવા દેશો તો તે પાછું સ્વાદમાં મીઠું લાગશે.

આપણે આપણાં ઘરમાં જે વાસણોમાં પાણી ભરીએ તેને સંભાળથી સાફ કરવાં જોઇએ. તે ઉપરાંત, તેનાં ઉપર બંધબેસ્તાં ઢાંકણાં હોવાં જોઇએ. નહિ તો, ધુળ અને ધાસ્તીભર્યાં જંતુઓ પાણીમાં દાખલ થવાનો સંભવ છે. આ વાસણો સાફ કરવામા એ બિના ધ્યાનમાં રાખવાની છે કે, સુર્યના કિરણોથી એક કે બે કલાકમાં વાસણમાંના બધા ધાસ્તીભર્યા જંતુઓનો નાશ થાય છે. આ બાબતની લોકોની ખાત્રી કરવી મુશ્કેલ છે, પરંતુ સુર્યના કિરણો સૌથી અસરકારક જંતુનાશક દવા છે, એ બિના યાદ રાખવી જોઇએ. જો સુર્યના કિરણોને લીધે પાણી સાફ થતું ન હોય તો, તળાવોનું પાણી હાલ છે તે કરતાં ઘણું વધારે નુકસાનકારક થઇ પડે. આથી જ્યારે જ્યારે તમારાં વાસણો ખાલી હોય, ત્યારે એ વાસણોને સુર્યના તડકામાં મૂકો.

સ્ત્રીઓની શિક્ષાપત્રી

સંગ્રહ કરનાર—જી. બી. પવાર. ધોળકા.

જે પુરૂષના ઘરમાં સ્ત્રી ડાહી અને પુરૂષની મરજી પ્રમાણે ચાલનારી છે તથા મધુર ભાષણ કરનારી છે તે સ્ત્રીને સાક્ષાત લક્ષ્મી જેવીજ જાણવી.

જે સ્ત્રી પતિવ્રત ધર્મને ત્યાગી દે છે, તેની આ લોકમા નિંદા થાય છે. મૃત્યુ બાદ તે ગીધની યોનિમાં જન્મ લે છે, અને પાપનાં ફળને ભોગવે છે.

ધિક્કાર છે એવી સ્ત્રીને કે જે પતીને ત્યાગી અન્ય પુરૂષથી સંબંધ રાખે છે.

જે સ્ત્રીએ શિયળનું સારી રીતે રક્ષણ કર્યું છે તેજ સ્ત્રી સર્વ પ્રકારના આનંદને પામી માનનીય ગણાય છે, સ્ત્રીની ફરજ છે કે સતીત્વની રક્ષા કરવા માટે પોતાના પ્રાણની પણ દરકાર કરવી નહિ.

સ્ત્રીનો પુજ્ય દેવ પતિ છે.

શીયળવ્રતવાળી સ્ત્રીએ સર્વ જગતને જીત્યું છે.

સંસારના કામકાજમાં સ્ત્રી એ સ્વામિરાજનો મંત્રી છે

સેંટપીટસબર્ગનો આરામ અને દોલત છોડીને અહીં ચાલ્યા આવવાનું શું કારણ છે? મા, તમને ત્યાંનો આનંદ ન ગમ્યો કે આવું ઘોર તપ આદરવા અહીં આવ્યાં?" પ્રાસ્કેવીયાએ ખુલાસો કરતાં પૂછ્યું.

પ્રાસ્કેવીયાના આ પ્રશ્નથી તેની માતાનું હૈયું ભરાઈ આવ્યું. તેને આગલાં સુખો યાદ આવ્યાં અને પોતાને આ ભયાનક અરણ્યમાં વિના અપરાધે આવવા ફરજ પડી છે તે વાતનું સ્મરણ થતાં ગળગળી થઇ ગઇ. ખેદના તાપથી ગળું સુકાઇ જવા લાગ્યું હોય તેમ તેણી વધારે બોલવા અસમર્થ થઇ પડી. તો પણ હિંમત એકઠી કરીને કહ્યું—" બેટા, એ વાત જવા દે. આપણે સૌ એકઠા છીયે તેજ આપણા માટે આનંદ છે."

" પણ માતા, ઘર, કુટુંબ અને સ્નેહીજનો, તેમજ પુરતા પૈસાને છોડીને આ અટવીમાં આવી વસ્યા વિના તે આનંદ મળે તેવું નહોતું?"

પ્રાસ્કેવીયાએ આ પ્રશ્ન પૂછ્યો તેટલામાં જંગલમાં ગયેલ તેનો પીતા લાકુતન ત્યાં આવી પહોંચ્યો. તે ઘણો થાકી ગયો હતો, છતાં પોતાની સ્ત્રી અને પુત્રીને ઉદાસ બેઠેલાં જોઇ ત્યાં દોડી ગયો અને આશ્ચર્યથી પુછયું—" કેમ, કંઇ આપત્તિ છે?"

"નહિં, પીતાજી! આપત્તિ જેવું કંઇ નથી. પરંતુ મને મારો બાળઆનંદ યાદ આવી જવાથી દુઃખ થાય છે. કહોને, આપણે પાછા સેંટપીટસબર્ગ રહેવાને વયા જઇએ તો કેવું સારૂં?" પ્રાસ્કેવીયા પોતાના પીતાને ગળે વીંટાઇને રડતાં રડતાં બોલી.

લકુતન આ અણધાર્યા પ્રશ્નથી દિગ્મુઢ થઈ ગયો. નિર્દોષ બાળાના નિર્દોષ પ્રશ્નનો શું ઉત્તર આપવો તે વિચારવા લાગ્યો. અંતે ખરી વાત કહેવા વિના તેના મનનું સમાધાન થશે નહિ તેમ ધારીને કહ્યું. " બ્હેન, તું હજુ બાળક છે, એટલે આપણા જંગલના વસવાટની વાત સાંભળવાથી તને દુઃખ થશે. તેમ ધારી કહેતો નથી. છતાં તારા મનના સમાધાન માટે એટલું કહું છું કે આપણે સર્વે સુખ-સંપતિ છોડીને અહીં વસ્યા છીયે તે રાજ્યની આજ્ઞાનું કારણ છે. એટલે આપણાથી પાછું ત્યાં જઇ શકાય તેમ નથી."

"રાજ આજ્ઞા! આપણી અંગત મીલ્કતનાં સુખો છોડાવવાને રાજઆજ્ઞા!! આમાં હું કંઇ સમજી શકતી નથી, પીતાજી, ખરૂં કહો રાજને એવી આજ્ઞા કરવાનું કારણ શું?"

બેટા, તારા નાદાન મગજ ઉપર એવી વાતોનો ભાર મુકવો તે મને ઠીક લાગતું નથી. માટે તે વાત જવાદે. ચાલ આપણે સૌ બહાર ફરીને આનંદ લઇએ. જોને સામેની કોતરમાં ગઇ રાત્રીએ સિંહનાદથી રાત્રી ગજાવી રહેલો સિંહ અત્યારે કેવો શાંત ઉંઘી રહ્યો છે? ચાલ આપણે તે તરફ જઇએ."

"નહિ, પિતા ! મને આવો વૃથા આનંદ હવે નથી જોઈતો. કહો, સાચે સાચું કહી દ્યો કે આપણને આટલે દુર અઘોર વનમાં મોકલી દેવાનુ રાજને શું કારણ મળ્યું ?"

"બ્હેન, રાજ્યાજ્ઞાને કારણ શું ? અને તેમા વળી રૂશિયન ઝારશાહીમાં એવા કારણ શોધવાની જરૂર શું હોય ? બસ, રાજની ઈતરાજી એજ આજ્ઞા અને રાજની આજ્ઞા માથે ચઢાવવી તેજ પ્રજાધર્મ. એક તરફની ઈતરાજી તે સૌને ભોગવવાની બેટા, એ વાત જવા દે પ્રભુ સહુનું કલ્યાણ કરે"

"આવી રાજસત્તા તે સત્તા નહી પણ મેતાનિયત છે. પીતાશ્રી ન્યાય વિનાની સત્તા લાંબો સમય નભીજ શકે નહિ મેં કંઇ રાજનો ગુન્હો કર્યો નથી, એટલે તે મને અહીં મોકલી શકેજ નહિ માટે હું સેંટપીટર્સબર્ગ જઈશ ને આપને થયેલી આજ્ઞાનું કારણ માગીશ."

૭ ૭ ૭

માતા પિતાની આનાકાની છતાં પણ દ્રઢતાથી પ્રાસ્કેવીયા રજા મેળવીને સાઇબીરીયાના એકાંત પ્રદેશમાંથી સેંટપીટર્સબર્ગ જવાને એકલી રવાના થઇ. પંદર વર્ષની બાળા અરણ્યની મુસાફરી, એકલા જવું, પૈસો કે સ્હાયની ખામી, જંગલના જાખરા, મેદાન, ઝાડી, અને જાનવરોનો ભય એ સઘળું સહન કરતાં તે આગળ વધી. પણ આગળ જતાં બરફનો વરશાદ શરૂ થયો, ત્યારે મુંઝાઇ. બરફમાથી પસાર થવા અને તેનાથી રક્ષણ મેળવવાને એક પણ સાધન તેના પાસે ન હોતું. આ સઘળી મુસ્કેલીઓ ઉઠાવીને પણ અંતે લગભગ એક વર્ષે સેંટપીટર્સબર્ગ પહોંચી અને મહામહેનતે તે રાણીની પાસે ગઈ.

આ સમયે રૂશિયા અને જર્મની વચ્ચે લડાઈ શરૂ થઇ ચુકી હતી. સ્થીતિ ઘડીમા વિજય અને ઘડીમા પરાજયનો ભાસ કરાવી રહી હતી. રાજપતિ ઝાર અને રાજમંત્રીઓનુ ધ્યાન મોટા ભાગે શત્રુઓને માત કરવામા રોકાયું હતુ. પ્રજામા જોઈએ તેટલો ઉત્સાહ કે સ્હાનુભૂતિ ન દેખાવાથી રાજમંડળ ચિંતાતુર હતુ. રાજ-રાણી પણ આ ઘટમાળથી ઉદાસ રહેતા. તેવામાં પ્રાસ્કેવીયાએ રાણી પાસે જઇ પોતાના પીતાને દેશપારની થયેલી આજ્ઞાનું કારણ જાણવા પુછ્યું. "માતા, આપ રાજના છત્ર છો, પ્રજાના માતા છો. અને અમો બાળકોના આરામનું સ્થાન છો, છતા મારા પિતાને કંઇ પણ કારણ ન જણાવતા દેશપાર કરવામા આવેલ છે, એ શું ન્યાય છે ? ભલે મારા પિતાનો કંઈ ગુન્હો હોયતો તે જણાવી ગમે તેવી ભયંકર સજા કરવાને આપ મુખત્યાર છો. અમે પ્રજા મહારાજાને પ્રભુ તુલ્ય સમજીએ છીએ. એટલે પ્રભુને ગુન્હાની સજા કરવાને અધિકાર છે, પરંતુ વિના વાંકે પ્રજાને ચગદી નાંખવી તેમાં રાજ્યનું કલ્યાણ ગણાય નહિ માટે કૃપા કરી મારા પિતાનો શું દોષ છે તે જણાવવા કૃપા કરશો કે ?"

ઝારની આંધળી સત્તાના પરીણામે પ્રજાનો તેના તરફ કેટલો તિરસ્કાર વધી

પડ્યો હતો તે રાણી જાણતી હતી. વિના અપરાધે રંજાડેલી પ્રજા અત્યારે તેની નહોતી એ ખુલ્લુ થવા પછી રાણીને ગુન્હો શોધવા જેવુ ન હોવાથી પ્રાસ્કેવીયાને શાંત કરતા તેણે કહ્યુ "બાળા, તારી હિમતજ બતાવે છે કે તારો પિતા ગુન્હેગાર નહિ હોય જા તેને હમણાજ બોલાવી લાવ તેને ઈન્સાફ મળી ચુકયો છે તેની ખાત્રી માટે હુ હમણાજ હુકમ લખાવી આપું છુ "

રાણી હુકમ સોપે તે પહેલા તો પ્રજામા ખળભળાટ વધી પડયો હતો રાજ્યના અન્યાયથી જુલ્મથી ત્રાહી-ત્રાહી થયેલ પ્રજા ખળભળી ઉઠી હતી. ને અનુક્રમે પ્રાસ્કેવીયાએ રાજકુટુબને કેદ થયેલુ અને મરાએલું સાભળ્યું, ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો હવે તે પોતાના પિતા-માતાને દેશમા ખેચી લાવવા ચાલી નીકળી અને જતા જતા બોલી કે "ન્યાયની લાકડીનો ગેબી ઇન્સાફ રાજા અને રકને માટે સરખોજ છે."

'તમે સ્વદેશી બનો તમો તથા તમારા બાળકો નિરોગી બનીને દેશની સેવા કરો.'

માધવ પીલ્સ.

શુદ્ધ સ્વદેશી બનાવટની અત્યુત્તમ ગોળીઓ છે તમારા તથા તમારા બાળકોના દર્દો ઉપર રામબાણ છે

માધવ પીલ્સ—ગમે તેવી ઉલટી થતી હોય તો બધ કરે છે

માધવ પીલ્સ—છાતીની ગભરામણ, ખાલી ઉબકા એકદમ અટકાવે છે

માધવ પીલ્સ—હીસ્ટીરીયા ઉપર ખાસ અકસીર છે

માધવ પીલ્સ—મૂર્છા, તાણ ખેચ, બોલવુ બધ થવુ વિગેરે ઉપર અકસીર પુરવાર થઇ ચુકેલ છે

એક પણ ઘર માધવ પીલ્સ વગરનુ ન હોવુ જોઇએ. આજેને આજે મગાવો અને તમારા દવાના સગ્રહસ્થાનમા રાખીને ઉપયોગ કરો.

કિંમત ૬૪ ગોળીની શીશીનો માત્ર એક રૂપિઓ

પોસ્ટેજ ચાર્જ જુદો.

લખો—ઇન્ડીયન મેડીકલ ડીપો.

ભાવનગર (કાઠીયાવાડ)

વનસ્પતિ ઉપર રજોદર્શનની અસર.

(ધી મેડીકલ રીવ્યુમાંથી અનુવાદક અભ્યાસી)

રજસ્વલા સ્ત્રીએ પાળવા માટે હિંદુ શાસ્ત્રમાં કેટલાક નિયમો ઘરેલા છે તેને હાલના જમાનામાં પશ્ચિમની કસોટીએ આપણે વખોડી નાંખતા શીખ્યા છીએ અને માત્ર વહેમ છે એમ ગણી તે નિયમો પાળતા નથી અગર થોડા ન છુટકે પાળે છે. આવી જાતના "વહેમ" પશ્ચિમના દેશોમાં હજુ સુધી પ્રચલિત છે એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે અને જેમ જેમ વિજ્ઞાનનું જ્ઞાન વધતું જાય છે અને શોધ ખોળ વધારે થતી જાય છે તેમ તેમ આવી જાતના "વહેમ" મહાગણ છે કે નહીં તેનો નિર્ણય થતો જાય છે. આવી સ્થિતિમાં આપણા અજ્ઞાનને લીધે અમુક વસ્તુને "વહેમ" ગણી વખોડી કાઢવી એ માત્ર ઉદ્ધતાઈજ લેખાય! વિજ્ઞાનનો પ્રભાવ એવો છે કે કાલે તે શું કરી બતાવશે તે કહી શકાતું નથી.

શરિર અને ઇંદ્રિયવિજ્ઞાનને આધારે રજસ્વલા સ્ત્રીએ આરામ લેવાની જરૂર છે એ તો સર્વમાન્ય છે, પરંતુ ફળ ફુલાદી ઉપર રજોદર્શનની થતી અસર તેમ જંતુશાસ્ત્ર ઇત્યાદિને આધારે પણ તેવી સ્ત્રીએ કોઇને અડકવું ન જોઇએ એવી જાતનો અર્થ આ લેખમાંથી નીકળે છે આરામ લેવા ઉપરાંત કોઇને અગર કશાને અડકવુ નહીં–રાંધવુ નહીં–પાપડ વડી અથાણા વગેરે અડકવાથી બગડે છે માટે એ વસ્તુઓને અડકવું નહીં તેમ "પડછાયો" અગર "ઓળો" ન પડવો જોઇએ—ઇત્યાદિ જે પ્રચલિત રિવાજો આપણામાં છે, તેમાં કેટલું સત્ય રહેલું છે તે આ લેખ ઉપરથી સમજાશે. હિંદુ કોમ કરતાં પારસી અને યાહુદી લોકોમાં અટકાવ વધારે દિવસ પાળવામાં આવે છે, પણ "સુધરેલા લોકોમાં બિલકુલ પળાતો નથી અને તેની અસર હિંદુસ્તાનમાં પણ જોવામાં આવે છે."

પ્રો. શીકનો લેખ નીચે પ્રમાણે છે:—

૧૯૧૯ ના ઓગસ્ટ મહીનામાં, તુરતના કાપેલા અને તેના પહેલીજ વખતના પૂર બહારમાં ખીલેલાં ગુલાબના ફુલ લેખકના ઉપર મોકલવામાં આવ્યાં હતા. તેણે એક ચાકરડીને પાણીમાં મુકવામાં આપ્યા. બીજે દિવસે સવારે તે ફુલને ચીમળાઇ સુકાઇ ગયેલા જોઇને તેને અચંબો લાગ્યો. ઘણાં ખરાં પાંદડા પણ ખરી પડ્યા હતાં (ઠંડા દેશોમાં પાણીમાં રાખવાથી ફુલ આઠ કે વધારે દિવસ સુધી તાજાં રહી શકે છે) આનું કારણ ચાકરડીને પુછતાં તેણે જણાવ્યું કે આગલે દિવસથીજ તે જાણતી હતી કે ફુલ મરી જશે. કારણ કે અનુભવથી તેને માલમ પડ્યું હતું, કે જ્યારે તે રજસ્વલા હોય તે વખતે જેટલાં ફુલને તે અડકે તે બધાં ફુલ મરી જતાં હતાં. લેખકના માનવામાં આ વાત આવી નહીં, તેથી તેનું કહેવું ખરું છે કે નહીં તે શોધી કાઢવા બીજે મહિને અખતરો કરી જોવાનો તેણે ઇરાદો રાખ્યો. ચાકરડીને અટકાવ સપ્ટેમ્બરની દસમી તારીખે શરૂ થયો. બીજે દિવસે, રજસ્વલા ન હોય તેવી એક બીજી સ્ત્રીની સાથે એક માળી પાસે તે ચાકરડી ગઈ, જેણે દરેક સ્ત્રીને ત્રણ ત્રણ જાતના ફુલ—એક એનીમોન (anemone) એક સફેદ ગુલદાવડી (chrysanthemum) અને એક સુરજ મુખી (sunflower) તાજાં કાપીને આપ્યાં. આ ફુલ પોતાના હાથમાં ઝાલી દસ મીનીટ રસ્તે ચાલીને, લેખકને ઘેર બન્ને

સ્ત્રીઓ આવી, તે વખતે ચાકરડીના હાથમાના ત્રણે ફુલ ચીમળાઇને નમી ગયેલા જણાયાં. સોળ કલાક પછી એનીમોન (anemone) ના ફુલ ઉપર કીરમજી લીટીઓ દેખાવા લાગી, ચોવીસ કલાક પછી તદ્દન સુકાઇ ગયુ અને અડતાળીસ કલાકે પાદડી ખરી ગઈ બીજા બન્ને જાતના ફુલની પણ તેવીજ હાલત થઇ, ત્યારે પેલી બીજી સ્ત્રી જે રજસ્વલા નહોતી (જેનો Control તરીકે ઉપયોગ કર્યો હતો) તેના ત્રણ ફુલ અડતાળીસ કલાક પછી પણ તદ્દન તાજા દેખાતા હતા. આ અખતરો સપ્ટેમ્બરની બારમી તારીખે ફરી અજમાવતા ચાકરડીના ફુલ માત્ર ત્રણ મીનીટના સ્પર્શ પછી બીજી સ્ત્રીના ફુલ કરતાં વધારે ચીમળાઇ ગયેલાં માલમ પડયા હતાં અને બીજે દીવસે એનીમોન (anemone) તદ્દન કીરમજી રંગનુ થઇ ગયુ હતું અને તેની પાદડીની કીનારી વળી ગયેલી હતી સપ્ટેમ્બરની તેરમી તારીખે ફરીથી અજમાવતા, એનીમોન (anemone) ના ફુલ ઉપર નહીં જેવી અસર થયેલી જણાતી હતી; માત્ર પાંદડીની કીનારી કીરમજી રંગની થવાની શરૂઆત હતી બીજી જાતના ફુલ વધારે સારા રહ્યા હતા. અઠવાડને ચોથે દિવસે બન્ને સ્ત્રીઓના ફુલમાં કાંઈ પણ ફરક દેખાતો નહોતો.

ઝાડ પાન અને તે ઉપરાંત પ્રાણીઓ ઉપર રજોદર્શનની અસર થાય છે, તેના ઘણા પુરાવા દંતકથાઓ ઉપરથી મળે છે દ્રાક્ષના માંડવામા કોઇ પણ રજસ્વલા સ્ત્રીને દાખલ થવા દેવામાં આવતી નથી જો તેવી સ્ત્રી દ્રાક્ષની વેલને અડકે છે, તો વેલ મરી જાય છે, તેમ તેને ફુલેલી વેલ ઉપર ચઢવા દેવામાં આવતી નથી, કારણ જો ચઢે તો મોર ખરી પડે છે ફળ સુકાઈ જાય છે અને બીજે વર્ષે તે વેલ ફુલે કે ફળે નહીં, અગર તદ્દન મરી જવાની ધાસ્તી રહે છે પાઉ બનાવવા માટે લોટની કણકમાં આથો લાવવામા આવે છે, તે રજોદર્શનને લીધે બંધ પડે છે તેમ કુતરાની છત્રી (Mushroom) મોટી થતી અટકી જાય છે વળી એમ કહેવામાં આવે છે કે નાગી રજસ્વલા સ્ત્રી પાસે આવતાંજ ઝાડ ઉપરનાં જીવડાંઓ ખરી પડે છે મેટ્રોડસ સ્કેપ્સીઅસ (Metrodrus Scepsius) જણાવે છે કે કેન્થેરીડીસ (Cantharadis) નામની ફોલ્લા ઉઠાવનારી માખો, રજસ્વલા સ્ત્રીને જાંઘ સુધી ઉઘાડા પગ રાખી, કેડથી બંધ કરી, વાળ છોડી નાખી, ખેતરોમા ચલાવવાથી, કેપેડોશીઆ (Cappadosia) નામના પ્રદેશમાંથી, હાંકી કાઢવામાં આવી હતી જે રજસ્વલા સ્ત્રીથી દારૂ, સરકો કે બીઅર બગડી જાય છે, તેવી સ્ત્રીઓને દારૂની ભઠ્ઠીઓ પાસે દાખલ થવા દેવામા આવતી નથી. મુરબ્બા બનાવનારા અને ફુલ વેચનારા, ફળ ફુલને રજસ્વલા સ્ત્રીઓ ન અડકે તેટલા માટે સાવચેતી રાખી બીજા કામમા રોકે છે કોબીજ (Cabbage) નાં કુમળા પાદડા મેલો ખાદ ન જાય માટે ચોળમા મૈકામાં રજસ્વલા સ્ત્રીઓને જર્મનીના ન્યુરનબર્ગ શહેર પાસે કામ કરવા ખાસ રોકવામા આવી હતી

વધારે અખતરા કરતા લેખકને માલુમ પડયુ કે કેટલીક રજસ્વલા સ્ત્રીઓની ઝાડપાન ઉપર કોઈ પણ અસર થતી નહોતી અને આ કારણને લીધેજ ઉપરની દંતકથાઓને "વહેમ" તરીકે ગણવામા આવી હશે. ૧૯૧૯ ના ઓકટોબર મહિનામા ફરીથી અખતરો કર્યો, તો માલુમ પડયુ કે રજસ્વલા ચાકરડીએ જો રબરનુ મોજું હાથે પહેર્યું હોય તો ફુલ ઉપર કોઈ પણ અસર થતી નહોતી અને ફુલ ઉપર પુષ્કળ શ્વાસોશ્વાસ નાખ્યો હોય તો પણ કાંઇ અસર થતી નહોતી આ ચાકરડી અને રજસ્વલા નહોતી તેવી પેલી બીજી બાઈ (Control) એ બન્નેને

લોટ, ખાંડ, દૂધ અને યીસ્ટ (yeast) (આથો લાવનાર જંતુ) આપી કેક (Cake) બનાવવા કહ્યું. બધુ સરખા માપનું બન્ને આપ્યું હતું તે છતાં રજસ્વલા ચાકરડીના કેક માત્ર ૩–૯ સેન્ટીમીટર (અઢી સેન્ટીમીટર–એક ઇંચ) ફુલીને ઊંચાં થયા હતાં, ત્યારે બીજી બાઇના પાંચ સેન્ટીમીટર ઊંચા થયા. આ વધારે ઉંચા કેકનું વજન ૬૦ ગ્રામ (Gramme એક ગ્રામ–૫૬૨ ગ્રેન) થયું, ત્યારે ચાકરડીના કેકનું વજન માત્ર પચાસ ગ્રામ થયું. કાચની નળીઓ (Test Tube) માં ઉછેરાતા યીસ્ટ (Yeast) ની ઓલાદમાં વધારો થવામાં છથી ચૌદ કલાક વાર વાગેલી જણાઇ

ડિસેમ્બર અને જાન્યુઆરીમાં અટકાવ વખતે વધારે શોધખોળ કરતાં માલમ પડ્યું કે ચાકરડીના પરસેવામાં ઝેર રહેલુ છે, પણ થુંકમાં નહોતું. તેમ લોહીના પાણી જેવા પ્રવાહી ભાગમાં ઝેર નહોતું, પણ લોહીના લાલ રજકણોમાં (Red corpuscles) માં ઘણું ઝેર હતું, તેથી એમ જણાય છે કે લાલ રજકણોને રસ્તે, ઝેર શરીર બહાર આવે છે આ ઝેર તાપથી નાશ પામતું નથી ૧૦૦ ડીગ્રી સેન્ટીગ્રેડ (ઉકળતા પાણીની ગરમી) તાપમાં ૫૬૨ મીનીટ સુધી લોહીને તપાવતા પણ ઝાડ પાન ઉપર અસર કરનારી ઝેરની શક્તિમાં કાંઇ ખાસ ફેરફાર થયેલો જણાયો નહીં લેખકને એમ લાગે છે કે આ ઝેરની શોધથી બીજા નવા માર્ગ જડશે. અને જંતુનાશક અસર જે જણાઇ છે તેને લાભકારક રીતે ઉપયોગમાં લેવા સારૂ વધારે શોધખોળની જરૂર છે

પ્રો શીકનો ઉપરનો લેખ વાંચ્યા પછી આપણા રીતરિવાજો વિષે શોધખોળ થવાની જરૂર છે એમ સમજાશે. પશ્ચિમના વિદ્વાનો પાસ કરે તેટલા ખરા, અને બાકીના ખોટા છે એમ જે હજુ સુધી મનાય છે તો દ્વારકાની છાપ લઇને આવેલો ઉપરનો લેખ આપણી આંખો ઉઘાડવાને ભાગ્યશાળી થશે એવી આશા છે (સાહિત્ય.)

આરોગ્ય એજ જીંદગીનું સુખ છે.

સ્ત્રીઓને માટે ખાસ પ્રદરનાશક ચૂર્ણ.

પ્રદરનાશક ચુર્ણ ગમે તેવા પ્રદર રોગનો નાશ કરી શરીરને નિરોગી બનાવે છે. બીજી બધી દવાઓ વાપરીને કંટાળી ગયા હોતો જરૂર અમારૂં પ્રદરનાશક ચુર્ણ વાપરી ખાત્રી કરજો.

પ્રદરનાશક ચુર્ણ વાપરવાથી તમારા હાથ પગમાં થતી બળતરા, ગર્ભાશયનો સોજો, પેશાબની બળતરા એકદમ મટાડે છે

પત્ર વ્યવહાર ખાનગી રાખવામાં આવે છે

કિંમત ડબાનો રૂપીઓ દોઢ પોસ્ટેજ જુદું.

ઇન્ડીયન મેડીકલ ડીપો.

ભાવનગર (કાઠીયાવાડ)

પારણીએ પોઢતા બાળકને સ્વદેશનું સ્ફુરેલું આત્મજ્ઞાન.

મા મને ગાંધીના દર્શન કરાવ (૨)
પ્રભુનાં દર્શન કરાવ—મા મને ટેક ૧
રક્ત સરીખો ચા નથી પીવો (૨)
ગાવડીનું દુધ પીવરાવ—મા મને ૨
ભ્રષ્ટ ન કરતું અંગ ચરબીથી (૨)
દેશી સાબુથી નવરાવ—મા મને ૩
વસ્ત્ર પરદેશી પહેરવામા પાપ છે (૨)
દેશી ખાદીથી સજાવ—મા મને ૪
તલપુર શોભા જોઈએ ન મારે (૨)
દેશી પારણીએ ઝુલાવ—મા મને ૫
વિદેશી પુતળા, ભલે હોય રૂડાં, (૨)
રમકડાં દેશી અપાવ—મા મને ૬
દેશી શાળામાં, દેશી ધારામાં, (૨)
દેશી સાહિત્ય શિખાવ—મા મને ૭
અમારા હિતનાં ગાંધીના ગીતડાં (૨)
અતિ આનંદે ગવરાવ—મા મને ૮
ઉદ્યોગને આદરી દેશી કારીગીરી, (૨)
પુરી પ્રકાશમાં લાવ—મા મને ૯
મા મારા દેશમા સૌએ ભર્યું છે, (૨)
ખોટા ના લાડ લડાવ—મા મને ૧૦
હિતની શિખામણ જરૂર પાળીશ હું (૨)
ગાંધીના વચન સંભળાવ—મા મને ૧૧
ત્યાંથી નિડર અને સાચી આંખો (૨)
ગાંધીની નજર મીલાવ—મા મને ૧૨
હુક્ક મેળવવા' સુતરના તાતણે (૨)
ચરખાનો સુર સૂણાવ—મા મને ૧૩
દર્શન કરાવને આજને આજ તું (૨)
નહિ તો મને ના બોલાવ—મા મને ૧૪

ધૈર્ય અવાજ
૧-૧-૨૧

વિઠુલરાય મોતીરામ પંડ્યા.
નારદીપુરકર

પ્રેમની પ્રતીતિ

(લે૦—છોટાલાલ કેશવલાલ દવે.)

પ્રકરણ. ૧ લું

શંકાશીલ આશક

ચહે ના જો મને તેતો,
પીડા પામું અમસ્થો કાં;
સરિત્ જો અબ્ધિમાં નાવે,
ઉંડા શિદ અબ્ધિ તો જાયે ?
તજી આ ગામને જાઉં,
અમસ્થું દુઃખ શું સ્હેવું;
વિફળ જ્યાં પ્રેમની આશા,
કદી રેવું પછી ત્યાં ના.

કુસુમના કડવા શબ્દોથી ઉશ્કેરાઈ ગયેલો સુમન ઉપર પ્રમાણે વિચાર કરતો પોતાના દિવાનખાનામાં આવી આમ તેમ ફરતો હતો. ઉનાળાના સૂર્યનો સખત તાપ મધ્યાન્હનો સમય હોવાથી જગતને તપાવી રહ્યો હતો. તેવામાં અંતર સંતાપથી ઉકળી રહેલો સુમન અસહ્ય આંતરિક પીડાથી અકળાઇ ઘરનો ત્યાગ કરી ચાલ્યા જવાનો નિશ્ચય કરી બહાર નીકળે છે, તેવામાં કાંઇક વિચાર આવતાં તે પાછો ફર્યો. તેના મનમાં વિચાર આવ્યો કે:—

વિનાશ થાતાં ઉર આશ મારી,
હતાશ હું માનુની આજ તારી;
સદાય આંખો થકી દૂર થાવા,
વિદેશ આજે વિચરૂં છું કહેવા.

જતી વખતના પોતાના ઉપર પ્રમાણેના વિચારો પાછળ લખી મૂકી, જવાના ઇરાદાથી—

ધરી કરે લેખિની તે લખે જ્યાં;
સરી પડી લેખિની હાથથી ત્યાં;
કહેજ જાણે લખ ઉલટું ના,
પ્રિયા તણો પ્રેમ તું જાણતો ના.
અહા અરે શું નિરજીવને એ,
ખરૂં રહસ્ય પ્રિતનું જણાએ;
કળી નહીં તે યુવકે નિશાની,
ફરી ધરી લેખિની હાથ માંહીં.
ફરી સરી લેખિની હાથમાંથી,
યુવાનને સાન ન તોય આવી;
હણી બિચારી કલમીં ખિજાઈ,
કળી શકાણી નવ સાન તેની.
જુવાન ઉઠયો ઘરમાં ફર્યો તે,
નિહાળવાને સઘળી ચીજો તે;
પોતા તણી ત્યાં છવિ દેખી તેણે,
વિચાર કીધો લઈ જાઉં એને.
"નહીં" વધો તે મનમોજ કાંઈ,
ભલે રહી આમજ તે ટિંગાઈ;
અતિ વિનોદા મનમાં મુંઝાશે,
દેખી છબી આ ખરી પ્રીત હોશે.

આવા તર્ક વિતર્ક કરતો "સુમન" જ્યાં બહાર નીકળવા જાય છે, તેવામાં ઘરનો વૃદ્ધ નોકર મનુ જેણે આજે સુમનને અસાધારણ રીતે ઉશ્કેરાયેલો જોયો હતો તે તેને શાન્ત કરવાના ઇરાદાથી બોલ્યો. "સુમનભાઇ, જરા સબુર, આમ વૃદ્ધના

આટલાં બે વચન સાંભળી નોંધી લે !
અને પછી ગમે તેમ કરો "

વૃદ્ધની શીખામણઃ—

ઉતાવળે વાત, સાચી ન સૂજે,
ધીરા અધીરા થઇ ભેદ ભૂલે,
રૂપાન્તરે સર્વ જણાય વાત,
થતાં ઉરે તાપ અહા ! અગાધ

સુમન—વૃદ્ધ તેમ નથી—

નિહાળે પ્રેમ ભાનુમા,
ધરે કમળો સદા જગમા,
તથાપિ ભ્રમ ભોળો આ,
ફસાયે ઉરમા તેના.
ધરે કંઇ પ્રેમ બીજામાં,
ફસાવે અન્યને ઉરમા,
જગતમા નાર છે તેવી,
ઘટે તેને તજી દેવી

વૃદ્ધ.—

રાત્રી વિષે શયનમા પતિ સાથ પ્યારી,
સૂતી હશે કહી તહા પિતુને નિહાળી;
મુગ્ધા તજે પિયુ અને પિતુ પાસ દોડે,
તેથી કહો સતી તણી પ્રિત કો વખોડે
છે ભાનુ સર્વ વિટપો મહીં તાત રૂપ,
છે નાંહિ તે કમળનો કદિ પ્રેમ ભૂપ,
માટે ન ભાઇ અમથો કમળો વખોડ,
તેના ઉરે પ્રિય અરે શિદ શૂળ ભોંકે
છે દોષ જો ભ્રમરને કમળો વિષે આ,
લાગે દૂષીત ભમરો નહિ દેખતા આ;
ગુંજી કરી લઇ પરાગ સુપુષ્પનો તે,
આવે તદાપિ કમળો તજવા ન એને
રાત્રે પુરે હૃદયમા કમળો અલીને,
તેમા વિચાર કરતા નવિ વાત શી છે ?
ત્યાગી-પ્રિયા પતિ ફરે પરનાર પાસે,
ત્યારે પ્રિયા પતિ પુરે ઘરમા ન રાતે

પ્રીતિ કરવી સ્હેલ છે,
નિભાવવી મુશ્કેલ;
ઝેર પ્યાલો પીવાય પણ,
શિવસમ નહીં જીરવાય

સુમનઃ—

ધરી પ્રીતિ દિપક માહીં,
બિચારૂ કુદકુ જ્યાહીં;
મળીને ભેટવા જાયે,
બળીને ભસ્મ ત્યાં થાયે.
કહો જ્યારે દીપકને આ,
બિચારાની કદર છે ના;
અમસ્થો શીદ તો તે ત્યા,
ધસે હા ! જીવને ખોવા.

એમ બોલતો બોલતો ઘરનો ત્યાગ કરી ચાલ્યો જાય છે. વૃદ્ધ મનુએ જાણ્યું કે-સુમનનો નિશ્ચય અત્યારે ફેરવી શકાશે નહીં, તેથી તે ઉદાસ મને ઉતાવળે ઉતાવળે સુમનના મિત્ર વિલાસીને સઘળી વાત કરવા દોડી જાય છે

પ્રકરણ બીજું

તર્ક વિતર્ક.

હતાશ સુમનઃ—

ઘરનો ત્યાગ કરી ચાલી નીકળેલો "સુમન" એકાન્ત જંગલમા આવી ચઢ્યો છે, અને ત્યા તે આરામ લેતો બેઠો છે તેવામા તેના સંશયાત્મક ચિત્તમાં અનેક તર્ક વિતર્ક ઉભા થાય છે અને તેને અંગે તે સ્વગત બોલે છે —

કવિ વૃથા બકવાદ કરી સ્ત્રીઓની પ્રશંસા કરી રહ્યા છે કે—

કોઈ કહી નવ નારી ધિક્કારો,
જુઓ તેમા દોષ તમારો ટેક
સુંદીર કાચનો પ્યાલો છે નારી,
ચિવટથી જો ઝાલો
સુંદીર રે'શે મૈન હરનારો,
વણ ચિવટે ફુટનારો જુઓ
સરસ ગુલાબી ગોટો છે નારી
પ્રેમ સુગંધ દેનારો
પ્રેમેથી જો જતન કરો તો,
સુગંધ સદા દેનારો જુઓ
પરણીને વાવી અંતરમા,
પ્રેમનો છોડવો ન્યારો
પ્રેમ પાણી પાશો નહીં એને
તો કરમાઈ જનારો જુઓ
નારી સ્વભાવ છે નેતર જેવો
વાળો ત્યમ વળનારો
વાળ્યા પછી પ્રેમ દોરી ન બાંધો,
સ્થીતિસ્થાપક થનારો જુઓ
નારી ભવે છે ઝરણો ન્યારો,
પ્રીતિ લહેરે રમનારો;
ધિક્કાર તાપે જો નહીં શોષો,
પ્રેમ સદા ઝરનારો જુઓ
નારી શબ્દનો અર્થ વિચારો,
અરિ નહીં એજ થાનારો,
તેને દોષ ભરી જો દેખો,
એ અપરાધ તમારો જુઓ
હૃદ પીંજરમા પોપટ નારી,
પ્રેમ પરે રહેનારો,
ગાતા બોલતા જેવુ શીખવો,
તેવુ તે શીખનારો જુઓ
અંતર અંતરને ખેંચેછે,
એ મન સમજી ધારો,
ચાહો જો નારી અંતરથી,
સુખદ સંસાર થનારો જુઓ

વસ્તુતઃ તો આ બધી વાત ખોટી છે અને નીચેના કાવ્યમા એક કવિએ સ્ત્રીઓ માટે જે લખેલું છે તેજ સાચું માનવા જેવુ છે —

કોઇ કહી નવ નારી વખાણો,
સુખ નહી એમા તમે માનો,
દુઃખ વિશેછે એ ડુબવાનો,
જો નારી વિશ્વાસ થવાનો
ચિન્તવન ચિત્તમા કોનુ કરે છે,
હાવ ભાવથી હૃદય હરે છે,
મનમા આવે તેમ કરે છે,
પ્રભુથી તે નવ લેશ ડરે છે
પ્રીતિ નારીની સાચી છે,
માને તે બુદ્ધિ કાચી છે,
હૃદમા ઝેર મહી રાચી છે,
મુખ અમૃત વાણી વાચી છે

આટલું બોલી સુમન કુદરતનુ અવલોકન કરી પોતે શાન્ત થવા પ્રયત્ન કરે છે પણ તેનો મનનો ક્ષોભ નહી શમતા તેની વિચારમાળા વળી આગળ ચાલી કે —

ઉછર્યો તેહના બાપે,
મ્હને સંભાળની સાથે;
અમિત્ ઉપકારના માર્યા,
સદા અપમાન મ્હેં ચાખ્યા !
પિતૃ તણા મરણથી થઈ ઓશિઆળા,
વેવા પડે અવરના ઘર દુઃખ દાડા,
મ્હેણા અને વિવિધ વેણ સદા સહેવા,
જાણેજ કોઇ વિરલા વિતિ હોય તેવા.

(સુમનના માબાપ તેને નાની વયનો મુકી ગુજરી ગયા હતા તેથી તે કુસુમના ઘરેજ ઉછર્યો હતો, અને કુસુમના બાપે તેને પુત્રવત્ રાખ્યો હતો અને તેના વેર પોતાની પુત્રી કુસુમને પરણાવવાની ઉમે

દથી તેણે તે બન્ને વચ્ચે કુદરતી પ્રીતિ બચપણથીજ ન ઘાય તેવી રીતે તે બંન્નેને સાથે ઉછેર્યા હતાં. કુસુમના પિતા એક ધનાઢ્ય ગ્રહસ્થ હતા. અને સુમનના પિ-તાના દિલોજાન દોસ્ત હતા).

ગરીબોની ગરીબી પર,
અમીરોની મીઠી મન ભર,
નજર જો હોય કોદી ના,
ગરીબો કાં કરે પર્વા ?
ધનીકો તે અમીરો છે
નહીં સાચું મનાયે તે
ઉભયમા આવડો એક,
જમી આસ્માનનો ફર્ક !
અમીરોની અમીરીની
હૃદયમા રાજતી લક્ષ્મી
દશાથી તે ડગે નાહીં,
ધનીકોની ચળે લક્ષ્મી.
ધની ! નહીં કદી તું ફુલી જતો
ગરવના નહીં વેણુ કાઢતો
નદતણા જળે બુદબુદો સમો
પલ મહીં ફુટે વિભવ તાહરો.
માંત્ભર તણા પુત્રો થયા,
તેથી નહીં મોટા થશો;
મોટાઈને પૈસા સહી,
સંબંધ છે યે ના કશો.
પૈસો વહી કાલે જશે,
મોટાઇ સ્થાયી માનવી;
સદ્ભાવ તે સંસારમા,
સાચી અમીરી જાણવી.
બેસે ડોદિનકુદકુ ગિરિ શિરે,
મ્હાટો સમુ ના થશે;
ભૂમીનો ધરનાર ના નગ મટે,
પાતાળમાં જો હશે.

કાગો તેમજ આમ્ર વૃક્ષ વનમાં,
વિષ્ટા કદિ ના વરે,
હંસો તે અતિશે પડેલ દુઃખમા,
મોતી વિના ના ચરે
બટક બોલી ચિબાવલી એ,
સતાવે છે મને પણ એ;
અહો અપમાન શા માટે, !
સહન કરવું હવે મારે ?
નથી એના ઉરે પ્રેમ,
નથી એના ઉરે રેમ,
નિખાલસ પ્રેમની આશા,
ધરૂં એ વાતનો ફાંફા

(કુસુમ સ્વભાવે આનંદી અને મોજીલી હતી, વળી તેના બાપને એકની એક દીકરી હોવાથી વીશેષ લાડમા ઉછરી હતી. તે સંસ્કારી ન હતી એમ નહોતુ પરન્તુ સ્વાભાવિક. ટોળ-મજાક કરવાની તેને બચપણથી ટેવ પડી હતી અને તે પ્રમાણે તે ઘણીવાર સુમનની મજાક કરતી સુમન પણ તે સબુરીથી સહન કરી લેતો, પરંતુ આ વખતે તેને બહુજ લાગી આવતા તેને તિરસ્કારબુદ્ધિ થઈ અને તેથી કુસુમનો ત્યાગ કરી ચાલી નીકળ્યો હતો) .

" કંઇ લાખો નિરાશામા
અમર આશા છુપાઈ છે "
નથી સત્યાશ આમા કઇ
કવિની કલ્પના એ છે.
અહો ! આશા તું શાકીણી,
તુ ડાકીણી તું પાપીણી;
ઘડીમા તુ સફલ થાયે,
ઘડીમા તુ વિફલ થાયે.
ઘડી સુખદાઇ થાયે તું,
ઘડીમા શુભ થાયે તુ

રિબાવી તુંજ આશકને
ગગનમા મૂઢ શી માલે
નવિન તું રૂપ ધારીને
નવિન વસ્ત્રો પહેરીને
સહુ જગને ભમાવીને
ધરાધન ધામ તુ લુંટે
ભુલાવે ધર્મના કર્મો
મુકાવે માનને ઈજ્જત
દુ:ખી કરનાર તુ દુષ્ટા
હમારાથી મહા દુર થા

(આવા તરગો કરતો સુમન હતાશ થઇ અરણ્યમા એકલો સુતેલો છે તેવામા નેપથ્યમાંથી એકાએક ગાયનનો અવાજ આવતો સભળાય છે તે સુમન ધ્યાન દઈ સાભળે છે)

(ગઝલ)

અહો કુદરતની લીલા,
નિહાળી આશ ઉભરાએ,
નિરાશા નામ છે ત્યા કયાં?
વૃથા શિદ ઉરગભરાએ?
ઉનાળામા સુકાયે જે
ભૂમિ પરના રસો સૌ તે
ચડી અભ્રે પડી પછા
કરે રસ બસ ભૂમિને તે
વિસારી ગ્રીષ્મના તાપો
લીલી સાડી ધરી અગે
કહે ભૂમિ—"ધરો આશા
લીલાલ્હેરો થશે અતે"
ડુબી અબ્ધિ વિષે ભાનુ
ખીલે પાછો ચડી ગગને
અમર આશા તણા રશ્મિ
ભરે ભાનુ અહો નયને
સરે શાન્તિ શશી મુખથી
નિશિ નિશખીલતો હસતો
વિસારી દુ:ખની વાતો
અખંડાનદ એ ઝરતો
વિટપ વેલી હસે સૌ આ,
સુગધી વિશ્વમા વ્યાપે,
કુસુમના ઉરમા આશા,
અમરથી છાપને છાપે
સુગર્ભા શી વ્યથા વેઠી
ધરે નિજ ગર્ભનો ભાર
પ્રસવશે પુત્ર એ આશા
અમર જીવીતનો તાર
પશુ પખી મનુષ્યોના
જીવનનું છે અમી આશા
જગતની સર્વ રચનામાં
છવાઇ શી અમર આશા

સુમન—(સ્વગત) આ અવાજ કયાથી આવ્યો ? ફરી વિચારગ્રસ્ત થઇને "શું ત્યારે મેં વાચ્યું છે તે ખોટું ?"

(ગઝલ)

હવામા કામ શું બાધે,
રમી આશા તણા ખોળે
વિફળ એ પલકમા થાયે,
સહુ હર્ષો ઉરે ખોળે
તડિતનુ જ્યોત કઇ આવે,
ઘડીમા કયાઇ વિખરાયે,
ચમક આશા તણી એવી,
પછાડી પ્રાણ સહારે
થઇ રાઇ તણો ભડકો,
ઘડીમા લોપ થનારો,
ખરે આશા તણો એવો,
સમજવો ગૂઢ ચમકારો
વરસતી વાદળી વરશા,
ઘડીમા કયા ચડી જાયે

વિખરશે વાદળી આશા,
પવનનું જોર પથરાશે.
ઉછળતા મોઘ મોજાંઓ,
કિનારા સાથ અફળાશે;
સમજવો હર્ષ ભંગાવો,
વિફળ આશા જહીં થાશે.
ખીલી આશા તણું પુષ્પ,
સુગંધી જ્યાં હશે થાવું;
પડે ધુમ્મસ અચાનક જ્યાં,
અરે કરમાઇ ત્યાં જાવું.
ઉડે આઘું ચડી ગગને,
પડે પંખીવ ફફડાતું;
ઉડેલા આશ પાંખે તું,
સમજ અંતેજ પછડાવું!

સુમન મોટેથી બોલી ઉઠે છે:—હવે તો આજથી ગ્રહસ્થાશ્રમની આશા અને ગ્રહસ્થાશ્રમને તિલાંજલી છે અને એજ નિશ્ચય કે એકલા અખંડ બ્રહ્મચર્ય પાળી સ્ત્રીની સેવા કરતા સરજનહારની સેવામાં સદાને માટે જોડાવું.

ભક્તિનું કર પાન,
મનખા મત મારી ગઇ;
હરિ રટણનું કામ,
પરભવમાં સુખ આપશે.
બ્રહ્માનંદ સમાન,
હેતે સુખ હૈડે દીયે;
ભક્તિરસનું પાન,
માયા બંધન તોડશે.
કોટીયોની આણુ,
ઓળંગે મનખો મળ્યો;
હરિ ભજ્યાની લાણુ,
લાવે ભુંડા તો લહે.
પંડ પ્રિયા પરિવાર,
પરકીયા જાણી લઇ
રૂદિયામાં કિરતાર,
ભજ ભાવે તું માનવી.
ભક્તિની શુભ વાસ,
આ ભવમાં ભક્તો લહે;
ભક્તિ પૂરે આશ,
પરભવનું સુખ ભક્તિમાં.
માનવ મોઘો દેહ,
મહા મ્હેનતે સાપડ્યો,
દેમાં તેને છેહ,
છોટમ છોકરમત કરી.
રામાસુ રાખી પ્રીત,
રામ હૃદયમાં ના ધર્યા;
એ મનવા તારી રીત,
કોળી મેલી બાળજે.
જબ લગ તનમાં તાન છે,
જબ લગ જરનું જોર,
તબ લગ ત્રિયા કહેતી રહે,
પ્રીતમ આપ ચકોર.
રામ સુધારસ છોડીને,
નાર વીશ પીનાર;
પૂરે પૂરો જાણુવો,
મૂરખનો સરદાર.
સમજી સાવધ નર રહો,
લહો હરિનું નામ;
ક્યારે કાળ ઝપાટશે,
જાણે કો તે વાત.
પાયા વણુની કોટડી,
કાયા કાચી જાણુ;
કાળ-સપાટો વાગતાં,
પડશે તે પરમાણુ

સુમનની વિચારમાળાના મણકા આ પ્રમાણે સપાટાબંધ સરી રહ્યા હતા તેવામાં ફરી નેપથ્યમાં ભજનીયું સંભળાય છે—

(ભજન.)

સંસારી ના વખોડો. રે,
ભાગવાં ભાવ હૈયા ધરે
ખુટયાં જેનાં કર્મો રે,
સંસારથી જુદાં ફરે—ટેક
સાચું સુખ સંસારમાં,
નરનારીની જોડ.
નંદકુંવર નારી સહી,
નાચ્યો નિશ્ચે ન્હોય;
યોગી વર સાચો પ્રભુ,
ભૂલ્યો કદીયે ન્હોય
ગીતા જેણે ભાખીરે,
અવળું તે તો કેમ કરી સંસારી
બાવળની શી ઓરડી,
વિંટયો વામા વેલ;
સ્વામિ સિંહ સિંહણ તણો,
ગાય તણો છે બેલ;
નર માદાના જોડલે,
કુદરત રમતી ખેલ;
રહેશે કો અકેલો રે,
ગતિ તેની કેવી ખરે—સંસારી
તપનું જે સુખ યોગીને,
લાંબા કાળે હોય;
ધારી ધર્મ તે ઘરધણી,
ટુંક વખતમાં જોય;
વસે સુખે સંસારમાં,
વિરલા જે નર હોય;
મન માર્યા વિણુ મિથ્યા રે,
વનમાં શાને દેહ દમે—સંસારી.

સુમન—(સ્વગત)—અરે ! આ જાણે મનેજ સંબોધીને કોઇ બોલતું હોય એમ ભાસે છે ! —તે મોટેથી પૂછે છે:—હે ! ગ્રહસ્થાશ્રમના હિમાયતી મારા પ્રશ્નોનો ઉત્તર આપ:—

પ્રશ્ન—સંસારનો સાર શેમાં રહેલો ?
ઉત્તર—પ્રેમીતણા અંતરમાં ભરેલો.
પ્રશ્ન—આ જગતમાં સુખ સાચું કહો ક્યાં ?
ઉત્તર—જહાં પ્રેમ-ભીના જીવો વસે ત્યાં.

સુમન—(સ્વગત)—અરે ! આ હું શું સાંભળું છું ? મને મારા—સંશયાત્મક મનના તો ભણકારા નથી થતા ને ? તે વૃદ્ધ મનુએ પણ મ્હને કાંઇ આવા જ વચનો કહ્યાં હતાં ! તે તો મારી પાછળ આવેલ નથી ને ?

એમ વિચારી—આમ તેમ નજર નાંખતો તપાસી જુએ છે ત્યાં એક દીવ્ય પુરૂષ તેની નજરે પડયો.

દીવ્ય પુરૂષ—"સુમન," ગુરૂની આજ્ઞાથી હું તને પાછો વાળવા આવ્યો છું. તારી સમજમાં ફેર છે. અને શંકાના તાણમાં તું તણાય છે. ગુરૂની આજ્ઞા માન ! તું પાછો જા ! છુપી રીતે તપાસ કર ! અને તને જણાશે કે કુસુમ અને સુમન બન્ને અભેદ એક છે.

આટલું કહી તે દિવ્ય પુરૂષ પાસેની ઝાડીમાં એકાએક અદ્રશ્ય થઇ ગયો—અને ઉંડાણમાંથી અવાજ આવતો સંભળાયો કે:—

એ શૂરાનું શૌર્ય શું !
ભાગે રણથી દૂર;
શત્રુ શર વરસાદમાં,
અડગ રહેસે શૂર.
નિર્જન જંગલમાં વસી;
રાગો તજવા સ્હેલ;
શયનાગત શ્યામા તજે,

વિતરાગી તો તેજ.
પીતળ પણ પીળું રહે,
જબ લગ અગ્નિ દૂર;
સોનું સાચું નીકળે,
વહ્નિ વિષે જરૂર
દારૂને વળી દેવતા,
ભેગાં રાખે ,તોય;
આગ કદી ઉઠે નહીં,
જનક વિદેહી સોય
એવા વિરલા સંતના,
ચરણે નામી શીશ;
યાચું આ કળિ કાળમાં,
ઉગારે જગદીશ
મોહી જગ જંજાળમાં,
મૂરખ મન મુંઝાય;
થાણા સંસારે વસી,
સાર પીયેને પાય

સુમન—ત્યારે શું મારા માટે સંસારયાત્રા એજ નિર્માણ છે ? શું મેં જે ત્યાગ્યું ત્યાં પાછું જવુ ?

(આ પ્રમાણે સુમન વિચાર કરે છે તેવામાં ઉંડાણમાંથી ફરી ગઝલ ગવાતી તે સાંભળે છે.)

(ગઝલ.)

પ્રવૃત્તિમય ત્રિભૂવન છે,
નિવૃત્તિ નામ છે ત્યા ક્યાં ?
પરાર્થે પ્રકૃતિ કામે,
પછી સન્યાસ તે શો આ,
પરૂને-પાસ-મળ-મૂત્રે,
સબડતા દર્દીની સેવા;
કરીલે તે ખરી સેવા,
પ્રભુની તે ખરી સેવા.
વિચારોમા વખત કાઢી,
વસી એકાતમા સુખે;
પ્રભુનું ધ્યાન ધરવાથી,
કદાપિ તે નહીં રીઝે
અશક્તિમાન ભવેત્ સાધુ,
વિચારી છોડ એકાન્ત;
ધસી ઘોંઘાટમાં વસ જા,
કસોટી ત્યાં ખરી થાય;
પ્રભુનો વાસ તો ત્યા છે,
દુખે દુનિયા રિબાતી જ્યાં,
દુઃખી સંગે વસી તપતાં,
પ્રભુ દર્શન કરીલે ત્યા.
નિયન્તાને નથી નવરાશ,
તને નવરો નિહાળીને;
નિરાશા તેહને થાશે,
પછી વનવાસ તે શો આ ?—

સુમન—(સ્વગત) આ કોઇ દૈવી અવાજ છે તે દીવ્ય પુરૂષે પણ–મને પાછો જઇ તપાસ કરવાને સુચવ્યું છે તો તેમ કરવામાં મને હરકત નથી. સંદેહનું સમાધાન–તો–દૈવ જાણે થશે કે નહીં, પણ–હ મણા તો કુસુમની ચિકિત્સા છુપી રીતે જઇને તો કરવી જ. એ વિચારે તે પાછો ફરે છે.

પ્રકરણ ત્રીજું.

વિરહ—વ્યાકુળતા.

રોતી કુસુમ.

પ્રિતમ સાથે રહી આંહી,
અરે આ કુંજની માંહી;
સુણાવી નાદ કંઇ મીઠા,
ગયું ક્યાં તું ઉડી પંખી.
અભણ મુને શીખાવીને,
પ્રિતિના પ્રેમથી પાઠો;
અધુરા પાઠ રાખીને,
ઉડી ક્યાં તું ગુરૂ નાઠો.
શીખવવો પાઠ પૂરો નાં,
હતું એવું ઉ ધાર્યું;
શીખવવું તો તદન ન્હોતું,
ત્રિશંકુની ગતિ આ થઇ.
હતી મારે મજા પ્હેલાં,
તદન હું પ્રેમ અંણજાણી;
હૃદય નિરદોષ મારામાં,
સદા આનંદથી માણી.
હવે શીખી જરી, કંઇ કંઇ,
પ્રણયનું જ્ઞાન તારાથી;
રહી અલ્પજ્ઞ હિણભાગી,
ન એ સ્હેવાય મારાથી.

ભલી અસિની ધાર, ભલો દુશ્મનમાં વાસો;
ભલું દેહમાં દર્દ, ભલો પલટે જો પાસો.
ભલો દૈવનો કોપ, ભલી ચિન્તા ચિત બાળે;
ભલું આપનું મોત, થવું જો હોય અકાળે.
ભલું દુઃખ છે જેલમાં, સ્હેલું પ્રેમીના સંગમાં
આટમ છેક બુરૂં ભણે, દુઃખડું પ્રેમ વિજોગમાં

બ્હાવરી કુસુમની નિદ્રામાં
વિચારમાળાઃ—

ઉંઘમાં કુસુમ બકે છેઃ—સુમન! વ્હાલા સુમન! આમ રીસાઇ ચાલ્યો જામાં! આ ત્હારીજ કુસુમની આંખોથી અળગો થામાં! જો! આ હૃદયમાં શું શું વલોપાત થાય છે તે.... ....

આ કાયા પચરંગની મળ ભરી,
પ્યારી દિસે લોકને;
યોજે લાખ ઉપાય દૂર કરવા,
એના સૌ રોગને.
લાગે જે શુભ મ્હેલ તેજ મુજને,
બંદીખાનું લાગતી;
પ્યારા સૂક્ષ્મ થઇ ન તે રહી શકે,
તારી કને તે થકી.
વસ્ત્રે ચોટેલ ડાઘ જે ગળી તણો,
કો દી નહીં જાય તે;
ગાંઠ કદી નહીં હિર તણી,
છોને તુટી જાય તે.
લાગ્યો તેમજ પ્રેમ જે હૃદયમાં,
છુટો કદી થાય ના;
છોને કામ વશે કરી પ્રિય સખે,
દેહે છુટાં જો થયાં.
કાયા કોટ ચણેલ જે ધુળ તણો,
ઘેરે કદી કાળજો;
હંસાને પકડી કરી યમ ધરે,
મારે કદી મારજો.
તોયે કેમ તુટે રસી રસ તણી,
સંધાઇ તે ના બને;
રે શે પ્રેમ ચકોરનો શશિ વિષે,
રાહુ ગળે છો ભલે.
જો હોત પાંખ મુજને વિહગો સમાન,
ઉડી રહેત તુજ પાસજ હું સદાય;
પાંખો નથી પણ મને અફસોસ એ છે,
હૈયું વિયોગ શરહા! અતિશે ચિરે છે.

લોકો ઘણી વાર બોલે છે કે કુસુમને શું દુઃખ છે? તો શું હું સુખી છું?

લોક ભોળીઆ જાણતા નથી,
પ્રેમના વિના બાળકી દુ ખી,
સરસ મ્હેલને વૈભવો બધા,
પ્રેમના વિના ધૂળના સમા

સુમન ! શુ તું દર્શન નહીંજ આપો ભલે ! પણ આ તારી છબી તો છે ને, તેને હુ છાતી સરખી ચાપીશ-પુજીશ અને મ્હારા નયનોને તૃપ્ત કરીશ.

નિહાળી ત્હારી હુ,
છવિ નયન સામી ખડી કરી,
ખરે ખાળી આસું,
હૃદય સરસી તે દૃઢ ધરી
લઈ ચુબી-પુષ્પો,
પ્રમુદિત હૃદયે અર્પણ કરી,
ધરી હાથે હુ તે,
પુજીશ નિત ત્હારી પ્રતિકૃતિ
વિરાજે તું જેવો,
સરસ છવિમા સુંદર ઘણો,
દિપાવે તુ જેવી,
મુજ સદન શોભા વિલસતો.
સહાયે તુ તેવો,
હૃદય ભુવને દીવ્ય રહીને,
દિપાવે આ હૈડુ,
પ્રણય તણી જ્વાળા પ્રકટીને.
તારા અગો તુજ અવયવો,
ઓષ્ટને ગાલ સર્વે;
જ્યા જોઉં ત્યા જળમય વહે,
અશ્રુની ધાર વ્હાલા;
કેવી વ્હાલા ! મુજ મન તણી,
દુર્દશા આ સમે છે;
પ્રેમીલાનુ હૃદય સહેજે,
તોલના બાધશે તે
અતિ ગોરા ગાલો,
હરિણ સમ નેત્રો ચમકતા;
શશી જેવુ સુદર,

વદન તવ, તે મનહર બધા
કરે જે દૃષ્ટિ તુ,
નયન થકી પ્રેમામૃત ભરી,
રહી તેમા મ્હારી,
રતિ પ્રિય હૃદયની અતિ ખરી
એકાએક જોરથી બોલી ઉઠે છે —

શુ શુ ! દાસી વિલાસી ! સુમન આવ્યા મનાયા ! તેમને ત્યા આગળ તારી સાથે વાત કરાવી શામાટે રોકી રાખે છે ? તેડી આવ તેમને અદર જલ દીથી ના-ના હુજ આ આવી તેમના ચરણે પડી લેટી મ્હારા અપરાધની માફી માગવા હુજ આ દોડી આવી—એમ બોલી પથારીમાથી ઉઠી ન્હાસવાનુ કરે છે, તેવામા તેની દાસી વિલાસી જે કુસુમની પાસે તેની સભાળ લેતી જાગતી બેઠી હતી તે તેને પકડી બહાર જતી અટકાવે છે એટલે કુસુમ જાગ્રત થાય છે અને બ્હાવરી જેવી પાછી બલે છે —

નિદ્રામહીં તુજ કને ઉડી વારવાર
સયોગ-સુખ-રસને લઉં જ્યા લગાર
ત્યા આખ એકદમ હા ! ઉઘડે અભાગ્યે
સ્વપ્ને મળેલ સુખ તે નવ ભોગવાયે
નિદ્રા તને જગતમા નવ કો ચહે છે ?
ત્હારા વિના દુખિતને વિશ્રામ ક્યા છે?
ત્હારા ઉરે જગ બધુ વિશ્રામ પામે,
તુ પુન્ય પુજ ફલની સુરતી જણાએ

નિદ્રાદેવી ! તે પણ મને તરછોડી ? મ્હને પાપીણીને એ પુન્યફળ ક્યાથી સભવે ! ભલે ! એ નિદ્રાદેવીને મ્હારો તિરસ્કાર કરવો હોય તો સુખેથી તેમ કરી લે પણ વ્હાલા સુમન ! તમારો અનાદર તો હુ કદી પણ કરીશ નહીં

અપુર્ણ

સમયના પ્રવાહમાં.

સ્વદેશ પ્રેમ—તા૦ ૨૬ મી એપ્રીલ સાંટાક્રૂઝ ભગીની સમાજમાં શ્રીમતી સરલાદેવી ચૌધરાણીએ "સ્વદેશ પ્રેમ" ઉપર વ્યાખ્યાન આપી જણાવ્યું કે આપણા દેશનાં પ્રાચીન સાહીત્ય વીદ્યાકળા ઉપરથી વીદીત થાય છે કે જ્યારે આપણો દેશ સર્વ સુધારાને મોખરે હતો ત્યારે બીજા દેશો જંગલી અવસ્થામાં હતા. આપણા દેશના ગૌરવથી ખેંચાઇને મુસલમાનો ગ્રીક સીથીયનો વગેરે આવ્યા હતા, કોલંબસ પણ ભારતભુમીની શોધમાંજ નીકળ્યો હતો એવી આપણી આ ભારતભુમી સ્વર્ગ તુલ્ય લાગવી જોઇએ.

અરજુન જ્યારે સ્વર્ગમાં ઇંદ્રને ત્યાં શસ્ત્રાસ્ત્ર શીખવા ગયો હતો ત્યારે તેને ત્યાંજ રહેવાની ઇંદ્રે વીનતી કરતાં તેણે જન્મભુમીમાંજ જવા પ્રબળ ઇચ્છા દર્શાવી હતી.

પ્રેમ શું છે તે સર્વ કોઈ જાણે છે. પતિ, પુત્ર, પીતા, ભાઇ, બહેન, માતા ઇત્યાદી પ્રત્યે પ્રેમ કંઇ કંઇ અંશે જુદા પડતા હોય તો પણ તે સર્વ પ્રત્યે પ્રેમ તો હોયજ. હવે આપણે પ્રેમ દર્શાવવા કેટલાક ભોગ આપવો પડે છે. બાળક પ્રત્યે પ્રેમ દર્શાવતા માતાને કેટલીક અગવડો વેઠવી પડે છે તેમ આપણે દેશ પ્રત્યે પ્રેમ ધરાવતાં કેટલોક આત્મભોગ તો જરૂર આપવોજ પડે. આપણી અગવડોનો પણ જરૂર પડે ત્યાગ કરવો પડે.

હવે આપણામાં એ પ્રેમ કરવાની શક્તી છે કે કેમ તે જોવું જોઇએ. હું ધારૂં છું કે શક્તી સઘળામાં છે. ફક્ત ઇચ્છાની ખામી છે જે અવશ્ય પુરાવી જોઇએ. જો તમે ઇચ્છા કરો તો જરૂર શક્તી મેળવો. દેશસેવાને માટે આપણે દેશના એકત્ર સમાજમાં જોડાવાની જરૂર છે આપણા દેશમાં વર્ષ દીવસે જે ૬૦ કરોડ રૂપીઆનું કાપડ આયાત થાય છે તેમાંનો મોટો ભાગ સ્ત્રીઓની વપરાશમાં જાય છે. આપણી બેનોનું પુરૂષો કરતાં કાપડમાં ખર્ચ વધારે છે, તો તેમણે તે કમી કરવાને માટે કોઈ પણ ઉપાયો યોજવા જોઇએ. હાલમાં મ૦ ગાંધીએ જે ઇલાજ દર્શાવ્યો છે તે રેંટીયાનો છે. તેનો સર્વ બેનોએ સત્કાર કરવો જોઇએ. પોતાને જોઇતું કાપડ ઉપજાવી લેવું જોઇએ. જેમ કેટલીક બેનો શોખથી ભરત શીવણ ગુંથણ કરે છે તેમજ આપણે સૌએ રેંટીઆના શોખ અને પ્રચાર કેળવવાની જરૂર છે. કાંતવામાં કંઇ શરમ નથી. આપણે ત્યાં પ્રાચીન સમયમાં અને યુરોપ દેશોમાં પણ રાજકુંવરીઓ અને મોટી મોટી મહારાણીઓ કાંતવાનું કામ કરતી.

પ્રમુખ બેન ચંદાગૌરીએ વીવેચન કરતાં શ્રીમતી સરલાદેવી માટે કહ્યું કે એક વાર દેવી પોતે બહુ ભપકાદાર પોશાકમાં સજ્જ થતાં હતાં, તેમણે આજે દેશને ખાતર ખાદી પરીધાન કરી છે. તેઓ આજે દેશસેવાના કાર્યમાં રાત દિવસ વીચરે છે. શ્રીમતી સરોજીની નાયડુએ પણ કહ્યું હતું કે જ્યાં સુધી આપણે બારીક સુતર નહીં બનાવીએ ત્યાં સુધી આપણે બારીક સાડી પણ ન પહેરી શકીએ. આપણે સ્વદેશીનાજ વીચારમાં મશગુલ રહેવું જોઇએ. આપણી રગેરગમાં દેશભક્તિના વીચારો ઓતપ્રોત થઈ રહેવા જોઇએ કે જેથી આપણાં બાળકોને પણ ધાવણમાં આપણે તેમની રગેરગમાં સ્વદેશપ્રેમ ઉતારી શકીએ.

બાઇજી પીટીટ બારીક સુતર કાતે છે. તેઓ કંઈ ગરીબ નથી, છતાં પણ તેઓ દેશસેવાને માટે આપણી બેનો આગળ કેવો સ્તુત્ય આદર્શ ખડો કરે છે!

ઇંગ્લાંડમાં રેંટીયો—અમદાવાદની ગોરધન મિલના સ્પીનિંગ માસ્તર શ્રી નગીનદાસ દામોદરદાસે ગયા 'ઇન્ડિઅન ટેક્સટાઇલ જર્નલ'ના જાન્યુઆરી માસના અંકમા જણાવ્યુ છે કે —

"જ્યારથી હાથકતામણ અને હાથ વણાટની કળા ગ્રેટબ્રિટનમા નાબુદ થઇ ત્યારથી એટલો ઉપયોગી અને આનંદદાયી બીજો કોઇપણ ઘરગતુ ઉદ્યમ ત્યાના ઘરોમા એની જગ્યા લઇ શક્યો નથી. આજે પણ હાથ બનાવટનુ કુમાસનુ ગણુ સચાથી ખનેના કોઇપણ કાપડને મુકાબલે નિ:સંશય ચડિઆતુ ગણાય છે. આ એકજ વાત એ ધંધો આજે પણ સફળતાપૂર્વક અને નફાકારક રીતે ચલાવી શકાય એ બતાવી આપવાને બસ છે. હાથવણાટ અને હાથ કતામણની સામગ્રી ઉભી કરવાને સારૂ મ્હોટા ખર્ચની જરૂર નથી અને છતા તે કેટલોક આનંદદાયક કરી શકાય. કેટલાએ અમીરી કુટુમ્બની સ્ત્રીઓએ રેંટીયો ચલાવવામા આનંદ માન્યો છે બેલફાસ્ટવાળા મીસ એમ ફીઅરી તો ખુદ મહારાણી વિકટોરી આનેજ રેંટીયો કાંતવાની કળામાં પોતાના શિષ્યા તરીકે ઓળખાવે છે! અને તે એટલે સુધી કે મહારાણી વિકટોરીયાએ કાંતેલુ થોડુ સુતર પણ એમણે પોતાના સંગ્રહમાં જાળવી મૂક્યુ છે રાણી એલેક્ઝાન્ડ્રા, કાઉન્ટેસ કેડોગા, કાઉન્ટેસ ઑફ શેફ્ટ્સબરી, માર્શનેસ ઑફ આબર્ડીન ડચેસ ઑફ માર્લબરો, લેડી ઑફ બેરલીન, કાઉન્ટેસ ઑફ ડર્બી, કાઉન્ટેસ ઑફ ઍનસ્લે, કાઉન્ટેસ ઑફ ક્રિમોર, અને માર્શનેસ ઑફ ડફરીન અને તેની દીકરીઓ—આ બધી ઉમરાવ બાનુઓએ મી એમ ફીઅરી પાસે કાંતવાનુ શિક્ષણ લીધુ અને એમના દીવાનખાનાઓમા તેમના તે વખતના રેંટીયાઓને એ ઓરડાના કીમ્મતી શણગાર તરીકે રાખવામા આવતા છે"

સીતાને પગલે—કોકેનાડા મ્યુનિસિપાલીટી તરફથી તા ૩ જી એપ્રીલે ગાંધીજીને આપવામા આવેલા માનપત્રનો જવાબ આપતા તેમણે જણાવ્યુ હતુ કે "સ્વરાજ્ય વહેલુ મળવામા આપને મદદરૂપ થઇ પડશે એવી આશાથી હુ મ્યુનિસિપાલીટીનુ માનપત્ર સ્વીકારૂ છુ અત્યારસુધી હીંદની જે મ્યુનિસિપાલીટીઓ ગવર્નરો અને વાઇસરોયોને માન તથા આવકાર આપતી હતી, તે મ્યુનિસિપાલીટીઓ આજે તેમના એક નમ્ર સેવકને માન અને આવકાર આપવા તૈયાર થઇ છે, સ્વરાજ્ય મેળવવામા આપણને જે ખરેખરા વિઘ્નો નડે છે તે આપણામાંનો ભય અને આપણામાનો અવિશ્વાસ છે. હીંદમા મે જ્યાં જ્યા મુસાફરી કરી છે ત્યાં મે સ્ત્રીઓનો પ્રેમ બહુ જોયો છે. હુ જ્યા જ્યા ગયો, ત્યાં ત્યા મે મારા અને મારા ભાઇ સૌકતઅલી માટે મારી બહેન પાસે આશીર્વાદ માગ્યા છે. અમો શામાટે આશીર્વાદ માગીયે છીયે તે તમે જાણો છો? અમો આ રાવણ રાજ્યની જગ્યાએ રામ રાજ્ય સ્થાપવા માગીએ છીએ તમે જાણો છો કે અશોક વાટીકામા દેવી સીતાએ ઉત્તમ શણગારોને તુચ્છકારી કાઢયા હતા રાવણે તેમને માટે જે સ્વાદિષ્ટ ભોજન મોકલ્યુ હતુ તેનો પણ તેમણે અસ્વીકાર કર્યો હતો અશોક વાટીકાના ફળથીજ તેઓએ સંતોષ માન્યો હતો. એજ સીતાના વંશજો તરીકે હુ તમને તેમને પગલે ચાલવા જણાવુ છુ આપણા શાસ્ત્રોએ મને ખાત્રી આપી છે કે એક પવિત્ર સ્ત્રીનો આશીર્વાદ કદી વ્યર્થ જતો નથી. સીતામાં જે પવિત્રતા હતી તેજ પવિત્ર હથિયારથી હુ તમને સજ્જ જોવા ઇચ્છુ છુ. જ્યારે તમારામા સીતાના ગુણો આવશે, ત્યારે

તમે તમારા ધણી અથવા બાળકોને એમ કહેતાં અચકાશો નહિ કે અમારા મોજશોખો માટે અમારે ઘરેણાં જોઇતા નથી અને અદાલતો તથા મોટા ઓદ્ધાઓમાંથી મળેલા પૈસા પણ જોઇ શકતા નથી. તમે તેને જણાવો કે તમે રેંટીયા ઉપર કામ કરશો, તમે રાવણ રાજ્યની શાળાઓમાં તમારા છોકરાને મોકલવાની ના પાડશો. જો આમ થશે તો એક વર્ષમાં આપણે ધર્મરાજ્ય સ્થાપશું. તમે તમારી ખુશીથી જે દાગીના અને નાણું આપશો તે હું સ્વીકારીશ. ગરીબ ઘરોમાં રેંટીયા દાખલ થવા પાછળ અને ગરીબ છોકરાઓને કેળવણી આપવા પાછળ આનો ઉપયોગ થશે. જ્યાંસુધી આપણા દેશમાં એક પણ સ્ત્રી અથવા પુરૂષ અનાજ તથા કપડા વગરનું માલમ પડે, ત્યાંસુધી આપણે સારા કપડા અને ઘરેણાં પહેરી શકીએ નહિ.

એક સ્ત્રીનો અસહકાર—સીરાજગંજના મેજીસ્ટ્રેટ શહેજાદપુર ગયા હતા. ત્યાંથી તા.૬ ઠી એપ્રીલે (હડતાળના દિવસે) રવાના થવા માટે તેમને સામાન લઇ જવા કોઇએ પણ ગાડી આપવા ના પાડી. જેથી મેજીસ્ટ્રેટના માણસે એક ઠેકાણેથી પોતાને હાથે ગાડુ જોડી લાવ્યા. કેમકે તેનો માલેક કાલુ ઘરમાં હતો નહીં અને વૃદ્ધ ડોશી બહાર ગઇ હતી. જેણીએ પાછી ઘેર આવી ત્યારે તેની ગાડી લઈ જવાની ખબર મળતાં તે સરકારી ઉતારા આગળ ગઈ અને આજે સત્યાગ્રહનો દિવસ છે, તેથી ગાડી નહીં વાપરવા કહ્યું. મેજીસ્ટ્રેટે ધ્યાન નહીં આપતાં સરસામાન ભરી તે હાંકવા હુકમ કર્યો. પણ વૃદ્ધ ડોશી સામે થઇ, પૈડાં આગળ બેઠી. તેણીને કેદની ધમકી તથા સારા બદલાની લાલચ આપવા છતાં મક્કમ રહી અને તેથી છેવટે અમલદારે મુકામ ઉપાડવાનું મુલતવી રાખ્યું. બપોર પછી ૮૦૦૦ માણસનું સરઘસ કાલુની વૃદ્ધ ડોશીને હાર તથા નવા કપડા સાથ ગાડીમાં બેસાડી ફર્યું. ગાડી સેવક સમીતીના છોકરાઓએ ખેંચી જે વેળા વંદે માતરમ્, માહાત્માજી જય વિગેરેના પોકારો થયા હતા. મસજીદમાં હીંદુ તથા મુસલમાનોએ ભેગા મળી બંદગી કરી હતી. મુખતયારોએ પણ તે દિવસે ધંધો બંધ રાખ્યો હતો.

સ્ત્રીઓની રાષ્ટ્રિય સેવા—તા. ૨૩ મી એપ્રીલના રોજ મુંબઈમાં ભગીની સમાજના આશ્રય હેઠળ મુંબઇની બાનુઓની એક જાહેર સભા મીસીસ અવનતીકા બાઈ ગોખલેના પ્રમુખપણા નીચે મળી હતી. જે વેળા મીસીસ સરોજીની નાઇડુએ "સ્ત્રીઓ અને રાષ્ટ્રિય સેવા" ના વિષય ઉપર એક ભાષણ આપતાં જણાવ્યું હતું કે હિંદુસ્તાનની સ્ત્રીઓ રાષ્ટ્રીય કાર્યમાં કેવી રીતે પડી શકે તે હું તમને અત્રે કહેવા આવી છું. મીસીસ ગોખલે, મીસીસ પીટીટ અને મીસીસ અલીયાએમમ મુંબઇમાં કેવું કામ કરી રહી છે તે તમે જાણો છો. આજે અહીં ત્રણ કોમની જુદી જુદી સેવા કેવી રીતે કરી શકીએ તે તરફ આપણે ખાસ ધ્યાન આપવાનું છે. આપણે સ્વરાજ્ય મેળવવાનું છે સ્વરાજ્ય એ કોઈ જુદું મંત્ર નથી, પણ સ્વરાજ્ય એટલે આપણું કાર્ય આપણે કરીયે ને હાથમાં સઘળી રાજદ્વારી સ્વતંત્રતા આવી જાય તો આપણે સ્વરાજ્ય મેળવ્યું છે એમ કહી શકાય. કેટલાક સ્ટેજો પર આપણી બાનુઓ કહે છે કે અમો કામ કરવા તૈયાર છીએ, પણ તેઓ તે સાથે એમ કહે છે કે અમારા ઘરમાં એક બુઢ્ઢી છે જે અમને જાહેરમાં કામ કરવાની ના પાડે છે. આમ માંહોમાંહેના ઝગડાઓને લીધે હીંદની બરબાદી થાય છે. આપણે ઘરમાં બેસી આપણા દેશની સેવા કેવી રીતે બજાવી શકીયે તે આપણે ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. આપણા વડીલોને આપણે વશ કરીને જાહેર કાર્ય કરવાનું છે. યુરોપની સ્ત્રીઓ પોતાના હક્કને માટે કેવી રીતે કામ કરી રહી છે, તે તરફ આપણે ખાસ ધ્યાન આપવું જોઇએ છે.

દુષ્કાળ વખતે ગુજરાતમાં જ્યારે હાહાકાર થઈ ગયો હતો ત્યારે આ ભગીની સમાજની બ્હેનો બધે ફરી હતી અને દુકાળનું સંકટ નિવારણ કરવા પોતાથી બનતું કર્યું હતું. આ પણ એક જાતની દેશસેવા છે. આપણામાં જાતિભેદ ઘણા છે અને જ્યાંસુધી આપણી સ્ત્રીઓમાંનો એ જુદાઈ દૂર નહિ થાય, ત્યાંસુધી આપણે કાર્ય કરી શકવાના નથી. સ્વરાજ્ય મેળવવાનો હેતુ દરેક આસામીને સ્વતંત્ર બનાવવાનો છે. આપણા દેશમાં એક પણ આસામી હોવો જોઈએ નહિ કે જે ગુલામગીરીના બંધનમાં હોય. પંજાબમાં આર્ય સમાજ નામની એક સંસ્થા છે જે નીચ કોમના આસામીઓને સારા સંસ્કાર નાખી ઉંચા વર્ગમાં દાખલ કરે છે. મુસલમાનો મસ્જીદમાં જઈ બંદગી કરે છે. ઇસ્લામનો અર્થ તેઓ એવો કરે છે કે દરેક ઇસ્લામી ભાઈ છે. આવી રીતે ઇસ્લામીઓ ભેગા મળીને પોતાના ધર્મની સેવા બજાવી શકે છે. આપણે બધા બંધનો તોડી નાખી એક સામાન્ય કારણ માટે કામ કરવાનું છે. મારો આપણા કાર્યમાં કોઈ રીતે વચમાં પડી શકે એમ નથી. મુંબઈ ડીપ્રેસ્ડ ક્લાસીસ મીસન છે જેના કાર્યમાં આપણી બ્હેનોએ દાખલ થવું જોઈએ છે કારણ કે તેમાં ઢેડા, ભંગી, ચમાર વગેરે નિરાધાર બાળકોને કેળવણી આપવામાં આવે છે. આવા બાળકોને કેળવણી આપવાનું આપણી બ્હેનોનું કામ છે. આપણે દરેક જાતનો ભિન્નભાવ દૂર કરીને ભારત માતાની ઉત્તમ સેવા બજાવી શકીએ એમ છીએ. બચ્ચાંઓને કેળવવા એ માતાનું કામ છે. આપણાં બચ્ચાં તેઓના વખત માટે કામ કરવા લાયક બને તેટલા સારૂ તેમને તે પ્રમાણેની તાલીમ આપવી એ માતાઓનું કામ છે. આપણા બચ્ચાંની શારિરીક તંદુરસ્તી ઉપર આપણે પ્રથમ ધ્યાન આપવાનું છે. આપણે એમ. એ. અથવા બી. એ. ની ડીગ્રી મેળવવાથી તાલીમ મેળવી શક્યા નથી, પણ જે કેળવણી આપણને આપણા ધર્મોનું રક્ષણ કરતાં શીખવે છે તેજ ખરી કેળવણી છે. ધર્મની અંદર સત્ય અને પ્રેમનો સમાવેશ થઈ જાય છે. હું એમ ઇચ્છું છું કે મારા દેશમાં આવી કેળવણીનો ફેલાવો થાય કે જે વડે મારા દેશનું પુરાતન ગૌરવ પાછું પ્રાપ્ત થવા પામે. આપણે 'સ્વરાજ્ય' 'સ્વરાજ્યની' બુમો પાડવાથી સ્વરાજ્ય મેળવી શકવાના નથી પણ તે મેળવવા માટે દરેક સ્ત્રી અને પુરૂષે કામ કરવું જોઈએ છે. યુરોપની સ્ત્રીઓ મરદોના કામની સાથે હરિફાઈ કરે છે. જેવી હરિફાઈ હીંદમાં કરવામાં આવે એવો વખત પરમાત્મા આપે નહિ. આપણા સ્ત્રી વર્ગને એ નમ્ર અને ખુશમીજાજ રહેવું જોઈએ છે. આપણી ભારત માતાની સેવા માટે જે મરદ કામ કરે તેના કરતાં વધુ સારૂં કામ કરી બતાવવા માટે આપણે મહેનત કરવાની છે. રેંટીયાથી સ્વરાજ્ય મળશે એમ મેં અગાઉ એક ભાષણમાં કહ્યું હતું. કેટલાક રેંટીયાની મશ્કરી કરે છે તેમને તેની મશ્કરી કરવા માટે પણ રેંટીયો ચલાવી સુતર કાંતવું એ આપણી ફરજ છે. આપણે ભલે ધનવાન હોઈએ તો પણ જો આપણે રેંટીઓ ચલાવીશું તો જરૂર બીજા મધ્યમ અને ગરીબ વર્ગના માણસો આપણા દાખલાનું અનુકરણ કરશે અને તેવી રીતે આપણે ઘણા માણસોને ભુખે મરતા બચાવી શકીશું. આપણાં અને આપણાં બાળકનાં શરીરપર એક પણ વસ્ત્ર એવું ન હોવું જોઈએ કે જે આપણા દેશમાં નહીં બન્યું હોય. આપણે અહીં દરેક ચીજ પેદા કરી શકીએ એમ છીએ. આપણા દેશમાં બનતા માલને આપણે પ્રથમ પસંદગી આપવાની છે. રાજદ્વારી બાબતથી હું અને મારી બહેન અઝીઝા બેગમ ગભરાય છે પણ હું રાજદ્વારીનો અર્થ એવો કરૂં છું કે આપણી સ્વતંત્રતા, આપણું સ્વદેશી વર્તન અને આપણા દેશના લાભ માટેનું દરેક કાર્ય રાજદ્વારી છે. સરકારને ગાળ દેવાથી કાંઈ વળવાનું નથી અને તેમ કરવાની હું તમોને

શીખામણ આપતી નથી હીંદના નેતાઓ જે સ્વતંત્રતા માગે છે તે નહીં આપવાનું કારણ એજ છે કે આપણા પોતાનામાં સંપ નથી. જ્યારે આપણા મરદોમાં જુદાઇ અને લડાઇ જાગે, ત્યારે આપણી ઓરતોની ફરજ એ છે કે આપણા મરદોમાં પ્રેમ પેદા કરવો આપણે મરદોને વેગળા છોડી દઇ આપણા દેશના સઘળા ભાઇઓ સાથ મિત્રાચારી કરવા જણાવવું જોઇએ આવી રીતે આપણે આપણા દેશની સેવા બજાવી શકીએ છીએ જ્યારે બે બાળકો લડે છે ત્યારે માતા તેઓને શાંત પાડવા પ્રયત્ન કરે છે ત્યારે આપણા દેશના ભાઇઓમાં જે વીભાગો પડી ગયા છે અને કોંગ્રેસ ભાઇઓ અને મોડરેટ ભાઇઓ જુદા પડયા છે, તેઓને એક કરવા એ આપણી ફરજ છે કોંગ્રેસવાળા અને મોડરેટવાળાઓ આપણા પોતાના દેશનાજ બેટાઓ છે એટલે તેઓ વચ્ચે એખલાસ કરાવવા એ આપણી ફરજ છે જો આપણા ભાઇઓમાંની જુદાઇ દુર થાય તો સ્વરાજ્ય તરત મળી શકે એમ છે જેમાં જુદાઇ છે, જેઓમાં લડાઇ છે અને જેઓમાં વેરતા છે તેઓમાં એક્તા કરવી એ સ્ત્રીઓનું કામ છે જો આપણા દેશમાં શાંતિ નહી હોય તો આપણા ઘરમાં શાંતિ કેવી રીતે હોઇ શકે? દેશમાં અશાંતિ ચાલતી હોય તો આપણે સ્વરાજ્ય લઈ શું કરીશું? મરદો આજે પ્લેટફોર્મ ઉપર હીંદુ મુસલીમ એક્યતા માટે પોકાર કરી રહ્યા છે ત્યારે જો સ્ત્રીઓ જુદી જુદી કોમો વચ્ચે ઐક્યતા નહી કરે તો મરદોનો પોકાર નકામો છે સ્વરાજ્ય મેળવવા હીંદુ મુસલમાન અને પારસી બાનુઓ ભેગી મળી કામ કરે તો આપણે જે કાર્યને મુશ્કેલ માનીએ છીએ તે કોઇ પણ રીતે મુશ્કેલ હોય એમ હું માની શકતો નથી ગરીબ વરગના ઘણા બાલકો ચાવલ અને ખોરાક વગર મરી જાય છે તેમની મુશ્કેલી જો આપણે દુર કરીએ તો આપણે એટલા બાળકોને આપણા દેશના કાર્ય માટે તૈયાર બનાવી શકીએ

આપણે જુદા દેશોની નક્લ કરીએ છીએ તે છોડી દઇ આપણે આપણા દેશનુંજ અનુકરણ કરવું જોઇએ. જેવી રીતે વીલાયતની વસ્તુઓ વીલાયતીઓ માટે છે તેવીજ રીતે હીંદની વસ્તુઓ હીંદીઓ માટે છે હીંદી સંગીત હીંદીઓના આનંદ માટે છે અને એક હીંદી પરદેશી સંગીત શીખે પણ તેને હીંદી સંગીત જેટલો આનંદ કદી મળી શકશે નહી. આપણી કુદરતની ખુબસુરત ચીજો આપણે કદી ભુલી જવી ન જોઇએ આપણા દેશની ચીજ સાથે કદી પરદેશી ચીજની સરખામણી થઇ શકે તેમ નથી. જો આપણે માન માગતા હોઇએ અથવા સ્વરાજ્ય માગતા હોઇએ તો સ્ત્રીઓએ જે બધા બુરા રીવાજો હોય તેને બાજુ મુકી આપણા બાપ દાદાએ કેવા રીવાજોથી કામ કરતા હતા તેને યાદ કરવાની જરૂર છે આપણા મકાનને સ્વરાજ્યનું મંદીર બનાવવું તે ઓરતોનું કામ છે મને તમારાથી કોઇપણ રીતે અજાણ્યો નહિ પડવાને પરદેશો જોવાનો અને જુદી જુદી કોમોના માણસોનો સમાગમ થવાનો વખત મળ્યો છે જેથી મને કઈ ખાતરી થવી છે કે તમારે દેશને માટે જોગી થવાનું છે તમારે એક એવા તીર્થની જાત્રાએ નીકળવાનું છે કે જે તીર્થ ભારત માતાને માટે સ્વરાજ્ય છે

મીસીસ સરલાદેવી ચૌધરાણીએ તે પછી કહ્યું કે મુખ્ય થી ગાંધીજીનો પ્રદેશ છે સભા ભગિનીસમાજના આશ્રય નીચે મળી છે તમે બધી સ્ત્રીઓ સ્વદેશભક્ત છો અને ચાહો છો પરંતુ હું દીલગીર છું કે આખા મંડળમાં એક ખાદીનો ટુકડો પણ હું જોતી નથી. હિન્દી સ્ત્રીઓએ ખાદી સિવાયનું વસ્ત્ર પેરતાં શરમાવું જોઇએ તે બરસટ હોય તેની પરવા ન જોઇએ આંધ્રના લોકો ૧૦૦ અને ૨૦૦ આંક સુધીનું સુતર કાંતે છે અને ગામમાં મેં સૌથી બારીક

સ્ત્રીઓ માટે ઉમદા..

ગેબીનીયા તેલ—સ્ત્રીના બાલને લીસા અને લાંબા બનાવી મગજને ઠંડક આપે છે કીં રૂ ૧—૦—૦
મોહીની એજન્સી, જુમામસીદ—મુબઇ

પ્રીન્સ ઓફ વેલ્સ ડી. ના સરજન ડાકટર પાસ કરેલી.

ગર્ભજીવન.

પ્રદર, લોહીવા, અનિયમીત રૂતુ, પેડુમા દુખાવો, હિસ્ટ્રીઆ, સુવારોગ, જીર્ણજ્વર, કાંઠે રતવા, ગર્ભાશયનો સોજો ને કમળાના અનેક રોગ વિજળીની પેઠે નાશ પામી ગર્ભ રહે છે. આ દવાથી આશા મુકેલી મોટી ઉમરની સેંકડો સ્ત્રીઓના ઘેર ઘોડીઆ બંધાયાં છે થોડા સર્ટીફીકેટો વાચો—ડૉ. તુલજારામ ચુ. ખાંડવાલા એલ. એમ એન્ડ. એસ તમારી દવાઓ અકશીર છે. પ્રાણુંદરાય બી. એ. એલ એલ. બી. રાજકોટ દવા વાપરી સંતાપ થયો છે. મણીલાલ નભુભાઇ બી. એ. નડીઆદ દવાઓ ઘણી સારી છે. માણેકલાલ બા. થાણદાર દાંતા. તમારી દવાથી ચી. જન્મ્યો. વાડીલાલ ના. વેજલપુર બે સંતાન થયા. ઠા. સા. પૃથ્વીસીંહજી સુદાસણા, દવાથી કુંવર જન્મ્યા. ઇનામ રૂ ૧૫૦) સ્વીકારયો. ઠા. સા. વડાગામ. કુવરનો જન્મ થયો રૂ ૧૨૫) મોકલ્યા છે, કૃષ્ણશંકર ગી. શીરસ્તેદાર હાઇકોર્ટ મુંબાઇ જાહેર ખબરથી ઠગાએલાઓને તમારી દવાનો અનુભવ લેવો જોઇએ. વીઠલદાસ વી. માણસા બાળકી જન્મી રૂ. ૧૦૦) મોકલ્યા છે. ચાશીનમીઆં બી. એ. ઇન્સપેકટર કાલોલ છોકરી જન્મી છે શેઠ હાથીચંદ ઝ. પેથાપુર તમારી દવાથી પુત્ર જન્મ્યો. શેઠ શરૂપચંદ દો માણસા દવાથી ચી. નો જન્મ થયો. ભવાનીશંકર કે એ. ઇ. શા. જામનગર દશ માણસને દવા આપી તમા એકે કેશ નિષ્ફળ ગયો નથી હોરાબજી દા. ખબાતા આ સરાફ મુંબાઇ બેંક પુના. હીસ્ટ્રીઆ, પ્રદર ને લોહીવા ઘણાં દરદીને ૨૪ કલાકમા મટયા છે. ફુલંદતા. મેહેચ સ. આ. સરજન મેસોપોટામીઆ તમે દવાની કિમ્મત પચાસ રૂ. રાખી હોત તો કમતી છે ચંદુલાલ્ઓ કાપડાની પોળ અમદાવાદ, દવાથી ફાયદો છે રૂપ રામદાસ હે. મી સાદરા, હુ નહોતી ધારતી કે આ વર્ગની શોધ આટલી બધી ફતેહમંદ નીવડશે કેવળદાસ ડાકટર માણસા, તમારી બે દવાઓ અજમાયશમા લીધી ગુણ લખવા મુજબ છે. વકીલ વિદ્યાશંકર પાટણ ગર્ભજીવન દવામા કાંઇ દૈવી શક્તિ જણાય છે, મહારાણાશ્રી જસવતસિંહજી દાંતા, પ્રથમ આવેલી ઓરતોના રોગની બીજી ચાર ડબીઓ વી. પી. થી મોકલો. છગનલાલ હ ન્યાયાધીશ માણસા તમારી દવાઓ અકસીર છે, મહેરબાનું કા. ડાવર તમારી દવાઓ રામબાણ છે. ચ દુલાલ મી. પારીસ દવાથી ફાયદો થયો છે.

ખાવાની દવા પોટલીઓ ને કટીસ્નાનના ઉપચારથી સ્ત્રીઓના હઠીલા દરદો ટુંક વખતમા મટાડીએ છીએ ગર્ભજીવન દવાની કીંમત રૂ. ૩–૦–૦

ગંગાબાઇ પ્રાણશંકર હે. મી.

વિક્ટોરીઆ સ્કુલ. મુ. માણસા—(ગુજરાત)

વાળને સાફ, સુંદર બનાવનાર—

કામીનીઆ ઑઇલ.

સોલ એજન્ટ—અમીચંદ કલ્યાણજી—ઠે૦ આંજેટ—ભાવનગર.

મળવાનું ઠે૦—એંગ્લો ઇન્ડીયન ડ્રગ કેમીકલ કું૦—મુબઈ.

(રજીસ્ટર્ડ.)

વાપરવુ અત્યંત ફાયદાકારક હોવાથી તેના આ અલૌકિક ગુણો વીશે વીચાર કરવાની જરૂર નથી હજારો લોકોએ કામીનીઆ ઓઇલ વાપરી જોયુ છે તમો પણ એજ તેલ વાપરવુ શરૂ કરો, તેનાથી તમોને ખરચેલા પૈસાનો પુરે પુરો સતોષ મળશે

☞ આ માસિક શે૦ દેવચદ દામજીએ પોતાને માટે ભાવનગરમા— આનદ પ્રીન્ટીગ પ્રેસ"મા છાપી 'આત્મ માસિક' ની ઓફીસમાંથી પ્રગટ કર્યું ।

Shravika Reg No B 1289

સ્ત્રી સુખ દર્પણ.

પુસ્તક ૪૫   અંક ૧૦ મો   (ડીસેમ્બર સને ૧૯૨૦.)

તંત્રી—શેઠ દેવચંદ દામજી—કુંડલાકર. વ્યવસ્થાપક—શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—ભાવનગર

અનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
૧	બાળ શિક્ષણની ધૂરા.	૨૧૩
૨	ભારતીનું પૂજન....	૨૧૪
૩	ચિત્રાંગદા.	૨૧૫
૪	ગૃહસ્થ ધર્મના અંગે અગત્યની સૂચનાઓ.	૨૧૯
૫	અવિભક્ત કુટુંબના ગુણ દોષનું દિગ્દર્શન.	૨૨૧
૬	જોગીડો કે બાળુડો.	૨૨૯
૭	મ્હારી વીતક વાર્તા.	૨૩૩
૮	પતિનાં સ્નેહાર્દ્ર હૃદયને.	૨૩૫
૯	સમયના પ્રવાહમાં.	૨૩૬

આ સુખ દર્પણ (શ્રાવિકા) નું વાર્ષિક લવાજમ પોસ્ટ સાથે રૂ. ૩—૦—૦

હિંદુસ્થાન બહારના મુલક માટે રૂ. ૪—૦—૦

લખો:—શ્રી સુખદર્પણ—શ્રાવિકા ઓફીસ ભાવનગર—(કાઠીયાવાડ).

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબતી અગર, દશાંગીધુપ, સોના ચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.

જુમામસીદ, નં. ૧૨૭ મુંબઇ.

અખંડ સૌ શ્રીમતી રમાબાઇ પટણી-ભાવનગર.

આનંદ પ્રેસ—ભાવનગર.

ભારતીનું પૂજન.

(ગરબી)

ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ,
જન્મ સફલ મંગલકર થાય જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ

પુણ્યભૂમિ પુનિત માત આપણી રે લોલ,
આપણે પ્રેમાળ એના બાળ જો,
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

મત સ્વદેશી ધારો દેશી વસ્ત્ર ધરી રે લોલ,
ધનદશાની ઉન્નતિ પમાય જો,
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

આપણીજ સર્વ વસ્તુ વાપરો રે લોલ,
પારકાની આશ એ નિરાશ જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ.

ભોગ ને વિલાસ બ્હેની ! ત્યાગવા રે લોલ,
સરલતા સાદાઈ શુભ ગણાય જો;
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ

જાતિભેદ, ક્લેશ, દ્વેષ છોડવાં રે લોલ,
ભારતી સંતાન એક થાય જો,
ચાલો સૌ ભારતીને પૂજવા રે લોલ

ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી

અર્જુનને જોતાં મારા મનમાં તાલાવેલી થવા લાગી
ને પુરૂષવેષથી હું લજ્જીત થવા લાગી.

આનંદ પ્રેસ–ભાવનગર.

ચિત્રાંગદા.

(અનુવાદક—શ્રી. ટી. જે. પટેલ–આર્ટીસ્ટ)

'મ્હારૂં નામ ચિત્રાંગદા છે, હું મણીપુરની રાજકુમારી છું. ઉમાપતિ મહાદેવનું વરદાન હતું કે મ્હારા પિતૃવંશમાં કદી પણ કન્યા ઉત્પન્ન થશે નહિ × × × પરંતુ મેં એવા મહાવરને વ્યર્થ કરી નાંખ્યું. મ્હારી માતાના ગર્ભમાં પ્રવેશ કરીને શીવ પણ તેજના પ્રભાવથી મને પુરૂષ ન કરી શકયા હું એવી કઠોર નારી છું, એથી કરી હું પુરૂષ વેષમાંજ રહું છું. યુવરાજની જેમ રાજકાજ કરૂં છું × × × અન્તઃપુરનું રહેવું નથી જાણતી. હા, ધનુર્વિદ્યા જાણું છું; પણ નયનના અપોગથી મદનદેવનું પુષ્પ ધનુષ્ય કેવી રીતે ચલાવવું તે નથી જાણતી.

સંસારમાં સ્ત્રીઓનું હોવું એટલું આવશ્યક છે કે મારા પિતાને દીધેલા વરથી તેના કુળમાં કોઇ કન્યા નહિ થાય તે વાત નિષ્ફળ કરી શીવજીએ સ્ત્રી–જાતિનું ગૌરવ વધારવા પોતાનું વર મિથ્યા કર્યું હોય. મારૂં પ્રારંભિક જીવન સ્ત્રી જેવુંજ હતું—હું પુરૂષ જેવી દેખાતી તેમ સ્ત્રીના હાવ–ભાવ–ચાતુરીને બદલે ધનુર્વિદ્યા જાણતી હતી અને વાસ્તવમાં મારૂં સ્થુળ શરીર સ્ત્રી છતાં વ્યવહાર પુરૂષના જેવો હતો.

એક દિવસ હું મૃગ્યાને માટે પૂર્ણાનદીના તીર પર સઘન વનમાં એકલી ગઇ હતી. ઘીચ તરૂ ઘટાની છાયાથી અંધારૂં થયું હતું × × × હું તે મહા અરણ્યમાં આગળ વધી તો એક સાંકડા માર્ગપર ફાટેલાં કપડા પહેરેલો મલિન પુરૂષ નજરે પડ્યો. મેં અવજ્ઞાભર્યા સ્વરથી કહ્યું કે "હટ રસ્તો છોડ!" પરંતુ તે ખસ્યો નહિ. મેં બહુ ઉદ્ધતાઇથી તીરની ધારથી એની તાડના કરી. તે સરળ અને દીર્ઘકાયનર તત્કાળ બહુ વેગથી ઉઠીને મારી સામે આવીને ઉભો કે તેનો રોષ ન જાણે કયાં ગુમ થઇ ગયો! અને તેના અધરોપર મંદસ્મિતની રેખાઓ નાચવા લાગી. એટલા દીવસોમાં કદી પણ એ વિચાર નથી ઉઠ્યો કે હું સ્ત્રી છું; પરંતુ જ્યારે તે મુખને જોયું; તરતમાં મેં મારા મનમાં જાણ્યું કે હું સ્ત્રી છું.

સ્ત્રીઓના ભાવ ઉત્પન્ન થવાને માટે કંઇ ઉત્તેજનાની આવશ્યક્તા હતી. વિના કારણ જાતિભાવો પણ ઉદય થતાં નથી એ કારણ આ પ્રકારથી મળી ગયું. અર્જુનને જોતાંજ હું મારૂં પુરૂષત્વ ભુલી ગઈ. પુરૂષ વિના સ્ત્રીને પોતાનું સ્ત્રીત્વનું ભાન થતું નથી, પોતાનું ખરૂં સ્વરૂપ સમજવાને માટે સ્ત્રીને પુરૂષની આવશ્યકતા છે અને પુરૂષને સ્ત્રીના ભાવોના ઉદયને માટે કાંઇ સોચ–વિચારની આવશ્યકતા નથી. આંખો મળતાંજ પ્રેમની વિપુલતા બધા શરીરમાં ફરી વળે છે.' પુરૂષના વેષમાં આ વિહ્વળતા હું ઢાંકી શકી નહિ. મને જોતાંજ અર્જુનનો રોષ પણ જતો રહ્યો હતો ને અર્જુનને જોતાં મારા મનમાં તાલાવેલી થવા લાગી ને પુરૂષવેષથી હું લજ્જિત થવા લાગી.

બાળપણની દુરાશાને વશીભૂત થઈને હું કેટલાક દીવસથી શોચી રહી હતી કે હું પોતાના ભુજબળથી પાર્થની કીર્તિને કલંકિત કરી દઈશ-મારો વાર ખાલી જાય નહિ; પરન્તુ ના સમજી કે ક્યા ગઈ એ સ્પર્ધા ? જે ભૂમી ઉપર એ ઉભા છે એ ભૂમિ સંકોચાય જાય તો બધી શૂરવીરતાને ધૂળમા મેળવીને એના ચરણતલમા હું દુર્લભ મૃત્યુને પામું એમ મને થઈ આવ્યું.

બીજા દીવસે સવારમાજ મેં પુરૂષ-વેષને અલગ કરી દીધો લાલ સાડી પહેરી લીધી અને મે અર્જુનને ધનુર્વિદ્યામા હરાવવાની આશા નિરર્થક સમજી અને મહિલોચિત ધનુર્બાણથી અર્જુનપર વિજય પ્રાપ્ત કરવાને માટે ઉદ્યત થઇ પરંતુ તેનું પહેલું આક્રમણ નિષ્ફલ થવાથી લજ્જાની મારી પાણી પાણી થઇ ગઈ

તેણે કહ્યુ હતુ તે તેની અંતિમ વાત તપાવેલા શુલ સમાન મ્હારા કાનોમાં ખુંચવા લાગી "વિરાગને ! મેં બ્રહ્મચર્યનુ વ્રત ધારણ કરી રાખ્યું છે, હું પતિ થવાને યોગ્ય છું નહિ " હા ! પુરૂષનું બ્રહ્મચર્ય ! ધિક્કાર છે મને, પરન્તુ હજુ હું તેને નષ્ટ ન કરી શકું ? ઘેર પહોચી મેં ધનુર્બાણ તોડી ફેંકી દીધું. એટલા દીવસ પછી મારી સમજમા આવ્યું કે સ્ત્રી થઈને પણ હું પુરૂષના ચિત્તને જીતી શકી નહિં, તો બધી વિદ્યા વૃથા છે. પરન્તુ ફીકર નહિ, અબળાના કોમલ બે હાથ તેના હાથોથી સોગણા બળવાળા છે.

હું એમ નથી કહેતી કે સ્ત્રીઓ ભણે-લખે નહિં અને પુરૂષોના કાર્યોથી બિંકુલ તટસ્થ રહે, કિન્તુ તેણે પોતાના સ્વરૂપનુ ધ્યાન રાખી પોતાના ક્ષેત્રની બ્હાર જાવું જોઈએ નહિ. એમ હવે મને લાગ્યું સ્ત્રીઓ પોતાના કામ છોડી દે તો સંસારમા ઘણી ખરી સૌંદર્યની છટા વહી જાય, માટે અર્જુનના હૃદયપર વિજય પ્રાપ્ત કરવા મદનદેવ પાસે સંપૂર્ણ સ્ત્રી બનવાને સૌંદર્યની મારે યાચના કરવી પડી.

મે પ્રાર્થના કરી કે હે અનંગદેવ ! હવે મ્હને આપની વિદ્યા શીખવાડો, મને અબળાનુ બળ દેજો, મોહિનીના અસ્ત્ર-શસ્ત્રથી સજ્જિત કરજો જો કે હું અલૌકિક-સુંદરતાની યાચના કરવી હતી, પણ નહોતી સમજતી કે અર્જુનના હૃદયપર પોતાના સૌંદર્યનો અધિકાર કેવી રીતે જમાવાય ! હુ માનતી હતી કે મારા સદગુણો દ્વારા પણ અર્જુનના હૃદયનુ ધીરે ધીરે ધીરે ખોલી તેમા પોતાનુ સ્થાન બનાવી શકીશ, કિન્તુ તે કાર્ય જલદી સફળ કરવા માટે બ્હારનું સાધન જરૂરનું છે એમ પણ સમજતી કે હજી એકવાર અધિકાર જમાવ્યો તો ફરી હુ મારૂ રાજ્ય અટલ કરી લઈશ હુ બીજા રાજાઓની જેવી નહોતી કે જીતેલા રાજ્યને સંભાળી શકુ નહિં. મારી વૃત્તિ સૌંદર્યના બળથી અર્જુનના હૃદયની જીત કરીને સદ્ગુણોદ્વારા અર્જુનને સદાને માટે પોતાનો બનાવી લેવાની હતી

મે વિચાર્યુ કે વખત હોત તો હુ એકવીજ તે હૃદયપર અધિકાર કરી લેત

અને મદનદેવની સહાયતા માગત નહિ મને એક દિવસને માટે પરમ સુંદરી બનાવી દેવા પછી તો સદાના માટે બધું સંભાળી લેવાની. જ્યારે પહેલવહેલા મેં તેઓને જોયો હતા, ત્યારે મારા હૃદયમાં વસન્ત શોભાથી અનંગ અપૂર્વ ખીલી ઉઠયો હતો. હજી આ પ્રેમ પોતાના સંપૂર્ણ સૌંદર્યને મારા અંગે અંગપર પ્રકટ કરી દે તો બહુજ આનંદ થાય.

* * * *

મદનદેવ પાસેથી એક વર્ષના સૌંદર્યનું વર મેળવી કામાસ્ત્ર શસ્ત્રોથી સજ્જિત થઇ પુનઃ હું અર્જુનને જીતવા માટે ગઇ. જોત જોતામાં જ મારૂં અભિષ્ટ પૂર્ણ થઇ ગયું. મેં વિજય પ્રાપ્ત કર્યો; પરંતુ હું છેતર દઇને ટટ્ટીની ઉપર શિકાર ખેલવાનું જાણતી નહોતી. પ્રેમને વશ મિથ્યા ભાષણ કરવું પણ શીખી નહિં. અર્જુનથી પ્રેમ કરતી હતી; છતાં વૃત ખંડન કરવાને માટે તેઓને ઉપાલંભ દીધા વિના રહેવાયું નહિં; અર્જુનનું નમણું જોઇ મારાથી બોલાઇ ગયું કે-ધિક્ પાર્થ ! ધિક્ ! હું કોણ છું ? મારામાં શું છે ? આપને શું જોવું પડે છે ? મને આપ શું સમજો છો ? કોના માટે પોતાને આપ ભુલી જાવે છો ? કોના માટે ક્ષણભરમા સત્ય ભંગ કરી ઘો છો. * * આ ક્ષણ-સ્થાયી કપટના વેષથી અમર અન્તઃકરણ પર વિજય પામી, હવે હું સમજી શકી છું કે આપની ખ્યાતિ મિથ્યા છે, શુરવીરતા જૂઠી છે. ”

હું છેતરવાનું નહોતી સમજતી તેથી ધર્મયુદ્ધ કરતી હોઉં તેમ મારો ભાષાવેગ આગળ વધ્યો—

“ નહિ, નહિ, પાર્થ હું એવી છું નહિં, તે દેવની ઈન્દ્ર જાળ છે. જાવો જાવો, પાછા જાઓ, પાછા જાઓ. મિથ્યા માયાના ચરણોમા પોતાના શૌર્ય–વીર્ય અને મહત્વની બલી ન આપો.

અર્જુનને જીતવાથી એક રાત મેં સ્વર્ગિય સુખનો અનુભવ કર્યો, પણ તે સાથેજ મારા આશાના કીલ્લા ભાંગી જવાથી ગ્લાનિ ઉત્પન્ન થઇ સ્ત્રીના માટે ગ્લાનિ સ્વાભાવિક છે.

આ વિજયને વિજય સમજવામા મને ભ્રાંતિ લાગી ભાગી ગયેલા બળ દ્વારા જીત કેવી ? પણ મને એમ ભાસ થતો હતો કે જે પ્રેમ રૂપને માટે છે, તે મારે શું કામનો ? હુ તો પ્રેમની પ્યાસી હતી

મે પ્રાર્થના કરી કે હે અનગ આપના વરને પાછો ખેંચી લ્યો પણ મદનદેવે તુરતમાં પોતાના વરને પાછું ખેંચ્યું નહિ એ જાણતા હતા કે જ્યારે વર્ષભરમાં હું અર્જુનના હૃદયપર પૂર્ણપણે પોતાનો અધિકાર જમાવી લઈશ ત્યારે સુંદરતાની આવશ્યકતા રહેશે નહિ. ત્યારે હું પોતાના આત્મગૌરવમાં પ્રકટ થઇ જવાની. તે સમયે અર્જુન પણ સમજશે કે તેને નવું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે

જેમ મારૂં મન વિહ્વળ હતું તેમ અર્જુન પણ અસ્વસ્થ રહેતા તેણે એક

દીવસ વળી વાત છેડી હું તેમનો પરિચય વધારવો કે કેમ તે નિશ્ચય કરી શકી નહોતી મને એમ તો થતું કે જે પરીચય વધશે તે દરમિયાન હું જે ચિત્રાંગદા છું તે નહિ રહુ. તેથી મેં જણાવ્યુ કે:—

"આપ જે કંઈ જોઇ રહ્યા છો હુ તે છુ, તેનાથી અધિક મ્હારો કોઈ પરિચય નથી. પ્રાત:કાળના સમયે કિંશુકના પત્રની ધાર પર જે (બરફ) હીમની બુંદ લટ કતી રહે છે, તેનું પણ શુ કઇ નામ-ઠામ હોય છે? તેનાથી પણ શું પરિચયનો પ્રશ્ન કરી શકાય છે? આપ જેનાથી પ્યાર કરો છો તે પણ એવુંજ નામ-ધામ હીન ઝાકળનું મોતી છે."

અર્જુન એ ઉત્તરથી સંતુષ્ટ ન થયેલ હોય તેમ તેણે જણાવ્યું કે જે એવાથી પ્યાર કરે એ તો નિશ્ચય અભાગી છે પ્રેમના હાથમા આકાશ-કુસુમ દ્યો નહિ પ્રિયતમે! મને એવું કંઇ ધન દ્યો કે જે સુખ-દુ:ખના ભલા બુરા દીવસોમાં હૃદયથી ચાંપીને રાખી શકાય. મને એવા ધનનું દાન કરો અને મારૂં જે હૃદય સત્ય સ્વરૂપ થાય તે ગ્રહણ કરો. બસ, એવુ મિલન જ વાસ્તવિક મિલન છે ,

મેં તમારા બલ-વીર્યની પ્રશંસા સાંભળી છે અને તે જોવાને હૃદયમાં અભિલાષા થઇ છે.

સ્નેહ સેવાજ સ્રીનો મુખ્ય ધર્મ છે. પુરૂષમાં આ ગુણની કમી છે સ્રી માતા થઇને, પત્ની થઇને, પુત્રી થઇને અને ભગિની થઇને બધાએ રૂપોમાં સ્નેહ-સેવા કરે છે એ સ્રી જાતિનું મહત્વ છે, એટલા માટે આપણા ભારતમાં સ્રીઓ આદરણીય છે

પહેલા મેં અર્જુનના હૃદયનું દ્વાર રૂપલાવણ્યની કુંચીથી ખોલ્યું હતું. અત્યારે એજ દ્વાર મારી કીર્ત્તિપવનના પ્રબલ પ્રવાહથી ખુલ્લી ગયું હોય તેમ તેની વાતથી સ્પષ્ટ થવા લાગ્યું.

હું એકલી સુંદર કાયા ચાહતી નહોતી, પણ હૃદયની સુંદરતાની જલક ચાહતી હતી. તે અર્જુનમા જોવાઇ હુ મૌન રહી એટલે તેણે આગળ ચલાવ્યું.

" હું ત્હારા રહસ્યને કંઇપણ જાણતો નથી, એટલા દીવસથી સાથે છું તોપણ કંઇ પત્તો નથી લાગતો એવું ભાન થાય છે કે તુ સદા સાથે રહીને મને ગુંચવાડામા રાખી રહી છે, તુ જે મને આપી રહી છે, તેના બદલામા કંઇ લેતી નથી-લેવા ચાહતીએ નથી એનુ કારણ કંઇ સમજાતુ નથી "

હવે મારાથી ઉત્તર દેવા વિના રહેવાયું નહિ મેં જણાવ્યું "રાજેન્દ્ર! નંદિની ચિત્રાંગદા તે હુંજ છું પ્રભો! તે સ્રી હુ જ છું, તે છું તોપણ હુ તે છું નહિ, એ તો મારી એક તુચ્છ સ્થૂલ દેહ હતી મે વસંતના વરદાનથી એક વર્ષભરને માટે અનૂપમ રૂપ મેળવ્યું ને એ કળાના પ્રભાવથી વીર હૃદયને ચકવી દીધું, તે પણ હું છું નહિ હું તો ચિત્રાગદા છુ. નતો હું દેવિ છું અને નહિ હું સાધારણ રમણીજ છુ પૂજા

કરી માથા પર ચઢાવો એવી પણ હું છું નહિ, તેમ તૂચ્છ સમજીને પાલણ પોષણ કર્યા કરો તે પણ છું નહિ ”

હજી મને સંકટના વિકટ માર્ગમાં સાથે રાખો, હજી મ્હને કઠિન ચિંતાઓમાં ભાગ લેવા દ્યો, હજી મ્હને મહા કઠોર વ્રતોમાં સહાયતા દેવાની અનુમતિ દ્યો અને હજી મને સુખ–દુઃખના સમયની સહચરી થવા દ્યો તો સમજ પડશે કે હું કેવી છું? આજ તો હું કેવલ આપના ચરણોમાં સમર્પિત થાઉં છું

રાજેન્દ્ર અર્જુનને મારા આ ઉત્તરથી આનંદ થયો હોય તેમ બોલ્યા “પ્રિયે! આજ હું કૃતકૃત્ય થયો ” આજસુધી અર્જુન તૃપ્ત નહોતો, આજ સાચી ચિત્રાંગદાને મેળવી સંતુષ્ટ થયો હૃદયમાં હૃદય મળી ગયા હતા તેથી હવે શું કહું?

ગૃહસ્થ ધર્મના અંગે અગત્યની સુચનાઓ.

(લેખક—સૌ૦ બ્હેન હરકોર ચતુર્ભુજ–પાલીતાણા)

(૨)

૯ **પતિ ભક્તિમાં વાણી વિલાસ**—પતિએ ઘરનો રાજા છે અને સ્ત્રી એ પ્રધાન છે જેમ રાજ્યની લગામ પ્રધાનના હાથમાં હોય છે, તેમ ઘરનો કુલ કારભાર સ્ત્રીઓના હાથમાં હોય છે ઘરની આબરૂ વધારનાર સ્ત્રી છે કેટલીએક સ્ત્રીઓ બીજી સ્ત્રીઓના ઘરેણાં તથા કપડાંલત્તા દેખી પોતાના પતિની આબરૂ તરફ ખ્યાલ નહિ કરતા ખોટી માગણી કરી કંટાળો આપવા જેવું કરે છે, પણ તેમ થવું ન જોઇએ. પતિની આવક તરફ ખાસ ધ્યાન આપી તેને ઘટતા પ્રમાણમાં ખર્ચ કરાવવો જોઇએ. પતિને કોઇ પણ વખત માર્મિક વચન કહી તેનું દીલ ન દુભવવું જોઇએ. જેમ બને તેમ તેમની પ્રીતિ વધે તેવું આશ્વાસન આપવું જોઇએ વિનય, નમ્રતા રાખવી જોઇએ તેમજ વાણીમાં મીઠાશ રાખી પતીની પ્રસન્નતાથી પ્રસન્ન થવું, તેમના સુખે સુખી અને દુઃખમાં દીલાસારૂપ થવું જોઇએ કેટલીએક સ્ત્રીઓ પતિ સુખથી વંચિત હોય છે અને પતિની કરડી દૃષ્ટિને પાત્ર બની હમેશાં દુઃખમાં સળગતી હોય છે, પણ જો તેનું બારીકીથી અવલોકન કરીએ કીએ તો અવશ્ય જણાય છે, કે–પતિને પ્રફુલ્લિત અને સુખી કેમ કરાય તેનું ભાન તેને હોતું નથી વિનય ગુણ વૈરીને પણ વશ કરે છે તો પછી પતિ કેમ વશ ન થાય? પતિને વશ કરવાનો ખરો વશીકરણ મંત્ર વિનયજ છે માટે વિનયનું સેવન કરવા તરફ હું સૌ બહેનોનું ખાસ લક્ષ્ય ખેંચું છું અને પછી જુઓ કે તમારો સંસાર સુધરી તમે કેવા સુખી થઇ શકો છો.

૧૦ **રડવા કુટવાના રીવાજ તરફ તિરસ્કાર**—રડવા કુટવાનો રીવાજ ઘણો ખરાબ છે એ સૌ કોઇ સારી રીતે સમજે છે મરવાને સૂતેલ પાસે ખેદ કે રૂદન

મારા વિચારો રૂચિકર થઇ પડશે એમ આપને લાગે તો તે વિચારોને યથાવકાશે આપના માસીકમાં યોગ્ય સ્થાન આપશો.

પૂર્વના દેશો પ્રથમથીજ કૃષી અવલંબી છે. કૃષીકારોમે દૌલત-પૈસા કરતાં જમીન અને પશુઓજ મુખ્ય ધન મનાણું છે અને જમીન તથા પશુધન વધારવા-માંજ તે સમયે સૌ કોઇ પ્રવૃત્ત રહેતા. આ ધન વધારવા-કેળવવા માટે માણસોના જથ્થાની પણ જરૂર હતી અને ભાડુતી માણસો સાથી વિગેરે કરતાં ઘરના માણસોથી કામ લેવાય તો તે વધારે ઇષ્ટ મનાતું. તે વખતે જેને છોકરાં છૈયાં ઝાઝાં તે ઝાઝું કામ કરે છે એટલે કે રળે છે એમ મનાતું એટલે સામ્પ્રત સમયમાં અવિભક્ત કુટુંબમાં પ્રમાણમાં કમાઈની જે ન્યુનાધિકતાનો ભાસ થાય છે તે, તે પ્રસંગે નોતું થતું અને સૌ કોઇ ઐક્યથી-સહકારથી સાથે રહી વસતા અને સુખી હતા.

સામ્પ્રત સમયમાં આવવા જવાના સાધનો વધી પડતાં અને વેપાર કરવા માટે જનસમાજની પ્રવૃત્તિ વધી જતાં આપણે સૌ નોખનોખા પોતપોતાને જ્યાં ઠીક પડે ત્યાં દેશાવર જઇ વસીયે છીએ એટલે અવિભક્ત કુટુંબ એ તો માત્ર નામમાજ રહ્યુ છે. એમ કહીએ તો પણ ચાલે.

કુટુંબની આ-બાળ-વૃદ્ધ તમામ વ્યક્તિઓ સુરક્ષિત કેમ રહે અને કુટુંબની એકત્ર આબરૂ અને આબાદી શી રીતે જળવાઈ રહે તેનો પુખ્ત વિચાર કરીનેજ આપણા પૂર્વજોએ અવિભક્ત કુટુંબ નીતિ ચાલુ રાખી હોય એમ જણાય છે. તેમાં વૃદ્ધોને અવસ્થાએ જોઇતો આરામ મળે છે અને તેમની દેખરેખ નીચે ઘરનો શીશુ વર્ગ સુરક્ષિત રહી સુખી થાય છે. જ્યારે જુવાન સ્ત્રી પુરૂષોને સ્વચ્છંદ અને સ્વેચ્છાચારના હુમલાથી બચાવી વિહારમા મિતવિહારી વ્યવહારમા વિનયશીલ-વિવેકી થવાની ફરજ પડે છે, જે પરિણામે અવશ્ય સુખ સમૃદ્ધિને સંપાદન કરાવે છે.

"એકત્ર કુટુંબથીજ દેશની હાનિ થઇ છે" તે વાતને અમો સંમત થઇ શકતા નથી. અવિભકત કુટુંબની પ્રથા આપણામાં ઘણા પુરાણા કાળથી ચાલી આવેલી છે. અવિભક્ત કુટુંબની પ્રથા જાપાનમાં પણ છે. છતાં પણ જાપાન આજકાલ જોતજોતામાં વિદ્યા, કળા, હુન્નર આદિમાં આગળ વધી પશ્ચીમના ઇંગ્લાંડ-અમેરીકા-ફ્રાન્સ જેવા આગળ વધેલા દેશની પ્રતિસ્પર્ધામાં ઉભુ રહે તેવી સ્થીતિએ પહોચ્યું છે તે જોતાં 'અવિભક્ત કુટુંબની પ્રથાથીજ દેશની દુર્દશા થાય છે' તે વાત વજન આપવા જેવી લાગતી નથી. આપણા દેશની દુર્દશાનું મુળ કારણ આપણો કુસંપ છે અને કુસંપ આપણામા ઘર કરી બેઠો છે, એટલેજ આપણને 'અવિભક્ત કુટુંબમા દુર્દશા છે' એવા કુતર્ક આવે છે

આપણી દુર્દશા થવાનું બીજું સબળ કારણ આપણું અજ્ઞાન છે. આપણને હાલમાં જે પ્રકારનું શિક્ષણ મળે છે, તેથી આપણને કાંઈ ખાસ લાભ થતો નથી.

આપણને આપણી સંસ્કૃતિ પ્રમાણે શિક્ષણ મળતું નથી. હોસ્કૂલની નીશાળો અને કૉલેજોમાં આપણને આપણા દેશના ઇતિહાસને બદલે બીજા દેશોના ઇતિહાસ અને સાહિત્યની ઝાંખી થાય છે અને પરિણામ એ આવ્યું છે કે આપણે આપણી પ્રાચીન નીતિનું ઉંડું રહસ્ય અંધકારથી-અજ્ઞાનથી જોઇ શકતા નથી, અને બીજા દેશોના પુસ્તકીઆ જ્ઞાનના ઝળકાટથી અંજાઈ જઈ તે તે દેશની વાસ્તવિક સ્થીતિ પણ જોઇ શકતા નથી. એ રીતે અર્ધદગ્ધ જેવા આચાર વિચારમાં ઉભયભ્રષ્ટ આપણને સાચું શું, તે જોવાની ટેક કે ટેવ પડી નથી એટલે પારકે ભાણે મોટા લાડુ આપણને લાગે છે.

પૂર્વ પશ્ચિમના યોગે પશ્ચિમને જે લાભ થયો છે તે આખી દુનિઆ જોઇ શકી છે. એટલે તેમાં તો કાંઇ કહેવા પણું જ નથી. પણ તેથી ઉલટો પૂર્વને જે ધક્કો—નુકશાન પહોંચ્યું છે તે કોણે જોયું અગર જોવા દરકાર કરી છે ?

પશ્ચિમના ચેપી રોગો જેવાકે ઇન્ફ્લુએન્ઝા આદિએ આપણા દેશમાં પ્રવેશ કરી જે મોટી હાની પોંચાડી છે, તે સ્થુળરૂપે આપણે જોઈ શકયા છીએ. પણ આપણને જે માનસીક ચેપ પશ્ચિમના સંબંધથી વર્ષો થયાં લાગુ પડ્યો છે અને તેને અંગે આપણું ચારિત્ર ધીમે ધીમે ખવાતું જાય છે, તે ક્ષયરોગનું નિદાન કોઇ કરવા કે કરાવવા માગતું નથી. એટલે તેવા મહારોગના ઉપરોગ તરીકેજ આપણને આપણી અવિભક્ત કુટુંબનીતિ માટે આવા અવળા ખ્યાલ આવે છે.

આપણે અવિભક્ત કુટુંબની પ્રથા ચાલુ રાખી છે તેથી સૌ કોઇ પોતાની કમાઈમાં બીજા સગાંનો ભાગ છે એમ માની સાથે રહી પોતાની કમાઇનો ઉપભોગ કરે છે અને તેને લીધેજ બોલ્શેવીઝમનો પ્રલયકારક પવન જે હાલમાં યુરોપમાં જોસથી ફુંકાઇ રહ્યો છે, તેવા વિનાશકારક વાયરા આપણા દેશમા વાયા નથી અને સૌ કોઇની આમન્યા જળવાઈ રહી છે. આપણને જ્યારે આપણી પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે શુદ્ધ સાચી કેળવણી મળશે ત્યારે બધો ગોટાળો દુર થશે

સમજીને રહીએ તો અવિભક્ત કુટુંબ નીતિથીજ આ પૃથ્વીપર સ્વર્ગ સરજી શકાય તેવું છે. તેમાં કેટલીક ઝીણી મુશ્કેલીઓ રહેલી છે, તે સહન કરી તેને નાબુદ કરવા પ્રયત્ન કરવો ઘટે છે. પણ તેવી થોડી શી મુશ્કેલીઓના કારણે આખી કુટુંબનીતિને વખોડી કાઢવી ઘટતી નથી

એકજ આંબા ઉપરની તમામ કેરીઓ એક સરખી મોટી કે સ્વાદમાં એક સરખી મીઠી હોઈ શકતી નથી કોઇક નાની તો કોઇક મોટી, કોઇ મીઠી તો કોઇક ખટમધુરી કે કોઇક ખાટી એમ બની આવે છે રૂચીનું ભિન્નત્વ એ જન સ્વભાવ છે અને તે જન સ્વભાવને જાણતાં સહન કરતા શીખવું, જોઇએ ભિન્ન ભિન્ન રૂચીઓને ભાવી જઈ સૌએ સ્નેહ સંપની દીક્ષા લેવી એ કુટુંબ નીતિની મનુસ્મૃતિ છે. મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કે:—

> તુલસી યહ સંસારમે, ભાત ભાતકે લોક;
> સબસેં હીલ મીલ ચાલીયે જ્યું નદી નાવ સંજોગ.

મારા વિચારો રૂચિકર થઈ પડશે એમ આપને લાગે તો તે વિચારોને યથાવકાશે આપના માસીકમા યોગ્ય સ્થાન આપશો.

પૂર્વના દેશો પ્રથમથીજ કૃષી અવલંબી છે. કૃષીકારોમે દોલત—પૈસા કરતાં જમીન અને પશુઓજ મુખ્ય ધન મનાણું છે અને જમીન તથા પશુધન વધારવામાંજ તે સમયે સૌ કોઇ પ્રવૃત્ત રહેતા આ ધન વધારવા—કેળવવા માટે માણસોના જથ્થાની પણ જરૂર હતી અને ભાડુતી માણસો સાથી વિગેરે કરતાં ઘરના માણસોથી કામ લેવાય તો તે વધારે ઇષ્ટ મનાતું. તે વખતે જૈને છોકરાંછૈયાં ઝાઝાં તે ઝાઝું કામ કરે છે એટલે કે રળે છે એમ મનાતું એટલે સામ્પ્રત સમયમાં અવિભક્ત કુટુંબમાં પ્રમાણમાં કમાઇની જે ન્યુનાધિકતાનો ભાસ થાય છે તે, તે પ્રસંગે નોતું થતું અને સૌ કોઇ સંપથી—સહકારથી સાથે રહી વસતા અને સુખી હતા.

સામ્પ્રત સમયમા આવવા જવાના સાધનો વધી પડતાં અને વેપાર કરવામાટે જનસમાજની પ્રવૃત્તિ વધી જતા આપણે સૌ નોખનોખા પોતપોતાને જ્યાં ઠીક પડે ત્યાં દેશાવર જઇ વસીયે છીએ એટલે અવિભક્ત કુટુંબ એ તો માત્ર નામમાજ રહ્યુ છે. એમ કહીએ તો પણ ચાલે.

કુટુંબની આ—બાળ—વૃદ્ધ તમામ વ્યક્તિઓ સુરક્ષિત કેમ રહે અને કુટુંબની એકત્ર આબરૂ અને આબાદી શી રીતે જળવાઇ રહે તેનો પુખ્ત વિચાર કરીનેજ આપણા પૂર્વજોએ અવિભક્ત કુટુંબ નીતિ ચાલુ રાખી હોય એમ જણાય છે. તેમાં વૃદ્ધોને અવસ્થાએ જોઇતો આરામ મળે છે અને તેમની દેખરેખ નીચે ઘરનો શીશુવર્ગ સુરક્ષિત રહી સુખી થાય છે. જ્યારે જુવાન સ્ત્રી પુરૂષોને સ્વચ્છંદ અને સ્વેચ્છાચારના હુમલાથી બચાવી વિહારમાં મિતવિહારી વ્યવહારમા વિનયશીલ—વિવેકી થવાની ફરજ પડે છે, જે પરિણામે અવશ્ય સુખ સમૃદ્ધિને સંપાદન કરાવે છે.

"એકત્ર કુટુંબથીજ દેશની હાનિ થઇ છે" તે વાતને અમો સંમત થઈ શકતા નથી અવિભક્ત કુટુંબની પ્રથા આપણામા ઘણા પુરાણા કાળથી ચાલી આવેલી છે અવિભક્ત કુટુંબની પ્રથા જાપાનમાં પણ છે. છતાં પણ જાપાન આજકાલ જોતજોતામાં વિદ્યા, કળા, હુન્નર આદિમાં આગળ વધી પશ્ચીમના ઇગ્લાંડ—અમેરીકા—ફ્રાન્સ જેવા આગળ વધેલા દેશની પ્રતિસ્પર્ધામા ઉભુ રહે તેવી સ્થીતિએ પહોચ્યુ છે તે જોતા 'અવિભક્ત કુટુંબની પ્રથાથીજ દેશની દુર્દશા થાય છે' તે વાત વજન આપવા જેવી લાગતી નથી. આપણા દેશની દુર્દશાનું મુખ્ય કારણ આપણો કુસંપ છે અને કુસંપ આપણામા ઘર કરી બેઠો છે, એટલેજ આપણને 'અવિભક્ત કુટુંબમા દુર્દશા છે' એવા કુતર્ક આવે છે

આપણી દુર્દશા થવાનું બીજું સબળ કારણ આપણું અજ્ઞાન છે. આપણને હાલમા જે પ્રકારનું શિક્ષણ મળે છે, તેથી આપણને કાંઈ ખાસ લાભ થતો નથી.

આપણને આપણી સંસ્કૃતિ પ્રમાણે શિક્ષણ મળતું નથી. હાલની નીશાળો અને કોલેજોમાં આપણને આપણા દેશના ઇતિહાસને બદલે બીજા દેશોના ઇતિહાસ અને સાહિત્યની ઝાંખી થાય છે અને પરિણામ એ આવ્યું છે કે આપણે આપણી પ્રાચીન નીતિનું ઉંડું રહસ્ય અંધકારથી—અજ્ઞાનથી જોઇ શકતા નથી. અને બીજા દેશોના પુસ્તકોના જ્ઞાનના ઝળકાટથી અંજાઇ જઇ તે તે દેશની વાસ્તવિક સ્થીતિ પણ જોઇ શકતા નથી. એ રીતે અર્ધદગ્ધ જેવા આચાર વિચારમાં ઉભયભ્રષ્ટ આપણને સાચું શું, તે જોવાની તક કે ટેવ પડી નથી એટલે પારકે ભાણે મોટા લાડુ આપણને લાગે છે.

પૂર્વ પશ્ચિમના યોગે પશ્ચિમને જે લાભ થયો છે તે આખી દુનિઆ જોઇ શકી છે. એટલે તેમાં તો કાંઇ કહેવા પણું જ નથી. પણ તેથી ઉલટો પૂર્વને જે ધક્કો —નુકશાન પહોંચ્યું છે તે કોણે જોયું અગર જોવા દરકાર કરી છે. ?

પશ્ચિમના ચેપી રોગો જેવાકે ઇન્ફ્લુએન્ઝા આદિએ આપણા દેશમાં પ્રવેશ કરી જે મોટી હાની પોંચાડી છે, તે સ્થુળરૂપે આપણે જોઇ શક્યા છીએ. પણ આપણને જે માનસીક ચેપ પશ્ચિમના સંબંધથી વર્ષો થયાં લાગુ પડ્યો છે અને તેને અંગે આપણું ચારિત્ર ધીમે ધીમે ખવાતું જાય છે, તે ક્ષયરોગનું નિદાન કોઇ કરવા કે કરાવવા માગતું નથી. એટલે તેવા મહારોગના ઉપરોગ તરીકેજ આપણને આપણી અવિભક્ત કુટુંબનીતિ માટે આવા અવળા ખ્યાલ આવે છે.

આપણે અવિભક્ત કુટુંબની પ્રથા ચાલુ રાખી છે તેથી સૌ કોઇ પોતાની કમાઇમાં બીજા સંગાનો ભાગ છે એમ માની સાથે રહી પોતાની કમાઇનો ઉપયોગ કરે છે અને તેને લીધેજ બોલ્શેવીઝમનો પ્રલયકારક પવન જે હાલમાં યુરોપમાં જોસથી ફુંકાઇ રહ્યો છે, તેવા વિનાશકારક વાયરા આપણા દેશમાં વાયા નથી અને સૌ કોઇની એમન્યા જળવાઇ રહી છે. આપણને જ્યારે આપણી પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે શુદ્ધ સાચી કેળવણી મળશે ત્યારે બધો ગોટાળો દુર થશે.

સમજીને રહીએ તો અવિભક્ત કુટુંબ નીતિથીજ આ પૃથ્વીપર સ્વર્ગ સરજી શકાય તેવું છે. તેમાં કેટલીક ઝીણી મુશ્કેલીઓ રહેલી છે, તે સહન કરી તેને નાબુદ કરવા પ્રયત્ન કરવો ઘટે છે. પણ તેવી થોડી શી મુશ્કેલીઓના કારણે આખી કુટુંબનીતિને વખોડી કાઢવી ઘટતી નથી

એકજ આંબા ઉપરની તમામ કેરીઓ એક સરખી મોટી કે સ્વાદમાં એક સરખી મીઠી હોઇ શકતી નથી. કોઇક નાની તો કોઇક મોટી, કોઇ મીઠી તો કોઇક ખટમધુરી કે કોઇક ખાટી એમ બની આવે છે.. રૂચીનું ભિન્નત્વ એ જન સ્વભાવ છે અને તે જન સ્વભાવને જાણતાં સહન કરતાં શીખવું જોઇએ. ભિન્ન ભિન્ન રૂચીઓને ભાવી જઇ સૌએ સ્નેહ સંપની દીક્ષા લેવી એ કુટુંબ નીતિની મનુસ્મૃતિ છે. મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કેઃ—

તુલસી યહ સંસારમે, ભાંત ભાંતકે લોક;
સબસે હીલ મીલ ચાલીયે જ્યું નદી નાવ સંજોગ.

જેની કમાણી સગાંઓને કામ ન આવે તે કમાણી શા કામની? પ્રભુ કૃપાથી જે જાહોજલાલી સાંપડે તે જાહોજલાલી સગાં સંબંધીઓ સાથે સાથે ન ભોગવવા પામે તો તે શાયણી અમારા હિસાબે તૃણવત્ શુન્ય છે; કુટુંબ એ દેશનું અંગ છે. દેશને માટે દોલત મેળવવી, દેશને માટે સ્વાર્પણ કરવું, દેશને માટે સાહસ ખેડવું, દેશને ખાતર દુઃખ વેઠવું, દેશને ખાતર પરદેશ પણ વેઠવો, દેશને ખાતર સર્વસ્વ તજવું, દેશ એજ ખરો ઇષ્ટ દેવ છે, એ વાતમાં જો સ્વીકાર પ્રભુ અદેશો ન રહેતો હોય અને તે વાત સત્ય છે–સ્વીકારણીય છે એમ જો દઢ મનાતું હોય તો તે બધી અને તેટલીજ તપશ્ચર્યા પ્રથમ કુટુંબ અર્થે કરી બતાવવી આવશ્યક છે. અવિભક્ત કુટુંબ એ દેશાભિમાનની મહાપાઠશાળામા જવાની પ્રાથમિક શાળા છે અને તેમાંથી પસાર થયા સિવાય મહાપાઠશાળામાં પ્રવેશ થઈ શકશે નહિં.

દુનિયાદારીમાં પડતાં શું શું વિટંબણાઓ આવે છે તેનો પરિપક્વ વિચાર કરીને અવિભક્ત કુટુંબનીતિ આપણા આર્યોએ અખત્યાર કરી જણાય છે. સારાં અવિભક્ત કુટુંબમાં ઉછરેલું બાળક નાનપણથી જ સ્વભાવે હેતાળ થઈ મોટાઓ પ્રત્યે માન, નાનાઓ પ્રત્યે વાત્સલ્ય અને સમાન વયવાળાં સાથે સ્નેહ કેળવી એક બીજાની સાથે હળી મળીને કેમ રહેવું તે શીખે છે. એટલે મોટી ઉમ્મરે દુનિયાદારીમાં પડતાં તેને કશી અગવડ આવતી નથી.

આપણી અવિભક્ત કુટુંબનીતિ પોતાની ધર્મદારાની અને પ્રજાની અવગણના કરવી એવું કદી પણ શીખવતી કે સુચવતી નથી. જે ઘરમાં સ્ત્રીઓ સંતોષાય છે અને પ્રજા પ્રેમથી પોષાય છે, તેજ ઘર રહેવા લાયક છે એમ કહેનારા આર્યો તેથી ઉલટો ઉપદેશ આપીજ શકતા નથી. પણ એકલાં પુત્ર કલત્રમાંજ પ્રીતિ રાખી પશુની જેમ પડ્યા રહેવું એમાં ઉન્નતિ નથી, એમ માનીને તેઓ અવિભક્ત કુટુંબ નીતિ દ્વારા આપણને સુચવે છે કે મનુષ્યે પોતાના પુત્ર કલત્રને પ્યારા ગણવાં એ ધર્મ છે અને તેમનાં ભરણ–પોષણ માટે ધ્યાન આપવું આવશ્યક છે ખરૂં; પણ તે સાથે પુત્ર કલત્રાદિની આળ પંપાળની જાળમાં સપડાઇ રહી મનુષ્યે પોતાના બીજા ધર્મો ભુલી જવા જોઇતા નથી.

મનુષ્યને માથે પાંચ પ્રકારના ઋણ છે. તેમાંથી એકલું સ્ત્રી ઋણજ અદા કરવું અને પિતૃઋણ આદિ બીજા ઋણની કાળજી ન કરવી એવું જે કુટુંબ નીતિ શીખવતી હોય તે કુટુંબ નીતિ શાસ્ત્રસંમત નથી–ઉંચા પ્રકારની નથી. એવી સાંકડી કુટુંબ નીતિમાંથી પોતાના સગાં વ્હાલા પ્રત્યે સદ્ભાવ, આડોશી પાડોશી માટે સખીઆરો, દુઃખીને દેખી દુઃખી થવું અને તેને સહાય કરવા બનતું કરવું એવું ઉદાર ચરિત્ર ઘડાતું નથી. આવી સંકુચિત કુટુંબ નીતિને લીધેજ યુરોપાદિ દેશોમાં આજે ઘણાયે જર્જરીત દેહવાળા વૃદ્ધો અને ગરીબો ભુખથી રીબાતા, સંભાળ લીધા વિનાના રખડતા દુઃખી થતા સાંભળીએ છીએ. એવો દયાહીન દેશ સ્વાવલંબન જડવાદથી આ

કળીકાળમા કદાચ આગળ વધતો દેખાય તેથી પણ શુ ? અમે તે નીતિ ' આર્યોએ ગ્રહણ કરવા જેવી નથીજ ' એમ સુચવીશુ.

અમારા આર્યોએ તો અતિથીનો પણ મહિમા અમાપ ગાયો છે અને તેમનો સપૂર્ણરીતે યથાશક્તિ સત્કાર કરવા ધર્મ આજ્ઞા કરી છે જે ઘરને આગણેથી ભીખારી મુઠી ચણા મેળવ્યા વિના પાછો જાય અને જે ઘરે ઘરડા પ્રતિ યોગ્ય પૂજ્યભાવ ન હોય, તે ઘરનુ આગણુ સ્મશાન છે એમ અમારા કવિઓએ અનાદિ કાળથી ગાયુ છે અને લોકોએ તે ધ્યાન પૂર્વક સાભળ્યુ છે માટેજ ગમે તેવી સ્થીતિ છતા પણ આજે હિંદુસ્તાનમા જેના સગાવ્હાલા પહોચતા હોય તેવા માણસો ભૂખે મરતા નથી એટલુ જ નહીં પણ સદાવ્રત વિગેરે દ્વારા બીજા ઈતર અનાથોને પણ અનાજ મળે તેવી વ્યવસ્થા આ દેશમા ઘણા કાળથી પ્રચલીત છે

"આ અપૂર્વ દાનશીલ, પુરાણ પ્રસિદ્ધ હિંદુ જાતિના તરફ જરા નજર કરો આ દરિદ્ર, દીન, અતિદરિદ્ર, દેશના ગરીબ દરિદ્ર લોકોને કેટલા પ્રમાણમા કેવા પ્રેમથી દાન કરે છે, તેના ઉપર જરા લક્ષ્ય કરો અહીં આ પુરાતન દેશમા લોકોનુ એવા ઉત્તમ પ્રકારે આતિથ્ય થાય છે કે કોઈ પણ મનુષ્ય હિંદના ઉત્તર છેડાથી તે છેક દક્ષિણ છેડા સુધી કશાપણ સાધન વિના સુખ પૂર્વક પરિભ્રમણ કરી શકે છે દરેક સ્થાને ઉત્તમમા ઉત્તમ પદાર્થો વડે તેનુ આતિથ્ય કરવામા આવે છે જાણે કે તે એક મિત્ર અથવા નજીકનો સબધી હોય એવી રીતેજ દરેક મનુષ્ય તેની સાથે વર્તે છે આવો ભારતનો આદર સત્કાર છે છેવટે દાન માટે એટલુજ કહેવુ બસ થશે કે કોઈ પણ ઠેકાણે રોટલીનો ટુકડો હોય ત્યા સુધી આ દેશમા કોઈ પણ ભિખારી ભૂખે મરતો નથી " . (સ્વામિવિવેકાનંદ)

સહિષ્ણુતા એ ભ્રાતૃભાવનો બીજ મત્ર છે એ મત્રને કુટુબ સેવાથી સિદ્ધ કરી उदार चरितानां तु वसुधैव कुटुम्बकम् એવો બ્રહ્મભાવ ધીમે ધીમે આગળ વધી પ્રાપ્ત કરવાનો છે જે જન્મથીજ આપણા હર્યા તેમને પણ જો પોતાના દેવી કે ગણી ન શકાય તો આગળ વધી દેશ સેવા-સમાજ સેવાની વાતો કરવી નકામી છે "હુ ખાઇશ અને મારા ભાઈ ભાડરૂઓ અને તેમના બૈરા છોકરા શુ ભૂખ્યા રહેશે ? હુ વસ્ત્રો પહેરીશ અને તેઓ શુ નાગા ફરશે ? હુ જીવતો હઇશ ત્યા સુધી તો આવુ કદી બનશેજ નહીં તેઓ મારી હયાતીમા તો નાગા ભૂખ્યા નહીંજ રહે " એવી અવિભક્ત કુટુબ નીતિના હીમાયતીઓની, ઉદાત્ત અને દીવ્ય ભાવના અનુમોદનીય નથી એમ કોણ વિચારશીલ સજ્જન કહેશે ?

જેઓને પશ્ચિમની કુટુબનીતિ ઉપર મોહ હોય તેઓને નવીન પરણેલા જુવાન સ્ત્રી પુરૂષના બીન અનુભવી જોડાને આ કઠીન કપરી ભવાટવીમા-સસાર યાત્રામા વૃદ્ધોના ભોમીઆપણાની કેટલી જરૂર છે, તે વાત લક્ષ્યમા લેવા અમારી નમ્ર વિનતી

છે. આ સંસારે રૂપી રણક્ષેત્રમાં ઉછરતી પ્રજા રૂપી નવ જુવાન અર્જુનને પોતાના અનુભવની ગીતા કહી સંભળાવી ધર્મ માર્ગે પ્રેરતા કૃષ્ણરૂપ પૂજ્ય વૃદ્ધોની સલાહ અને શીખામણથી આપણે બંધન મુક્ત થઇ વિજય મેળવી શકીશું; એવો સત્ય પ્રકાશ સૌ કોઇને થાવ એવી અમારી પ્રભુ પાસે પ્રાર્થના છે.

મા–બાપ, વડીલો, એ શિરછત્ર છે અને જેને માથે છત્ર હોય છે–ઢાકણુ હોય છે તેને ચિન્તા પણ ઓછી હોય છે અને જે નિશ્ચિંત છે તે સ્વતંત્રતાનું સુખ પણ ભોગવી શકે છે અને સાહસ પણ ખેડી શકે છે એટલે અવિભક્ત કુટુંબના માણસો નિરૂત્સાહી નિરૂદ્યમી પરતંત્ર જેવા રહે છે એમ કહેવું વ્યાજબી નથી.

વડીલોની આમન્યા અદબ રાખવાની નીતિને પણ વખોડી નાંખવા જેવું નથી વસ્તુત: વડીલો ઘણે ભાગે ઘરના નાનેરાની શું મરજી છે અને તેઓ બધાં કેમ કરવાથી રાજી રહેશે, તે વાતને પુરતું વજન આપીનેજ આજ્ઞા કરે છે, એટલે દેખાવમા બધું વડીલોની આજ્ઞા પ્રમાણે થતું જણાય છે પણ અંદરખાનેથી બધો ઘરતંત્ર નાનેરાઓની ઇચ્છા પ્રમાણેજ ચાલતો હોય છે તે વાતને વજન આપવું ઘટે છે. ઘરડાઓની–પુરૂષ વર્ગની બેઠક ડેલીએ, અને સ્ત્રી વર્ગની પરશાળમા હોય છે. એટલે ઘરનો અંદરનો તમામ ભાગ રાચ રચીલા સાથે નાનેરાને માટે યથેચ્છ નિર્દોષ આનંદે કલોલ કરવાને કાયમ ખુલ્લોજ રહે છે. કુટુંબ વાટીકાને કેદખાના રૂપે કલ્પવી–આળેખવી ન જોઇએ.

અવિભક્ત કુટુંબમા છોકરાંઓની માવજત સારી રીતે લેવાય છે. મુદ્દલ કરતાં વ્યાજની ગણતરી વિશેષ થાય છે, તેવી રીતે વૃદ્ધો પોતાની પ્રજા કરતાં પોતાનાં પૌત્ર–પ્રપૌત્રાદિને દેખી વધારે હરખાય છે અને તેમની સંભાળ લેવામા, તેમને રમાડવામાં પોતાનો આખો નવરાશનોવખત આનંદથી ગાળે છે.

આપણને જો આપણા માતાપિતા–વૃદ્ધો–વડીલો પ્રતિ આદર માન નહીં રહે તો આપણા બાળ બચ્ચાઓ પણ ઉમ્મરે પહોચતા આપણા તરફ તેવુંજ વર્તન ચલાવશે એ ભુલી જવા જેવું નથી

We call our fathers fools, so wise we grow,
Our wiser sons shall call us so.

વડીલો પ્રતિ પૂજ્યભાવ રાખવાથી સરવાળે સૌને સુખી થવાનો વારો આવશે, એવું શીક્ષણ પશ્ચિમની કુટુંબ નીતિમાથી મળી આવતુ નથી

મોટા કુટુંબમાં કામની વ્યવસ્થા પણ હોય છે. ખાસ કરીને બૈરાંઓમાં કામ વહેંચી આપવામાં આવેલું હોય છે. અમુક દહાડે અમુકે રાંધવું તો અમુકે બહારનું કામ કરવું તો અમુકે છાશ દરણું સંભાળવું તો અમુકે છોકરાં છૈયાં સંભાળવાં એવી રીતે વ્યવસ્થા હોય છે એટલે કે એકની પાસેથીજ કામ લેવામાઆવે છે એવું કહેવુ વ્યાજબી નથી તેમજ અવિભક્ત કુટુંબમા એકજ જણ રળી રળીને

મરે છે અને બીજાઓ તેની કમાણી ઉપર મોજમજા ઉડાવતા માતેલા મસ્ત-સુસ્ત થઈ પડ્યાં રહે છે એમ કહેવું તે અતિશયોક્તિ ભરેલું છે. કુટુંબમાં સાથે રહેતો પુરૂષ વર્ગ ઝગડાઇ રાખ્યા વિના બને તેટલું વિશેષ કમાવાને ઇન્તેજાર હોય છે અને જેની કમાણી પ્રમાણમાં ઓછી હોય છે તેવાઓને ઘણુંખરૂં પોતાની ઓછી કમાઈ માટે મનમાં મોટો ખેદ રહ્યા કરે છે અને તેમને નિરંતર વધારે કમાવાની ખેંચ પણ રહેતી હોય છે. એટલે કે અવિભક્ત કુટુંબમાં રહેતી વ્યક્તિઓમાં વધારે કમાવાનો હરિફાઇનો જુસ્સો હમેશાં જાગ્રત રહે છે તે વાતની નોંધ લેવી ઘટે છે; પરન્તુ યત્ન કરતાં છતા પણ પ્રારબ્ધવશાત્ કોઇનો પુરૂષાર્થ પ્રમાણમાં ઓછો ફળપ્રદ નીવડે તેવે વખતે તેનાં બાળ બચ્ચાંને અવિભક્ત કુટુંબરૂપ ધર્મશાળામાં જોઇતો આશ્રય મળે તેમા હેતુ મૂલક કશી ખાસ હાની હોય એમ કહેવું યોગ્ય નથી. કુટુંબમાં સૌ કોઇ પોતાની કમાઈ એકઠી કરી સાથે રહીને સંપથી ભોગવે તેથી વધારે ઇષ્ટ શું હોઈ શકે? સંપ ત્યા જંપ. કવિ દલપતરામે કહ્યું છે કે "સંપે સંપત્તિ સાંપડે"—અને તે સંપત્તિ આપણી કુટુંબનીતિમાથી મળી આવે છે.

કોઈ કોઇ ઠેકાણે મ્હોટા કુટુંબમાં મનને કલેશ-કચવાટ કરાવે તેવા બનાવો બને છે ખરા, પણ તેને લીધે આખી કુટુંબનીતિને વખોડી કાઢવી જોઇએ નહીં. કુટુંબ એ પણ એક જાતનું શરીર છે, શરીર ઉપર ગડગુમડ થાય ત્યારે તેને સાબુ, મલમના મુલાયમ ઉપચારથી મટાડવા પ્રથમ યત્ન થાય છે, તેથી તે ન મટે તો પછી અળતરા થાય તેવી ઉગ્ર દવાઓ લગાડી મટાડવાનું કરે છે અને તેથી પણ ન મટે ત્યારે ઓપરેશન કરાવી સડેલો ભાગ દૂર કરવા તૈયારી થાય છે. તેવીજ રીતે કુટુંબ શરીર માટે પણ ધીરા, આકરા અને અતિ આકરા ઉપચાર લેવા ઘટે છે. એકદમ જરાતરાં કાંઇક થાય એટલે કાપજ મુકવો અને આખી કુટુંબ સંસ્થા વિખેરી નાંખવી તે વિચાર શીલ મનુષ્યને વાજબી નહીં લાગે

અનુભવથી મેં તો જોયું છે કે:—અવિભક્ત કુટુંબમાં પણ ઓછી વધતી કમાઇ કરી લાવનારને તથા તેના સ્ત્રી-બાળ બચ્ચાને યોગ્ય સ્થાન-માન-લાલન અવશ્ય અનાયાસે મળે છે અને તે કુદરતી રીત પણ છે; તેમજ પુરૂષ વર્ગને અમુક *જણ વધારે કમાય છે માટે તેજ મોટો અને અમુક ઓછુ કમાય છે માટે તે હલકો* એવા કશા કુતર્ક થતા નથી. માળા માહેના મણકા બધાયે સરખાજ છે, એવી તેઓની ઘણે ભાગે ગણતરી હોય છે અને સૌકોઇ સાચા દિલથી કુટુંબના સંયુક્ત હીતને માટે કામ કરી રહ્યા છે કે નહીં એટલુંજ તેઓ જુએછે અને ઘણુંખરૂં સૌકોઇ પોત પોતાના ગજા પ્રમાણે કામતા હોવાથી તેઓનો સહકાર-સંપ ખોળાપડતો નથી.

પરન્તુ સ્ત્રી વર્ગમાં તેથી ઉલટુ જ જોવામાં આવે છે. જરાતરામાં ઓછુ આણવું, સ્હેજ વારમાં આખમાં આંસુ વહેવડાવવા, અને જે કાંઈ નિખાલસ નિષ્પાપ ભાવે કહેવામાં આવે તેનો અણધાર્યો-અણચિંતવ્યો અર્થ કરી વિના કારણ રંજ કરવો અને કરાવવો એ સ્ત્રીઓનો સહજ સ્વભાવ છે. એટલે કુટુંબ વાટીકામાં કંકાસના બીજ

ઘણે ભાગે આપણા અશિક્ષિત સ્ત્રી વર્ગના હાથેજ વવાય છે અને ઘરેમાં સ્ત્રીઓનો સંતાપ વધી જતા અસહ્ય થઈ પડતા છેવટે પુરૂષ વર્ગને પરાણે જુદાં થવું પડે છે.

ઘરમા નાના બાળ બચ્ચાઓને કોઈ રીતે ન્યૂનાધિકતાનો–અસંતોષનો ભાવ કદાપિ હોતો નથી; પરન્તુ તે દુર્ગુણ પણ તેઓમા તેઓની મૂર્ખ માતાઓજ વાવે છે–પોષે છે અને તેને લીધેજ તેમનામા એકલપેટાપણું ઉગી નીકળે છે

આપણો સ્ત્રી વર્ગ જ્યારે સુશિક્ષિત થશે ત્યારે તેમના હલકા વિચારો અવશ્ય દુર થશે ત્યારે તેઓ આપોઆપ જોશે કે એકલા રહેવા કરતા સૌની સાથે સંપીને રહેવામાં કોઈ ઓર મજા છે આપ કમાઇનો ઉપભોગ બીજાઓ કરે ત્યારેજ તે કમાઇની સાર્થકતા છે. અમીરોની અમીરાત તેમના ઘરે તેવી અમીરાત બીજાને ભોગવાવે તોજ જગજાહીર થાય છે. મોટાઈ અને માન નમ્ર થવામા અને બીજાને નમવામાં રહેલાં છે. અને પ્રણીપત કરવામાજ ખરી પ્રતિષ્ઠા છે, એવું આપણો સ્ત્રી વર્ગ સમજશે ત્યારે તેઓ પુરૂષોને પાછા કુટુંબ વાટીકા વસાવવા પ્રેરશે અને પોતાની પ્રજાને ઉદર ભરી–એકલ પેટા ન થવા સબોધી સૌની સાથે ભાગ વેંચીને ખાવાનું શીખવશે–ટેવ પાડશે. ત્યારેજ મનુષ્યને સંસારમા સ્વર્ગનુ સુખ પાછું મળશે ઘર–કહો કે કુટુંબ કહો તે સ્ત્રી વર્ગથીજ બધાય છે–કેળવાય છે

આપણું અવિભક્ત કુટુંબ orphanages and widows home ની ગરજ સારે છે. પશ્ચિમના કુટુંબોમા–મા–બાપ વિનાના બાળકો અને વિધવાઓને આશ્રય મળતો નથી. તેમજ યુરોપમા ઘણી એક નવજુવાન–કુમારીકાઓને તથા સ્ત્રીઓને લુચ્ચા–લફંગાઓની જાળમા ફસાઈ દુખી બેહાલ થતી સાંભળીએ છીએ તે વાતની આપણે મિંચામણી કરવી જોઈએ નહીં આપણે ત્યા આપણો સ્ત્રી–સમાજ અવિભક્ત કુટુંબમાં સુરક્ષિત રહે છે અવિભક્ત કુટુંબ તે તેઓની રક્ષા માટેનો કિલ્લો છે અને તે કિલ્લાને કેદખાના રૂપે આળેખવો ઓળખાવવો જોઇએ નહીં. અવિભક્ત કુટુંબથી વડીલોપાર્જીત મિલ્કત કોઇ ઉડાઉગીર, અવિચારી, ઉચ્છૃંખળ–મનસ્વી વ્યક્તિના હાથે વેડફાઇ જવાનો ભય પણ ઓછો રહે છે. સબળ કુટુંબની બીજી વ્યક્તિઓ તેની ચોકી બરાબર કરે છે. ટુંકામાં આપણી અવિભક્ત કુટુંબનીતિમાં સૌનું સંરક્ષણ થાય છે તે નિર્વિવાદ વાત છે

અવિભક્ત કુટુંબ એ આપણું અક્ષય પાત્ર છે. એ પાત્રના ભાગલા નહીં થાય ત્યાંસુધી આપણી આબાદીનો સમૂળો નાશ કોઈ પણ સત્તાથી થઈ શકશે નહીં.

કુટુંબીઓની સેવા કરવી તે આપણો આવશ્યક ધર્મ છે. કુટુંબ સેવા તે એક જાતનો યજ્ઞ છે–ઘરના ખૂણામા કાળજી અને શ્રદ્ધા પૂર્વક ઉજવાતા તે ન્હાના યજ્ઞનો મહિમા અમાપ છે. તેથી સ્વાર્થ અને પરમાર્થ બન્ને સાધી શકાય છે. એ વાત ધ્યાનમાં લઇ કુટુંબ વત્સલ થવા, અમો અમારા સુજ્ઞ વાંચકોને વિનવીશું.

Charity begins at Home

લોકસેવા, સમાજ સેવાની સીડીનુ પ્રથમ પગથીયુ તે કુટુંબસેવા છે.

જોગીડા કે બાલુડો.

લેખક:—શ્રીયુત " નલિનીકાન્ત."

પ્રકરણ ૫ મું

[ગતાંકથી ચાલુ]

' બ્હેન ચંપા ' ત્હારા જેવી સુકુમાર બ્હેનના સુખ દુઃખનો વિચાર કરતાં દેશની અનેક બ્હેનોની જીવન પતનનો દુઃખદ ચિતાર ખડો થાય છે બ્હેન ! આ વિચારવમળો મ્હને બહુ મુંઝવી રે છે અને ત્હારૂં કશું કલ્યાણ કરી શકતો નથી એથી મહાદુઃખ થાય છે બ્હેન ! શું કરૂં ! તું સંસ્કારી છે, ડાહી છે, જ્ઞાની છે ત્હોયે દુઃખી છે મેના બ્હેન સંસ્કારહીન અને અજ્ઞાન છે તે પણ દુઃખી છે અને કુમારી લક્ષ્મીવન્ત માતાપિતાને ખોળે આળોટતી સુશીલ અને ગુણિયલ છે તે પણ પરમ દુઃખી છે કજોડામાં મૃગલીઓના ગૃહસંસારનો આ કજોડ કારણ હિન્દુઓ રાત દહાડો જોયા કરે છે ત્હોયે સંતાનનું હિત વિચારતા નથી એટલા મૂર્ખ અને હૃદયહીન છે વયભેદના કજોડાથીયે પ્રકૃતિભેદના કજોડા બહુ દુઃખરૂપ છે મેના બ્હેન વયભેદનાં કજોડામાં મુકાએલી ગૃહિણી છે અને કુમારી વયભેદ અને પ્રકૃતિભેદના કજોડામાં પરણાવેલી પત્ની છે, ત્યારે ચંપાના ગૃહજીવનમાં વયભેદ નહોતો પણ પ્રકૃતિભેદ તો લગ્નની પ્રથમ રાત્રીથી જ આરંભાયો હતો ચંપાનો પતિ યુવાન સશક્ત અને દેખાવડો હતો, પણ કુલહીન અને વિષયી હતો ચંપાની સાસુ નિર્દય અને કુલટા હતી ચંપાને સૌભાગ્ય સ્થિતિમાંયે ધરાઇને ધાન ખાવા દીધું નહોતું દારા અને અથાણાંની બરણી પણ તાળા કુંચીએ રાખતી એટલે ચંપાનો પતિ પણ ' રંડી પુત્ર શાહજાદા ' નીવડ્યો હતો ભાગ્યહીન ચંપાને આશ્વાસન આપે તેવી એક પણ વ્યક્તિ શ્વસુર પક્ષમાં નહોતી ત્યારે આ વિષમ વૈધવ્યમાં શ્વસુરપક્ષ તરફથી એક પણ સુખની આશા શાની હોય ? તેનો દિયર રહેંમાં ટાઇમકીપરની નોકરી આપતો અને દુષ્ટ હૃદયનો તેમજ સ્વાર્થી હતો પોતાના સ્વર્ગસ્થ જ્યેષ્ઠ બન્ધુની વિધવા ચંપા સ્થાવર જંગમ મિલ્કતની સરખા ભાગ માટે હક્કદાર હતી તોપણ આ દિયરે પોતાની પુત્રવતી અનાથ ભાભીને પાણી પીવાનું પ્યાલું સરખું યે આપ્યું નહોતું

ચંપાના કાકાજી મગનનો એક પુત્ર ગાયકવાડ રાજ્યમાં રેલ્વે એન્જીનીયર નીમાયા છે બહુ થોડા વખતમાં લાગવગ એ વ સી ક ની ખુશામતથી ચારસો પાંચસોના પગારદાર બન્યા છે ઘરમાં અને બહાર સાહેબશાહી ઓળખાય છે પુના એન્જીનીયરીંગ કોલેજમાંથી ડીગ્રી મેળવી આવ્યા છે એટલે એક પ્રતિષ્ઠિત ઓફીસર હોવાથી ચંપાને નોકરી અને કીર્તિના યોગે આશ્રય આપ્યો ગાયકવાડ ... ડિમેન્ટ રેલ્વે ... અભ્યાસ ... વળી બ્હેનનાં જ્યેષ્ઠ પુત્રને પણ પોતાને ત્યાં રાખી અભ્યાસ કરાવવા ધારે છે, આ રીતે ચંપા બ્હેનને

આશ્વાસન હતું અને જોગીડો પણ એ ગૃહસ્થનો આભારી હતો. અને બ્હેનનાં અભ્યાસ માટે પોતે નિશ્ચિંત રહી વિચરી શકતો. આ ગૃહસ્થના પત્ની હવે ચંપાના જેઠાણી ન હતાં, પણ સાહેબનાં મિસીસ હતાં. દિવસમાં ત્રણ વખત મદ્રાસ ચ્હા પીતાં, હાથ પગ, અને મ્હોડું વિલાયતી સાબુથી ઘસી ઘસી સાફ રાખતાં. પટાવાળા અને નોકર-ચાકરથી કામ લેતાં અને ગામ આખામાં સાહેબનાં બાઇ ઉપનામથી ઓળખાતાં શરબતી મલમલનાં ઝાલર ભરેલાં ઘાઘરા અને નીલવર્ણી મલમલનાં પોલકાં પ્હેરતાં અને પારસણો પ્હેરે તેવી ફેશનેબલ રંગની સાડી દિવસમાં આઠ વખત બદલાવતાં. સ્હાંજે સાહેબ સાથે ગાડીમાં બેસી કમેટી બાગમાં ફરવા જતાં. રાત્રીએ આવી ભટે તૈયાર કરેલાં દૂધ પુરી જમી મેડી પર ચાલ્યા જતા, તે પ્રભાતના આઠ વાગે નીચે આવતાં.

આ બાઇ સાહેબના રક્ષણ નીચે ચંપાના પુત્ર માટે સંસ્કાર કે શિક્ષણની આશા કેમ રાખી શકાય? ચંપાનો પુત્ર બાઇના છોકરાં રમાડતો, પારણાની દોરી ખેંચતો, ચ્હાં કે દૂધ પીધેલાં પ્યાલા રકાબી માંજી નાંખતો અને રાત્રીએ બાઇની આજ્ઞા થતાં નમ્ર પરવશ થએલો બાળક બાઇના પગ દાબવાએ બેસી જતો. દિવસનાં કામકાજ અને અભ્યાસથી શ્રમિત થએલા બાળકને પગ દાબતાં ઝોકું આવે તો પાછું સારતાંયે બાઇ ચુકતાં નહીં. આ વિષમ પરિસ્થિતિમાં બાળકનો અભ્યાસ શી રીતે થઇ શકે? આપણા અમલદારોને લક્ષ્મી અને વિદ્યા વરેલાં છે, પણ હૃદય વર્યાં નથી, એ પણ દેશના અધઃપાતનું એક કારણ છે. જોગીડાએ ચંપાનો ગત મન્ધ્યાએ આવેલો પત્ર લીધો.

વડોદરા.
ઠે૦ ફિમેલ ટ્રેયનીંગ કોલેજ હોસ્ટેલ્સ.
રવિવાર રાત્રી.

પ્રિય ચિ૦ બાલુ!

ત્હમારો પત્ર મળ્યો છે. મ્હારા દુઃખી જીવનનો ઉદ્ધાર અભ્યાસથી છે. એ ઠઠ સ્હમજી મ્હારા શિક્ષણક્રમમાં ઉમંગથી આગળ વધુ છું કે જેથી ભાઇ ઉપરથી બે-પાંચ વર્ષે પણ મ્હારી ચિંતાનો બોજો ઉતરે, પરંતુ દુર્દૈવે—શ્રીમાન્ એન્જીનીયર સાહેબનાં પત્નીએ મ્હારા સર્વ અભિલાષને અકાળે કચડી નાંખ્યા છે. સ્નેહી અને શુભેચ્છક, બની એ લોકોએ આપણી આંખમાં ધુળ નાંખી છે. તેમને ત્યાં ગએલો બાળક એક ગુલામથીએ દયાપાત્ર સ્થિતિમાં છે. વાસના અને વિલાસનાં દંપતી, પારકાના બાળકને સંસ્કાર ક્યાંથી આપી શકે? મણી બ્હેનને હૃદય નથી અને સાહેબને આંખ નથી.

ભાણેજને સંભાળવો એ મામાનું ધર્મ-કર્તવ્ય છે. મ્હારા અભ્યાસ માટે સર્વ પ્રબંધ હવે ત્વરેજ કરવાનો છે. જોગીડો ભેખ ઉતારી ઘેર વળે તોજ આ કલ્યાણ કાર્ય થઇ શકે તેમ છે પત્ર જરૂર લખશો. ત્હમને કુશળ અને સુખી ઇચ્છું છું. બાને પણ આજે પત્ર લખું છું. એ બિચારાં પુણ્યવંત જીવોની મોઘી અભિલાષ પ્રભુ ક્યારે પૂર્ણ કરશે. હાલ તો એજ.

લે: અનેક શુભેચ્છા સહ
ચંપાના આશિષ.

અરેરે ! બ્હેન ! ત્હમારૂં ભાગ્ય વિચારૂં છું અને ક્ષણે ક્ષણે દુ:ખી થાઉં છું ગભરાઇશ નહિ ! રોઇશ નહી ! ત્હારા નેત્ર લુંછવાનો અધિકાર નથી તે નથીજ. પરંતુ તને દૂર રહી સલાહ અને સહાયતા આપવાનો મ્હારો પરમ ધર્મ છે બ્હેન ! એ ધર્મ ચુકેલો હોઉં એવું ધારશો નહી ત્હારા સરખી શીલવતી અને હૃદયસ્પર્શ બ્હેન માટે સર્વસ્વનો ભોગ આપવાને તૈયાર છું ત્હારૂં કલ્યાણ એજ મ્હારો સર્વ શ્રેષ્ઠ મનોરથ છે ત્હારાં વ્હાલ હું કેમ વિસરૂં ? મ્હારી આ જીવન્ત ભાવના તું ન સમજે એમ હોય નહી, પણ બ્હેન ! હું સાધન વગરનો થઇ ગયો છું. એકલો અટુલો અરણ્યમાં આથડું છું. તને આપી શકું એવું મ્હારા પાસે હવે શું રહ્યું છે ? મ્હેં સંસાર છોડયો, સમૃદ્ધિ છોડી, તો હવે તુંજ કહે કે હું કેવી રીતે મદદરૂપ થઇ શકું ? અરેરે ! આમ અકાલે ભગવાં પ્હેર્યાં નહી હોત તો ઠીક હતું તોપણ બ્હેન ! ધૈર્ય રાખ ! આ સન્યાસ ત્હારા માટે નથી ત્હારો તો હજુયે 'બાવુડો ' છું ન્હાનો ભાઇ છું બ્હેન ! ત્હારી સેવા માટેજ, ત્હારા સરખા દુ:ખી આત્માઓના કલ્યાણ માટેજ આ ભગવો વેષ છે પ્રભુ બુદ્ધ સમો પ્રેમ ભર્યો મ્હારો ત્યાગ છે એ નિશ્ચય માનજે !

\+ + + + +

સખિ ! બુદ્ધ સમો મુજ ત્યાગજ છે,
નહી ક્લેશ ભર્યો મુજ જોગજ છે,
મુજ ત્યાગ સખિ ! બસ ! પ્રેમ ભર્યો,
સખિ ! તેથીજ અંતરથી ક્ષમજે ! !

× × × × ×

અનેક દુ:ખી આત્માઓના આર્તનાદો, સ્નેહ અને સંબંધના રોગે આ હૃદયને ભેદી નાખે છે તેના ખુનમાંથી વહેતા લાલ રૂધિરથી આ હૃદય રંગાયું છે બસ ! બ્હેન ! આજ મ્હારો સૂક્ષ્મ જોગ છે તો બહારનાં આ અગ્નિ સમા રંગની જરૂર શી ? 'ચંપા ' મને માફ કરજે ! મ્હેં આ ભગવા પ્હેરતાં ભૂલ કરી એ મ્હેં આજેજ શીખ્યું

ભલે ! મેના બ્હેન પોતાને ઘડીભર સુખી માને, પરંતુ મ્હારી દ્રષ્ટિએ એ ભ્રષ્ટ જીવને દુ:ખમાં રઝળતી જોઉં છું અને આ વિષયવાસનાની તૃપ્તિ ! એથીયે સુખ શું ? ભર્તૃહરિ કહી ગયા છે કે—' भोगे रोग भयं ' પરિણામે રોગ છે વિનીપાત છે, સર્વ નાશ છે અને કુમારી માનસરોવરના સાચા મોતીડા ચરનાર રાજહંસિણી સરખી ન્હાનું ભાઇની પુણ્ય ભરી પવિત્ર પુત્રી વિષયપંકમાં ડૂબેલી કાગડાને હાથ ગઇ અરેરે ! ગિરનાર સરખા પુણ્ય ધામમાં અનાચાર કરવા ઇચ્છા કરતાં કેસરીપ્રસાદ સરખા ઉત્તરાવસ્થાએ પ્હોંચેલા ગૃહસ્થોએ વિચાર સરખો ન કર્યો, તો મેના બ્હેન જેવી અજ્ઞાન, મુર્ખ અને ભોળી સ્ત્રીને પાપ-પુણ્યનો વિચાર શો હોય ? એ બાપડી ભપકો જોઇ ભરમાઇ ગઇ છે હાય ! સ્ત્રી જીવન અને શીલરક્ષણની ભવ્ય ઇમારતને જગતના ઝેરી પવને જમીનદોસ્ત કરી નાખી છે જોગીડો સમાજની ભયંકર વિચારણા મ્હોટેથી રડી પડયો

(સંપૂર્ણ)

મ્હારી વીતક વાર્તા

અથવા

એક સહૃદય વિધવાની આત્મકથા.

(લેખક-મુનિશ્રી છોટાલાલજી.)

ગતાંકથી ચાલુ—

પ્રકરણ ૭ મું.

અનીતિના માર્ગે.

અરે ! મારી વૃત્તિ, હૃદય મમ, ને મન મુજ એ
ઘડીમાં શું જુદાં થઈ બન્યાં મોહવશ રે !
અરે ! નિર્માયું શું મમ હૃદયને ધુળ મળવું ?
અને આ દુર્ભાગી હૃદય કુમતાને મળગયું !

કલાપી.

વિધવા થયાને દિવસો, મહિનાઓ અને વર્ષો વીત્યાં લગભગ ૫-૬ વર્ષ તો સુખે કહો કે દુઃખે કહો પણ વીતાડયાં અને તે પણ પવિત્રપણેજ વીતાડયાં પુનનું પાલન કરવામાં અને તેને ઉછેરવામાં દિવસો પસાર થતા છતાં હું હૃદયથી સુખી ન હતી અને તેનું કારણ આગનાં પ્રકરણોમાં અનેકવાર જણાની ગઇ, તેમ હું આશ્વાસન વિનાની હતી મ્હને કોઇ મ્હારૂં કહીને બોલાવે તેમ ન હતું, તેથી હું મ્હને હમેશાં દુઃખી માનતી અને કોઈ પવિત્ર હૃદયથી આશ્વાસન આપનાર મળે તો ઠીક એજ વિચાર કર્યા કરતી એવામાં એક દિવસે અમારા ગામના એક ગૃહસ્થ કે જેને ગામના લોકો પવિત્ર માનતા અને દયાળુ માનતા તે કાંઇ કામ પ્રસંગે લેઈ મ્હારે ઘેર આવ્યા જે કાર્ય પ્રસંગે તે આવ્યા હતા તે કાર્ય સંબંધી વાતચીત કરી અને પછી તેમણે કાંઇક દયાની લાગણીથી મ્હારી સ્થિતિ સંબંધી હકીકત પૂછી મ્હેં કેટલીક જે કહેવા જેવી હતી, તે સામાન્ય હકીકત કહી, તે સાંભળીને મ્હને કાંઇક તેમણે ધીરજ આપી, તેમજ જોઇતી મદદ માગવાને માટે આગ્રહથી ભલામણ કરી અને તે એવા શબ્દોમાં ભલામણ કરી કે મ્હને તેમના પ્રત્યે-તેમના મીઠા શબ્દો પ્રત્યે માન ઉત્પન્ન થયું, કાંઇક લાગણી થઇ અને તેમનો ઉપકાર માન્યો તેમણે મને ઘણું આશ્વાસન મ્હારી દુઃખકથા સાંભળીને આપ્યું, તેમજ આર્થિક સહાય કરવાને માટે, તેમજ ગમે તે ટાઇમે બીજા કોઇ કામપ્રસંગે મદદ માગવામાં અચકાવું નહિ જોઇએ એવી ભલામણ કરી વળી હરવખત હું ખબર કહાડતો રહીશ એમ કહી તે ચાલ્યા ગયા એ વખતે એમના હૃદયમાં વિષયનું ઝેર હતું કે નહિ, તે હું કાંઇ કહી શકતી નથી, પણ પાછળથી તો એ ઝેર એમણે ખાધું અને મ્હને ખવરાવ્યું. એ કથા જરા સાંભળો -ઉપર જણાવેલ સદ્‌ગૃહસ્થ હરઘખત મ્હારી સંભાળ લેવા, વારંવાર મ્હને કાંઇ જોઇએ છીએ કે કેમ તે પૂછવાના બ્હાનાથી વારંવાર મ્હારે ત્યાં આવવા લાગ્યા અમારો પરિચય દિનપ્રતિદિન વધતો ચાલ્યો

બાળક તો નિશાળે ભણવા જાય, એટલે ઘરમાં હું એકલી હોઉં તેવા વખતે એ આવતા: પણ મ્હારા મનમાં તેમના માટે પવિત્રજ ભાવ હતો, હું એક પરોપકારી–દયાળુ–સજ્જન તરીકેજ તેમને નિહાળતી. પણ તેમના મનમાં દુષ્ટ ભાવના હતી. તે હું શરૂઆતમાં સ્હમજી શકી નહિ. એ મ્હારા પર અનેક ઉપકાર કરવા લાગ્યા; જોકે તેમ કરવામાં તેમની વૃત્તિ કદાચ પરિણામે દુષ્ટ હશેજ; પણ તેમણે મ્હારાપર અનેક ઉપકારો કર્યાં. મ્હને બે ત્રણ પ્રસંગે કે જે પ્રસંગો મ્હારા માટે બહુજ મુશ્કેલીના હતા, તેમાં તેમણે બહુજ ઉપયોગી સ્હાય કરી. તેથી તેમનાપર મ્હને વધુ લાગણી થઇ. હું તેમના ઉપકારના બોજા તળે દબાઇ. મ્હારી વ્યવહારૂ વાતો પણ મ્હેં તેમને કેટલીએક કહી. બન્નેમાં ધીમે ધીમે પરિચય વધતાં સ્નેહ કહો કે મોહ કહો પણ તે વૃદ્ધિ પામતો ગયો; એમ લગભગ બારેક મહિના વીતી ગયા અને અમારો પરિચય દૃઢ થયો. જોકે આથી લોકોને સ્હેજસાજ શંકા પડવા લાગી, પણ તેમના પ્રત્યે લોકલાગણી સારી હોવાથી કાંઇ વિશેષ વાત ન થઇ. બાર મ્હીના વીતી ગયા પછી એક દિવસ મ્હને તાવ આવેલો અને મ્હારો પુત્ર નિશાળે ગએલો. બપોરના વખતે હું સુતી હતી, તે વખતે તે ગૃહસ્થ આવ્યા અને મ્હને પૂછ્યું 'કેમ છે ! મ્હેં તાવ આવવાનું જણાવ્યું. તાવ કેવોક છે, તે જોવાના બ્હાનાથી તેમણે મારા શરીરને સ્પર્શ કર્યો. તે વખતે એકાન્તનો સમય હોવાથી શરીરના સ્પર્શથી તેમના શરીરમાં વિકાર–મનમાં વિષયવૃત્તિ ઉત્પન્ન થઇ. તે વખતે તો હું પવિત્ર રહી ગઇ, પણ પછીથી, તે મ્હારાપર દયાળુ કરવા લાગ્યા. શરૂઆતમાં તો હું થોડા દિવસ તેમની ઇચ્છાને આધીન ન થઇ પણ તેમના અનેક ઉપકારના બોજા તળે દબાએલી હોવાથી છેવટે હું તેમની પાસે નિર્બળ બની ! મ્હારૂં અધઃપતન થયું ! મ્હારાં પવિત્ર માનવજીવનને મ્હેં ધૂળ મેળવ્યું ! મ્હારા સદ્‌વિચારો, સદ્‌ભાવના અને સદ્‌વૃત્તિ એ સર્વે નાશ પામ્યા. જેમને હું પવિત્ર અને શુદ્ધ માનતી હતી, તેમણેજ મ્હને અપવિત્ર બનાવી. એમણેજ મ્હારા પરિચયની શરૂઆતમાં મ્હારો વિશ્વાસ સંપાદન કરવાના હેતુથી મ્હને પવિત્ર જીવન ગુજારવાને માટે ઉત્તમ બોધ આપ્યો હતો અને તેથીજ તેમના પર મ્હેં વિશ્વાસ મૂક્યો હતો, પણ તે બોધ માત્ર ગળા ઉપરનો હતો. માત્ર ધોળાપડદા નીચે રહી કાળાં કર્મને છુપાવવા માટેનો તે હતો અને જ્યારે મ્હેં તેમના જીવનનો અભ્યાસ કર્યો ત્યારે મ્હેં પાછળથી જાણ્યું કે તેમણે મ્હારા જેવી ૫–૭ વિધવાઓના જીવનને ભ્રષ્ટ કર્યું હતું. જ્યારે મ્હને આ વાતની ખબર પડી ત્યારે તેમનાથી હું ઉદાસ બની પણ એ વાતની ખબર મ્હને બહુ મોડી પડી. કે જે વખતે મ્હારૂં સર્વસ્વ અંતર ધન લુંટાઇ ગયું હતું અને તેને પણ કેટલાએક મહીના વીતી ગયા હતા. મ્હારી પોતાની આ સ્થિતિ થવાથી મ્હને એક વિચાર આવે છે કે, જે જે મનુષ્યો–ખાસ કરીને પુરૂષોજ વિધવા સ્ત્રી સ્વભાવિક હલકી બુદ્ધિની હોય છે, તેની મનોવૃત્તિ ચંચળ હોય છે, તે અનીતિના માર્ગે અતિ જલ્દીથી પ્રયાણ કરે છે, વગેરે કહે છે તે લગભગ અસત્ય જેવુંજ છે. અમારામાં જેટલી શરમ અને આબરૂના રક્ષણની ભાવના હોય છે, તેના સોમે ભાગે પણ પુરૂષોમાં હોવાની શ્રદ્ધા મને નથી. પોતેજ ભ્રષ્ટ અને અનીતિમાન હોવાથી પોતેજ પવિત્ર સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા હોવાથી પોતાનો બચાવ કરવા માટે અમને સ્ત્રીજાતિને નિંદે છે. મૂળથીજ જાણે સ્ત્રીજાતિનો અનાદર અને તિરસ્કાર તો છેજ. 'નારી નર્કની દીવડી' 'નારી નર્કની ખાણ' વગેરે વગેરે કથનો કોઇ જુલ્મી અને એક દૃષ્ટિએ અંધતા પામેલા કવિએ જોડી ધ્વારી અમારા માટે હલકો મત જનસમાજમાં ઉત્પન્ન કરાવ્યો, પણ એવાં જોડકણાં જોડનારને એનો વિચાર કેમ નહિ આવ્યો હોય કે સ્ત્રી અનીતિમાન છે, પણ તે કોને લઇને ? પુરૂષો જે

બધાએ પવિત્રજ હોય તો સ્ત્રી ગમે તેવી દુષ્ટ વૃત્તિની હોય તોપણ શું ટરવાની હતી ! સ્ત્રીને નર્કમાં લેઇ જનાર પુરૂષ ખરો કે નહિ ? પુરૂષ એ સ્ત્રીને નર્કનો દીવડો કે બીજું કંઇ ? ટુંકામાં સ્ત્રીજાતિ પ્રત્યે અભાવ તો સ્વભાવિકજ છે. તેમાં જો લગ્ન થયા પછી તુરતજ વિધવા થાય, એટલે તેનાં સાસુ સસરા કે એવા અન્ય જનો તેને આશ્વાસન આપવાને બદલે ' રાંડ છપરપગી છે, ' ' મારાં પગલાંની ધણીઆણી આવી, એટલે અભાગ પુત્રનો નાશ કર્યો ' એવા પ્રકારનાં વચનો કહી તેનો તિરસ્કાર કરે છે, એટલે એક તો પોતાના શિરછત્ર જવાથી હૃદયમાં દુઃખની જ્વાળા ભડભડ બળતી હોય તેમાં જળસિંચન થવાને બદલે ઘી રેડાય છે. એટલે સાસુને માતા સમાન માનવાને બદલે રાક્ષસણી કે ડાકણ માનવાની વૃત્તિ થાય છે. વિધવા થયા પછી ઘરની મજુરી કરવાને માટે શરીરનો નાશ થાય છે, પણ ત્રણ દિવસની ભૂખી હોય તો કોઇ પૂછે પણ નહિ, કે તેં ખાધું છે કે નહિ. તેનાથી કાંઇ બોલાય નહિ. ઘરનું નાનામાં નાનું બાળક પણ તેને જેમ ફાવે તેમ કહે કે ઠપકો આપે, તોપણ તેના સામે તેનાથી હુંકારો પણ કરાય નહિ. આવી રીતે અનેક પ્રકારના દુઃખના ભારને સહન થાય ત્યાંસુધી સહન કરે પણ જ્યારે કોઈ રીતે સહન ન થાય તો પછી પીએરમાં જાય અને ત્યાં જો માતાપિતાની હૈયાતી હોય તો તો કાંઇક ઠીક, પણ કર્મ ધર્મ સંયોગે માતાપિતા પરલોક પ્રયાણ કરી ગયા હોય તો પછી ભાઇ અને ભોજાઇનાં મ્હેણાં ટુણાં સાંભળવાથી હૃદય તો વલોવાઇ જાય; એટલે સ્થિતિ એવી બને કે, ' ઘરના બળ્યા વનમાં ગયા તો વનમાં લાગી લ્હાય. ' પછી જવું ક્યાં ? ન મળે શ્વસુરપક્ષમાં આશ્વાસન કે ન મળે પિયેર પક્ષમાં આશ્વાસન, એટલે પછી ધોબીના કુતરા જેવું જીવન ગુજારવાનું હોય છે અને આશ્વાસનની જરૂર પણ પડે છે. એ આશ્વાસન જો કૌટુમ્બિક જનો તરફથી નથી મળતું, તો પછી પરજન પાસેથી મેળવવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક જ છે. પછી પરજન પવિત્ર હોય અને માત્ર દયાકલ્યાણકારક ભાવનાથી આશ્વાસન આપનાર હોય તો આશ્વાસન આપનાર અને લેનાર બન્ને પવિત્ર રહી શકે છે. પણ એવા દૈવી પુરૂષો જગતમાં મળવા દુર્લભ છે. બાકી તો પછી " લાખ મળે છે જેવા તેવા " એ શબ્દોનું યથાર્થ ભાન કરાવનારા જ હોય છે અને એ અપવિત્ર મનુષ્યોની દુષ્ટ ભાવનાથી જ ઉપકાર તળે દબાએલી વિધવા સ્ત્રીઓ બહુ ભાગે અનીતિના પંથે પ્રયાણ કરે છે, અને તેનું મ્હારી માફક અધઃપતન થાય છે: પણ જે વખતે કોઈપણ સ્ત્રી વિધવા થાય તે વખતેજ તેનાં સાસુજી કે જેઠાણી ઘરમાં જે વડિલ હોય તે પોતે તે વિધવાને હૃદય સરસી ચાંપે, પોતે સૌભાગ્યવંતા હોય તો સૌભાગ્યનાં સામાન્ય ચિન્હ રાખી શ્રૃંગારિક વસ્તુઓનો ત્યાગ કરે, પોતે બ્રહ્મચર્ય પાળતાં થાય અને પોતાની એકજ પથારીમાં તેને સુવાડે અને વિધવાનાં આંસુ જાતે લુછે, તો હું ખાત્રીથી કહું છું કે સેંકડે ૯૯ ટકા વિધવા સ્ત્રી અત્યારે જે અપવિત્ર જીવન ગુજારે છે તેને બદલે તેટલાજ ટકા પવિત્ર જીવન ગુજારે. ઘરના યોગ્ય વ્યવહારમાં તેની સલાહ લેવાતી હોય, ઘરનો કેટલોક યોગ્ય કારભાર તેના શિરે નાખ્યો હોય, તો પછી તેને પ્રવૃત્તિમાં અપવિત્ર વિચાર સરખોએ ન આવે એમ હું ચોકસપણે માનું છું. પણ અફસોસ છે કે તેમ બનતુંજ નથી પણ તેનો સ્થળે સ્થળે તિરસ્કાર થાય છે અને જાણે એક મહાજનીયું ઓઢું ઢોર ઘેર પાળવા માટે લાવ્યા હોઇએ તેવી સ્થિતિમાં વિધવાને રખાય છે અને પછી તે વિધવાનું મન દુખથી, અતિદયામણથી ઉદ્ધત બને છે અને છેવટે પોતાને સરજ્યું કરે છે અને તેમાં સહાયકો—અનીતિમાન પુરૂષો તૈયારજ હોય છે. પછી તો નાસ્તિ નષ્ટ વિચાર જેવી સ્થિતિ થાય છે.

પણ કેટલીએક સ્ત્રીઓ જાહેર રીતે કોઇ પુરૂષ સાથે દેહસબંધ જોડે છે, ફરી લગ્ન કરે છે અને જેઓ લોકાપવાદના ભયથી ડરે છે તેઓ ખાનગી રીતે અતિ વ્યભિચાર કરે છે અને ઘણી વખતે ગર્ભપાત પણ કરે છે જનસમાજની આંખો આડાં કોણ જાણે કેવાએ પડળો ચડી ગયાં છે કે અમારા હૃદયની દુખદ સ્થિતિ જોઇ શકતાજ નથી વિધવા લગ્નની જ્યારે વાતો થાય, ત્યારે હાથમા લાકડી લઇ તે લગ્નની વિરૂદ્ધમા ઉઠનારા પોતેજ એવા ગર્ભપાતો એકથી અનેકવાર કરાવે છે। મ્હારી એક સખી-બ્હેનપણીને તેના બાપ તેની માથે જઇ ત્રણ વાર તો અમદાવાદમા ગર્ભપાત કરાવી આવ્યા અને પોતેજ કેટલીએ વિધવાનુ જીવન ખરાબ કર્યું હશે છતાં વિધવાવર્ગની વાત આવતાં બગાડ પાડે છે 'એ વિધવાવર્ગના હિમાયતીઓ દુષ્ટ, અનીતિમાન છે વિધવાની શાન્ત વૃત્તિઓને એવા ઉપદેશથી ચચંળ અને ઉદ્ધત બનાવે છે!' વગેરે કહેનારાઓ પોતે શુ કહે છે અને શુ કરે છે તે જરા વિચારે તો ઘણુ સારૂ હું પુનર્લગ્નની હિમાયત કરવાને ઇચ્છતી નથી, પણ જેઓ પુનર્લગ્નની વિરૂદ્ધ હોય તેઓ પોતે પવિત્ર રહી, પવિત્ર ભાવનાથી વિધવાના આંસુ લુછનારા થાય અને વિધવાઓને પવિત્ર રહેવામાં સહાયભુત થાય એમજ ઇચ્છુ છુ, પણ તેમ નથી બનતુ તેથીજ મ્હારાથી આવુ બોલી જવાય છે મ્હારી જીવનકથા કહેતા કાંઇક દૂર જતી રહી, પણ કથન અસત્ય તો નથી જ હું અપવિત્ર બની અને વિષયના ગર્તમા પડી પછી તો મને અધઃપાતે આવી ગયો કે કૃત્યાકૃત્યનુ ભાનજ ન રહ્યું એક ભૂલને તુર્તમા ન સુધારવાથી ભૂલોની પરંપરા વધી, અનેક ભૂલો કરી વાચક! આ ખુલ્લા હૃદયની કબુલાત માટે તું મારા પર તિરસ્કાર લાવીશ? ના, ના, હુ ધારૂં છુ કે તુ મારા પર દયા લાવીશ. [અપૂર્ણ]

પતિનાં સ્નેહાર્દ્ર હૃદયને.

(તોટક)

પ્રિત જ્યોત પ્રણય રસમા તલસે,
 કે હર્ષ ઘણો હૃદયે વિલસે,
બધું ભાન અને શુદ્ધ સાન ગયું,
 પણ અંતર અંતર માંહ્ય ભળ્યું
પગલે પગલે સ્મિત હાસ્ય વસે,
 તમ સ્નેહ ગુણે' જરીયે ન ખસે,
ચિત્ત નાથ વિશે જઇને ઉછળે,
 ઝટ પ્રેમ તણા રસથી પલળે
પ્રિયતા પ્રકટે રસધાર વહે,
 મન મગ્ન અખંડિત જ્યોત રહે,
તમ સ્નેહ વિશે નિત વ્હાલ ધરૂ,
 બસ પ્રિત-કુસુમના જુથ વિણુ.

ત્રિપુટી-વિહાર રંગુન } લખનાર ગાડાભાઈ પ્રાણભાઇ સરોલીકર

સમયના પ્રવાહમાં.

છુપો સત્કાર—આ માસિકના લેખોથી આકર્ષાઇને વા કોઇ અદૃશ્ય હેતુથી પણ અમને બે માસ ઉપર રૂા. ૧૦૦ એકસોની રકમનો એક મનીઓર્ડર મળ્યો છે મનીઓર્ડરના કુપનમાં "વ્યવસ્થા માટે જુદો પત્ર લખીશું" તેમ જણાવેલ હોવાથી અમો તે પત્રની ગહુમાં આ રકમ ડીપોઝીટ રાખી રહ્યા છીયે આ છુપી લાગણી દર્શાવનારનું પુરૂ નામ પણ અમે પત્રની આશાએ ન રાખી શકવાથી સ્મરણને અનુલક્ષી અકલુજ ગામના તે ગૃહસ્થ હશે તેમ કલ્પના થતા ત્યા પત્રથી પુછપરછ કરી છે; પરંતુ કશો ખુલાસો મળી શકયો નથી. તો આ રકમની શું વ્યવસ્થા કરવી તેમ મોકલનાર ગૃહસ્થ જણાવવા કૃપા કરશે તેમ આશા છે. અમારા માનવા પ્રમાણે આ રકમ મોકલવાના નીચે પ્રમાણે ઉદ્દેશ હોવા જોઇએ.

૧ ચોકસ પદ્ધતિના ઇનામી લેખો લખાવવામા વાપરવા

૨ માસિકના જીવનને પુષ્ટિ આપવાની લાગણી દર્શાવવા

૩ કોઇ ચોકસ લેખથી પસંદ થઇને તે લેખકની કદર કરવા.

પરંતુ આ કાલ્પનીક ઉદ્દેશનો નિર્ણય તો સહાયકની ઇચ્છા જાણ્યા પછીજ થઇ શકે. આર્યભૂમિમાં આવા સાહિત્યના ગુપ્ત પૂજારી હોવા માટે તેમને ધન્યવાદ આપવાની આ તકે અમે જરૂર જોઇયે છીયે.

વસ્તીની ગણત્રીમાં નવો ફતવો—ફ્રાન્સની પ્રજા વૈભવશાળી થઇ જવાથી ત્યાંની સ્ત્રીઓમા લગ્ન કરી જીવનપરાધિન બનાવવાનો કંટાળો વધી ગયો અને પુરૂષોએ પણ પોતાની વિકારતૃપ્તિના સ્થાનો વધી જવાથી હેમેશની જવાબદારીવાળી જુંસરી સ્વીકારવા તરફ બેદરકારી કરી; તેના પરિણામે ત્યાં પ્રજા વધવાને બદલે ઘટવા લાગી અધુરામા પુરૂ લડાઇએ ઘણાનો ભોગ લીધો એટલે હવે પ્રજા વૃદ્ધિ માટે ત્યાંની સરકારે બાળકો જણનારને ઇનામ આપવાના, કુંવારા માટે અંકુશ મૂકવાના વગેરે નવા નવા કાયદા કાઢવા માંડ્યા છે હિંદને તેવા ફતવાની જરૂર હોય તેમ અમે માનતા નથી, પરંતુ આ વર્ષે થનારી વસ્તીની ગણત્રીમાં બંગાળાના સેન્સસ ખાતાએ એક નવીન ફોર્મ કાઢ્યું છે. જેમાં સ્ત્રીને તે પોતાના ધણી પાસે પ્રથમ ક્યારે ગઇ ? કેટલા બાળકો જીવતા જન્મ્યા ? કેટલા મરી ગયા ? હાલ કેટલા બાળકો છે ? આવા પ્રશ્નો પુછાશે, તેમ ખબર બહાર આવ્યા છે બંગાળને શું આવા ફતવાની અપેક્ષા છે ?

સ્ત્રી હક્ક માટે મી. બેનસ્પુર—મી. બેનસ્પુર જે ઇંગ્લાંડના મજુર પક્ષ તરફથી હિંદની પરીસ્થિતિનો અભ્યાસ કરવા હાલમા ઉતરેલ છે તેમણે સુરતમાં મતદારોની પરીષદ મળી હતી તેમાં હાજરી આપી હતી. તે હિંદમાં તુર્તમાજ આવેલ હોવાથી આ પરિષદમાં સ્ત્રીઓની મોટી હાજરી જોઇ બહુ આશ્ચર્ય પામ્યો

કેમકે તેના કહેવા પ્રમાણે ઇગ્લાડમા એમ મનાય છે કે 'હિ દમા સ્ત્રીઓને ગુલામ તરીકે રાખવામા આવે છે, તેઓ પડદે પોષ રહે છે તેઓ દુખી છે ને તેમને ઢોરની માફક ગણવામા આવે છે,' પણ અહીંનો દેખાવ જોવા પછી તેમણે જણાવ્યુ કે "હાઉસ ઓફ કોમન્સમા હિ દની સ્ત્રીઓને મતાધિકારનો હક્ક આપવા માટે લડત ચલાવવામા આ દેખાવથી મને બળ મળ્યુ છે અમારી પાર્ટીની એવીજ માન્યતા છે કે સ્ત્રી-પુરૂષોને સરખા હક્ક હોવા જોઇએ અને હુ તમોને ભલામણ કરૂ છુ કે સ્ત્રી-પુરૂષો સાથે મળી કામ કરવા શીખશે તોજ લાભ થશે"

દેશ સેવામા સ્ત્રીઓનો હિસ્સો—મહાત્મા ગાધિ અત્યારે દેશસેવા માટે જે જીવન અર્પી રહ્યા છે, તેમા તેમણે વખતો વખત ખુલ્લુ જણાવ્યુ છે કે દેશની સ્વત ત્રતામા સ્ત્રીઓનો હાથ પણ કિંમતી છે રાષ્ટ્રિય શિક્ષણને માટે છુટા હાથે મદદ આપી હિ દના ઉત્તરથી દક્ષિણ છેડા સુધીની સર્વ બ્હેનોએ આ વાતની ખાત્રી પણ કરી આપી છે લોભ વૃત્તિ, અને આભુષણ પ્રેમ માટે સ્ત્રી સ્વભાવ પરત્વે જે ટકોર થતી હતી તેને આર્ય મહીલાઓએ ખોટી પાડીને રાષ્ટ્રિય કેળવણી માટે પોતાના આભુષણો-અલ કારો પ્રેમથી ઉતારી આપીને પુરૂષોને પાનો ચડાવ્યો છે

ગાધીની ચાર ભીક્ષા—સ્ત્રીઓ દેશસેવામા કેવી રીતે ફાળો અર્પિ શકે તે માટે તેમણે ખેડાની સ્ત્રી સભામા ચાર ભીક્ષા માગી હતી

૧ **પવિત્રતા**—સ્ત્રીઓની પવિત્રતા રેંટીયો ઘરમા આણીને સુતર કાતવામા છે મે ઘણી બ્હેનોને મીલોમા જતા-કે પરાયા કામ કરતા પોતાની પવિત્રતાને જોખમમા મુકાયેલી સાભળી છે જ્યારે આગણે રાખેલો પવિત્ર રેંટીયો તે ભયથી બચાવે છે અને પૈસો પ્રાપ્ત કરાવી-દેશને મદદ કરવા સાથે જીવનને પવિત્ર બનાવે છે આવી પવિત્ર બ્હેનોજ દેશ ઉદ્ધારક પુત્રો આપી શકે છે તેમણે શીખ પરિષદમા સ્ત્રીઓને જણાવ્યુ હતુ કે—

'તમારે ત્યા આજે ગુરૂ નાનક અને ગુરૂ ગોવીંદસીંગ જેવા ગુરૂઓ છે? તમે તલવાર ખેચવા માગતી હો તો ગુરૂ ગોવીંદસીંગ અને ગુરૂ નાનકને પેદા કરો કામ ક્રોધ મદ મોહ મત્સરને જીતશો તોજ તમે એવા વીરોની માતા થઇ શકવાની છો એ ગુરૂઓ વીના તલવારને આજે અવકાશજ રહ્યો નથી આજે તો તમારે તમારા આવેશને દબાવવા કુરબાની કરતા શીખવુ, તમારા પરદેશી લેબાસ છોડવા, તમારા ઘરેણા તજવા અને નાનકના ભજન ગાતા ગાતા નામિલવર્તન કરવુ એજ તમારી ફરજ છે'

૨ **સ્વદેશી ધર્મનુ પાલન**—આ વિષય ઉપર બોલતા ખેડામા તેમણે જણાવ્યુ કે-"સ્ત્રીઓને તો મારી દીન વચને પ્રાર્થના છે કે સ્વદેશી તો તમારા હાથની વાત છે કાતવુ એતો તમારો ધર્મજ છે પુરૂષો સામે તમારે તમારો પોતાનો દાખલો મુકવો જોઇએ ખાદીમા ભાર હોય છે એવી ફરીયાદ માતાઓ તો નજ કરી શકે નવ મહીના બાળનો ભાર આન દથી ઉપાડનાર માતા એકશેર ભાર મને અસહ્ય

થાય છે એવું કેમ કહી શકે? તે વાંઝણી રહેવાને તૈયાર હોય તોજ એવું કહી શકશે. પણ જો એ વંઝણી રહેવા નથી ઇચ્છતી પણ વીરોને અને વીરાંગનાઓને જન્મ દેવા ઇચ્છે છે ત્યાં સુધી એ શબ્દો હું માતાની પાસે સાંભળવા નથી માગતો. તમારો દેશ જો નગ્ન દશામાં છે તો તમે જાપાનની, ચીનની કે ઇંગ્લાંડની કે ફ્રાન્સની મીલમાં બનેલી સાડીઓને કેમ પહેરી શકો, એ મારી સમજ બહારની વાત છે.”

અલ્હાબાદમાં આ બાબતમાં તેમણે જણાવ્યું હતું કે—

“જ્યારે આખો દેશ સ્વતંત્રતાને માટે લડત ચલાવી રહ્યો છે, ત્યારે એ લડતમા તમારો હિસ્સો આપવા ચૂકશો નહિ. તમારે તમારા પતિને અને તમારા પુત્રોને ધર્મને પંથે પળતાં શીખવવાનું છે. અને સ્વદેશીનો ધર્મ પાળીને સ્વતંત્ર હિન્દ સ્થાપવાના કામમાં મજબૂત ફાળો આપવાનો છે. રાવણના રાજ્યમા લક્ષ્મીના ઢગલામાં ઉછરેલાં સીતાદેવીને પણ પૂરા ચઉદ વરસ ઝાડની ખરબચડી છાલથી દેહ ઢ ક્વો પડતો હતો. તેજ પ્રમાણે આજે જ્યારે સ્વદેશી એ હિન્દની મુક્તિનો મક્કમ માર્ગ રહેલો છે, ત્યારે હિન્દની સ્ત્રિઓએ ફક્ત ખાદીનાં કપડા પહેરવામાંજ નહિ, પણ હાથે કાંતેલા સૂતરનાં, હાથે વણેલા કપડાં પહેરવામાં ધર્મ સમજવાનો છે. દરેક બહેને કમમાં કમ એક કલાક હાથે સૂતર કાંતીને હાથવણાટના ઉદ્યોગને ઉત્તેજન આપવું રહ્યું છે. આ આપત્તિના કાળમાં હિન્દુસ્તાનની પ્રત્યેક બહેને ઝીણા અને ફેન્સી કાપડનો મોહ છોડવો ઘટે અને સાદાં તથા જાડાં વસ્ત્રોથી ચલાવી લેવું ઘટે. સ્વદેશીમાંજ સ્વરાજ્ય પ્રાપ્તિનો સરળ રસ્તો રહેલો છે. એ વડેજ પંજાબના ઘા રૂઝાશે અને રાષ્ટ્રનું ગૌરવ જળવાશે. સ્વદેશીના પ્રચારનો મુખ્ય બોજો હિન્દની સ્ત્રીઓના ઉપરજ રહેલો છે

૩ **બાળકોને નિશાળેથી ઉઠાડી લ્યો**—અંકલેશ્વરમાં આ બાબતમાં તેઓએ જણાવ્યું હતું કે “માબાપોને મારી પ્રાર્થના છે કે તમે પોતાનાં છોકરાંને ગુલામીમ ન રાખો. તમારૂં પહેલું કાર્ય એ છે કે છોકરાંઓને સરકારી શાળામાંથી ઉઠાડી લેવા ઉઠાડી લીધાં પછી છોકરાંઓને આપણે શેરીમાં રખડવા દેવાનાં નથી. માટે તમારૂં બીજું કાર્ય એ છે કે રાષ્ટ્રિય કેળવણી આપવાને માટે પોતાનુ સર્વસ્વ અર્પી દઇને પ્રબંધ કરવો. જો એટલી શક્તિ આપણામ નહિ હોય તો આપણે સ્વરાજ મેળવી શકવાના નથી. સ્વરાજનો અર્થજ પોતાનું રાજ્ય ચલાવવા માટે શક્તિતો જોઇએજ.”

૪ **પૈસાની મદદ**—પૈસાની મદદની ચોથી ભીક્ષા હતી આ માટે તો બહેનોએ સારો જવાબ વાળ્યો છે. ગાંધીજી પણ તે માટે કહે છે કે—

“ઠાકોરજીથી મેં દ્રવ્યની ભિક્ષા શરૂ કરી છે, અને સારે નસીબે બહેનોથીજ ભિક્ષા શરૂ થઇ. બહેનોમાં જે બહેને પોતાનો દાગીનો આપવાનું શરૂ કર્યું એ દળણું દળનારી હતી તેણે પોતાની વાળી કાઢી આપી ત્યાંથી જ મેં તો નિશ્ચય કર્યો કે હિંદુસ્તાનની સ્ત્રીઓ શાંત અસહકારની પવિત્રતા સમજી ગઇ છે. પછીના અનુભવો અલૌકિક ગણાય અમદાવાદની ન્હાની ન્હાની સોળ અને આઠ વર્ષની બાળકીઓએ પોતાની વીંટીઓ અને માળા મને ઉતારીને આપી. તેમણે ફરી તેમના માબાપ

પાસે માગવાની ના કહી છે કારણકે તેઓ ઘરેણા પહેરીને શુ કરે ? હિંદુસ્તાન તો રાંડીરાંડ થયુ છે હિંદુસ્તાનમા પુરૂષો ક્યા છે કે તે માંડીમાંડ થઇ શકે ? એ તો જ્યારે પાકશે ત્યારે હિંદુસ્તાન સૌભાગ્યવાન થશે અને તેની સ્ત્રીઓ ઘરેણા પહેરી શકશે

પુનામા દાગીનાનો વરસાદ વરસ્યો બેલગામમા, ધારવાડમા, હુબલીમા પણ એજ દૃશ્ય જોયુ, દિલ્હી તથા અલ્લાહાબાદમા મુસલમાન બહેનો જે પડદામા બેઠી હતી તેમણે પણ દાગીના ઉતાર્યા, નોટો આપી, રોકડા નાણા આપ્યા

પટનામા હક સાહેબના પત્નીએ પોતાની હારેમા હારે મોતી અને માણેક જડિત ચાર બંગડીઓ ઉતારી આપી હક સાહેબને આ વાતની ખબર પડતા તેમના હરખનો પાર ન રહ્યો તેમણે કહ્યુ કે આના કરતા વધારે કિમતી બંગડી એની પાસે નથી કોઇએ કહ્યુ 'આ હજાર દોઢ હજારની બંગડી ઉતારતા એમને સંકોચ ન થયો ?' તરત શૌકતઅલી સાહેબે ઉત્તર વાળ્યો 'એણે એના માલિકને આપી દીધેલ છે તો એ બંગડી તો શી વિસાતમા ?' ભાગલપુરમા તો સ્ત્રીઓએ તો જવાહીરનો વરસાદ વરસાવી હદજ કરી

જ્યારે હિંદુસ્તાનની બહેનો જાગૃત થાય ત્યારે સ્વરાજ કોણ રોકી શકનાર છે ? સ્ત્રીઓ ધર્મની રક્ષા કરતી આવે છે સ્ત્રીઓએ વીર પુરૂષોને પેદા કર્યા ત્યારે દેશો સ્વતંત્ર બન્યા છે સ્ત્રીઓએ પવિત્રતા જાળવી ધર્મને અખંડિત રાખ્યો છે સ્ત્રીઓએ પોતાના સર્વસ્વનુ બલિદાન કરી પ્રજાનુ રક્ષણ કર્યું છે એ સ્ત્રીઓ જ્યારે હિંદુસ્તાનનુ સુખ સમજે ત્યારે તે દુઃખ કેટલા દહાડા નભી શકે ?

જે સ્ત્રીઓમા હુ જાગૃતિ જોઇ રહ્યો છુ એ કંઇ ભણેલી ન ગણાય છતા તે જ્ઞાની છે તે ધર્મ કર્મ પૂરેપૂરી રીતે સમજે છે શિક્ષિતવર્ગને જે ચીજ સમજતા ઘણો વખત લાગે છે, તે ચીજ સ્ત્રીઓ પોતાની પ્રેરણાશક્તિથી સાનમા સમજી ગઇ છે સ્વરાજ્ય એટલે રામરાજ્ય એ વાત તેઓને સમજતા વાર નથી લાગી

બહેનોની પાસે બધી બાબતો સ્પષ્ટ રીતે મૂકવામા આવી છે દુઃખનો ઉપાય અસહકાર છે, તે પણ કહેવાયુ છે અસહકાર એટલે શુ તે પણ તેઓએ જાણ્યુ છે પોતપોતાનો ધર્મ જાણી તેમા મક્કમ રહી સ્ત્રીઓએ હિંદુ મુસલમાનની એકતા જાળવવામા મદદ કરવાની ફરજ જાણી છે

જો સ્ત્રીઓએ સમજ પૂર્વક શરૂ કર્યું છે તે પ્રમાણે જારી રાખે તો મારી ખાત્રી છે કે માત્ર સ્ત્રીઓને જરૂરના ન હોય તેવા દાગીનામાંથીજ આખા હિંદુસ્તાનના શિક્ષણની વ્યવસ્થા થઇ શકે જે બહેનોએ દાગીના આપ્યા છે તે એવી શરતે કે તેમણે સ્વરાજ મળતા લગી તેવા દાગીનાની ફરી માગણી ન કરવી, પણ તે વિનાજ ચલાવવુ એવે સ્ત્રીઓના શણગારના થોડા ત્યાગમાથી હિંદુસ્તાનના શિક્ષણનો ને સ્વદેશીના પ્રચારનો બંદોબસ્ત થઇ શકે તેમ નથી, તેથી ઉમેદ છે કે જે મહાયજ્ઞ ઠાકોરજીથી આરંભાયો છે તે બહેનો કાયમ રાખશે ને તેમનો પતિ કે બીજા સગા તેમને આ પવિત્ર કાર્યમા જરાએ રોકશે નહી.

ગેબીનીયા તેલ.—સીના બાલને લીસા અને લાંબા બનાવી મગજને ઠંડક આપે છે. કી. રૂ. ૧-૦-૦.
મોહીની એજન્સી. જુમામસીદ—મુંબઇ.

પ્રીન્સ ઓફ વેલ્સ ડી. ના સરજન ડાકટરે પાસ કરેલી.

ગર્ભજીવન.

પ્રદર, લોહીવા, અનિયમીત રૂતુ, પેડુમા દુખાવો, હિસ્ટ્રીઆ, સુવારોગ, જીર્ણ જ્વર, કાઠે રતવા, ગર્ભાશયનો સોજો ને કમળના અનેક રોગ વિજળીની પેઠે નાશ પામી ગર્ભ રહે છે. આ દવાથી આશા મુકેલી મોટી ઉમરની સેંકડો સ્ત્રીઓના ઘેર ઘોડીઆ બંધાયાં છે. થોડા સર્ટીફીકેટો વાંચો—ડૉ તુલજારામ સુ ખાંડવાલા એલ. એમ. એન્ડ એસ. તમારી દવાઓ અકશીર છે. આણંદરાય બી એ. એલ એલ. બી. રાજકોટ દવા વાપરી સંતાષ થયો છે મણીલાલ નભુભાઇ બી. એ. નડીઆદ દવાઓ ઘણી સારી છે. માણેકલાલ બા. થાણદાર દાંતા. તમારી દવાથી ચી જન્મ્યો. વાડીલાલ ના વેજલપુર બે સંતાન થયા ઠા. સા. પૃથ્વીસીંહજી સુદાસણા, દવાથી કુંવર જન્મ્યા. ઇનામ રૂા ૧૫૦) સ્વીકારશો. ઠા. સા. વડાગામ. કુંવરનો જન્મ થયો રૂા. ૧૨૫) મોકલ્યા છે, કૃષ્ણશંકર ગી. શીરસ્તેદાર હાઇકોર્ટ મુંબાઇ જાહેર ખબરથી ઠગાએલાઓને તમારી દવાનો અનુભવ લેવો જોઇએ. વીઠલદાસ વી. માણસા બાળકી જન્મી રૂા. ૧૦૦) મોકલ્યા છે. યાશીન મીઆં બી. એ ઇન્સપેક્ટર કાલોલ છોકરી જન્મી છે શેઠ હાથીચંદ જ. પેથાપુર તમારી દવાથી પુત્ર જન્મ્યો. શેઠ શરૂપચંદ દો માણસા દવાથી ચી. નો જન્મ થયો. ભવાનીશંકર ડે એ. ઇ. શા જામનગર દશ માણસને દવા આપી તેમાં એકે કેશ નિષ્ફળ ગયો નથી. દોરાબજી દા. ખંબાતા. આ સરાફ મુંબાઇ બેંક પુના. હીસ્ટ્રીઆ, પ્રદર ને લોહીવા ઘણા દરદીને ૨૪ કલાકમા મટ્યા છે. કુલંદલા. મ્હેય સ. આ. સરજન મેસોપોટામીઆ તમે દવાની કિંમત પચાસ રૂા. રાખી હોત તો કમતી છે. ચંદુલાલ ઉ આપડાની પોળ અમદાવાદ, દવાથી ફાયદો છે. રૂપા રામદાસ હે. મી. સાદરા, હું નહોતી ધારતી કે સ્ત્રી વર્ગની શોધ આટલી બધી ફતેહમંદ નીવડશે કેવળદાસ ડાકટર માણસા, તમારી બે દવાઓ અજમાયશમા લીધી ગુણ લખવા મુજબ છે. વકીલ વિદ્યાશંકર પાટણ ગર્ભજીવન દવામા કાંઇ દૈવી શક્તિ જણાય છે, મહારાણાશ્રી જસવતસિંહજી દાંતા, પ્રથમ આવેલી ઓરતોના રોગની બીજી ચાર ડબીઓ વી. પી. થી મોકલો. છગનલાલ હુ ન્યાયાધીશ માણસા તમારી દવાઓ અક્સીર છે, મહેરબાનુ કા. ડાવર તમારી દવાઓ રામબાણ છે. ચંદુલાલ મી. પારીસ દવાથી ફાયદો થયો છે

ખાવાની દવા પોટલીઓ ને કટીસ્નાનના ઉપચારથી સ્ત્રીઓના હઠીલા દરદો ટુંક વખતમા મટાડીએ છીએ. ગર્ભજીવન દવાની કીંમત રૂ. ૩-૦-૦

ગંગાબાઇ પ્રાણશંકર હે. મી.

વિક્ટોરીઆ સ્કુલ પ્રા માણસા—(ગુજરાત)

બાલને સાફ, સુંદર બનાવનાર—

કામીનીઆ ઑઇલ.

મકાન નં. ૩૦—એંગ્લો ઇન્ડીયન ડ્રગ કેમીકલ કું૦—મુંબઈ.

સોલ એજન્ટ—અમીચંદ ડાહ્યાભાઇ—ઠે૦ ખારગેટ—ભાવનગર.

(રજીસ્ટર્ડ.)

અત્યંત ફાયદાકારક હોવાથી તેના આ અલૌકિક ગુણો
વાની જરૂર નથી. હજારો લોકોએ કામીનીઆ ઓઇલ
તમો પણ એજ તેલ વાપરવું શરૂ કરો, તેનાથી
શાનો પુરે પુરો સંતોષ મળશે.

ગોબીનીયા.
મોહીની

Shravika Reg. No. 1289.

પુ. ૧ લું
અંક ૨ જો.

સ્ત્રી સુખ દર્પણ.

એપ્રીલ
સને ૧૯૨૨

તંત્રી શેઠ દેવચંદ દામજી-કુંડલાકર.   વ્યવસ્થાપક—ગુલાબચંદ લલ્લુભાઈ શાહ

માતૃપૂજા.

લેખક-હૃદયપુષ્પ.

ગોરી ચાલો મળી સૌ સાથે, ભારત ગુણ ગાઇએ,
હાંરે ગોરી ચાલો મળી સૌ સાથે, ભારત ગુણ ગાઇએ.
લઇ પત્ર પુષ્પ પ્રેમ થકી, ગંગ જલ નાહી,
કરી પૂજન, માતાનું સુખદાઇ.
ગોરી ચાલો મળી સૌ સાથે.

(સાખી)

પ્રથમ નમીયે માતને, જે આશીષની ખાણ;
હિન્દ મુસલમીન પારસી, સર્વે એનાં બાળ
ગોરી ચાલો મળી સૌ સાથે,
ભારત ગુણ ગાઇએ.

માતાનો પ્રશ્ન.

(ગઝલ.)

વદીને " મા " મને નિત્યે, રિઝાવો છો વિવિધ રીતે;
વદી " માતૃભૂમિ મ્હારી ", રીઝવશો હિન્દને ક્યારે ?
વણેલી વાંકી ને ચુંદી, જમો છો રોટલી મીઠી;
હવે વીર ! શુદ્ધ ખાદીને, શરીરે ધારશો ક્યારે ?
સદા મમ સેવ કરવામાં, અરપતા જીંદગી સારી;
ભુમિ ભારત તણા કાજે, જીવન તમ અર્પશો ક્યારે ?
દુઃખી દેખી મને પળવાર, આંખે અશ્રુ આણો છો,
દુઃખી ભારતભૂમિ નિરખી, નયન નીર આણશો ક્યારે ?
સુએલા દેશને કાજે, તવારિખે ચઢ્યા આજે;
કરી કુરબાન તવારિખે, અમર શાણા ! થશો ક્યારે ?
બણીને શાન્તિનાં સૂત્રો, ચલાવી સ્નેહથી ચરખો;
સહીને જેલનાં કષ્ટો, સ્વરાજ વીર ! આણશો ક્યારે ?

નાનાલાલ દલપતરામ પટેલ.

રેંટીયાનો લાગવગ.

સંપાદક—ડા. ધીમતરામ કરુણાનજી જોષી.

રેંટીયો એ હિંદનું પ્રાચિન અર છે. જુના કાળથી રેંટીયામાં ધર્મ મનાયો છે. કુળની મરજાદ અને ઘરની શોભા રેંટીયામાં હતી, આતો સામાન્ય વાત કહી પણ રાજદરબારમાંયે રેંટીયાનું એટલુંજ માન હતું. દેશ પરદેશનો ઈતિહાસ રેંટીયાની મોટપથી ગુંજી રહ્યો છે. કવિ હોમરે એમ કહ્યું છે કે 'ઉંચા દરજાની સ્ત્રીઓ માટે રેંટીયાની ભેટજ શોભે' પ્રસિદ્ધ ઇતિહાસલેખક હીરોડોટસ લખી ગયેલ છે કે પ્રખ્યાત રાણી ક્લીઓપેટ્રાએ મુશેલ ચાપેલી સ્વર્ણથી છેલી ભેટ એક સોનેરી કાટલું અને રેંટીયો હતાં. રેંટીયાની તરાક કાતેલી ઉનથી ભરી રાખી હતી. રોમનના વખતની જુની કહેવતોમાં મોટા ભાગે રેંટીયાની કહેવતોએ વધારે સરસાઈ મેળવી છે, એ ઉપરથી જણાય છે કે પૂર્વની યાહુદિ સત્તાએ પણ રેંટીયાની ત્રાકને સ્ત્રીઓનું મુખ્ય આભૂષણ ગણી હતી.

યુનાનીઓની દેવી મીનરવા પણ રેંટીયો કાંતવાની કીર્તિ મેળવી ગયા છે. રૂ અને ઉન કાંતવા પહેલાં શણ કાંતવામાં આવતું હતું એમ પ્લુટાર્ક સરખા પ્રાચીન વિદ્વાને જણાવ્યું છે. જ્યારે એક સ્ત્રી પરણીને સાસરે જતી ત્યારે પણ કાંતેલ તરાકવાળો રેંટીઓ અને શણનો દોરો વીંટાળેલું કાટલું તેને સાથે આપવામાં આવતું એટલુંજ નહિ પણ તે સ્ત્રી પોતાના હાથનું વણેલું કપડું પોતાના ધણીના બારણા ઉપર લટકાવતી.

પૂર્વે ઈટાલીમાં તેમજ ફ્રાન્સમાં પણ સ્ત્રીઓ રેંટીયો વહાલી ચીજ તરીકે રાખતી અને ઇંગ્લાંડમાં પણ રેંટીયાનું મોટું માન હતું. પ્રાચીન શોધકો જણાવે છે કે જુના કાળમાં અંગ્રેજોમાં પુરૂષો માટે ભાલું અને સ્ત્રીઓ માટે રેંટીયો એ જીંદગીના સાથી હતા. એની નીશાની તરીકે મરણ થતાં પણ પુરૂષોની ઘોરમાં ભાલો અને સ્ત્રીઓની ઘોરમાં રેંટીયો તેમની લાશની સાથે મુકવાનો રીવાજ હતો.

આ કંઈ તર્કવાદનો સોદો નથી પણ તેવા ઘણા પુરાવા નોંધાયા છે. સેન્ટ ડેનિસના દેવળમાં રાજા ફિલિપ ડી વેલોઈસની રાણી જીન ડી બોર્ગોગની કબરમાં બીજા સામાનની સાથે સોનાની ઓળ ચઢાવેલ રેંટીયો દાટવામાં આવ્યો હતો.

જર્મનીમાં પણ ઉંચી પદવીની સ્ત્રીઓની કબર ઉપર તેનો રેંટીયો ટાંગવાનો રીવાજ હતો. ફ્રાંકોનીયાના ડયુક કોનરાડની સ્ત્રી અને શાનશાહ ઓથોની દીકરીની કબર જે મેએન્સના દેવળમાં હતી તેના ઉપર એક કાટલું ટાંગેલું હતું. સ્ટ્રલુઈ પોલાર્ડ નામનો જજ જે સને ૧૫૪૦માં મરણ પામ્યો તેની યાદગીરીની

કબર ઉપર તેના અગિયાર દિકરાના તલવાર સાથે, અને અગિયાર દીકરીઓના રેંટા ઠરડેલી તસક સાથેનાં આવલાં ચીતરવામાં આવ્યાં હતાં

" When Adam weave and Eve span who was than the gentleman."

આ અંગ્રેજી શેર એક જુના ઈતિહાસની સાક્ષી પૂરે છે, કે આદમ અને ઈવનું જોડું પૃથ્વી ઉપર પેદા થયું ત્યારથી વણવું અને કાતવું એ મૂજત સમજવામાં આવી છે.

ઇગ્લાડમાં હાન્ટસના દેવળમાં આવલાનું એક મોટું પ્રદર્શન છે, તેમાં આદમ અને ઈવના પૂતળાં બે હસ્તમાંથી બહાર નીકળતાં કોતર્યાં છે. જેમા ફરિસ્તાઓ તેમને દુનિયાના કામ સોંપતાં આદમના હાથમા કુહાડો આપે છે જેને તે નમ્રતાપૂર્વક સ્વીકારતા દેખાય છે. જ્યારે ઈવના હાથમા એક રેંટીયો અને કાટલું આપેલ છે તે પ્રેમપૂર્વક લઈને ચાલી જાય છે

જેમ રેંટીયો એ સ્ત્રીનો ધર્મ અને જીવનમરણનો સાથી ગણાતો તેમ સુખ દુઃખનો પણ તેજ સાથી હતો. સ્ત્રીઓ ઉપર અજાણી આપત્તિ આવી પડતા રેંટીયો હથિયાર તરીકે મદદગાર થતો. કવી શેક્સપિયર કૃત 'વીન્ટર્સ સેઈલ' (winters sale) નામના નાટકમાં રાણી હરમોઈન પોતાના હરિફને રેંટીયાવતી હઠાવે છે.

કવિ ચાસરના જમાનામાં પણ સ્ત્રીઓ રેંટીયા અને તરાકનો પોતાના બચાવના હથિયાર તરીકે ઉપયોગ કરતી હતી. તેમણે પોતાના કાવ્યમાં પણ સ્ત્રીને રેંટીયો લઈને લડવા જતી બતાવી છે.

આ પ્રમાણે જીવનમરણનો સાથી અને સ્વમાનનો રક્ષક રેંટીયો–કે જેનો લાગ પૂર્વકાળથી દુનિયામા પથરાએલો છે તેને કેમ છોડાય?

દેશની લડતમાં સ્ત્રીનું પ્રમુખસ્થાન—જેમ વહેવારની ગાડી સ્ત્રીઓ વિના એકલી ન ખેંચાય તેમ રાજકિય લડત પણ સ્ત્રીઓ વિના ન જ લડી શકાય એમ દેશનાયકોએ બતાવી આપ્યું છે એટલુંજ નહિં પણ કેટલીક રાજકિય સભાઓમા સ્ત્રીઓને અગ્રસ્થાન આપવાને પણ નથી ચુકયા. આ માસમા બંગાળ પ્રાંતિક સભા મળી તેનું પ્રમુખસ્થાન શ્રીમતી વાસંતીદેવી દાસને આપી આ વાત પુરવાર કરી છે તેમણે પણ પ્રમુખસ્થાનેથી લડતની આંટીઘુંટી ઠીક ઉકેલી. નવો માર્ગ દર્શાવવામા વિચારવાદ તો થાયજ પણ તેમાયે શાંત બુદ્ધિથી ઉકેલ કર્યો. પરિષદે મુખ્ય વિચાર તો રેંટીયા અને ખાદી પ્રચારનો કર્યો અને શ્રીમતી વાસંતીદેવીએ છેલ્લા પરિષદના ઠરાવોની જાહેરમાં ઉદ્દઘોષણા કરવા અને આ જીવન મરણની લડાઈમા સ્ત્રીઓને પણ ભાગીદારી લેવાને નોતરૂં દીધું.

શ્રી પૉલરિશારનો સંદેશો.

સ્વતંત્રતા માટે સ્ત્રીઓની અગત્ય.

સ્ત્રીનો માર્ગદર્શક પુરુષ થઈ શકતો નથી, છતાં પુરુષોએ સ્ત્રીઓને સલાહ આપવાનોજ કેવળ નહિ પણ એમને નિર્ણય કરી આપવાનો અને પોતાના સ્વાર્થી પુરુષહિતને માટે અનુકૂળ રસ્તે તેમને વિકસાવવાના હક્કને લાંબા કાળથી હસ્તાગત કરી રાખ્યો છે અને અબળાઓએ ઘણા લાંબા સમય પર્યંત પુરુષના અવાજને સુણ્યા કર્યો છે ખરૂં કહું તો અલંકારની ઇન્દ્રજાળમાં છૂપાયેલા નિશ્ચય અને અંકુશ (વિધેય અને અવિધેય)ના જંજીરો પુરુષના હાથથી સ્વીકારીને છે અબળા પુરુષનાં કેદી, તેની દાસી અને ગુલામડી તરીકે રહેલી છે

આ બંધનમાંથી મુક્ત થવાનો તેમને માટે સમય થઈ ચૂક્યો છે પુરુષો જે અહંકારી અને અનાધ્યાત્મિક ટેવને વશ થયેલા છે, અને જે રીવાજ ગુલામગિરિ અને માનસિક હોવાથી સૌથી હલકા પ્રકારની ગુલામગિરિ સમાન થઈ પડ્યો છે, તેમાંથી સ્ત્રીઓએ પોતાની જાતે મુક્તિ મેળવીને છૂટકારો કરવો જોઈએ તમારા અંતરાત્માના નાદને શ્રવણ કરો જે દિવ્ય આત્મા, જે નૂતન આત્મા, આજે જગતમાં ઘૂમી રહ્યો છે, તેનો અવાજ સાંભળો એટલુંજ તમને કહેવાની આજે મારી ઇચ્છા છે

આત્માની એ લહરિ તમારા ચિત્તને તથા હૃદયને સ્પર્શી ચૂકી છે સંજીવની અર્પનાર મલયાચળના વાયુની માફક તે શ્વેત ગિરિશૃંગો ઉપરથી વહેતી આવે છે તે પર્વતેથી ઉતરતી જાય છે, અને નવી આશાઓ તથા નવા વિચારોનો સંચાર કરતી જાય છે નવીન ભાવના અને નૂતન પ્રીતિને જન્માવતી જાય છે જગતના તોફાનો અને પ્રયાસોથી દૂર નિર્મળ સ્વર્ગભૂમિમાં તેણે જમાનાઓ થયા એકાન્તવાસ સ્વીકાર્યો હતો ત્યાંથી તે ઉતરી રહી છે, અને વધ્યાત્વના યુગ પૂરા કર્યા પછી તેણે નૂતન સૃષ્ટિ નિર્માણનો નવયુગ શરૂ કરી દીધો છે આ પૃથ્વી પરની સમસ્ત પ્રજાઓમાં મહેનત કરી રહેલી તમે તેને કલ્પનામાં જોશો. તેનો સાદ સાંભળીને લોકસંઘો ઊઠે છે, અને નિદ્રાનો ત્યાગ કરીને કેટલાક તો તેમના ઉંડા ભૂમીદાહમાંથી જાગ્રત થાય છે જગતની સામાન્ય વેદનાને અણીને સમયે તમે તે લહરિને પીછાણી શકશો કારણકે જગત પોતાના નવીન આદર્શો અનુસાર આજે નવા ઘાટ ઘડવા લાગી ગયું છે આવતી કાલની નવી અને દૈવી-દુનિયા સઘળાં બનાવો, વિગ્રહો, પ્રલયો અને ક્રાન્તિઓની પાછળ

ક્યારની નિર્માણ થઈ રહી છે અને જૂઓ! જ્યાં જ્યાં આ પવન ફુંકાય છે, ત્યાં ત્યાં સ્ત્રીઓને મોખરે ધસતી, રસ્તા પાડતી અને નવયુગના આ અજ્ઞાત અને અણધાર્યા સાહસ પ્રસંગે પુરૂષને આવશ્યક શ્રદ્ધા અને હિમ્મત પ્રકટાવતી તમે જોઈ શકશો. જ્યારે જ્યારે કોઈ પ્રજા જાગ્રત થતી દેખાય છે, ત્યારે ત્યારે તે સ્ત્રી જાગૃતિને પરીણામેજ ઉત્થાન પામી હોય છે. એટલા માટે જ્યારે આ દેશમાં હું કેવળ પુરૂષોને કોંગ્રેસો, કમીટીઓ, જાહેરસભાઓ, અને આન્દોલનોમાં વ્યાપ્ત થયેલા દેખું છું, ત્યારે સરકાર પોતાની શાન્ત સલામતી માટે નચિંત રહી શકે એ વિચાર મને આવ્યા વિના નથી રહેતો. સ્ત્રીઓ ખડી થઈ જાય નહિ અને આત્માનો સાદ—દેશના આત્મા આત્માનો, ભાવીના આત્માનો સાદ સુણાવે નહિ ત્યાં સૂધી ભુતકાળના મૃતવત્ સંસારને અને ભયંકર વસ્તુ સ્થિતિને કોઈ પ્રકારનો ભય નથી. કારણકે પ્રજાકીય આત્મા પ્રથમ સ્ત્રીઓમાંજ જાગ્રત થાય છે તેઓ પ્રજાની માતાઓ છે, અને તેમનાથી પુનરૂદ્ધાર જન્મ પામે છે. ચીનમાં આજના જીવન્ત ચીનદેશમાં સુધારાની અને પુનર્જીવનની સઘળી પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓજ મોખરે રહી છે. સ્વતંત્રતાની પ્રવૃત્તિને ઈજીપ્તમાં નભાવી રાખનાર પણ સ્ત્રીઓજ છે, કોરીયામાં જુલ્મ સામેના પોકારો ઉઠાવવામાં કોલેજની બાળાઓજ મોખરે હતી. જાપાનમાં પ્રજાતંત્રી સુધારા માટે પુરૂષોને દોરનાર હમેશાં સ્ત્રીઓજ હતી. વિષાદ અને દાસત્વની આધુનિક સ્થિતિમાંથી ઉપાડી લઈ હિન્દુસ્થાનને સ્વતંત્રતા અને આધ્યાત્મિક નેતૃત્વની નવી ઉષામાં જો ધારશે તો સ્ત્રીઓજ લઈ જશે. પુરૂષની તે આત્મસખી છે. અને હોવી જોઈએ જ્યાં સુધી એમનો આ આત્મા સુષુપ્તિમાં પડેલો છે, ત્યાં સુધી પુરૂષો જે મિથ્યામાયાને ખરી વસ્તુ તરીકે ઓળખે છે, તે માયાને અવળે માર્ગે ભૂલા પડ્યા ફરવાના. તેઓ જીવનની ઘટમાળ રૂઢિ અને સ્વાર્થયુક્ત વહેમોમાં આયુષ વીતાડે છે. ભાવીનો આ આત્મા સ્ત્રીઓની જાગૃતિથી જાગે છે, અને સાથે સાથે વ્યક્તિઓ અને પ્રજામાં નવી સૃષ્ટિના સઘળાં બળો પ્રકટ કરે છે. આત્મમય સ્ત્રીત્વ, આધ્યાત્મિક સ્ત્રીત્વ, એજ ખરૂં સ્ત્રીત્વ છે એજ પૂર્વના અને આર્ય સન્નારીના આદર્શને અનુસરતું સ્ત્રીત્વ છે. સ્ત્રીઓ પુરૂષની ભૂમીકાએ ઉતરી પડે કે પુરૂષની બીજી આવૃત્તિ સમી થઈ રહે તેમાં સાચું સ્ત્રીત્વ સમાયેલું નથી. પુરૂષની સાથે સમાનતા પામીને સ્ત્રીઓ તેમનાથી ઉંચું પદ ભોગવી શકે નહિ. પુરૂષથી સ્વતંત્ર થયા પછીજ સ્ત્રીઓ તેમની ખરી સેવા કરી શકે. પુરૂષની ખરી સેવા એટલે કે પુરૂષના હૃદયમાં વસતા ઈશ્વરની સેવા કારણકે બન્ને જાતિ વચ્ચેનો એજ ખરો સંબંધ છે *

---

* મુંબઈ ભગીની સમાજ સમક્ષ શ્રીમાન ગોપાળકૃષ્ણ ગોખલેની જયંતી પ્રસંગે થીયોસ ફિસ્ટ Spiritual feminism એ ઉપનામથી ઉપરોક્ત સંદેશો કહ્યો હતો

ગુલાબની ડાયરી.

લે૦-અંબાશંકર વિ. નાગરદાસ પંડ્યા, માણસા.

'તારે લીધે ઘર ઉજળું હો! સુંદરી તું ઘરનો શણગાર.
ઝુંપડીઓ કે ભવ્ય બંગલા, એ સહુ તારી વિના સુનકાર તારે૦
આવે અતીથિ આનંદથીરે, એ પૂરણ પામે સત્કાર;
તું વંશ વધારક વેલી હો સુંદરી! તું ઘરનો શણગાર. તારે૦
તારે લીધે વિશ્વ ઉજળું હો! રમણિ' તું સહુનો આધાર.

નવરાત્રિના દિવસો ચાલતા હતા. ચંદ્રશંકર રાત્રે ગરબા ગાસળી મોડી રાતે આવી સુઈ ગયો, સવારે પણ મોડો ઉઠ્યો, શૌચાદિ કરી લઈને પુસ્તક વાચવા બેઠો, પણ તેમા રસ ન પડવાથી કંઈ લખવા બેઠો, વળી ઘડીક તે પણ પડતું મૂકી આમતેમ ટહેલવા મંડ્યો. છેવટે આરામચેર ઉપર પડી રાતના સાભળેલા ગરબાની ઢબે કંઇક ગણગણવા માંડ્યો—ગુલાબ પાણી ભરવા ગઈ હતી, પતિ જ્યાં 'ઝુંપડીઓ કે ભવ્ય બંગલા એ સૌ તારી વિના સુનકાર' એ પદ આલાપતા હતા, ત્યા પત્નીએ—'નાથ! જરા બેડુ ઉતરાવશો?' એ શબ્દો બોલી ગાયનની ધુનમાં ખલેલ પાડી.

* * *

પરસ્પર અત્યંત માન અને પ્રેમ આ દંપતી જેવા બીજે ન હશે; પણ દૈવે આ સ્નેહભીનું જોડું આનંદ પ્રીતિમાં એકઠું-વધુ વખત ન રહેવા દીધું—આવતા નવરાત્ર ગુલાબે ન દીઠા. બિચારો ચંદ્રશંકર દુઃખી દુઃખી થઈ ગયો.

* * *

પત્નીના મરણને એક વર્ષ જેટલી મુદત વીતિ ગઈ છે, શુન્યકાર જેવા ઘરમાં ચંદ્રશંકર માથું ખંજવાળતો બેઠો છે, તે શું ગાય છે?

આકાશે એની એ તારા, એની એ જ્યોત્સ્નાની ધારા,
તરુણ નિશા એની એ-દારા ક્યાં છે એની એ?
શું એ હાવા નહિ જોવાની? આંખડલી શું નહિં ન્હાવાની?
ત્યા એ ત્યારે શું રોવાની? દારા એની એ?

અરે! રે! અત્યારે બિચારો સાહિત્યપ્રિય ચંદ્રશંકર પત્નીવિયોગના દુઃખમાં ઉપરની 'શ્રીયુત કાંત'ની શાંત વાણી શોકથી બોલી રહ્યો છે. આજે ચંદ્રશંકર કાગળોની પોટલીઓપર ચડેલી ધૂળ સાફ કરવાના કામમાં ગુંથાયો છે. ઘરના

ક્યારની નિર્માણ થઈ રહી છે. અને જૂઓ! જ્યાં જ્યાં આ પવન ફુંકાય છે, ત્યાં ત્યાં સ્ત્રીઓને મોખરે ધસતી, રસ્તા પાડતી અને નવયુગના આ અજ્ઞાત અને અણધાર્યા સાહસ પ્રસંગે પુરૂષને આવશ્યક શ્રદ્ધા અને હિમ્મત પ્રકટાવતી તમે જોઈ શકશો. જ્યારે જ્યારે કોઈ પ્રજા જાગ્રત થતી દેખાય છે, ત્યારે ત્યારે તે સ્ત્રી જાગૃતિને પરીણામેજ ઉત્થાન પામી હોય છે. એટલા માટે જ્યારે આ દેશમાં હું કેવળ પુરૂષોને કોંગ્રેસો, કમીટીઓ, જાહેરસભાઓ, અને આન્દોલનોમાં વ્યાપ્ત થયેલા દેખું છું, ત્યારે સરકાર પોતાની શાન્ત સલામતી માટે નચિંત રહી શકે એ વિચાર મને આવ્યા વિના નથી રહેતો. સ્ત્રીઓ ખડી થઈ જાય નહિ અને આત્માનો સાદ—દેશના સાચા આત્માનો, ભાવીના આત્માનો સાદ સુણાવે નહિ ત્યાં સૂધી ભુતકાળના મૃતવત્ સંસારને અને ભયંકર વસ્તુ સ્થિતિને કોઈ પ્રકારનો ભય નથી. કારણકે પ્રજાકીય આત્મા પ્રથમ સ્ત્રીઓમાજ જાગ્રત થાય છે તેઓ પ્રજાની માતાઓ છે, અને તેમનાથી પુનરૂદ્ધાર જન્મ પામે છે. ચીનમાં આજના જીવન્ત ચીનદેશમાં સુધારાની અને પુનર્જીવનની સઘળી પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓજ મોખરે રહી છે. સ્વતંત્રતાની પ્રવૃત્તિને ઈજીપ્તમાં નભાવી રાખનાર પણ સ્ત્રીઓજ છે, ટેરીયામાં જુલ્મ સામેના પોકારો ઉઠાવવામાં કોલેજની બાળાઓજ મોખરે હતી. જાપાનમાં પ્રજાતંત્રી સુધારા માટે પુરૂષોને દોરનાર હમેશાં સ્ત્રીઓજ હતી. વિષાદ અને દાસત્વની આધુનિક સ્થિતિમાંથી ઉપાડી લઈ હિન્દુસ્થાનને સ્વતંત્રતા અને આધ્યાત્મિક નેતૃત્વની નવી ઉષામાં જો ધારશે તો સ્ત્રીઓજ લઈ જશે. પુરૂષની તે આત્મસમી છે. અને હોવી જોઇએ. જ્યાં સુધી એમનો આ આત્મા સુષુપ્તિમાં પડેલો છે, ત્યાં સુધી પુરૂષો જે મિથ્યાગાથાને ખરી વસ્તુ તરીકે ઓળખે છે, તે માયાને અવળે માર્ગે ભૂલા પડ્યા કરવાના. તેઓ જીવનની ઘટમાળ રૂઢિ અને સ્વાર્થ સુપ્ત વહેમોમાં આયુષ વીતાડે છે ભાવીનો આ આત્મા સ્ત્રીઓની જાગૃતિથી જાગે છે, અને સાથે સાથે વ્યક્તિઓ અને પ્રજામાં નવી દૃષ્ટિનાં સઘળાં બળો પ્રકટ કરે છે. આત્મમય સ્ત્રીત્વ, આધ્યાત્મિક સ્ત્રીત્વ,—એજ ખરૂં સ્ત્રીત્વ છે એજ પૂર્વના અને આર્ય સન્નારીના આદર્શને અનુસરતું સ્ત્રીત્વ છે. સ્ત્રીઓ પુરૂષની ભૂમીકાએ ઉતરી પડે કે પુરૂષની બીજી આવૃત્તિ સમી થઈ રહે તેમાં સાચું સ્ત્રીત્વ સમાયેલું નથી. પુરૂષની સાથે સમાનતા પામીને સ્ત્રીઓ તેમનાથી ઉંચું પદ ભોગવી શકે નહિ. પુરૂષથી સ્વતંત્ર થયા પછીજ સ્ત્રીઓ તેમની ખરી સેવા કરી શકે. પુરૂષની ખરી સેવા એટલે કે પુરૂષના હૃદયમાં વસતા ઈશ્વરની સેવા. કારણકે બન્ને જાતિ વચ્ચેનો એજ ખરો સંબંધ છે. *

---

* મુંબઈ ભગીની સમાજ સમક્ષ શ્રીમાન ગોપાળકૃષ્ણ ગોખલેની જયંતી પ્રસંગે શ્રીયુત સ્થિરે Spiritual feminism એ ઉપનામથી ઉપરોક્ત સંદેશો કહ્યો હતો.

ગુલાબની ડાયરી.

લે૦—અબાશંકર વિ. નાગરદાસ પંડ્યા, માણસા.

'તારે લીધે ઘર ઉજળુ હો! સુંદરી તુ ઘરનો શણગાર,
શુ પડીઓ કે ભવ્ય બગલા, એ સહુ તારી વિના સુનકાર તારે૦
આવે અતીથિ આનદથીરે, એ પૂરણ પામે સત્કાર,
તું વશ વધારક વેલી હો સુદરી! તુ ઘરનો શણગાર તારે૦
તારે લીધે વિશ્વ ઉજળુ હો' રમણિ' તુ સહુનો આધાર

નવરાત્રિના દિવસો ચાલતા હતા, ચદ્રશકર રાત્રે ગરબા સાભળી મોટી રાતે આવી સૂઈ ગયો, સવારે પણ મોડો ઉઠ્યો, શૌચાદિ કરી લઈને પુસ્તક વાચવા બેઠો, પણ તેમા રસ ન પડવાથી કઈ લખવા બેઠો, વળી ઘડીક તે પણ પડતુ મૂકી આમતેમ ટહેલવા મડ્યો છેવટે આરામચર ઉપર પડી રાતના સાભળેલા ગર બાની ઢબે ઢાક ગણગણવા માડ્યો—ગુલાબ પાણી ભરવા ગઈ હતી, પતિ જ્યાં 'શુ પડીઓ કે ભવ્ય બગલા એ સૌ તારી વિના સુનકાર' એ પદ આલાપતા હતા, ત્યા પત્નીએ—'નાથ' જરા બેડુ ઉતરાવશો?' એ શબ્દો બોલી ગાયનની ધૂનમા ખલેલ પાડી

* * *

પરસ્પર અત્યત માન અને પ્રેમ આ દપતી જેવા બીજે ન હશે, પણ હવે આ સ્નેહભીનું જોડુ આનદ પ્રીતિમા એકઠુ-વધુ વખત ન રહેવા દીધુ—આવતા નવરાત્ર ગુલાબે ન દીઠા બિચારો ચદ્રશકર દુ ખી દુઃખી થઈ ગયો

* * *

પત્નીના મરણને એક વર્ષ જેટલી મુદત વીતિ ગઈ છે, શુન્યકાર જેવા ઘર મા ચદ્રશકર માથુ ખજવાળતો બેઠો છે, તે શું ગાય છે?

આકાશે એની એ તારા, એની એ જ્યોત્સ્નાની ધારા,
તરુણ નિશા એની એ-દારા ક્યા છે એની એ?
શુ એ હાવા નહિ જોવાની? આખડલી શુ નહિ લ્હોવાની?
ત્યા એ ત્યારે શુ રોવાની? દારા એની એ?

અરે! રે! અત્યારે બિચારો સાહિત્યપ્રિય ચદ્રશકર પત્નીવિયોગના દુ ખ મા ઉપરની 'શ્રીયુત કાત'ની શાત વાણી શોકથી બોલી રહ્યો છે આજે ચદ્રશકર કાળજાની પોટલીઓપર ચડેલી ઘર નાફરમાના કામમા ગુથાયો છે દારા

બધે અસ્તવ્યસ્ત સ્થિતિમાં સરસામાન, પડી રહેલો દેખાય છે. ચંદ્રશંકર એક પોટલું છોડતાં તેમાંથી નીકળેલી ફાટી તૂટી ડાયરી જોવામાં તલ્લીન' થઈ ગયો જણાય છે.

કોઈની ખાનગી ડાયરી જાણવાનો આપણને હક્ક તો નથી, પણ ચાલો ચૂપ કીદીથી જોઈ લઈશું. કારણું કે આપણે અંદરથી ગમે તેવા પણ બહારથી ડાહ્યા-ડમરા હોવાનો ડોળ બહુજ અચ્છી રીતે કરી શકીએ એવા હોંશિઆર તો છીએજ.

ડાયરી ૧૯....ની હતી, પણ બધે તારીખો ચેકી ઉપર નવી તારીખ લખેલી જોવામાં આવતી હતી. એટલે ચંદ્રશંકરને સ્મરણ થયું કે-પોતે ખરચ કરી લાવેલ ડાયરી આખું વર્ષ પડી રહ્યા પછી બીજે વર્ષે ૧૯....મા પત્નીએ ઉપયોગમાં લીધી હતી. તેમાં શું છે? ચાલો........વાંચો પાનું પહેલું-અને પછી અનુક્રમે વાચી લ્યો.

ગુલાબની ડાયરી.

તા ....

અહો! એમની શિખામણ પ્રમાણે ચાલવાનું મને ઘણુંએ મન થાય છે, પણ બળ્યું—(અરે! રે! આ ટેવ મને ખરાબ છે તે જવીજ જોઈએ. પિટ્યું-બળ્યું એ શું એમ થાય છે.) નાત જાતના લોકો ચૂંટી ખાય છે. આજેજ હું બાપુ ડોસાનું આભડવા ગઈ અને કુટવા વગર ઉભી રહી એટલે લોક કેવી નિંદા કરવા માંડ્યા! ત્યારે મારે તે કરવું શું? તેમની વાત પણ ખરી છે કે—'રડવા કુટવાનો રિવાજ બિલકુલ સારો નથી, અને તેમાંય છાજીયા-અને બાર બાર મહિના મોંવાળી રાગડા તાણવા એ સૌ બહુ ખરાબ છે' આટલું હજી પૂરૂં નથી લખી રહી ત્યાં એ—એજ સામેથી આવ્યા, બસ આજ બંધ.

* * * *

આજ એમને ગામ જવાનું થયું; મને તેમાં જીવ શાને બળતો હશે? પાડોશના નૌતમલાલ જાય છે, ત્યારે તારાબેન તો રૂપાળાં બેનપણીઓને બોલાવી સોગઠાંબાજી રમે છે, હસે છે ને મઝા કરે છે, ત્યારે મને આમ શેનું થાય છે? હુંજ અક્કલ વગરની હઈશ?'

હા! હા! હવે હું સમજી. નૌતમલાલ ઘેર ભાગ્યેજ રહે છે. નવરા પડયા કે-મિત્રોમાં જાય, ફરવા જાય, કોઈ હકાને બેસે પણ ઘરમાં તેનો પગ નહિ. બિચારી તારા હસીને કંઇ બોલવા-પૂછવા જાય, ત્યાં એકદમ તેને તરછોડી નાંખે. પરણ્યાં ત્યારથી એ બેનને તો એવું. બે ચાર વર્ષે તેમણે બન્નેએ પછી એ રીત ગ્રહણ કરી કે-' નૌતમરાય તેના ગોઠીયામાં આનંદ લે અને તારા બેન તેમની સખીઓ સાથે.'

અરરર! ત્યારે તેમને-મારા જેમ-બે જણાને નિરાંતે હસી બેસવાનું તો નહીં

જ ના ? હાય ! હાય ! (અરે વળી આ લખાયું ?) એનું જીવન કેમ જતું હશે ? અરે ! એમનો કાગળ કાલ તો આવશેજ.

* * *

આજ નિરાત વળી. તેમનો પત્ર આવ્યો. લખે છે કે–હાહા થઇ જમાડીને રહેજો. હું વહેલોજ આવીશ. અહા ! એમને પણ મારા વગર ગમતું નહિ હોય.

* *

એ ઘેર નથી, એટલે ગમે તેમ થાય તો પણ આજ બાજી રમવા તારા બેન બોલાવે છે, પણ હું નહિ જાઉં. ત્યારે તે પરાણે એ શી જશે ? ના, ઠીક સાંભર્યું. આજે પુનેમ છે, તે અહિં રાસડા લઇશું–પણ રાસડામાં શું ગાવું ? કંઇક સારૂં ગીત શોધી કાઢું. એમની પદ્ય સંગ્રહ પોથીમાં કવિઓની કવિતાઓ ઉતારી લીધી છે તે જોઈ લઉં.

* * *

આજ તો તેઓ પધાર્યા છે, એટલે હવે............ ...આજ ડાયરીમાં કશું લખવું નથી. કાલે રાતે મેં ગવરાવેલો ગરબો બહુ સારો–પ્રસિદ્ધ વિદ્વાન કાન્તનો લખેલો છે, તે હું મારી ડાયરીમાં ઉતારી લઉં. એ બધાંને શીખવવા તેમણે આજે મને આજ્ઞા પણ કરી છે. આતો રસગીત ને બીજી વાતો

" આવોને સહિયર ! ઉન્નત જીવન જળ ઝીલવાને જઈએ રે.
પુણ્ય સલિલ અવગાહનથી, સખી અંતર પાવન થઈએ રે.
આવોને.......

પ્રભુના ગિરિથી અવતરે શાન્ત સદાશિવ નીર,
શમવે મનુકુલ તાપને, છાયા તરૂવર તીર.
આવોને.......

સ્ફટિક વિશદ વહી રહ્યા, સુર સરિતાના ધોધ,
લલિત કરી મુગ્ધાત્મને, ભરે પ્રાણ પ્રબોધ.
સાડી સજો સખિ ! સ્નેહ સુરંગી, વારિ પરસ્પર દઈએ રે.
આવોને સહિયર ! ઉન્નત જીવન જળ ઝીલવાને જઈએ રે."

* * *

'રડવા કુટવાનો ચાલ તમે ખરાબ ગણો છો તો નાથ ! મારી પાછળ તમે ન રડશો.' એમ મેં કહ્યું એટલે તેમની આંખમાં પાણી ભરાઈ આવ્યાં, તેઓ બોલ્યા કે–કોણ પહેલું જશે તેની શી ખાતરી ? એટલે મને પણ રડવું આવી ગયું.

આજની નોંધ બહુ વિચિત્ર છે

મગનની કાલની વાત આજ પાછી નીકળી હતી. 'હું મરૂં તો તમે ફરી પરણજો.' એમ મેં કહ્યું ત્યારે તેઓ તો નાની નાજ કરવા બેઠા. કંઈ ન ચાલ્યું

ત્યારે બોલ્યા કે-' જુવાન રંડાએલ બાઈને ફરી પરણવાનો જ્યાં અધિકાર નથી, ત્યાં પુરૂષને પણ નથી.' પણ તેનો જવાબ મેં આબાદ આપ્યો ને તેઓ ચુપ થઈ ગયા. તે જવાબ સંભારીને લખી લઉં છું-"કોઈ બાઈડીનો ધણી મરી જાય ત્યારે તે બાઈ ઘરભંગ થઈ એમ કહેવાતું નથી, પણ આદમીની બૈરી મરી જાય ત્યારે તે ઘરભંગ થયો કહેવાય છે. માટે જો દુનીયામાં રહેવું હોય તો ઘર જોઈએ. તો ઘર કરવું એટલે ભાંગેલું ઘર ફરી કરવું-ફરી પરણવું" કેવી દલીલ!!! કોઈ રાંડયાને ફરીવાર પરણતી વખતે આ દલીલ બહુ કામ લાગે.

* * *

કાલ રાત્રે નવરાત્રીના ગરબા સાંભળવા તેઓ ગયા હતા. મને સાથે લઈ જવાને નારાજ નહોતા 'પણ એમાં શું જોવું છે?' એમ કહીને હુંજ નહોતી ગઈ. કારણ કે-મૂળ ગરબાવાળીઓ તો અમે-સ્રીઓજ (ઘણે સ્થળે પુરૂષો પણ ગાય છે) એટલે એમાં અમારે શું જોવું? વધુમાં તેઓ સવારમાં કાંઈ ગાતા હતા અને તેમાં મનેજ ઉદ્દેશીને કંઈ હતું. તેની પહેલી લીંટી 'તારે લીધે ઘર ઉજળું' એ હતી. ત્યારે હું પણ તેવું લખવા પ્રયત્ન કરૂં તો મને ન આવડે? ચાલો બનાવવા માંડું—

'તારે લીધે હું શોભતી વ્હાલમા! સૌભાગ્યના આધાર!
બ્રહ્માંડ ભરમાં નાથજી! સ્રીને પતિનો આધાર.
અમે જગતમાં જીવીએ, હોય હૈયાનો હાર!
લ્હાવો લઈએ ને લેવરાવીએ, સ્વામી સૌભાગ્યના શણગાર.'
બ્રહ્માંડ ભરમાં—

આટલું તો લખતા મને પણ આવડયું. તેમને હું બતાવીશ.

* * *

અરેરે! પતિ વિના સ્રીના જીવતરને ધિક્કાર છે, આપણામાં બિચારી વિધવાની દશા જેઓ પૂરેપુરી તપાસીને જુએ તેનેજ ખરો ખ્યાલ આવી શકે કે આ સમાજમાં બાળલગ્ન જેવા રીવાજોથી કેટલી વિધવાઓ પરમ કષ્ટને વેઠી રહી છે. અધુરામાં પુરૂં તેને સારૂ વિદ્યાણ કે સ્વાશ્રયથી જીવન ગુજારવા જેવું સામર્થ્ય પણ હોતું નથી. તેથી તેની તો બહુ દુર્દશા છે. એટલા માટે હે પ્રભુ! તું મને તો કંકુ-ચુંદડીથી મોકલજે. તેમના પહેલાં મારી દોરી ખેંચી લેજે. મારા મૃત્યુથી-મારી પરના તેમના અથાગ પ્રેમે-તેમને દુ:ખ તો થશે; પણ વ્હાલામાં વ્હાલી ગણતા હોય, એવી સ્રીના પરમ પ્રેમાળ પતિ પણ બે ચારે વર્ષે પણ આ સમાજમાં પરણેલા દેખાય છે, તો તેઓ પણ પાછળથી તેમને ગમતું કરી લેશે. અલબત, જ્યાં પત્નીના મરણ પાછળ સ્મશાનમાંજ રૂપીઆ સ્વીકારાય છે, ત્યાં બે-ચાર વર્ષ કોઈ કાઢે તો એ થોડી કસોટી નથી. મારા નાથ! સ્વર્ગમાં બેઠી બેઠી પણ હું તમારી ચિંતાથી દુ:ખી ન થાઉં માટે મારી પાછળ તમે ઘેલા ન થશો.

આપણો સ્ત્રી વર્ગ.

"હે અંબડ ! પરિવ્રાજક શ્રાવિકા સુલસાને મ્હારો ધર્મ લાભ કહેજે"

શ્રી વીર પરમાત્મા.

"હે સખી ! બીજો વર શોધીશું એવું વચન મારી આગળ હવેથી બોલશો જ નહીં. મારા પતી માત્ર નેમીનાથજ છે અને તેમને લીધેલા માર્ગેજ મારે અનુસરવું જોઈએ, એ મારી પત્નિ તરીકેની ફરજ છે."

ભગવતી રાજીમતી.

"હે પાપી ! શિયળવ્રતના રક્ષણાર્થે આ મારો પ્રાણ પણ અર્પણ કરૂં છું."

સતી ધારિણી.

"વડીલ ! ધનના સદ્વ્યયનું શ્રેષ્ઠ સ્થાન માત્ર તીર્થોજ છે કે જ્યાં ખરચેલું ધન ચિરકાળ ટકી રહી અનેકના લાભનું કારણ થાય છે."

તેજપાળ ભાર્યા અનુપમાદેવી.

સન્નારીઓ ! ઉપરના વચનામૃતો શું બતાવી આપે છે ! તે હરેક, નારીજાતિનું જ્ઞાન, પતિપરાયણતા, સતીત્વ અને સમજણ બતાવે છે. આવા સંખ્યાબંધ ઉદાહરણો ધાર્મિક ગ્રંથોમાંથી તેમજ નૈતિક પુસ્તકોમાંથી મળી આવે છે. ભાગ્યેજ કોઈ સતી સીતા, દ્રૌપદી, અગર દમયંતીના કે અંજના વા મયણા સુંદરીના નામોથી અજાણ્યા હશો. તેમના ચરિત્રો શું શીખવે છે ? ચરિત્રો સાંભળવાનો હેતુતો એટલોજ છે કે તેમાં વર્ણવેલા પાત્રોના ગુણો આપણામાં ઉતારવા આપણે પ્રયત્ન કરીએ. કેટલાક ભલે તમારી નારીજાતિ પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર બતાવે અગર તો નરકનું દ્વાર કહે પણ ધર્મમાં તો તમારે માટે ઉંચુ સ્થાન છે. આત્મીક દ્રષ્ટિએ તો બંનેમાં એકજ પ્રકારનો આત્મા હોવાથી સમાનપણું છે અને વ્યવહારીક દ્રષ્ટિથી પણ સ્ત્રીઓ પુરૂષની દાસી નથી પણ સહકારી (Mate-સાથી) છે. તેમાં સ્વામી સેવક જેટલો સબંધ નથી. ઉભયના શારિરીક બંધારણો તથા સ્વભાવિક ગુણો જુદા હોવાથી કાર્યક્ષેત્રો પણ ભિન્ન છે, એટલે કે ગૃહ સંબંધીનું સર્વે કામ સ્ત્રીએ સંભાળવાનું છે. જ્યારે ગૃહ બહારનું યાતો પોષણ વીગેરેનું કાર્ય પુરૂષના શિરે છે. એકને ઉપાર્જન કરી લાવવાનું છે, જ્યારે બીજાને તેની યોગ્ય પ્રકારે વ્યવસ્થા કરવાની છે. હવે આથી ખુલ્લું માલુમ પડી આવે છે કે જ્ઞાન, તંદુરસ્તી, અનુભવ અને કુશળતાની જેટલી જરૂર પુરૂષને છે તેટલીજ તમારે પણ છે. તમારી સ્ત્રી જાતિમાં પૂર્વે થએલી પ્રભુમાતાઓના અથવા સતીઓના જીવનો નિહાળો. જે જે પૃથ્વી પર મહાન પુરૂષો થયા છે, તેમને વારસામાં મળેલા ઉત્તમોત્તમ ગુણો ખાસ કરીને તેમની વીર અને ગુણસંપન્ન માતાઓનેજ આભારી છે નેપોલીયનતો એટલે સુધી કહે છે કે દેશને પણ

આબાદ બનાવવો હોય તો પ્રથમ માતાઓને યાને સ્ત્રીવર્ગને જ્ઞાનવતી બનાવો. માત્ર મયણાસુંદરીનોજ દાખલો લ્યો. તેણીનો ધાર્મિક અભ્યાસ, વ્યવહારકુશળતા અને નીતિ પરત્વેનું જ્ઞાન કેટલું બધું વિશાળ હતું કે જેથી રાજમહેલના સુખને ઠોકરે મારી ભાગ્યે મળેલા કોઢીઆ પતિ સાથે ઝુંપડીમાં રહેવાનું સ્વીકાર્યું. કેમકે તેણી પતિવ્રતાના ધર્મો સારી રીતે જાણતી હતી. વળી તેણીને સુંદર વસ્ત્રોમાં અગર નવા નવા ઘાટ ઘડાવવામાં આજની લલનાઓ માફક મોહ ન હતો. તેને મન સૌભાગ્ય એ કીમતી દાગીનો અને સુખદુઃખમાં પતિનો સાથ એજ મુલ્યવાન શણગાર હતો. તમારી અત્યારની દશા જુઓ ! અલબત, ધર્મક્રિયાઓ કરો છો પણ સમજ્યા વિના. કેમકે તમારામા જ્ઞાનનો યથાર્થ પ્રકાશ નહી હોવાથી ઉપર-ચોટીયા કરણીમાં ધર્મ માનો છો. જો જ્ઞાન અથવા સમજણ હોય તો વ્યાખ્યાન વખતે યા પ્રભુમંદીરમા વાતો કરો ખરા ? દેરાસરમા કાજો કાઢવા જેવા યા તો વાસણ માંજવા જેવા લાભદાયી કામો ચુકો ખરા ? તપસ્યામા પણ ક્રોધ કરો ખરા ? કલેશ, નિંદા યા વગર વિચાર્યા શબ્દો બોલવાની તકરાર હોય પણ ખરી ? લગ્ન પ્રસંગમા ફટાણા વા જુઠા ગીતો તમારા મુખમા ઘટે ખરા ? એતો એજ બતાવે છે કે પતિ જેવી વ્હાલી વસ્તુનો પ્રેમ છોડી તમો તેવા પ્રકારની જડ વસ્તુને વધારે ચાહો છો. જો તમો પતિના સુખની જરા પણ કાળજી કરો તો તમારી તેવી માગણીઓથી તેઓને કેટલી બધી મહેનતો ઉઠાવવી પડે છે તે તુરતજ સમજાય. હા, લાવીને આપે તે ખુશીથી ગ્રહણ કરો અને સંતોષ માનો. પણ દેખાદેખીમાં ન તણાઓ. વળી બાળલગ્ન કે કન્યાવિક્રય કરો ખરા ? અગર ઘરડા સાથે ગંઠીજોડ બાંધો પણ ખરા ? મરેલા પાછળ છાતીઓ કુટો, માથા કુટો અગર તો પોક મુકી રડો પણ ખરા ? આ બધી અજ્ઞાન ચેષ્ટાઓજ છે. માટે માતાઓ ! સુશીલાઓ ! અને બ્હેનો ! સમજપૂર્વક ધાર્મિક, નૈતિક અને સામાજીક પુસ્તકો વાંચો—સમજો અને તેને વર્તનમાં મુકો ત્યારેજ આપણા આજના કલેશ અને અનાનંદતાના ગૃહો આનંદ અને આત્મોન્નતિના ધામો બનશે અને ત્યારેજ પૂર્વાચાર્યોએ અથાગ શ્રમ સહી જે સાહિત્ય રચ્યું છે તેની કદર કરી શકાશે. તેઓએ તેમાં બીજા વિષયો ઉ-પરાંત શરીરની આરોગ્યતા જાળવવા વિષે જે લખ્યું છે, તે તો તમારે માટે અતિ મહત્વનુંજ છે. વૃદ્ધ માતાઓ અને સાસુઓ તેવી રસવતીનો સ્વાદ પોતાની પુત્રી-ઓ અને વધુઓને લેવાડાવવામા હજુ પણ વિલંબ કરશે ? લાભ લેનાર સંખ્યા વધે તો શ્રાવિકાશાળા સારી સ્થિતીપર આવતા વારજ શી છે ? બાકી પૈસા અને જ્ઞાન-ની સરખામણી કરવી એ સૂર્ય અને આગીઆની તુલના બરાબર છે. જ્ઞાન સમાન બીજી કોઈ મુલ્યવાન વસ્તુ જગતમા છે નહીં. માટેજ સૌ કોઈને તે મેળવવાની જરૂર છે

શ્રી સ્થંભન તીર્થ જૈન મંડળ.

શ્રીમતી સુબમ્મા ગારૂ.

આંધ્રદેશનાં આ સ્ત્રીરત્ન દેશની સ્વતંત્રતા માટે જાહેરને કેળવવાના કામમાં રોકાતાં તેને એક વર્ષની સખ્ત કેદની સજા થઇ. આ દાખલાથી મીસીસ એનીબેઝન્ટ જેવાં સહકારી ટોળીમા પણ ગીગળ્યાં અને મદ્રાસની વીમેન્સ ઇન્ડીયન એસોસીએશન દ્વારા મદ્રાસ સરકારને અરજ કરી કે 'જે ગુન્હા માટે બીજાને સાદી સજા થાય છે, તેમાં એક સ્ત્રીજાતિને સખ્ત કેદ મળી તે ત્રાસ છે.'

સજા ભોગવનાર આંધ્રદેવી તો એટલાંએ ન ચમક્યાં. તેને બચાવ માટે પુછવામાં આવ્યું, ત્યારે બચાવ કરવાને ચોખ્ખી ના પાડી પણ જાહેર પ્રજાજોગો ખુલાસો આપતાં કહ્યું કે—

વિશ્વ જેને મહાન સાધુ ચારિત્ર્યવાળા પુરૂષ ગણે છે, તે મહાત્માના અનુયાયી તરીકે હું નોકરશાહી સામે ઉભી રહેવા અને તેના આરોપોને જવાબ આપવા બંધાયેલી નથી. વળી આવા એકપક્ષના ફારસની પણ મારાપર કોઈ ફરજ આવી પડી નથી છતા જાહેરના લાભ માટે આપણા વિચારો બહાર મુકવાનો ચાલ પડી ગયો છે તેથી જણાવું છું કે—

નોકરશાહીએ મને ગુન્હેગાર ગણી સજા કરી છે, પણ મને ખાત્રી છે કે જેઓ ન્યાય અને અન્યાય વચ્ચે તફાવત સમજી શકે એવા બહોળા મનવાળા માણસોના વિચારો પ્રમાણે હું ગુન્હેગાર નથી; દુનિયા એ જાણે છે. જ્યાંસુધી હું ઇશ્વરની આંખમાં અને લોકોની આંખમા નિરપરાધી છું, ત્યાંસુધી જેલની સખ્ત સજા કે યમદૂતો મને દુઃખ આપી શકે એમ નથી. જ્યાંસુધી આપણામાં ધર્મનો જુસ્સો છે ત્યાંસુધી બીજાનો જુલમ આપણે સહી શકતા નથી.

મારા સઘળા ઉપદેશોને હું વેદ, પુરાણો અને પ્રતિહાસ જે સુસ્ત હીંદુ ધર્મના પાયારૂપ છે તેના ઉપર આધાર રાખું છું. વેદ સામે મેં કદી એક પણ શબ્દ કાઢ્યો નથી. તેથી હું તદન નિરપરાધી છું એ હું જાણું છું. નોકરશાહીને વૈદિક ધર્મ અધર્મ દેખાય તેથી આપણને કાંઇ લાગતું વળગતું નથી.

મારી સામે આરોપ મુકવામાં આવ્યો છે કે મેં અમલદારોની નીંદા કરી છે, પણ મેં કદી પણ તેવું કર્યું નથી. કોઇની પણ નીંદા કરવી તે હીંદુ ધર્મ અને અસહકારના ધ્યેયની વિરૂદ્ધ છે. મેં તો માત્ર તેમને અધર્મ છોડી દેવા સલાહ આપી છે, પણ જેમ તાવવાળા દર્દીને ખાંડ કડવી લાગે છે, તેમ દુષ્ટ કર્મ કરનારને શુભેચ્છકોની સલાહ ખોટી લાગે છે એમાં કાંઇપણ આશ્ચર્ય જેવું નથી, એટલે અસહકારીઓની સારી સલાહથી ધર્મ અને અધર્મ વચ્ચે તફાવત નહીં

જાણી શકનાર અમલદારોને જખમ થતો હોય. પણ હું જાણું છું કે પેટને ખાતર જેઓ નોકરી કરે છે એવા અમલદારોપર અમારી સલાહોથી સારી અસર થઈ છે. તેઓને ખબર છે કે તેઓ અધર્મ કરી રહ્યા છે. વખત આવશે ત્યારે આ સ્પષ્ટ થશે.

ગુન્હો અને અધર્મનો સ્વભાવ કેવો હોય છે ? અને ખરાબ કયો ગુન્હો ગણવો તેજ ભુલાય છે. બીજાના દેશને પચાવી પાડવો, તેમના હક્કો અને તેમની મિલ્કતોનું હરણ કરી લેવાની જીજ્ઞાસા રાખવી તે ગુન્હો છે, કે આપણી નૈસર્ગીક મિલ્કત, આપણા હક્કો અને સ્વતંત્રતા જે આપણા જન્મસિદ્ધ હક્ક છે, તે મેળવવું અને તેમનું રક્ષણ કરવું એ ગુન્હો છે. આમાં સમાયેલું મહાન સત્ય આપણી લડતનું ખરૂં સ્વરૂપ બતાવી આપશે. આપણે હવે અહિંસાત્મક અસહકારથી તેજ ધર્મનું રક્ષણ કરવા ઉદ્યુત થયા છીએ. કે જે નિભાવવા માટે બ્રિટીશ સરકારે ૧૯૧૪ માં જર્મની સામે પોતાની તરવાર ઉંચકી હતી. ઉપરની બે વાતમાં દરીયા જેટલો તફાવત છે. બ્રિટને પકડેલી રીતી જો કે થોડા વખત માટે વિજયી માલુમ પડતી હોય, છતાં તે આત્મનાશ આણનારી અને દુનિઆમાં સ્વાર્થ અને અપ્રમાણિકતાને ઉત્તેજન આપનાર છે. આપણી રીતી જુદીજ છે. આપણા વિજયથી માત્ર આપણનેજ નહીં પણ આખી દુનિયાને ફાયદો થશે અને શાંતિ સ્થાપિત થશે. આ પ્રમાણે આપણો વિજય આપણું મહત્વ વધારશે. આપણને જુલમી થવાની જરૂરજ પડે નહીં. અમારી અને તમારી રીતીઓ વચ્ચે આ તફાવત છે. તમે અમને તમારી દમનનીતિથી દબાવવા માંગો છો, પણ તે શક્ય નથી. કારણ ધર્મ શાશ્વત છે. તમે થોડા વખત માટે મગરૂર થશો, કે તમે અમારી ચળવળને દાબી દીધી. પણ એટલું ચોક્કસ માનજો કે તમારી ખુશાલી માત્ર બેલ્જીઅમના સર કર્યાથી આખી દુનિઆને સર કરી લીધી છે એમ માનનાર કૈસરની ખુશાલીના જેવીજ છે. તમારી રીતીની કસોટી કરવાનો એકજ માર્ગ છે. જ્યારે તમે આ દેશમાં આવ્યા તે વખતે આ દેશની અને તમારા દેશની સ્થિતિ અને હાલની આ દેશની અને તમારા દેશની સ્થિતિ વચ્ચે સરખામણી કરો તો તમને તમારી સાચી દાનત માલુમ પડશે.

માત્ર આજ સત્ય જાહેર કરવા માટે આપણને બેવફા ગણવામાં આવે છે પણ બેવફા કોણ ? સમય આવે સત્ય તરી આવશે. એક લેખકે કહ્યું છે તેમ, પિતૃભક્ત કોણ ? લીઅરને હિમ્મતભેર ખરેખરા વિચારો જણાવી દેનાર અને તેને અંત સુધી ચાહનાર પુત્રી કે જેની ખુશામત કરનાર અને તેનો પૈસા અને રાજ્ય લુંટી લેનાર ? તમારાજ મહાન કવીએ આનો જવાબ પુરો પાડ્યો છે. હું ગાગરૂરીથી કહીશ કે પ્રધાનો હોદ્દાથી અભિમાની થઈ ગયા છે અને આમાજ ઇલ્કાબધારી દેશભાઈઓ તેમની ખુશામત કરનારા છે. તેઓજ ફીતુરી છે અને

(૭)

વીણુ અલંકારે દીપતી, દેવી સમી દિવ્યાંગના,
ને પૂજ્ય ભાવો રાખતી, થઇને પ્રતિ અર્ધાંગના,
વીરત્વ પ્રેરે પુરૂષમાં, પોતે બની વીરાંગના,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૮)

સુખમાં નહીં છલકાય ને, રાખે સદા સમભાવના,
સંકટ વિશે ધારી ધીરજ, ને પ્રસન્ન રહેતી સર્વદા,
શકિત પ્રમાણે રંકને, આપી બતાવે બહુ દયા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૯)

સંસાર રચતી સ્વર્ગ સમ, પતિ પત્ની કેરા જીવનમાં,
રાખે અખંડિત તે સદા, સંસારના વ્યવહારમાં,
લાવે ન વિઘ્નો કોઇ દિ, એ પ્રણયના સામ્રાજ્યમાં,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૧૦)

હોય સ્થિતિ રંક પણ, રહેતી સદા સન્તોષથી,
ઘર ખરચ સહુ કરકસરથી, ને હર્ષથી નીભાવતી,
રંકતાનો શોક ના, મનમાં કદી દે આવવા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૧૧)

વિધિ કોપથી વૈધવ્ય જો, શીર પર કદી આવી પડે,
ઉપવાસ વ્રત ને નિયમથી, અંકુશ રાખે મન પરે,
પ્રભુને પતિના સ્મરણમાં, રાખે નહીં કંઈ એ મણા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૧૨)

પરનાં દુઃખોને જોઈને, વળી હૃદય ભડભડતો બળે,
સેવા મહીં અર્પી જીવન, જીવન તણું સાર્થક કરે,
ના આશ રાખે યશ તણી, રાખે હૃદય નિસ્વાર્થતા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૧૩)

ધ્યાન રાખે ધર્મમાં ઈચ્છા કરંતી જ્ઞાનની,
ઉતારતી આચારમાં, ના રજ ગણે દિલ મહીં.

ચારિત્ર ને વળી જ્ઞાનના, નમસ્કાર પાડે બેવડા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૧૮)

સ્વદેશની ચિન્તા અહરનિશ, રાખતી બહુ હૃદયમા,
ને વાપરે નિજ વિત્તને, નિજ દેશના ઉદ્ધારમા,
સહુ જગતને લેખી સ્વજન, ના ભિન્નતા રાખે જરા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા.

અમ્બેલાલ સવરામભાઇ દેશાઈ.

હૃદય-ગુંજન.

સુંદર ઉપવનમા પુષ્પ ખીલે, સુવાસ ફેલાવે, અને માલીનો પક્ષપાત થાય તો છોડ ઉપરથી ચૂંટાઇ પ્રભુપદને પામે પણ ત્યાંથીયે થોડા-સમય પછી પદભ્રષ્ટ થઈ, ગોલાઈ, કરમાઈ અને રગદોલાઇ અંતે માટીમા મલી જાય યા તો છોડ ઉપરજ સુવાસ ફેલાવતા ફેલાવતા કરમાઈ ખરી પડે, અને ઉપવનમાં આનન્દ અર્થે આવતા લોકોના પગ નીચે કચરાઈ, ધુળમા મલી જાય. આમ બન્ને પ્રકારે પુષ્પનુ જીવન ધુળમાંજ મલી જાય છે છતાય એ પુષ્પ જીવનમાથી સ્વાર્પણનો અમોલો પાઠ જો શુષ્ક માનવ-હૃદય લેવા ચ્હાયતો લઇ શકે.

કોઈ મોક્ષની આશાએ સુંદર સુવાસિત પુષ્પો સૂર્ય ઉગે પ્રભુને ચ્હડાવે છે, કોઈ આનન્દ ખાતર મનોહર પુષ્પ છાતીએ લટકાવી ફરે છે, અને કોઈ સુંદર લલનાઓ સૌન્દર્ય વધારવા વેણી ગુંથી અંબોડે લગાવે છે, તો કોઇ એલડીએ-બાઓ ઉપવનમા ફરતા પુષ્પના વખાણ કરી મીઠી સુવાસનો આસ્વાદ લઇ-આનન્દ માને છે પણ અફસોસ ! ખીલી, સુવાસ આપી અન્યની ખાતર જીવન અર્પણ કરતા બિચારા પુષ્પોની કોઇનિય દરકાર નથી હોતી કારણકે તેઓને તો પોતાના સ્વાર્થ ખાતર અન્યનો ભોગ લેવાની આદત પડી ગઈ છે

બ્હેન ! તું પણ ગૃહમન્દિર રૂપી ઉપવનનું એક પુષ્પજ હતું. કોઇએ ત્હારૂં રૂપ વખાણ્યું, કોઈએ ત્હારી મીઠી સ્નેહભરી વાણી વખાણી, કોઈએ ત્હારો ઉમદા સ્વભાવ વખાણ્યો, તો કોઇએ મૂંગે મ્હોડે સહન કરવાની ત્હારી સહન શક્તિ વખાણી અલબત્ત તું થોડાને અપ્રિય પણ હતી. અરે ! ત્હને વખાણનારા ને પણ કદાચ અપ્રિય લાગી હોઈશ પણ તે ત્હને વખોડનારા સ્વાર્થને લીધેજ અને કદાચ ત્હારી ભૂલ હોય તોયે શું ? શું મનુષ્ય જીવન સંપૂર્ણ છે ? ના, ના. જીવનમા ભૂલો થાય છે, તેજ મનુષ્યની અપૂર્ણતા છે અને એ અપૂર્ણતા એથીજ આ.પણે મનુષ્ય, નહીંતર દેવ કા ન કહેવાઈએ ?

(૭)

વીણુ અલંકારે દીપતી, દેવી સમી દિવ્યાંગના,
ને પૂજ્ય ભાવો રાખતી, થઈને પ્રતિ અર્ધાંગના,
વીરત્વ પ્રેરે યુદ્ધમાં, પોતે બની વીરાંગના,
છે અલંકારો એ બધા, એમ આર્ય સન્નારી તણા

(૮)

સુખમાં નહીં છલકાય ને, રાખે સદા સમભાવના,
સંકટ વિશે ધારી ધીરજ, ને નિડર રહેતી સર્વદા,
શક્તિ પ્રમાણે રંકને, આપી બતાવે બહુ દયા,
છે અલંકારો એ બધા, એમ આર્ય સન્નારી તણા

(૯)

સંસાર રચતી સ્વર્ગ સમ, પતિ પત્નીના જીવનમાં,
રાખે અખંડિત તે સદા, સંસારના વ્યવહારમાં,
લાવે ન વિઘ્નો કોઈ દિ, એ પ્રણયના સામ્રાજ્યમાં,
છે અલંકારો એ બધા, એમ આર્ય સન્નારી તણા

(૧૦)

હોય સ્થિતિ રંક પણ, રહેતી સદા સન્તોષથી,
ઘર ખરચ સહુ કરકસરથી, ને હર્ષથી નીભાવતી,
રંકતાનો શોક ના, મનમાં કદી દે આવવા,
છે અલંકારો એ બધા એમ આર્ય સન્નારી તણા

(૧૧)

વિધિ કોપથી વૈધવ્ય જો, શીર પર કદી આવી પડે,
ઉપવાસ વ્રત ને નિયમથી, અંકુશ રાખે મન પરે,
પ્રભુને પતિના સ્મરણમાં, રાખે નહીં કંઈ એ મણા,
છે અલંકારો એ બધા, એમ આર્ય સન્નારી તણા

(૧૨)

પરના દુઃખોને જોઈને, વળી હૃદય ભડભડતો બળે,
સેવા મહીં અર્પી જીવન, જીવન તણું સાર્થક કરે,
ના આશ રાખે યશ તણી, રાખે હૃદય નિઃસ્વાર્થતા,
છે અલંકારો એ બધા, એમ આર્ય સન્નારી તણા

(૧૩)

ધ્યાન રાખે ધર્મમાં, ઈચ્છા કરતી જ્ઞાનની,
ઉતારતી આચારમાં ના ગર્વ રાખે દિલ મહીં,

ચારિત્ર ને વળી જ્ઞાનના, નમસ્કાર પાડે બેવડા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા

(૧૪)

સ્વદેશની ચિન્તા અહરનિશ, રાખતી બહુ હૃદયમા,
ને વાવરે નિજ વિત્તને, નિજ દેશના ઉદ્ધારમાં,
સહુ જગતને લેખી સ્વજન, ના ભિન્નતા રાખે જરા,
છે અલંકારો એ બધા, અમ આર્ય સન્નારી તણા.

અમ્બેલાલ સવરામભાઈ દેશાઈ.

હૃદય–ગુંજન.

સુંદર ઉપવનમા પુષ્પ ખીલે, સુવાસ ફેલાવે, અને માલીનો પક્ષપાત થાય તો છોડ ઉપરથી ચૂંટાઇ પ્રભુપદને પામે પણ ત્યાંથીયે થોડા-સમય પછી પદભ્રષ્ટ થઈ, ચોલાઈ, કરમાઈ અને રગદોલાઇ અંતે માટીમાં મલી જાય યા તો છોડ ઉપરજ સુવાસ ફેલાવતા ફેલાવતા કરમાઈ ખરી પડે, અને ઉપવનમાં આનન્દ અર્થે આવતા લોકોના પગ નીચે કચરાઈ, ધુળમાં મલી જાય આમ બન્ને પ્રકારે પુષ્પનું જીવન ધુળમાંજ મલી જાય છે છતાંય એ પુષ્પ જીવનમાંથી સ્વાર્પણનો અમોલો પાઠ જો શુષ્ક માનવ-હૃદય લેવા ચ્હાયતો લઇ શકે.

કોઈ ભોક્ષની ન્યાશાએ સુંદર સુવાસિત પુષ્પો સૂર્ય ઉગ્યે પ્રભુને ન્હવરાવે છે, કોઈ આનન્દ ખાતર મનોહર પુષ્પ છાતીએ લટકાવી ફરે છે, અને કોઈ સુંદર લલનાઓ સૌન્દર્ય વધારવા વેણી ગુંથી અંબોડે લગાવે છે, તો કોઇ બેલડીએ-બાઓ ઉપવનમા ફરતા પુષ્પના વખાણ કરી મીઠી સુવાસનો આસ્વાદ લઇ-આનન્દ માને છે પણ અફસોસ ! ખીલી, સુવાસ આપી અન્યની ખાતર જીવન અર્પણ કરતા બિચારા પુષ્પોની કોઇનેય દરકાર નથી હોતી કારણકે તેઓને તો પોતાના સ્વાર્થ ખાતર અન્યનો ભોગ લેવાની આદત પડી ગઈ છે.

બ્હેન ! તું પણ ગૃહમન્દિર રૂપી ઉપવનનું એક પુષ્પજ હતું. કોઇએ ત્હારૂં રૂપ વખાણ્યું, કોઈએ ત્હારી મીઠી સ્નેહભરી વાણી વખાણી, કોઈએ ત્હારો ઉમદા સ્વભાવ વખાણ્યો, તો કોઈએ મૂંગે મ્હોડે-સહન કરવાની ત્હારી સહન શક્તિ વખાણી અલબત્ત તું થોડાને અપ્રિય પણ હતી. અરે ! ત્હને વખાણનારા ને પણ કદાચ અપ્રિય લાગી હોઈશ પણ તે ત્હને વખોડનારા સ્વાર્થને લીધેજ અને કદાચ ત્હારી ભૂલ હોય તોયે શુ ? શુ મનુષ્ય જીવન સપૂર્ણ છે ? ના; ના. જીવનમા ભૂલો થાય છે, તેજ મનુષ્યની અપૂર્ણતા છે અને એ અપૂર્ણતા એથીજ આપણે મનુષ્ય, નહીંતર દેવ કા ન કહેવાઇએ ?

ભલે ગમે તે હો. મારી દૃષ્ટિએ તો જેટલા પ્રમાણમાં શક્ય હતું, તેટલા પ્રમાણમાં ત્હેં ત્હારૂં જીવન સફલ બનાવ્યું છે. કારણકે માનવ સ્વભાવ તો એવો છે, કે ખરો સેવાધર્મ ભૂલી ભક્તિના નામે અન્ય સ્થાને દોડાદોડી કરી મુકે છે. તેઓને ખ્યાલ નથી કે જેણે જન-પશુ-જગના કલ્યાણ અર્થે પોતાના સ્વજન-ગૃહ-મિત્ર-કુટુંબનો ભોગ આપ્યો છે, તે નિરંજન નિરાકાર પ્રભુને ઠગવાનો ત્હમારો ખોટો ઢોંગ છે ભૂત માત્ર તરફ દયા બતાવવાનો દાવો કરનારા ત્હમે તમારી કીર્તી કે શોભા ખાતર ત્હમારા સ્વજન તરફનો ધર્મ-ફરજ ચુકો છો, અને રિબાતા કચરાતા મનુષ્ય પ્રાણીને લાત મારી-તેના હૃદયને આઘાત કરતા લેશ માત્ર અચકાતા નથી. ભલે એ જીવન ગમે તેટલા ઉચ્ચ હો, પણ તે જીવન જીવનારનેજ મુબારક !

બ્હેન! છેલ્લી ઘડીએ નિજ માલીના નામને રટતી, તેનું મુખ જોવા તલસતી તું તેના દર્શન ન પામી શકી. અને એજ તુજ માલીની નિષ્ઠુરતા, હૃદયહીનતા છતાંય એ અપરાધને ગળી જઈ ત્હેનુંયે કલ્યાણ ઈચ્છતી-આત્માની અનિવાર્ય ફરજ-મૃત્યુને તું આધીન થઈ તે તારી ઉદારતા-આર્ય હૃદયની મહત્તા

તારા જેવાના મૃત્યુ ખાતર શોક શાખાટે હોય ? કારણકે જન્મ અને મૃત્યુ એ તો આત્માની અનિવાર્ય ફરજ છે. અને જન્મ અને મૃત્યુ આ બે વચ્ચેનો જે જીવનકાળ તે સમયમાં પ્રાપ્ત થતી વિવિધ ફરજો સફળપણે બજાવવી તે જીવનનો હેતુ. કદાચ જનસમાજની દૃષ્ટિએ પડયા સિવાય, કચ્છના રણમાં સમાઈ જતી સરિતા માફક હિન્દુ સંસારના હાલ પ્રચલિત બન્ધનો અને રિવાજોમાં તારૂં જીવનવ્હેણ અગોચરપણે વહ્યું તેથી શું ? શું તેથી જેટલા પ્રમાણમાં શક્ય હતી તેટલા પ્રમાણમાં બજાવેલી તારી ફરજો નિષ્ફળ ગણાય ? નહીંજ. કારણકે, તારી માફક આમ કેટલીક સરિતાઓ દીન ઉગ્યે રણમાં સમાઈ જતી હશે ? કોણ ગણે છે ? કોને પરવા છે ? જનસમાજતો જગન્નાથજીનો રથ છે.

હશે, તું તો ચાલી ગઈ બ્હેન ! તારી પાછળ ઉન્હા અશ્રુ પણ વહ્યાં છે, હૃદય ઉપર અકથ્ય ભાર સહન કરી નિશ્વાસ પણ મુકયા છે. કારણકે તેઓને તારી તરફ સ્નેહભરી મમતા હતી-છે.

છેવટે, હું અશ્રુ નથી વહાવતો; પણ જે અશ્રુઓ વહ્યા છે, તે અશ્રુઓ તારા આત્માને બન્ધનરૂપ ન થતાં મધુર સુમન થઇ તને સ્વર્ગમાં ભેટો ! એ શુભાશિષ સાથે તારા આત્માને શાન્તિ મળો એ પ્રાર્થતો અત્રેજ વિરમું છું. ! શાન્તિ ! !

—આત્મન

જોગીડો કે બાલુડો.

લે૦ શ્રીયુત નલિનીકાંત.

આગલા વર્ષના પ્રકરણોનો ટુંક સાર.

જોગીને જોઇને કુમારી તેના વૈરાગ્યવેષ અને મૃદુતાથી આકર્ષાતાં જોગીડાને ભિક્ષાર્થે બોલાવે છે, અને તેના વિચાર-ભાષા આદિથી ગુણજ્ઞાન થતા કુમારીના પિતા તેને કુમારીના શિક્ષણનો ભાર સોંપે છે

જોગીડા દ્વારા કુમારીને સંસ્કૃત અને અંગ્રેજી શિક્ષણ આપવાને શરૂ થતાં જોગીડાની વિરાગવૃત્તિ-નિરભિમાનતાની મહત્વાકાંક્ષાઓ જોઇ કુમારીના પિતા વકીલ નાનુભાઇ તથા કુટુંબમાં જોગીડો વિશ્વાસપાત્ર તેમજ આસજનરૂપે જોવાય છે

કુમારી ઉમ્મરલાયક થતા નાનુભાઇના બ્હેન યમુનાને જોગીડા પાસે શિક્ષણ અપાવવાની વાત ન રૂચવાથી કુમારીનો અભ્યાસ અટકે છે અને જોગીડો ગિરનારપર ચાલ્યો જાય છે

યમુના બીનકેળવાયેલ છતા તેમનું માન જાળવવાની વધારે કાળજીના પરિણામે બ્હેનની અંધશ્રદ્ધા પાછળ દોરવાઇ શિક્ષિત નાનુભાઇએ પોતાની બાળપુત્રી (કુમારી) નો લગ્નસંબંધ જામનગરના મુખ્યાજી કેશરીપ્રસાદ કે જે ત્રીજી વખતના લગ્નનો ઉમેદવાર હતો તેની સાથે જોડે છે લગ્ન પ્રસંગે જો કે કુમારીના માતાપિતા અયુક્ત સંબંધથી દુઃખાય છે પરંતુ રૂઢીના શાસ્ત્રમાં લગ્નની ભૂલ સુધારવાને અવકાશ ન હોવાથી તેઓ વાંધો લઇ શકતાં નથી

લગ્ન પછી ત્યાંજ કેશરીપ્રસાદે કુમારીને રીઝવવા હવેલીમાં કુસુમકળી ભરી, પરંતુ કુમારીને તે ન રૂચવાથી ત્યાં ન જવાથી મુખ્યાજી મનમા દુઃખાય છે બીજી સવારે જાન ગીરનાર જતા ગૌમુખઘાટ ઉપરના ઉતારે કુમારીને પ્રેમદાન દેવા મુખ્યાજીએ પોતાની મામી રંભાબાઇ માર્ફત એકાંતમાં તેડાવી કુમારી તે ધૃષ્ટતાને આદર ન આપતા ઉભરી દુઃખવાદને ત્યા ન જતાં બીજી સવારના મહુ સાથમા પણ ન ભળી અને પોતાની સખી કમળા સાથે રામમન્દિરમા દર્શન કરવા ગઇ અહીં કુંડપરની એક કુટીરમા જોગીડાનુ દર્શન થયું જોગીડાના ખોળામાં પડેલા એક પત્રમાં લિખેલું એ અક્ષરો જોયા અને કમળાએ પોતાની ભીડી અભિલાષ લખી જોગીડા તરફ ફેંકીને બન્ને સખીઓ ઉતારે આવી. જાન સાથે ગરીએ રાસમા ભાગ લીધો. ત્યા મહારાજશ્રીની સેવામા જોડાએલા જોગીડાનો કુમારીના માસ્તર પે જાન્ને પરિચય થયો. બીજે દિવસે જાન નીચે ઉતરી જામનગર તરફ વિદાય થઇ જાન જામનગરના સ્ટેશને ઉતરી ત્યા એક સુરદાસને 'જોગન તોરન' નુ ભજન ગાતા સાંભળી આ ભજન કુમારીએ જોગીને મોઢે સાંભળેલુ તે સ્મરણ થતા મો ઉઘાડી તે સાંભળ્યુ

સાસરીયાના સામમા પગ મુકતાંજ કુમારીના આ વર્તનથી કેશરીપ્રસાદને વિશેષ આઘાત થયો. જાન ઘેર આવી ને ગા દી થતાં કેશરીપ્રસાદના શયનમંદિરમા કુમારીને રંભાબાઇ મુકી ગઇ. અશોકવનમા વિરાજતા સીતામૈયાની સ્થિતિ અનુભવતી કુમારી ત્યા બેઠી

* * * *

ભલે ગમે તે હો, મારી દૃષ્ટિએ તો જેટલા પ્રમાણમા શક્ય હતુ, તેટલા પ્રમાણમા ત્હે ત્હારૂં જીવન સફલ બનાવ્યુ છે કારણકે માનવ સ્વભાવ તો એવો છે, કે ખરો સેવાધર્મ ભૂલી ભક્તિના નામે અન્ય સ્થાને દોડાદોડી કરી મુકે છે તેઓને ખ્યાલ નથી કે જેણે જન-પશુ-જગના કલ્યાણ અર્થે પોતાના સ્વજન-ગૃહ-મિત્ર-કુટુંબનો ભોગ આપ્યો છે, તે નિરંજન નિરાકાર પ્રભુને ઠગવાનો ત્હે મારો ખોટો ઢોંગ છે ભૂત માત્ર તરફ દયા બતાવવાનો દાવો કરનારા ત્હમે તુમારી કીર્તિ કે શોભા ખાતર ત્હમારા સ્વજન તરફનો ધર્મ-ફરજ ચુકો છો, અને ભિખાતા કચરાતા મનુષ્ય પ્રાણીને લાત મારી-તેના હૃદયને આઘાત કરતા લેશ માત્ર અચકાતા નથી ભલે એ જીવન ગમે તેટલા ઉચ્ચ હો, પણ તે જીવન જીવનારનેજ મુબારક !

બ્હેન ! છેલ્લી ઘડીએ નિજ માલીના નામને રટતી, તેનુ મુખ જોવા તલસતી તું તેના દર્શન ન પામી શકી અને એજ તુજ માલીની નિષ્ઠુરતા, હૃદયહીનતા છતાય એ અપરાધને ગળી જઈ ત્હેનુ યે કલ્યાણ ઈચ્છતી-આત્માની અનિવાર્ય ફરજ-મૃત્યુને તું આધીન થઈ તે તારી ઉદારતા-આર્ય હૃદયની મહત્તા

તારા જેવાના મૃત્યુ ખાતર શોક શાગાટે હોય ? કારણકે જન્મ અને મૃત્યુ એ તો આત્માની અનિવાર્ય ફરજ છે અને જન્મ અને મૃત્યુ આ બે વચ્ચેનો જે જીવનકાળ તે સમયમા પ્રાપ્ત થતી વિવિધ ફરજો સફળપણે બજાવવી તે જીવનનો હેતુ કદાચ જનસમાજની દૃષ્ટિએ પડયા સિવાય, કચ્છના રણમા સમાઈ જતી સરિતા માફક હિન્દુ સંસારના હાલ પ્રચલિત બન્ધનો અને રિવાજોમા તારૂ જીવનઝરણુ અગોચરપણે વહ્યુ તેથી શું ? શુ તેથી જેટલા પ્રમાણમા શકય હતી તેટલા પ્રમાણમા બજાવેલી તારી ફરજો નિષ્ફળ ગણાય ? નહીંજ કારણકે તારી માફક આમ કેટલીક સરિતાઓ દીન ઉગ્યે રણમા સમાઈ જતી હશે ? કોણ જાણે છે ? કોને પરવા છે ? જનસમાજતો જગન્નાથજીનો રથ છે

હશે, તુ તો ચાલી ગઇ બ્હેન ! તારી પાછળ ઉન્હા અશ્રુ પણ વહ્યા છે, હૃદય ઉપર અકથ્ય ભાર સહન કરી નિશ્વાસ પણ મુકયા છે કારણકે તેઓને તારી તરફ સ્નેહભર્યો મમતા હતી-છે

છેવટે, હુ અશ્રુ નથી વહાવતો; પણ જે અશ્રુઓ વહ્યા છે, તે અશ્રુઓ તારા આત્માને બન્ધનરૂપ ન થતા મધુર સુમન થઇ તને સ્વર્ગમા ભેટો ' એ શુભાશિષ સાથે તારા આત્માને શાન્તિ મળો એ પ્રાર્થતો અત્રેજ વિરમુ છુ ' શાન્તિ ! '

—આત્મન

નથી. આખા ભારત વર્ષનો પ્રવાસ મ્હારે તો અહીં મ્હારી કુટિરમાં વસતા થઈ જાય છે. દેશ વિદેશના સાક્ષરો, કવિજનો, કલારસિકો, કૃષિકારો અને સાધુઓનો પુણ્ય યોગ મ્હને તો પ્રતિદિન થતો રહે છે. બંગાલ, કાશ્મીર, પંજાબ, દક્ષિણ, મારવાડ અને કચ્છ આદિ ભિન્ન ભિન્ન પ્રદેશના પ્રવાસીઓનાં મિલન આ ગિરિરાજ ના વિશાળ ઘુમ્મટમાં મળી રહે એ ભાગ્ય જેવું તેવું નજ કહેવાય! ઓશીકે આમ વિચારતો હતો, ત્યાં ન્હાનુભાઈની ચિઠ્ઠી આવી, તેમાં યે એજ ખબર હતા "કે ગઈ રાત્રીએ સહુ નીચે આવી ગયાં છે. આજે પ્રભાતમાં ચડશે એટલે બપોર સુધીમાં ઉપર આવી જશે" એમ ન્હાનુભાઈએ જણાવેલું. ધર્મ પ્રધાન ભારત વર્ષમાં યાત્રા એ ધર્મનું શ્રેષ્ઠ અંગ માનવામાં આવે છે. આ ભાવનાને લઈ જૈન અને વૈષ્ણવ, શૈવ અને શાક્ત, સહુ પોત પોતાનાં તિર્થોમાં સ્નાન અને યાત્રા કરી જીવનને ધન્ય માને છે. કોઈ ચાર તો કોઈ ચોસઠ ધામ પણ સહુ કોઈએ યથા શક્તિ યાત્રા તો કરી હોય છે. આ યાત્રાળુઓ જે જે દેશમાં-તીર્થમાં જાય છે ત્યાં ત્યાં સર્વથા અપરિચિત હોય છે. એટલે યજમાન અને ગોરની પ્રથા યાત્રાના ક્રમમાં શરૂ થઈ યજમાનના બાપ દાદા કોઈ યાત્રા કરવા ગયેલા હોય તેઓનાં નામ ગોર ચોપડામાંથી શોધી આપે છે. અને એ નામથી અજ્ઞાત યજમાનોના પોતે ગોર છે એમ તિર્થવાસી બ્રાહ્મણો ઓળખાવે છે. અને યજમાનની યોગ્યતાના પ્રમાણમાં આ ગોર બનેલા બ્રાહ્મણો તેઓની શુશ્રૂષા-સત્કાર કરે છે. પરંતુ જેટલું કરે છે, તેનાં કરતાં ચાર ગણી યજમાન તરફથી મળવાની આશા રાખે છે. એટલે યજમાન અતિથીનાં ધર્મ તદ્દન સ્વાર્થથી સંધાયેલા હોય છે. સ્નેહનાં આતિથ્યની ત્યાં ગંધ સરખી પણ હોતી નથી. આવા સ્વાર્થપરાયણ તિર્થવાસી બ્રાહ્મણો આપણે ત્યાં થોડા નથી.

આપણા દેશમાં બ્રાહ્મણોના એક મ્હોટો વર્ગ તીર્થની આજીવિકાપર નિર્વાહ કરે છે. હિન્દુસ્તાનનાં તીર્થોમાં તીર્થવાસી બ્રાહ્મણો લગભગ અજ્ઞાન અને નિરક્ષર દેખાય છે. ગંગા અને યમુનાના ઘાટ પર કાંઈ ધર્મકાર્ય કરાવવું હોય તો યજમાનના તીર્થ ગોર કરાવી શકતા નથી. ગોમતી ઘાટ પરના ગુગળી બ્રાહ્મણો, પ્રભાસ પાટણના સોમપરા બ્રાહ્મણો, ડાકોરના ગુજરાતી બ્રાહ્મણો અને દામોદર કુંડના ગિરનારા બ્રાહ્મણો, લગભગ સમાન કોટીના છે યજમાન અને અતિથીના પરસ્પર ધર્મ શું એ પણ એ બ્રાહ્મણોને જ્ઞાન નથી. તીર્થમાં સ્નાન કરનાર યજમાનનાં વસ્ત્ર સાચવવાનું કાર્ય આ બ્રાહ્મણોનું છે. તીર્થપર નારાયણ બલી કે ગયા શ્રાદ્ધ સરાવવું હોય તો તીર્થગોરો કોઈ પૌરાણીક બ્રાહ્મણોને શોધી લાવે છે. 'વરમરો કન્યા મરો, પણ ગોરનું ત્રભાણું ભરો' એ નીતિવાળા તીર્થ ગોરો યજમાન કેવાં કષ્ટ સહી આટલે દૂર હોય છે, એ યજમાનનો શુદ્ધ સંસાર કેમ ચાલે તો હોય છે. 'એ પૂછવું', એ જાણવું તો દૂર રહ્યું, પણ પાછો [illegible] દક્ષિણા અને

ગોરાણી માટે સાડલો આપવોજ જોઈએ અને નહીં આપનાર સાથે માથાફોડ કલહ કરનાર પણ આ-બ્રાહ્મણો છે. બે ધર્મની વાતો સંભળાવવી, તીર્થની પ્રાચીન ધાર્મિકતા બતાવવી અને યજમાન અતિથીમાં કુટુંબભાવ લાવવો એ સર્વ વિસરાઈ ગયું છે. સવારના સાતથી બપોરના બાર સુધી ગોઠણ સુધી પહોંચતા પંચીયાં પહેરેલા, પાઈ અને પૈસા માટે માથું ખાનારા, બ્રાહ્મણોનાં ઘર આગળ ગોરાણીઓ રાજની રાણીઓ પેઠે મહાલતી હોય છે. ગોકુળ મથુરાનાં પંડયાઓની સ્ત્રીઓ જૂનાગઢની ગિરનારીઓ કે પાટણની સોમપરીઓને જોવાથી સહજ અનુભવી શકાશે કે આ ભિક્ષુકોની પત્નીઓ પૈસાનો કેવો ભયંકર દુર્વ્યય કરી રહી છે ! છેલ્લામા છેલ્લી ફેશનનાં ઓઢણાં, પોલકાં અને ઘેરદાર ઝાલર ભરેલા ઘાઘરા આ લોકોનાં બૈરાં ખરીદે છે, હાથમાં હીરા બંગડી, કાનમા સુવર્ણ એરિંગ ઝુલતાં હોય છે. અને ફેન્સી કટને લજવે તેવો અંબોડો ગુંથી અમદાવાદી ઢબથી ચાલતી, મુંબઈગરી ફેશનથી બોલતી, ગોરપત્નીઓ ક્યા યજમાને નથી જોઈ ? આથીજ દ્વારકામાથી દ્વારકાધીશ ડાકોરજી સિધાવ્યા અને હવે ડાકોરના બ્રાહ્મણોના વર્તનથી ડાકોરમાંથી યે ભગવાન વિદાય થયા હોય એમ મ. ગાંધીજીને ડાકોરના પ્રયાસ વખતે દેખાએલું.

અપરિચિત અને અજ્ઞાન યજમાનોને આ બ્રાહ્મણો આશ્રયસ્થાન આપે છે, સેવા-શુશ્રુષા કરે છે; પરંતુ આ સર્વ વ્યવહાર અત્યંત મલીન તથા સ્વાર્થપૂર્ણ છે. આથી યાત્રાળુઓને આ વ્યવહારમાંથી બચાવી લેવા દેશના સેવાપરાયણ પરમાર્થ બુદ્ધિના શ્રીમાનોએ ધર્મશાળા રચવાની યોજના કરી. દેશના સદ્‌ભાગ્યે આવા દાનવંત મહાનુભાવ શ્રીમાનોએ આજકાલ ઠામ ઠામ ધર્મશાળાઓ બંધાવી યાત્રાવાસીઓ પર ન ભૂલાય તેવો ઉપકાર કર્યો છે. કુવા, વાવ, ધર્મશાળા, સેનીટોરિયમ આદિ રચવામાં લક્ષ્મીવન્તોની લક્ષ્મીનો ખરેખર સદુપયોગ છે. દ્વારકાં ખંભાળીઆ અને કચ્છના વૈષ્ણવ અને મારવાડ, મેવાડ અને ગુજરાતના જૈન શ્રીમાનોના ધન્ય આત્માઓને આ ધન્ય પ્રવૃત્તિ માટે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. આવી ધર્મશાળાઓમાં દીવા બત્તી, પથારી પાગરણ, બરચાંઓ માટે ઘોડીયાં, ઠામ વાસણ આદિ યાત્રાળુઓને વિનામૂલ્ય આપવાનો બહુ સુંદર પ્રબંધ હોય છે, ગોર મહારાજોનાં આતિથ્યમાં જેટલો સ્વાર્થ સમાયો છે, તેટલો આ ધર્મશાળા રચનારાઓમાં પરમાર્થ ભરેલો છે.

માસ્તર જયવન્તલાલે વેકેશનના કેં દહાડા ગિરનાર પર ગાળવાનો નિશ્ચય કરી પોતાનાં કુટુંબ અને શિષ્ય અનિરૂધ તથા બટુકને સાથે લઈ મુંબઈના ભાટિઆ ગૃહસ્થ સ્વ. શ્રીમાન્ જીવરાજ દયાલની ધર્મશાળામાં પોતાના સાથીઓ સાથે નિવાસ કર્યો. આ ધર્મશાળાની રચનાજ એવી સુંદર છે કે ત્યાં નિવાસ કરતાંજ પ્રવાસના શ્રમ, સુખ-દુઃખનાં કષ્ટ સહજમાં વિસરી જવાય છે ધર્મશાળાના

વિશાળ ચોકમાં લીમડાનાં વૃક્ષ રોપેલાં છે. તુલસી કયારાંઓ ગોઠવેલા છે. ન્હાવા ધોવા માટે કુવો અને નળ રાખેલાં છે. અને કુવાની નજીકમાંજ ન્હાની સરખી બગીચી બનાવી છે. લીંબુ, દાડમડી, ડોલર, ગુલાબ આદિ ફૂલ ઝાડો અને બાજુમાં ન્હાના સરખા બાંકડાઓ ગોઠવેલા છે. ધર્મશાળાનો રક્ષક પણ તેવીજ ઉદાર બુદ્ધિનો અને સેવાપરાયણ ગૃહસ્થ છે. ધર્મશાળાની વ્યવસ્થા, સ્વચ્છતા અને શોભા પ્રતિદિન કેમ વધતી રહે એ માટે રક્ષક નિરંતર કાળજી રાખતો. યાત્રાળુઓને આપવામાં આવતી સહુ વસ્તુઓ નિયમિત હાજર કરતો; પરંતુ પાંચ પૈસા આપી જાય તેવી શુદ્ર આશા રાખતો નહીં. આ સદ્ગુણોથી યાત્રાળુઓને એ અધિક પ્રિય થઈ ગયો હતો. માસ્તર જયવન્તલાલ રાત્રીની મ્હોટી ટ્રેનમાં આવેલા ત્હોયે સર્વ વસ્તુઓની સગવડ એજ વખતે ધર્મશાળાના રક્ષકે જાતે કરી આપી. પ્રભાતમાં ગિરિનાર પર ચ્હડવાનું હોવાથી ભાડુતિ ટાંગાઓનો બંદોબસ્ત પણ એ ભાઈએ કરી આપ્યો.

પ્રભાતના પ્હોરેજ ગિરનાર પર ચ્હડવા માંડયું. ઇતિહાસના અભ્યાસી શિક્ષક જયવન્તલાલ માર્ગે ચાલતાં ઐતિહાસિક અને નૈસર્ગિક દ્રશ્યોની પોતાના શિષ્યોને સ્હમજ પાડતો. પાંચ પાંડવની દેરીઓ, રાજર્ષિ ભતૃહરિ અને જોગી ગોપિચંદની ગુફાઓ, માળીપરબ આદિ વિશ્રામ ઘાટ વટાવી પહાડની ખુલ્લી તાજી હવામાં આગળઆગળ ચાલતા પ્રવાસનો શ્રમ સ્હેજે વિસારવા માંડયો. જયવન્તનાં લક્ષ્મી પણ ઉમંગથી શ્રમિત થયા વગર ચ્હડયે જતાં હતાં. લક્ષ્મીની બાળકપુત્રી ઇન્દિરા પણ બાની આગળીએ ચાલતી તો ઘડી દોડતી સહુની આગળ નીકળી જતી. નિયમિત ગૃહજીવન ભોગવનાર દંપતીનાં બચ્ચાં નિર્માલ્ય કેમ નીવડે? દેખાવડાં, વીર્યવાન બાંધાનાં લાલીભર્યા મુખવાળાં, તેજસ્વી લલાટ વાળાં, સૂક્ષ્મ બુદ્ધિવાળાં, હસમુખાં, પ્રફુલ્લ અને પ્રસન્ન રહેતાં બાળકો ઉત્પન્ન કરવાં એજ ગૃહજીવનની સફલતા છે. એ બાળકોનાં માતા પિતાનાં ધન્ય જીવનને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

જયવન્ત અને લક્ષ્મી સમાં હિન્દુ ગૃહસ્થીઓના ભૂષણ સમાં માતા પિતાને ઘેર જન્મ લેવાનું, અને પુત્રીપદને શોભાવવાનું સૌભાગ્ય બાળક ઇન્દિરાને મળ્યું હતું. દેવકન્યા જેવી ઇન્દિરાને જોતાં સહુ કોઈની આંખ ઠરતી હતી.

મધ્યાન્હ પહેલાં સહુ ઉપર આવી પહોંચ્યા. યોગ્ય યજમાનના યોગ્ય અતિથી. આવા યજમાન અતિથીના સમાગમ આ જમાનામાં વિરલ હોય છે. આજ તો ન્હાના પ્યાલાથી ચાલી શકે ત્યાં સુધી આંગણે આવનાર અતિથીને જમવાનું પૂછેજ કોણ? અને વ્હાલામા વ્હાલો અતિથી પણ જો બે દહાડાથી વિશેષ રહ્યા તો યજમાનનાં સમભાવ શીઘ્ર પલટાઈ જવાનાં! આ દેશનો આતિથ્ય

ધર્મ એક કાલ એટલે સુધી વિકાસ પામ્યો હતો કે–પક્ષીઓએ પણ અતિથી કાજે પ્રાણ આપેલા છે. શિબિરાજાએ ક્રમશઃ સમગ્ર દેહને તૂલા પર ચ્હડાવી અતિથીને સંતોષ્યા છે. વૈશ્યવર્ગ સગાલશાહે અતિથી યત્નમાં એકના એક પુત્રનું બલિદાન આપ્યું છે. ભારતમા અતિથ્ય ગૌરવ જ્યારથી ઘટયાં, ત્યારથી હિન્દુ દંપતિનાં દેહપર અનુરાગ–આસક્તિ વધ્યાં. 'હું ને મ્હારી વહુ એમાં આવ્યું' સહું એમ મનાવા માંડયું–સર્વ સંબંધ અને સ્નેહનો સરવાળો આયડી છોકરાંમાં થઈ ગયો. કુટુંબતંત્ર ચુંથાઇ ગયા, મુરબ્બીઓની મર્યાદા વિસરાઈ ગઈ, સંયુકત કુટુંબની રચના અળખામણી થઈ, માતા પિતા અને સહોદરથી જુદા રહેવા માંડયા, સ્થાવર જંગમ સમૃદ્ધિમા વાણીયાશાહી નીતિથી ભાગ પાડ્યા–સ્નેહ ગયા અને સ્વાર્થ વધ્યા. વ્હાલ ગયા અને વેર વધ્યાં, આતિથ્ય ગયાં, અને અનુરાગ વધ્યાં, સ્વાસ્થ્ય ગયાં અને રોગ વધ્યા. સૌન્દર્ય ગયું અને ફેશન વધી, કળાં ઘટી અને કામ વધ્યા ભાવના ઘટી અને ભોગ વધ્યો. આમ હિન્દુ ગૃહજીવનમાં અવિભકતપણું તુટવાથી મહાન ધરતીકમ્પ સમું પરિવર્તન થઈ ગયું. —ચાલુ.

જાગો જોગીડા !

(રાસ)

ત્યાગી સમાધિનાં પુર! જાગો જોગીડા!
યોગિની ઉભી હુ દૂર! જાગો જોગીડા!
શુ ત્યાગો જોગીડા? ત્યાગી૦ ૧
ધુણીએ તપતી! તુંહી, તુંહી, જપતી!
વિધીને ઉડેરા ઉર! જાગી જોગીડા! ત્યાગી૦ ૨
ભેખ ભજવાવો ! શાને લજવાવો!
ગુણાવી ઓંગ તાલ સૂર! જાગો જોગીડા! ત્યાગી૦ ૩
કફન પ્હેરાવો ! ઝોળી અપાવો !
બનાવા યોગને મધુર! જાગો જોગીડા! ત્યાગી૦ ૪
યોગી નથી પૂરા! હું વિના અધૂરા!
યોગિની ર્હે કેમ દૂર? જાગો જોગીડા! ત્યાગી૦ ૫
રહીશું સગાતે, વહિશું આ વાટે!
પુરીશું યોગ માંહી નૂર! જાગો જોગીડા! ત્યાગી૦ ૬
સનમ સ્વિકારો! ન્હેમ કાંઈ ધારો!
પેખાડો યોગના પૂર! જાગો જોગીડા! ત્યાગી૦ ૭

"રસહિન"—(થોડાસરકર)

સમયના પ્રવાહમાં.

રાષ્ટ્રીય સપ્તાહ—સારા-માઠા દિવસના સ્મરણ તાજા રાખવાને પર્વણી તરીકે તે દિવસ ગણાય છે. હિંદને જગાડવાને પંજાબના નરહત્યાકાંડે કારણ આપ્યું. જલીયાંવાળા બાગમાં હજારો નિર્દોષ હિંદીઓને સત્તાના મદે છુંદ્યા, ગોળીઓના વરસાદ વરસાવી કેકને ત્યાંજ મૃત્યુશય્યામાં સુવાડયા. તેવા મરનારના મુડદાંઓને પણ શોધી ઠેકાણે પાડવા દેવામાં વિઘ્ન નંખાયાં અને લોકોને નાક તથા પેટ ઘસતા ચલાવી ધુળ ચટાવી. હિંદમાં નોકરશાહીની સત્તાનું જોમ કેટલી હદે પહોંચ્યું છે, તે માપવાને આ નરહત્યા યજ્ઞ હતો. સેંકડો હીંદી તેમાં હોમાયા અને તેની હાય વરાળથી હિંદ ભભુકી ઉઠયું. આ દિવસ તા. ૧૩ મી એપ્રીલનો હતો.

આવા દુઃખના દિવસો કેમ વિસરાય! છેલા મહા યુદ્ધમાં જે શીખો મોખરે ઉભા રહ્યા, મિત્ર રાજ્યના અંગ્રેજી તથા ફ્રેન્ચ લશ્કરના પડખે રહી લડ્યા અને હજારોની સંખ્યામાં પ્રાણની આહુતી આપી જીતમાં જશ લીધો. અણીના સમયે શીખ શુરવીરોને ફ્રાન્સની રમણીયોએ વધાવ્યા. જ્યારે તેજ શીખોને વિના વાંકે જલીયાનવાળા બાગના મેદાનમાં ડાયરશાહીએ સત્તાના મદમાં ગોળીયોથી વિંધ્યા. એ દિવસેજ હિંદને ચેતાવી દીધું અને રાષ્ટ્રઅઠવાડીયા તરીકે તા. ૬ ઠી થી તા. ૧૩ મી એપ્રીલના દિવસોએ જાગૃતીના જયનાદ ફેલાવવાને રાષ્ટ્રનેતાએ આ પર્વના દિવસો ગણ્યા.

આ વર્ષે પણ તા. ૬ ઠી થી તા. ૧૩ મી એપ્રીલના દિવશો રાષ્ટ્રીય અઠવાડીયા તરીકે પળાયા. હજારો દેશનાયકોએ જેલમાં જતાં જતાં જે કહ્યું હતું તે આજ્ઞાને અમલમા મુકવા ગામે ગામ સભાઓ ભરાઇ, ખાદી પહેરનાર અને વેચનાર વધ્યા, મહાસભામાં મેંબરો નોંધાયા અને તિલકસ્વરાજ્ય ફાળામાં લોકોએ નાણા ભરી દેવામાં જરાએ વાર ન લગાડી.

મહા સભાની મેંબરશી ઉઘરાવવા તીલક સ્વરાજ્ય ફાળામાં નાણાં માગવા કે ખાદી વેચવા માટે ભલભલાએ નીકળ્યા હતા. મહાત્મા ગાંધીજીના ધર્મપત્નિ શ્રીમતી કસ્તુરબા, બ્હેન અનસુયા અને બીજી બ્હેનોએ અમદાવાદની પોળોમાં ખાદીના તાકા ફેરવી મોટી રકમના વેચાણ કર્યા. મુંબઇમાં શ્રીમતી સરોજીનીનાયડુ, શ્રીમતી રતન બ્હેન, શ્રીમતી જમનાબાઇ વગેરે બ્હેનોએ પણ આગળ પડતો ભાગ લીધો. ભાવનગરમાં પણ બ્હેનો ખાદી વેચવા નીકળી. જ્યાં બ્હેનો રાષ્ટ્રસેવાની આજ્ઞાને અમલમાં મુકતી થાય, આગેવાની લેતાં શીખે ત્યાં ભાઇઓના સંખ્યાબળનું તો પુછવુંજ શું? પ્રજા પણ હવે છેક અજાણી નથી રહી. ફ્રી, ફાળો ભરવામાં કે ખાદી ખરીદવામાં સમજાવવા જેટલો શ્રમ નહોતો રહ્યો,

લોકો તુરતજ આગેવાનોને આદર દેતા અને હોંશથી સાનમાં સમજી જતા દેખાયાં. આ જોતાં રાષ્ટ્ર અઠવાડીયામાં રાષ્ટ્ર જાગૃતિનું માપ સારૂં અંકાયું ગણાય.

રાજમાતાની લાગણી—સંયુક્ત પ્રાંતના સરદાર મોતીલાલ નહેરૂથી કોણ અજાણ્યું છે ? બંગાળાએ, જેમ દેશબન્ધુ ચિતરંજનદાસ અને પંજાબે શ્રીમાન લાલા લજપતરાય જેવા સરદારોને મદે ચડેલી સરકારને સોંપ્યા તેમ સંયુક્ત પ્રાંતે પણ વાર્ષિક આઠ લાખની આવકવાળા શ્રીમાન મોતીલાલ નહેરૂને સોંપ્યા. નહેરૂ મહાશય અલ્હાબાદના પોતાના રાજમહેલનો વૈભવ અને સેંકડો નોકર-ચાકરોની સેવામાં ઉછરવા છતાં દેશની સ્વતંત્રતા માટે જેલમાં રહી, ૫૮ ને ૨.દી લેવામાંએ શૂર નિવડ્યા. તેમનો પરિવાર પણ તેવોજ હોય. સિંહના તો સિંહજ નીવડે. નહેરૂ મહાશયના મોટેરાં-કુટુંબીજનો—તેમના ધર્મપત્નિ એ સર્વેજાં તેમના પગલે દેશસેવા કરવાને નીકળી પડ્યાં. તેમના પુત્રે જેલનો સાથ કર્યો અને અહીંથી તહીં જતાં પણ મોટર, ગાડી કે પહેલા વર્ગના ડબાની ખાસ ગાડીઓ છોડાવનાર કબીલો દેશ માટે ફકીરી લઈ નીકળ્યો.

શ્રીમાન મોતીલાલ નહેરૂના લાડકવાયાં પુત્રી શ્રીમતી સરૂપારાણીને કાઠિયાવાડના જુના-જાણીતા બેરીસ્ટર સીતારામ શર્મા રાજકોટવાળાના પુત્ર શ્રીયુત રણજીતસિંહજી-બેરીસ્ટર જોડે પરણાવ્યાં છે એટલે શ્રીમતી સરૂપારાણીને કાઠિયાવાડની સેવા કરવાની ઠરી. તેમણે પોતાને કાઠિયાવાડણ તરીકે ઓળખાવવામાં આનંદ માની શ્રીમતી વિજ્યાલક્ષ્મી નામ રાખ્યું. અને રાષ્ટ્રિય સપ્તાહમાં સજોડે કાઠિયાવાડમાં ફરી વળ્યાં. સંયુક્ત પ્રાંતના સરદારનાં પુત્રી અને કાઠિયાવાડના કોહીનૂરને જોઈ કયું હૃદય ના પીગળે ? બ્હેન વિજ્યાલક્ષ્મીએ કાઠીયાવાડને ખાદી તથા રેંટીયાનો સંદેશો કહ્યો. પાલીતાણા જેવું નાનકડું રાજ્ય કે જેણે સભાબંધીનો ધારો ઘડયાનું કલંક ચોટયું છે. ત્યાંએ શ્રીમાન રણજીત સિંહજી અને શ્રીમતી વિજ્યાલક્ષ્મીને પ્રજાએ પૂર ઉત્સવથી વધાવ્યા અને રાજમાતાએ પણ કહેવરાવ્યું કે—"બ્હેન, હું એ રેંટીયો ફેરવી રહી છું, સભામાં તમને સાંભળવાનું મન કરૂં પણ અમારો રાજધર્મ ઓજલનો રહ્યો એટલે ઉપાય નહિ." જ્યાં રાજમાતાનો પણ રેંટીયાને આટલા કમળકાળયોં આદર હોય ત્યાં રેંટીયા વિનાના ઘર કેમ રહે ?

સુરતમાં—તા. ૧૪ મીએ સુરતે રાષ્ટ્રીય સપ્તાહના પારણા કર્યા. માતા કસ્તુરબાએ આ સપ્તાહમાં બારડોલીને અજવાળીને સુરતને પણ લાભ આપ્યો. એટલે તે દિવસે આર્યસમાજના હોલમા સ્ત્રીઓની ખાસ સભા કસ્તુરબાને સાંભળવા મળી. પ્રમુખસ્થાન માલતી બ્હેને લીધું. સંદેશો તો કસ્તુરબાનેજ કહેવાનો હતો. તે સુણાવતાં કહ્યું કે—

તમારા સુરતમાં તો મહાસભાના મેમ્બરો પણ આવી ગયા એટલે તમને શું કહેવાનું હોય. તમને ખુબ સમજાવ્યા છે, તમારે કેવળ મહાસભાનો કાર્યક્રમ મનન કરવો જોઇએ અને તેને અમલમાં મુકવો જોઈએ. તમે જુઓ છો કે આપણા કેટલાએ ભાઈઓ ભુખે મરે છે. અને કેટલીએ બેનો નવસ્રી ધુમે છે અને વધારામા આપણા બેગુનાહ ભાઇઓને સરકાર જેલમાં પુરે છે. કારણકે તેનું રાજ્ય છે. પણ આપણે એવા ભોળા હતા કે તેમને અહીં વસવા દીધા. આપણે નહોતા જાણતા કે એઓ આપણને પેટે ચલાવશે, નગન કરી ફટકા મારશે, નાકલીંટીઓ તણાવશે, પણ હવે એ ખ્યાલ આવ્યો છે. અરે! તેમના એ અપરાધો બદલ માફી માગવાને બદલ એ જુલમ કરનારને આપણા પૈસામાથી પેનશન અપાયે જાય છે અને પુછતાં કહે છે કે ‘એક વખત થએલી ભુલથી પછવાડેના સારાં કામોને સરકાર કેમ ભુલી જાય?’ તે ગમે તેમ કહે પણ આપણે કાઇ એ ઘા ભુલી શકતા નથી. અત્યારસુધી આપણે સ્વપ્નવશ હતા પણ હવે તો જાગ્યા છીયે ત્યારે હીંદને કેમ ઉંચે ચઢાવી શકાય તેનો ખ્યાલ કરવો જોઈએ આપણે કાંઈ વીલાયતી સ્રીઓની માફક પુરૂષોને દારૂગોળાની મદદ નથી કરવાની કે તેમને તલવાર અને બંદુક બાંધીને લડવા જવાનું કહેવું નથી. આપણે તો હીંદનું ધન હીંદમાં રહે એવું કરવાનું છે. મોતીના દાણા જેવો કપાસ લઇને તેને પીંજાવીને પુણી કરી, ટાઢે છાંયડે બેસી કલાક કલાક કાંતવાનું છે, એ સુતરને ભાઈઓ ખુશીથી વણાવી દેશે.

એક વખતે આપણા આ ગંગાબ્હેને (બાપુજીને) પુછ્યું કે હું શું કરૂં? ગાંધીજીએ કહ્યું કે તારે તો બેનોને પુણી અને સુતર આપવાં અને કાપડ વણાવવું. એ બેન પહેલાં તો ખુબ સુતર પેદા કરીને અમદાવાદમાં અમારા આશ્રમમાં વણાવવા મોકલાવી આપતાં, પણ હવે તો તેઓ જાતેજ અત્યજો પાસે વણાવી લે છે. બેનો આ શુદ્ધ ખાદીમાંજ આપણું ભુષણ છે. કેમકે વીલાયતી કાપડમાંથી આપણું અંગેઅંગ દેખાય, હજારો ભાઈઓ ગરીબ થઈ જાય તે કેમ ખમાય! હજારો ભાઈઓ જેલમાં ગયા તેને છોડાવવાને પણ આપણે ખાદીનો પ્રચાર કરવો રહ્યો.

બીજું રાષ્ટ્રીયશાળામા તમારે તમારાં છોકરાઓને ભણાવવા જોઇએ. રાષ્ટ્રીયશાળામાં આપણી માતા અને બેનો રાષ્ટ્રીય હૃદય રાખીને શીક્ષણ આપે છે તેથી આપણી બાળાઓ દેશભક્ત બનશે. તમારે રાષ્ટ્રીયશાળાની મગરૂરી રાખવી જોઇએ. દક્ષીણ આફ્રીકાની તામીલ બેનોમાં મેં એવી શુદ્ધ મગરૂરી જોઈ હતી. ‘એક વખતે અમે હીંદમા લગ્ન કીધું છે, બીજી વખતે નહીં કરીએ. અને તેથી જેલમાં જશું.’ એમ કહીને હજારો તામીલ સ્રીઓ બહાર નીકળી પડી, પુરૂષોને દંડાળી કાઢયા. હજારો તામીલ સ્રીઓને જેલમાં નાંખવામા આવી. ત્યા

તેમની પર ખુબ ડર વરતાવ્યો. વોર્ડરો કહેવા લાગ્યા કે તમે સરકારની માગણી કબુલ કરીને બહાર નીકળી જાઓ. નહીં તો તમે અહીં મરી જશો અને અમારે તમને બાળવા પડશે. અમે કહ્યુ કે સરકાર અમારી માગણી કેમ કબુલ ન કરે? આખરે બહેનોના આત્મબળથી સરકારને નમવા આવવું પડયુ. વળી, ગરીબ કે તવંગર દરેકને ત્રણ પાઉંડનો કર આપવો પડતો હતો. બધા ભાઇઓએ કર ન ભરવાનો નિશ્ચય કીધો. અંગ્રેજોના કાળા નોકરોએ. પણ જેલો ભરી નાખી અને એ નિશ્ચયના બળથી એ કર નીકળી ગયો. આપણે હાલ કેવળ ખાદીજ અંગીકાર કરવાનો નિશ્ચય કરવાનો છે. વીલાયતી કાપડમાં ચરબી ભેળાય છે. રેશમી કાપડ, રેશમી જીવડાંને પાણીમાં ઉકાળીને પછી બનાવાય છે.

બેનો, આપણા જુના સાસુ સસરાઓ શું પહેરતા હતા? આપણે કાંઇ જાડાં કપડાં પહેરવાથી લાજશું. નહીં વીલાયતી કાપડ આપણે તજવા લાગ્યા ત્યાં વીલાયતમાં આજથી પોકાર થઈ રહ્યો છે. અને એજ પોકારને લીધે ગાંધીજીને જેલ મળી છે. આપણે વીલાયતી કાપડ લેવાનું નસુદ્ધું બંધ કરીએ તો ત્યાંની મીલો કેમ કરીને ચાલે?

આ સરકારને જ્યારે લાખો રૂપીઆ ખાવાના મળતા હતા, ત્યારે તો તે કાંઈ બોલતી નહોતી અને જ્યારે હવે મળતું નથી ત્યારે હવે દશ વરસના છોકરાને પણ સજા કરવા માંડી છે. એ આપણાથી કેમ સહન થાય? તમે પ્રતીજ્ઞા લો અને ગંગા બહેનની માફક કામ કરવા મંડી પડો.

મહાત્માજીએ રેંટીયાનોજ સંદેશો આપ્યો છે. ખાદીના એ સંદેશાને તમે રટયા કરજો. આ કાનેથી પેલે કાને કાઢી ન નાખશો.

ગંગા બહેને જણાવ્યું કે—સ્ત્રીઓની શોભા ઝીણાં વસ્ત્રોમાં નથી પણ કર્તવ્યમાં અને શીયળરક્ષામાં રહેલી છે. ઉપરની શોભા તો ચાર દિવસની છે. ગાર્ગી અને દ્રૌપદી જેવી સ્ત્રીઓ વલ્કલ પહેરતી હતી, છતાં તેમના દયાભાવ અને ધાર્મીક ભાવને લીધે પૂજ્ય ગણાય છે. જે વસ્ત્રોનું સોસાયટીમાં માન ન હોય તે હજારોની કીંમતના હોય તો પણ ત્યાજ્ય છે. મહાત્માજીએ જેલમાં જતાસુધી ખાદીનો મંત્ર શા માટે આપ્યો? જેમ વધુ સંકલ્પ થાય, જેમ આત્મા શુદ્ધ બને તેમ કાર્ય જલદી સફળ થાય. શહાજહાનાં લશ્કરના સંકલ્પ બળે વીશાળ વડ પણ સુકવી નાખ્યો હતો, તો પછી જો આપણે રોજ રેંટીયો કાંતીએ અને દૃઢ સંકલ્પ કરીએ તો આ રાજ્યનીતી બદલાવ્યા વગર નજ રહે.

વળી વીધવા બેનો જો સ્વયંસેવીકાઓ તરીકે બહાર પડે તો સ્વયંસેવકોની ખોટ ન રહે, અને તે બેનોને વીધવાપણું સાલે પણ નહીં. દેશના કામમાં પડવાથી તેમનું જીવન પારસમણી જેવું ગની જાય. પુરૂષોને તો શોથે

આશ્રમે સંન્યાસીનો અધિકાર છે, પણ સ્ત્રીઓને તો વીધવા થાય ત્યારથીજ સંન્યાસનો અધીકાર છે

વનિતા વિશ્રામ—અમદાવાદમા મહાત્મા ગાંધીજીનાં હાથે શ્રી છીવકોર વનિતા વિશ્રામ ખુલ્લુ મૂકવાની ક્રીયા શ્રીમતી સરલાદેવી અ બાલાલભાઈના હાથથી થઈ છે. આ વનિતા વિશ્રામમાં શાળા, વિશ્રામ, અને ઉદ્યોગગૃહ એ ત્રણ ખાતા છે. શીક્ષણમાં ધાર્મિક શીક્ષણ, ગૃહશાસ્ત્રનું જ્ઞાન, નાગરીક ધર્મ ભાવનાની ખીલવણી, અને રસવૃત્તિના પોષણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે, ને તેને ૧૯૨૦ ના જુલાઈથી પ્રો૦ કર્વેના મહિલા વિદ્યાપીઠ સાથે જોડવામાં આવી છે. વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૪૨ છે, અને કુલ શીક્ષકો ૨૬ છે, તેમાંથી ૮ બીનપગારદાર થોડો વખત કામ કરનારા છે. વિશ્રામ વિભાગમાં ખાસ કરીને વિધવા અને નિરાધાર બાળાઓ રહે છે, અને જગા હોય તો વિવાહીત અને કુંવારી બેહેનોને રાખવામા આવે છે. હાલ તેમાં ૧૦ વિધવા, ૪ સધવા, અને ૭ કન્યા રહે છે. ઉદ્યોગગૃહમા હાલ માત્ર શીવણજ શીખવવામા આવે છે.

પ્રફુલચંદ્ર રોયની પ્રવૃત્તિ—બંગાળાના જાણીતા રસાયણશાસ્ત્રી પી. સી. રોય રેંટીયા-ખાદી પ્રચાર માટે ભારે કામ કરી રહ્યા છે. અનેક જગ્યાએ ભાષણ કરે છે અને લોકોને રેંટીયાની મહત્તા સરસ રીતે સમજાવી રહ્યા છે. શુદ્ધ-સાદું જીવન ગાળનાર બંગાળાના એ મહાન્ પુરૂષની પ્રવૃત્તિથી પ્રજામાં પુષ્કળ ઉત્સાહ આવતો જાય છે અને હજારો પુરૂષો એમના દર્શન માટે આતુર રહે છે. વિધવિધ પક્ષના અનેક આગેવાનોની મુલાકાત લે છે અને એમને રેંટીયામાં રસ લેતા કરવા પ્રયત્ન કરે છે.

બારીસલની યાત્રાને પરિણામે પ્રફુલચંદ્ર રોયને કેટલેક અંશે વિજય મળ્યો છે. કારણ કે સર્વ પક્ષના મુખ્ય આગેવાનો તરફથી રેંટીયા પ્રવૃત્તિ માટે સરસ મદદ મેળવી શક્યા છે.

પ્રફુલચંદ્રની બેરીસલમાં પ્રવૃત્તિ વિષે લખતા કલકતાનુ સર્વન્ટ જણાવે છે કે એમની પ્રવૃત્તિના પરિણામે બેરીસલ સ્વદેશી ચળવળમાં પુરતો ફાળો આપી શક્યું છે અને પ્રશંસનીય કાર્ય બજાવી શક્યું છે. ૮૦૦ રેંટીયા દાખલ થઈ ગયા છે. અને ૧૦૦૦ શાળ ચાલતી થઈ ગઈ છે. મુખ્ય રસ્તાપર ચાલતા પથીકને કાને પાંચ મીનીટને અંતરે રેંટીયાનો 'ધમ્ ધમ' અવાજ તથા શાળોનો 'ખટક ખટક' ધ્વની પડયા વિના રહેતો નથી

વિશ્વાસ છે ક્યાં ?

ત્રણ દિવસમાં ફાયદો ન થાય તો પૈસા પાછા !

આંખના તમામ દરદો માટે

બીનહરીફ—

સુરમાનો રાજા,

સુરમો મમીરાનો.

(કી. તોલાના રૂ. પચીશ).

શુદ્ધ-સાચા મોતીનો

(કીં તોલાના રૂ દશ-ચાર-બે)

મફત ૬૩ વર્ષનું કેલેન્ડર.

નમળાં મિજાજો માટે અમૃત, શક્તિનો ખજાનો,

ધીરજ-બાલગુટીકા **અમીરી બાલસોગઠી**

(ગોળી ૧૨૫ની ડબીના આ ૧૨) (ડબીનો રૂ ૧)

મનહર સુગંધી ગુંદીઉં કંકુ.

(કીં ડબીના આના ૭ નાની ડબીના આના ત્રણ)

મેસર્સ ધીરજ અગરબત્તી વર્કસ,

રાજેન્દ્રરોડ—જામનગર.

ગર્ભ જીવન.

જમ જીવનથી પ્રદર લોહીવા અનિયમીત ઋતુ દુખાવો હીસ્ટીરીઆ છોડ, સોજો પેશાબ બળતરા મટી ગર્ભ રહે છે કીમત રૂ ૩

ગર્ભ રક્ષકથી ગર્ભના સુવાવડ કસુવાવડ થતી બંધ રહી પુરા માસે રૂપ વગર વાળા આયુષ્યવાળો બાળક જન્મે છે કીમત રૂ ૪

ત્રીસ વરસના અનુભવની સ્ત્રી જાતીની અપુત્રતાશોધની દવાથી આશરા મુકેલી મોટી ઉમરની હજારો સ્ત્રીઓના ઘેર પારણાં બંધાયાં છે

સર્ટીફીકેટો—ડૉ૦ તુલજારામ સુ ખાડવાળા એલ એમ એન્ડ એસ. તમારી દવાઓ અકસીર છે ડૉ૦ ડી. બી. પંડયા એલ. એમ એન્ડ એસ નવસારી ગર્ભજીવન ઉત્તમ ઔષધી છે આણંદરાય વૈ બી. એ એલ એલ બી રાજકોટ, દવા વાપરી સંતોષ થયો છે મણીલાલ નં. બી એ નડીઆદ દવાઓ સારી છે માણેકલાલ બી શાસ્ત્રી દાના તમારી દવાથી ચી નો જન્મ થયો છે. સા પૃથ્વીસિંહજી સુદામડા તમારી દવાથી કુંવર જન્મ્યા ઇનામ રૂ ૧૫૦ મોકલાવ્યા [illegible] કુંવર જન્મ્યા ઇનામ રૂ ૧૨૫ લેશા [illegible] હાઈકોર્ટ મુંબઈ જાહેર ખબરથી ઘણાઓએ તમારી દવાનો અનુભવ લેવો જોઈએ [illegible] તમારી દવાથી છોકરી જન્મી. ભવાનીશંકર ડે એ ઈ જામનગર તમારી દવા દશ માણસને આપી તેમાં એકની ફળ થયો નથી મેરાણજી [illegible] મુંબઈ [illegible] દીકરીઆ લોહીવા ને પ્રદર ત્રણ [illegible] ૪ વર્ષમાં [illegible] ધારતી કે સ્ત્રી વર્ગની શોધ આટલી ફતેહમંદ નીવડશે. આવાં ઘણાં સર્ટીફીકેટો છે કટીસ્નાન પેટનીઓ ને ખાવાની દવાથી ગર્ભાશયના દરદીના દરદો મટાડવામાં ગર્ભાશયની દવા ઘરેઘર જાણીતી ને માનીતી થઈ છે

દરદની હકીકત લખો યોગ્ય દવા વી પી થી મોકલશું

એડ્રેસ — { ગજાભાઈ પ્રાણશંકર
હે મી વોરાગીયા રતન-મુ૦ માણસા, ગુજરાત

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબત્તી, અગર, દશાંગીધુપ, સોના ચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરોયું, મોમાઇ, શીલાજીત, મોતીનો સુરમો વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન

ઠી શાન્તીલાલ કાન્તીલાલની કુ. જુમામસીદ, ન ૧૭૭ મુંબઈ

ઘણું મોડું થાય તે પહેલાં તમારા
જ વાળ પ્રત્યે ધ્યાન આપો.

તમારા વાળ કાંસકીમાં નીકળી આવવા
લાગે ત્યાંસુધી થોભો નહીં. કારણકે
તે વખતના મૂળમાં સડો થવાના
ગંભીર ચિહ્ન સુચવે છે.
તમો આજથીજ

કામીનીઆ

ઓઇલ

(રજીસ્ટર્ડ)

વાપરવાનું શરૂ કરો, તે વાળના સઘળા રોગો ઉપર અકસીર ઇલાજ છે. વાળમાં ખરબચડાપણું, બરડપણું, નિસ્તેજપણું દુર થઇ વાળ સુંદર, નરમ, સુંવાળા અને ચકચકીત થશે. આ સાદા પણ કીમતી ઇલાજની આજથીજ અજમાયશ કરવાનું શરૂ કરો. તે તમારા વાળના મુળીઆને પોષણ આપી વાળને શોભાયમાન બનાવશે

			વી. પી. ખર્ચ
કીમત	૧ બાટલીના	૧-૦-૦	૦-૫-૦ જુદું
	૩ ,,	૨-૧૦-૦	૦-૧૪-૦ જુદું

કામીનીઆ ઓઇલ દરેક ગામ તથા શહેરમાં જાણીતા દવા વેચનારા પાસેથી મળી શકશે.

સોલ એજન્ટ,

ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ
એન્ડ કેમીકલ કું.
૧૫૫ જુમામસજીદ મુંબઇ.

સેન્ટનો રાજા

ઓટો
દીલ બહાર.

(રજીસ્ટર્ડ)

ચંબેલી, મોગરો, જુઇ વીગેરે ઉત્તમ પ્રકારના ફુલોની સુગંધીનું બનાવવામાં આવ્યું છે, કપડાં અથવા રૂમાલ ઉપર લગાડતની સાથે દીલને પ્રફુલ્લિત કરનારી સુગંધ આસપાસ ફેલાઇ રહે છે. આ કારણને લીધે સારે અવસરે, માંગલીક પ્રસંગે, મંદીરે જતી વખતે સુજ્ઞ જનો આસપાસની હવા શુદ્ધ સુગંધીત બનાવવા માટે ઓટો દીલબહાર વાપરે છે. તમો પણ આ બાદશાહી અત્તર વાપરો.

કીમત.	અડધા આઉંસની બાટલી	રૂ. ૧-૦-
	એક ડ્રામની ,,	રૂ. ૦-૧૨-
	અડધા ,, ,,	રૂ. ૦-૮-

બહારગામથી મંગાવનારાને
વી૦ પી૦ ખર્ચ ૦-૫-૦ જુદા પડશે.

તમારા નજદીકના દુકાનદારો પાસેથી ખરીદતી વખતે ઓટો દીલબહાર નામ વાંચીને સીલબંધ બાટલી ખરીદજો, નહીં તો બનાવટીજ આપી દેશે.

સોલ એજન્ટ,

ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ
એન્ડ કેમીકલ કું.
૧૫૫ જુમામસજીદ મુંબઇ.

આ માસિક શેઠ દેવચંદ દામજીએ પોતાને માટે ભાવનગરમાં "આનંદ પ્રીન્ટીંગ પ્રેસ" માં છાપી 'શ્રાવિકા માસિક' ની ઓફીસમાંથી પ્રગટ કર્યું.